परिशिष्ट—

चित्र—प्लेट

भारतीय विद्या, अनुपूर्ति, क्रमाङ्क १

शालिभद्रसूरिकृत

भरतेश्वर - बाहुबलि रास

तथा

बुद्धि रास

[गुजराती भाषानी प्राचीनतम पद्यरचना]

*

आन्ध्रगिरि (अन्धेरी) मां भरावा

गुजराती साहित्य परिषत् संमेलन

ना

१४ मा अधिवेशन प्रसंगे प्रकाशित

संपादक

श्री जिन विजय मुनि

* * *

परिशिष्ट—

चित्र—प्लेट

*

भारतीय विद्या, अनुपूर्ति, क्रमाङ्क १

शालिभद्रसूरिकृत

भरतेश्वर - बाहुबलि रास

तथा

बुद्धि रास

[गुजराती भाषानी प्राचीनतम पद्यरचना]

*

आन्ध्रगिरि (अन्धेरी) मां भराता

गुजराती साहित्य परिषत् संमेलन

ना

१४ मा अधिवेशन प्रसंगे प्रकाशित

संपादक

श्री जिन विजय मुनि

* * *

विजया दशमी, सं. १९९७

गुजरातना
पुरातन साहित्यना समुद्धार
अने
अभिनव वाङ्मयना समुत्कर्षनी
साधना माटे
गुजराती साहित्य संसद्
स्थापित करी
गुजराती जनताना
भावुक मानसमां
सांस्कारिक 'अस्मिता'
उद्भावित करनार

भारतीय संस्कृतिना
उच्चतम अध्ययन-अध्यापन
अने
सर्वांगीण शिक्षणप्रसार
निमित्त
भारतीय विद्या भवन
तथा तदन्तर्गत
गुजरातना अनन्य ज्ञानज्योतिर्धर
श्रीमद् हेमचन्द्राचार्यनुं
सार्वजनीन स्मृतिमन्दिर
स्थापित करनार

सहृदय सुहृद्वर
श्रीमत् कन्हैयालाल माणेकलाल मुंशी
ना
कर्तव्यनिरत करकमलमां
हैमयुगीन गुजराती भाषानो
आ
प्राचीनतम पद्य प्रबंध
नूतन प्रतिष्ठित हेमचन्द्रस्मृतिमन्दिरमां
सर्वाद्य स्थापन करवा माटे
सादर समर्पित
*
जिनविजय

किंचित् प्रास्ताविक

*

भारतीय विद्या भवनना सुयोग्य सूत्र-संचालन नीचे, एना पोताना ज अभिनव रचाएला भव्य भवनना प्रशस्त प्रांगणमां, शरत्पूर्णिमा जेवा शुभ्रतर अने शुभकर पर्वदिवसे भराता, **गुजराती साहित्य परिषद् संमेलनना**, १४मा अधिवेशनरूप आनन्दोत्सव प्रसंगे, गूर्जरगिराना गुण-गौरवमां गर्व अनुभवनारा सुविज्ञ सज्जनोना करकमलमां, गुजराती भाषानी अद्यावधि अप्रकाशित अने अपरिचित एवी एक सौथी प्राचीन पद्यकृति सादर समर्पित करुं छुं।

आ कृतिनुं नाम **भरतेश्वर बाहुबलि रास** छे। एना कर्ता जैन श्वेतांबर संप्रदायना राजगच्छ नामना आम्नायमां थएला शालिभद्र सूरि छे। आनो रचना समय विक्रम संवत् १२४१, ना फाल्गुन मासनी पंचमी तिथि छे।

आपणने गुजराती भाषाना पुरातन साहित्यना विशाळ संग्रहनी वास्तविक अने, विश्वस्त ओळखाण तथा भाळ आपवानुं प्रथम मान सद्गत विद्वान् **चीमनलाल डाह्याभाई** दलाल एम्. ए. ने प्राप्त थाय छे। इ.स. १९१४नी अन्तमां, वडोदराना साहित्यविलासी सद्गत श्रीसयाजीराव महाराजनी आज्ञाथी, तेमने पाटणना जैन भंडारोनुं व्यवस्थितरीते निरीक्षण करवानो परम सुयोग प्राप्त थयो; अने तेमां, पाटणना भंडारोना अग्र उद्धारक पूज्यपाद प्रवर्तक मुनिवर **श्रीकांतिविजयजी** महाराज तथा तेमना अनन्य सहायक अने शास्त्रसुरक्षक स्वर्गस्थ शिष्यवर श्रीमुनि **चतुरविजयजी** महाराजनी विशिष्ट सहानुभूति भरेली इष्ट सहायताथी, तेमनुं ए निरीक्षणकार्य बहु ज सुंदररीते सफळ थयुं। तेमणे ए भंडारोमां छुपाएली विशाळ साहित्य संपत्तिनी सारा प्रमाणमां व्यवस्थित नोंध करी; अने ते उपरथी, सन् १९१५मां भराएली पांचमी गुजराती साहित्य परिषद् वास्ते एक विस्तृत निबंध तैयार कर्यो, जेमां **'पाटणना भंडारो अने खास करीने तेमां रहेलुं अपभ्रंश तथा प्राचीन गुजराती साहित्य'** ए विषय उपर गूर्जर, साक्षरोने बहु ज विगतपूर्ण अने अभिनव प्रकाश आप्यो।

ए पहेलां, आपणी जूनी पेढीना बुजर्ग विद्वानो, गुजराती भाषाना आदि कवि तरीके नरसी महेताने ओळखता अने 'मुग्धावबोध औक्तिक'मां मळी आवतां गुजराती वाक्योने गुजराती भाषाना आदि गद्य तरीके उल्लेखता।

घणुं करीने, स्व० मनःसुख कीरतचंद महेता अने मनःसुखलाल रवजी भाई महेताए, जैन साहित्यना काईक सविशेष अवलोकनथी, पुराकालीन जैन

विद्वानोए पोपेली गुजराती भारतीना भंडोळनो केटलोक नवीन परिचय, गुजराती साहित्य परिषद् आगळ निबंधरूपे उपस्थित कर्यो हतो अने नरसिंह महेता करतां पण बहु पहेलां अनेक जैन विद्वानो थई गया जेमणे गुजराती भाषामां घणी रचनाओ करी छे – एवुं वतावबा प्रयत्न कर्यो हतो । पण ए प्रयत्नमां कांईक तो सांप्रदायिक अनुराग विशेप देखातो हतो, अने बीजुं तेमां मौलिक साहित्यना अवलोकननो अभाव जणातो हतो, तेथी विद्वानोमां ए विशेप आदरणीय न बन्यो ।

स्व० श्रीमन:सुखलाल कीरतचंद महेताना ए विषेना उपयोगी सूचनवाळा निबंधना अवलोकनथी, मने पण ए विपयमां काईक रस पेदा थयो, अने तेथी उक्त पूज्य मुनिवरोना वात्सल्यपूर्ण अने विद्यावर्द्धक अन्तेवास तेम ज प्रोत्साहनथी, पाटण अने वडोदरा आदिना भिन्न भिन्न भंडारोमां रक्षाएली अने छुपाएली विशाळ ग्रंथराशिनो यथेष्ट परिचय मेळववानो इष्टतम सुयोग प्राप्त थतां, में पण प्राचीन गुजराती साहित्यनां अन्वेषण, अवलोकन अने संपादन आदि करवामां यथाबुद्धि प्रयत्न करवा मांड्यो ।

सौथी प्रथम, ई. स. १९१२–१३ मां, में प्राचीन भापा साहित्य अवलोकवा अने संग्रहवा मांड्यु । पाटणना एक भंडारमां कागळनी एक प्राचीनतम हस्तलिखित प्रति मारा जोवामां आवी जे संवत् १३५७–५८मां लखेली हती अने जेमां प्रतिक्रमण सूत्र आदि अनेक प्रकीर्ण कृतिओनो संग्रह हतो. तेमां संस्कृत – प्राकृत – अपभ्रंश आदिमां रचाएली नानी मोटी अनेक कृतिओ उपरांत, **सर्वतीर्थ नमस्कार** अने **नमस्कार व्याख्यान** आदि गुजराती गद्य लेखो, तथा **विनयचंद्र सूरिकृत नेमिनाथ चतुष्पदिका** आदि पद्य कृतिओ पण लखेली मारा जोवामां आवी । एमांनी **नेमिनाथ चतुष्पदिका** के जे एक तो शुद्ध एवी प्राचीन गुजरातीमां रचाएली हती, अने बीजुं तेमांनुं वर्णन बे सखीओना बारमासना संवादरूपनुं हतुं, तेथी भापा अने कविता – बंने दृष्टिए एनी रचना मने उपयोगी लागी अने तेथी ते वखते प्रसिद्ध थता, जैनश्वेतांबर कॉन्फरन्स हेरल्डना सने १९१३ना 'पर्युपणा' अंकमां में तेने प्रसिद्ध करावी । **माणिक्यचन्द्र** सूरि कृत गद्य **पृथ्वीचंद्र चरित**नी मूळ प्रति पण ए ज समये मारा अवलोकनमां आवी । गुजराती गद्यना एक उत्तम संदर्भ अने अभ्यसनीय प्रबंध तरीके मने तेनी विशिष्टता जणाई अने तेथी तेने प्रसिद्ध करवानी दृष्टिए तेनी अविकल नकल में मारा हाथे करी लीधी । आ रीते गुजराती

भाषाना अभ्यासनी सामग्रीनो सौथी प्राथमिक परिचय मने ते समये थयो, अने त्यारथी में तेनो उत्साह पूर्वक संग्रह आदि करवानो प्रारंभ कर्यो ।

बे त्रण वर्ष पाटणना भंडारोनुं अवलोकन कर्या पछी, उक्त पूज्य मुनिवरोना वात्सल्यपूर्ण सहवासमां ज परिभ्रमण करतां, मारुं वडोदरा आववुं थयुं । त्यां भाई श्री चिमनलाल दलालना विशिष्ट समागम अने सौहार्दपूर्ण सहकारथी में मारा प्राचीन साहित्यना संशोधन अने संपादन कार्यनो व्यवस्थित उपक्रम आरंभ्यो ।

भाई दलाले पण ए ज समयमां **गायकवाडस् ओरिएन्टल सीरीझना** संपादन अने प्रकाशननुं काम हाथमां लीधुं । ए सीरीझना प्रारंभ समये ज **काव्यमीमांसा, हमीरमदमर्दन, वसंतविलास, मोहराजपराजय, कुमारपाल प्रतिबोध, उदयसुंदरी** कथा आदि अनेकविध संस्कृत - प्राकृत ग्रंथो साथे गुजराती भाषाना प्राचीन साहित्यना संग्रहरूपे पण एक ग्रंथ तैयार करवानो विचार थयो । ए विचार अने कार्यमां अमे बंने सहयोगी – सहसंपादक हता । एना फळरूपे ए ग्रंथमाळामा प्रसिद्ध थएल ते **प्राचीन गूर्जरकाव्यसंग्रह** छे । ए संग्रहमां प्रकट थएल सामग्रीमांथी केटलीक मारी मेळवेली हती अने केटलीक भाई दलालनी हती । ए संग्रहमां प्रथम तो मात्र पद्यात्मक कृतिओ ज संग्रहवानी योजना हती, अने तेथी प्रथम पृष्ठ उपरनुं मुख्य नाम पण ए ज वस्तुसूचक राखवामां आव्युं । पण पाछळथी एमां अमुक समय पर्यंतनो गद्य संग्रह पण आपवानो विचार स्फुर्यो अने ते साथे गद्यमय समग्र पृथ्वीचंद्र चरित पण दाखल करवानो निर्णय थयो । अने ए रीते, पाछळथी गद्य पद्य – उभयना संग्रह तरीके एनी संकलना करवामां आवी । ए संग्रह छपातो हतो ते दरम्यान ज – बीजे वर्षे मारुं मुंबई अने ते पछी पूना तरफ प्रयाण थयुं । १९१८ना चोमासाना भयंकर इन्फ्लुऐंजामां, वडोदरामां भाई चिमनलाल अने पूनामां हुं – बन्ने सारीरीते सपडाया । तेमा भाई चिमनलाल तो ईश्वराज्ञाए, आ लोकथी निर्वेद थई परलोक तरफ चालता थया, अने हुं श्रमिष्ठ चित्त बनी महिनाओ सुधी निश्चेष्ट थई रह्यो । खैर. भाई दलालनी इच्छा ए प्राचीन गूर्जरकाव्यसंग्रहने बहु ज विस्तृत नोटस् आदि साथे तैयार करवानी हती, अने ए माटे घणी घणी नोंधो अमे तैयार पण करी हती । परंतु तेमना ए अकाळ अवसानने लीधे ए कार्य अपूर्ण रह्युं अने गुजराती भाषा अने साहित्यना अभ्यासमां, ए नोंधोथी जे विशिष्ट सामग्री मळवानी आशा हती ते अफळ बनी ।

वधारे लोकप्रिय बनी होय अने तेनो जो पठन-पाठनमां वधारे प्रचार थयो होय तो, तेनी भाषा-रचनामां जुदा जुदा जमानाना अनेक जातनां रूपो अने पाठभेदो उमेराई, ते वधारे अनवस्थित रूप धारण करे छे; अने ते साथे कोई भाषातत्त्वानभिज्ञ संशोधक साक्षरना हाथे जो तेना जीर्ण देहनुं कायाकल्प थई जाय तो ते तद्दन नूतन रूप पण प्राप्त करी ले छे।

आवी जूनी कृतिओनुं मूळ स्वरूप मेळववा माटे अधिक संख्यामां अने जेम बने तेम वधारे जूनी लखेली प्रतिओ मेळववी जोइए अने तेमना सूक्ष्म अवलोकन अने पृथक्करणना आधारे पाठ-विचारणा थवी जोइए। आ पद्धतिए कार्य करवाथी ज आवी प्राचीन कृतिओनो आदर्शभूत पाठोद्धार थई शके अने कर्तानी शुद्ध भाषानो परिचय मळी शके।

पण जो एवी कृतिनी कोई अन्य प्रति न ज मळी शकती होय तो पछी तेने तो तेना यथालिखित रूपमां ज प्रसिद्ध करवी जोइए अने तेमां जे कांई संशोधन आदि करवा जेवुं जणातुं होय ते तेनी नीचेनी पादपंक्तिमां, के परिशिष्टरूपे पृथक्-टिप्पण विगेरेना रूपमां, बताववुं जोइए। केटलाक विद्वानो आवी जूनी कृतिओमां जे इच्छानुसार पाठसंशोधनो करवानी अने मूळ लेखमां परिवर्तनो करवानी पद्धतिनुं अवलंबन करे छे, ते सर्वथा अशास्त्रीय अने भाषाभ्रम उत्पन्न करनारी होई परित्यजयनीय छे।

प्रस्तुत रासनी मने मात्र उपर जणावेली एक ज प्रति मळी आवी छे। पाटण विगेरेना बीजा बीजा भंडारोमां, घणां वर्षोथी आनी तपास करी रह्यो छुं, पण ते क्यांयथी उपलब्ध थई शकी नथी। एनी एक बीजी प्रति, आगरामां अवस्थित श्रीविजयधर्मलक्ष्मी ज्ञानमंदिरमां होवानी नोंध, साक्षर श्रीमोहनलाल दलीचंद देशाईना, **जैन गूर्जर कविओ** नामना महान् ग्रंथना भाग १ पृ. १ उपर, मळे छे। पण, विद्याविहारी मुनिराज श्रीविद्याविजयजी महाराज द्वारा, आगरामां ए प्रतिनी तपास करतां जाणवा मळ्युं के ते प्रति त्यांथी गुम थई गई छे-विगेरे।

आम मूळनुं बीजुं कोई प्रत्यंतर न मळवाथी, आ रास जे रूपे ए एकमात्र जूनी प्रतिमां लखेलो मळी आव्यो छे तेवो ज अहिं मुद्रित कर्यो छे।

प्रति सारी पेठे जूनी अने प्रमाणमां शुद्धतापूर्वक लखेली होवाथी, रचनामां उपर सूचवी छे तेवी 'इ-उ' संबंधेनी अनवस्थता अने कांईक जोडणीनी शिथिलता सिवाय, बीजी कोई खास अपभ्रष्टता थई नथी; अने भाषा लगभग असलना जेवा ज रूपमां जळवाई रही छे।

प्रस्तुत रासनी भाषा आदिना स्वरूपना विषयमां हुं अहिं विशेष चर्चा करवा नथी इच्छतो। एनी भाषा अने शैलीनुं स्वरूप, ते समयनी अर्थात् ते सैकानी अने तेनी आसपासनी बीजी उपलब्ध कृतिओ – जेवी के, उक्त **जंबूस्वामिरास**, तथा विजयसेनसूरि कृत **रेवंतगिरिरास**, अज्ञातनाम कृत **आबूगिरिरास** आदि – ना जेवी ज छे। छन्दोरचना पण लगभग ए अन्य कृतिओमां मळी आवे छे तेवी ज छे। **दोहा**, **वस्तु** अने **चउपइ** जेवा ते समयना सौथी प्रसिद्ध अने प्रचलित मात्रामेळ छन्दो उपरांत अमुक ढबणमां गवाय एवा ढाळवाळा रागना छन्दोनो पण आमां उपयोग थएलो छे, जे छन्दोने कर्ता पोते **रासा छन्दो** कहे छे। दरेक **ठवणि** पछी जे छन्दोवाळी पंक्तिओ – कडीओ आवे छे ते जुदा जुदा रागमां गवाय एवां आ रासा छन्दो छे।

रासगत कथावस्तु जैन साहित्यमां बहु ज सुप्रसिद्ध छे । युगादि पुरुष भगवान् ऋषभदेवना पुत्र नामे भरत अने बाहुबलि – ए बंने वच्चे राजसत्ताना स्वीकारमाटे परस्पर जे विग्रह थयो अने तेनो जे रीते अंत आव्यो तेनुं एमां वर्णन करवामां आव्युं छे। कविनी शैली ओजस् भरी छे अने शब्दोनी झमक पण सारी छे। वीर रसनो वेग वधारे विकसित लागे छे। कथाना प्रसंगो बहु ज संक्षेपथी वर्णववामां आव्या छे तेथी कविने पोतानो काव्यरस खिलववानो अहिं अवकाश ज नथी, एटले एनी काव्यशक्तिनो विशेष विचार करवो अप्राप्त छे। छतां

> **परह आस किणि कारणि कीजइ, साहस सइवर सिद्धि वरीजइ।**
> **हीउं अनइ हाथ हत्थीयार, एह जि वीर तणउ परिवार ॥ १०६ ॥**

आवी जे केटलीक हृदयंगम उक्तिओ मळी आवे छे ते उपरथी एनी रसमय वाणीनी कल्पना यत्किंचित् थई शके तेम छे।

*

बुद्धिरास

आ रासनी पछी ६३ कडीनो एक टुंको प्रबंध नामे बुद्धिरास आपवामां आव्यो छे, जेना कर्ता पण शालिभद्र सूरि ज छे। जो के कर्ताए एमां, जेम **'भरतेश्वर बाहुबलि रास'**मां आप्यां छे तेम, पोताना गच्छ अने गुरु आदिनां नाम नथी आप्यां, अने तेथी सर्वथा निश्चितरूपे तो एम न ज कही शकाय के आ रास पण ए ज शालिभद्र सूरिनी कृति छे। कारण के शालिभद्र सूरि नामना एक – बे बीजा पण ग्रंथकारो थई गया छे अने तेमणे पण गुजराती

भाषामां रासा विगेरेनी रचना करेली छे। छतां प्रस्तुत 'बुद्धिरास'नी भाषा अने शैलीनो सूक्ष्म अभ्यास करतां, आ कृति पण ए ज कर्तानी होय एम विशेष संभवित लागे छे।

ए बुद्धिरासमां प्रथम तो सर्वसाधारण – सामान्य जनताने जीवनमां आचरवा अने विचारवा जेवां केटलांक उत्तम शिक्षासूत्रो – बोध वचनो गुंथ्यां छे; अने छेवटे थोडाक शिक्षावचनो खास श्रावकवर्गने आचरवा अने मनन करवा माटे कह्यां छे। आ बधां बोधवचनो बहु ज टूंका अने तदन सरळ छे। दरेक माणसने कंठे करवा जेवां छे।

भंडारोना अन्वेषण उपरथी जणाय छे के आ बुद्धिरास, गत ६ – ७ सैकाओमां खूब ज जनप्रिय थई पड्यो हतो। सेंकडो नर-नारीओ एने कंठस्थ करता अने एनुं निरंतर वाचन-मनन करता। ए कारणथी जूना भंडारोमां ज्यां त्यां एनी अनेकानेक प्रतिओ मळी आवे छे। अने ए रीते ए रासनी प्रचार-अधिकताने लईने, एनी जुदी जुदी प्रतिओमां केटलाक खास पाठभेदो अने भाषानां बहुविध रूपान्तरो थयेलां पण मळी आवे छे। आ साथे जे वाचना मुद्रित करवामां आवी छे ते मने मळेली जूनामां जूनी प्रतिनी छे। आ कृतिनी सैकावार लखाएली एवी घणीय प्रतिओ मळी आवे छे अने तेमां उपर सूचव्या प्रमाणे भाषाना स्वरूप-भेदो पण खूब ज मळी आवे छे; तेथी एनी एक पर्यालोचनात्मक पाठवाळी आवृत्ति थवी आवश्यक छे। एवी पर्यालोचना परथी आपणने ए जणाशे के कालक्रमे केवी रीते आपणी भाषामां शब्दोना उच्चारणोमां अने वर्णसंयोजनोमां फेरफारो थया छे, विगेरे विगेरे। अत्यारे तो केवळ प्रकाशमां मूकवानी दृष्टिए ज एनी एक यथालिखित पुरातन वाचना अहिं मुद्रित करवामां आवी छे। ईश्वरेच्छा हशे तो यथावसरे ए विषे विशेष प्रयत्न करांशे।

प्रस्तुत बुद्धिरासना अनुकरण रूपे, पाछळथी सारशिखामणरास, हितशिक्षा-रास आदि केटलीय नानी मोटी रचनाओ थई छे, जे उपरथी आ रासनी विशिष्टता जणाई आवे छे।

आशा छे के गुजराती भाषाना अध्यापको अने अभ्यासको आ प्रयत्नने आदर आपी, एनुं उचित अवलोकन करशे।

भारतीय विद्या भवन
आम्रगिरि (अन्धेरी)
विजयादशमी, सं० १९९७

– जिन विजय

शालिभद्रसूरिकृत

भरतेश्वर-बाहुबली रास

*

(एक प्राचीनतम गूर्जरभाषा-पद्यकृति)

॥ नमोऽर्हद्भ्यः ॥

*

रिसह जिणेसर पय पणमेवी, सरसति सामिणि मनि समरेवी;
नमवि निरंतर गुरुचलणा ॥ १

भरह नरिंदह तणुं चरित्तो, जं जुगी वसहांवलय वदीतो;
बार वरिस बिहुं बंधवहं ॥ २

हुं हिव पभणिसु रासह छंदिहिं, तं जनमनहर मन आणंदिहिं;
भाविहिं भवीयण संभलेउ ॥ ३

जंबुदीवि उवझाउरि नयरो, धणि कणि कंचणि रयणिहिं पवरो;
अवर पवर किरि अमर परो ॥ ४

करइ राज तहिं रिसह जिणेसर, पावतिमिर भयहरण दिणेसर;
तेजि तरणि कर तहिं तपइए ॥ ५

नामि सुनंद सुमंगल देवि, राय रिसहेसर राणी बेवि;
रूवरेहि रति प्रीति जिन ॥ ६

बिवि बेटी जनमी सुनंदन, तेह जि तिहूयण मन आनंदन;
भरह सुमंगल देवि तणु ॥ ७

देवि सुनंदन नंदन बाहूबलि, भंजइ भिउड महाभड भूयबलि;
अवर कुमर वर वीर धर ॥ ८

पूरव लाख तेणि वेयासी, राजतणीं परि पुहवि पयासी;
जुगि जुग मारग दापीउए ॥ ९

उवझापुरि भरहेसर थापीय, तक्षशिला बाहुबलि आपीय;
अवर अठाणुं वर नयर ॥ १०

दान दियइ जिणवर संवत्सर, विसयविरत्त वहइ संजमभर;
सुर असुरा नरि सेवीइए ॥ ११

परमतालपुरि केवलनाणुं, तस ऊपन्नूं प्रगट प्रमाणूं;
जाण हूवुं भरहेसरहं ॥ १२

तिणि दिणि आउधसालहं चक्को, आवीय अरीयण पडीय धसक्को;
भरह विमासइ गहगहीच ॥ १३

धनु धनु हुं वर मंडलि राउ, आज पढम जिणवर मुझ ताउ;
केवल लच्छि अलंकीयउ ॥ १४

पहिलुं ताय पाय पणमेसो, राजरिद्धि राणिमा फल लेसो;
चक्करयण तव अणसरउं ॥ १५

*

वस्तु – चलीय गयवर, चलीय गयवर, गडीय गज्जंत,
हूं पत्तउ रोसभरि, हिणहिणंत हय थट्ट हल्लीय ।
रह भय भरि टलटलीय मेरु, सेसु मणि मउड खिल्लीय ।
सिउं मरुदेविहिं संचरीय, कुंजरी चडिउ नरिंद ।
समोसरणि सुरवरि सहिय, वंदिय पढम जिणंद ॥ १६

पढम जिणवर, पढम जिणवर, पाय पणमेवि,
आणंदिहिं उच्छव करीय, चक्करयण वलिवलिय पुज्जइ ।
गडयडंत गजकेसरीय, गरुय नद्दि गजमेह गज्जइ ।
बहिरीय अंबर तूर रवि, वलिउ नीसाणे घाउ ।
रोमंचिय रिउ रायवरि, सिरि भरहेसर राउ ॥ १७

*

ठवणि १. प्रहि उगमि पूरवदिसिहिं, पहिलउं चालीय चक्क तु ।
धूजीय धरयल थरहर ए, चलीय कुलाचल चक्क तु ॥ १८
पूठि पीयाणुं तउ दियए, भयवलि भरह नरिंद तु ।
पिडि पंचायण परदलहं, इलियलि अवर सुरिंद तु ॥ १९
वज्जीय समहरि संचरीय, सेनापति सामंत तु ।
मिलीय महाधर मंडलीय, गाढिम गुण गज्जंत तु ॥ २०
गडयडतु गयवर गुडीय, जंगम जिम गिरिशृंग तु ।
सुंड दंड चिर चालवइं, वेलइं अंगिहिं अंग तु ॥ २१
गंजइं फिरि फिरि गिरि सिहरि, भंजइं तरुअर डालि तु ।
अंकस वसि आवइं नहीं य, करइं अपार अणालि तु ॥ २२

हीसइं हसमिसि हणहणइं ए, तरवर तार तोषार तु।
खंदइं खुरलइं खेडवीय, मन मानइं असुवार तु ॥ २३
पाखर पंखि कि पंखरू य, ऊडाऊडिहिं जाइ तु ।
हुंफइं तलपइं ससइं धसइं, जडइं जकारीय धाइ तु ॥ २४
फिरइं फेकारइं फोरणइं, फुड फेणाउलि फार तु ।
तरणि तुरंगम सम तुलइं, तेजीय तरल ततार तु ॥ २५
धडहडंत धर द्रमद्रमीय, रह रूंधइं रहवाट तु ।
रव भरि गणइं न गिरि गहण, थिर थोभइं रहथाट तु ॥ २६
चमरचिंध धज लहलहइं ए, मिल्हइं मयगल माग तु ।
वेगि वहंता वीह तणइं ए, पायल न लहइं लाग तु ॥ २७
दडवडंत दह दिसि दुसह ए, सरिय पायक चक्क तु ।
अंगोअंगिइं अंगमइं, अरीयणि असणि अणंत तु ॥ २८
ताकइं तलपइं तालि मिलिइं, हणि हणि हणि पभणंत तु ।
आगलि कोइ न अछइ भलु ए, जे साहसु झूझंत तउ ॥ २९
दिसि दिसि दारक संचरीय, वेसर वहइं अपार तु ।
संप न लाभइं सेन तणीं, कोइ न लहइं सुधि सार तु ॥ ३०
बंधव बंधवि नवि मिलइं ए, न बेटा मिलइं बाप तु ।
सामि न सेवक सारवइं, आपिहिं आप विथाप तु ॥ ३१
गयवडि चडीउ चक्कधरो, पिडि पयंड भूयदंड तु ।
चालीय चिहुं दिसि चलचलीय, दिइं देसाहिव दंड तु ॥ ३२
वज्जीय समहरि द्रमद्रमीय, घण निनाद नीसाण तु ।
संकीय सुरवरि सग्ग सवे, अवरहं कमण प्रमाण तु ॥ ३३
ढाक ढूक त्रंबक तणइं ए, गाजीय गयण निहाण तु ।
पट पंडह पंडाहिवहं, चालतु चमकीय भाण तु ॥ ३४
भेरीय रव भर तिहुं भूयणि, साहित किमइं न माइ तु ।
कंपिय पय भरि शेष रहिउ, विण साहीउ न जाइ तु ॥ ३५
सिर डोलावइ धरणिहिं ए, टूंक टोल गिरिशृंग तु ।
सायर सयल वि झलझलीय, गहलीय गंग तुरंग तु ॥ ३६

खर रवि पूंदीय मेहरवि, महियलि मेहंधार तु ।
उजूआलइ आचध तणइं, चालइं रायखंधार तु ॥ ३७
मंडिय मंडलवइ न मुहे, ससि न कवइं सामंत तु ।
राउत राउतवट रहीय, मनि मूंझइं मतिवंत तु ॥ ३८
कटक न कवणिहिं भर तणुं, भाजइ भेडि भडंत तु ।
रेलइं रयणायर जमले, राणोराणि नमंत तु ॥ ३९
साठि सहस संवच्छरहं, भरहस भरह छ खंड तु ।
समरंगणि साधइ सधर, वरतइ आण अखंड तु ॥ ४०
वार वरिस नमि विनमि, भड भिडीय मनावीय आण तु ।
आवाठी तडि गंग तणइ, पामइ नवइ निहाण तु ॥ ४१
छत्रीस सहस मउडुघ सिउं, चऊद रयण संपत्त तु ।
आविउ गंगा भोगवीय, एक सहस वरसाउ तु ॥ ४२

*

ठवणि २. तउ तिहिं आउधसाल, आवइ आउधराउ नवि ।
तिणि रिणि मणि भूपाल, भरह भयह लोलावडओ ॥ ४३
वाहिरि बहूय अणालि, अलूआरीय अहनिसि करइ ए ।
अति उतपात अकालि, दाणव दल वरि दापवइ ए ॥ ४४
मतिसागर किणि काजि, चक्र त(न) पुरि परवेस करइ ।
तइं जि अम्हारइ राजि, धोरीय धर घरीउ धरहं ॥ ४५
देव कि थंभीउ एय, कवणि कि दानव मानविहिं ।
एउ आखि न मुझ भेउ, वयरीय वार न लाईइ ए ॥ ४६
बोलइ मंत्रिमयंक, सांभलि सामीय चक्रधरो ।
अवर नही कोइ वंकु, चक्करयण रहवा तणउ ॥ ४७
संकीय सुरवर सामि, भरहेसर तूंय भूय भवणे ।
नासइं ति सुणीय नामि, दानव मानव कहि कवणि ॥ ४८
नवि मानइं तूंय आण, वाहूबलि विहुं वाहुवले ।
वीरह वयर विनाणु, विसमा विहडइं वीरवरो ॥ ४९
तीणि कारणि नरदेव, चक्र न आवइ नीय नयरे ।
विण वंधव तूंय सेव, सहू कोइ सामीय साचवइ ए ॥ ५०

तं ति सुणीय तीणइ तालि, ऊठीउ राउ सरोसभरे।
भमइ चडावीय भालि, पभणइ मोडवि मूंछि मुहे ॥ ५१

जु न मानइ मझ आण, कवण सु कहीइ बाहुबले।
लीलहं लेसु ए राण, भंजउं भुज भारिहिं भिडीय ॥ ५२

स मतिसागर मंति, वलि वसुहाहिव वीनवइ।
नवि मनि कीजइ खंति, बंधव सिउं कहि कवण बलो ॥ ५३

दूत पठावीयइ देव, पहिलउं वात जणावीइ ए।
जु नवि आवइ देव, तु नरवर कटकई करउ ॥ ५४

तं मनि मानीय राउ, वेगि सुवेगहं आइसइ ए।
जईय सुनंदाजाउ, आण मनावे आपणीय ॥ ५५

जां रथ जोत्रीय जाइ, सु जि आएसिहिं नरवरहं।
फिरि फिरि साहमु थाइ, वाम तुरीय वाहणि तणउ ॥ ५६

काजलकाल विराल, आवीय आडिहिं ऊतरइ ए।
जिमणउ जम विकराल, खरु खु-रव ऊछलीय ॥ ५७

सूकीय वाउल डालि, देवि बइठीय सुर करइ ए।
झंपीय झाल मझालि, घूक पोकारइ दाहिणओ ॥ ५८

जिमणइं गमइं विपादि, फिरीय फिरीय शिव फे करइ ए।
डावीय डगलइ सादि, भयरव भैरव खु करइ ए ॥ ५९

वड जरसनइं कालीयार, एकऊ वेढुं ऊतरइ ए।
नींजलीउ अंगार, संचरतां साहमु हुइ ए ॥ ६०

काल भुयंगम काल, दंतीय दूंसण दाखवइ ए।
आज अखूटउ काल, पूटउ रहि रहि इम भणइ ए ॥ ६१

जाइ जाणी दूत, जीवह जोपि आगमइ ए।
जेम भमंतउ भूत, गिणइ न गिरि गुह वण गहण ॥ ६२

तईड नेसमि वेस, न गिणइ नइ दह नींझरण।
लंघीय देस असेस, गाम नयर पुर पाटणइ ॥ ६३

वाहरि वहूय आराम, सुरवर नइ तां नीझरण।
मणि तोरण अभिराम, रेहइ धवलीय धवलहरो ॥ ६४

पोयणपुर दीसंति, दूत सुवेग सु गहगहीउ ।
व्यवहारीया वसंति, धणि कणि कंचणि मणि पवरो ॥ ६५
धरणि तरणि ताडंक, जेम तुंग त्रिगढुं लहइ ए ।
एह कि अभिनव लंक, सिरि कोसीसां कणयमय ॥ ६६
पोढा पोलि पगार, पाडा पार न पामीइं ए ।
संख न सीहदूंयार, दीसइं देउल दह दिसिइं ॥ ६७
पेखवि पुरह प्रवेसु, दूत पहूतउ रायहरे ।
सिउं प्रतिहार प्रवेसु, पामीय नरवर पय नमइ ए ॥ ६८
चउकीय माणिक थंभ, माहि वईठउ वाहुवले ।
रूपिहिं जिसीय रंभ, चमरहारि चालइं चमर ॥ ६९
मंडीय मणिमइ दंड, मेघाडंबर सिरि धरिय ।
जस पयडे भूयुदंडि, जयवंती जयसिरि वसइं ए ॥ ७०
जिम उदयाचलि सूर, तिम सिरि सोहइ मणिमुकुटो ।
कसतुरीय कुसुम कपूर, कुचूंवरि महमहइ ए ॥ ७१
झलकइ ए कुंडल कानि, रवि शशि मंडीय किरि अवर ।
गंगाजल गजदानि, गाढिम गुण गज गुडअडइं ए ॥ ७२
उरवरि मोतीय हार, वीरवलय करि झलहलइ ए ।
तवल अंगि सिणगार, खलक ए टोडर वाम[इ] ए ॥ ७३
पहिरणि जादर चीर, कंकोलइ करिमाल करे ।
गुरूउ गुणि गंभीर, दीठउ अवर कि चक्कधर ॥ ७४
रंजिउ चित्ति सु दूत, देपीय राणिम तसु तणीय ।
धन रिसहेरपूत, जयवंतु जुगि वाहुवले ॥ ७५
वाहुवलि पूछेइ कुवण, काजि तुम्हि आवीया ए ।
दूत भणइ निज काजि, भरहेसरि अम्हि पाठव्या ए ॥ ७६

*

वस्तु—राउ जंपइ, राउ जंपइ, सुणि न सुणि दूत;
भरहखंड भूमीसरहं, भरह राउ अम्ह सहोयर ।
सवाकोडि कुमरिहिं सहीय, सूरकुमर तहिं अवर नरवर ।

मंति महाधर मंडलिय, अंतेउरि परिवारि ।
सामंतह सीमाड सह, कहि न कुसल सविवार ॥ ७७

दूत पभणइ, दूत पभणइ, बाहुबलि राउ;
भरहेसर चक्रधर, कहि न कवणि दूहवणह किज्जइ ।
जिहु लहु बंधव तूंय, सरिस गडयडंत गज भीम गज्जइ ।
जइ अंधारइ रवि किरण, भड भंजइ वर वीर ।
तु भरहेसर समर भरि, जिप्पइ माहरी धीर ॥ ७८

*

ठवणि ३. वेगि सुवेग सु बुल्लइ, संभलि बाहूबलि ।
राउत कोइ तुह तुल्लइ, ईणिइं अछइ रवितलि ॥ ७९
जां तव बंधव भरह नरिंदो, जसु भुइं कंपइं सग्गि सुरिंदो ।
जीणइं जीतां भरह छ खंड, म्लेच्छ मनाव्या आण अखंड ॥ ८०
भडि भडंत न भूयबलि भाजइ, गडयडंतु गढि गाढिम गाजइ ।
सहस बतीस मउडाधा राय, तूंय बंधव सवि सेवइं पाय ॥ ८१
चऊद रयण घरि नवइं निहाण, संख न गयघड जसु केकाण ।
हूंय हवडां पाटह अभिषेको, तूंय नवि आवीय कवण विवेको ॥ ८२
विण बंधव सवि संपय ऊणी, जिम विण लवण रसोइ अलूणी ।
तुम्ह दंसण उतकंठिउ राउ, नितु नितु वाट जोइ तुह भाउ ॥ ८३
वडउ सहोयर अनइं वड वीर, देव ज प्रणमइं साहस धीर ।
एक सीह अनइं पाखरीउ, भरहेसर नइं तइं परवरीउ ॥ ८४

*

ठवणि ४. तु बाहूबलि जंपइ, कहि वयण म काचुं ।
भरहेसर भय कंपइ, जं जग तुं साचुं ॥ ८५
समरंगणि तिणि सिउं कुण काछइ, जीह बंधव मइं सरिसउ पाछइ ।
जावंत जंबुदीवि तसु आण, तां अम्ह कहीइ कवण ए राण ॥ ८६
जिम जिम सु जि गढ गाढिम गाढउ, हय गय रह वरि करीय सनाढु ।
तस अरधासण आपइ इंदो, तिम तिम अम्ह मनि परमाणंदो ॥ ८७
जु न आव्या अभिषेकह वार, तु तिणि अम्ह नवि कीधा सार ।
वडउ राउ अम्ह वडउ जि भाई, जहिं भावइ तिहां मिलिसिउं जाई ॥ ८८

अम्ह ओलगनी चाट न जोईं, भड भरहेसर विकर न होइ ।
मझ वंधव नवि फीटइ कीमइ, लोमीया लोक भणइ लस ईम्हई ॥ ८९

*

ठवणि ५. चालि म लाइसि वार, वधव भेटीजइ ।
चूकि म चींति विचार, मूंय वयण सुलीजइ ॥ ९०
वयण अम्हारु तूय मनि मानि, भरह नरेसर गणि गजदानि ।
संतूठउ दिइ कचण भार, गयघड तेजीय तुरल तुपार ॥ ९१
गाम नयर पुर पाटण आपइ, देसाहिव थिर थोभीय थापइ ।
देय अदेय नं देतु विमासइ, सगपणि कह नवि किंपि विणासइ ॥ ९२
जा ण राउ ओलगिउ जाणइ, माणण हार विरोपिइं मारइ ।
प्रतिपन्नउं प्रगट प्रतिपालइ, प्रारथिउ नवि घडी विमरालइ ॥ ९३
तिणि सिउं देव न कीजइ ताडउ, सु जि मनाविइ मांड म आडउ ।
हुं हितकारणि कहु सुजाण, कूइं कहूं तु भरहेसर आण ॥ ९४

*

वस्तु—राउ जंपइ, राउ जंपइ, सुणि न सुणि दूत,
त विहि लहीउ भालहलि, तं जि लोय भवि भविहिं पामइ ।
ईमइ नीसत नर ति(नि) गुण, उत्तमांग जण जणह नामइ ।
वंभ पुरंदर सुर असुर, तीहं न लंघइ कोइ ।
लब्भइ अधिक न ऊण पणि, भरहेसर कुण होइ ॥ ९५

*

ठवणि ६. नेसि निवेसि देसि घरि मंदिरि, जलि थलि जंगलि गिरि गुह कंदरि ।
दिसि दिसि देसि देसि दीपंतरि, लहीउं लाभइ जुगि सचराचरि ॥ ९६
अरिरि दूत सुणि देवन दानव, महिमंडलि मडल वैमानव ।
कोइ न लंघइ लहीया लीह, लाभइ अधिक न उछा दीह ॥ ९७
धण कण कंचण नवइ निहाण, गय घड तेजीय तरल केकाण ।
सिर सरवस सपतंग गमीजइ, तोइ नीसत्त पणइ न नमीजइ ॥ ९८

*

ठवणि ७. दूत भणइ एहु भाई, पुन्निहिं पामीजइ ।
पइ लागीजइ भाई, अम्ह कहीउं कीजइ ॥ ९९

अवर अठाणूं जु जई पहिलुं, मिलसिइं तु तुझ मिलिउं न सयलुं।
कहि विलंब कुण कारणि कीजइ, माम न नीगमि वार वलीजइ॥ १००
वार वरापइ करसण फलीजइ, ईणि कारणि जई वहिला मिलीइ।
जोइ न मन सिउं वात विमासी, आगइ चालअ वात विणासी॥ १०१
मिलिउ न किहां कटक मेलावइ, तउ भरहेसर तइं तेडावइ।
जाण रपे कोइ झूझ करेसिइ, सहू कोइ भरह जि हियडइ घरेसिइ॥१०२
गाजंता गाढिम गज भीम, ते सवि देसह लीधा सीम।
भरह अछइ भाई भोलावउ, तउ तिणि सिउं न करीजइ दावउ॥ १०३

*

वस्तु—तव सु जंपइ, तव सु जंपइ, बाहुबलि राउ,
अप्पह बाह भजां न बल, परह आस कहइ कवण कीजइ।
सु जि मूरप अजाण पुण, अवर देपि वरवयइ ति गज्जइ।
हुं एकल्लउ समर भरि, भड भरहेसर घाइ।
भंजउं भुजवलि रे मिडिय, भाइ न भेडि न थाइ॥ १०४

*

ठवणि ८. जइ रिसहेसर केरा पूत, अवर जि अम्ह सहोयर दूत।
ते मनि मान न मेल्हइं कीमइं, आलईयाण म झंपिसि ईम्हइ॥ १०५
परह आस किणि कारणि कीजइ, साहस सईवर सिद्धि वरीजइ।
हीउं अनइ हाथ हत्थीयार, एह जि वीर तणउ परिवार॥ १०६
जइ कीरि सीह सीयालिइं साजइ, तु बाहुबलि भूयवलि भाजइ।
जु गाइं वाघिणि पाई जइ, अरे दूत तु भरह जि जीपइ॥ १०७

*

ठवणि ९. जु नवि मन्नसि आण, बरवहं बाहूवलि।
लेसिइ तु तूं प्राण, भरहेसर भूयवलि॥ १०८
जस छन्नवइ कोडि छइं पायक, कोडि बहुत्तरि फरकइं फारक।
नर नरवर कुण पामइ पारो, सही न सकीइ सेनाभारो॥ १०९
जीवंता विहि सहू संपाडइ, जु तुडि चडिसि तु चडिउ पवाडइ।
गिरि कंदरि अरि छपिउ न छूटइ, तूं बाहूबलि मरि म अखूटइ॥ ११०
गय गदह हय हड जिम अंतर, सीह सीयाल जिसिउ पटंतर।
भरहेसर अन्नइ तूंय विहरउ, छूटिसि किम्हइ करंत न निहरु॥ १११

सरवसु सुंपि मनावि न भाई, कहि कुणि कूडी कुमति विलाई।
मूंझि म मूरष मरि म गमार, पय पणमीय करि करि न समार ॥ ११२
गढ गंजिउ भड भंजिउ प्राणि, तइं हिव सारइ प्राण विनाणि।
अरे दूत बोली नवि जाण, तुंह आव्या जमह प्राण ॥ ११३
कहि रे भरहेसर कुण कहीइ, मइं सिउं रणि सुरि असुरि न रहीइ।
जे चकिइं चक्रवृत्ति विचार, अम्ह नगरि कूंभार अपार ॥ ११४
आपणि गंगातीरि रमंता, घसमस धूंघलि पडीय धमंता।
तइं ऊलालीय गयणि पडंतउ, करुणा करीय वली झालंतउ ॥ ११५
• ते परि कांइ गमार वीसार, जु तुडि चडिसि तु जाणिसि सार।
जउ मउडुधा मउड ऊतारउं, रुहिरु रिलि जु न हय गय तारउं ॥ ११६
जउ न मारउं भरहेसर राउ, तउ लाजइ रिसहेसर ताउ।
भड भरहेसर जई जणावे, हय गय रह वर वेगि चलावे ॥ ११७

*

वस्तु—दूत जंपइ, दूत जंपइ, सुणि न सुणि राउ;
तेह दिवस परि म न गिणसि, गंगतीरि खिलंत जिणि दिणि।
चलंतइं दल भारि जसु, सेससीस सलसलइ फणिमणि।
ईसई याण स मानि रणि, भरहेसर छइ दूरि।
आपापूं वेढिउं गणे, कालि ऊगंतइं सूरि ॥ ११८

दूत चलिउ, दूत चलिउ, कहीय इम जाम;
मंतीसरि चिंतविउ, तु पसाउ दूतह दिवारइ।
अवर अठाणूं कुमर वर, वाइ सोइ पहुतु पचारइ।
तेह न मनिउ आविउ, वलि भरहेसरि पासि।
अरहई य सामिय संधिवल, बंधवसिउं म विमासि ॥ ११९

*

ठवणि १०. तउ कोपिहिं कळकलीउ काल के···य कालानल,
कंकोरइ कोरंबीयउ करमाल महाबल।
काहल कलयलि कलगलंत मउडाधा मिलीया,
कलह तणइ कारणि कराल कोपिहिं परजलीया ॥ १२०
हऊउ कोलाहल गहगहाटि गयणंगणि गज्जिय,
संचरिया सामंत सुहड सामहणीय सज्जीय।

गडयडंत गय गडीय गेलि गिरिवर सिर ढालइं,
गूगलीया गुलणइ चलंत करिय ऊलालइं ॥ १२१
जुडइं भिडइं भडहडइं खेदि खडखडइं खडाखडि,
धाणीय धूणीय धोसवइं दंतूसलि दांत[तडा]डि ।
खुरतलि खोणि खणंति खेदि तेजीय तरवरिया,
समइं धसइं धसमसइं सादि पय सइं पापरिया ॥ १२२
कंपग्गल केकाण कबी करडइं कडीयाली,
रणणइं रवि रण चमर सखर घण घाघरीयाला ।
सींचाणा चरि सरइं फिरइं सेलइं फोकारइं,
ऊडइं आडइं अंगि रंगि असवार विचारइं ॥ १२३
धसि धामइं धडहडइं धरणि रथि सारथि गाढा ।
जडीय जोध जडजोड जरद सन्नाहि सनाढा ।
पसरिय पायल पूर कि पुण रलीया रयणार ।
लोह लहर वरवीर वयर वहवटिइं अवायर ॥ १२४
रणणीय रवि रण तूर तार त्रंबक त्रहत्रहीया,
ढाक ढूक ढम ढमीय ढोल राउत रहरहीया ।
नेच नीसाण निनादि नींझरण निरंमीय,
रणभेरी भुंकारि भारि भूयनलिहिं वियंमीय ॥ १२५
चल चमाल करिमाल कुंत कडतल कोदंड,
झलकइं सावल सवल सेल हल मसल पयंड ।
सींगिणि गुण टंकार सहित बाणावलि ताणइं,
परशु उलालइं करि धरइं भाला ऊलालइं ॥ १२६
तीरीय तोमर भिंडमाल डवतर कसबंध,
सांगि सकति तरआरि छुरीय अनु नागतिबंध ।
हय खर रवि ऊछलीय खेह छाईय रविमंडल,
धर धूजइ कलकलीय कोल कोपिउ काहुल ॥ १२७
टलटलीया गिरिटंक टोल खेचर खलभलीया,
कडडीय कूरम कंधसंधि सायर झलहलीया ।

चल्लीय समहरि सेससीसु सलसलीय न सकइ,
कंचणगिरि कंधार भारि कमकमीय कसकइ ॥ १२८

कंपीय किंनर कोडि पडीय हरगण हडहडीया,
संकिय सुरवर सग्गि सयल दाणव दडवडीया ।
अतिप्रलंव लहकइं प्रलंव वलविंध चिहुं दिसि,
संचरीया सामंत सीस सीकिरिहिं कसाकसि ॥ १२९

जोईय भरह नरिंद कटक मूंछह वल घल्लइं,
कुण वाहूबलि जे उ वरव मइं सिउं वल बुल्लइ ।
जइ गिरि कंदरि विचरि वीर पइसंतु न छूटइ,
जइ थली जंगलि जाइ किम्हइ तु मरइ अपूटइ ॥ १३०

गज साहणि संचरीय महु णर वेढीय पोयणपुर ।
वाजीय वूंव न वहकीयउ वाहूबलि नरवर ।
तसु मंतीसरि भरह राउ संभालीउ साचुं,
ए अविमांसिउं कीउं काइं आज जि तइं काचुं ॥ १३१

वंधव सिउं नरवीर कांइं इम अंतर देपइ,
लहु वंधव नीय जीव जेम कहि कांइं न लेखइ ।
तउ मनि चिंतइ राय किसिउं एय कोइ पराठीउ,
ओसरी उवनि वीर राउ रहीउ अवाठीउ ॥ १३२

गय आगलीया गलगलंत दीजइं हय लास,
हुइं हसमस······भरहराय केरा आवास ।
एकि निरंतर वहइं नीर एकि ईंधण आणइं,
एक आलसिइं परतणुं पांगु आणिउं तृण ताणइं ॥ १३३

एकि ऊतारा करीय तुरीय तलसारे वांधइं,
इकि भरडइं केकाण रवाण इकि चारे रांधइं ।
इकि झीलीय नय नीरि तीरि तेतीय वोलावइं,
एकि धारू असवार सार साहण वेलावइं ॥ १३४

एकि आकुलीया तापि तरल तडि चडीय झंपावइं,
एकि गूहर सायाण सुहड चउरा दिवरावइं ।

सारीय सामि स नामि आदिजिण पूज पयासइं,
कसतूरीय कुंकुम कपूरि चंदनि वनवासइं ॥ १३५
पूज करीउ, चक्ररयण राउ वइठउ भूं जाई,
वाजीय संख असंख राउ आव्या सवि धाई ।
मंडलवइ मउडुध मु(सु?)हड जीमइं सामंतह,
सइं हत्थि दियइ तंबोल कणय कंकण झलकंतह ॥ १३६

*

वस्तु—दूत चलीउ, दूत चलीउ, वाहुवलि पासि;
भणइ भूर नरवर निसुणि, भरह राउ पयसेव कीजइ ।
भारिहिं भीम न कवणि रणि, एउ भिडंत भूय भारि भज्जइ ।
जइ नवि मूरय एह तणीं, सिरवरि आण वहेसि ।
सिउं परिकरिइं समर भरि, सहूइ सयरि सहेसि ॥ १३७
राउ वुल्लइ, राउ वुल्लइ, सुणि न सुणि दूत;
ताय पाय पणमंतय, मुझ बंधव अति खरउ लज्जइ ।
तु भरहेसर तसतणीय, कहि न कीम अम्हि सेव किज्जइ ।
भारिइं भूयवलि जु न भिडउं, भुज भंजु भडिवाउ ।
तउ लज्जइ तिहूयण धणीं, सिरि रिसहेसर ताउ ॥ १३८

*

ठवणि ११. चलीय दूत भरहेसरहं तेय वात जणावइ,
कोपानलि परजलीय वीर साहण पलणावइ ।
लागी य लागि निनादि वादि आरति असवार,
वाहूवलि रणि रहिउ रोसि मांडिउ तिणि वार ॥ १३९
ऊड कंडोरण रणंत सर वेसर फूटइं,
अंतरालि आवइं ईयाण तीहं अंत अखूटइं ।
राउत-राउति योध-योधि पायक-पायकिहिं,
रहवर-रहवरि वीर-वीरि नायक-नायकिइं ॥ १४०
वेढिक विढइं विरामि सामि नामिहिं नरजरीया,
मारइं मुरडीय मूंछ मेच्छ मनि मच्छर भरीया ।
ससइं हसइं धसमसइं वीरधड वड नारि नाचइं,
रापस री रा रव करंति रुहिरे सवि राचइं ॥ १४१

चांपीय चुरइं नरकरोडि भूयवलि भय मिरडइं,
विण हथीयार कि वार एक दांतिहिं दल करडइं।
चालइं चालि चम्माल चाल करमाल ति ताकइं,
पडइं चिंध झूझइं कवंध सिरि समहरि हाकइं ॥ १४२
रुहिर रहि तहिं तरइं तुरंग गय गुडीय अमूंझइ,
राउत रण रसि रहित वुद्धि समरंगणि सूझइं।
पहिलइ दिणि इम झूझ हवुं सेनह मुखमंडण,
संध्या समइ ति वारणुं ए करइं भट विहुं रण ॥ १४३

*

ठवणि १२. हिवं सरस्वती धउल –

तउ तहिं बीजए दिणि सुविहाणि, ऊठीउ एक जि अनलवेगो,
सडवड समहरे वरसए बाणि, छयल सुत छलीयए छावडु ए।
अरीयण अंगमइ अंगोअंगि, राउतो रामुति रणि रमइं ए,
लडसड लाडउ चडीय चउरंगि, आरेयणि सयंवर वरइं ए ॥ १४४

*

त्रूटक – वर वरइं सयंवर बीर, आरेणि साहस धीर।
मंडलीय मिलिया जान, हय हीस मंगल गान।
हय हीस मंगल गानि गाजीय, गयण गिरि गुह गुमगुमइं,
धमधमीय धरयल ससीय न सकइ, सेस कुलगिरि कमकमइं।
धसधसीय धायइं धारधा वलि, धीर वीर विहंडए,
सामंत समहरि, समु न लहइं, मंडलीक न मंडए ॥ १४५

*

धउल – मंडए माथए महीयलि राउ, गाढिम गय घड टोलवए,
पिढि पर परवत प्राय, भडधड नरवए नाचवइ ए।
फाल कंकोलए करि करमाल, झाझए झूझिहिं झलहलइए,
भांजए भड घड जिम जम जाल, पंचायण गिरि गडयडए ॥ १४६

*

त्रूटक – गडयडइं गजदलि सीहु, आरेणि अकल अबीह।
धसमसीय हयदल धाइं, भडहडइं भय भडिवाइ ॥

भडहडइं भय भडवाइ भुयबलि, भरीय हुइ जिम भींभरी,
तहिं चंद्रचूडह पुत्र परवलि, अपिउ नरवइ नर नरतरी ।
वसमतीय नंदण वीर विसमूं, सेल सर म दिखाडए,
रहु रहु रे हणि हणि......भणंतू, अपड पायक पाडए ॥ १४७

*

धउल—पाडीय सुखेय सेणावए दंत, पूंठिहिं निहणीय रणरणीय,
सूर कुमारह राउ पेसंत, भिरडए भूयदंड बेउ...... ।
नयणिहिं निरपीय कुपीयउ राउ, चक्करयण तउ संभरइए,
मेल्हइए तेह प्रति अति सकसाउ, अनलवेगो तहिं चिंतवइ ए ॥ १४८

*

त्रूटक—चिंतवईय सुहडह राउ, जो अई उपूटउं आउ ।
हिव मरण एह जि सीम, रंजईअ चक्रवृत्ति जीम ॥
रंजवईय चक्रवृत्ति जीम इम, भणि चक्कु मुट्ठिहिं पडपली,
संचरिउ सूरउ सूरमंडलि, चक्कु पुहचइ तहिं वली ।
पडपडीउ नंदण चंद्रचूडह, चंद्रमंडल मोहए,
झलहलीय झालि झमालि वुट्टिहिं, चक्क तहिं तहिं रोहए ॥ १४९

*

धउल—रोहीउ रावत जाइ पातालि, विज्जाहर विज्जावलिहिं,
चक्क पहूचए पूठि तीणि वालि, बोलए बलवीय सहसजखो ।
रे रे रहि रहि कुपीउ राउ, जित्थु जाइसि तित्थु मारिवु ए,
तिहूयणि कोइ न अछइ अपाय, जय जोपिम जीणइ जीवीइ ए ॥१५०

*

त्रूटक—जीविवा छंडीय मोह, मनि मरणि मेल्हीय धोह,
समरीय तु तीणि ठामि, इक्कु आदि जिणवर सामि ।
[इक्कु आदि जिणवर सामि†] समरीय, वज्रपंजर अणसरइ,
नरनरीउ पापलि फिरीउ तस सिरु, चक्क लेई संचरइ ।
पयकमल पुज्जइ भरह भूपति, बाहुबलि बल खलभलइ,
चक्रपाणि चमकीय चींति कलयलि, कलह कारणि किलगिलइ ॥ १५१

*

† मूळ प्रतिमां अहिं लखनारना हाथे आ पादनो ए पूर्व अर्ध भाग लखता छूटी गयो छे.

धउल – कलगिलइ चक्रधर सेन संग्रामि, चोलए कवण सु बाहुबले,
तउ पोयणपुर केरउ सामि, वरवहं दीसए दस गणु ए ।
कवण सो चक्र रे कवण सो जाय, कवण सु कहीइ ए भरह राउ ।
सेन संहारीय सोधउं साप, आज मल्हावउं रिसहवंसो ॥ १५२

ठवणि १२. हिवं चउपई –

चंद्रचूड विज्जाहर राउ, तिणि वातइं मनि विहीय विसाउ ।
हा कुलमंडण हा कुलवीर, हा समरंगणि साहसधीर ॥ १५३
कहीइ कहि नइं किसिउं घणुं, कुल न लजाविउं तइं आपणउं ।
तइं पुण भरह भलाविउ आप, भलु भणाविउ तिहूयणि बापु ॥१५४
सु जि बोलइ बाहूवलि पासि, देव म दोहिलुंइं हीइ विमांसि ।
कहि कुण ऊपरि कीजइ रोसु, एह जि दैवहं दीजइ दोसु ॥ १५५
सामीय विसमु करम विपाउ, कोइ न छूटइ रंक न राउ ।
कोइ न भांजइ लिहिया लीह, पामइ अधिक न ओछा दीह ॥१५६
भंजउं भूयवलि भरह नरिंद, मइं सिउं रणि न रहइ सुरिंद ।
इम भणि वरवीय बावन वीर, सेलइ समहरि साहस धीर ॥ १५७
धसमस धीर धसइं धडहडइं, गाजइ गजदलि गिरि गडयडइं ।
जसु सुइ भडहड हडइ भडक्क, दल दडवडइ जि चंड चडक ॥ १५८
मारइ दारइ खल दल खणइ, हेड हणोहणि हयदल हणइ,
अनलवेग कुण कूखइं अछइ, इम पचारीय पाडइ पछइ ॥ १५९
नरु निरुवइ नरनरइ निनादि, वीर विणासइ वादि विवादि ।
तिन्नि मास एकलुउ भिडइ, तउ पुण पूरउं चक्कह चडइ ॥ १६०
चऊद कोडि विद्याधर सामि, तउ झूरइ रतनारी नामि ।
दल दंदोलिउं दउढ वरीस, तउ चक्किइं तसु छेदीय सीस ॥ १६१
रतनचूड विद्याधर धसइ, गंजइ गयघड हीयडइ हसइ ।
पवनजय भड भरहु नरिंद, सु जि संहारीय हसइं सुरिंद ॥ १६२
बाहुलीक भरहेसरतणु, भड भांजणीय भिडीउ घणु ।
सुरसारी बाहूवलिजाउ, भडिउ तेण तहिं फेडीय ठाउ ॥ १६३
अमितकेत विद्याधर सार, जस पामीइ न पौरुष पार ।
चहीउ चक्रधर वाजइ अंगि, चूरिउ चक्रिहिं चडिउ चउरंगि ॥ १६४

समरबंध अनइ वीरह् बंध, मिलीउ समहरि विहुं सिउं बंध ।
सात मास रहीया रणि वेउ, गई गहगहीया अपछरा लेउ ॥ १६५
सिरताली दुरीताली नामि, भिडइं महाभड वेउ संग्रामि ।
आव्या बरवहं वाथोवाथि, परभवि पुहता सरसा साथि ॥ १६६
महेन्द्रचूड रथचूड नरिंद, झूझइं हडहड हसइं सुरिंद ।
हाकइं ताकइं तुलपइं तुलइं, आठि मासि जई जिमपुरि मिलइं ॥ १६७
दंड लेई धसीउ सुरदादि, भरतपूत नरनरइ निनादि ।
गंजीउ वलि बाहूवलितणउ, वंस मल्हाविउ तीणि आपणु ॥ १६८
सिंहरथ ऊठीउ हाकंत, अमितगति झंपिउ आवंत ।
तिन्नि मास धड धूजिउं जास, भरह राउ मनि वसिउ वासु ॥ १६९
अमिततेज प्रतपइ तहिं तेजिं, सिउं सारंगिइं मिलिउ हेजि ।
धाइं धीर हणइं वे बाणि, एक मासि नीवड्या नीयाणि ॥ १७०
कुंडरीक भरहेसरजाउ, जस भड भडत न पाछउ पाउ ।
द्रठडीय दलि बाहूवलि राय, तउ पयपंकइ प्रणमीय ताय ॥ १७७
सूरिजसोम सेमर हाकंत, मिलिया तालि तोमर ताकंत ।
पांच वरिस भर भेलीय घाइ, नीय नीय ठामि लिवारिआ राइ ॥ १७२
इकि चूरइं इकि चंपइं पाय, एकि हारइं एकि मारइं घाइ ।
झलझलंत झूझइ सेयंस, धनु धनु रिसहेसरनुं वंस ॥ १७३
सकमारी भरहेसरजाउ, रण रसि रोपइ पहिलउ पाउ ।
गिणइ न गांठइ गजदल हणइ, रणरसि धीर घणावइ घणइ ॥ १७४
बीस कोडि विद्याधर मिली, ऊठिउ सुगति नाम किलिगिली ।
सिवनंदनि सिउं मिलीउ तालि, बासठि दिवसि विहुं जम जालि ॥ १७५
कोपि चडिउ चल्लिउ चक्रपाणि, मारउं वयरी बाणविनाणि ।
मंडी रहिउ बाहूवलि राउ, भंजउं भणइ भरह भडिवाउ ॥ १७६
विहुं दलि वाजी रणि काहली, खलदल खोणि से खलभली ।
धूजइं धसकीय धड धरहरइं, वीर वीर सिउं सयंवर वरइं ॥ १७७
ऊडीय खेह न सूझइ सूर, नवि जाणीइ सवार असूर ।
पडइं सुहड धड घायइं घसी, हणइं हणोहणि हाकइं हसी ॥ १७८

गडयड गयघड ढींचा ढलइं, सूना समा तुरंग मल तुलइं ।
वाजइं धणुही तणा धोंकार, भाजइं भिडत नभेडीगार ॥ १७९
वहइं रुहिर नइ सिरवर तरइं, री री या टरणि रापस करइं ।
हयदल हाकइ भरह नरिंद, तु साहसु लहइ सग्गि सुरिंद ॥ १८०
भरहजाउ सरभु संग्रामि, गांजइ गजदल आगलि सामि ।
तेर दिवस भड पडीउ घाइ, धूणी सीस बाहूवलि राइ ॥ १८१
तींह प्रति जंपइ सुरवर सार, देपी एवडु भडसंहार ।
कांइ मरावउ तम्हि इम जीव, पडसिउ नरकि करंता रीव ॥ १८२
गज ऊतारीय बंधव बेउ, मानिउं वयण सुरिंदह तेउ ।
पइसइं मालाखोडइ वीर, गिरिवरं पाहिइं सवल सरीर ॥ १८३
वचनझूझि भड भरहु न जिणइ, दृष्टिझूझि हारिउं कुण अ णइ ।
दंडिझूझि झड झंपीय पडइ, वाहु पासि पडिउं तडफडइ ॥ १८४
गूडासमु धरणि मझारि, गिउ बाहूवलि मुष्टिप्रहारि ।
भरह सवल तइं तीणइं घाइ, कंठसमाणउ भूमिहिं जाइ ॥ १८५
कुपीउ भरह छ खंडह धणी, चक्र पठावइ भाई भणी ।
पाखलि फिरी सु वलीउं जाम, करि बाहूवलि धरिउं ताम ॥ १८६
बोलइ बाहुबलि वलवंत, लोहखंडि तउं गरवीउ हंत ।
चक्रसरीसउ चूनउ करउं, सयलहं गोत्रह कुल संहरउं ॥ १८७
तु भरहेसर चिंतइ चींति, मइं पुण लोपीय भाईय मीति ।
जाणउं चक्र न गोत्री हणइ, माम महारी हिव कुण गिणइ ॥ १८८
तु बोलइ बाहूबलि राय(उ), भाईय मनि म म धरसि विसाउ ।
तइं जीतउं मइं हारिउं भाइ, अम्ह शरण रिसहेसर पाय ॥ १८९

*

ठवणि १४. तउ तिहिं ए चिंतइ राउ, चडिउ संवेगिइं बाहुवले ।
दूहविउ ए मइं वडु भाय, अविमांसिइं अविवेकवंति ॥ १९०
धिग धिग ए एय संसार, धिग धिग राणिम राजरिद्धि ।
एवडु ए जीवसंहार, कीधउ कुण विरोधवसि ॥ १९१
कीजइ ए कहि कुण काजि, जउ पुण बंधव आवरइं ए ।
काज न ए ईणइं राजि, घरि पुरि नयरि न मंदिरिहि ॥ १९२

सिरिवरि ए लोच करेइ, कासगि रहीउ बाहुबले ।
अंसूउ ए अंखि भरेउ, तस पय पणमए भरह भडो ॥　　१९३
बांधव ए कांइ न बोल, ए अविमासिउं मइं कीउं ए ।
मेल्हिम ए भाई निटोल, ईणि भवि हुं हिव एकलु ए ॥　　१९४
कीजई ए आजु पसाउ, छंडि न छंडि न छयल छलो ।
हीयडइ ए म धरि विसाउ, भाई य अम्हे विरांसीया ए ॥　१९५
मानई ए नवि मुनिराउ, मौन न मेल्हइ मन्नवीय ।
मुकई ए नहु नीय माण, वरस दिवस निरसण रहीय ॥　　१९६
बंभीउ ए सुंदरि वेउ, आवीय बंधव बूझवइं ए ।
ऊतरि ए माणगयंद, तु केवलिसिरि अणसरइ ए ॥　　२९७
ऊपनूं ए केवल नाण, तु विहरइ रिसहेस सिउं ।
आवीउ ए भरह नरिंद, सिउं परगहि अवझापुरी ए ॥　　२९८
हरिषीया ए हीइ सुरिंद, आपण पइं उच्छव करइं ए ।
वाजई ए ताल कंसाल, पडह पखाउज गमगमइं ए ॥　　२९९
आवई ए आयुधसाल, चक्क रयण तउ रंगभरे ।
संख न ए जस केकाण, गयघड रहवर राणिमइं ॥　　२००
दस दिसि ए वरतइं आण, मड भरहेसर गहगहइ ए ।
रायह ए गच्छ सिणगार, वयरसेण सूरि पाटधरो ॥　　२०१
गुणगणहं ए तणु भंडार, सालिभद्र सूरि जाणीइ ए ।
कीधउं ए तीणि चरितु, भरहनरेसर राउ छंदि ए ॥　　२०२
जो पढइ ए वसह वदीत, सो नरो नितु नव निहि लहइ ए ।
संवत ए वार[१२] कएतालि[४१] फागुण पंचमिइं एउ कीउ ए ॥ २०३

*

॥ इति भरतेश्वर-बाहुबलि रास श्रीसालिभद्रसूरिकृतसमाप्तः ॥
॥ श्लोक संख्या २४० ॥ छ ॥

विमलमतिगणिविलोकनाय ॥ कल्याणं भूयाच्चिरं नन्दतु यावच्चन्द्र-रवी ॥

* * *

शालिभद्रसूरिकृत

बुद्धि रास

पणमवि देवि अंबाई, पंचाइण गामिणी।
समरवि देवि सीधाई, जिण सासण सामिणि ॥ १

पणमिउ गणहरु गोयम स्वामि, दुरिउ पणासइ जेहनइ नामिइं।
सुहगुरु वयणे संग्रह कीजई, भोलां लोक सीपामण दीजइ ॥ २

केई बोल जि लोकप्रसिद्धा, गुरुउवएसिई केई लीद्धा।
ते उपदेश सुणउ सवि रूडा, कुणहइ आल म देयो कूडा ॥ ३

जाणीउ धरमु म जीव विणासु, अणजाणिइ घरि म करिसि वासु।
चोरीकारु चडइ अणलीधी, वस्तु सु किमइ म लेसि अदीधी ॥ ४

परि घरि गोठि किमइ म जाइसि, कूडउं आलु तुं सुहियां पामिसि।
जे घरि हुइ एकली नारि, किमइं म जाइसि तेह घरवारि ॥ ५

घरपच्छोकडि रापे छीडी, वरजे नारि जि बाहिरि हीडी।
परस्त्री बहिनि भणीनइ माने, परस्त्री वयण म धरजे काने ॥ ६

मइ एकलउ मारगि जाए, अणजाणिउ फल किमइं म पाए।
जिमतां माणस द्रेठी म देजे, अकहिं परि घरि किंपि म लेजे ॥ ७

वडां ऊतर किमइं न दीजइं, सीप देयंतां रोस न कीजइं।
ओछइ वासि म वसिजे कीमइं, धरमहीणु भव जासिइ ईमइ ॥ ८

छोरू बीटी ज हुइ नारि, तउ सीपामण देजे सारी।
अति अंधारइ नइ आगासई, डाहउ कोइ न जिमवा बइसइं ॥ ९

सीपि म पिसुनपणु अनु चाडी, वचनि म दूमिसि तू निय माडी।
मरम पीयारु प्रगट न कीजइ, अधिक लेइ नवि ऊछुं दीजइ ॥१०

विसहरु जातु पाय म चांपे, आविइ मरणि म हीयडइ कांपे।
महणा पापइं व्याजि म देजे, अणपूछिइ घरि नीर म पीजे ॥ ११

कहिसि म कुणहनीय घरि गूझो, मोटां सिउं म मांडिसि झूजो।
अणविमास्यां म करिसि काज, तं न करेवं जिणि हुइं लाज ॥ १२

जणि वारितउ गामि म जाए, तं चोले जं पुण निरवाहे।
पातु कांइ हींडि म मागे, पाछिम राति वहिलु जागे ॥ १३

हियडइ समरि न कुल आचारो, गणि न असार एह संसारो ।
पांचे आंगुलि जं धन दीजइं, परभवि तेहतणुं फलु लीजइ ॥ १४

*

ठवणि १. मरम म बोलिसि वीरु, कुणहइ केरउ कुतिगिहिं ।
जलनिहि जिम गंभीरु, पुहविइ पुरुष प्रसंसीइ ए ॥ १५
उछिनु धनु लेउ, लागि भोगि जे वीद्रवइ ए ।
पवहणि तडि पगु देउ, जाणे सो साइरि पडइ ए ॥ १६
एक कन्हइ लिइ व्याजि, बीजाहइं व्याजि दीयए ।
सो नर जीविय काजि, विस वल्लि वन संचरइ ए[1] ॥ १७
ऊडइ जलि म न पइसि, अधिक म बोलिसि सुयणस्युं ।
सुनइ घरि म न पइसि, चउहटइ म विढिसि नारिस्युं ॥ १८
बोल विच्यारिय बोलि, अविचारीय धांधल पडइ ए ।
मूरष मरइ निटोल, जे धण जौवण वाउला ए ॥ १९
बल ऊपहरऊ कोपु, बल ऊपहरी वेढि पुण ।
म करिसि थापणि लोप, कूडओ किमइ म विवहरसे ॥ २०
म करिस जूयारी मित्र, म करिसि कलि धन सांपडए ।
घणुं लडावि म पुत्र, कलह म करिजे सुयण सिंउं तु ॥ २१
धनु ऊपजतउं देपि, बाप तणी निंदा म करे ।
म गमु जन्मु अलेपि, धरम विहूणा धामीयहं ॥ २२
कंठ विहूणुं गानु, गुरु विहूणउ पाढ पुण ।
गरथ विहूणुं अभिमान, ए त्रिहुइं असुहामणा ए ॥ २३

*

ठवणि २. हासउं म करिसि कंठइं कूया, गरथि मूढ म खेलि जूया,
म भरिसि कूडी साषि किहइं ॥ २४
गांठि सारि विणज चलावे, तं आरंभी जं निरवाहे[2] ।
निय नारी संतोष करे ॥ २५
मोटइ सरिसुं वयर न कीजइं, वडां माणस वितउ न दीजइ ।
वइसि म गोठि फलहणीया[3] ॥ २६

---

१ बीजी प्रतिमा 'विसवेलि विष संहरइ ए' आवो पाठ छे ।
२ पाठान्तर–'जु हियइ सुहाए' । ३ पा० 'चउवटए' ।

गुरुयां उपरि रीस न कीजइ,[1] सीप पूछंतां कुसीप म देजे ।
विणउ करंतां दोस नवि ॥ २७

म करिसि संगति वेशासरसी, धण कण कूड करी साहरसी ।
मित्री नीचिइ सिं म करे ॥ २८

थोडामाहि थोडेरुं देजे, वेला लाधी कृपणु म होजे ।
गरव म करीजे गरथतणुं ॥ २९

व्याधि शत्रु ऊठतां वारउ, पाय ऊपरि कोइ म पचारु ।
सतु म छंडिसि दुहि पडीउ ॥ ३०

अजाण्यारहि पढू म थाए, साजुण पीड्यां वाहर धाए ।
मंत्र म पूछिसि स्त्री कन्हए ॥ ३१

अजाणि कुलि म करि वीवाहो, पाछइ होसिइं हीयडइ दाहो ।
कन्या गरथिइ म वीकणसे ॥ ३२

†देव म भेटिसि ठालइ हाथि, अणउलषीतां म जाइसि साथिइं ।
गूझ म कहिजे महिलीयह ॥ ३३

†परहुणइं आव्यइ आदर कीजइं, जूनुं ढोर न कापड लीजइं ।
हूतइ हाथ न खांचीइए ॥ ३४

†गाढइं घाइं ढोर म मारउ, मातइ कलहि म पइसि निवारु ।
पर घरि मा जिमसि जा सकूया ॥ ३५

भगति म चूकीसि बापह मायी, जूठउ चपल म छंडिसि भाई ।
गुरखु म करि गुरु सुहासिणी य ॥ ३६

नीपनइं धानि म जाइसि भूपिउ, गांठि गरथि म जीविसि लूपउं ।
मोटां पातक परहरउ ए ॥ ३७

गिउ देशांतरि सूयसि म रातिइ, तिम न करेवुं जिम टल पांतिइं ।
तृष्णा ताणिउ म न वहसे ॥ ३८

धणि फीटइं विवसाइं लागे, आंचल उडी म साजण मागे ।
कुणहइ कोइ न ऊधरीउ ॥ ३९

---

१ पाठान्तर-'गरुयासिउं अभिमान न कीजउ' ।

† आ कडीओ बीजी बीजी प्रतोमां आगळ पाछळ लखेली मळे छे, तेम ज वधती ओछी पण मळे छे ।

[†जीवतणुं जीवि रापीजइ, सविहुं नइ उपगार करीजइ ।
सार संसारह एतलु ॥]　　४०

माणसि करिवा सवि व्यवहारु, पापी घरि म न लेजे आहार ।
म करिस पूत्र पडीगणुं ए ॥　　४१

जइ करिवुं तो अगइ म मागिं, गांधीसिउं न करेवउं भागि ।
मरतां अरथु म लेसि पुण ॥　　४२

उसड म करिसि रोग अजाणिइं, कुणहं गुरथु म लेसि पराणि ।
सिरज्यां पापइ अरथ नवि ॥　　४३

धरमि पढीगे दुस्थित श्रवण, अनि आवतुं जाणे मरण ।
माणस धरम करावीइ ए ॥　　४४

इसि परि वइदह पाप न लागइं, अनइ जसवाउ भलेरउ जागइ ।
रापे लोभिइं अंतरीउ ॥　　४५

*

ठवणि ३. हिव श्रावकना नंदनह, वोलेसु केई वोल ।
अवघड मारगि हींडंतां ए, विणसई घरम नीटोल ॥　　४६

तिण पुरि निवसे जिण हवए, देवालउ पोसाल ।
भूण्यां त्रिस्यां गोरूयहं, छोरू करि न संभाल ॥　　४७

तिण्हिवार जिण पूज करे, सामायक[1] वे वार ।
माय वाप गुरु भक्ति करे, जाणी धरम विचारु ॥　　४८

करमवंध हुइ जिण वयणि, ते तउं वोलि म वोलि ।
अधिके ऊणे मापुले,[2] कुडउं किमइ म तोलि ॥　　४९

अधिक म लेसि मापुलइं, उच्छं किमइ म देसि ।
एकह जीवह कारणिहि, केतां पाप करेसि ॥　　५०

जिणवर पूठिइं म न वससे, म राखे सिवनी द्रेठि ।
राउलि आगलि[3] म न वससे, वहूअ पाडेसिइं वेठि ॥　　५१

---

† केटलीक प्रतोमां आ कडी नथी मळती, तेथी क्षेपक लागे छे ।

१ बीजी प्रतमां 'पडिकमणुं' शब्द छे ।

२ प्रतांतरमां 'काटलेऊ' शब्द छे । ३ प्रतांतरमां 'हेठलि' शब्द छे ।

राये घरि वि[1] वारणां ए, ऊधत राये नारि ।
ईंधणि कातणि जलवहणि, होइ सछंदाचारि ॥ ५२

पटकसाल पांचइ तणीय, जयणा भली करावि ।
आठमि चउदसि पूनीमिहि, धोयणि गारि वरावि ॥ ५३

[† अणगल जल म न वावरू ए, जोउ तेहनउ व्याप ।
आहेडी मांछीं तणूं ए, एक चलुं ते पाप ॥ ५४

लोह मीण लप धाहडी य, गली य चरम विचारि ।
एह सविनूं विवहरण, निश्चउ करीय निवारि ॥ ५५

सुइमुहि जेतुं चांपीइ ए, जीव अनंता जाणि ।
कंद मूल सवि परहरु ए, धरम म न करइ हाणि ॥ ५६

रयणी भोजन म न करिसि, वहूय जीव सिंहार ।
सो नर निश्चइ नरयफल, होसिइ पाप प्रमाणि ॥] ५७

जांत्र जोत्र ऊपल मुशल, आपि म हल हथीयार ।
सइं हथि आगि न आपीइ ए, नाच गीत घरबारि ॥ ५८

पाटा पेढी म न करसे, करसण नइ अधिकारि ।
न्याइं रीतिइं विवहरु ए, श्रावक एह आचार ॥ ५९

वाच म घालिसि कुपुरसह, फूटइ मुहि महसेसि ।
वहुरि म आस पिराईह, वहु ऊधारि म देसि ॥ ६०

वइद विलासणि दूइडीय, सुइआणीसु संगु ।
राये वहिनर वेटडी य, जिम हुइ शील न भंगु ॥ ६१

गुरु उपदेसिइ अति घणा ए, कहूं तु लहुं न पार ।
एह वोल हीयडइ धरीउ, सफल करे संसार ॥ ६२

सालिभद्रगुरु संकुलीय, सिविहूं गुर उपदेसि ।
पढइ गुणइ जे संभलहिं, ताहइ विघ्न टलेसि[2] ॥ ६३

॥ इति वुद्धिरास समाप्तमिति ॥

*

---

१ पा० 'वहु' । २ पा० 'तीह सवि टलइं किलेस तु' ।

† आ कोष्ठक वच्चे आपेली ४ कडीओ सौथी जूनी प्रतिमा नथी मळती । बीजी बीजी प्रतोमा आ बधी आडी अवळी अने वधती ओछी सख्यामा मळे छे । एमोना वर्णन उपरथी ज जणाय छे के ए पाछळनो थएलो उमेरो छे मूळ कर्तानी कहेली नथी ।

द्वितीय वर्ष] ❀ [प्रथम अंक

तत्त्वोपप्लवसिंह
चार्वाक दर्शनका एक अपूर्व ग्रन्थ

*

लेखक – श्रीयुत पं० सुखलालजी शास्त्री
[आचार्य – जैनशास्त्र अध्यापनपीठ, हिंदु युनिवर्सिटी – बनारस]

गत वर्ष, ई. स. १९४० मे, गायकवाड ओरिएण्टल सिरीजके ग्रन्थाङ्क ८७ रूपमें, तत्त्वोपप्लवसिंह नामक ग्रन्थ प्रकाशित हुआ है जो चार्वाक दर्शनके विद्वान् जयराशि भट्टकी कृति है और जिसका सम्पादन प्रो० रसिकलाल सी० परीख तथा मैंने मिलकर किया है। इस ग्रन्थ तथा इसके कर्ताके विषयमें ऐसी अनेक महत्त्वपूर्ण बातें हैं जिनकी जानकारी दर्शन - साहित्यके इतिहासज्ञोंके लिए तथा दार्शनिक - प्रमेयोंके जिज्ञासुओंके लिए उपयोगी एवं रसप्रद हैं।

उक्त सिरीजमें प्रकाशित प्रस्तुत कृतिकी प्रस्तावनामें, ग्रन्थ तथा उसके कर्ताके बारेमें कुछ आवश्यक जानकारी दी गई है; फिर भी प्रस्तुत लेख खास विशिष्ट उद्देशसे लिखा जाता है। एक तो यह, कि वह मुद्रित पुस्तक सबको उतनी सुलभ नहीं हो सकती जितना कि एक लेख। दूसरी, वह प्रस्तावना

अंग्रेजीमें लिखी होनेसे अंग्रेजी न जाननेवालोंके लिए कार्यसाधक नहीं। तीसरी, खास बात यह है कि उस अंग्रेजी प्रस्तावनामें नहीं चर्चित ऐसी अनेकानेक ज्ञातव्य बातोंका इस लेखमें विस्तृत ऊहापोह करना है।

तत्त्वोपप्लवसिंह और उसके कर्ताके बारेमें कुछ लिखनेके पहले, यह बतलाना उपयुक्त होगा कि इस ग्रन्थकी मूल प्रति हमें कब, कहांसे और किस तरहसे मिली। करीब पन्दरह वर्ष हुए, जब कि मैं मेरे मित्र पं० बेचरदासके साथ अहमदाबादके गुजरात पुरातत्त्व मंदिरमें सन्मतितर्कका सम्पादन करता था, उस समय सन्मतितर्ककी लिखित प्रतियोंकी खोजकी धुन मेरे सिर पर सवार थी। मुझे माळूम हुआ कि सन्मतितर्ककी ताडपत्रकी प्रतियां पाटणमें हैं। मैं पं० बेचरदासके साथ वहाँ पहुँचा। उस समय पाटणमें स्व० मुनिश्री हंसविजयजी बिराजमान थे। वहाँके ताडपत्रीय भण्डारको खुलवानेका तथा उसमेंसे इष्ट प्रतियोंके पानेका कठिन कार्य उक्त मुनिश्रीके ही सद्भाव तथा प्रयत्नसे सरल हुआ था।

सन्मतितर्ककी ताडपत्रीय प्रतियोंको खोजते व निकालते समय हम लोगोंका ध्यान अन्यान्य अपूर्व ग्रन्थोंकी ओर भी था। पं० बेचरदासने देखा कि उस एकमात्र ताडपत्रीय ग्रन्थोंके भण्डारमें दो ग्रन्थ ऐसे हैं जो अपूर्व हो कर जिनका उपयोग सन्मतितर्ककी टीकामें भी हुआ है। हमने उन दोनों ग्रन्थोको किसी तरह उस भण्डारके व्यवस्थापकोंसे प्राप्त किए। उनमेंसे एक तो था बौद्ध विद्वान् धर्मकीर्तिके हेतुबिन्दुशास्त्रका अर्चटकृत विवरण – जिसका सम्पादन अभी होनेवाला है; और दूसरा ग्रन्थ था प्रस्तुत तत्त्वोपप्लवसिंह। अपनी विशिष्टता तथा पिछले साहित्य पर पड़े हुए इनके प्रभावके कारण, उक्त दोनों ग्रन्थ महत्त्वपूर्ण तो थे ही, पर उनकी लिखित प्रति अन्यत्र कहीं भी ज्ञात न होनेके कारण वे ग्रन्थ और भी अधिक विशिष्ट महत्त्ववाले हमें माळूम हुए।

उक्त दोनों ग्रन्थोंकी ताडपत्रीय प्रतियां यद्यपि यत्र तत्र खण्डित और कहीं कहीं घिसे हुए अक्षरोंवाली हैं, फिर भी ये शुद्ध और प्राचीन रही। तत्त्वोपप्लवकी इस प्रतिका लेखन-समय वि० सं० १३४९ मार्गशीर्ष कृष्ण ११ शनिवार है। यह प्रति गुजरातके धोळका नगरमें, महं० नरपालके द्वारा लिखनाई गई है। धोळका, गुजरातमें उस समय पाटणके बाद दूसरी राजधानीका स्थान था, जिसमें अनेक ग्रन्थ भण्डार बने थे और सुरक्षित थे। धोळका वह स्थान है जहाँ रह कर प्रसिद्ध मन्त्री वस्तुपालने सारे गुजरातका शासन-तंत्र चलाया था। सम्भव

है कि इस प्रतिका लिखानेवाला महं० नरपाल शायद मंत्री वस्तुपालका ही कोई वंशज हो। अस्तु, जो कुछ हो, तत्त्वोपप्लवकी इस उपलब्ध ताडपत्रीय प्रतिको अनेक वार पढने, इसके घिसे हुए तथा लुप्त अक्षरोंको पूरा करने आदिका श्रमसाध्य कार्य अनेक सहृदय विद्वानोंकी मददसे चालू रहा, जिनमें भारतीय-विद्याके सम्पादक मुनिश्री जिनविजयजी, प्रो० रसिकलाल परीख तथा पं० दलसुख मालवणिया मुख्य हैं।

इस ताडपत्रकी प्रतिके प्रथम वाचनसे ले कर इस ग्रन्थके छप जाने तकमें जो कुछ अध्ययन और चिन्तन इस सम्बन्धमें हुआ है उसका सार 'भारतीय विद्या'के पाठकोंके लिए प्रस्तुत लेखके द्वारा उपस्थित किया जाता है। इस लेखका वर्त्तमान स्वरूप पं० दलसुख मालवणियाके सौहार्दपूर्ण सहयोगका फल है।

ग्रन्थकार

प्रस्तुत ग्रन्थके रचयिताका नाम, जैसा कि ग्रन्थके अंतिम प्रशस्तिपद्यमें[1] उल्लिखित है, जयराशि भट्ट है। यह जयराशि किस वर्ण या जातिका था इसका कोई स्पष्ट प्रमाण ग्रन्थमें नहीं मिलता, परन्तु वह अपने नामके साथ जो 'भट्ट' विशेषण लगाता है उससे जान पडता है कि वह जातिसे ब्राह्मण होगा। यद्यपि ब्राह्मणसे भिन्न ऐसे जैन आदि अन्य विद्वानोंके नामके साथ भी कभी कभी यह भट्ट विशेषण लगा हुआ देखा जाता है (यथा—भट्ट अकलंक इत्यादि); परंतु प्रस्तुत ग्रन्थमें आए हुए जैन और बौद्ध मत विषयक निर्दय एवं कटाक्षयुक्त[2]

---

१ भट्टश्रीजयराशिदेवगुरुभिः सृष्टो महार्थोदयः,
तत्त्वोपप्लवसिंह एष इति यः ख्यातिं परां यास्यति ॥
—तत्त्वो०, पृ० १२५।

"तत्त्वोपप्लवकरणाद् जयराशिः सौगतमतमवलम्ब्य ब्रूयात्"—सिद्धिवि० टी०, पृ० २८८।

२ बौद्धोंके लिए ये शब्द हैं—

"तद्बालविलसितम्"—पृ० २९, पं० २६। "जडचेष्टितम्"—पृ० ३२, पं० ४। "तदिदं महानुभावस्य दर्शनम्। न ग्रावालिशा एवं वक्तुमुत्सहेत"—पृ० ३८, पं० १५। "तदेतन्मुग्धाभिधानं दुनोति मानसम्"—पृ० ३९, पं० १७। "तद्बालवल्गितम्"—पृ० ३९, पं० २३। "मुग्धबौद्धैः"—पृ० ४२, पं० २२। "तन्मुग्धविलसितम्"—पृ० ५३, पं० ९। इत्यादि

तथा जैनोंके लिए ये शब्द हैं—

"इमामेव मूर्खतां दिगम्बराणामङ्गीकृत्य उक्तं सूत्रकारेण यथा—
"नग्न! श्रमणक! दुर्बुद्धे! कायक्लेशपरायण!।
जीविकार्थेऽपि चारम्भे केन त्वमसि शिक्षितः ॥" —पृ० ७९, पं० १५।

खण्डनके पढनेसे स्पष्ट हो जाता है कि यह जयराशि न जैन है और न बौद्ध। जैन और बौद्ध संप्रदायके इतिहासमें ऐसा एक भी उदाहरण नहीं मिलता है, जिससे यह कहा जा सके, कि जैन और बौद्ध होते हुए भी अमुक विद्वान्ने अपने जैन या बौद्ध संप्रदायका समग्र भावसे विरोध किया हो। जैन और बौद्ध सांप्रदायिक परंपराका बंधारण ही पहलेसे ऐसा रहा है, कि कोई विद्वान् अपनी परंपराका आमूल खण्डन करके वह फिर न अपनेको उस परंपराका अनुयायी कह सकता है और न उस परंपराके अन्य अनुयायी ही उसे अपनी परंपराका मान सकते हैं। ब्राह्मण संप्रदायका बंधारण इतना सख्त नहीं है। इस संप्रदायका कोई विद्वान्, अगर अपनी पैतृक ऐसी सभी वैदिक मान्यताओंका, अपना बुद्धिपाटव दिखानेके वास्ते अथवा अपनी वास्तविक मान्यताको प्रकट करनेके वास्ते, आमूल खण्डन करता है, तब भी, वह यदि आचारसे ब्राह्मण संप्रदायका आत्यन्तिक त्याग नहीं कर बैठता है, तो वैदिक मतानुयायी विशाल जनतामेंसे उसका सामाजिक स्थान कभी नष्ट नहीं हो पाता। ब्राह्मण संप्रदायकी प्रकृतिका, हमारा उपर्युक्त खयाल अगर ठीक है, तो कहना होगा कि यह भट्ट विशेषण जयराशिकी ब्राह्मण सांप्रदायिकताका ही द्योतक होना चाहिए।

इसके सिवा, जयराशिके पिता-माता या गुरु-शिष्य इत्यादिके संबन्धमें कुछ भी पता नहीं चलता। फिर भी जयराशिका बौद्धिक मन्तव्य क्या था यह बात इसके प्रस्तुत ग्रन्थसे स्पष्ट जानी जा सकती है। जयराशि एक तरहसे बृहस्पतिके चार्वाक संप्रदायका अनुगामी है; फिर भी वह चार्वाकके सिद्धान्तोको अक्षरशः नहीं मानता। चार्वाक सिद्धान्तमें पृथ्वी आदि चार भूतोंका तथा मुख्य रूपसे प्रत्यक्ष विशिष्ट प्रमाणका स्थान है। पर जयराशि न प्रत्यक्ष प्रमाणको ही मानता है और न भूत तत्त्वोंको ही। तब भी वह अपनेको चार्वाकानुयायी जरूर मानता है। अतएव ग्रन्थके आरम्भमें[२] ही बृहस्पतिके मन्तव्यके साथ अपने मन्तव्यकी आनेवाली असंगतिका उसने तर्कशुद्ध परिहार भी किया

२ "ननु यदि उपप्लवस्तत्त्वाना किमाया..., अथातस्तत्त्वं व्याख्यास्याम."; "पृथिव्यापस्तेजोवायुरिति तत्त्वानि, तत्समुदाये शरीरेन्द्रियविषयसञ्ज्ञा इत्यादि ?। न अन्यार्थत्वात्। किमर्थम् ?। प्रतिबिम्बनार्थम्। किं पुनरत्र प्रतिबिम्ब्यते ?। पृथिव्यादीनि तत्त्वानि लोके प्रसिद्धानि, तान्यपि विचार्यमाणानि न व्यवतिष्ठन्ते, किं पुनरन्यानि ? ।"–तत्त्वो० पृ० १, प० १०।

है। उसने अपने मन्तव्यके बारेमें प्रश्न उठाया है, कि बृहस्पति जब चार तत्त्वोंका प्रतिपादन करता है, तब तुम (जयराशि) तत्त्वमात्रका खण्डन कैसे करते हो? अर्थात् बृहस्पतिकी परंपराके अनुयायीरूपसे कम-से-कम चार तत्त्व तो तुम्हें अवश्य मानने ही चाहिए। इस प्रश्नका जवाब देते हुए जयराशिने अपनेको बृहस्पतिका अनुयायी भी सूचित किया है और साथ ही बृहस्पतिसे एक कदम आगे बढ़नेवाला भी बतलाया है। वह कहता है कि– बृहस्पति जो अपने सूत्रमें चार तत्त्वोंको गिनाता है, वे इस लिए नहीं कि वह खुद उन तत्त्वोंको मानता है। सूत्रमें चार तत्त्वोंके गिनाने अथवा तत्त्वोंके व्याख्यानकी प्रतिज्ञा करनेसे बृहस्पतिका मतलब सिर्फ लोकप्रसिद्ध तत्त्वोंका निर्देश करना मात्र है। ऐसा करके बृहस्पति यह सूचित करता है, कि साधारण लोकमें प्रसिद्ध और माने जानेवाले पृथ्वी आदि चार तत्त्व भी जब सिद्ध हो नहीं सकते, तो फिर अप्रसिद्ध और अतीन्द्रिय आत्मा आदि तत्त्वोंकी तो बात ही क्या?। बृहस्पतिके कुछ सूत्रोंका उल्लेख करके और उसके आशयके साथ अपने नए प्रस्थानकी आनेवाली असंगतिका परिहार करके जयराशिने भारतवर्षीय प्राचीन गुरु-शिष्य भावकी प्रणालीका ही परिचय दिया है। भारतवर्षके किसी भी संप्रदायके इतिहासको हम देखते हैं, तो उसमें स्पष्ट दिखाई देता है, कि जब कोई असाधारण और नवीन विचारका प्रस्थापक पैदा होता है तब वह अपने नवीन विचारोंका मूल या बीज अपने संप्रदायके प्राचीन एवं प्रतिष्ठित आचार्योंके वाक्योंमें ही बतलाता है। वह अपनेको अमुक संप्रदायका अनुयायी मानने मनवानेके लिए उसकी परंपराके प्राचीन एवं प्रतिष्ठित आचार्योंके साथ अपना अविच्छिन्न अनुसंधान अवश्य बतलाता है। चाहे फिर उसका वह नया विचार उस संप्रदायके पूर्ववर्ती आचार्योंके मस्तिष्कमें कभी आया भी न हो[४]। जयराशिने भी यही किया है। उसने अपने निजी विचार-विकासको बृहस्पतिके अभिप्रायमेंसे ही फलित किया है। यह वस्तुस्थिति इतना बतलानेके लिए पर्याप्त है कि जयराशि अपनेको बृहस्पतिकी संप्रदायका मानने–मनवानेका पक्षपाती है।

---

४ उदाहरणार्थ आचार्य शङ्कर, रामानुज, मध्व और वल्लभादिको लीजिए–जो सभी परस्पर अत्यन्त विरुद्ध ऐसे अपने मन्तव्योंको गीता, ब्रह्मसूत्र जैसी एक ही कृतिमेंसे फलित करते हैं; तथा सौत्रान्तिक, विज्ञानवादी और शून्यवादी बौद्धाचार्य परस्पर बिल्कुल भिन्न ऐसे अपने विचारोंका उद्गम एक ही तथागतके उपदेशमेंसे बतलाते हैं।

श्री वादिदेवसूरिचरितमें त्रिभुवनगिरिका नाम आया है। श्री वादिदेवने चित्रकूटमें मीमांसक यशुभूति, नरवरमें धीसार, और त्रिभुवनगिरि नामक

दुर्गमें किसी रक्तवस्त्रको पराजित किया। इस अवतरणसे भी त्रिभुवनगिरिकी स्थिति चित्रकूटादिके समीप प्रतीत होती है।

प्राचीन उकेशगच्छीय पट्टावलीके अनुसार त्रिभुवनगिरिमें इस गच्छका एक प्राचीन मन्दिर था। परन्तु इससे स्थान कुछ निश्चित नहीं होता।

त्रिभुवनगिरिका इससे अधिक महत्त्वपूर्ण उल्लेख हम्मीरमहाकाव्यमें है। श्री हम्मीरने उज्जयिनी, आबू, सांभर, मरोट, खंडेला आदिकी दिग्विजय कर रणथम्भोरके रास्तेमें कर्कराल्गिरि पर आक्रमण किया और त्रिभुवनाद्रीशने वहां आकर श्री हम्मीरका सम्मान किया। इससे त्रिभुवनगिरिकी स्थितिका क्षेत्र खंडेला और रणथम्भोरके बीचमें सीमित हो जाता है। रणथम्भोर और खंडेला दोनों जयपुर राज्यमें हैं। अतः त्रिभुवनगिरि सम्भवतः खंडेलेके पूर्व और रणथम्भोरके उत्तर पूर्वके पहाड़ी प्रदेशमें रहा होगा – ऐसा अनुमान् करना असंगत नहीं है।

सौभाग्यवश मुसलमानी इतिहासकारोंने भी त्रिभुवनगिरिका नाम दिया है और इससे त्रिभुवनगिरिकी अवस्थितिका बिल्कुल ठीक पता चल जाता है। ता'जुलमासीर (लेखन समय सन् १२०५ ई०)में लिखा है कि ५९२ हिजरी (सम्वत् १२५२) में मुहम्मद गोरीने थंगर पर आक्रमण किया और राजा कुमारपालको हराकर अपने अधीन किया। फीरस्ताने इसी वातका जिक्र करते हुए 'थंगर जिसे बयाना कहते हैं' ऐसा लिखा है 'गर' गिरिका अपभ्रंश है, और 'थं' त्रिभुवनका। क्यो कि तत्सामयिक लेखक फखरुद्दीन मुबारकशाहने इसका नाम 'तहनकिरि' लिखा है। इसमें 'तहन' त्रिभुवनका और 'किरि' गिरिका अपभ्रंश है। करौलीवाले मानते हैं कि इसे इनके किसी पूर्वज तहनपाल या त्रिभुवनपालने बसाया था। तारीखे मुबारकशाही और तुजुके बाबरीमें भी त्रिभुवनगिरिका नाम मिलता है। इसलिये यह निश्चित है कि यह किसी समय वहुत ही प्रसिद्ध स्थान था। इस समय यह तहनगढ़के नामसे प्रसिद्ध है और करौलीसे लगभग २४ माइल उत्तर-पूर्व स्थित है। आर्कीऑलोजीकल सर्वे ऑफ इण्डियाके प्रायः सभी नक्शोंमें दिखाया गया है।

जिन कुमारपाल पर मुहम्मद गोरीने सम्बत् १२५२ में आक्रमण किया वे केरोलीवाले यादवोंके पूर्वज एवं श्री जिनदत्तसूरि द्वारा प्रतिबोधित कुमारपाल होते हैं। वे लगभग १२१० या १२११ मे गद्दी पर बैठे होंगे और

सम्वत् १२५२ में भी त्रिभुवनगिरिकी गद्दी पर विराजमान थे। ४२ या ४३ वर्ष राज्य करना कोई नवीन बात नहीं है। अब भी भगवान्की दयासे भारतवर्षमें अनेक राजा वर्तमान हैं जिन्होंने इतने समयसे अधिक राज्य किया है। अतः अन्ततो गत्वा हम इस परिणाम पर पहुंचते हैं कि वर्तमान तहनगढ ही प्राचीन त्रिभुवनगिरि था और वहाके प्रतापी यादव राजा श्री कुमारपालको श्री जिनदत्तसूरिने प्रतिबोध दिया था।

इन राजा कुमारपालके विषयमें ता'जुलमासीरमें हसन निजामीने इस प्रकार लिखा है–"हिजरि सन् ५९२ (११९६ सन्) में उन्होंने तहनगर पर कूच किया....ईश्वरकी सहायतासे यह मजबूत किला, जो अबतक संसारके राजाओं और राजकुमारोंके लिये बन्द रहा था, मुसलमानी फौजके हाथ लग गया। तहनगरका राजा कुमारपाल जिसे अपने किलेकी मजबूती और फौजकी संख्या पर गर्व था अब अपने विरुद्धवाली फौजको देख कर कांप उठा, और उसने अपनी जीवनरक्षाके लिये प्रार्थना की। इस पर उसे क्षमा कर दिया गया और उस पर कृपा की गई। यद्यपि उसका राज्य छिन गया है।... तहनगरका राज्य बहाउद्दीन तुगरीतको दिया गया...–" इससे सिद्ध है कि राजा कुमारपाल सन् ११९६ में राज्य खो बैठे। उनकी शक्ति काफी प्रबल थी, पर वे मुसलमानोंके सामने न ठहर सके। चौहानों और गहरवारोंके समान वे भी मुहम्मद गोरीसे हार गये। करौलीके इतिहाससे प्रतीत होता है कि उन्हीं कुमारपालके वंशज अर्जुनपालने सं० १४०५ में करौली बसाई।

***

राजस्थानी – मारवाडी – भाषामें लिखित कुछ ऐतिहासिक टिप्पण

*

खरतरगच्छके आचार्य श्रीमान् जिनहरिसागरजी सूरिजीके शास्त्रसंग्रहमेंसे हमें एक पुराना हस्तलिखित गुटका मिला है जो १००–१५० वर्ष जितना पुराना लिखा हुआ है। प्रायः ९ इंच लंबे और ६ इंच चौडे ऐसे २०० पत्रोंका यह संचय है। इसमें सबसे पहले वृंद कवि रचित 'सतसया' संग्रह लिखा हुआ है। उसके बाद गद्य पद्य मय **'ग्वालेरी भाषा'** में पूरा हितोपदेश लिखा हुआ है। उसके बाद अक्षरबावनी आदि बहुतसी फुटकर पद्य कृतियां हैं जिनमें सवैया, कवित्त, छप्पय, दोहा, सोरठा आदिका संग्रह है। इसके बाद कोई ६० पत्रोंमें **'राठोडांरी बंसावलि'** लिखी हुई है जिसमें जोधपुरके राठोड वंशका आदिसे लेकर, वि० सं० १८०९ में गादीपर बैठनेवाले महाराजा विजयसिंघजी तककी ऐतिहासिक वार्ता लिखी हुई है। इस वार्तामें, राठोवंशमें होनेवाले बड़े बड़े वीर पुरुषोंकी पराक्रमपूर्ण ऐसी अनेकों कीर्ति कथाएं सम्मीलित हैं जो हमारे जातीय जीवनकी झलक करानेमें बडी रसप्रद हैं। हम इस सारी बंसावलिके छपवानेका प्रयत्न कर रहे हैं।

इसी गुटकेमें, उक्त बंसावलिके पीछे, लिपिकर्ताने बहुतसे ऐतिहासिक टिप्पण लिख रखे हैं जिनमें प्राचीन नगरोंके स्थापनादिके समयका निर्देश और मारवाड–मेवाडमें होनेवाले राजवंशोंकी नामावलि आदिका समावेश है। 'भारतीय विद्या' के पाठकोंको ये टिप्पण रसप्रद और ऐतिहासिक अन्वेषणमें कुछ उपयोगी होंगे, ऐसा समझ कर हम यहां इन्हें मुद्रित करते हैं।

इन टिप्पणोंका लिपिकर्ता, खरतरगच्छीय क्षेमकीर्ति शाखाका यति पं० हर्षचन्द्र शिष्य मोतीचंद गुलाबचंदोत है। सं० १८८८ में, मारवाडके पालीनगरमें इनकी प्रतिलिपि की गई मालूम देती है।

इन टिप्पणोंमें जो संवत् और मिति आदिका निर्देश किया गया है वह सर्वथा निर्भ्रांत नहीं है। इनमें कई अंक – और कई उल्लेख भी – भ्रमपूर्ण मालूम देते हैं। उनके विषयमें विशेष विचार करनेकी यहां कोई आवश्यकता नहीं है। यहां तो सिर्फ इनको प्रकाशमें लानेकी दृष्टिसे ही मुद्रित किया जाता है – संपादक

*

१. पुराने शहरोंकी स्थापना आदिका समय निर्देश

सं० ९०२ चित्रागदे मोरी चितोड वसाई ।

सं० १३६१ अलावदीन पातिसाह चितोड पदमणीरै लीयै आयो नै गोरो वादल लडिया ।

सं० १६२४ राणां उदैसिंघजीसु चितोड छूटो नै पीछोला ऊपरै उदैपुर वसायो ।

सं० १५२८ दूदे योधावत मेडतो वसायो । आगै राजा मानधातारो वसायो सूनो पेडो थो ।

सं० १५५४ दूदै योधावत काल कीयो नै वीरमदेजी टीकै वैठा ।

स० १६०३ वीरमदेजी काल कीधो, जैमलजी टीकै वैठा ।

सं० १५१५ राव जोधै आपरै नाम जेठ सुदि ११ जोधपुर वसायो । पहिला मंडोवर राजथांन होतो ।

राजा अज हुवो जिण आपरै नाम अजमेर वसायो ।

सं० १०७१ राजा वीसलदे अजमेर लीधी नै राज वैठो ।

सं० १०७७ राजा भोजरै वैटै मी(वी)रनारायण समीयांणो गढ करायो । मूलमै पमारारो करायो ।

सं० १३०१ कानडदे सोनिगिरै जालंधरीनाथरी दवासुं सोवनगिर उपरा गढ करायो । जालंधरी नाथ जोगीरै नावै अबै पहाडरो नाम जालंधर कहीजै छै । अठै तपस्या करतो । तलहटी सहर जालोर कहीजै छै ।

सं० १३१५(?) वैसाप सुदि ९ जालोरगढ भागो । कानडदे वीरमदे राणंगदे काम आया ।

सं० १५४५ (?) राव हमीर रावत फलां वांभणीरी गोकलरी ठोड फलोदि वसाई ।

सं० १२१२ सावण सुदि १२ राव जेसल आपरै नाव लोद्रवो भांजिनें जेसलमेर वसायो ।

स० १०७० नाहडराव पडिहार मंडोवर वसायो । आगै मांडवरिपीसररी थापना थी ।

सं० १६१९ मालै पचायणोत पमार मालपुरो वसायो ।

सं० १५४४ वीकै जोधावत बीकानेर वसाइ ।

स० १६६५ गोड राजा वीठलदासोत गोपालदासोत राजगढ वसायो ।

सं० १६१२ अकबर पातिसाह आगरो वसायो।

सं० १४३८ राव मल्लिनाथजी महेवो वसायो।

सं० ११९५ दाहिमै ब्राह्मण मतिकवास प्रथीराज चहुवांणरो परधान, नागोर वसाइ।

सं० ७११ राजा भोज धारा नगरी हुवो, नै भोजरी रांणी भानमती, तिण भिणाय वसाइ।

सं० १११२ जैतु गूजरी जैतारण वसाई।

सं० ८०२ वनराज चावडे गुजरातमै पट्टण वसाई।

सं० १६६७ राठोड किसनसिंघ उदैसिंघोत किसनगढ वसायो। पहिलां पिडगनो सोझेलावरो थो, सो हिवै तो गांव ज्युं छै। जाट लोक रहै छै। पछै राजा रूपसिंघ भारमलोतनै च्यार हजाररो मनसबो हुवो, तद रूपनगर वसायो। पहली राजथान किसनगढ थो सो संन्यासीरी दवासुं रूपनगर वसियो।

सं० १६७२ किसनसिंघजी काम आया तरै किसनगढरो कोट पूरो न हुवो।

सं० १६०१ कछवाहे सागै प्रथीराजोत सांगानेर वसायो।

सं० १३०१ आवै राजा आंबेर वसाई।

सं० ९८२ चोवीस बगडावत हुवा।

सं० ९९२ देवधरम राजा हुवो, तिण बगडावतांरो वैर लियो।

सं० १२५० पाबूजी गायांरी वाहर चढिया नें काम आया। तठै चांदो थोरी १५० दोढसै थोरीयांसुं कांम आयो, मुंहडा आगै।

सं० १६२१ चांदो वीरमदेवोत नागोर, हसन कुलीयांनसुं चूक करिनै नीसरणी नांप नै चढता था, तरै चाकर हसन कुलीरै वागारो चाल झालियो सो वाढियो। मुगल २ टणका ले रह्या।

सं० १७३८ राजा जैसिंघ कछवाहै जैपुर वसायो। पहला राजथांन आंबेर थो।

सं० १७८५ राजा जेसिंघ मेरां उपर मगरै आयो।

सं० १४४२ महमद वेगडो पातिसाह गुजरातमै अहमदावाद वसाई।

सं० १४३४ रांणपुर नगरमै देवल करायो धन्नै पोरवाड। निनाणु लाख द्रव्य लगायो। तिणरै पाखती देवल १ सोमल पोरवाड करायो। तिणमै नागीपुतली छै।

सं० १६७४ कापरडैमै भानैजी भंडारी देवळ करायो ।

सं० १५८५ लुंका मांहियी भीलाडा मांहे ह्यांजी वणगरसुं ढुंढीया हुवा । भाद्रवा सुदि ८ अदीतवारकै दिन अहमदावाद मांहे ह्यांजी पीर हंजु ढेढनें वर दियो, तिणसुं ढुंढीया जैनरो मत उठायो । लुंका मांहिसुं नींकल्या ।

सं० १७८७ आसोज सुदि १० माहाराजश्री अभैसिंघजी वषतसिंघजी गुजरातमै निवाब सेर विलंद पांसुं लडाइ कीनी ।

सं० १७१५ वैसाप महिनै महाराज श्री जसवंतसिंघजी लडाइ कीषी, उजेणमांहे ।

सं० १७९८ असाढ सुदि मांहे, उटडारा डेरां, माहाराजश्री वषतसिंघजी सवाइ जैसिंघसुं लडाइ कीनी ।

सं० १७९३ वैसाप माहे मारिवाडमै घोडीयां आइ, सारी मारवाड लुटाणी । गांव घणा मराणां । केइक गांवा जांम नकती ठहैरी । मलार गाडरी सिंघीयो राणो आया था, तरै माहाराज अभैसिंघजी दिली होता । सोझत मेडतो जैतारण मराणो; पछै किसनगढ मराणो ।

सं० १६३३ श्रावण वदि ७ हलदीरी घाटी राणै प्रतापसिंघ राजा मान वेढि कीघी । वेढि ५ कीवी । घणो साथ कांम आयो । संवत् १६३४ राणै प्रतापसिंघ मालपुरो मार्यो ।

संवत् १७२६ चैत सुदि १० इरांनरो पातिसाह नादरसाह दिली आयो । सहर लूंटीयो । तिणरी विगत—१९० उंट तो पजांनारा भरिया, वले १०० हाथी पजानांरा भरिया, वले १७० गाडी चौबलदा पजनांसुं भरी, ३०० पचरां पातिसाही पोसाप जरीरो कपडो तिणसुं भरी । पांच तपत पातसाहरै वैसणरा । एकेक कोडि, नव नव लाप, नव नव हजार, नव नव सै, इतनां रुपीयांरो एकोको तपत उरा लीना । वले ४००० घोडा पातिसाही उमरावारा लीना । १३००० उंट पातसाही तया उमरावारा लीया । ९०० हाथी पातसाहरा उमरावारा लीना । ३ रथ, एकण रथरै ४ हाथी जुतै तिके लीधा । १६०० वहलीया पातिसाही लीधा। इतरी जिनस पातसाह नादरसाहरो दिवांण कमांच कुलीपां लालकोटमै आय नै ले गयो, नै पातसाह महमदसाहनै सलेमां वागमै

निजरबंध कैद दापल कीयो । निवाव पान दोरा कांम आयो । लाष ३ सीपाइ कर लोक करि इतरो कतल करि कीयो । दिली सरव लुंटाणी ।

सं० १७८४ वैसाप सुदि १५ अजमेरैरै सोवायत तुरक राणाजीरो हुरडो मारीयो । १३०० वंधि किवि । पछै राजा जेसिंघ स० १७८४ मगैरे मेरा ऊपर आयो । असाढ सुदि ९ अजमेर डेरा हुवा । तरै वंधि छुडाई ।

सं० १५९८ चैत वदि ५ राव मालदे राव जैतसिंघनै मार नै वीकानेर लीधी । जैतो कूंपो गया था । फते किधी ।

सं० १७९७ वैसाप वदि ११ महाराज श्री अभैसिंघजी वीकानेर लीनी । कोट तो हाथ नायो मोरचा लगाया था । जिसै वपतसिंघजी राजा जेसिंघ आवेरा धणीनै साथे ले नै जोधपुर आया तरै श्री अभैसिंघजी वीकानेर छोडनै उरा आया ।

सं० १७९१ सावण वदि ९ नवमी रांणो जगतसिंघ, राजा अभैसिंघ, माहाराव हाडो कोटारो धणी, राजा जेसिंध लाल डेरा करि नै च्यारु राजा हुरडा कनै तिसनारीयै गाव एकठा मिलीया । लाल डेरा माहाराज मेडतै कराया था तिका उठै डेरा रांणाजीरी निजर कीधा ।

*

तुअर अनंगपाल दिली वसाइ । व्यास जगजोति महुरत दीघो । तिको २१ पीढी लग तो तुअरा राज कीयो । तठा पछै स० ११२९ चैत सुदि १२ तुवरा नै चहुवाणा लडाइ हुइ । तुवर भागा । दिली प्रथीराज चहुवाण लीधी । वरस ४० दिन १ राज कीयो ।

तठा पछै स० ११७४ चहुवाणा नै पठाणा लडाइ कीनी । चहुवाण भागा । दिली पठाणा लीधी ।

पछै सं० १५३६ माहा सुदि ७ मुगलां नै पठाणा लडाइ हुइ । पठाण भागा । दिली मुगला लीधी । तठा पछै दिलीमै मुगलारी पातसाही छै ।

स० १७०० सइकै राव अमरसिंघजी दिलीमै काम आया ।

*

वैराटी राजा राठोड हुवो । तिण कराया वैराटगढ छै । अनै तो तलहटी वधनोर सहर छै ।

सं० १६८६ काती वदि १ राणा राजसिंघरो जनम, जिण राजसागर तलाव वंधायो ।

सं० १६१४ चैत वदि ९ निबाव कासम पांन जैतारण मारी, राठोड रतनसिंघ पीवावत कांम आयो। कोट मांहे छत्री छै। कोट तो उदा सूजावत करायो छै।

'सं० १६५१ अकबर पातिसाह राजा सूरसिंघजीनैं माहाराज पदवी दीधी।

सं० १६९५ राजा गजसिंघजी आगरै काल कीयो। वडो प्रतापीक राजा थो।

सं० १६५२ सांवण वदि १ मोटै राजा काल कीयो लाहोर मांहि॥

*

२. खवास जातीय स्त्रियोंसे उत्पन्न कितनेएक सरदारोंकी नामावली।

.केइक ठाकुर युं कहै छै फलाण सिंघजी पवासरा बेटा छै—युं कहिनै धूंपणो काढै। सो इतरा पवास पासवानांरा बेटा ठाकुर हुवा, नै मोटी ठौड परणीया।

(१) वांसवालै राव मांनसिंघजी, प्रतापसिंघजीरो विणयांणीरा पेटरो भलो रजपूत हुवो। पछै एक भोमियै महीडो पकडियो तिणनै मारियो। पछै उण भोमियैनै राठोड सूरजमलनै जैतमाल चांपावत मारीयो॥ १॥

(२) राव जगमालजी सिरोहीरो देवडो ठाकुर, तिणरै घरे पवासि १ हुंती, तिणरो बेटो राव कलो सीरोहीरो धणी हुवो। सो राव कलारी बहिन मोटो राजा परणीयो नै कलारी बेटी राजा सूरसिंघजीनै परणाई॥ २॥

(३) राव सूरजन बूंदिरो धणी वांसवालै परणीयो थो। सो रावलजीरी बेटी नै आहेडा हिंगोलदासरी बेटी, तिणसुं आपसरै सुप थो। सो वा बालपणा मांहि रांड हुइ। सो राजलोक माहे ज रहती। सो रावजीरी बेटी नै हिंगोलदासरी बेटीरै मांहोमाहि जीव जुवा घणी।सो रावलजीरी बेटी तो राव सूरजनसिंघ बुंदीरै धणीनै परणाई। उणनै चलावण लागा तरै रावजीरी बेटी कहाडियो—हिंगोलदासजीरी बेटीनै मो साथे मेलसो तो हुं सासरै चालसुं। तरै रावलजी कहाडियो—पारकी बेटी साथे क्युं कर मेलि जाय। तरै रावलजीरी बेटी घणो हठ माडियो। तरै घणै हठसुं साथे मेली। तिको काइ दैवगती इसडी हुइ, सो रावलजीरी बेटी राव सूरजनरै सम्बंध नही, उण रांडोलीसुं मन लागो। तिणरा पेटरो राव भोज हुवो, नै पूराबाई हुइ तिका उग्रसेन चंद्रसेणोतनै परणाइ; करमसेणजीरी मा॥ ३॥

(४) वरसिंव दुदावत मेर्डतीयो तिणरे घरे पवास हुंती। तिणरा पेटरो मोहणसिंव कुमर हुवो। तिको भलां भलां रजपूतां रै परणीया, नै भेला बैसनै जीमीया ॥४॥

(५) गोपाळदास पीची मउदांनरो धणी, रांणां उदैसिवजी रै चीतोड परणीयो। तैरे बाईनै आणणैरै वास्ते राणा मांडणरा बेटानै मेलीयो। तिको मउदांन आयो। आगै राउल गोपाळ मीची ठाकुरैरे पवासरी बेटी १ नांनीसी थी नै मांडणजी पिण भोलासा था। सो राउल गोपाल मांडणनै माडा पकडि छेहडा बांधनै पवासरी बेटी परणाइ। पछै मांडण तो उठै ही ज रह्यो, तिको मांडणरा केडायत सीसोदीया पीचीवाडामै छै ॥ ५ ॥

॥ इति विगत संपूर्णम् ॥

*

३. राठोडोंसे पहले मारवाडके प्रादेशिक भूमिपति।

आगै मारवाडमै धरतीरो वंटो क्यांइक दिने हुवो थो। मंडोवर पडिहारांनुं १; सोझत हुलरानुं २; जैतारण भाद्राजण सींधलानुं ३; रींयां, पीपाड, सोजनथली सांपलानुं ४; महेवो पेड गोहिलानुं ५; पीवसर मांगलीयानुं ६। — आगै मारवाडमै इतरा वंट था ॥

*

४. नवकोट मारवाडका भौगोलिक परिचय।

अथ नवकोटांरी विगत लिप्यते —

१. **मंडोवर** कोट पवार सांवंतरो वैसणो छै। पछै पडिहारां लिनी। तठा पछै तुरकां लीधी। भापर उपर गढ छै। मांडव रपेसर इण पहाड तपस्या करतो। तिणरै नांवसुं पहाडरो नांव मंडोवर कहीजै छै। नै तुरकां कनासुं रायधवळ इंदै लीवी, पछै आपरी वेटी राव चुंडानै परणाइ, नै मंडोवर हथले-वामै राठोडानै दीनी। १।

२. दूजो कोट **अजमेर** पवार सिंघसूररो वैसणो छै। वडो तारागढ भापर उपर छै। आंनासागर विसलीयो तळाव छै। तळहटी सहर छै। ष्याजे पीरकी दरगा छै। पापती मेरवाडारा गाव छै। २।

३. तीजो कोट **पुंगल** पमार गजमलरो वैसणो छै। सिंधरी धरतीसुं अडतो छै। पठोचांसुं कंठै, वीकानेरसुं परै कोस २० रन मांहि छै। विचमां

पाणी नही। उची भाखरी उपरै छे। क्युहीक कोट आपती पापती पडीयो छे। अबार तो वसती कोट माहे घर २०० री छे। परै मरोट कोस २५ परा छे। बलोचारै कटक जोर लागै छे। तिण करनै धरती पराव छै। भाटी केलणोतरा जगदे राज करै छे। लागै तो पुंगल जेसलमेरनै छै, नै बीकानेरथी नजीक छे। ने पैडो मुलतानरो वह छै। तिणरी विसूद लागै छै। तिणरा रुपीया हजार १४ त १५ बैसै छे। गाव तलाव कोइ नही। कूवो १ कोटमाहे छै, कूवा ४ गाव वारै छे। पाणी खारो छे। पापती थल मोटा जोरावर छे। पीवणा सरप बीजा ही घणा छै। ३।

४. चोथो कोट **लोद्रवो** जेसलमेर कनै छै। सूनो छै। पवार भाणरो वैसणो छै। जेसलमेर तठा पछे वसीयो छै। जेसलमेरसुं कोस ५ उपरै छै। पछै भाटी देवराय देरावररै उठीयै भाण पवारनै मारने लोद्रवो लीयो। कितरायक पाट ताइ भाटीरो राजथान रह्यो। पछै भाटी जेसल आपरै नामै जेसलमेर वसायो। ४।

५. पाचमो कोट **आबूजी** अयल पवार वैसणो, अचलगढ छे। गढमाहे अचलेस्वर माहादेव छे। फेर जैनरा देवल छै। गढमाहे छै। तिण देवरा माहे चौदसें चमालीस मणकी सर्वधातरी सचै भर्योडी प्रतिमा छै। पवारानै मारि नै देवडा लीधो। सीरोही परै कोस १२ छै। गाव ५४० लागे छै। ५।

६. छठो कोट **पारकर** हस पवाररो वेसणो छै। पारकर भापररे पुडै छै। कछ देसरै अडतो छै। १४४४ गांव लागे छे। धरती घणी छै। सोढा राज करै छै। राधनपुररा हाकमनु मिलै छे। सूराचदरै परै कोस ४० उपरा छै। सो राज तो सोढा करै छै। वरसाली निपट घणी निपजै छै। वले चावल घणा नीपजे छै। उनाली माफक उवै छै। ६।

७. सातमो कोट **धरधाट** तिको **उमरकोट** कहिजै छै। पमार जोगराजरो वैसणो छै। तठै सोढा पिण राज करै छे। पठानै पेसकसी देवै छै। वडो देस छै। घणा गाम लागै छै। १४४४ गाम छै ने पाछ्ठ देस घणो, धाटी घोडा अमामा देसमै नीपजै छै। ७।

८. आठमो कोट **जालोर** पमार भोजराजरो वैसणो छै। भापर उपरा वडो गढ छै। महि झालर याव अपूट पाणी छै। घास बलीतानै घणी ठोड छै।

पापती कलस जलंधरीनाथरा वे बडा भाषर छे। सहर हेठै वसै छै। सहर दोलो कोट छै। तलाव वावडी वडी जायगां छै। गांव ३६० लागै छै। डोडीयाल, सीवांणो, रामसेण, लोहीयांणो, वडगांव, गुंदाउं, राडधडो इतरा तो परगना लागै छै। धरती माहे रजपूत मैणा भील रहै छै। वडी बांकी जायगा छै। घणी उनाली परगनै नीपजै छै। जोधपुररा धणीरो राज छै। ८।

९. नवमोकोट किराडु छै। धरणीवाराह पमाररो वैसणो छै। गांव ७०० लागै छै। भाषर मांहे वडी जायगा छै। चोगडदा पहाड छै। एक पोल, तिण माहे होयनै आवणो छै। वीजो लगाव कठै ही नही। वडी अजीत जायगां छै। भापर कोस २ पैर फेरमै छै। दरवाररी जायगां पहाड उपर छै। पोलीयां सामो। उभै मारग कोस ४ ताइ वडी ओरण झाडी छै। आवै जावै तिके दोहरा आवै। वावडी १ सहररा मुंडा आगै छै। अचाल पांणी मीठो छै। तलाव १ पोलि नै सहर विचै छै। निपट सपरो बंधागल छै। वरसालूरो देस छै। उनालू नही। ९।

आ इतरी नवकोटी मारवाड छै। २७ सत्तावीस हजार गांव मारवाडरा छै।

*

५. राजपूतोंकी भिन्न भिन्न शाखाओंकी नामावलि।

(१) अथ चहुवाणांरी २४ साषा–

चहुवाण १, सोनिगरा २, देवडा ३, रापसिया ४, पीची ५, गिल ६, ईडरिया ७, वगसरिया ८, हाडा ९, चीबा १०, गोहिल ११, सहलोत १२, बेहल १३, वोडा १४, वालोत १५, गेलवास १६, नरहैवाणा १७, वेस १८, निरवाणा १९, सरपटा २०, टांमडिया २१, हुरडा २२, मालणुं २३, वंकट २४–इति चोवीस साष ॥

(२) गहैलोतांरी २४ साप–

गहैलोत १, सीसोदीया २, आहडा ३, पीपाडा ४, हुल ५, मांगलीया ६, आसाय ७, कुपाजल ८, मगरोप ९, गोधा १०, डाहलीया ११, मोटसीरा १२, गोदार १३, भीवल १४, मेरा १५, टीवण १६, मोहिल १७, तिवडकिया १८, धरणीया १९, वेसवा २०, चंद्रावत २१, वाला २२, धुरहीया २३, गोतमा २४–इति चोवीस साषा ॥

(३) पमारांरी साप ३५–

पमार १, सोढा २, सांपला ३, मीता ४, भायल ५, पेस ६, पाणसवल ७, वहीया ८, वाला ९, वाहड १०, मोढसी ११, हुवडा १२, सिलार १३, जैपाल १४, कागावा १५, उमट १६, धांधू १७, कावा १८ धुरिया १९, भायी २०, कछोटीया २१, काला २२, कालमुहा २३, परा २४, घूटा २५, ढल २६, हरकल २७, जागा २८, ठाहा २९ गूगा ३०, गैलडा ३१, कलालीया ३२, कांकण ३३, पीयलीया ३४, डोड ३५–इति पैतीस ॥

(४) सोलंख्यांरी १० साप–

सोलंपी १, वागेला २, रेहवरा ३, पिल्त ४, पिराड ५, वीरपुरा ६, पायपुरा ७, भूट ८, वेहला ९, पालत १०–इति दस साप ॥

(५) पडिहारांरी छ साप–

पडिहार १, इंदा २, धांधीया ३, पुसरा ४, दाहिमा ५,.... ॥

*

(६) अथ राठोडांरै वापदादै ठौरे निकली पांप तिणरी विगत–चुंडावत १, रिडमलोत २, जोधावत ३, भोपतोत ४, मोहणदासोत ५, नरहरदासोत ६, रायसलोत ७, जैतसीयोत ८, रतनसियोत उदावत छै ९, रतनोत १०, रांमोत ११, मालदेवोत १२, रायमलोत १३, रावरांमरा १४, जसमांणोत १५, महेसदासोत १६, तिलोकसियोत १७, वीकमसीयोत १८, भोजरातोत १९, गांगावत २०, तेजसीयोत उदावत मालदे २१, जैतसीयोत २२, नेतसीयोत २३, पेतसीयोत २४, पीवकरणोत २५, राजसिंघोत उदावत २६, प्रतापसिंघोत उदावत २७, जगरांमोत उदावत २८, चापावत २९, कुंपावत ३०, जैतावत ३१, मेडतीया ३२, चांदावत ३३ ॥

*

सोमावत राठोड १, सोमत सलपावत २, षासकरणोत ३, भदावत ४, भोजराजोत ५, नथावत ६, कचरावत ७, रामपचाणोत ८, पांनोत ९, अपैराजोत १०, षडवलोत ११, रूपावत १२, लाषावत १३, पूंनावत १४, वालावत १५, पैतसीयोत १६, सीघजीरा १७, मानसिंघोत १८, देनराजोत वीरमोत सलपावत १९, गोगादेवोत सलपावत २०, मांडलोत २१, मांडणोत २२, उरजनोत २३, भारमलोत २४, धांधल २५ ॥

*

कल्यांणसिंघ — अमरसिंघोत, नींवाज १.
केसरीसिंघ वषतसिंघोत, रास २.
उदैरांम जगरांमोत, नींबोल ३.
देवीसिंघ माहासिंघोत, पोकरण चांपावत ४.
येमसिंघ राजसिंघोत चांपावत, पाली ५.
कुसलसिंघ हरनायोत, चांदावत ६.
भगोतसिंघ सगतसिंघोत चांदावत, रोहीठ ७.
सुरताणसिंघ अनोपसिंघ चांदावत ८.
मोहकमसिंघ पदमसिंघोत चांदावत, धांमली ९.
कनीरांम रांमसिंघोत कुंपावत, आसोप १०.
प्रथीसिंघ फतेसिंघोत कुंपावत, रांणावास ११.
कुसलसिंघ सिरदारसिंघोत कुंपावत, मांढा १२.
माटी उदैभाण वालरवारो धणी १३.
किसनसिंघ हठीसिंघोत, पेजडलावालो १४.
हिंमतसिंघ अचलसिंघोत जैतावत, वगडीरो धणी १५.

*

अथ जोधपुररा धणीरै जीमणी डावी मिसलतरी विगत पांपारी नांव छै —

मिसलत जीमणीरा उमराव —

चांपावत १, कुंपावत २, जैतावत ३, भदावत ४, कलावत ५, राणावत ६, कणोत ७, वाला ८, धवेचा ९, महेचा १०, पाता ११, मांडल १२, उहड १३, भाटी १४, मांगलीया १५, पूरबीया १६, प्रोहित १७ ॥

मिसलत डावीरी विगत —

मेडतीया १, माधवदासोत २, विसनदासोत ३, चांदावत ४, रायमलोत ५, ईसरोत ६, सुरताणोत ७, केसोदासोत ८, गोयंदासोत ९, जगमालोत १०, रायसिंघोत ११, जोधा १२, उदावत १३, करमसोत १४, सुजावत १५, जैतमालोत १६, सत्तावत १७, सोढा १८, कछपाहा १९, इंदा २०, मुंहता २१, सिपाइ २२, आरवी २३, देस दीवाण २४ ॥

ऐ डावी मिसल वैठै, अथवा उभा रहै ॥

अथ जोधपुररा धणीरी पीढीयां सींहाजीसुं लिख्यते —

रावसिंहाजी पुत्र आसथांन १.
आसथांन पुत्र धूहड २.
धूहडपुत्र रायपाल ३.
रायपाल पुत्र कन्हैराय ४.
कनैराय पुत्र जालणसी ५.
जालणसी पुत्र छाडा ६.

छाडा पुत्र तीडा ७.
तीडा पुत्र सलषा ८.
सलषा पुत्र वीरमदे ९.
वीरमदे पुत्र चुडा १०.
चुडा पुत्र रिडमल ११.
रिडमल पुत्र जोधा १२.
योधा पुत्र सूजा १३.
सूजापुत्र वागा पुत्र गागा १४.
गागा पुत्र राव मालदे १५.
मालदे पुत्र उदैसिंघ, जीनै 'राजा' पदवी पातसाह दीवी १६
उदेसिंघ पुत्र सूरसिंघ, माहाराज पदवी दीधी पतसाह १७.
सूरसिंघ पुत्र गजसिंघ १८.
गजसिंघपुत्र जसवतसिंघ १९.
जसवतसिंघ पुत्र अजीतसिंघ २०.
अजीतसिंघ पुत्र अभैसिंघ वषतसिंघ२१.
अभैसिंघ पुत्र रामसिंघ २२.
वषतसिंघ पुत्र विजैसिंघ २३.
विजैसिंघ पुत्र फतेसिंघ, जीरै पोलें भीमसिंघ २४.
भीमसिंघ पुत्र धूकलसिंघ राठोडा पडो कियो २५.
विजैसिंघ पुत्र गुमानसिंघ पुत्र मानसिंघ कायम, पुत्र छत्रसिंघ, काल कीयो २६ ॥

*

८. उदयपुर – मेवाडके राजवंशकी सूची ।

अथ दिवाण चीतोडरा धणीरी एकलिंग अवतार दीवाणरी वसावली लिप्यते – सवत ५५० वर्षे नागद्रहा चूडामणी देवी गोरा भैरव पुज्या । ब्रह्मारो पुत्र विजयपान रिष तठाथी विजयपाण गोत्र कहाणो छै ।

श्रीब्रह्माजी १, विजयपान २, देवसर्मा ३, अगनसर्मा ४, विजयसर्मा ५, षेमसर्मा ६, रिषसर्मा ७, जगसर्मा ८, नेरसर्मा ९, गजसर्मा १०, वायसर्मा ११, दतसर्मा १२, जयसर्मा १३, वास्तुसर्मा १४, केससर्मा १५, जांमसर्मा १६, चीरसर्मा १७, विजयसर्मा १८, लेपसर्मा १९, राजसर्मा २०, विराजसर्मा २१, हर्षसर्मा २२, पीवसर्मा २३, वेदसर्मा २४, रिदयसर्मा २५, कलससर्मा २६, जससर्मा २७, लिलाटसर्मा २८, वादसर्मा २९, नरसर्मा ३०, हरिसर्मा ३१, धरमसर्मा ३२, सुक्रतिसर्मा ३३, सुभाग्यसर्मा ३४, सुवुधिसर्मा ३५, विखसर्मा ३६, हरिदेवसर्मा ३७, कामपतिसर्मा ३८, नेरनायसर्मा ३९, पीतसर्मा ४०, हेमवर्णसर्मा ४१, जगकारसर्मा ४२, राजसर्मा ४३, गालवदेवसर्मा ४४, गालवसर्मा ४५, गालसूरसर्मा ४६, पालदेवसर्मा ४७, हजनसर्मा ४८, हरजनकारसर्मा ४९, हरमादिसर्मा ५०, गोविंदसर्मा ५१, गोवर्द्धनसर्मा ५२, गोद-

सीससर्मा ५३, वाकिसर्मा ५४, विराटसर्मा ५५, वेगसर्मा ५६, नित्यानंदसर्मा ५७, वनसर्मा ५८, ऐ आठावन पीढी तो सर्मा हुवा ।

अठा आगै दित्य हुवा छै—

गोदसीदित्य १, अजादित्य २, गुहादित्य ३, माधवादित्य ४, जलादित्य ५, विजलादित्य ६, कमलादित्य ७, गोतमादित्य ८, भोगादित्य ९, जालिमादित्य १०, पदमादित्य ११, देवादित्य १२, कृष्णमादित्य १३, जमादित्य १४, हेमादित्य १५, कलादित्य १६, मेघादित्य १७, वैणादित्य १८, रामादित्य १९ कामादित्य २०, हर्षमादित्य २१, देवराजदित्य २२, विकादित्य २३, जनकादित्य २४, नेमकादित्य २५, रांमादित्य २६, केसवादित्य २७, कर्णादित्य २८, यमादित्य २९, महेंद्रादित्य ३०, गजपादित्य ३१, गोविंददित्य ३२, गगारधरदित्य ३३, गगादित्य ३४, गोवर्धनदित्य ३५, मेरादित्य ३६, मेवादित्य ३७, माधवादित्य ३८, मदनादित्य ३९, घणादित्य ४०, राणादित्य ४१, वैणादित्य ४२, विक्रमादित्य ४३, नरायणदित्य ४४, पेमादित्य ४५, पेपकादित्य ४६, विजयादित्य ४७, केसवादित्य ४८, नागादित्य ४९, भागादित्य ५०, ग्रहादित्य ५१, देवादित्य ५२, अनादित्य ५३, भोगादित्य ५४ । अंत्राव पुज्य माता । इतरी पीढी दित्य बामण हुवा ॥

नागदहा बामणनै नागद्रा गाव । सो किण वास्ते नागदहा कहाणा । राजा परीक्षतनै सर्प पाधो, तिणरो बेटो राजा जनमेजै बापरा वैर उपरि नागा उपर कोप कीयो । तरे नागदहण होमरो विचार कियो । तरे बामणांनै पूछीयो । तरा बीजा बामण तो इण वातमै आवे नही । तरै इणा नागदहा कह्यो जे होमस्या, तरै इणा ही ज होमीया । सो ए बामण नागदहा कहाणा । जिण गावमै होमरो कुंड कियो थो तिण गावरो नाव नागदह कहाणो । श्री एकलिंगजी कनै राठसेन देवी छे, तठै हारीत रिष बारा बरसरी उठै तपस्या करी । तठै बापे रावल नानै थकै हारीत रिपरी सेवा कीनी । हारीत रिषनें तपस्या करता बारे वरस पूरा हुवा । तरै क्युहीक बापा रावलनै हारीत रिष देणरो विचार कियो । तरै राठादेवी उपरै हारीत रिष कोपायमान हुवो—मोनै इतरा वरस तपस्या करता हुवा राड तै माहरी कद षबर लीधी नही । तरै राठादेवी प्रसन्न होय नै कह्यो—रिषेश्वरजी आप मोनै काइ फरमावो छो? । तरै हारीत कह्यो जे बापो रावळ माहरो सेवग छे, थें क्युंहीक इणनै दिरावो । तरै देवी कह्यो—आप

सीवजीनै प्रसन्न करो। तैरे हारीत माहादेवजीरी अस्तुति करी। तैरे मापर माहे माहादेवजीरो लिंग प्रगट हुवो। तैरे हारीत वापा रावलरी वीनती कीनी। तैरे महादेवजी मेवाडरो राज बापा रावलनै दियो। हारीत रिष राज दियो सो श्रीदिवाणनै आसीर्वाद दीजै छै तैरे सूं कहै छै–'हर हारीत प्रसन्नात्' इसो कहीजै। सो हिवै नागद्रह क्षत्री कहीजे छै। मोगादित्यरो भोज हुवो। भोजरै बापो रावल हुवो। तिणनै हारीत रिषि तुष्टमान हुवा। सो एकलिंगजीरो दियो राज करै छै।

भोज रावल १, बापो रावल २, ध्रुमाण रावल ३, गोवंद रावल ४, सिहैंद रावल ५, आलुस रावल ६, सीहड रावल ७, सकतकुमार रावल ८, सालिवाहन रावल ९, नरवाहन रावल १०, अरिपास रावल ११, विवगस रावल १२, नरविंब रावल १३, नरहर रावल १४, उदित रावल १५, करणादि रावल १६, भादु रावल १७, गात्री रावल १८, हंस रावल १९, जोग रावल २०, वडसी रावल २१, वीरसी रावल २२, समरसी रावल २३, रतनसी रावल २४,–तिणरी राणी पदमणी हुवी। सिंघल द्वीपसुं ल्यायो। तिण उपरां संवत् १३५५ तेरै नै पंचावैनै अलावदीन आयो तैरे गोरो वादल उमराव काम आया। भीरमाण रावल २५, सरपंजर रावल २६, नवषंड रावल २७, कुमेर रावल २८, जैतसी रावल २९, करण रावल ३०, ऐ तीस पीढी ताउ रावल हुवा।

करण रावलरै राहप राणो हुवो १, देहु राणो २, नरु राणो ३, हरसूर राणो ४, जसकर्ण राणो ५, नागपाल राणो ६, पुण्यपाल राणो ७, पीथड राणो ८, भूणसी राणो ९, भीमसी राणो १०, अजसी राणो ११, भडलपमण राणो १२, अमरसी राणो १३, हमीर राणो १४, षेतो राणो १५, लाषो राणो १६, मोकल राणो १७, कुंभो राणो १८, रायमल राणो १९, सागो राणो २०, उदैसिंघ राणो २१, प्रतापसिंघ राणो २२, अमरसिंघ राणो २३, करण राणो २४, जगतसिंघ राणो २५, राजसिंघ राणो २६, जेसिंघ राणो २७, अमरसिंघ राणो २८, संग्रामसिंघ राणो २९, जगतसिंघ राणो ३०, प्रतापसिंघ राणो ३१, अडसी राणो ३२, भीमसिंघ राणोजी ३३, जवांनसिंघ राणोजी ३४॥

*

'नाणपंचमी' अने 'भविस्सयत्त' कहा

[ज्ञानपूजामाहात्म्यविषयक बे जैन कथा ग्रन्थो]

*

लेखक — श्रीयुत अमृतलाल सवचंद गोपाणी एम्. ए.

પ્રસ્તુત લેખમાં મહેશ્વરસૂરિ રચિત નાણપંચમી કહા અને ધનપાલ રચિત ભવિસ્સયત્ત કહા—એ બે જ્ઞાનનું માહાત્મ્ય વર્ણવનારી જૈન કથાઓનો—જેમાંની પહેલી પ્રાકૃત ભાષામાં અને બીજી અપભ્રંશ ભાષામાં રચાએલી છે—તુલનાત્મક પરિચય આપવાનો મારો ઉદ્દેશ છે. એમાંની પહેલી કથા (જેને "પચમી માહાત્મ્ય કથા" ના નામથી પણ ઓળખાવવામાં આવે છે) શ્વેતાંબર સંપ્રદાયના સજ્જન ઉપાધ્યાયના શિષ્ય મહેશ્વરસૂરિની રચના છે. એ કથા પ્રાકૃત ગાથાબદ્ધ કોઈ બે હજાર શ્લોકમાં લખેલી છે[1] જેની તાડપત્રીય પ્રતિ વિ૦ સં૦ ૧૧૦૯માં લખાયેલી જેસલમીર ભાંડારમાં છે.[2] એ કથાને દસ આખ્યાનમાં તેમણે વિભક્ત કરેલી છે જેમાંનું પ્રથમ જયસેન નામે આખ્યાન અને અંતિમ ભવિષ્યદત્ત આખ્યાન દરેક પાંચસો પાંચસો ગાથામાં લખાયેલા છે. બાકીનાં આઠ આખ્યાનો સવાસો સવાસો ગાથામાં પૂરાં કરી દેવામાં આવ્યાં છે. આ સમગ્ર કથાનું મુખ્ય ધ્યેય જ્ઞાનપંચમી વ્રતનું માહાત્મ્ય સમજાવવાનું છે. એ વ્રત કોણ અને ક્યારે ગ્રહણ કરી શકે—તેમ જ એને ગ્રહણ કરવાનો શો વિધિ છે તથા તેના ઉજમણાની રીત અને તેનું શું ફળ છે એ વગેરે તમામ હકીકત મહેશ્વરસૂરિએ પ્રવાહબદ્ધ અને હૃદયંગમ પદ્યમાં સમજાવી છે. જ્ઞાનપંચમીવ્રતનું માહાત્મ્ય આમ તો સૌ કોઈ સમજે છે પરંતુ સૌભાગ્ય, સુકુલજન્મ, વ્યાધિવિમોક્ષ અને છેવટે મોક્ષ જેવાં ફળ જ્ઞાનપચમી વ્રતને યથાવિધિ કરવાથી પ્રાપ્ત થાય છે એ વાત જુદાજુદા પાત્રો દ્વારા સચોટ અને ભાવવાહી શૈલિથી સમજાવનાર એવો આજ પર્યંત ઉપલબ્ધ કોઈ પ્રાચીન ગ્રન્થરત્ન હોય તો તે આજ છે એમ મારું માનવું છે. જ્ઞાનપંચમી વ્રતના સર્વસાધારણ અત્યુત્તમ ફળને વર્ણવતી ભવિષ્યદત્ત કથા, સૌભાગ્યપંચમી કથા, પચમી કથા વગેરે ઘણી ઘણી કથાઓ, સંસ્કૃતમાં, અપભ્રંશમાં, અને જૂની ગુજરાતીમાં રચાયેલી મળી આવે છે, પરંતુ એ બધાથી બધી બાબતોમાં ચડીઆતી અને એ બધાથી પ્રાચીન આ કથા છે એ વાત નિ:સંશય છે.

ધર્કટવંશીય વણિક્ ધનપાળ કવિએ ભવિષ્યદત્ત કથા નામની એક કથા બાવીસ સંધિમાં અપભ્રંશ ભાષામાં શ્રુતપંચમી (જ્ઞાનપંચમી) વ્રતના પ્રભાવને વર્ણવવાના હેતુથી

---

१ मिलियाण च दसाणवि एत्थ कहाणाण होइ विन्नेय ।
गाहाण माणेण दोण्हिसहस्साइ गयग्ग ॥ १०-५०० ॥

(મહેશ્વરસૂરિ રચિત 'જ્ઞાનપંચમી કથા')

૨ પં લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી કૃત, "જેસલમીર ભાંડાગારીય ગ્રન્થાનાં સૂચી", ગાયકવાડ'ઝ ઓરીએન્ટલ સીરીઝ નં ૨૧, વડોદરા, ૧૯૨૩, પૃષ્ઠ ૪૪

લખી છે.[3] તેના પિતાનું નામ "માએસર" અને માતાનું નામ "ધણુસિરિ" હતું. ધનપાળ કવિ દિગંબર દેખાય છે. કથાનુ અપરનામ "સુયપંચમી કહા"[4] ("સિયપચમી કહા" પદ પણ મળી આવે છે, છતાં "સુયપચમી કહા" એ વધારે ઠીક છે) એ શ્વેતાબર આમ્નાય પ્રચલિત જ્ઞાનપંચમી શબ્દ માટેનો દિગંબર આમ્નાય યોજિત પારિભાષિક શબ્દ છે. તે તથા "मज्जिवि जेण दियवरि लाइउ"[5] પદ પ્રયોગ, દિગંબર સંપ્રદાય સ્વાયત્તીકૃત ક્ષુલ્લક શબ્દનો ઉપયોગ,[6] અને અચ્યુત સ્વર્ગનો સોળમા સ્વર્ગ તરીકેનો નિર્દેશ[7]–આ બધી બાબતો ધનપાળ કવિ દિગંબરમતાનુયાયી હતો એ માન્યતા તરફ આપણને લઈ જાય છે. ધર્કટ વશ દિગબરોનો હતો એમ ડૉ. યાકોબી આબુપર્વત ઉપર આવેલા દેલવાડા મદિરસ્થ, ઈ૦ સ૦ ૧૨૩૦ના તેજપાલના શિલાલેખ સંબંધી દલીલો આપી સાબીત કરે છે,[8] જ્યારે ધર્કટ વંશમાંથી ઉપકેશ–ઊકેશ–ઓસવાલોની શાખા નીકળી હતી એ વાત આપણને એ વંશ શ્વેતાંબરોનો હતો એ અભિપ્રાય તરફ ઘસડી જાય છે.[9] કદાચ એમ પણ હોય કે એ વંશ ધનપાળના સમયે દિગબરોનો હોય અને પાછળથી ગમે તે કોઈ કારણે શ્વેતાબરોનો થયો હોય. ગમે તેમ હોય પણ આભ્યતરિક પ્રમાણદ્વારા એ વાત નિર્વિવાદ છે કે ધનપાળ દિગંબરમતાવલબી હતો આ ધનપાળ પાઇઅલચ્છીનામમાલાકાર ધનપાલ કરતાં જૂદો છે એ વાત તો પાઇઅલચ્છીનામમાલાકારનો પિતા સર્વદેવ હતો એ કારણે સુસ્પષ્ટ છે.

"સમરાદિત્યકથા" અને "ભવિષ્યદત્તકથા" વચ્ચે નિદાનસામ્ય છે (જુઓ, વીસમી સંધિ) એ દલીલનો આશ્રય લઈ ધનપાળ હરિભદ્રસૂરિનો તરતનો અનુગામી હોય એમ ડૉ યાકોબી સિદ્ધ કરે છે.[10] હરિભદ્રસૂરિ ઈ૦ સ૦ની નવમી શતાબ્દિના ઉત્તરાર્ધમા (મુનિ જિનવિજયજીના મતે ઈ૦ સ૦ ૭૦૫થી ઇ૦ સ૦ ૭૭૫)[11] વહેલા થયા હોવા જોઇએ એમ ડૉ. યાકોબી માને છે. એ હિસાબે ધનપાળ કવિ વહેલામાં વહેલો ઈ૦ સ૦ની દશમી શતાબ્દિમાં થયો હોવો જોઇએ એમ ડૉ યાકોબી ધારે છે.

---

૩ આ કથા યાકોબીએ જર્મનીમા ઈ સ ૧૯૧૮ મા સપાદિત કરી બહાર પાડી અને ત્યારબાદ ગા ઓ સી મા ન ૨૦, સ્વ દલાલે અને પ્રો ગુણેએ પ્રસ્તાવના, ટીપ્પણી અને શબ્દકોષ સહિત ઈ સ. ૧૯૨૩ મા બહાર પાડી

૪ જુઓ ગા. ઓ સી પ્રકાશિત ભવિષ્યદત્ત કથાની પ્રસ્તાવનાનું પૃ ૧

૫ જુઓ, ઉપર્યુક્ત પુસ્તકની પાંચમી સંધિ, વીસમું કડવક, ત્રીજી પંક્તિ

૬ જુઓ, ઉપર્યુક્ત પુસ્તક, ૧૭, ૭, તથા ૧૮, ૧

૭ જુઓ, ઉપર્યુક્ત પુસ્તક, ૨૦, ૯

૮ જુઓ, યાકોબી સપાદિત 'ભવિષ્યદત્ત કથા' પ્રસ્તાવના પૃ ૬ આ જર્મન ભાગનું અંગ્રેજી ભાષાતર કરી સારારા સમજાવવા બદલ ભારતીય વિદ્યા ભવનના મારા સહકાર્યકર શ્રી હરિવલ્લભ ચુનીલાલ ભાયાણી, એમ એ નો આભારી છુ

૯ જુઓ પં લાલચદ્ર ભગવાનદાસ ગાધી કૃત, "પત્તનસ્થ પ્રાચ્ય જૈન ભાંડાગારીય ગ્રન્થસૂચી, પ્રથમ ભાગ", ગા. ઓ સી ન ૭૬, વડોદરા, ૧૯૩૭, પૃ ૪૨૭ તથા ૨૩૯

૧૦ યાકોબી સપાદિત "ભવિષ્યદત્ત કથા'ની પ્રસ્તાવના પૃષ્ઠ ૬

૧૧ જુઓ મુનિ જિનવિજયજી સપાદિત "જૈન સાહિત્ય સશોધક"–પુ ૧ અં. ૧. માં "હરિભદ્રસૂરિકા સમય નિર્ણય" શીર્ષક લેખ

દલાલ–ગુણે સંપાદિત 'ભવિસ્સયત્તકહા'ની પ્રસ્તાવનામાં ડૉ. ગુણે કહે છે કે ધનપાલ પ્રયુક્ત અપભ્રંશ હેમચંદ્ર ઉદાહૃત અપભ્રંશ કરતાં, રૂપવૈવિધ્ય અને નિયમશૈથિલ્યને કારણે પ્રાચીન દેખાય છે. જે સમયે અપભ્રંશ ભાષા બોલાતી બંધ નહિ થઈ હોય તે વખતે ધનપાળે 'ભવિષ્યદત્ત કથા' લખી હોવી જોઇએ. ધનપાળના સમયમાં બોલાતી અપભ્રંશ ભાષાને હેમચંદ્ર ઉદાહૃત અપભ્રંશનું સ્વરૂપ પામતાં ઓછામાં ઓછી બે સદી લાગી હશે એમ કલ્પી ડૉ. ગુણે ધનપાળને હેમચંદ્ર કરતાં બે સદી વહેલો એટલે કે ઈ૦ સ૦ની દશમી સદીમાં મુકે છે.[૧૨] ડૉ. યાકોબીએ ધનપાળ કવિનો વહેલામાં વહેલો સમય ઈ૦ સ૦ની દસમી સદીનો સ્થિર કર્યો છે તેમાં, અને ડૉ. ગુણેએ–જો કે બીજી દલીલદ્વારા–નિયત કરેલા ધનપાળ કવિના તેના તે જ સમયમાં, મારે લગભગ એકથી સવા સદીનો ઉમેરો કરવાનો છે અર્થાત્ સ્વતંત્ર દલીલ યોજી ધનપાળ કવિને અગીઆરમી સદીના લગભગ અન્તભાગમાં મુકવાનો આ લેખમાં મારો આશય છે.

તે સ્વતંત્ર દલીલ આ છે. મહેશ્વરસૂરિ રચિત ઉપર્યુક્ત જ્ઞાનપંચમી કથા વાંચ્યા પછી અને ખાસ કરીને તે કથાનું છેલ્લું અને દસમુ આખ્યાન કે જેનું નામ ભવિષ્યદત્ત આખ્યાન છે તે વાંચ્યા પછી તેમ જ તેને ધનપાળ કવિ રચિત ભવિસ્સયત્ત કહા સાથે બરાબર સરખાવ્યા બાદ, મારો એવો દૃઢ અભિપ્રાય થયો છે કે ધનપાલ કવિએ પોતાની કથાનું વસ્તુ મહેશ્વરસૂરિ રચિત જ્ઞાનપંચમ્યંતર્ગત દસમા અને છેલ્લા ભવિષ્યદત્ત આખ્યાનમાંથી લીધું છે. કળાની દૃષ્ટિએ ધનપાળે વર્ણનવિસ્તાર જરૂર કર્યો છે પણ વસ્તુમૌલિકતાનો યશ તો મહેશ્વરસૂરિને ફાળે જ જાય છે. ભવિષ્યદત્ત આખ્યાનનો અને ધનપળ રચિત ભવિષ્યદત્ત કથાનો સારાંશ મેં નીચે પ્રમાણે આપ્યો છે. અને ત્યાર બાદ એ બન્ને વચ્ચેના સમાન અને અસમાન તત્ત્વોને તપાસી ધનપાળ કવિને મેં મહેશ્વરસૂરિના ઉત્તરકાલીન તરીકે એટલે કે ઈ૦ સ૦ની અગીયારમી સદીના પ્રાન્ત ભાગમાં મુકેલ છે. કારણ કે મહેશ્વરસૂરિ રચિત "પંચમીમાહાત્મ્ય"ની પ્રાચીનમાં પ્રાચીન ઉપલબ્ધ તાડપત્રીય પ્રતિનો લેખન સંવત્ ઈ૦ સ૦ ૧૦૫૩ (વિ૦ સં૦ ૧૧૦૯) હોવાનું માલુમ પડ્યું છે. આ ઉપરથી મહેશ્વરસૂરિનો કાર્યકાળ દસમી સદીની છેલ્લી પચ્ચીસી અને અગીઆરમી સદીની પ્રથમ પચ્ચીસીનો ઠરે. અને એટલે એમની અને ધનપાળની વચ્ચે પચાસ વર્ષનું અંતર કલ્પીએ તો ધનપાળનો કાર્યકાળ અગીઆરમી સદીનો પ્રાન્તભાગ સિદ્ધ થાય.

*

ભવિષ્યદત્ત આખ્યાનનો સારાંશ.

દક્ષિણ ભરતખંડને વિષે કુરુ નામનો દેશ હતો, તેમાં ગજપુર નામનું એક સુંદર શહેર હતું. એ નગરમાં કૌરવવંશીય ભૂપાળ નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ધનપતિ નામનો એક વૈભવશાળી વણિક્ રહેતો હતો. તેને કમલશ્રી નામની શ્રી જેવી એક પત્ની હતી. સમય જતાં તેને ભવિષ્યદત્ત નામના એક પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. (ગાથા ૨૫).

---

૧૨ જુઓ દલાલ–ગુણે સંપાદિત "ભવિષ્યદત્ત કથા"ની પ્રસ્તાવના, પૃ. ૪.

સમાધિગુપ્ત નામના મુનિવરેન્દ્ર તરફ ગતજન્મમાં બતાવેલી દુગંછાથી ધનપતિને કમલશ્રી તરફ અભાવ ઉત્પન્ન થયો અને તેને તેના પીયેર કાઢી મૂકી. ભવિષ્યદત્ત પણ માતા પાસે ગયો. તેને જોઈ માતા કમલશ્રી બોલી કે 'પુત્ર ! તારે તારા પિતાને છોડીને અહિં આવવું જોઈતું ન હતું'. ભવિષ્યદત્તે પ્રત્યુત્તર આપ્યો કે 'માતા ! આવું વચન બોલવું તને યોગ્ય નથી' કારણ કે 'जणणी विरहे जम्हा जणओ खलु पित्तिओ होइ' (દસમું આખ્યાન ગાથા. ૩૫). એ શહેરમાં વરદત્ત નામે એક માણસ રહેતો હતો જેને મનોરમા નામની સ્ત્રીથી રૂપલાવણ્યમયી સરૂપા નામની પુત્રી હતી જેનો હાથ ધનપતિએ માંગ્યો એટલે તેને ધનપતિ સાથે પરણાવવામાં આવી. આ બીજી વારની પત્નિથી ધનપતિને બંધુદત્ત નામે પુત્ર થયો. આ બંધુદત્તને તેના મિત્રો એકદા કહે છે

"पुव्वज्जियदव्वाइं जो भुंजइ महिलिय व्व घरमज्झे ।
सो पुरिसनामधारी कह नवि लज्जेइ लोयंमि" ॥ १०१४५

એ ઉપરથી તેના તમામ મિત્રોની ઇચ્છાનુસાર બંધુદત્તે ધનોપાર્જન માટે સુવર્ણ-ભૂમિ જવા વિચાર કર્યો. (ગાથા ૫૦)

ભવિષ્યદત્તે પણ બંધુદત્ત સાથે જવા નિશ્ચય કર્યો. પાંચસો માણસોના સાર્થ સાથે તેઓ તો જવા ઉપડ્યા. વેપારીઓ જવા ઉપડ્યા તે પહેલાં બંધુદત્તની માતા સરૂપાએ બંધુદત્તને કહ્યું 'પુત્ર તું એવું કરજે કે જેથી ભવિષ્યદત્ત પાછો ન આવે' (तह पुत्त ! करेज्ज तुमं भविस्सदत्तो जह न एइ–१०१५८). સાર્થ તો ચાલ્યો. રસ્તામાં 'મયણાય દીવ' આવ્યો. ત્યા આગળ સૌ ઉતરી ફળ ફૂલાદિક ગ્રહણ કરવા લાગ્યા. બંધુદત્તે જ્યારે જોયું કે ભવિષ્યદત્ત નથી ત્યારે સાર્થને ઉપડવાની આજ્ઞા આપી દીધી. વિવરાભિમુખ પુરાણી સોપાનપંક્તિ, એ દ્વીપમાં એકલા રહી ગયેલ ભવિષ્યદત્તે દેખી. તે ઉપરથી તે તો ઉપર ચ્હડીને જુએ છે તો એક નગર તેણે દેખ્યું. (ગાથા ૭૫)

તે નગરમાં ચંદ્રપ્રભ જિનનું દેવાલય પણ તેણે દેખ્યું. ચંદ્રપ્રભ જિનેશ્વરની ભવિષ્યદત્તે સ્તુતિ–સ્તવના કરી. બરાબર આ વખતે, પૂર્વ વિદેહની અંદર યશોધર કેવલિનો કૈવલ્યમહિમા કરી, ભવિષ્યદત્તનો ભાવિ વૃત્તાંત પૂછી, ભવિષ્યદત્તના પૂર્વ સ્નેહને લઈને અચ્યુત કલ્પના દેવતાએ ચંદ્રપ્રભ જિનાલયમાં દિવ્યાક્ષર પંક્તિ લખીઃ–

"एत्तो पंचमगेहे बहुविहरयणेहिं भूसियदुवारे ।
कन्ना भविसणुरूवा अच्छइ वररूवसंजुत्ता ॥ १०१९१ ॥
तीए होही भत्ता भविस्सदत्तो त्ति नत्थि संदेहो ।
धणवइणो घरिणीए कमलसिरीए सुओ सुहओ ॥ १०१९२ ॥"

એ ઉપર્યુક્ત પંક્તિઓ વાંચી ભવિષ્યદત્તને ઘણું આશ્ચર્ય થયું અને તે તો તે કન્યાની શોધમાં ચાલ્યો. તેનું નામ લઈ તેને બારણેથી બોલાવી. કન્યાએ હર્ષ અને ભયથી દ્વાર ઉઘાડી તેને આસન આપ્યું. ભવિષ્યદત્તે તે યુવાન કન્યાને જોઈ તે દિવસને ધન્ય ગણ્યો. (ગાથા ૧૦૦).

ક્ષેત્રદેવતાએ તે બન્નેના પાણિગ્રહણની સંમતિ આપી. બન્નેએ ખાધું અને સુખદુઃખની વાતો કરતા હતા, તેવામાં અશનિવેગ નામનો અસુર આવી પહોંચ્યો. પરંતુ ભવિષ્યદત્ત અને એ અસુર બન્ને પૂર્વભવના મિત્રો હોવાને કારણે અસુરે તો ઉગ્રતા ધારણ કરવાને

અદલે મિત્રકૃત્ય કર્યું અને વિધિપૂર્વક અન્નેને પરણાવ્યા. અન્ને ખાય-પીએ છે અને વિષય સુખ ભોગવે છે. એવામાં એકદા ભવિષ્યદત્તના પૂછવાથી ભવિષ્યાનુરૂપા પોતાનો પૂર્વ-વૃત્તાંત કહેવા લાગી. દ્વીપતિલક નામનું પૂર્વે એક નગર હતું. તેનો યશોધર નામે રાજા હતો ભવદત્ત મારો પિતા અને નાગસેના મારી માતા હતી. સહસા દેવોએ રાજા અને પ્રજા અન્નેને, મને એકલીને અહિં મુકી, સમુદ્રમાં ફેંકી દીધા. આ વૃત્તાંત તેણે કહ્યો અન્ને આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યા. આ બાજુ કમલશ્રીએ પુત્રવિરહથી શોક-વાળી અની સુવ્રતા નામની આર્યા પાસે પોતાનું દુઃખ કહી હૈયું હલકું કર્યું. એ દુઃખના પ્રતિકાર રૂપે તે શ્રમણીએ કમલશ્રીને જ્ઞાનપંચમીનુ વ્રત કરવા કહ્યુ. "गिण्हावइ पंच-मियं वज्जित्ता तीइ फलभावं" १०।११८ (ગાથા ૧૨૫)

ભવિષ્યદત્તને હવે માતાપિતા સાંભરે છે. અને તેથી તે ગજપુર જવાનો વિચાર સેવી રહ્યો છે. તેવામાં બંધુદત્ત સાર્થસમેત ત્યાં આવી પહોંચ્યો. ભાઈને ત્યાં દેખી શરમીંદો થઈ ગયો. બંધુદત્તને પૂર્વવૃત્તાંત સંભારી ખિન્ન નહિ થવાની સલાહ ભવિષ્યદત્ત આપે છે. અન્નેએ ગજપુર જવા વિચાર કર્યો. આ વખતે પણ ભવિષ્યદત્તને છળકપટથી એકલો મૂકી અને ભવિષ્યાનુરૂપાને સાથે લઈ તે ચાલતો થયો. (ગાથા ૧૫૦)

પહેલી વખત કરતા આ વખતનું દુઃખ કાન્તાના વિરહને લઈ તેને વિશેષ અસહ્ય લાગ્યું. ચંદ્રપ્રભ જિનાલયમાં ભવિષ્યદત્ત પાછો ગયો અને દુઃખ ભૂલવા પ્રયત્ન કર્યો આ તરફ ભવિષ્યાનુરૂપાએ પોતાની ચારિત્ર્યરક્ષા કરવાનો પાક્કો વિચાર કર્યો. અને આ જન્મમાં કાન્ત સાથે મારો મેલાપ નહિ થાય તો હું જીવનપર્યંત આહાર નહિ લઉં એવો સંકલ્પ કર્યો.

"जइ मह कंतेण समं मेलावो नत्थि एत्थ जम्मंमि ।
ता भुंजामि न सययं आहारं जावजीव पि" ॥ १०।१५७ ॥

બંધુદત્ત ઘરે પહોંચ્યો. રાજાને યોગ્ય ભેટ વગેરે મોકલાવી અને લોકો અંદરોઅંદર કહેવા લાગ્યા કે ધનપતિ ભાગ્યશાલી છે કે તેનો પુત્ર આટલુ બધુ ધન કમાઈને લાવ્યો. સાર્થ આવ્યો એવા સમાચાર સાભળી કમળશ્રી પણ પોતાના પુત્રનો વૃત્તાંત મેળવવા ગઈ; પણ કશા સમાચાર નહિ મળવાથી, રોતી કકળતી સુવ્રતા પાસે આશ્વાસન મેળવ-વાના હેતુથી ગઈ. (ગાથા ૧૭૫).

સુવ્રતા કમલશ્રીને કહે છે કે-જે અવધિ તને કહી છે તે હજુ ક્યાં પૂરી થઈ છે? માટે તું સોક ન કર. બંધુદત્તે કહ્યુ કે તે તો લોભનો માર્યો રત્નદ્વીપ ગયો છે પણ ઉચાટ-ફીકર કરવા જેવું કશું નથી કારણ કે તે પાછો તો આવશે જ. માણિભદ્ર નામનો યક્ષ પોતાના માલિકની આજ્ઞા સંભારી દ્વીપતિલકમાં ચદ્રપ્રભ જિનાલયમાં આવ્યો. માણિભદ્ર યક્ષના પૂછવાથી પોતાનો તમામ વૃત્તાંત ભવિષ્યદત્તે કહી સંભળાવ્યો. માતા સાથે તેનો સંયોગ પોતે કરાવી દેશે એમ માણિભદ્ર યક્ષે તેને કહ્યુ. ભવિષ્યદત્ત તે ઉપરથી કહે છે "ઉપકાર કરવા સમર્થ હોય તેને અથવા સાંભળીને જે દુઃખી થાય તેને દુઃખ કહેવું જોઈએ બીજાને કહેવાથી શું?"

"जो उवयारसमत्थो दुक्खं तस्सेव होइ कहणीयं ।
जो वा सोउं दुहिओ अन्नस्स न किंपि कहिएण" ॥ १०।१८८ ॥

માણિભદ્ર પાછો પ્રત્યુત્તર આપે છે કે–વિશેષ બોલવાથી શું લાભ? કાર્ય વિનાનું વચન, ધર્મવિનાનો મનુષ્યજન્મ, નિરપત્ય કલત્ર–એ ત્રણેય લોકમાં લાયક વસ્તુ નથી.

"वयणं कज्जविहूणं धम्मविहूणं च माणुसं जम्मं ।
निरवच्चं च कलत्तं तिन्नि वि लोएण न अग्घंति" ॥ १०।१९१ ॥

ભવિષ્યદત્તને યક્ષ ઘરે પહોંચાડે છે. માતા કમલશ્રીએ બંધુદત્ત જે કન્યા લાવ્યો હતો તેનો વૃત્તાંત ભવિષ્યદત્તને કહ્યો અને આજથી પાંચમે દિવસે બંધુદત્ત અને તેનો લગ્નસમારંભ થવાનો છે તે પણ કહ્યું. કન્યાના ચારિત્ર્ય વર્ણનથી ભવિષ્યદત્તને સંતોષ થયો. (ગાથા ૨૦૦).

ભૂપાલ રાજા પાસે જઈ ભવિષ્યદત્તે ભેટ–નજરાણા વગેરે ધર્યાં. રાજા બહુ સંતુષ્ટ થયો. બંધુદત્તના લગ્નમા જવાની માતા કમલશ્રીએ ભવિષ્ય પાસે સંમતિ માગી. કન્યા પોતાનો દેહ તજી દેશે એમ ધારી ભવિષ્યે પોતાની **નામમુદ્રા** લઈ જઈને તેને આપવી એમ માતાને કહ્યુ. ત્યાસુધી પોતે અપ્રકટ રહ્યો. બરાબર લગ્નને દિવસે ભવિષ્યદત્તે ભૂપાલ રાજા પાસે જઈ કહ્યુ કે ધનપતિ વગેરેને બોલાવો કારણ કે બંધુદત્ત સાથે તેને મોટો વિવાદ કરવો છે. રાજાએ બધાને બોલાવ્યા અને ત્યાં ભવિષ્યદત્ત કે જે અત્યાર-સુધી અજ્ઞાત હતો તેને જોઈ બંધુદત્ત ખસીયાણો પડી ગયો. રાજાએ ધનપતિ વગેરેને કેદ કર્યા ભવિષ્યાનુરૂપા ભવિષ્યને સોંપી તેનુ રૂપ જોઈ સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. રાજાએ પણ અર્ધું રાજ્ય અને પોતાની સુતારા નામની પુત્રી ભવિષ્યને આપી. માતાની ઇચ્છાથી પિતા, અપર માતા અને બંધુને કેદમાથી ભવિષ્યે છોડાવ્યા અને હાથી ઉપર બેસાડી ઘેર મોકલ્યા. (ગાથા ૨૨૫).

બન્ને પત્ની સાથે આનંદ કરતાં ભવિષ્યના દિવસો એકદમ વહેવા લાગ્યા. ભવિષ્યાનુ-રૂપાએ ગર્ભ ધારણ કર્યો અને તેને ચંદ્રપ્રભ જિનાલયમાં જઈ ચંદ્રપ્રભ સ્વામીની પૂજા કરવાનો દોહદ થયો આ સાંભળી વિમનસ્ક થયેલો ભવિષ્ય વિચાર કરી રહ્યો હતો તેવામા એક દિવ્ય વિમાન આવ્યુ તેમાં બન્ને ભાર્યા સાથે ભવિષ્ય ઉપડ્યો પદ્મસરો-વરમા ન્હાઈ, ચંદ્રપ્રભ સ્વામીની પચવર્ણી ફૂલોથી પૂજા કરી નગર જોવા ગયા જોઈને પાછા આવ્યા તેવારે તેમણે બે સાધુઓને જિનભવનમાં બેઠેલા જોયા. તેમાથી એક કે જેમનુ નામ જયાનંદ હતું, અને જે કૈવલ્યસંપન્ન હતા તેમને મનોવેગ વિદ્યાધરના આગમનનું કારણ વગેરે ભવિષ્યદત્તે પૂછ્યું. તે ઉપરથી જયાનંદ કેવલિએ નિમ્નોક્ત સર્વ વૃત્તાંત કહેવાનુ શરૂ કર્યું (ગાથા ૨૫૦).

*

પૂર્વે કાંપિલ્યપુર નામે નગર હતું ત્યાં નંદ નામે એક રાજા રાજ્ય કરતો હતો તેને વાસવ નામે એક પુરોહિત હતો જેને સુકેશી નામની એક મનોહર સ્ત્રી હતી તે બન્નેને સુવક્ત્ર અને દુર્વક્ત્ર નામના બે દીકરા તથા ત્રિવેદી નામની એક પુત્રી હતી જેના પતિનુ નામ અગ્નિમિત્ર હતું ભેટ, નજરાણા, નવીન વસ્તુઓ ઇત્યાદિ મોકલવામાં નંદ-રાજા આ અગ્નિમિત્રનો ઉપયોગ કરતો હતો એકદા ભેટ, નજરાણા વગેરે આપી તેને સિંહલદ્વીપના રાજા કને નંદરાજાએ મોકલ્યો. સિંહલદ્વીપના રાજાએ તેનું બહુમાન કરી સામી ભેટ, નજરાણા વગેરે આપી તેને વિદાય કર્યો. રસ્તામા તેણે બધુ ઉડાવી માર્યું.

જંબુદ્વીપમાં અરિપુર નામે એક નગર હતું. ત્યાં પ્રભંજન નામનો રાજા રાજ્ય કરતો હતો. વજ્રસેન નામનો તેને મંત્રી હતો અને તેને શ્રીકાંતા નામની ભાર્યા હતી. તેમને કીર્તિસેના નામથી એક પુત્રી થઈ. તે જ ગામમાં એક વિખ્યાત અને ધનાઢ્ય શેઠીઓ રહેતો હતો જેનું નામ ધનદત્ત હતું. તેને નંદિભદ્રા નામની સ્ત્રીથી ધનમિત્ર નામનો પુત્ર હતો. વળી ત્યાં એક બીજો શ્રેષ્ઠી પણ રહેતો હતો જેનું નામ નંદિદત્ત હતું. તેને ભદ્રા સ્ત્રીથી નંદિમિત્ર નામનો એક પુત્ર થયો હતો. શહેરમાં સમાધિગુપ્ત નામના મુનિવર વર્ષાઋતુમાં આચરવા લાયક ગુપ્તવાસ સેવી રહ્યા હતા. તે જ સન્નિવેશમાં કૌશિક નામનો એક બાલ તપસ્વી પણ રહેતો હતો જે સમાધિગુપ્તની ઈર્ષ્યા કર્યા કરતો હતો. તેથી મરીને તે અશનિવેગ નામનો રાક્ષસ બન્યો. વજ્રસેન મંત્રી મરીને પૂજાદિના પ્રભાવથી દ્વીપતિલકમાં રાજારૂપે અવતર્યો. (ગાથા ૩૫૦).

ધનદત્ત, ધનમિત્ર વગેરે સાધુપૂજાદિથી શુભકર્મનું ઉપાર્જન કરે છે જ્યારે મલિન સાધુની હીલના, દુગંછા વગેરે કરવાથી ધનદત્તની નંદિભદ્રા ભાર્યા અશુભ કર્મ ઉપાર્જે છે. પિતાએ કાઢી મુકેલ કીર્તિસેના નંદિભદ્રા સાથે મૈત્રી કરે છે. નંદિભદ્રાએ પંચમી વ્રત ગ્રહણ કરી તેનું ઉજમણું વગેરે કર્યું. કીર્તિસેના મરીને દ્વીપતિલકમાં ભવદત્તને ત્યાં તેની સ્ત્રી નાગસેનાથી ભવિષ્યાનુરૂપા રૂપે અવતરી. દ્વીપતિલકના રાજાને અશનિવેગે સમુદ્રમાં નાખી દીધો. નંદિભદ્રા મરીને વૈમાનિક દેવતા થઈ. નંદિમિત્ર મરીને અચ્યુત કલ્પનો ઇંદ્ર થયો. ધનદત્ત મરીને ધનપતિ તારો પિતા થયો. ધનદત્તની ભાર્યા કમલશ્રી રૂપે અવતરી. પંચમી વ્રત કરી મરણ પામેલ ધનમિત્ર મરીને તું ભવિષ્યદત્ત થયો. આથી ભવિષ્યદત્તને વૈરાગ્ય આવ્યું અને જ્યેષ્ઠ પુત્રને રાજ્યપાટ સોંપી તેણે દીક્ષા લીધી. (ગાથા ૩૭૫).

કમલશ્રી અને બીજાએ પણ દીક્ષા લીધી. દીક્ષા યથાવિધિ નિયમપૂર્વક પાળી ભવિષ્યદત્ત મરીને સાતમા દેવલોકમાં હેમાંગદ નામધારી સુરપ્રવર થયો. કમલશ્રી મરીને પ્રભાચૂડ દેવતા તરીકે અને ભવિષ્યાનુરૂપા મરીને રત્નચૂડ તરીકે અવતર્યાં. ત્રણેય દેવતાઓ સાતમા કલ્પમાં ખૂબ આનંદ કરે છે. (ગાથા ૪૦૦).

નીલ નિષધના મધ્યભાગમાં, મેરુની પૂર્વે અને લવણ સમુદ્રની પશ્ચિમે, સોળ વિજયયુક્ત પૂર્વ વિદેહ આવેલ છે. તેમાં ગંધાવતી નામનું સુંદર અને વિખ્યાત એક વિજય છે. તેમાં ગંધર્વપુર નામનું એક નગર હોઈ ગંધર્વસેન નામનો તેનો રાજા હતો. ગાંધારી નામની તેને એક સ્ત્રી હતી. એ સ્ત્રીને પેટે પ્રભાચૂડ નામનો દેવ ચ્યવીને પુત્રરૂપે અવતર્યો જેનું નામ વસુંધર રાખવામાં આવ્યું. તેને સુમતિ સાથે પરણાવવામાં આવ્યો. હેમાંગદ તથા રત્નચૂડ બન્ને યથાસમય મરીને આ બન્નેના પુત્રરૂપે જન્મ્યા. તેમના નામ અનુક્રમે શ્રીવર્ધન અને નંદિવર્ધન રાખવામાં આવ્યા. વસુંધરને રાજ્ય ગાદી ઉપર બેસાડી ગંધર્વસેને દીક્ષા ગ્રહણ કરી. (ગાથા ૪૨૫).

આકાશમાં શરદભ્રને એકદમ વાતથી વિખરાઈ જતું જોઈ સર્વ વસ્તુના ક્ષણભંગુર સ્વભાવથી ખિન્ન થઈ વસુંધર વૈરાગ્ય પામ્યો અને પુત્ર શ્રીવર્ધનને અભિષિક્ત કરી સિંહાસનારૂઢ બનાવી પોતે પ્રવ્રજ્યા ધારણ કરી. અને અનુક્રમે એવા સ્થાનને પ્રાપ્ત કર્યું કે જ્યાં દુઃખનો આત્યંતિક અભાવ છે. (ગાથા ૪૫૦).

લઘુભ્રાતા નંદિવર્ધનની અભ્યર્થનાથી, શ્રીવર્ધન તેની સાથે વિશ્વપરિભ્રમણ માટે નીકળ્યો. અને તેમને રત્નશેખર નામના મુનિવૃષભ વૃક્ષ નીચે બેઠેલા મળ્યા. શ્રીવર્ધને તેમને લોકમાન, લોકભેદ અને લોકસ્થિતિ વિષે પ્રશ્નો પૂછ્યા જેનો શાસ્ત્રોક્ત જવાબ રત્નશેખર મુનિએ આપ્યો. તે ઉપરાંત બન્નેએ પોતાના પૂર્વભવવૃત્તાંતો કહેવાની વિનતિ પણ કરી, જે ઉપરથી મુનિશ્રીએ તમામ હકીકત તેમને કહી સંભળાવી. જાતિસ્મરણથી વૈરાગ્ય પામી બન્નેએ પોતાને દીક્ષા આપવાનો આગ્રહ કર્યો પણ હજુ દીક્ષાને છ માસની વાર છે માટે ત્યાંસુધી ભોગ ભોગવો અને ત્યારબાદ દીક્ષા આપવામાં આવશે એમ મુનિએ તેમને કહ્યું. (ગાથા ૪૭૫)

ત્યારબાદ તેઓ પોતાના નગરમાં ત્યાંથી પાછા ગયા. અને છ માસ બાદ તે જ મુનિ પાસે દીક્ષા લઈ, દીક્ષા યથાર્થ પાળી, તપ કરી, મોક્ષે ગયા. અને આ રીતે આ ભવિષ્યદત્ત આખ્યાન નામનું દસમુ આખ્યાન સમાપ્ત થયું. (ગાથા ૫૦૦)

*

'भविस्सयत्त कहा'नो सारांश.

જિનને નમસ્કાર કરી 'શ્રુતપંચમી'ના ફળને વર્ણવવાની કવિ પ્રતિજ્ઞા કરે છે. ગૌતમ ગણધરે શ્રેણિક રાજાને આ કથા જેવી રીતે કહી છે તેવી રીતે કવિ ધનપાળ આપણને કહે છે.

પ્રસિદ્ધ ભરતખંડને વિષે કુરુજંગલ નામના દેશમાં ગજપુર અથવા હસ્તિનાપુર નામે નગર છે. ભૂપાલ નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો. એ નગરમાં ધનપતિ નામનો એક વણિક્ પણ રહેતો હતો. હરિબલ નામનો એક બીજો વેપારી પણ ત્યાં રહેતો હતો અને તેને કમલશ્રી નામની એક સુંદર પુત્રી હતી જેના હાથની માગણી ધનપતિએ પોતાને માટે કરી અને તે હરિબલે મંજુર પણ રાખી. એકદા પોતાની સખીઓને પુત્રવાળી જોઈને અને પોતાને પુત્ર ન હતો તેથી કમલશ્રી ખિન્ન થાય છે અને એક મુનિને એ બાબત પૂછે છે જેના જવાબમાં તેને એક સુંદર અને સર્વાંગસંપૂર્ણ પુત્ર થશે એમ મુનિ સ્વપ્ન દ્વારા કહે છે. વખત જતાં કમલશ્રીને એક પુત્ર પ્રાપ્ત થાય છે જેનું નામ ભવિષ્યદત્ત રાખવામાં આવે છે. (પ્રથમ સંધિ.)

કમલશ્રી અને ધનપતિ વચ્ચે પ્રેમ કમી થતો જાય છે. ધનપતિ કમલશ્રીને પોતાને પીએર જવાનું કહે છે. પીયરમાં રહેતી પુત્રી ઉપર સમાજ શંકાની દૃષ્ટિએ જુએ છે. માતા અને પિતા (હરિબલ ને હરિદત્ત પણ ક્યાંક ક્યાંક કહેવામાં આવેલ છે) બન્ને ઉદ્વિગ્ન થાય છે. બાળક ભવિષ્યદત્ત પણ 'જેવા થાય તેવા થઈએ'ની દેશકાલાનુસારિણી હિતશિક્ષા માતાને આપી આશ્વાસન પુરૂં પાડે છે. (સંધિ ૨)

ધનપતિ પછી ધનદત્ત નામના બીજા વેપારીની પુત્રીને સરૂપાને પરણ્યો. તેને પણ સમય જતાં પુત્ર થયો જેનું નામ બંધુદત્ત રાખવામાં આવ્યું. એ બહુ તોફાની થયો પણ સદ્ભાગ્યે એ કાંચન નામના દેશમાં અન્ય વેપારીઓ સાથે વેપાર માટે ગયો. એમાં ભવિષ્યદત્ત પણ હતો. એને મધ્ય દરીએ ડુબાડી મારવાની સલાહ પોતાના પુત્ર બંધુદત્તને સરૂપા આપે છે. પ્રતિકૂળ પવનને લીધે તેઓ મૈનાક દ્વીપમાં (મૈનાક

પર્વતાંતર્ગત) આવી પહોંચે છે. અહિઆ વેપારીઓ ઉતરી ગયા અને જળ, ફળ અને પુષ્પો વીણવા મડી ગયા. ભવિષ્યદત્ત જંગલમાં ઊંડો ઉતરી ગયો. એ બાબતની પરવા કર્યા વિના બંધુદત્તે વહાણુ હકારવાનો હુકમ કરી દીધો. (સંધિ ૩)

ભવિષ્યદત્ત તિલકદ્વીપ ઉપર રહી ગયો. જિનમદિરવાળા એક ઉજ્જડ ગામમાં તે આવી પહોંચ્યો. (સંધિ ૪)

ભવિષ્યદત્ત તે મદિરમાં સૂતો છે. અચ્યુત સ્વર્ગના ધણીના કહેવાથી જે ધનમિત્રે જૈનધર્મનો અંગીકાર કર્યો હતો તેની શું સ્થિતિ છે તે બાબત મુનિ યશોધરને અચ્યુત નામે સ્વર્ગના ધણિએ પૂછી યશોધરે ધનપતિની બધી હકીકત કહી સંભળાવી. જાગ્યા પછી ભવિષ્યદત્તે દિવાલ ઉપર કાંઈક લખેલું વાચ્યું અને કાઈક સાંભળ્યું. તેને અનુસરી તે પૂર્વમાં પાંચમા ઘર ભણી ચાલી નીકળ્યો. ત્યા એક છોકરી બેઠેલી દીઠી. તેને તે પરણ્યો (સંધિ ૫)

સુવ્રતા નામની એક સાધ્વી કમલશ્રીને શ્રુતપચમીનું વ્રત ગ્રહણ કરવા કહે છે. તે સાધ્વી કમલશ્રીને પોતાના ગુરુ પાસે લઈ જાય છે અને કમલશ્રી દુઃખ પરંપરાનું કારણ પુછે છે. ભવિષ્યદત્ત અને તેની પત્ની સ્વદેશ પાછા ફરવા નિશ્ચય કરે છે જ્યારે ફરીને બંધુદત્તનો તેમને ભેટો થાય છે. બંધુદત્ત પોતે કરેલ વિશ્વાસઘાત માટે ભવિષ્યદત્તની માફી માગે છે અને બધા સ્વદેશ જવાનો વિચાર કરે છે. (સંધિ ૬)

ભવિષ્યદત્ત ધાર્મિક પ્રવૃત્તિમાં રોકાયો છે તે વખતે બંધુદત્ત વહાણો હંકારવાની આજ્ઞા આપે છે. ભવિષ્યદત્તને એકલો મુકી બધા ચાલી નિકળ્યા. રસ્તામાં બંધુદત્ત ભવિષ્યદત્તની સ્ત્રી પાસે પ્રેમયાચના કરે છે અને જ્યારે તે તેની પાસે બલાત્કાર કરવા જાય છે ત્યારે બરાબર પ્રતિકૂળ પવનના ઝપાટાથી વહાણુ વિરૂદ્ધ દિશામાં ચાલ્યા જાય છે. વેપારીઓ તો ભવિષ્યદત્તની સ્ત્રીની છેડતીનું આ પરિણામ છે એમ સમજે છે અને તેનું મન મનાવવા કહે છે. અને તેમ કરવાથી બધું અનુકૂળ થઈ જાય છે. બધા હસ્તિનાપુર નજીક પહોંચી જાય છે. (સંધિ ૭)

હસ્તિનાપુરમા બંધુદત્ત આવવાથી સૌ ખુશખુશાલ થઈ જાય છે. આ વાતની ખબર હરિદત્ત (હરિબળ) કમલશ્રી (કમલા)ને પણુ આપે છે. કમલશ્રી ભવિષ્યદત્તના ખબર મેળવવા ઘરે ઘરે ભટકે છે, પણુ કોઈ કશા સમાચાર નથી આપતું. સરૂપાને કાને ગામ-ગપાટા પહોંચે છે અને તેથી ભવિષ્યદત્ત કેમ ન આવ્યો એ બાબત બંધુદત્તને પૂછે છે. બંધુદત્ત જવાબ આપે છે કે એનું મન કદાચ દોલતવિના અહિં આવવાનું નહિ હોય જેથી એ તે દ્વીપમાં રોકાયો હશે. સુવ્રતા પોતાના ગુરૂદેવને ભવિષ્યના પુનરાગમન માટે પૂછે છે, ત્યારે તેઓ કહે છે કે આજથી ત્રીસમે દિવસે એટલે કે વૈશાખ માસની પંચમીએ એ અહિં પહોંચશે, રાજા થશે અને કમલશ્રી રાજમાતા તરીકે ઓળખાશે. ધનપતિ પોતાના પુત્ર બંધુદત્તના લગ્ન પરદેશમાંથી લાવેલી કન્યા (ભવિષ્યદત્તની પત્ની) સાથે વિધિપૂર્વક કરવા વિચારે છે. ભવિષ્યાનુરૂપા (ભવિષ્યની પત્નીનુ નામ) મુશ્કેલી અનુભવે છે. (સંધિ ૮)

આ બાજુ માણિભદ્ર યક્ષ ભવિષ્ય પાસે આવે છે અને પત્ની વગેરેના ક્ષેમકુશળ પૂછે છે. તે બધી હકીકત તેને જણાવે છે. વિમાન મગાવી તે યક્ષ બરાબર વૈશાખી પંચમીએ

તેને ગજપુર લઈ જાય છે. કમલા (કમલશ્રી)ને ખૂબ ખૂબ આનંદ થાય છે. બંધુદત્તના લગ્ન પ્રસંગ ઉપર જવા માટે કમલા ભવિષ્યને પૂછે છે. બંધુદત્તે લાવેલ કન્યાની તમામ હકીકત ભવિષ્ય પોતાની માતાને કહે છે. અને ઘરેણાં પહેરી લગ્નપ્રસંગ ઉપર જવાની પોતાની સંમતિ પણ આપે છે. સાથે સાથે તે કન્યાને આપવા વાસ્તે ભવિષ્ય પોતાની માતાને નામમુદ્રા પણ આપે છે જે કમલા કોઈપણ રીતે ભવિષ્યાનુરૂપાને પહોંચાડે છે. (સંધિ ૯)

ભવિષ્ય ત્યારબાદ રાજા પાસે જાય છે. અને ઘણી ઘણી ભેટો આપે છે. ધનપતિ પોતાના પુત્ર બંધુદત્તના જે કન્યા સાથે લગ્ન કરી રહેલ છે તે વાંધાભર્યાં છે એવું જાહેર કરતાં રાજા શેઠને બોલાવે છે. બંધુદત્ત અને તેના પચાસ વ્યાપારી સાથીઓ તેમ જ ધનપતિ વગેરે રાજસભામાં આવ્યા અને બંધુદત્તે દુશ્મન સામો આવે એવી ચેલેન્જ રાજા સમક્ષ આપી, જેથી ભવિષ્ય પ્રકાશમાં આવે છે. અત્યાર સુધી ભવિષ્યને કોઈ ભવિષ્ય તરીકે ઓળખતું નહોતું. એ હવે સ્પષ્ટ થાય છે. બંધુદત્તના સાથીઓ અથથી ઇતિ સુધી તમામ હકીકત રાજાને કહે છે. રાજા ધનપતિને તથા બંધુદત્તને કેદ કરે છે. (સંધિ ૧૦)

જયલક્ષ્મી અને ચદ્રલેખા ભવિષ્યાનુરૂપાના પાતિવ્રત્યની પરીક્ષા કરે છે. ભવિષ્ય અને ભવિષ્યાનુરૂપા પરણે છે. બધાને મુક્તિ આપવામાં આવે છે. ધનપતિ નવદંપતીને તથા કમલાને પોતાને ઘેર લઈ જાય છે. (સંધિ ૧૧)

રાજા–રાણી આ નવદંપતીને એટલા બધા ચાહે છે કે રાજા ભવિષ્યને યુવરાજ જેટલો જ પ્રેમપાત્ર ગણે છે અને પોતાની રાજકુંવરી સુમિત્રાને ભવિષ્ય જોડે પરણાવે છે. ધનપતિ પોતાના પૂર્વકૃત્ય માટે પશ્ચાત્તાપની જરા પણ લાગણી બતાવતો નથી તેથી કમલા ખિન્ન થઈ તેનું ઘર છોડી પોતાને પીયેર જાય છે, અને ભવિષ્યાનુરૂપા પણ તેની જોડે જ જાય છે. કાંચનમાલાના ઉપાલંભથી ધનપતિની સાન ઠેકાણે આવે છે અને કમલા પાસે જઈ તેની માફી માગી તેને પોતાને ઘેર લઈ આવે છે. (સંધિ ૧૨)

સિંધુ દેશમાં આવેલ પોતનપુરનો રાજા, ચિત્રાંગને મોકલી ખંડણી આપવાનું તેમ જ ભવિષ્ય જે કન્યાને લાવેલ છે તે તથા રાજાની પોતાની પુત્રી સુમિત્રાને સોંપવાનું હસ્તિનાપુરના રાજાને કહેવડાવે છે. ભવિષ્ય, પ્રિયસુંદરી, પૃથુમતી અને અન્ય સચિવોની એક સભા રાજા બોલાવે છે. લોહજંઘ નામનો એક મંત્રી ચિત્રાંગને ગધેડા ઉપર બેસાડી ફેરવવાનું સૂચન કરે છે. ધનપતિ, અનંતપાળ વગેરે પોતપોતાની સલાહ આપે છે. ભવિષ્ય પણ પોતાની સલાહ આપે છે. અનંતપાળ કે જે લડાઈની તરફેણમાં ન હતો અને ભવિષ્ય કે જેણે લડાઈ કરવાની વિચાર દર્શાવ્યો હતો તે બે વચ્ચે ચકમક ઝરે છે. અનંતપાળ ચિત્રાંગને મળે છે અને હલ્લો કરવાનું કહે છે. પણ ચિત્રાંગ ભૂપાલપાસે છેલ્લો જવાબ લેવા જાય છે, અને પોતાની રાજકુંવરી સુમિત્રાને સિન્ધુપતિ મૃગેન્દ્રકંધરને આપવાની સલાહ આપે છે. આ સાંભળી ભવિષ્યને ખૂબ ક્રોધ ચડે છે અને ચિત્રાંગના જીભ તથા આંખ ફોડી નાખવાનું કહે છે. ધનપતિ વચ્ચે પડે છે. (સંધિ ૧૩)

પહેલાં તો કચ્છના વિશ્વાસઘાતી રાજા ઉપર હુમલો કરવાનું ભવિષ્ય ભૂપાલ રાજાને સૂચવે છે. આવી વાત હવામાં આવતાં કચ્છનો રાજા શરણે આવે છે. ભૂપાલ રાજાની મદદમાં હરિપતિ, લોહજંઘ, કચ્છાહિવ, પાંચાલ, અને પર્વતપતિ આવે છે. પોતનપુરનો રાજા સંધિનું કહેણ મોકલે છે. પણ લશ્કર ઘણું આગળ વધી ગયું હતું તેથી સંધિ કરવાનું અશક્ય હતું. લડાઈમાં કચ્છાધિપતિ પરાજય પામે છે અને યુદ્ધની બાજી પોતનપુરના સ્વામીની તરફેણમાં આવતી જાય છે. યુદ્ધને મોખરે ભવિષ્યદત્તને મોકલવામાં આવે છે. પરાજયના ઘણા ચિહ્નો દેખાય છે છતાં છેવટે તો પોતનપુરના રાજપુત્ર અને ભવિષ્ય વચ્ચેના દ્વંદ્વયુદ્ધમાં ભવિષ્ય જીતે છે અને પોતનપુરના રાજપુત્રને જીવતો પકડી લે છે. (સંધિ ૧૪)

ભવિષ્યને યુવરાજ બનાવવામાં આવે છે, અને રાજપુત્રી સુમિત્રાને તેની સાથે પરણાવવામાં આવે છે. ભવિષ્યાનુરૂપાને તિલકદ્વીપ જવાની ઇચ્છા થાય છે. બરાબર આ વખતે દેવતા રાજમહેલમાં હાજર થાય છે. તેનું નામ મણુવેય છે. તે કહે છે કે તેના માલિકે તેને ભવિષ્યાનુરૂપાની ઇચ્છા પાર પાડવા મોકલ્યો છે. (સંધિ ૧૫)

તિલકદ્વીપમાં જઈને ભવિષ્ય તથા ભવિષ્યાનુરૂપા જિનાલયમાં પૂજા કરે છે. ત્યાં તેમને બન્નેને જયનંદન અને અહિનન્દન નામના બે સાધુઓ મળે છે. જીવદયા, સત્યવચન, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ અણુવ્રત વગેરે બાબતો સાધુઓ સમજાવે છે. જિનવન્દન, પોસહોવવાસ, દાણવિક્ખણુ અને સલેહણા એ ચાર શિક્ષાપદો પણ બતાવે છે. (સંધિ ૧૬)

મણુવેય નામના વિદ્યાધરે તેને શા માટે મદદ કરી એ બાબત ભવિષ્યે જ્યારે એ ચારણ સાધુઓને પૂછ્યું ત્યારે તેઓએ નિમ્નોક્ત વૃત્તાંત કહી સંભળાવ્યો:—

કાંપિલ્યપુરમાં એક રાજા રાજ્ય કરતો હતો. ત્યાં વાસવદત્ત નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને સુવક્ત્ર અને દુર્વક્ત્ર નામના બે પુત્રો હતા. વિમલમંત્રીને એ બન્નેની ઈર્ષ્યા થાય છે. એકદા સિંહલદ્વીપના રાજા પાસે, તે રાજાને ભેટ મોકલવા માણસ મોકલવાની જરૂર પડી. વાસવદત્ત બ્રાહ્મણે પોતાના જમાઈનું નામ સૂચવ્યું જે ઉપરથી વિમલમંત્રીને ક્રોધ ચડયો અને બન્ને વચ્ચે કજીઓ થયો. દરમ્યાન તેને મોકલી દેવામાં આવ્યો. પણ પાછા ફરતાં તેને ઘણો વિલંબ થયો તેથી દુર્વક્ત્ર નવનાડી નિરોધ કરી જવાબ આપે છે કે તે અગ્નિમિત્ર (પોતાના બનેવી) ચાર રોજમાં પાછા આવશે. વિમળ મંત્રીએ આવી ખોટી આશાઓ ન આપવાની સલાહ દુર્વક્ત્રને આપી, જે ઉપરથી દુર્વક્ત્રે બમણા જોરથી પ્રથમ કહ્યું હતું તે કહ્યું. તેથી બન્ને વચ્ચે કજીઓ થયો અને દુર્વક્ત્રે કહ્યું કે જે કોઈ હારે તેને લોકોએ શિક્ષા આપવી. રાજાએ બન્નેને વાર્યા અને કોઈ ત્રીજી પ્રામાણિક વ્યક્તિને એ બાબત પૂછવા કહ્યું. તેથી તેઓ ક્ષુલક જ્યોતિષી પાસે ગયા અને ક્ષુલકે જવાબ દીધો કે તે માણસે ભેટ તરીકે આપેલ બધા પૈસા વાપરી નાખ્યા છે અને આજથી ત્રીશમે દિવસે એક ભિખારી તરીકે તે અહિં પાછો આવશે. બન્નેએ જઇને બધી વાત રાજાને કહી. બરાબર ત્રીસમે દિવસે અગ્નિમિત્ર આવી પહોચ્યો. રાજાએ તેને કેદ કર્યો. સમસ્ત કુટુંબ ઉપર રાજાની નાપસંદગી ઉતરી હતી. (સંધિ ૧૭)

આ અઢારમી સંધીમાં દુર્વકત્ર ક્ષુલ્લક (ખુલય) પાસે ગયાનું વર્ણન આવે છે. દુર્વકત્ર જૈન બને છે અને મરીને સુધર્મ સ્વર્ગમાં જાય છે. તેની માતા સુકેશા પણ જૈનત્વનો અંગીકાર કરે છે અને મરીને ઇન્દ્ર બને છે. પછી ત્યાથી મરી દુર્વકત્ર મણવેય તરીકે અવતરે છે. અને સુકેશા પહેલાં રવિપ્રભા તરીકે અને પછી ભવિષ્યાનુરૂપાના ગર્ભમાં અવતાર લે છે. સુવકત્ર સર્પ બને છે.[13] રાજાને પ્રાર્થના કરી તિવેઇયા પોતાના ધણીને છોડાવે છે. બન્ને સાથે મરે છે. ધણી (અગ્નિમિત્ર) મણિભદ્ર તરીકે અવતરે છે. તિવેઇયા રોહિણીરૂપે અને પછી ભવિષ્યની પુત્રી તરીકે અવતરશે. પછી તેઓ બધા ભવિષ્ય અને ભવિષ્યાનુરૂપા ગજપુર જાય છે. મણવેય પોતાને સ્થળે પાછો ફરે છે. અને પોતાના ભાઈને (સુવકત્રને)–સર્પને ખરે રસ્તે વાળે છે. ભવિષ્યને સુપ્રભ, કનકપ્રભ, સૂર્યપ્રભ અને ચંદ્રરાશિ નામના ચાર પુત્રો અને તારા, સુતારા નામની બે પુત્રીઓ થાય છે. વિમલબુદ્ધિ નામના એક મુનિ ત્યા આવે છે. બધા વાંદવા જાય છે. મુનિ જીવન ક્ષણભંગુર છે એવો ઉપદેશ આપે છે. ભવિષ્યને જીવનનો કંટાળો આવવા લાગે છે. (સંધિ ૧૮)

વિમલબુદ્ધિ નામના મુનિને પોતાનો પૂર્વજન્મવૃત્તાંત તથા ભવિષ્યમાં પોતે કોણ થશે તે કહેવાની ભવિષ્ય વિનતિ કરે છે તે ઉપરથી મુનિ નિમ્નોક્ત અહેવાલ કહે છેઃ–

અરિપુરનો મરૂત નામનો રાજા હતો જેને ધરા નામની રાણી, વજ્રોયર નામનો અમાત્ય હતો. તે અમાત્યને કીર્તિસેના નામે પુત્રી હતી. તેનો વર જુગારી હતો, લંપટ હતો, અને ચોર હતો. અમાત્યપુત્રી એકદા એક ધનમિત્ર નામના વણિકપુત્રને દેખતાં વેંત જ પ્રેમમાં પડે છે. ધનમિત્રની પત્ની અને અમાત્યપુત્રીની સખી ગુણમાલા ધનમિત્રને પરણવાની અમાત્યપુત્રીને સંમતિ આપે છે. પણ અમાત્યપુત્રી ના પાડે છે અને કહે છે કે તે પોતે પરણેલી છે એ હિસાબે પણ તેણીએ ધનમિત્રને બંધુસમાનજ ગણવો જોઈએ. આ નિવેદનથી ગુણમાલા ખૂબ હર્ષિત થાય છે. અમાત્ય વજ્રોયર ધનમિત્રને શ્રેષ્ઠી બનાવે છે. ધનમિત્ર અને અમાત્યપુત્રી બન્ને કૌશિકના ભક્ત બને છે. અને એ બ્હાને પ્રેમ ચાલુ રાખે છે. ધનમિત્રને નંદીમિત્ર નામનો એક મિત્ર હતો. શહેરમા એક બીજા સમાધિગુપ્ત નામના સાધુ આવે છે જે જૈનધર્મના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે. માણસોનો કૌશિક તરફ અભાવ થતો જાય છે (સંધિ ૧૯)

નંદીમિત્ર ધનમિત્રને રાત્રિભોજનનો ત્યાગ કરવાનું કહે છે. ધનમિત્ર અને અમાત્યપુત્રી કૌશિકપાસે જવાનું હજુ ચાલૂ જ રાખે છે. વજ્રોયરે કૌશિક પાસે ન જવાનું લોકોને સમજાવ્યું હતું તેથી કૌશિક તેના તરફ તિરસ્કારની લાગણીથી જુએ છે અને એ જ રીતે મરણ પામે છે; તેથી તિલકદ્વીપમાં અશનિવેગ નામનો રાક્ષસ બને છે સમય જતાં રાજા ખાતર વજ્રોયર પણ લડાઇમા મરીને તિલકદ્વીપમાં યશોધન તરીકે જન્મ લે છે. નંદીમિત્ર પણ અનશન કરી પંડિત મરણે મરે છે અને વિદ્યુત્પ્રભ નામે દેવીના રાજા–સ્વામી–તરીકે સોળમા સ્વર્ગમા ઉપજે છે ધનમિત્ર, તેના મા બાપ,

---

૧૩ ભવિષ્યદત્ત આખ્યાન અને ભવિષ્યદત્ત કથાવાળી સુવકત્ર અને દુર્વકત્રવાળી ઘટના સરખાવવાથી, ભવિષ્યદત્ત કથામા જ્યા જ્યા દુર્વકત્ર શબ્દ સારા માણસ તરીકેના અર્થમા વપરાયો છે ત્યાં ત્યાં સુવકત્ર જોઈએ, એમ લાગશે.

કીર્તિસેના વગેરે જૈન ધર્મ પાળી શુદ્ધિ મેળવે છે. માતા ૬૭ દિવસ સુધી શ્રુતપંચમી વ્રત પામે છે. ધનદત્ત અને તેની પત્ની હસ્તિનાપુરમાં અવતરે છે. તેમનો પુત્ર કે જે ગૌડ તરફ ગયો હતો તે વિજળીથી મરણ પામી ગજપુરમાં ભવિસયત્તરૂપે અવતરે છે. ગુણમાલા અને કીર્તિસેના બન્ને ધનમિત્રના મરણથી દુઃખી થાય છે. ગુણમાલા મરીને ભૂપાલ રાજાની પુત્રી તરીકે અને કીર્તિસેના ત્રિલોકદ્વીપમાં ભવિષ્યાનુરૂપારૂપે અવતરે છે. વજ્જોયર કે જે યશોધન તરીકે અવતર્યો હતો તેને અસુરરૂપે અવતરેલ કૌશિક ખાઈ જાય છે. જે પંક્તિઓ દિવાલ ઉપર લખવામાં આવી હતી તે ધનમિત્રના મિત્ર અચ્યુતસ્વર્ગના સ્વામી નંદીમિત્રે લખી હતી. (સંધિ ૨૦)

ભવિષ્ય હવે રાજ્યકારભાર સુપ્રભને સોંપી દીક્ષા લેવા ઇચ્છા ધરાવે છે. પોતાની માતા કમલશ્રીને, ભૂપાલને, ધનપતિને, અને પ્રિયસુંદરીને તે બોલાવે છે. સુપ્રભ પિતાને તેમ કરવા ના પાડે છે અને છેવટે રાજ્યપાટ પોતાના નાનાભાઈ ધરણિંદને આપવા અને બીજા બધા ભાઇઓ સલાહકાર તરીકે વર્તશે એમ કહી નાના ભાઈને રાજ્ય સોંપે છે. ભવિષ્ય, કમલશ્રી અને ભવિષ્યાનુરૂપા પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. (સંધિ ૨૧)

સુમિત્રા, ધનપતિ અને હરિદત્ત વિલાપ કરે છે. કમલા અને ભવિષ્યાનુરૂપા ઘોર તપ કરીને અને અનશન કરી મરણ પામી દસમા દેવલોકમાં પ્રભાચૂડ અને રત્નચૂડ તરીકે જન્મ લે છે. ભવિષ્ય પણ તેમ કરી તે જ દેવલોકમાં અવતરે છે. તેઓ બધા એક વખત પોતાના સંતાનો શું કરે છે તે જોવા પૃથ્વી ઉપર આવે છે. મરીને પ્રભાચૂડ ગાંધર્વોના સ્વામીના પુત્રરૂપે અવતરે છે. તેનું નામ સુવસુંધર છે. રત્નચૂડ અને હેમંજય મરીને સુવસુંધરના પુત્રો તરીકે જન્મે છે. હેમંજય શ્રીધર પાસે દીક્ષા લે છે અને મોક્ષે જાય છે. શ્રુતપંચમી વ્રતના પ્રતિપાળનથી ભવિષ્ય ચોથે ભવે કેવી રીતે મોક્ષે જાય છે તે કવિ ધનપાળ અંતમાં જણાવે છે. (સંધિ ૨૨)

વિશેષ નામોનું સામ્ય

ગજપુરનો રાજા ભૂપાલ, ધનપતિ, ધનપતિની પત્ની કમલશ્રી, એ બન્નેનો પુત્ર ભવિષ્યદત્ત, ધનપતિની બીજી પત્ની નામે સરૂપા, સરૂપાથી ધનપતિનો બીજો પુત્ર નામે બંધુદત્ત, સાધ્વી સુવ્રતા, ભવિષ્યની પત્ની ભવિષ્યાનુરૂપા, મણિભદ્ર, મનોવેગ વિદ્યાધર, વાસવ બ્રાહ્મણ–પુરોહિત અને તેની પત્ની સુકેશી તથા સુવક્ત્ર અને દુર્વક્ત્ર નામના બે પુત્રો તથા ત્રિવેદી નામની પુત્રી અને તેનો પતિ અગ્નિમિત્ર, રવિપ્રભ (સુકેશી મરીને રવિપ્રભ થાય છે); ભવિષ્યાનુરૂપાથી ભવિષ્યનો પુત્ર સુપ્રભ, વિમલબુદ્ધિ નામના મુનિ, અમાત્યપુત્રી કીર્તિસેના, અરિપુરનો રાજા પ્રભંજન, અરિપુરનો ધનદત્ત શેઠ, તેનો પુત્ર ધનમિત્ર, ધનમિત્રનો મિત્ર, બાલ તપસ્વી કૌશિક, મુનિ સમાધિગુપ્ત, અશનિવેગ (કૌશિકનો ભાવિ જીવ), પ્રભાચૂડ (કમલશ્રીનો ભાવિ જીવ), રત્નચૂડ (ભવિષ્યાનુરૂપાનો ભાવિ જીવ) ઇત્યાદિ ઇત્યાદિ વિશેષ નામો પુરતું ભવિષ્યદત્ત આખ્યાન અને ભવિષ્યદત્ત કથા એ બન્ને વચ્ચે સમાન પ્રસંગો સહિત સામ્ય છે.

વિશેષ નામો વચ્ચે ભેદ

ભવિષ્યદત્ત આખ્યાનમાં, વરદત્ત (સરૂપાનો પિતા), સુતારા (ભૂપાળ રાજાની પુત્રી) જયાનંદ મુનિ, સુગુપ્તમંત્ર મંત્રી, સુકેશી, રત્નશેખર, હેમંગળ, વસુંધર અને વજ્રસેન

ઇત્યાદિ વિશેષ નામોનો ઉલ્લેખ છે; જ્યારે ભવિષ્યદત્ત કથામાં એ નામો માટે અનુક્રમે ધનદત્ત, સુમિત્રા, જયનંદન, વિમલમંત્રી, સુકેશા, શ્રીધર, હેમંજય, સુવસુંધર અને વજ્રોદરનો પ્રયોગ કરાયેલો છે. અર્થની દૃષ્ટિએ ખાસ ફેર લાગતો નથી. તેમાં સુકેશી–સુકેશા, હેમંગળ–હેમંજય, વસુંધર–સુવસુંધર તો લહીઆઓની ભૂલો પણ હોવી સંભવે છે. કોઈ કોઈ ઠકાણે એક જ વિશેષ નામને બદલે બીજો મળતો શબ્દ પણ ગોઠવી દેવામાં આવ્યો છે. દા. ત. હરિબલ (પ્રથમ સંધિ) ને માટે હરિદત્ત કથામાં વપરાયો છે *જ્યારે ભવિષ્યદત્ત આખ્યાનમાં તિવેઈ (ત્રિવેદી) માટે સંતિમઈ શબ્દ યોજવામાં* આવ્યો છે. તે માટે જુઓ અનુક્રમે ગાથા નં. ૨૭૪ તથા ૨૫૨ (દસમું આખ્યાન). કોઈ વખત પર્યાયવાચી શબ્દ પણ લેવામાં આવેલ છે. દા. ત. અરિપુરનો રાજા પ્રભંજન હતો એમ ભવિષ્યદત્ત આખ્યાનમાં છે જ્યારે ભવિષ્યદત્ત કથામાં મરૂત શબ્દનો પ્રયોગ કરાયેલો છે. આ સંબંધમાં પાઠાંતરોની પસંદગીમાં વિવેકબુદ્ધિ વાપરવાની કેટલી જરૂર પડે છે તેનો એક દાખલો અહિં નોંધુ તો તે અસ્થાને નહિ ગણાય. પ્રભંજન નામનો પ્રયોગ ભવિષ્યદત્ત આખ્યાનમાં જે ગાથામાં કરેલો છે તે ગાથા નીચે પ્રમાણે છે: –

तत्थ पभंजणनामो राया लोयाण जणियपरिओसो ।
मंती वि वज्जसेणो तस्स य भज्जा य सिरिकंता ॥ १०, ३२७

યાકોબી સંપાદિત ભવિષ્યદત્ત કથામાં નીચે પ્રમાણે પાઠ છે: –

तहिं नरवइवरु नामु महोयरु घर महएवि मंति वज्जोयरु ।

અહિંયા वरु શબ્દ માટે યાકોબીએ मरु શબ્દને પાઠાંતર તરીકે પાદનોંધમાં લીધો છે. આ ગાથા ઓગણીસમી સંધિના બીજા કડવકમાં આવે છે. દલાલ–ગુણે સંપાદિત ભવિષ્યદત્ત કથા नरवइ मरुनामु એ પ્રમાણે શબ્દો લીધેલ છે. પણ ડૉ. ગુણે રાજાના નામ તરીકે તો 'महोयरु' શબ્દને જ લે છે અને 'मरुनामु' એ શબ્દનો કશો અર્થ પોતાની નોટ્સમાં પાછળ આપતા નથી. એટલે કે એ શબ્દ એમને સમજાયો નથી એ ચોક્કસ છે. ડૉ. યાકોબીએ સ્થિર કરેલ પાઠ ભવિષ્યદત્ત આખ્યાનવાળી ગાથા આપણી સામે ન હોય તો જરા પણ ખોટો નથી; ઉલટો સુયોગ્ય લાગે છે. પણ ભવિષ્યદત્ત આખ્યાનવાળી ઉપર્યુક્ત ગાથા વાંચ્યા પછી આપણે રાજાના નામ તરીકે 'मरुत्' શબ્દ લેવો જોઈએ. અને 'મહોદર' ને મોટા ઉદરવાળો એ અર્થમાં એના વિશેષણ તરીકે લેવું જોઈએ.

વધારાનાં વિશેષ નામો

ભવિષ્યદત્ત આખ્યાનમાં નિમ્નોક્ત નામો વધારાનાં છે એટલે કે ભવિષ્યદત્ત કથામાં એ વપરાયાં નથી. વરદત્તની સ્ત્રી અને સરૂપાની માતા મનોરમા, ભવદત્ત અને નાગસેન (ભવિષ્યાનુરૂપાના માતા પિતા), કાંપિલ્યપુરનો રાજા નંદ, ગંધર્વનો રાજા ગંધર્વસેન અને તેની સ્ત્રી ગાંધારી, વસુંધરની સ્ત્રી સુમતિ તેમ જ તેના પુત્રો શ્રીવર્ધન તથા નંદિવર્ધન ઇત્યાદિ. જ્યારે ભવિષ્યદત્ત કથામાં નીચે લખેલ વિશેષ નામો એવાં છે કે જે ભવિષ્યદત્ત આખ્યાનમાં વપરાયાં નથી. કમલશ્રીનો પિતા હરિબલ કે હરિદત્ત જયલક્ષ્મી

અને ચંદ્રલેખા, કાંચનમાલા, ચિત્રાંગ, પ્રિયસુંદરી, પૃથુમતિ, લોહજંઘ, અનન્તપાળ, હરિપતિ, પર્વતપતિ, અભિનંદન, ક્ષુલ્લક, રોહિણી, કનકપ્રભ, સૂર્યપ્રભ, ચંદ્રરાશિ, તારા, સુતારા, ગુણમાલા ઇત્યાદિ ઇત્યાદિ.

સ્થળનાં નામો

ભવિષ્યદત્ત આખ્યાન અને ભવિષ્યદત્ત કથા એ બન્નેમાં સ્થળનાં નામો લગભગ એક સરખાં છે. કુરુદેશ, ગજપુર, સુવર્ણભૂમિ, મૈનાક દ્વીપ, ચંદ્રપ્રભ જિનાલય, દ્વીપતિલક-નગર, કાંપિલ્યપુર, સિંહલદ્વીપ અને અરિપુર વગેરે વગેરે. તિલકને બદલે દ્વીપતિલક, કાંચનભૂમિને બદલે સુવર્ણભૂમિ, કુરુજંગળને બદલે કુરુદેશ એવા નહિ જેવા શાબ્દિક ફેરફારો સિવાય સ્થળનાં નામો બન્નેમાં લગભગ સરખાં જ છે.

પ્રસંગો

બન્ને કૃતિઓમાં પ્રસંગો લગભગ સરખા જ છે. પરંતુ આગળ કહ્યું તેમ ભવિષ્યદત્ત કથા પ્રમાણમાં ઘણી મોટી હોઈ સ્વાભાવિક રીતે એમાં વર્ણન વિસ્તાર જરૂર વધારે છે, એમાં આવતા ચાર પ્રસંગો (નાના મોટા મળી છ પ્રસંગો) વિષે અહિંઆ ખાસ નોંધ લેવી આવશ્યક છે. નામમુદ્રા, જયલક્ષ્મી અને ચંદ્રલેખાએ કરેલી ભવિષ્યાનુરૂપાના પાતિવ્રત્યની કસોટી, કાંચનમાલાનો ધનપતિ તરફનો ઉપાલંભ અને પોતનપુરના રાજાએ ભૂપાળ રાજા પાસે ચિત્રાંગને મોકલીને કરેલી માંગણીઓ અને તેમાંથી ઉદ્ભવેલું યુદ્ધ. આમાંનો પ્રથમ તો બન્ને કૃતિઓમાં છે. ભવિષ્યદત્ત આખ્યાનમાં "નામમુદ્રા" શબ્દનો પ્રયોગ થયો છે જ્યારે ભવિષ્યદત્ત કથામાં "નાગમુદ્રા" શબ્દ પ્રયોગ થયેલો છે. ભવિષ્ય પોતાની એંધાણીરૂપે પોતાની માતા કમલશ્રી સાથે ભવિષ્યાનુરૂપા ઉપર "નાગમુદ્રા" મોકલાવે છે. મારી દૃષ્ટિએ ભવિષ્યદત્ત કથાગત "નાગમુદ્રા" શબ્દ કરતાં "નામમુદ્રા" શબ્દનું સાર્થક્ય વિશેષ છે.

છેલ્લા ત્રણ પ્રસંગો કવિ ધનપાળે મૂળ વસ્તુને એમને એમ રાખી માત્ર કળાની દૃષ્ટિએ ઉમેર્યા હોય એમ લાગે છે અને એ એકમાત્ર ઘટના ઉપરથી કવિ ધનપાળને હું મહેશ્વર સૂરિના અનુવર્ત્તી તરીકે કહેવા પ્રેરાયો છું. મહેશ્વર સૂરિ કહે છે કે "लेसेण एएयं पंचमिफलसंजुयं दसमं ॥ १० । ४८६ ॥" એટલે એમણે સંક્ષેપમાં બધું કહ્યું છે. તેમ જ ધનપાળ પણ કહે છે કે "पारंपरकव्वहं लहिवि भेउ मइ झंखिउ सरसइवसिण एउ" (ચૌદમી સંધિને અંતે). મહેશ્વરસૂરિએ કથાવસ્તુ ગમે ત્યાથી લીધી હોય અગર તો નવીન જ કલ્પી હોય અગર સુધારા વધારા કરી રચી હોય—ગમે તે હો. પણ ધનપાળે તો ભવિષ્યદત્ત આખ્યાન ઉપરથી જ પોતાની કથા રચી હોય એમ દેખાય છે. કારણ કે બન્નેમાં તદ્દન સામ્ય છે. ઉપર્યુક્ત ત્રણ પ્રસંગો નવા છે; અને એ નવા છે એટલે જ ભવિષ્યદત્ત કથામાં વધારે વિશેષ નામો આવે છે. બાકી બધાં નામો—વિશેષ નામો અને સ્થળનાં નામો—આપણે ઉપર જોઈ ગયા તેમ લગભગ સરખાં છે—કોઈ ઠેકાણે પર્યાયો મુક્યા છે તો કોઈ ઠેકાણે પૂર્વ પદને બદલે ઉત્તર પદ અને ઉત્તર પદને બદલે પૂર્વ પદ એમ આડા અવળા ગોઠવવામાં આવ્યા છે. એ સિવાય ખાસ કશો ફેરફાર નથી. ધનપાળની ભવિષ્યદત્ત કથા ઉપરથી મહેશ્વર સૂરિએ ભવિષ્યદત્ત આખ્યાન રચ્યું હોત

તો બીજા પ્રસંગોની જેમ ત્રણેય પ્રસંગોને પોતે ખુશીથી એકાદ બે ગાથામાં ટુંકાવી મુકી શકત, પણ તેમ નથી. એટલે મહેશ્વર સૂરિ રચિત "પંચમી માહાત્મ્ય" કરતાં પ્રાચીન, પંચમીવિષયક કોઈ કથા ગ્રન્થ આપણને ઉપલબ્ધ ન થાય ત્યાંસુધી આપણે એમ જ માનવું રહ્યું કે ધનપાળ કવિ પાસે મહેશ્વરસૂરિ રચિત "પંચમી માહાત્મ્ય" આદર્શ રૂપે હોવું જોઈએ; અને એમાં દસમા આખ્યાનને મૂળ તરીકે નજર સમક્ષ રાખતાં કળાની દૃષ્ટિએ જ્યાં જ્યાં એને યોગ્ય લાગ્યું ત્યાં ત્યાં મૂળને અન્યાય કર્યા વિના પ્રસંગો યોજી વર્ણન વિસ્તાર કર્યો. એકલા પોતનપુરના રાજાની લડાઈના પ્રસંગ માટે તેરમી અને ચૌદમી સંધિ રોકવામાં આવી છે. ભૂપાળ રાજાને અર્ધું રાજ્ય અને પોતાની પુત્રી ભવિષ્યને આપવાં હતાં; તેના ઔચિત્ય માટે અને પોતાની કવિત્વશક્તિ બતાવવા સારૂ યુદ્ધનો પ્રસંગ યોજી ભવિષ્યને પરાક્રમી સિદ્ધ કરે છે. આ સિવાય આ પ્રસંગનો બીજો કશો ઉપયોગ નથી. એ સંધિઓ કાઢી લેવામાં આવે, તો પણ વસ્તુના પ્રવાહમાં જરાય ખલલ પડતી નથી. એટલે મારૂં એમ દૃઢપણે માનવું છે કે ધનપાળ કવિએ પોતાની ભવિષ્યદત્ત કથા મહેશ્વર સૂરિએ રચેલ "પંચમી માહાત્મ્ય" અથવા "જ્ઞાનપંચમી કથા" ની અંતર્ગત દસમા અને છેલ્લા ભવિષ્યદત્ત આખ્યાન ઉપરથી રચી છે અને તેથી તે મહેશ્વરસૂરિનો અનુવર્ત્તી એટલે ઈ. સ. ની અગીઆરમી સદીની છેલ્લી પચ્ચીસીમાં થયો હોવો જોઈએ. મારા આ અભિપ્રાયના સમર્થનમાં પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીનું આ વાક્ય "साम्प्रतं प्रसिद्धा धर्कटवणिग्वंशोद्भवधनपालनिर्मिता........अपभ्रंशा भविस्सयत्तकहा (पञ्चमीकहा) अस्या एव प्रान्तकथायाः प्रपञ्चरूपा" ખાસ નોંધું છું. અહિં આ વાપરેલો "अस्याः" શબ્દ મહેશ્વર સૂરિ રચિત "પંચમી કથા" અને "प्रान्तकथा" એટલે ભવિષ્યદત્ત આખ્યાન સમજવાનું છે.

પછી તો એમ બન્યું કે જ્ઞાનપંચમી કથા કે સૌભાગ્યપંચમી કથા પુરતા શ્વેતાંબર આમ્નાયના આદરક્ષક મહેશ્વર સૂરિ ગણાયા અને કનકકુશળ તથા ક્ષમાકલ્યાણ વગેરે તેમને ચીલે ચાલ્યા. અને શ્રુતપંચમી કથા પુરતા દિગંબર સંપ્રદાયના અગ્રિમ પ્રસ્થાપક ધનપાળ ગણાયા (કારણ કે આપણે આગળ જોયું તેમ મૂળ શ્વેતાંબરોની આ કથામાં દિગંબર અંશ ઉમેરી એને દિગંબરી ઓપ આપનાર પ્રથમ કવિ ધનપાળ છે) અને તેમને સિંહસેન અપરનામ રઈધુ, શ્રીધર વગેરે પોતાના "ભવિષ્યદત્ત ચરિય" માં અનુસર્યા.

*

---

૧૪ ઉપર્યુક્ત "જેસલમીર ભાંડાગારીય ગ્રન્થાનાં સૂચી" પૃ. ૪૪.

૨.૧.૧૩

सोलंकी समयना राजपुरुषोनी नामावलि

लेखक—श्रीयुत रामलाल चुनीलाल मोदी—पाटण

*

ગયા વર્ષના 'ગુજરાત સમાચાર'ના દીપોત્સવી અંકમાં 'સોલંકી સમયના રાજ્યાધિકારીઓ' વિષે લેખ લખ્યો હતો. તેમાં તેમની પદવીઓ અને અધિકારો વિષે ચર્ચા કરી હતી. આ લેખમાં એ પદવીઓ ઉપર કયા કયા માણસો હતા તેમના નામની યાદી આપવા ધારૂં છું. આ યાદી બે ભાગમાં આપી છે. પહેલા ભાગમાં જૈન અધિકારીઓનાં નામ છે અને બીજા ભાગમાં જૈનેતર અધિકારીઓનાં નામ આપ્યાં છે. જૈન અધિકારીઓનાં નામ મુખ્ય રીતે જૈન લેખકોના લખેલા પ્રબન્ધો અને ગ્રંથોની પ્રશસ્તિઓ તથા પુષ્પિકાઓ (Colophons) માં જોવામાં આવે છે, પરન્તુ કેટલાક અપવાદો બાદ કરતાં દાનપત્રો કે શિલાલેખોમાં તેમનાં નામ જોવામાં આવતાં નથી. તેથી ઉલટું જૈનેતર (વૈદિક ધર્મના) અધિકારીઓનાં નામ માત્ર દાનપત્રો અને શિલાલેખોમાં અને ક્વચિત્ ક્વચિત્ ગ્રંથોની પુષ્પિકાઓમાં જોવામાં આવે છે. આનું કારણ હું એમ સમજું છું કે સોલંકી વંશના રાજાઓ વૈદિક ધર્માનુયાયી હોવાથી અને તેમણે બ્રાહ્મણોને અને વૈદિક ધર્મમંદિરોને દાન આપેલાં હોવાથી, તેમાં જૈન અધિકારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહિ હોય. તેમ જ વૈદિકોમાં જૈનોના જેવી ગ્રંથલેખન અને પુસ્તક સંરક્ષણની ધાર્મિક પ્રથા નહિ હોવાથી, વૈદિક રાજ્યાધિકારીઓનાં નામવાળા ગ્રંથો બહુ અલ્પસંખ્યામાં મળી આવે છે. જૈન મંત્રીઓએ મોટાં ધર્મમંદિરો બંધાવ્યાં હતાં, તેના શિલાલેખોમાં તેમના પૂર્વજોની હકીકતો નોંધાઈ હોય છે અને તેમણે દાન આપીને લખાવેલાં પુસ્તકોમાં પણ એવા પ્રકારની હકીકત નોંધાઈ હોય છે. આ પ્રશસ્તિઓમાં કેટલીકવાર અતિશયોક્તિઓ પણ જોવામાં આવે છે. જેમ કે જૈન પ્રબંધોમાં ઉદયનને કુમારપાલનો મહામાત્ય જણાવેલો છે, છતાં પણ શિલાલેખોના પુરાવાથી સિદ્ધ થઈ શકે છે કે તે કદી પણ મહામાત્ય બન્યો નહોતો. તેના પૌત્ર કુમારસિંહને એક પ્રશસ્તિમાં મહામાત્ય જણાવ્યો છે, પણ ગિરનારના તેના જ વંશજના લેખમાં તેને કોષ્ઠાગારિક (કોઠારી) જણાવેલો છે. આથી પ્રબન્ધોની હકીકતોને ઉત્કીર્ણ લેખોનો ટેકો મળે નહિ ત્યાં સુધી એ ઉલ્લેખો સંપૂર્ણ આધારભૂત ગણી શકાય નહિ.

આ નામાવલિ સંપૂર્ણ હોવાનો દાવો નથી. કેટલાંક નામ રહી ગયાં હોવાનો સંભવ છે. ફાર્બસ સભા તરફથી પ્રકટ થતા ઐતિહાસિક લેખોના પુસ્તકનો ત્રીજો ભાગ પ્રસિદ્ધ થયા પછી કેટલાંક નામ ઉમેરવાનાં રહેશે. આ પ્રયાસ પ્રથમ છે, તેથી કોઈને અપૂર્ણતા જણાય અને તે વિષે સૂચના કરવામાં આવશે તો લેખક આભારી થશે.

આ લેખના પહેલા ભાગમાં બે નામાવલિઓ આપી છે. તેમાં રાજાઓનો સમય અને આધારભૂત ગ્રંથો અને લેખોના નિર્દેશ કરેલો છે. રાજપુરુષોના સમયનું વર્ષ પણ આપવામાં આવ્યું છે બીજા ભાગમાં રાજ્યાધિકારની પદવીના અધિકાર વિષે થોડીક માહીતી આપી છે. આ યાદીમાં માંડલિક રાજાઓ કે સામંતો અને રાજપુરોહિતોનાં નામોનો સમાવેશ કર્યો નથી, કેમ કે તેમને રાજ્યના અધિકારી ગણી શકાય નહિ.

(१) राजपुरुषोनी नामावलि

अ जैन

નામ	અધિકાર	આધાર
પ્રથમ મૂલરાજ—સં. ૯૯૮ થી ૧૦૫૩		
૧ વીર મહત્તમ (મહેતા)	(૧) મંત્રી. (ટંકશાળનો અધિકારી)	નેમિનાથ ચરિત (કાવ્યાનુશાસનનો અંગ્રેજી ઉપોદ્‌ઘાત—ર. છો. પરીખ)
	(૨) મહામંત્રી.	પ્રા. જૈ. લે. સંગ્રહ ભા. ૨, પૃ. ૧૪૬
*		
ચામુંડરાજ—સં. ૧૦૫૩ થી ૧૦૬૬		
„	મંત્રી	પ્રભાવક ચરિત—વીરપ્રબંધ શ્લો. ૧૩૬
*		
પહેલો ભીમદેવ: સં. ૧૦૭૮ થી ૧૧૨૦		
૨ નેઢ	મત્રી	ને. ના. ચ. (૨ છો. પરીખ)
૩ વિમલ	દંડનાયક (ચન્દ્રાવતી).	સં. ૧૧૮૧ આબુ ઉપરનો વિમલ-વસતિનો લેખ
૪ જાહિલ્લ	વ્યયકરણ અમાત્ય (ખર્ચખાતાનો પ્રધાન).	જૈનસાહિત્યનો ઇતિહાસ, ટિ. ૨૩૩
*		
પહેલો કર્ણદેવ—સં. ૧૧૨૦ થી ૧૧૫૦		
૫ ધવલક	મંત્રી.	મલ્લચરિત, અધ્યાય ૩
૬ મુંજાલ	મહામાત્ય.	સં. ૧૧૪૬ યોગદૃષ્ટિસમુચ્ચયની પુષ્પિકા (જૈ. સા. ઇ. પૃ. ૨૧૯)
	મંત્રી.	પ્રબન્ધચિન્તામણિ, પૃ. ૮૮
૭ સંપત્કર (સાંતૂ)	મહામાત્ય.	કર્ણસુન્દરી નાટિકા
*		
સિદ્ધરાજ—સં. ૧૧૫૦ થી ૧૧૯૯		
૮ „	મહામાત્ય.	પ્ર. ચિ., પૃ. ૯૧
૯ આશુક	મહામાત્ય.	સં. ૧૧૭૯ ઉત્તરાધ્યયનવૃત્તિની પુષ્પિકા (જૈ. સા. ઇ. પૃ. ૨૪૭)
૧૦ સજ્જન	દંડનાયક (સોરઠ).	સં. ૧૧૮૦ તીર્થકલ્પ તથા પ્ર. ચિ. પૃ. ૧૦૫
૧૧ ઉદયન	મત્રી.	પ્ર ચિ. પૃ. ૧૨૫
૧૨ સોમ	કોશાધિકારી. (ખજાનચી)	કીર્તિકૌમુદી, ૩, ૧૪

*

કુમારપાલ–સં. ૧૧૯૯ થી ૧૨૨૯

૧૩ વાગ્ભટ	(૧) અમાત્ય.	દ્વ્યાશ્રય કાવ્ય, ૨૦, ૯૧
	(૨) મહામાત્ય.	પ્ર. ચિં. પૃ. ૧૨૭
૧૪ આલિગ	જ્યાયાન્ પ્રધાન. (મહાપ્રધાન)	,,
૧૫ સજ્જન	દંડનાયક (ચિતોડ). સં. ૧૨૦૭	ચિતોડનો શિલાલેખ
૧૬ આંબડ	મંત્રી.	પ્ર. ચિ. પૃ. ૧૪૨
૧૭ સોલાક	સત્રાગાર.	,, ૧૬૪
૧૮ પૃથ્વીપાલ	(૧) મંત્રી. સં. ૧૨૦૫ પ્રા. જૈ. લે. સં. ભા. ૨; પૃ. ૧૨૭	
	(૨) મહામાત્ય.	મલ્લીનાથ ચરિત પ્રશસ્તિ
૧૯ કુમારસિંહ	(૧) કોશાગારિક.	ગિરનારનો હાથી પગલાનો લેખ
	(૨) મહામાત્ય. સં. ૧૨૨૫	પૃથ્વીચંદ્ર ચરિતની પુષ્પિકા, જેસલમેરના ભંડારોની સૂચિ, ૧૭
૨૦ વાધૂયન	મહામાત્ય. સં. ૧૨૨૭	મહાપુરિસ ચરિયની પુષ્પિકા, પ્ર. ચિં. પૃ. ૧૪૧
૨૧ કપર્દિન્	મંત્રી.	જેસલમેરના ભંડારોની સૂચિ, પૃ. ૩૯ પ્ર.ચિં.પૃ.૧૪૧

*

અજયપાલ–સં. ૧૨૨૯ થી ૧૨૩૨

,,	મહામાત્ય.	પ્ર. ચિં. પૃ. ૧૫૭
૨૨ આભડ	મંત્રી.	ચતુર્વિંશતિપ્રબન્ધ
૨૩ આનન્દ	મંત્રી.	ને. ના. ચ. (ર. છો. પરીખ)
૨૪ યશઃપાલ	મંત્રી.	મહામોહપરાજય

*

બીજો ભીમદેવ–સં. ૧૨૩૪ થી ૧૨૯૮

૨૫ વસ્તુપાલ	મહામાત્ય.	પ્રબન્ધો અને આબુના લેખો
૨૬ તેજઃપાલ	મંત્રી.	,, ,,

*

વીસલદેવ–સં. ૧૩૦૦ થી ૧૩૧૮

૨૭ પદ્મ	(૧) મંત્રી.	પદ્માનન્દકાવ્યપ્રશસ્તિ ૧૯, ૫૦
	(૨) કોશાગારિક.	ચતુર્વિંશતિ પ્રબન્ધ–અમરચન્દ્રસૂરિપ્ર૦

*

च वैदिक

પહેલો મૂળરાજ–સં. ૯૯૮ થી ૧૦૫૩

૧ શિવરાજ	મહત્તમ (મહામાત્ય?) સં. ૧૦૫૧	સાચોરનું દાનપત્ર
૨ જેહુલ	મહાપ્રધાન	દ્વ્યાશ્રય કાવ્ય ૨, ૫૬ (ટીકા)
૩ જમ્ભક	મહામંત્રી	,, ,,
૪ જય	મહાસાંધિવિગ્રહિક. સં. ૧૦૩૦	હ. હ. ધ્રુવ નિર્દિષ્ટ દાનપત્ર (અપ્રસિદ્ધ)

*

ચામુંડ–સં. ૧૦૫૩ થી ૧૦૬૬

૫ માધવ	મહામંત્રી.	શ્રીધરની દેવપાટણ પ્રશસ્તિ શ્લો. ૧૨

*

પહેલો ભીમ–સં. ૧૦૭૮ થી ૧૧૨૦

૬ ચંડશર્મા	મહાસાંધિવિગ્રહિક. સં. ૧૦૮૬-૯૩	દાનપત્રો
૭ દામોદર	સાંધિવિગ્રહિક (માલવા).	પ્ર. ચિ. તથા દ્વયા. કા.

*

કર્ણદેવ–સં. ૧૧૨૦ થી ૧૧૫૦

૯ [સ]ગાંદિલ	મહાસાંધિવિ० સ. ૧૧૩૧	નવસારીનું દાનપત્ર
૧૦ આહિલ	,, સ. ૧૧૪૮	સૂણકનું દાનપત્ર
૧૧ કેક્કક	આક્ષપટલિક. ,,	,,

*

સિદ્ધરાજ–સં. ૧૧૫૦ થી ૧૧૯૯

૧૨ અંબાપ્રસાદ	વ્યયકરણ (અમાત્ય). ખર્ચખાતાનો અધિકારી સ. ૧૧૯૫	ઉજ્જૈનનો શિલાલેખ
૧૩ દાદાક	મહત્તમ. (મહામાત્ય). ,,	,,
૧૪ મહાદેવ	દંડનાયક (માળવા). ,,	,,
૧૫ ગાંગિલ	મંત્રી.	મુદ્રિતકુમુદચન્દ્ર પ્રકરણ અં. ૩ તથા પ્ર. ચ.–દેવસૂરિપ્રબંધ શ્લો. ૧૭૨
૧૭ જગદેવ	પ્રતીહાર.	કી. કૌ. ૨, ૯૯

*

કુમારપાલ–સં. ૧૧૯૯ થી ૧૨૨૯

(૧૪) મહાદેવ	મહામાત્ય. સં. ૧૨૦૨ થી ૧૨૧૬	બાલી, કિરાડૂના શિલાલેખ
૧૮ લક્ષ્મણ	મહાક્ષપટલિક. સં. ૧૨૧૨	દાનપત્ર (ર. છો. પરીખ)
૧૯ આહડ	દંડનાયક (માળવા). સં. ૧૨૨૨	ઉદયપુર (માળવા) નો શિલાલેખ
૨૦ દેલણ	મહાસાંધિવિ०	ર. છો. પરીખ
૨૧ જસોધવલ	મહામાત્ય. સં ૧૨૨૦	ઉદયપુર (માળવા)નો શિલાલેખ
૨૨ વયજલ્લ	મહાદંડનાયક. સં. ૧૨૧૩–૧૬	સેવાડી તથા બાલીના શિલાલેખો
૨૩ વલ્લ	મંત્રી.	શ્રીધર પ્રશસ્તિ (સ. ૧૨૭૩)
૨૪ મૂલુક	નાયક (સોરઠ). સં. ૧૨૦૨	માંગરોળની વાવનો શિલાલેખ

*

અજયપાલ–સં. ૧૨૨૯ થી ૧૨૩૨

૨૫ સોમેશ્વર	મહામાત્ય. સં. ૧૨૨૯–૩૧	ઉદયપુર (માળવા) શિલાલેખ તથા દાનપત્ર
૨૬ લૂણપસાક	દંડનાયક. સં. ૧૨૨૯	ઉપરનો શિલાલેખ
૨૭ શોભનદેવ	પ્રતીહાર. સં. ૧૨૩૧	ઉપરનું દાનપત્ર

*

બીજો ભીમદેવ–સં. ૧૨૩૪ થી ૧૨૯૮

૨૮ રત્નસિંહ	મુદ્રાધિકારી. સં. ૧૨૪૭	પ્ર. ચં. ચ. ની પુષ્પિકા (પિટર્સન ત્રીજો રિપોર્ટ, પૃ. ૫૧)
(૨૭) શોભનદેવ	દંડનાયક (લાટ). ,,	,,
૨૯ ભીમાક	મહાસાધિવિ૦ ૧૨૫૬	પાટણનું દાનપત્ર
૩૦ કુંયર	મહાક્ષપટલિક. ,,	,,
૩૧ વોસરિ	,, ૧૨૬૩	ગાંભુ તથા આહાડના દાનપત્ર
૩૨ સૂરઈ	મહાસાધિવિ૦ ,,	આહાડનુ દાનપત્ર
૩૩ ઠાભૂ	મહામુદ્રામાત્ય. ૧૨૬૫	આબુનો શિલાલેખ
૩૪ રતનપાલ	મહામાત્ય. સં. ૧૨૬૬	દાનપત્ર
૩૫ સોમરાજ	મહાપ્રતીહાર. ,,	,,
૩૬ શોભન	મુદ્રાધિકારી ,,	,,
૩૭ બહુદેવ	મહાસાંધિવિ૦ સ ૧૨૮૩-૮૭-૮૮	દાનપત્રો
૩૮ વયજલ	,, સં. ૧૨૯૫-૯૬	,,

*

ત્રિભુવનપાલ–સં. ૧૨૯૮ થી ૧૩૦૦

(૩૭) બહુદેવ	મહાક્ષપટલિક. સ. ૧૨૯૯	દાનપત્ર
(૩૮) વયજલ	મહાસાધિવિ૦	

*

વીસલદેવ–સં. ૧૩૦૦ થી ૧૩૧૮

૩૯ નાગડ	મહામાત્ય. સ ૧૩૧૫–૧૭	પોરબંદરનો શિલાલેખ તથા દાનપત્ર (સ. ૧૩૧૭)
૪૦ સલખણસિંહ	દેશાધિપતિ (સોરઠ અને લાટ).	કટિલાનો શિલાલેખ
૪૧ સામંતસિંહ	દેશાધિપતિ (સોરઠ).	,,

*

અર્જુનદેવ–સં. ૧૩૧૮ થી ૧૩૩૧

(૪૧) સામંતસિંહ	દેશાધિપતિ (સોરઠ), સ. ૧૩૨૦	કટિલાનો લેખ
૪૨ માલદેવ	મહામાત્ય. સ ૧૩૨૦–૨૮	વેરાવળ અને કચ્છના શિલાલેખો

*

સારંગદેવ–સં. ૧૩૩૧ થી ૧૩૫૩

૪૩ પાલ્હ	દેશાધિપતિ (સોરઠ). સં ૧૩૩૦	ગિરનારનો શિલાલેખ
૪૪ કાન્હ	મહામાત્ય સં ૧૩૩૨	કચ્છનો શિલાલેખ
૪૫ મધુસૂદન	,, સં ૧૩૪૮	અનાવાડા (પાટણ) નો શિલાલેખ
૪૬ પેથડ	મુદ્રાધિકારી (પાલણપુર). ,,	,,
૪૭ વાઘૂય	મહામાત્ય. સં ૧૩૫૦	આબુનો શિલાલેખ
૪૮ માધવ	,, સં. ૧૩૫૦	નૈષધકાવ્યની ટીકા

*

કર્ણદેવ–સં. ૧૩૫૩ થી ૧૩૫૬

(૪૮) માધવ	મહામાત્ય.	વિચારશ્રેણિ, તીર્થકલ્પ, ધર્મારણ્ય અને નેણસીની ખ્યાત.

*

(૨) પદવીઓનો પરીચય

મહામાત્ય

રાજાનો મુખ્ય પ્રધાન. તેની પાસે રાજ્યની મહામુદ્રા (શાહીમહોર–privy seal) રહે. બધા મંત્રીઓ તેના તાબામાં હોય. તેને મહામંત્રી અથવા મહત્તમ પણ કહેવામાં આવે છે.

મહાપ્રધાન

મહામાત્ય અને મહાપ્રધાન એ બે પદવીઓ જૂદી હોય એમ જણાય છે. દ્વયા. કા. માં ખેરાળુના રાણા જેહુલને મહાપ્રધાન કહ્યો છે. એથી એમ સમજાય છે કે સામતોમાં જે મુખ્ય હોય તેને મહાપ્રધાન કહેતા હશે.

મંત્રી

મહામાત્યની હાથ નીચેના પ્રધાનો મંત્રીઓ અથવા સચિવો કહેવાતા. મંત્રી સામાન્ય અર્થમાં દરેક ખાતાના ઉપરી અધિકારીને કહેવામાં આવતો. પરંતુ અમુક પ્રાંતના વહીવટને માટે જૂદા મત્રીઓ હતા—જેમ કે સોરઠનો મંત્રી, લાટનો મંત્રી, વગેરે. તેની પાસે પોતાના પ્રાંત (દેશ કે મંડળ) નું દફતર રહેતું. તેને સામાન્ય રીતે રાજધાનીમાં રહીને પોતાના પ્રાંતનો વહીવટ કરવાનો હતો.

દેશાધિપતિ

આ અધિકારી પ્રાંતમંત્રીના હાથ નીચે હતો. તે પ્રાંતના સ્થળે રહીને વહીવટ ચલાવતો. તે મંત્રીનો વિશ્વાસુ માણસ હતો.

નાયક

દૂરના પ્રાંતમાં વ્યવસ્થા જાળવવા જે સૈન્ય રાખવામાં આવતું તેનો ઉપરી નાયક કહેવાતો. તેનો દરજ્જો દેશાધિપતિ જેટલો જ હતો.

સાંધિવિગ્રહિક

પર રાજ્યોમાં જે પ્રતિનિધિ (એલચી) રહેતો તે સાંધિવિગ્રહિક કહેવાતો. પરરાજ્યો' સાથેનો રાજકીય વ્યવહાર તેની મારફતે ચાલતો હતો. યુદ્ધના વખતમાં તે સંદેશવાહકનું કામ કરતો.

મહાસાંધિવિગ્રહિક

બધા સાંધિવિગ્રહિકોનો ઉપરી મહાસાંધિવિગ્રહિક કહેવાતો. તે રાજધાનીમાં રહેતો, પરંતુ તેને રાજાની સાથે ફરવાનું હતું. હાલના પરરાષ્ટ્ર મંત્રી (foreign minister) ના જેવું તેનું કામ હતું. ધર્માદા ખાતું તેના તાબામાં હતું. દાનમાં આપેલી જમીન મૂળ માલીક પાસેથી લેઈ દાન લેનારના કબજામાં સોંપવવાનું કામ તે કરતો અને તેથી દાનપત્રોમાં દૂતક તરીકે તેની નિમણોક થતી હતી. દૂતકની જૂદી પદવી હતી નહિ.

અક્ષપટલિક

ગામડાઓમાં અને નગરોમાં રાજ્યનાં ખતપત્રો લખવાનું કામ જે અધિકારીઓ કરતા તે અક્ષપટલિકો કહેવાતા. હાલનો પટેલ (મરાઠી પાટીલ) શબ્દ પટલિક ઉપરથી થયો છે.

મહાક્ષપટલિક

બધા અક્ષપટલિકોનો ઉપરી મહાક્ષપટલિક હતો. તે રાજધાનીમાં રહેતો. રાજ્યનો પત્રવ્યવહાર તેની કચેરીની મારફતે થતો. રાજકીય ખતપત્રો પણ તેની કચેરીમાં તૈયાર થતાં હતાં. દાનપત્રોના મુસદ્દા પણ તે તૈયાર કરતો. દાનપત્રોના લેખક તરીકે તેનું જ નામ હોય છે.

દંડનાયક

જીતેલો મુલક મૂળ રાજાને પાછો આપી તેને માંડલિક બનાવે, ત્યારે તેના ઉપર દેખરેખ રાખવા જે અધિકારી નીમાવામાં આવે તેને દડનાયક કહેવામાં આવતો. હાલના રેસિડન્ટ કે પોલીટીકલ એજંટ જેવો તે હતો. ઉપરાંત તેની કઈંક લશ્કરી સત્તા પણ હશે એમ તેના નામ ઉપરથી જણાય છે.

મહાદંડનાયક

એક લેખમા વૈજલને મહાપ્રચડ દંડનાયક કહ્યો છે. તે ઉપરથી જણાય છે કે તે દંડનાયકોનો ઉપરી હશે. હાલના વાઈસરોયના પોલીટીકલ સેક્રેટરી જેવા તેના અધિકારો હોવાનો સભવ છે.

મુદ્રાધિકારી

લોકોના ખતપત્રો નોંધનાર અધિકારી મુદ્રાધિકારી કહેવાતો. તે રાજ્યનાં મોટાં નગરોમાં રહેતો. હાલના નોંધણી કામદાર—સબ રજીસ્ટ્રાર—જેવો તે હતો.

મહામુદ્રામાત્ય

બધા મુદ્રાધિકારીઓનો તે ઉપરી હતો. તે રાજધાનીમાં રહેતો હતો. હાલના નોંધણી સરકામદાર—ચીફ રજીસ્ટ્રાર—જેવા તેના અધિકારો હશે.

કોશાધિકારી

રાજ્યના ખજાનાનો તે ઉપરી હતો. હાલના ઍકાઉન્ટન્ટ જનરલ જેવા તેના અધિકાર હોવા જોઈએ.

વ્યયકરણ અમાત્ય

ખરચ ખાતાનો તે ઉપરી હતો. આ ઉપરથી જણાય છે કે રાજ્યની ઉપજ અને ખરચ ખાતાના જૂદા અમલદારો હશે. કોશાધિકારી કદાચ ઉપજ ખાતાનો અધિકારી હશે.

કોષ્ઠાગારિક (કોઠારી)

આ કદાચ રાજમહેલનાં વસ્ત્રો અને અલંકારોની વ્યવસ્થા રાખનાર અધિકારી હશે.

મહાપ્રતિહાર

રાજમહેલ સાચવનાર રક્ષકોનો અને રાજાના અંગરક્ષકોનો તે ઉપરી હતો. રાજધાનીનો તે પોલીસ અધિકારી (કોટવાલ) પણ હતો.

સત્રાગાર

ધર્મશાળાઓ, અન્નસત્રો વગેરેની વ્યવસ્થા આ અધિકારી કરતો હતો.

*

भारशिवो अथवा नवनागो

[हिंदना ई०स० १५०थी २८४ सुधीना इतिहासनो प्रकाश]

लेखक—श्रीयुत डुंगरसी धरमसी संपट—करांची

*

પ્રાગ્ ઇશુના કાળમાં થયેલા હિંદના સમ્રાટોમાં મૌર્યવંશ વિષે આપણને થોડો થોડો પ્રકાશ એમના ઇતિહાસ કાળને માટે મળ્યો છે. ચંદ્રગુપ્ત મૌર્યને વિષે આપણને જૈન સાધનો, તેમ જ મુદ્રારાક્ષસ વિગેરે અન્ય સાધનો દ્વારા પ્રકાશ મળે છે. મહાન્ પ્રિયદર્શી અશોક સંબંધી હકીકતો આપણને તેના મહાન્ આજ્ઞાસ્તંભોમાંથી મળે છે. તે પછીના કુશાનો સંબંધીનો ઇતિહાસ તેમના સિક્કાઓ અને બુદ્ધધર્મનાં પુસ્તકો આપે છે. કુશાન સમ્રાટ્ કનિષ્કસંબંધી પણ ઘણી હકીકતો આપણે બૌદ્ધ સાધનો દ્વારા જાણી છે. પરંતુ કુશાનોના હાથોમાંથી તેમનું સામ્રાજ્ય ઝુંટવી લઈ, કઈ સત્તાએ પોતાના સ્વાધીનમાં લીધું તે વિષય ઇતિહાસકારોએ બહુ ખેડ્યો નથી.

ડૉ. વિન્સેન્ટ એ. સ્મિથ

પોતાના હિંદના ઇતિહાસમાં જણાવે છે કે હિંદમાં છેલ્લો કુશાન સમ્રાટ્ વાસુદેવ હશે. એ વિશાળ સામ્રાજ્યનો શાસક હતો. એના પછી હિંદના વિશાળ ઉત્તર દેશો ઉપર રાજ્ય ચલાવતો કોઈ એક સમ્રાટ્ થયો જણાતો નથી. ઘણાં નાનાં નાનાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં હશે. ત્રીજી સદી માટે ઐતિહાસિક પ્રમાણો બિલ્કુલ લભ્ય નથી. કુશાન અને આન્ધ્ર વંશોના અંત વચ્ચેનો સમય એટલે ઈ. સ. ૨૨૦ થી ઈ. સ. ૨૩૦નો સમય અને ગુપ્ત સામ્રાજ્યના ઉદયનો સમય, જે ૧૦૦ વરસ પછી થયો હતો, તે સમયનો હિંદનો ઇતિહાસ અજ્ઞાત અવસ્થા ભોગવે છે. ઇતિહાસમાં એ સમય ખાલી રહ્યો છે.

ડૉ. કે. પી. જાયસવાલ

મિરજાપુર (સંયુક્તપ્રાંત)ના પ્રસિદ્ધ પ્રાચીન તત્ત્વવેત્તા ડૉ. જાયસવાલે આ વિષયમાં પુરાણો, જુના સિક્કાઓ, જુનાં કાવ્યો અને શિલાલેખોના આધાર ઉપરથી શોધો કરી, તે સમયમાં પણ ઉત્તર હિંદમાં મહાન્ સમ્રાટો થઈ ગયા છે એવું ચોક્કસરીતે સાબીત કર્યું છે. એમણે એ સમયના ઇતિહાસના નીચે મુજબ ભાગો પાડ્યા છે.

(૧) ઉત્તર હિંદ, નાગવંશના રાજ્ય નીચે ઈ. સ. ૧૨૦થી ઈ. સ. ૨૮૪સુધી ચાલ્યો.

(૨) ઉત્તર હિંદ, વાકાટક વંશના રાજાઓના સામ્રાજ્ય નીચે ઈ. સ. ૨૮૪થી ઈ. સ. ૩૪૮ સુધી હતો.

(૩) સમુદ્રગુપ્તનું મગધનું મહાસામ્રાજ્ય.

(૪) ઉત્તર અને દક્ષિણ હિંદનું સામ્રાજ્ય ઈ. સ. ૨૪૦થી ઈ. સ. ૩૫૦

પ્રસ્તુત લેખમાં નાગોના સામ્રાજ્યનો વિસ્તાર દેખાડાયો છે.

૨.૧.૧૪.

ભારશિવોનો ઉલ્લેખ

અંગ્રેજી ઇતિહાસકારોના ઊંડા સંશોધનના અભાવમાં અને સિક્કાઓનાં અક્ષરોના અશુદ્ધ વાચનથી અને પુરાણોમાંના ઇતિહાસનો સુમેળ નહિ હોવાથી આ ઘોટાળો થયો હોય એમ ડૉ. જાયસવાલ માને છે. બ્રાહ્મણ સમ્રાટ્ પ્રવરસેન (જે સમ્રાટ્ સમુદ્રગુપ્તની પહેલા એક સદી ઉપર ઉત્તરહિંદ અને દક્ષિણના ઘણા ભાગનો સમ્રાટ્ હતો) વાકાટક વંશનો સમ્રાટ્ હતો. આ સમ્રાટ્ના પુત્ર ગૌતમીપુત્રે ભારશિવોના સમ્રાટ્ ભાવનાગની રાજકન્યા સાથે વિવાહ કર્યો હતો. એના પુત્ર સમ્રાટ્ રુદ્રસેન પાસેથી સમુદ્રગુપ્તે સામ્રાજ્ય છીતી લીધું હતું. આ વાકાટક વંશના તામ્રપત્રમાં નીચે પ્રમાણે હકીકત મળી આવે છે.

"શિવની કૃપાથી ભારશિવોના વંશનો વિસ્તાર થયો હતો. એ સમ્રાટો શિવનાં ચિહ્નો પોતાના ખભાં ઉપર ધારણ કરતાં હતા. તેઓનો ભાગીરથીના જળમાં અભિષેક થયો હતો. એમણે પોતાના બાહુબળથી મોટું સામ્રાજ્ય મેળવ્યું હતું. તેઓએ દશ અશ્વમેધો કર્યાં હતાં."

ભારશિવો સામ્રાજ્ય મેળવે છે

ઈ. સ. ૪૮માં કુશાન સમ્રાટ્ વાસુદેવ (મથુરાના લેખપરથી) રાજ્ય કરતો હતો. કુશાનો પરદેશીઓ અને ધર્મદ્રોહીઓ હતા. ગર્ગસંહિતા અને બીજાં પુરાણોમાં એમનો ગો બ્રાહ્મણો પ્રત્યેનો દ્વેષ અને અત્યાચારોનાં ભયાવહ વર્ણનો છે. મધ્ય એશિઆમાંથી આવેલા આ કુશનોએ હિંદમાં મોટું સામ્રાજ્ય સ્થાપ્યું હતું. બુદ્ધ ધર્મનો મહાન્ પ્રશંસક સમ્રાટ્ કનિષ્ક એ વંશનો સમ્રાટ્ હતો. એ કુશાનોના હાથમાંથી ઈ. સ. ૧૬૫ અથવા ઈ. સ. ૧૭૬માં ભારશિવોએ સામ્રાજ્ય ઝુંટવી લીધું હતું, એમ ડૉ. જાયસવાલની માન્યતા છે. કારણ કે બરાબર એ જ સમયે ભારશિવોએ દશ અશ્વમેધો કર્યાં હતાં. દશ અશ્વમેધો કરનાર એ ભારશિવો કાંઈ સાધારણ રાજાઓ હોય નહિ. કુશાનો વિરૂદ્ધ એ દશ અશ્વમેધો થયાં હોવાં જોઇએ. એ રીતે ભારશિવો મોટા ચક્રવર્તિ રાજાઓ હતા.

પુરાણોમાં એમનું નામ કેમ નથી ?

પુરાણોમાં ઠેઠ ગુપ્તવંશ સુધીના ઉલ્લેખો મળે છે. પરંતુ ભારશિવોનું એમાં નામ પણ મળતું નથી. સુંગોએ બે અશ્વમેધ યજ્ઞો કર્યાં હતાં. સુંગ સમ્રાટોના નામ પુરાણોમાં મળે છે. સાતવાહન વંશના સમ્રાટોએ બે અશ્વમેધ કર્યાં હતાં. એમનાં નામો પણ પુરાણોએ જીવંત રાખ્યાં છે. પરંતુ ભારશિવોએ દશ અશ્વમેધો કર્યાં છતાં એમનો ઉલ્લેખ કેમ નથી ? પુરાણોએ એમને શા માટે અવગણ્યા છે ? અવગણ્યા નથી.

ભારશિવો જ નંદો છે

ડૉ. જાયસવાલ માને છે કે પુરાણોમાં જે નંદોનો ઉલ્લેખ આવે છે તે જ ભારશિવો છે. વાકાટક વંશના એક તામ્રપત્રમાં ભારશિવ રાજા ભાવનાગનું નામ ઉલ્લેખવામાં આવ્યું છે. એ રાજા નાગવંશનો હતો એમ ચોખ્ખું જણાવ્યું છે. એ સમ્રાટ્ શ્રીભાવનાગ ભારશિવોનો મહાન્ સમ્રાટ્ હતો. પુરાણોમાં આંધ્ર વંશના નાશ અને તેની સાથે જ

તુખારા મુરન્ડ વંશ (કુશાન સામ્રાજ્યવંશ)ના લોપ પછી બુંદેલખંડમાં વિંધ્યશક્તિના ઉદયનો ઉલ્લેખ કરેલો છે. વિંધ્યશક્તિ વાકાટક વંશનો સમ્રાટ્ હતો. વિંધ્યશક્તિના પુત્રના સામ્રાજ્યનો ઉલ્લેખ કરી પુરાણો નાગવંશનું વર્ણન કરે છે. નાગવશ વિદિશામાંથી આગળ વધ્યો હતો. વિદિશા સુંગોનું અગત્યનું શહેર હતું. ત્યાં તેમનો મુખ્ય સુબો રહેતો હતો. વિષ્ણુપુરાણ, નાગપુરાણ અને બ્રહ્માંડપુરાણમાં નાગોના વંશનું વર્ણન આપવામાં આવ્યું છે. વિષ્ણુપુરાણમાં ઉલ્લેખની શરૂવાત કરી છે કે—

नवनागाः पद्मावत्यां कान्तिपुर्यां मथुरायामनु गङ्गाप्रयागं मागधा गुप्ताश्च भोक्ष्यन्ति ।

નવનાગો પદ્માવતી, કાંતિપુર અને મથુરામાં રાજ્ય કર્તા હતા. જ્યારે મગધ ગુપ્તો ગંગા ઉપરના પ્રયાગના શાસકો હતા.

પુરાણોમાં નાગવંશ

પુરાણો નાગોને બે વિભાગોમાં મર્યાદિત કરે છે. પહેલો વિભાગ સુંગોના પહેલાં પણ નાના રાજાઓ તરીકે જીવત હતો. બીજા વિભાગના સમ્રાટો સુંગો પછી વિખ્યાતિ પામ્યા હતા. પુરાણો આ વિદિશાના નાગોને "વૃષ" શબ્દથી સંબોધે છે. વૃષનો અર્થ નંદી થાય છે. ભારશિવોનો નંદી સાથેનો સંબંધ આડકત્રીરીતે સૂચિત છે. બ્રિટીશ મ્યુઝીયમમાં હિંદના સિક્કાઓનો મોટો સંગ્રહ છે. આ સંગ્રહમાંના કૌશંબીના સિક્કાઓના રાજાઓનાં નામો તેમના ઉપરના સર્પાકારો, તથા તેમના ઉપરના તાડના વૃક્ષો વિગેરેથી એ સિક્કાઓ ભારશિવો અથવા નંદીઓના હતા એમ ડૉ. જાયસવાલ સિદ્ધ કરે છે. આ સૂક્ષ્મ ચર્ચા લખાણના ભય અને રસવિહીનતાને કારણે અત્રે ઉતારી નથી. પરંતુ નીચે પ્રમાણે નામો સિક્કાઓમાં નીકળે છે.

વંશનાં નામો	સિક્કાનાં નામો
(૧) શેષ નાગરાજ	શેષ દત્ત
(૨) રામચંદ્ર	રામદત્ત
(૩) શિશુનંદી	શિશુચંદ્ર દત્ત
(૪) શિવનંદી	*(લેખોમાં અને તામ્રપટમાં એનું નામ મળે છે.)*
(૫) ભાવનંદી	ભાવદત્ત

પુરાણો આ વશ સંબંધી કેટલીક હકીકતો જાહેર કરે છે. ડૉ. જાયસવાલ વાકાટક વંશના તામ્રપત્રો અને સિક્કાઓની મદદ લઈ ભારશિવો અથવા નંદીઓના વંશની શરૂવાતની બીનાઓ રજુ કરે છે. એ વશના વીરસેને કુશાનોને મથુરાથી હાંકી કાઢ્યા હતા. પછી દોઆબ, ગંગા અને યમુનાના પ્રદેશોમાંથી એમનું સામ્રાજ્ય નષ્ટ કર્યું હતું.

નાગ શાસન

નાગ શાસન એ જુદાં જુદાં અંગોનો એક સંઘ હતો. તેમાં મથુરા, કાંતિપુર અને પદ્માવતીના ત્રણ મુખ્ય નાગરાજ્યો હતાં. એમાં ભારશિવો મુખ્ય સમ્રાટ્ તરીકે વિરાજતા હતા, તે સિવાય કેટલાંક પ્રજાતંત્રવાદી નાના રાજ્યો પણ આ સંઘમાં જોડાયલાં

હતાં. પદ્માવતી વંશને તાકવંશ તરીકે વર્ણવવામાં આવ્યો છે. ગણપતિનાગને અર્પણ કરેલ "ભાવશતક" નામના કાવ્યમાંથી આ હકીકત મળે છે. મથુરાના નાગો યદુવંશી તરીકે ઓળખાતા, એમ કૌમુદી મહોત્સવમાં જણાવવામાં આવ્યું છે. આ નાગો યાદવો હતા અને પંજાબના "તાક" પ્રદેશમાથી આવ્યા હતા. મથુરાના વંશના સિક્કાઓ નથી મળ્યા એટલે એ વંશે સિક્કા પાડ્યા લાગતા નથી.

ભારશિવ નાગોનો વંશ

નવનાગના મુખ્ય વિભાગ ભારશિવોનો, સિક્કાઓ તથા બીજા સાધનોપરથી, નીચે પ્રમાણે વંશ ચાલ્યો હતો

સમય		સાધન	રાજ્ય વરસો
ઈ. સ. ૧૪૦–૧૭૦	નવ નાગ	સિક્કાઓ	૨૭ વરસ
,, ૧૭૦–૨૧૦	વીરસેન નાગ	સિક્કાઓ, તામ્રપત્ર	૩૪ વરસ
,, ૨૧૦–૨૪૫	હય નાગ	સિક્કાઓ	૩૦ વરસ
,, ૨૪૫–૨૫૦	ત્રય નાગ	,,	—
,, ૨૫૦–૨૬૦	બરહિણ નાગ	,,	આશરે ૭ વરસ
,, ૨૬૦–૨૯૦	ચારજ નાગ	,,	૩૦ વરસ
,, ૨૯૦–૩૧૫	ભાવનાગ	તામ્રપત્ર	

ભાવનાગનો દૌહિત્ર વિદ્યુત્શકિત વાકાટક વંશનો બ્રાહ્મણ રાજા હતો.

પેટા નાગરાજાઓ

મથુરાના નાગોના ૩ રાજાઓના કોઈ સિક્કા મળ્યા નથી. એટલે એ યાદવવંશી કહેવાતા નાગો સંબંધી હકીકત બહાર પડી નથી. પરંતુ પદ્માવતી અને કાન્તિપુરના નાગોના સમકાલીન શાસકોના નામ મલી શકે છે.

પદ્માવતી	કાંતિપુર	મથુરા
તાકવંશ	ભારશિવવંશ	યાદવવંશ
ઈ. સ. ૨૧૦–૨૩૦	ઈ. સ. ૨૧૦–૨૪૫	
ભીમનાગ	હયનાગ	અજ્ઞાત
ઈ. સ. ૨૩૦–૨૫૦	ઈ સ ૨૪૫–૨૫૦	
સ્કંદ નાગ	ત્રય નાગ	,,
ઈ. સ. ૨૫૦–૨૭૦	ઈ. સ ૨૫૦–૨૬૦	
બૃહસ્પતિ નાગ	બરહીના નાગ	,,
ઈ સ. ૨૭૦–૨૯૦	ઈ. સ. ૨૬૦–૨૯૦	
વ્યાઘ્ર નાગ	ચારજ નાગ	,,
ઈ. સ ૨૯૦–૩૧૦	ઈ. સ. ૨૯૦–૩૧૫	ઈ. સ. ૩૧૫–૩૪૦
દેવનાગ	ભાવનાગ	કિર્તિસેન
ઈ. સ. ૩૧૦–૩૪૪	ઈ. સ. ૩૧૫–૩૪૪	ઈ. સ. ૩૪૦–૩૪૪
ગણપતિ નાગ	ઇદ્રસેન	નાગસેન

ભારશિવો અથવા નાગોની ધાર્મિક માન્યતાઓ

આ નાગો મોટા શિવભક્તો હતા આ સમય શ્રીશિવભક્તિનો ઉત્તરહિંદમાં મુખ્યત્વે મનાયો છે. બુદ્ધધર્મિ મ્લેચ્છ કુશાનોએ બ્રાહ્મણો ઉપર ભારે જુલુમ કર્યો હતો. શ્રી શંકરના અધિષ્ઠાતાપણા નીચે ભારશિવોના વંશનો ઉદય થયો. એમણે જ શંકરના મંદિરો સ્થાપ્યાં હતાં. બ્રાહ્મણોના આધિપત્યનો પુનરૂદ્ધાર કર્યો હતો. ભારશિવો અથવાં નંદીઓ શ્રીશિવના અનન્ય ભક્તો હતા. એથી પોતાના રાજ્યશાસનમાં પણ શિવની સાદાઈ અને વૈરાગ્યનો પુરેપુરો ઉપયોગ કર્યો છે. તેઓ તદન સાદાઈથી ભપકા વગર અને મોજ શોખની વસ્તુઓના ઉપયોગ વગર રાજ્ય કરતા હતા એમણે શાહનશાહી કુશાન સિક્કાઓને પુરીને જુના હિંદુ ધાટીના સિક્કાઓનો ઉપયોગ કર્યો હતો. એમણે નાના હિંદુ પ્રજાસત્તાક રાજ્યોને પોતાના સંઘમાં રહી જીવવાં દીધાં હતાં. આ પ્રજા-સત્તાક રાજ્યોને સિક્કા પાડવાનો અધિકાર પણ આપ્યો હતો. તેઓ અશ્વમેધ યજ્ઞો કરતા હતાં. જુનાં હિંદુ યજ્ઞયાગાદિનો એમણે પુનરૂદ્ધાર કર્યો હતો. મગધના કોટા અને પ્રયાગના ગુપ્તો આ નાગરાજાના આશ્રિત હતા. નાગ રાજાઓએ ઠેઠ મધ્યપ્રાંત (નાગપુર) સુધી પોતાની આણ વર્તાવી હતી. એમનું સામ્રાજ્ય બીહાર, સંયુક્ત પ્રાંતો, માળવા, રાજપુતાના અને પંજાબના મદ્ર પ્રજાસત્તાક રાજ્ય સુધી પ્રવર્તેલુ હતું. કુશાનોએ આ ભારશિવોથી પરાજય પામી ઇ૦ સ૦ ૨૨૮થી ૨૪૧ સુધીમા ઇરાનના સમ્રાટ્ અરદેશરનો આશ્રય સ્વીકાર્યો હતો. ઇ૦સ૦ ૨૩૮થી ૨૬૯ સુધીમાં એમના સિક્કાઓ ઉપર ઇરાનના શાહપુરની મૂર્તિ છે. એ ભારશિવોનાં કેટલાં મદિરો પણ મળે છે. એમાં ભૂમરાનું મદિર મુખ્ય છે. એઓનાં સિક્કાઓમાં પ્રાકૃત ભાષા વપરાઈ છે. નાગર શબ્દ અને નાગરી લીપી સાથેનો એમનો સંબંધ ડૉ. જાયસવાલ સૂચવે છે.

બીજા લેખમાં વાકાટક સમ્રાટોનું વર્ણન આપીશુ.

*

केटलीक शब्दशास्त्र विषयक चर्चा

ले० – श्रीयुत हरिवल्लभ भायाणी एम्. ए.
[रिसर्च फेलो–भारतीय विद्या भवन]

*

श्री नरसिंहभाई पटेले एक पत्रद्वारा केटलाक शब्दोना मूळ विशे केटलीक नवीन कल्पनाओ चर्चा माटे रजु करी छे. तेमना कथननो सार आ प्रमाणे छे–

(१) 'स्पष्ट०' ए विशेषण 'जोवु' अर्थना प्राग्वैदिक √'स्पश्०'नु भूतकृदन्त होय, प्रचलित पश्० (पश्य्०) ए स्पश्०माथी निष्पन्न थयो होय; अने पछीथी ते, मूळे तेनाथी जुदा, 'देखवु' अर्थना √दृश्०ना आदेश तरीके वपरातो थयो होय.

(२) 'आदित्य.' ए शब्दनी 'अदितेः अपत्यं पुमान्' ए व्युत्पत्ति खरी नथी लागती. ग्रहमंडळमा सौथी आदि उत्पन्न थनार तरीके आदि०+०त्य०, एम, अत्रत्य०, पाश्चात्य०, वगेरेनी जेम, आदित्य० सधायो छे.

(३) 'आत्मन्०'नो प्राग्वैदिक अर्थ, पाछळथी प्रचलित छे ते 'जीवतत्त्व' नहि, पण मात्र 'श्वास' होय. जर्मन atmenनो अर्थ 'श्वास' थाय छे. वैदिक भाषामा प्रचलित छे ते अर्थ पाछळथी विकासद्वारा नीपज्यो होय.

(४) आलवाल०, चक्रवाल०, यज्ञवाट० ए त्रणेमा पाछलो अंश ए ०वाल०, ०वाट० (<√वट्० 'घेरवु') अथवा ०वाड०, एम भिन्नरुपे देखातो 'सीमा'वाचक शब्द न होय ?

(५) आलवाल० ए *आडवाड० (='आडीवाड') न होय ?

(६) अने तो आडंबर०नी साधना आड०+अंबर= 'आडो+पडदो' ए रीते न थई होय ?

आ सूचनोनी योग्यायोग्यता अहीं तपासी जोईए ।

१ – √दृश्० (पश्य्०) 'जोवु, देखवु'

मूळ तो लासॅने दृश्० अने पश्य्०नो संबंध चर्च्यो हतो. आ पछी तेनी

प्रसंगवशात् घणे स्थळे चर्चा थयेली छे.[1] मूळमां दृश्० अने पश्य्० बंने एक बीजाथी तदन स्वतंत्र धातु हता. पश्य्० (अथवा गणचिह्न दूर करीए तो पश्०)नुं मूळ स्वरूप √स्पश्० 'ऋग्वेद'मां प्रचलित छे. जो के तेमां पण √स्पश्०नी स्वतंत्रता लोपावानो आरंभ थई चूक्याना चिह्नो जणाय छे. कारण, √स्पश्० वर्तमान काळना रूपो माटे अंग तरीके वपरातुं नथी; ते माटे (तेम ज दृश्०ना वर्तमान अंग तरीके) √पश्य्० वपराय छे. पण वर्तमानेतर काळ ने अर्थना रूपो माटे स्पश्० (अने दृश्०) अंगो छे. जेम के अदर्शि, अस्पष्ट (अद्यतन), पस्पशे (परोक्ष), स्पाशयस्व (प्रेरक), स्पष्ट० (भूतकृदन्त), वगेरे. शिष्ट के उत्कर्षकालीन ('क्लासीकल') संस्कृतमां पण स्पष्ट०, स्पश० 'जासूस' अने पस्पशा० 'महाभाष्यनुं एक विशिष्ट प्रकरण' ए √स्पश्०माथी सधायेला रूपो जळवाई रह्यां छे. पश्य्०मां थयेलो √स्पश्०ना आदि 'स्'नो लोप सरळताथी समजावी शकाय तेम छे. कारण, वैदिक भाषानी ध्वनिमीमांसा ('फोनोलॉजी')मां स्पर्श के अनुनासिक ध्वनिना संयोगमां रहेला आदि उष्मध्वनिनो लोप करवा तरफ वलण होवानुं देखाई आवे छे.

[१]

(१) √स्कन्द्० : उत्कन्द्०

(२) √स्तम्भ्० : उत्तम्भ्०

(३) √स्फुलिङ्ग० : उत्फुलिङ्ग०

[२]

(१) अस्कृधोयु० : कृधु०

(२) चनिश्चदत्,
*श्चन्द्र [हरिश्चन्द्र०, :
चन्द्र० वगेरेमां]

(३) *स्तृण० [सरखावो : तृणं०
भूस्तृण० ('मनुस्मृति')]

[३]

√स्तन्० : तन्यति
*स्तायु० [सरखावो : तायु०
स्तेन०, स्तेयं०, वगेरे]
स्तृ० : तृ० [तारक० वगेरे]
*स्नापितृ० [सरखावोः स्नापयति]
नापित० (ब्राह्मणग्रंथ) :

---

१ जुओ 'इन्दिशॅ स्टुडिअन', ३–४४; ग्रासमान, 'वोर्तेर्बुख त्सुम ऋग्वेद', (१८७३), पा. १६०६, वगेरे, तेम ज, विधुशेखर भट्टाचार्यनो लेख (गुजराती भाषान्तर) 'संस्कृतनुं वैज्ञानिक अनुशीलन,' 'प्रस्थान' : पा. ४२५ वैशाख, १९९२

आ सौ उपरोक्त वलणना उदाहरणो तरीके टांकी शकाय.[2]

संस्कृतनी सहजन्य ('कोग्नेयट') भारत-युरोपीय भाषाओमां पण √ दृश्० अने √स्पश्०ने लगता जुदा जुदा वाचको ('वोकेबल्स') मळे छे. लाटिन specio, जर्मन spähen, अंग्रेजी spy, वगेरे √स्पश्० ना सहजन्य छे. ज्यारे ग्रीक dérkomaiनो संबंध √दृश्० साथे छे.

√दृश्० अने √स्पश्० वच्चेनो सूक्ष्म अर्थभेद भूसाई, बन्ने समानार्थ ['जोवुं' 'देखवुं'] बनी जवाथी, भाषाओना विकासमां सामान्यरीते बने छे तेम, बेमांथी एक (√स्पश्०) वपराशच्युत थयो अने तेनुं वर्तमान अंग पश्य्०, √दृश्०ना आदेश तरीके वपरावा लाग्युं, अने ए रीते √दृश्० [पश्य्०] 'जोवुं' घडायो.

२—आदित्य० 'सूर्यस्वरूप देवता'

सामान्यरीते आदित्य०नी साधनिका आम अपाय छे : √दा० 'बांधवुं' + ०ति०=दिति०; न दितिः अदितिः ('बंधनरहितता'). अदितेः अपत्यानि पुमांसः आदित्याः; पण ब्लूमफील्डे एकवार[3] आदित्य०=आदि० 'आरंभ'+ ०त्य० (संबंधवाचक प्रत्यय) 'पुरातन समयना (देवो)' [जेम के अत्रत्य०, पौरस्त्य०, पाश्चात्त्य०, वगेरे] एवी व्युत्पत्ति सूचवी हती. पण कीथ[4] कहे छे तेम आ प्रकारनुं शब्द-घडतर भाषानी रूढिनी विरुद्ध छे. कारण, ०त्य० प्रत्यय स्थळवाचक क्रियाविशेषणोमांथी संबंधवाचक विशेषणो बनाववा माटे छे, ज्यारे आदि तो विशेषण छे. ब्लूमफील्ड पोते पण पाछळथी आ अभिप्राय छोडी दे छे.

३—आत्मन्० 'पोते' 'आत्मा'

आत्मन्०नी व्युत्पत्ति विशे विद्वानोए ठीक ठीक चर्चा करी छे,[5] छतां हजी पण ते विवादास्पद रही छे. पीटर्सबर्ग—अभिधानकोश तेने √अन्० 'श्वास

---

२ विस्तृत चर्चा माटे जुओ वाकर्नागॅल : 'आल्तिन्दिशॅ ग्रामातिक' ग्रंथ १. पा. २६४–२६७.

३ जुओ ब्लूमफील्ड ; 'धी सिम्बोलिक गोड्ज', पा ४५.

४ जुओ कीथ : 'धी रिलीजिअन एन्ड फिलोसोफी ओफ धी वेद एन्ड उपनिषद्ज' ग्रंथ १, पा. २१७, पादनोंध ४.

५ जुओ दोय्सन : 'दी फिलोसोफी देर इन्देर', पा. २८५–२८६; गेल्ड्नर : 'वेदिशॅ स्टुडीन', ग्रंथ ३ पा. ११६.

लेवो' साथे सांकळे छे; वेबर तेने √अव्ं 'जवुं'मांथी व्युत्पन्न करे छे, ज्यारे ग्रास्माननो मत तेने ग्रीक åtmós जर्मनी âtum, âthom, atem, atmen, वगेरेनो सहजन्य गणी √अव्०=√वा० 'वावुं' ए धातुमांथी साधवानो छे.

बीजुं, तेनो अर्थविकास आ प्रमाणे थयो गणाय छे—

श्वास >जीव> पोतानी जात, पोते.

पण आ प्रकारनो विकासक्रम स्वीकारवा सामे बे वांधा छे—एक तो 'ऋग्वेद' मां जे चार स्थळे आत्मन्०नो 'श्वास' अर्थ लेवानो छे ते चारेय फकराओ प्राचीन होवाने बदले, मुकाबले अर्वाचीन गणाता सूक्तोमा आवेला छे. एटले 'श्वास' ए अर्थ मौलिक नहि पण गौणपणे विकसित थयो होय एम लागे छे. बीजुं, प्राचीन सूक्तोमां आत्मन्० उपरांत त्मन्० ए अंगना विशेषण के क्रियाविशेषण तरीके वपरायेलां रूपो मळे छे, जे सहेलाईथी समजावी शकाय तेम नथी.

आथी दोय्सननी सूचना, आत्मन्० (तेम ज ग्रीक 'àutos')ने अ० (सरखावो अ-हम्) अने त० ए बे सार्वनामिक धातुओमांथी साधवानी छे. मूळ अर्थ 'पोतानी जात' 'पंड' होय. अर्थविकासनो क्रम आ प्रमाणे होय—

१ 'पोतानी जात', 'शरीर' [बाह्य जगतना विरोधमां]
↓
२ 'धड' [बीजा अवयवोना विरोधमां]
↓
३ 'जीव' [शरीरना विरोधमां]
↓
४ 'सत्', 'अस्तित्व' [असत्, अनस्तित्वना विरोधमां]

पण दोय्सननो आ मत योग्य पुरावाना आधार विनानो, योजना खातर योजनालक्षी ('स्कीमेटीक') अने वधारे पडतो तत्त्वज्ञानरंगी लागे छे.

४—आडम्बर० 'घोंघाट', 'शब्दाळुता'

आडम्बर०नी *आड०+अम्बर० एवी व्युत्पत्ति देखावे ज तरंगी छे, अने अम्बर० जेटलो प्राचीन तेटलो आड० अर्वाचीन होवाथी [गुज. 'आड', 'आडश', वगेरेनो संबंध देश्य अड्ड० साथे छे] आपणा पर पडेली छाप सबळ बने छे. आडम्बर० शब्द ज 'ढोलक'ना अर्थमां ठेठ 'शतपथ ब्राह्मण'

(१४)मां वपरायेलो मळे छे. बीजा अर्थोमां 'उत्तररामचरित' अने 'कथासरित्सागर'मां पण ते वपरायो छे. आम शब्दनी प्राचीनता स्पष्ट होवाथी ते कांईक नियमित घडतर वाळो होवो जोईए एम धारी शकाय. संस्कृतमां डम्बर० शब्द पण छे, जेनो अर्थ 'बोंघाट', 'वाणीनो आडंबर' 'गरवड-गोटो' थाय छे. डम्बरनामन्० एटले 'आडंबरी नाम धारण करनार' (अहीं श्री विजयराय वैद्ये एक प्रसंगे कवि श्रीनानालालना कोई ग्रंथनुं समालोचन करतां ग्रंथनी भाषाना संबंधमां वापरेलो 'वाग्डंवर' याद आवे छे.) एटले आडम्बर०ने डम्बर० वच्चे संबंध बांधवो अयोग्य तो नथी ज. संभवित छे के विडम्बना०मां रहेला √डम्ब्० द्वारा साधित *डम्ब० अने ०र० प्रत्यय मळीने डम्बर० थयो होय—जो के अर्थदृष्टिए मेळ बेसारवो सरळ नथी लागतो. अने तो आ० √डम्ब्०, ०अ०, ०र० ए अंशोनी मेळवणीथी आडम्बर० तैयार थाय.

५—आलवाल० "क्यारो"

आ शब्दनुं मूळ अस्पष्ट छे. टीकाकारोनी 'आ समन्तात् लवं जललवं आलाति इति' ए व्युत्पत्ति, आवा अस्पष्ट शब्दो माटे तेमणे घडी काढेली बीजी घणी व्युत्पत्तिओनी जेम, देखीती रीते ज तद्दन तरंगी छे. शब्द आल० अने वाल० ए बे अंशोनो बन्यो होय तेम लागे छे. पालि 'आलक०' मराठी 'अळें,' हिंदी 'आला' 'क्यारो', गुजराती 'आळियुं'—'आळियो' सूचवे छे के आल० अंश प्रमाणमां जुनो छे; अने आलवाल०नो जे अर्थ प्रचलित छे, तेने मळतो तेनो अर्थ होवो जोईए. तेथी आल०ने आड० साथे जोडवानी जरूर रहेती नथी. आल०नुं मूळ अस्पष्ट रहे छे ए खरूं, पण 'क्यारो' 'खूणो' 'खाडो' 'पोलाण' जेवी अर्थछाया वाळो आल०, 'आडश' 'प्रतिबंध' 'तीरछुं' सूचवता 'आड०' (देश्य अड्ड०) साथे अर्थदृष्टिए तो संबद्ध नथी. वळी, ध्वनिदृष्टिए ०ड०नो ०ल० थवानी शक्यता खरी,[६] पण 'आड'०ना मूळ अड्ड०माथी आल० साधवानी अशक्यता ए एक ज कारण आड०ने फगावी देवा माटे पूरतुं छे.

---

[६] 'डलयोरभेद' ए आलंकारिकोनो जाणीतो समय अने तेना आधाररूप ०द>०ल० प्रक्रिया धरावता संस्कृत, प्राकृत अने अर्वाचीन शब्दो ए अहीं प्रस्तुत छे. उपरांत जुओ 'फेस्टश्रीफ्ट वाकर्नागेल', पा. २९४ अने पछीना, तेम ज शार्पेन्ये 'सम संस्कृत एन्ड पालि वर्ड्ज' ['इन्डिएन लिंग्विस्टीक्स' : ग्रं. ३, अंक १–६, १९३३].

बाकी रहेला ०वाल० अंश पर विचार करतां चक्रवाल० 'एक पर्वत', 'वर्तुळ', 'टोळुं' अने करवाल०मां रहेलो समानध्वनि अंश आपणी नजर सामे आवे छे. तेमां चक्र० अने कर० ए अंशो तो स्पष्ट ज छे. चक्रवाल०ना ०वाल० माटे श्री नरसिंहभाई सूचवे छे: चक्रमिव वाडते=चक्रवाड०> चक्रवाल०–(√वट्–पाट्–पाड='घेरवुं'). आमां तेमने बीजो आधार कदाच ए मळी शके के कोशोमां चक्रवाड एवुं शब्दस्वरूप पण मळे छे. पण आ व्युत्पत्ति निराधार ठरावता बे मुद्दा छे–एक तो ए के चक्रवाड० वधारे मौलिक नहीं, पण ड् ने ल् ना उच्चारणना विषयमां प्रवर्तती शिथिलताने लीधे मूळ चक्रवाल०नो ज ए उच्चारण-भेद होय एम लागे छे. कारण, चक्रवाड ए 'पृथ्वी फरतो एक कल्पित पर्वत' ए ज अर्थमां अने अर्वाचीन ग्रंथोमां ज वपरायलो मळे छे. तेनो जुनो प्रयोग नथी मळतो. पण चक्रवाल० चक्रवाड० ना उपरोक्त अर्थमां 'कारण्डव्यूह' (२३)मां अने 'वर्तुळ' 'टोळुं' ए अर्थमां 'महाभारत' (१, ७०२१)ने 'हरिवंश' (४०९८)मां, तेम ज पछीना समयमां पण सामान्यपणे बौद्धसाहित्यमां तथा 'काव्यादर्श' (२,९९)मां मळे छे. बीजुं, वट्० ए धातु देखीती रीते ज, 'धातुपाठ'ना तेवा बीजा केटलाक धातुओनी जेम, पाछळना घडतरनो छे. वट० 'वडलो', वगेरेनुं मूळ न समजातां तेना उपरथी ज कल्पी काढेलो छे.[७] खरीरीते तो वाट०, वाटिका, गुजराती 'वाड' 'वाडी' 'वाडो' इत्यादिना मूळमां *वृत्तिका० जेवो 'फरती आडश' एवा कांइक अर्थनो कोई शब्द होवो जोईए. वृत्त 'गोळ' ने वृत्ति 'वाडो, वाड' एवा शब्दो मळे छेय खरा पण[८] वाटिका० माटे तो *वृत्तिका० जोईए के जे *वट्टिआ०> *वाटिआ० द्वारा पुनःसंस्कृतरूप वाटिका० आपी शके. आम, चक्रवाल०ना ०वाल०नुं मूळ स्पष्ट नथी थतुं, छतां तेनो अर्थ वाड० साथे तो नथी ज.

करवाल०ने माटे श्री नरसिंहभाई मूळ करपाल० (करं पालयति) सूचवे छे. पण वस्तुघटनाए ते ते शब्दोना थयेला प्रयोग जोतां जणाय छे के कर-

---

७ जुओ मोनिअर विलियम्स: 'ए संस्कृत-इंग्लिश डिक्शनरी' (१८९९). पा. ९१४ वट अने वट् शब्द नीचे.

८ जुओ टर्नर: 'नेपाली डिक्शनरी' (१९३१), पा. ४३५ 'ए' १४ बार् नीचे. तथा, जुल ब्लोक: 'मराठी भाषेचा विकास' [भाषान्तर : १९४१] पा. ४६८

पाल० (०क०) साहित्यमां प्रामाणिकपणे वपरायलो नथी मळतो; मात्र कोशोमांज मळे छे, ज्यारे करवाल० 'महाभारत' तेम ज 'भागवत पुराण'मा वपरायेलो छे. आथी संभवित छे के करवाल०नी खरी व्युत्पत्ति न जाणता कोई टीकाकारे करपाळ० कल्पी 'करं पालयति' एवी कल्पना घटावी होय. जो कल्पनानो ज आश्रय लेवानो होय तो वधारे संभवित तो ए छे के करवाल०ना ०वाल०ने √वल्० 'वळवु' (वाळयति 'वाळे छे') साथे संबंध होय. पण सारो आधार न मळे त्यांसुधी ०वाल०नुं मूळ शुं छे? एटलुं ज नहि पण अलवाल०, चक्रवाल०, करवाल०ना ०वाल० एक मूळना छे के जुदाजुदा मूळना? ए विशे पण आपणे अधारामा ज रहेवु पडशे.

*

'संपेटवुं' अने 'समेटवुं'

'संपेटवुं' अने 'समेटवु' ए शब्दोनी व्युत्पत्तिनी चर्चामा[1] श्री चतुरभाईनो मत कंईक वधारे सयुक्तिक छे। तेमणे रजू करेला निर्णयो आ प्रमाणे छे—

(१) संस्कृत वेष्ट्–संवेष्ट्ना त्रण प्राकृत स्वरूप संभवे छे।

१. वेढइ (सिद्धहेम ८।४।२२१)

गु. 'वेढ' आ स्वरूप परथी सधायो।

२. संवेल्लइ (अने उद्वेष्टते माटे वैकल्पिक उव्वेल्लइ) (सि. हे. ८।४। २२२, २२३)

गु. 'वेल्ला' (कानना) आ वेल्ल् परथी आव्यो.

३ *संवेट्टइ[2] (संभवित)

सरखावो उष्ट्र० > उट्ट०, इष्टा० > इट्टा०, संदष्ट० > संदट्ट० (सि. हे. ८।२।३४), तेमज (वि–) सृष्ट० > छुट्ट०.

गु. 'वींटी' 'वींटवुं' 'वींटलो' वगेरेना मूळमा आ वेट्ट् छे.

---

१ आखी चर्चा माटे जुओ "प्रस्थान", मागशर १९९२, महा १९९२, अषाढ १९९२; चैत्र १९९५.

२ आवा विषयने लगता लखाणोमां प्रचलित प्रथाने अनुसरी कल्पित शब्दो के रूपो सर्वत्र फुदडीथी दर्शाव्या छे.

(२) एटले 'संपेटवुं'—'समेटवुं'नी साधनिका आ प्रमाणे छे—

व् नो प् तेम ज म् थवाना समान्तर उदाहरण तरीके—

पर्वन् ना व् नुं 'परब' अने 'सपरमो' एमां थयेलुं द्विविध रूपान्तर टांकी शकाय.

(३) ऊपर आपेला 'वेष्ट्'ना त्रण विकारो वच्चे संवेष्ट् > संवेट्ट् > (संवेड्ड्) > संवेळ्—एवो संबंध बांधी शकाय। आपणे आ निर्णयोनी सावीती तपासीए। नेपाळी 'समेट्नु' पंजावी ने हिंदी 'समेटना' मराठी 'समेटणें'—ए सौ गुजराती 'समेटवुं'ना सजातीय शब्दो छे।[३] पण 'संपेटवुं' ने मळता शब्दो बीजी अर्वाचीन भारतीय-आर्य भाषाओमां मळता नथी. आ हकीकत सूचवे छे के, जो 'संपेटवुं' ने 'समेटवुं' ए बेनी वच्चे प्रकृति-विकृतिनो संबंध स्वीकारवो ज होय तो 'समेटवुं' वधारे जूनो होवाथी तेने ज प्रकृति गणवी पडशे, अने मने तो 'संपेटवुं' नो देखाव ज अर्वाचीन लागे छे. ते 'समेट०'ना पूर्वरूप सानुनासिक '*संमेट०' मांथी उचारणभेदने लीधे विकस्यो होय। वानर० > 'वांदर' वगेरेनी जेम '*संमेटवुं' थवुं जोईए; पण शब्दोना इतिहासमां ध्वनि-व्यापारो (Phonetic processes) उपरांत सादृश्य (analogy)ना तत्त्वनुं पण स्थान महत्त्वनुं छे, ए भुलावुं न जोईए। एटले 'संवेटवुं' ना "व्" नुं उचारण 'लपेटवुं' 'पेटी' वगेरेनी असरथी 'प्' मां सरी गयुं होय। आम प्राकृत पूर्वरूप *सवेट्टने बदले '*संमेट०' मांथी 'संपेट०' उतारवो वधारे योग्य लागे छे।

---

३ जुओ टर्नरकृत "नेपाली डिक्शनरी", "समेट्नु" नीचे.

हवे 'समेटवुं' लइए । टर्नरनुं वलण आने सं० **संवर्त्तयति** परथी साधवा तरफ छे[४] । सं० संवर्त्तयति='वींटी ले छे', पा० संवट्टति='विकसे छे', प्रा० 'संवट्टेइ'='समेटी ले छे.' साथे ते सूचवे छे के आने सं० संवेष्टयति='समेटी ले छे,' पा० संवेठेति एनो संगदोष कदाच लाग्यो होय ।

एटले प्रथम तो टर्नरना संवर्तयति...×संवेष्टयति...अने श्री चतुरभाईना संवेष्टयति... (के संवेष्टते...) ए बे वच्चे निर्णय करवो रह्यो । श्री चतुरभाईनो मुख्य आधार ए छे के गु० 'वींटी' 'वींटवुं' वगेरे साधवा माटे √ वेष्ट् नुं (वेट्ठ्)द्वारा √ *वेट्ट् एवुं रूपान्तर स्वीकार्या विना छूटको नथी,[५] अने आ *वेट्ट्० एक वार स्वीकारो एटले तेने आधारे 'समेटवुं' साधवो ए तो रमत वात छे । पण गु० 'वींटी' 'वींटवुं' वगेरेनी व्युत्पत्ति विशे टर्नरनो जुदो ज अभिप्राय छे । आने लगती तेमनी शब्दसामग्रीनी तुलना आ प्रमाणे छे[६]–

(१)

प्रा० विट्टी 'पोटली'
नेपा० विटो 'भारो' 'वींटो'
सिं० वीटणु 'वीडी देवुं'
गु० 'वीटो' 'वीटी'

आ सौनुं मूळ *वीट्ट –

[नोंध – टर्नरे प्रा० विंटिया, विंटलिआ 'पोटली', विंटइ 'वींटे छे' ए प्राकृत शब्दो टांक्या नथी अने गुजराती 'वींटो' 'वींटी' अशुद्ध अथवा तो बोलीगत निरनुस्वार रूप टांक्यां छे]

(२)

सं० वीटम्, वीटा 'गिल्ली' 'मोई'
वीटकम्, वीटिका 'पाननुं बीडुं'
वीटी 'नागरवेलनो छोड'
प्रा. वीडग० (नपुं.), वीडिआ 'वीडुं'

---

४ जुओ, पूर्वनिर्देश, "समेटवु" नीचे.

५ नरसिंहराव पण 'वींटवुं' वगेरेने सं० √ वेष्ट् मांथी साधवाना मतना छे । जुओ, 'गुज० लैं० एण्ड लि०' भाग १, पा. १२१, ४४१.

६ जुओ. 'नेपाली डिक्शनरी' "विटो," "विरो" ए शब्दो नीचे.

नेपा० विरो
पंजा० हिं० विड़ा
सिं० वीडो
मरा० विडा
गुज० 'वीडुं'
} 'वीडुं'

मरा० विटी, इटी 'गिल्ली', 'मोई'
पंजा० विडा 'शीशीनो बुच'
सिं० बीड़णुं 'वीडवुं'
गु० 'वीडो' 'वीडी' ['वीडवुं']

आ सौ शब्दो बे मूळ रूप सूचवे छे, *वीट० (पंजा. मरा.) अने *वीट (नेपा. सिं. हिं. गुज.)='वींटो वाळेली कोई वस्तु.' आँ *वीट० के *वीट०, ऊपर सूचवेलुं *वीट्ट० बीजा शब्दो परथी सूचवातुं *बीण्ड० 'घासनो भारो के वींटो' ए सौ कोई अनार्य भाषामांथी उछीता लीधेला होय ए संभवित छे।

आम टर्नर आ शब्दसमुदायनां मूळ रूपने अनार्य भाषाना माने छे। पण आ निर्णयमा एक दोष लागे छे। ऊपर नोधमां जणाव्युं छे तेम गु. 'वींटी,' 'वींटो', 'वीटवुं', 'वींटलो' वगेरेनी तेमज प्रा. विंटइ, विंटिया, विंटलिआ ए शब्दोनी टर्नरने जाण ज नथी, अने तेमणे मूळ तरीके सूचवेला शब्दो आ शब्दोमां रहेलो अनुस्वार समजावी शकता नथी। आथी तेमणे सूचवेली व्युत्पत्ति गुजराती 'वींटवुं' वगेरे शब्दो माटे स्वीकार्य लागती नथी।

एटले, हेमचंद्रे ष्ट् नो ट्ट थवानां त्रण उदाहरण नोंधेलां होवाथी अने आपणने सं. वेष्टयति, प्रा. विंटइ, जू. गु. वींटिवइं, अर्वा. गु. "वींटवुं" ए सौ समानार्थक मळता होवाथी तेमनी वच्चे प्रकृति-विकृतिनो संबंध स्वीकारवा सामे एके सबळ वांधो लई शकाय तेम लागतुं नथी.

आ निर्णयने एक बीजो मजबूत आधार मळे छे। उष्ट्र० > उट्ट० > "ऊंट", इष्टा० > इट्टा० > "इंट" ए प्रमाणे हेमचंद्रे नोंधेला (संदष्ट०ने लगतो तद्-

७ जुओ टि. एन्. दवेकृत "ए स्टडी ओफ धी गुजराती लेंग्वेज" पा. १८६ थी दवे उक्त स्थळे सूचवे छे के वींटिवइं ऊपर सं. वेष्टवेनी असर थई होय।

भर्व न होवाथी तेने बाद करतां) बधा ष्ट् > ट्ट एवी विशिष्ट प्रक्रियावाळा शब्दो गुजरातीमां सानुनासिक छे, अने वेष्ट० > *वेट्ट०...> "वींट०" पण आ ज नियमने अनुसरतो छे। एटले 'वींटवुं' वगेरेना मूळ तरीके वेष्ट०ने स्वीकारवो ए ज योग्य छे। एटलुं खरुं के ऊपर तुलना माटे आपेला बीजी अर्वाचीन भारतीय–आर्य भाषाओना शब्दो माटे जे अनार्य मूळनुं रूप कल्प्युं छे तेनो प्रभाव 'वींटो' वगेरे पर पड्या विना न ज रह्यो होय। पण मूळ तरीके तो "वेष्ट्" ज गणाय.

एटले नियम प्रमाणे ०ष्ट० माथी निष्पन्न थता ०ट्ट०नी सप्राणता (aspiration) नो लोप उक्त उदाहरणोमां केम थयो ते समजावी शकाय तेम न होवा छतां वेष्ट० ना एक रूपान्तर तरीके *वेट्ट० स्वीकारवुं उचित छे। अने तो संवेष्ट० > * संवेट्ट० > * सॅमेट्ट० > 'समेट०' ए क्रमे "समेटवुं" साधी शकाय। आमां "संवर्तयति" नो कंई पण फाळो होय तो ते "वींटवुं"मांथी "विस्तारेलुं एकठुं करी लेवु"मां थयेला अर्थविकास पूरतो ज।

०ष्ट० > ०ड्ड० एटले के (ष्ट० > ड्ड० > ०ड्ड०) ए प्रक्रियाना एक वधारेना उदाहरण तरीक चतुरभाईए (वि–) सृष्ट० > छुट्ट० आप्यो छे। पण आ व्युत्पत्ति तद्दन पाया विनानी छे. ०ष्ट० नो ०ड्ड० थवानुं पुरवार करवा ०स्० > ०छ्० नी तद्दन चर्चास्पद अने विरल प्रक्रियानो आधार लेवो अने उपसर्गनो लोप कल्पवो ए जरा पण शास्त्रीय न गणाय। "छूटवुं" वगेरेना सजातीय शब्दो अर्वाचीन भारतीय–आर्य भाषाओमां मळे[9] छे. सं. (धातुपाठ) छोटयति "कापे छे," प्रा. छुट्टो, छोडेइ, छोडइ; सं. आच्छोटित० "तोडेलुं"; प्रा. आच्छोडिअ०; नेपा. छुट्नु, छोड्नु; हिं. छोड़ना; सिं. छोड़णु, छुट्णु; बंगा. छुटा; मरा. सुटणें, सोड़णें;

सं. * निरछुटति, सिं. निछुड़णु "छूटुं थवुं"॰

---

८ एक रीते सद्द० पण समर्थक गणी शकाय। केमके निरुपसर्ग *दट्ट० माथी सधायेला नेपा. डाँट्नु, बंगा. डाँटा, हिं डाटना "धमकी आपवी" ए तद्भवोमा सानुनासिक रूप मळे छे। पंजा. डट्टना "अटकाववु" सिं. डाटणु "दाटो मारवो, दाटवु" मरा. दाटणें "धमकी आपवी" गुज. "दाटी", "डा(दा)टो" "डा(दा)टवुं" ए शब्दो निरनुनासिक छे. (जुओ, टर्नरः "नेपाली डिक्नरी" पा २५७ थी २५ डाँट्नु). पण आ देश्य सद्द०" "वळगेलुं" "अयडामण" अने हेमचंद्रे आपेल सद्द० (८ स. सुद्दट०) "कपायेलुं" "डंखायेलुं" जुदा गणवा पडशे. ९ जुओ "नेपाली डिक्नरी", पा. १९९ बी., २०० ए.

सं. * प्रच्छोटयति. हिं. पछोड़ना "झाटकवुं"

सं. * विच्छोटयति हिं. बिछोड़ना, सिं. विछोड़णु, गुज. "वछोडवुं", "वछूटवुं", "वछूटवुं".

टर्नर आ वाचक-समुदाय (groop of vocables) मूळनुं भारतीय-आर्यनी सुदूरनी पूर्वभूमिका भारत-युरोप (Indo-European) मां शोधे छे.[10] मूळ भारत-युरोपीय धातु sqeub "मारवुं, कापवुं" (जेनी साथे सं. स्कुनोति "भोंकवुं" नो संबंध छे.) धातु-विस्तारना सिद्धान्त प्रमाणे 't' ए साधकप्रत्यय स्वीकारी छुट् रुपे परिणम्यो होय। पण कोलंबिया युनीवर्सिटीना अध्यापक ग्रेए *sqer-te- [<*sqere "कापवुं" + निश्चायक (determinative) -t-] ए धातुने मूळ तरीके सूचव्यो छे।[11] मूळ *sqr̥t-né-ti अगर sqr̥tó-ti एमांथी प्रा. छुट्टइ "कापी नाखे छे, छोडे छे" सधायो होय। लेटीन scortum "चामडी, चामडुं" एमां पण ए ज धातु रहेलो छे. प्राचीन प्रुसी (Prussian) रूसी (Russian) वगेरेमां पण आना सजातीय शब्दो मळे छे. आथी "छूटवुं" ने सृष्ट० साथे जरा पण लेवादेवा नथी.

हवे श्री चतुरभाईना बाकीना विधानो तपासीए—

तेमणे हेमचंद्रे आपेला वेढ० अने वेछ० नो वेष्ट्ना बीजा बे रूपान्तरो तरीके स्वीकार कर्यो छे। हवे वेष्ट० साथे वेढ० नो संबंध वेष्ट० > वेट्ठ० (पालि) >वेढ० ए ध्वनि-विकारोने अनुसरीने ज बांधी शकाय। आमां मुश्केली ए छे के ट्ठ > ठ् एमां रहेली सर्शोना संयोगलोपनी प्रक्रिया अपभ्रंश-उत्तरकालीन भूमिकामां ज प्रचूरपणे प्रचलित हती। तेनुं बीजस्वरूपे अस्तित्व तो वैदिक भूमिका जेटलुं वहेलुं स्वीकारवा माटे आधार मळे छे। पण एवी विरल

---

१० जुओ पूर्वे निर्देश, पा. ६४७ ए.

११ जुओ, ग्रे. "फिफ्टीन प्राकृत-इन्डो-युरोपीअन इटीमोलोजीझ", [जर्नल ओफ धी अमेरीकन ओरिएन्टल सोसायटी, वॉ. ६०, नं. ३, पा. ३४३; सप्टेम्बर, १९४०] ग्रेनो आ लेख भारतीय-आर्यना अभ्यासमां एक तद्दन नवो ज प्रदेश ऊघाडे छे। भारतीय-आर्यना शब्द-भंडोळमां देश्य तरीके जाणीता शब्दोना मूळ शोधवा माटे अत्यार सुधी मात्र द्राविडी के मुण्डा भाषाओनो आश्रय लेवातो। आ लेखमां केटलाक "देश्य" गणाता शब्दो मूळे ठेठ भारत-युरोपीयमांथी लौकिक बोलीओमां जळवाईने अवशेष तरीके रही गया होवानुं पुरवार करवामां आव्युं छे.

प्रक्रियानो आश्रय न छुटके ज लेवो घटे। प्रा. दाढा० "दाढ" कोढ० "कोढ", कड्ढइ "खेंचे छे" ए सौ पण आ प्रकारनो कोयडो रजू करे छे। दंष्ट्रा० > *दट्ठा० > दाठा० (पालि) > दाढा०; कुष्ठ० > *कुट्ठ० > कोट्ठ० > *कोठ० कोढ० आ प्रमाणे तेमनी साधना आपी शकाय। पण प्राकृतमां कोड्ढ० एवो वाचक (vocable) पण मळे छे, ते समजाववो घणो मुश्केल छे। कुष्ठ० > 'कुट्ठ० > कोढ > कोड्ढ एम संबंध बांधवो शक्य नथी, कारण के एक समग्र अघोष व्यंजन-स्तबक (consonant cluster) नुं घोषीकरण न थई शके, ए प्राकृत ध्वनितंत्रनी खासीयत छे। आथी, कुष्ठ० > कुट्ठ० > कोट्ठ० > *कोठ > कोढ > कोड्ढ कंई एवी परिपाटी स्वीकारवी पडे। "कड्ढइ"ने सं. कृष्० के तेना कोई साधित स्वरूप साथे सांकळवामां पण आथीये वधारे मुश्केलीओ नडे छे। आथी ज आ उदाहरणोमांना केटलाकनो संबंध भारतीय-आर्येतर भाषा द्राविडी के भारत-युरोपीय भूमिका साथे जोडवामां आव्यो छे।[१२] छतां ध्वनि-विषयक तेम ज अर्थ-विषयक साम्य जोतां, टर्नर "वेष्टते"थी "वेढइ"ने विखूटो नथी पाडता[१३] ए योग्य ज लागे छे। प्रा. वेट्टण०, नेपा. हिं. वेठन०, मरा. वेठणें —आना समर्थक छे।

पण वेष्ट्० मांथी वेल्ल् साधवो शक्य नथी लागतो। सं. वेल्लति "ध्रुजे छे", वेल्लयति "हलावे छे, मसळे छे", वेल्लितः "हलावेलुं", प्रा. वेल्लइ आमां रहेला वेल्ल्०थी संवेल्लइ अने उवेल्लइ (सिद्धहेम, ८।४।२२२, २२३) एमां रहेला वेल्ल्०ने हेमचंद्र जुदो गणता लागे छे। पण टर्नर बंनेने एक गणता जणाय छे,[१४] केम के ते उपरना संस्कृत शब्दो साथे नेपा. वेल्नु "वींटवुं"; बंगा. बेला "पाथरवुं"; हिं. वेलना; पंजा. वेलणा. वेलणा; सिं. वेलणु – ए सौने सांकळे छे। आ वेल्ल्० मांथी गुज. "वेलण" वगेरे सधाया छे.[१५] एटले वेल्ल्० ए वेष्ट्०नो आदेश छे, ध्वनि-विकारने अनुसरीने सधायलुं स्वरूप नहि पण श्री चतुरभाई वेल्ल्० परथी गुज. "वेल्लो" आव्यो होवानुं कहे छे। पण आ "वेल्लो" अर्वाचीन गुजराती घडतरनो

१२ जुओ, "नेपाली डिक्नरी", पा. ८६ ए १९; मेनो पूर्वनिर्दिष्ट लेख, पा. ३६३, कड्ढइ अने त्यां आपेला उल्लेखो।

१३ जुओ, "नेपाली डिक्नरी" पा. ४५७ ए ३५, बेर्नु नीचे।

१४ जुओ, पूर्वनिर्देश, पा. ४५७ बी ४६, बेल्नु[१] नीचे।

१५ जुओ, पूर्वनिर्देश, पा. ४५७ बी ४२, बेल्नु नीचे।

छे। "साडलो" एनुं स्वरूपान्तर "साल्लो", *नानळुं > (प्रांतिक) नाल्लुं, वगेरेनी जेम, मध्यवर्ती अक्षर (syllable) मां रहेला 'अ' नो अनुच्चार, आखा शब्दनुं त्वरित उच्चारण, अने तेथी परिणमतुं सारूप्य (assimilation) आ प्रक्रियाओने लीधे "वेढलो" > "वेद्लो" > "वेड्लो" > "वेल्लो" ए क्रम द्वारा "वेल्लो" सधायो छे.

छेल्ले श्री चतुरभाईए आपेला संवेट् > संवेड् > (संवेड्) > संवेल्ल ए विकासक्रममां रहेली अशास्त्रीयता तरफ ध्यान खेंचवुं बाकी रहे छे। भाषाशास्त्र ए एक शास्त्र छे, अने तेथी बीजा शास्त्रोनी जेम एमां जे जे नियमो स्थापित करवामां आवे तेमां अबाधितपणुं, पूरती सूक्ष्मता अने चोकसाई होय तो ज तेनुं शास्त्रत्व यथार्थ गणाय। अमुक भाषाभूमिकामां अमुक समये प्रवर्तता नियममां सामान्यतः ते भूमिका अने समय पूरती सार्वत्रिकता होय छे—ए ध्वनिशास्त्र (phonetics) नो अगत्यनो सिद्धान्त छे। ते नियमनो भंग करता होय तेवा केटलाक वाचको ("वोकेबल्स") कां तो सादृश्य ('एनेलोजी')ना व्यापारनुं परिणाम होय अगर तो ते कोई पडोशनी भाषामांथी लीधेला ऋण-शब्दो (loan-words) होय। ए खरुं के आवा कोई पण कारणथी न समजावी शकाय तेवा अमुक अपवादरूप शब्दो दरेक भाषाभूमिकामां मळी आवता होय छे। पण बहु मजबूत पुरावाना आधार सिवाय जाणीती प्रक्रियाओनी ऊपरवट थईने, कोई शब्द समजाववो, तेना करतां ते शब्दनी व्युत्पत्ति बाबत हाल पूरतुं अज्ञान होवानो स्वीकार करवो ए ज वधारे सारुं छे। अगाउ कह्युं तेम प्राकृत ध्वनि-मीमांसा (phonology)मां अघोष व्यंजन-स्तबक ("कान्सोनन्ट क्लस्टर") घोषभाव पाम्यो होवानुं एके प्रामाणिक उदाहरण नथी। आथी *वेट्० > *वेड्० ए विकार शक्य ज नथी। तेवुं ज *वेड्० > वेल्ल्०नुं छे।[१६] वेट्०नुं *वेट्ट्० थाय एटलुं ज आपणे सप्रमाण कही शकीए। आ उपरांत, बीजा आधारोनी सहायथी *वेट्ट् > वेट्ट् ए विकार कल्पवो उचित गणाय, पण आथी आगळ जवुं ए तो हवामां पगलां भरवा जेवुं ज थाय.

*

१६ श्री चतुरभाईना ग्रंथ "जूनी गुजराती भाषा" (१९३५)मां संख्याबंध व्युत्पत्तिओ आवी अशास्त्रीते-एटले के प्राकृत, अपभ्रंश, जूनी गुजराती वगेरेनी ध्वनि-मीमांसा ("फॉनॉलॉजी") ने मान्य ध्वनि-नियमोने छडेचोक छापरे चडावीने साधवामां आवी छे.

पुस्तक परिचय

श्रीचित्रकल्पसूत्र–संपा० अने प्रका० साराभाई मणिलाल नवाब

गुजरातना ज्ञानभण्डारोमां संचित प्राचीन हस्तलिखित पोथीओमां मळी आवता प्राचीन अने मध्यकालीन चित्रकळाना उत्तम नमूना जेवां अनेक चित्रोना एकत्र संग्रहरूपे 'चित्रकल्पद्रुम' नामनो बहुमूल्य ग्रन्थ प्रकाशमां मूकी, विख्याति पामेला श्रीयुत साराभाई नवाबे, गुजरातनी जैनाश्रित चित्रकळानो मनोरम परिचय आपे एवो एक बीजो संग्रह प्रकाशमां मूक्यो छे जेनुं नाम चित्रकल्पसूत्र (†) छे।

कल्पसूत्र नामनो प्राकृत ग्रन्थ जैन समाजमां आबालवृद्ध सुप्रसिद्ध छे। जैन संप्रदायमां मनाता सौथी महान् पर्वदिवसरूप पर्युषणामां ए सूत्रनुं सार्वत्रिक वाचन थाय छे, अने तेथी जुना जमानाथी ए सूत्रनी प्रतिओ लखवा-लखाववामां मोटुं पुण्य उपार्जन थवानी श्रद्धा अने भावना पोषाएली छे। जैन भण्डारोमां, सौथी वधारे अने साथी मूल्यवान् हस्तलिखित प्रतो जो कोई पण ग्रन्थनी विशेष मळती होय तो, ते ए कल्पसूत्रनी छे। एमांनी कटेलीय प्रतो तो एवी होय छे के जेनी लखामणी माटे श्रद्धालु श्रावकोए सेंकडो-हजारो रूपीया खर्चेला होय छे; अने एवी ए जूनी प्रतोना केवळ दर्शन अने पूजन माटे पण भाविक जनो आजे य सेंकडो रूपीया उत्सर्ग करे छे।

कल्पसूत्रमां मुख्यपणे श्रमणभगवान् श्रीमहावीर तीर्थंकरनुं चरित्र वर्णन करेलुं छे; तेथी ए सूत्रनी प्रतिओमां, भगवान् महावीरना जीवनना अमुक अमुक प्रधान बनावोनां निदर्शक कटेलांक चित्रो पण अंकित करवानो प्रचार, प्राचीन कालथी चाल्यो आवे छे। कल्पसूत्रनी एवी सचित्र प्रतिओ आजे एक मूल्यवान् वस्तु गणाय छे अने युरोप–अमेरिकाना तद्विदो ते माटे मोटी किंमतो आपी ते खरीदी लई जाय छे। अत्यार सुधीमां सेंकडो प्रतो आ रीते विदेशोना पुराणवस्तु संग्रहालयोमां पहोंची गई छे अने छतां य हजी हजारो प्रतो जैन समाज पासे पण मळी आवे तेम छे।

साराभाई नवाबे कल्पसूत्रनी सचित्र प्रतिओ केवी होय छे अने एमां केवा प्रकारनां चित्रो अने अलंकारणात्मक आलेखनो इत्यादि अंकित करेलां होय छे एनी सर्वसाधारणने कल्पना थाय, ते हेतुथी कल्पसूत्रना मूळ पाठवाळी आ एक सचित्र आवृत्ति प्रकाशित करी छे। आ ग्रन्थ, जूनी ढबनी लखेली प्रतिओना आकारमां (पोथी साइझमां) ज छपाववामां आव्यो छे अने एना "पाने पाने मढेली किनारोमां गुजरातनी चित्रकल्पनाना सर्वोत्कृष्ट नमूनाओ रजू करती वेलबुट्टीओ, प्राणीओ, पक्षीओ, नृत्यकरतां पात्रो तथा धार्मिक तेम ज प्राकृतिक मंगल संकेतो अने प्रतिकोना नानाविध सुशोभनो चूंटी चूंटीने रजू करवामां आव्यां छे"। एमां एकंदर नानां मोटां एवां ६५ चित्रो मुद्रित करवामां आव्यां छे जे जुदी जुदी एवी अनेक जूनी प्रतिओमांथी लेवामां आव्यां छे। ए चित्रोमां सौथी जूनुं चित्र सरस्वती देवीनुं छे, जे सं. १२१८ मां लखेली ताडपत्रनी प्रतिमांथी लेवामां आव्युं छे। एक चित्र छेक सं. १८८२ मां लखेली प्रतिमांथी लेवामां आव्युं छे, अने ए रीते ए आखा संग्रहमां 'बारमा सैकाथी शुरु करीने ओगणीसमा सैका सुधीनी गुजरातनी जैनाश्रित चित्र कळाना सुंदर नमूनाओ रजू करवामां आवेला छे।' अमारी पासेनी एक प्रतिमांथी पण एमां एक-बे चित्रो मूकवामां आव्यां छे। साराभाईनां बीजां तेवां प्रकाशनोनी जेम. आ प्रकाशन पण जनसमाजने अवश्य उपयोगी अने आकर्षक थई पडशे एमां शंका नथी।

---

† ग्रन्थनुं आ नाम बराबर अर्थसूचक नथी लागतुं। चित्रकल्पसूत्रनो अर्थ तो 'चित्रना कल्पनुं सूत्र' के एवो कांईक थाय–खरी रीते 'सचित्र कल्पसूत्र' एवु नाम होवुं जोईए।

॥ कवि - अब्दुल रहमान - कृत ॥

सन्देश रासक ।

[१ प्रथमः प्रक्रमः]

रयणायरधरगिरितरुवराइँ गयणंगणंमि रिक्खाइं[1] ।
जेणऽज्ज सयल सिरियं[2] सो[3] बुहयण[4] वो सिवं[5] देउ[6] ॥ १ ॥

1 C रिक्खाओ 2 B C सिरिया । 3 B त । 4 C बुहियण । 5 A C सुहं । 6 C दिंतु ।

[पं० श्रीलक्ष्मीचन्द्रकृता टिप्पनकरूपा व्याख्या ॥]

॥ ॐ नमो गुरुभ्यः ॥

नत्वा जिन-गुरून् भक्त्या स्मृत्वा वाङ्मयदेवताम् ।
वृत्तिं सन्देशरासस्य कुरुते मुनिपुङ्गवः ॥ १ ॥

तस्याऽऽद्यां गाथामाह - [1]ग्रन्थप्रारम्भे अभीष्टदेवताप्रणिधानप्रधाना प्रेक्षावतां[2] प्रवृत्तिरित्यौचित्यात् सूत्रस्य प्रथमनमस्कारगाथा ।

[१] यथा - 'रयणा०' - भो बुधजनाः स स्रष्टा[3] कर्ता वो युष्माकं शिवं माङ्गल्यं ददातु प्रकरोतु । येन स्रष्टा रत्नाकर-धरा गिरि-तरुवराः[4], गगनाङ्गणे ऋक्षाणि[5] चेत्यादि सकलं समस्तम्, सृष्टम् - उत्पादि [तम्] इत्यर्थः ॥ १ ॥

[अवचूरिका]

[१] भो बुधजना ! स सृष्टिकर्ता वो युष्माकं शिवं ददातु । येन स्रष्ट्रा[6] रत्नाकर-धरा-गिरि-तरुवरा गगनाङ्गणे ऋक्षाणि [7]चेत्यादि सकलं समस्तं [8]सृष्टमुत्पादितमित्यर्थः ॥

आदर्शोपलभ्यमाना भ्रष्टपाठा यथा -

1 ग्रन्थः प्रा° । 2 प्रेषवता । 3 ध्रष्टा । 4 तर° । 5 रिक्षा° । 6 श्रष्टा° । 7 चैत्यादि । 8 श्रष्ट° ।

माणुस्सदिव्वविज्जाहरेहिँ [1]णहमग्गि सूरससिबिंबे ।
आएहिँ जो णमिज्जइ[2] तं णयरे णमह[3] कत्तारं ॥ २ ॥
पच्चाएसि पहूओ पुव्वपसिद्धो य मिच्छदेसो त्थि[4] ।
तह विसए संभूओ आरद्दो मीरसेणस्स ॥ ३ ॥

1 C नह° । 2 B °जइं । 3 A नमह, B णवहु । 4 A °देसो वि; B °देसु थि ।

[टिप्पनकरूपा व्याख्या]

[२] तथा च-'माणुस°'-मनुष्य-देव-विद्याधरैर्नभोमार्गे सूर्य-शशिबिम्बाभ्य आदितो यो नमस्क्रियते[1] । भो नागरिकलोकाः ! तं कर्त्तारं नमत ॥ २ ॥

द्वन्द्वालापनभेषजभोजनसमये समाग[मे] च रमणीनाम् ।
अनवारितोऽपि तिष्ठति स खलु सखे ! व्यक्तनागरिकः ॥

यस्त्वेतेषु स्थानेषु अनवारितोऽनिषेधितो तिष्ठति स नागरिकः[2] प्रोच्यते । केषु केषु स्थानकेषु-यत्र कश्चिदालोचं करोति, अथवा यत्रौषधादिवार्त्ता क्रियते, त भोजनावसरे कस्यापि गेहे न गच्छति । अथवा एकान्तप्रदेशे, स्त्रीसमागमे च वार्तासमये, यस्तु अनिषेधितोऽपि तिष्ठति । स चतुरनागरिको भवति ॥

एषा (एतद् ?) विपुलगाथाछन्दः । अथ गाथालक्षणम्-

पढमो बारहमत्तो, बीओ अट्ठारसेहि नायव्वो ।
जह पढमो तह तीओ, दह पंचवि[ह]सिया गाहा ॥

तत्र गाथाछन्दसि प्रथमपदं [3]द्वादशमात्रकम्, द्वितीयं पदं अष्टादशमात्रकम् तृतीयं द्वादशमात्रकम्, चतुर्थं पञ्चदशमात्रकम् । एवं सर्वत्र ज्ञेयम् ।

[३] अभीष्टदेवतानमस्कारमुक्त्वा कविः स्वदेशादिस्वरूपमाह-'पच्चाएसि°' प्रतीच्यां-पश्चिमदिशि, प्रभूतः पूर्वं प्रसिद्धो म्लेच्छनामा देशोऽस्ति । तत्र विष 'आरद्दो' देशीत्वा [त्] तन्तुवायो मीरसेनाख्यः संभूतः-उत्पन्नः ॥ ३ ॥

[अवचूरिका]

[२] मानुष्यदेवविद्याधरैर्नभोमार्गे सूर्यशशिबिम्बाभ्यामादितो यो[4] नमस्क्रियते[5] भो नाग कास्तं कर्तारं नमत[6] ॥

द्वन्द्वालापनभेषजभोजनसमये समागमे च रमणीनाम् ।
अनिवारितोऽपि तिष्ठति, स खलु सखे ! व्यक्तनागरिक. ॥

[-A आदर्शस्थिता नागरिकशब्दोपरि टिप्पणी ।

[३] कविः स्वदेशादिस्वरूपमाह-प्रतीच्याम्-पश्चिमायाम्, प्रभूतः-प्रधानः, पूर्वप्रसि म्लेच्छनामा देशोऽस्ति । तत्र आरद्दो देसीत्वात् तन्तुवायो मीरसेनाख्यः[1] सम्भूतः-उत्पन्नः ॥

तह तणओ [1]कुलकमलो [2]पाइयकव्वेसु गीयविसयेसु[3] ।
अद्दहमाणपसिद्धो [4]संनेहयरासयं रइयं[5] ॥ ४ ॥
पुव्वच्छेयाण णमो[6] सुकईण [7]य सद्दसत्थकुसलाण ।
[8]तियलोए सुच्छंदं[9] जेहिं कयं जेहि[10] णिद्दिट्ठं ॥ ५ ॥
[11]अवहट्टय-सक्कय-पाइयंमि[12] पेसाइयंमि[13] भासाए ।
लक्खणछंदाहरणे [14]सुकइत्तं भूसियं[15] जेहिं ॥ ६ ॥

1 A कुलि° । 2 A पाईय° । 3 C °विसएसु । 4 B सनेहरा°; C संनेहइ° । 5 A रईयं । 6 B नमो । 7 C °ण इ । 8 A तिअ° । 9 C सच्छंदं । 10 B जे निद्दिट्ठं । 11 B अवहट्टइ-सकइ पाइयाइं पेसाइयाण । 12 A °पाइयं न । 13 C पेसाइयाइं । 14 C सकवित्तं । 15 C भूसिय° ।

[टिप्पनकरूपा व्याख्या]

[४] तस्य–मीरस्य तनयः, कुले कमल इव कुलकमलः, प्राकृतकाव्येषु गीतविषयेषु, प्रसिद्धः–लब्धरेखः[1] अब्दुल रहमाननामा अभूत्। तेन सन्देशानां[2] रासकः[3] नामाऽपभ्रंशग्रन्थः कृतः ॥ ४ ॥

[५] कविः स्वरूपमुक्त्वाऽनौद्धत्ये [न] पूर्वकवीन् नमस्कारपूर्वं व्यावर्णयन्नाह–'पुव्वच्छेयाण०'–पूर्वच्छेकेभ्यः सुकविभ्यश्च नमोऽस्तु । कीदृशेभ्यश्छेकेभ्यः कविभ्यश्च शब्दशास्त्रकुशलेभ्यः । यैस्त्रिलोके–स्वर्ग-मृत्यु-पातालरूपे । स्वच्छन्दम्–स्वं छन्दो विद्यते यस्मिन् तत् स(स्व ?)च्छन्दं शास्त्रं कृतम्। यैश्च निर्दिष्टं सो(शो)धितमित्यर्थः। अतः कविभिः कृतं पण्डितैः सो(शो)धितम् ॥ ५ ॥

[६] अपभ्रंश[4]–संस्कृत–प्राकृत–पैशाचिकादिचतुर्भिर्भाषाभिः, यैः[5] कवित्वं कृतम्, लक्षण-च्छन्दआभरणाभ्यां तच्च विभूषितम्, तेभ्यो नमः ॥ ६ ॥

[अवचूरिका]

[४] तस्य–मीरसेनस्य तनयः कुलकमलः प्राकृतकाव्ये गीतविषयेषु भोगेषु च प्रसिद्धो लब्धरेखो अब्दुल रहमानोऽभूत्। तेन सन्देशरासकं[6] शास्त्रं कृतम् ॥

[५] पूर्वच्छेकेभ्यः सुकविभ्यश्च नमोऽस्तु । कीदृशेभ्यः शब्दशास्त्रकुशलेभ्यः । त्रिलोके यैः सुच्छन्दः शास्त्रं कृतम्। यैश्च निर्दिष्टं, [7]शोधितं, प्रवर्त्तापितम् ॥

पण्डितकाव्योत्तरं कृतं मयूरेण यथा–

पूर्णमानीयता चूर्णं, पूर्णचन्द्रनिभानने । कवये बाणभट्टाय, पण्डिताय च दण्डिने ॥ १ ॥

[६] अपभ्रंश-संस्कृत-प्राकृत-पैशाचिकभाषया सुकवित्वं शोभनं काव्यं यैः कृतम्। अन्यच्च लक्षण-च्छन्द-आभरणाभ्यां भूषितं मण्डितं च ॥

1 रेष. । 2 सदेसा° । 3 रासकं । 4 °भ्रंशः । 5 ये । 6 रासकं । 7 सोधितं ।

ताणऽणुकईण[1] अम्हारिसाण [2]सुइसद्दसत्थरहियाण ।
लक्खणछंदपमुक्कं [3]कुकवित्तं को पसंसेइ ॥ ७ ॥
अहवा ण इत्थ[4] दोसो जइ उइयं ससिहरेण[5] णिसिसमए[6] ।
ता किं ण हु जोइज्जइ भुअणे रयणीसु[7] जोइक्खं[8] ॥ ८ ॥
जइ [9]परहुएहिं[10] रडियं सरसं [11]सुमणोहरं च तरुसिहरे ।
ता किं भु(भ ?)वणारूढा मा काया करकरायंतु ॥ ९ ॥
तंतीवायं [12]णिसुयं जइ किरि करपल्लवेहि अइमहुरं ।
ता [13]मद्दलकरडिरवं मा सुम्मउ[14] रामरमणेसु[15] ॥ १० ॥

1 A C °कई । 2 C सुय° । 3 B कुकइत्त । 4 B C अत्थि । 5 C ससिहरंमि । 6 B °समये । 7 A रयणीइ, C रइणेइ । 8 C जोइक्के । 9 C पह°, 10 B परहुएण । 11 A सुमनो° । 12 A C निसुय । 13 A मद्दलि° । 14 C सुम्मइ° । 15 A °रवणेसु ।

[टिप्पनकरूपा व्याख्या]

[७] तेषां सत्कवीनाम्, अनु-पश्चात्, अस्मादृशानां कवीनाम्, श्रुति-शब्द-शास्त्ररहितानां कवित्वम्, लक्षण-च्छन्दोभ्या प्रमुक्तम्, कः प्रशंसयति ?-अपि तु न कोऽपि ॥ ७ ॥

[८] तर्हि मा कुर्यास्तदर्थमाह-'अहवा ण०'-अथवा [1]इत्युपायान्तरसरणे, नात्र दोषः । यदि [2]शशधरेण-चन्द्रेण निशि उदितम्, तर्हि रजनीषु भु(भ)वने-गृहे ज्योतिष्कं दीप· किं न द्योतते[3] ?, अपि तु द्योतते ॥ ८ ॥

[९] [4]परभृताभिः-कोकिलाभिः यदि सरसं सुमनोह[रं] यथा भवति तथा तरुसिहरे(शिखरे)रटितम्, तर्हि भु(भ)वणा(ना)रूढाः गृहवलि(ल)भिस्थिताः काका मा करकरायन्तु-करकर इति शब्दं मा कुर्वन्तु ?, अपि तु कुर्वन्तु ॥ ९ ॥

[१०] यदि तन्त्री-वीणावादित्रम्, किल इति संभावनायाम्, करपल्लवैः-हस्ताङ्गुलीभिः वादित नितरा श्रुतम्, तर्हि मर्दलकरटिवादित्रे राम(मा)रमणी(णे)षु-स्त्रीक्रीडासु, मा श्रूयता[5] ?, अपि तु श्रूयताम् ॥ १० ॥

[अवचूरिका]

[७] तेषा कवीनामनु पश्चात् श्रुतिशब्दशास्त्ररहितानामस्मादृशा लक्षणच्छन्दप्रमुक्तं कुत्सित कवित्व क प्रशसति ?, अपि तु न कोऽपि ॥

[८] तर्हि मा कुर्यात्तदर्थमाह-अथवेत्युपायान्तरस्मरणे, नात्र दोष । यदि शशधरेण निश्युदित तर्हि रजनीषु ज्योतिष्क दीप भु(भ)वने गृहे किं न द्योतते ?, अपि तु उद्योतते ॥

[९] यदि परभृताभि -कोकिलाभि सरस सुमनोहर यथाऽऽम्रशिखरे रटितम्-शब्दितम्, तर्हि किं भु(भ)वनारूढा काका मा करकरायन्तु ?, कस्तान् वारयति ॥

[१०] तन्त्री-वीणावाद श्रुत यदि चेत् करपल्लवैरतिमधुरम्, तर्हि मर्दलकरटवादित्रविशेषरव रामारमणेषु-स्त्रीक्रीडासु मा श्रूयताम् ?, अपि तु श्रूयताम् ॥

1 इत्यो° । 2 शशि° । 3 योयते । 4 परि° । 5 श्रुस्यता ।

जइ मयगलु[1] मउ झरए [2]कमलदलवहलगंधदुप्पिच्छो ।
जइ [3]अइरावइ मत्तो ता सेसगया म मच्चंतु[4] ॥ ११ ॥
जइ अत्थि पारिजाओ वहुविह[5]गंधड्ढकुसुम[6]आमोओ ।
फुल्लइ सुरिंदभुवणे ता सेसतरू म फुल्लंतु ॥ १२ ॥
जइ अत्थि णई[7] गंगा तियलोए णिच्चपयडियपहावा ।
वच्चइ सायरसमुहा[8] ता सेससरी म वच्चंतु[9] ॥ १३ ॥
जइ सरवरंमि विमले सूरे[10] उइयंमि विअसिआ[11] [12]णलिणी ।
ता किं वाडिविलग्गा मा[13] विअसउ[14] तुंबिणी कहवि[15] ॥ १४ ॥

---

1 B मइगलु C मइगल । 2 A कवड°, B कमला° । 3 B एरावइ° । 4 B मुच्चतु । 5 A वहुविहि° । 6 C कुसम° । 7 A C नई । 8 C °समुह । 9 C मचतु । 10 B सूरो उवयम्मि, C सूरे उवय । 11 B विहसिया, C विहिसिया । 12 B C नलिणी । 13 B ण । 14 C बिहसउ । 15 B कहव ।

[टिप्पनकरूपा व्याख्या]

[११] यदि मतङ्गजः–दिग्गजो मदं झरति, कीदृशः कमलदलप्रचुरगन्ध-दु प्रेक्ष.(°क्षम् ?)। अन्यच्च–यदि ऐरावणो मत्तो भवति, तर्हि शेपा[1] गजा मत्ता न भवन्ति ?, अपि तु भवन्त्येव ॥ ११ ॥

[१२] यदि पारिजातो वहुविह(ध)गन्धाढ्यकुसुमामोदोऽस्ति, अन्यच्च–सुरेन्द्र-भवने प्रफुल्लति, तर्हि शेपतरवः किं न फुल्लन्तु ?, अपि तु फुल्लन्तु ॥ १२ ॥

[१३] यदि गङ्गा नाम नदी अस्ति, त्रिलोके नित्य प्रग(क)टितप्रभावा, सागरम्–समुद्रं सरति, तर्हि शेपा. सरित. सागर किं मा सरन्तु ?, अपि तु सरन्तु ॥ १३ ॥

[१४] यदि विमले सरसि–सरोवरे, सूर्योद्गमे कमलिनी विकसिता, तर्हि वृत्तिविलग्ना तुम्बिनी वल्ली किं मा विकसतु ? ॥ १४ ॥

[अवचूरिका]

[११] यदि मतङ्गज –दिग्गज कमलदलबहुलगन्धदु प्रेक्ष [मद] क्षरति, अन्यच्च–ऐरापति.–ऐरावणो मत्तो भवति तदा शेषगजा किं मद मा क्षरन्तु–मा माद्यन्तु ?, अपि तु माद्यन्तु ॥

[१२] यदि पारिजातोऽस्ति, कीदृग् बहुविधगन्धाढ्यकुसुमामोद , सुरेन्द्रभु(भ)वने प्रफुल्लति, तर्हि शेपास्तरवो मा फुल्लन्तु ?, अपि तु फुल्लन्तु ॥

[१३] यदि गङ्गा नाम नद्यस्ति, सा त्रिलोके प्रकटितप्रभावा सागरसम्मुखा व्रजति, तर्हि शेषसरितो मा व्रजन्तु ?, अपि तु व्रजन्तु ॥

[१४] यदि विमले–विस्तीर्णे सरसि सूर्योद्गमे कमलिनी विकसति तर्हि वृत्तिविलग्ना तुम्बिनी वल्ली किं मा विकसतु ?, अपि तु विकसतु ॥

---

1 सेपा ।

जइ भरहभावछंदे[1] णच्चइ[2] णवरंग[3]चंगिमा तरुणी ।
ता किं गामगहिल्ली तालीसद्दे ण णच्चेइ[4] ॥ १५ ॥
जइ बहुलदुद्धसंमीलिया[5] य[6] उल्लइ [7]तंदुला खीरी ।
ता कणकुक्कससहिआ रब्बडिया मा [8]दडव्वडउ ॥ १६ ॥
जा जस्स कव्वसत्ती सा तेण अलज्जिरेण[9] भणियव्वा ।
जइ चउमुहेण भणियं ता सेसा[10] मा भणिज्जंतु[11] ॥ १७ ॥

*

णत्थि तिहुयणि जं च[12] णहु[13] दिट्ठु[14],
तुम्हेहिँ वि[15] जं न सुउ[16], विअडबंधु सुच्छंदु सरसउ ।
णिसुणेविणु को रहइ, ललियहीणु मुक्खाह[17] फरसउ[18] ।

1 C °भाविछदे। 2 A नचइ। 3 B C णवरगि°। 4 C णचिहइ। 5 A समिलिया। 6 B C उ। 7 C सतदुला। 8 C दुडव°। 9 A अलज्जरेण, C अलिज्जरेण। 10 B C सेसकई। 11 B भणिज्जति। 12 B चि। 13 C नहु। 14 A दिट्ठ। 15 A तुम्हे वि। 16 सुअ। 17 C मुक्खाण। 18 B विरसिउ, A फारसिउ।

[टिप्पनकरूपा व्याख्या]

[१५] यदि भरह(त)भावच्छन्दसा नवरङ्गचङ्ग(ङ्गि)मा नूतनवर्णप्रधाना नायिका नृत्यति, तर्हि ग्रामीणवधू तालीशब्दे न नृत्यतु ?, अपि तु नृत्यतु ॥ १५ ॥

[१६] यदि प्रचुरदुग्धेन सम्मीलिता तन्दुलानां क्षीरी उल्ललति, तर्हि धान्यकणतुषयुका रब्बडिका मा दडब्बडउ–मा शब्दं करोतु ? ॥ १६ ॥

[१७] साध्यमाह–'जा जस्स कव्व०'–या यस्य काव्येन शक्तिः, सा तेन लज्जां मुक्त्वा भणितव्या। यदि चतुर्मुखेन ब्रह्मणा भणितम्–चत्वारो वेदाः कृताः, तर्हि शेषाः कवयो मा कवित्वं कुर्वन्तु ॥ १७ ॥

[१८] कवित्वकरणायाऽऽत्मानं प्रोत्साह्य ग्रन्थस्य मनाग् रमणीयत्वं दर्शयन्न·

[अवचूरिका]

[१५] यदि भरतभावछन्दसा नवरङ्गचङ्गिमा तरुणी नृत्यति, तर्हि ग्रामग्रथिला तालीशब्दे किं न नृत्यतु ?, अपि तु नृत्यतु ॥

[१६] यदि प्रचुरदुग्धसमिश्रिता तन्दुलानां खीरी उल्ललति, तर्हि धान्यकणीतुषयुक्ता रब्बडीया किं मा दडब्बडसु–मा शब्दं करोतु ?, अपि तु करोतु ॥

[१७] स्वकाव्यकरणे आत्मानमुत्साहयति–या यस्य काव्ये शक्ति· सा तेन लज्जां मुक्त्वा भणितव्या। यदि चतुर्मुखेन ब्रह्मणा भणितम्–चत्वारो वेदाः कृता, तर्हि परे कवय. किं कवित्वं मा कुर्वन्तु ?, अपि तु कुर्वन्तु ॥

[१८] कवित्वकरणे आत्मानं प्रोत्साह्य आत्मग्रन्थस्य मनाग् रमणीयत्वं दर्शयन्, अमौद्धत्ये·

तो[1] दुग्गच्चिय[2]च्छेअरिहिं पत्तहिं[3] अलहंतेहिं।
आसासिज्जइ कह कहवि[4] सइवत्ती [5]रसिएहिं॥ १८ ॥

णिअकवित्तह विज्ज[6]माहप्प[7],
पंडित्तपवित्थरणु[8], मणुजणंमि [9]कोलियपयासिउ† ।
कोऊहलि भासिअउ, सरलभाइ[10] [11]संनेहरासउ‡ ।
तं जाणि वि णिमिसिद्धु खणु[12] बुहयण[13] करवि सणेहु[14] ।
पामरजणथूलक्खरहि जं रइयउ[15] णिसुणेहु ॥ १९ ॥ [रड्डुछन्दः।]

1 B ता। 2 B दोग्ग°; A दोगोच्चिय°। 3 A पुत्तिहि। 4 B कहव। 5 C सरसिएहिं। 6 A °कवित्तविज्ज°। 7 C माहप्पु। 8 B पविवित्थरणु, C पवित्तरणु। 9 C कालिय°। † 'मणु मुणे वि किंचिय पयासिउ'-एतादृशः B स्थित पाठ। 10 B °भाइं। 11 B सनहरा°। ‡ नोपलभ्यते C आदर्शे पंक्तिरियम्। लिपिकरप्रमादेन पतिता प्रतिभाति। 12 'तुहिज्जइ णव सद्द खणु' एवरूप B पाठ, 'तं जाण व निमसिद्धु खणु'-एतादृशः B पाठ। 13 B C वुहियण। 14 C सिणेहु। 15 C रयइं उ।

[टिप्पनकरूपा व्याख्या]

नौद्धत्येन कवीनाह–'णत्थि तिहुयणि॰'–भो कवयस्त्रिभुवने तन्नास्ति, यद् युष्माभिर्न दृष्टम्–न ज्ञातम्, अन्यच्च न श्रुतम्–नाकर्णितम्। अतः सर्व्वविशेषज्ञानात्। युष्मत्कृतं विकटवन्धविशेषः(षं) सुच्छन्दसं सरसं श्रुत्वा, अस्माकं मूर्खाणां विरसितं प्राकृतं काव्यम्, ललितहीनम्–लालित्यवर्जितं [कः] श्रोष्यति? अपि तु न कोऽपि। तर्हि अग्रे कथं प्रवृत्तिः?। तद् दृष्टान्तेनाह–यथा दुर्गतैर्दारिद्रोपद्रुतैश्छेकैः, पत्राणि–नागवल्लीदलानि, अल[भ]मानैः पर्वतादौ वहुमौ(मू)ल्यत्वात्, स(श)तपत्रिका आस्वाद्यते, तथा मम काव्यमपि पठिष्यन्ति ॥ १८ ॥

[१९] ततः प्राञ्जलिः, निजग्रन्थश्रवणार्थं पण्डितानाह–'णियकवित्त॰'–भो वुधजनाः! निःशब्दं यथा क्षणं तूष्णीक्रियताम्[1]। अन्यच्च–यत् पामरेण स्थूलाक्षरैः वाह्यवर्णैः रचितम्, तत् स्नेहं कृत्वा शृणुत। कीदृशं निजकवित्वविद्याया माहात्म्यं प्रभावरूपम्, आत्मानुमानेन पाण्डित्यप्रविस्तारणम्। कथं प्रकाशितम्?–मनसि

[अवचूरिका]

नाह–भोः! कवयस्त्रिभुवने तन्नास्ति यद्युष्माभिर्न दृष्टम्[2] न ज्ञातम्, यच्च न श्रुतम्, विकटवन्धविशेषं सुच्छन्दं सरसं श्रुत्वा, अस्माकं मूर्खाणां स्पष्टम्–कृतं काव्यं ललितहीनं श्रुत्वा कः स्वास्यति–पुनः कः श्रोष्यति?, अपि तु न कोऽपि। तर्ह्यग्रे कथं प्रवृत्तिस्तद् दृष्टान्तेनाह–यथा दुर्गतैर्दरिद्रैश्छेकैः, पत्राणि नागवल्लीदलान्यलभमानैः, पर्वतादौ शतपत्रिकाऽऽस्वाद्यते तथा मम काव्यमपि पठिष्यन्ति ॥

1 तूष्णीक्रियता। 2 दिष्टं।

संपडिउ[1] जु सिक्खइ कुइ समत्थु,
तसु कहउ विबुह संगहवि हत्थु[2] ।
पंडित्तह मुक्खह मुणहि भेउ,
तिह[3] पुरउ पढिव्वउ णहु वि एउ ॥ २० ॥

1 B संपडिय । 2 C विहत्थु । 3 B C तह ।

[टिप्पनकरूपा व्याख्या]

किमपि ज्ञात्वा प्रकाशितम् । कौतूहलेन भापितम् । पुनः कथं?–सरलभावेन । सन्देस(श)रासकं नाम । रड्डच्छन्दः । तल्लक्षणम्–

जासु वियरणि हुंति पय पंच,
पढमं चिय पंनरह, बीय चारि गारह निरुद्धउ ।
तह तीयइ पंचदह, रड्डभेउ जाणउ सु सुद्धउ ।
करहिणि मोहिणि मियनयणि, रासासेण मुणिंदु ।
अंतिहि दोहउ जसु हवइ, कवि नंदड्ड भणंति ॥

यस्य प्रस्तारे आदौ पञ्चदश–एकादश–पञ्चदश–एकादश–पञ्चदशमात्रिकाणि भवन्ति पञ्च पदानि । प्रान्ते दोधकः । इति रड्ड[ल]क्षणम् । दोधकलक्षणमग्रे कथयिष्यति[1] ॥

[२०] ततः प्राञ्जलिर्निजग्रन्थश्रवणार्थं पण्डितानाह । ततो ग्रन्थपठनस्य शिष्या(क्षा)माह–'सपडिय जु०'–कोऽपि समर्थः–प्रज्ञावान्, संप्रतितं–प्रसङ्गागतम्, इदं(मं) सन्देशरासकं पठति, तस्य सन्देशकविदो हस्तं गृहीत्वा भणामि । ये जनाः पण्डितानां मूर्खाणां चान्तरं जानन्ति, तेपां पुर[त] एव सन्देशरासको नाम न पठितव्यः । यतस्ते महान्तः पण्डिताः । पद्धडीछन्दः । तल्लक्षणम्–

[अवचूरिका]

[रड्डछन्दो यथा –] जासु विरयणि हुति पय पच,
पढम चिय पनरह य, बीअ चारि गारह निरुद्धउ । तह तीअइ पचदह, रड्डमेउ जाणहु सु सुद्धउ ।
करहिअमोहिणि मिअनयणि राहासेणु मुणिंदु । अंतिहि दोहउ जिसु हवइ कवि नदड्ड भणति ॥

यस्याः प्रस्तार आदौ पञ्चदशैकादशपञ्चदशमात्राणि पञ्च पदानि, प्रान्ते च दोधक इति रड्डालक्षणम् । दोधकलक्षणमग्रे कथयिष्यन्ते ॥

[१९] ततः प्राञ्जलिर्निजग्रन्थश्रवणार्थं पण्डितानाह–भो बुधजनाः ! स्नेहं कृत्वा निजकवित्व-विद्याया माहात्म्यं प्रभावरूपमात्मानुमानेन पाण्डित्यप्रविस्तारणं मनुष्यलोके कौलिकेन तन्तुवायुना (०येन) प्रकाशितं कौतूहलभाषितं सरलभावेन पामरजनेन मूर्खेण कृतं सन्देशरासकं नाम कवित्वलक्षणं निःशङ्क कोलाहल विहाय शृणुत ॥

[२०] ततो ग्रन्थपठनशीलस्य शिक्षामाह–यः कोऽपि समर्थः प्रज्ञावान् सम्प्रतितं प्राप्तमिदं शास्त्रं पठति तस्य बुधस्य पण्डितस्य हस्तं गृहीत्वा भणामि । ये जनाः पण्डितानां मूर्खाणामन्तरं कुर्वन्ति जानन्ति तेपां पुरत एव न पठितव्यः । यतस्ते महान्तः पण्डिता. ॥

1 कथयिष्यते ।

द्वितीय वर्ष] ❀ [द्वितीय अंक

अद्वैतवाद अने शंकराचार्य

*

ले० — श्रीयुत दुर्गाशंकर के. शास्त्री

ऋग्वेदमांये नासदीय जेवा कोईक सूक्तमां दार्शनिक विचारनुं बीज मळे छे; पण ए विचारोनुं प्राधान्य तो उपनिषदोमां ज जोवामां आवे छे. उपनिषदो बधां एक काळनां नथी. केटलीय पेढीओना विचारो उपनिषदोमां संग्रहाया छे. अने जो के क्यांक क्यांक बीजी अल्पसार वातो छे, पण सामान्य रीते उपनिषदोमां ऊंचा दार्शनिक विचारो कवित्वमय रमणीय भाषामां मळे छे. आत्मानी अन्तरतम गुहामांथी नीकळेलां ए औपनिषद वचनोमां आध्यात्मिक अनुभवनी एक एवी झळक छे के तेने प्रमाणनी अपेक्षा रहे नहीं. वेदना अपौरुषेयत्वनी मान्यतामां जेने श्रद्धा न होय तेने पण वेदान्त—उपनिषदोनुं स्वतःप्रामाण्य आ कारणथी अने कदाच आटला पूरतुं स्वीकारवामां भाग्ये ज वांधो आवे. पण उपनिषदो विचाररत्नोनी खाण होवा छतां विचारोनी प्रमाणपुरःसर व्यवस्था करीने रचेलुं शास्त्र नथी.

शास्त्रयुगनो उदय औपनिषदयुग पछी केटलेक वखते थयो छे. न्याय, वैशेषिकादि दर्शनोना सूत्रग्रन्थो रचाया ते उपनिषदोनी रचना पछी घणे वखते; अने भिन्न भिन्न वादोनी स्पष्ट संकलना तो सूत्रग्रन्थोमां ज पहेल-वहेली थई छे. ते ज उपनिषदोमांथी शंकर, रामानुजादि आचार्योए केवलाद्वैत, विशिष्टाद्वैत वगेरे भिन्न वादो उपजाव्या छे. ए हकीकत ज उपनिषदोमां एक ज वाद सळंग स्पष्ट रूपमां नथी एनो पुरावो छे. छतां उपनिषदोनो – खास करीने छांदोग्य, बृहदारण्यकादि जूनां उपनिषदोनो सामान्य ध्वनि अद्वैतबोधक छे, एनी कोईथी ना पडाय एम नथी. मध्वाचार्य जेवा आचार्ये द्वैतवादनो अर्थ काढवा प्रयत्न कर्यो छे, पण एमना व्याख्यानमां खेंचताण चोख्खी देखाय छे. दोयसेनादि पाश्चात्य तटस्थ विद्वानो पण उपनिषदो अद्वैतवादी छे एम कहे छे.

बृहदारण्यकादि उपनिषदोथी चालेलो अद्वैतवाद महाभारत–पुराणोमांये मळे छे. जीव अने ईश्वरनो अभेद[1], एक ज अद्वितीय आत्मा आखा विश्वनां जन्म, स्थिति, लयनुं कारण छे[2]; एटलुं ज नहीं पण ए आत्मा ज सर्व छे, एथी जुदुं कांई नथी[3]; आ अद्वैत भावने जुदी जुदी रीते समजाववानो उपनिषदोमां प्रयत्न छे. पण जीव अने ईश्वरनुं तथा जगत् अने ईश्वरनुं अद्वैत मानवा जतां सामान्य अनुभव तथा मनुष्यनी अनुमानशक्ति साथे जे अथडामण थाय छे तेनुं समाधान करवानो प्रयत्न उपनिषदोमां नथी. पछीना महाभारत पुराणना अद्वैतबोधक वचनोमां पण एवो प्रयत्न नथी. कारण के उपनिषदो के महाभारत पुराणो कांई दर्शनशास्त्र नथी.

आवो दार्शनिक संकलननो पहेलो प्रयत्न ब्रह्मसूत्रमां जोवामां आवे छे. ब्रह्मसूत्रना समयनी के षड्दर्शनमां एना स्थाननी चर्चा नहीं करिए. पण न्याय-वैशेषिक तथा सांख्य-योग, उपनिषदादि साहित्यमां प्रगट थयेला विचारोने बाजु उपर राखीने, दार्शनिक चर्चा करे छे अने द्वैतवादी छे; त्यारे ब्रह्मसूत्र, उपनिषदादिमां प्रगट थयेला विचारोनो आधार लईने पोतानुं दर्शन रचे छे[4], अने कोईक प्रकारनो अद्वैत वाद रजु करे छे.

१ छां. उ. ६. ८–१६. २ तै. उ. ३–१.

३ बृ. उ. ४–४. १२, १९; छां. उ. ३. १४. १, वगेरे.

४ ब्रह्मसूत्रनी समग्र रचना ज, फक्त प्रथम अध्यायना चतुर्थ अने बीजा अध्यायना प्रथम-द्वितीय पादने बाद करतां, उपनिषद वचनोमांथी परस्पर अविरुद्ध एवो संकलित वाद काढवाना प्रयत्नरूप छे.

मारूं वक्तव्य ए छे के ब्रह्मसूत्र रचाया पहेलां अद्वैतना विचारो हता; जेम सांख्यकारिका रचाया पहेलां सांख्यना, पातंजल योगसूत्र रचाया पहेलां योगना अने हालनुं गौतमप्रणीत न्यायसूत्र रचाया पहेलां न्यायना विचारो हता. पण सुग्रथित शास्त्र न हतुं. ब्रह्मसूत्रमां आश्मरथ्य, औडुलोमि, काशकृत्स्न, बादरि, बादरायण, जैमिनि, वगेरे पूर्वाचार्योना मतोनो उपन्यास करेलो जोवामां आवे छे[5]. पण ते ते आचार्योना टुंका तेवा पण ग्रन्थो कोई होय एवुं मानवा माटे कशो आधार वेदान्त विषयमां तो नथी. अमुक अमुक बाबतमां जुदा जुदा आचार्योना अमुक मतो ते ते आचार्यनी शिष्यपरंपरामां प्रचलित होय अने तेनो सूत्रकारे आ रीते उल्लेख कर्यो होय, ए संभवित छे. टुंकामां मारूं वक्तव्य ए छे के उपनिषदो उपर आधार राखीने फिलसुफीनी चर्चा करनार घणा चिंतको उपनिषदो अने ब्रह्मसूत्र वच्चेना काळमां थया हशे; जेम न्यायादि तथा बौद्ध-जैनादि दृष्टिथी चर्चा करनारा चिंतको थया हशे. पण उपनिषदो उपर आधार राखीने तथा न्यायादि बीजां दर्शनोनी चर्चाओने पण ध्यानमां राखीने संकलित दर्शन—फिलसुफी रजु करनारो पहेलो ग्रन्थ तो आ ब्रह्मसूत्र ज छे.

ब्रह्मसूत्रनां सूत्रो अतिसंक्षिप्त अने घणी जग्याए अस्पष्ट छे. कदाच पहेलेथी ज एनी साथे कोई वृत्ति हशे जे पाछळथी लुप्त थई गई. एम छतां ब्रह्मसूत्रमां कोईक जातनो अद्वैतवाद छे एटलुं चोक्कस. अलबत्त ए शंकराचार्य, रामानुज के वल्लभ—एकेयने सर्वथा अनुकूळ नथी एवो मारो मत छे. जो के कोईए विशिष्टाद्वैतने वधु अनुकूळ छे एवो, तो कोईए शुद्धाद्वैतने अनुकूळ छे एवो मत दर्शाव्यो छे. पण मारा मते खरी वात एवी लागे छे के केटलीक बाबतो जे स्पष्ट करवानी पाछळना आचार्योने आवश्यकता लागी छे ते ब्रह्मसूत्रमां अस्पष्ट ज रहेवा दीधी छे. सूत्रनी रचनानी शाब्दिक अस्पष्टता उपरांत सूत्रकारना फिलसुफी विषयक विचारोनी अस्पष्टता पण ए ग्रन्थमां छे.

ऐतिहासिक दृष्टिए जोतां एम लागे छे के पेढी-दर-पेढी विचारो तथा चर्चा थईने तथा दर्शनोना विरोधोमां रहेलां सत्योना जवाबोनी शोधमांथी भिन्न भिन्न दर्शनोना विचारोनो विकास थयो छे. आ विकासक्रमनो विगतवार इतिहास मळतो नथी, कारण के शंकराचार्य पहेलांना ब्रह्मसूत्र उपरना वृत्तिग्रन्थो तथा भाष्यग्रन्थो लुप्त थया छे. हवे शंकराचार्ये ब्रह्मसूत्र उपर भाष्य लखीने पोतानो

5 जुओ, ब्र. सू. १. ४. २०, २१, २२; १. २. ३०; ३. ४. १९; ३. २. ४०.

उपनिषद् व्याख्यानथी भिन्न होवाथी आचार्ये ब्रह्मसूत्रना भाष्यना उपोद्घातने अन्ते स्पष्ट लख्युं छे के

यथा चायमर्थः सर्वेषां वेदान्तानां तथा वय-
मस्यां शारीरकमीमांसायां व्याख्यास्यामः ।

मतलब के ए अध्यासभाष्यमां जे दृष्टि पोते रजु करी छे ते दृष्टिए उपनिषद्-वचनोनो अर्थ पोते कर्यो छे.

आ रीते शंकराचार्यनुं दर्शन स्वतंत्र छे, पण एनो अर्थ एना विचारो उपर कोईनुं ऋण नथी, एवो नथी. उपनिषदोनो आधार तो पोते स्वीकारे ज छे. एटलुं ज नहि पण मन अने वाणीथी अगोचर तत्त्वनुं ज्ञान उपनिषद्द्वारा ज थई शके, एम कहे छे. वळी औपनिषद अद्वैतवादीओनो संप्रदाय चालतो होवानुं उपर कह्युं ज छे. ए संप्रदायने लगतुं जे साहित्य गीता-महाभारतमां संग्रहायुं तेनो स्मृतिप्रमाण तरीके सूत्रकारे तथा भाष्यकारे स्वीकार कर्यो छे. पछी आश्मरथ्य, औडुलोमि, बादरि वगेरे अद्वैतवादीओना प्रकीर्ण मतोनो ब्रह्मसूत्रमां संग्रह थयो छे. पण सूत्रकार पछी अने शंकराचार्य पहेलां पण अद्वैतवादनो संप्रदाय चालु हतो, जेमां एक वृत्तिकारने सूत्रना व्याख्यानमां शंकर घणे भागे अनुसरे छे अने केटलीक वार जुदा पडे छे; ज्यारे भेदाभेदवादी भर्तृप्रपंचनुं खंडन करे छे.[८] बीजी एक बोधायनवृत्तिने अनुसरी रामानुजाचार्ये भाष्य रच्युं छे. आ उपरात मंडनमिश्रनो ब्रह्मसिद्धि ग्रन्थ दक्षिणमां मळ्यो छे. आ ग्रन्थमां अद्वैतवाद छे अने तेनो वाचस्पतिमिश्रे लाभ लीधो छे, एम द्राविड विद्वानो कहे छे. पण शंकराचार्य जेना ऋणनो स्पष्ट स्वीकार करे छे, एवा अद्वैतवादीओमां मुख्य तो छे गौडपादाचार्य. शंकरसंप्रदाय गौडपादने आचार्यना परमगुरु गणे छे. एनी कारिकाओ प्रसिद्ध छे. शंकराचार्ये 'संप्रदायविदनुं वचन छे' एम कहीने कारिकामाथी एक श्लोक भाष्यमा उतार्यो छे. आ उपरांत चतुःसूत्रीने छेडे शंकरे बे श्लोको अनुमति साथे उतार्या छे. अने टीकाकार ए श्लोकोने **'ब्रह्मविदां गाथा'** कहे छे. आ ब्रह्मविदोनुं तो कांई वधारे साहित्य मळ्युं नथी. पण जे गौडपादनो ग्रन्थ मळे छे अने जेनुं शंकर उपर ठिक ऋण छे एम कही शकाय, ते गौडपादना विचारोथी पण शंकराचार्यना विचारो अगत्यनी बाबतमां जुदा पडे छे. गौडपादना विचारो उपर जेटली बौद्धमतनी छाया छे तेटली शंकराचार्यना विचारो उपर नथी.

८ ब्र. सू. १-४-१४ नुं भाष्य.

छतां एटलुं चोक्स छे के जेम न्याय-वैशेषिकादि दर्शनोनी शंकरने खबर छे तेम ज बौद्ध-जैन दर्शनोनी शंकराचार्यने खबर छे, एटलुं ज नहीं पण बौद्धदर्शनना केटलाक विचारोनी एना उपर खास असर पण छे, एवुं घणा विद्वानो माने छे. खास करीने शांकरमतनी अविद्यानुं मूळ बौद्ध **प्रतीत्यसमुत्पादवादमां** छे अने नागार्जुनना शून्यवादनी असर जगत्‌ना मिथ्यात्ववाद उपर छे.

आ बौद्ध असर पण प्राचीनोना जाणवामां हती. भास्करे एनो उल्लेख 'मायावाद महायानबौद्धनी गाथामां गवायेलो छे' ए रीते कर्यो छे[९], अने वैष्णवोए **'मायावादमसच्छास्त्रं प्रच्छन्नं बौद्धमुच्यते'** एवो आक्षेप कर्यो छे.

बौद्ध असर छे एनी ना पडाय एम नथी, छतां शांकरदर्शन अने बौद्ध शून्यवाद के विज्ञानवाद वच्चे घणुं अंतर छे. अधिष्ठानभूत पारमार्थिक सत्तानी वात एकेय बौद्ध दर्शनमां नथी अने शांकरदर्शनना मुख्य सिद्धान्तरूप ब्रह्मात्मैक्यनी वातनो संभव ज बौद्ध दर्शनमां नथी. शंकराचार्ये बौद्ध शून्यवादनुं अने विज्ञानवादनुं खंडन कर्युं छे,[१०] एटलुं ज नहीं पण दंतकथा तेओने बौद्धधर्मने आ देशमांथी हांकी काढनार अने स्मार्त हिंदुधर्मना पुनःस्थापक गणे छे.

पोताना समय सुधीमां प्रचलित भिन्न भिन्न दर्शनोना सिद्धान्तोने गणतरीमां लीधा वगर तो कोई नवुं दर्शन रची शके नहीं अने शंकराचार्ये पण ऋग्वेदना सूक्तद्रष्टाओथी आरंभी छेल्ला दिङ्नाग अने गौडपाद—भर्तृप्रपंच सुधीना दार्शनिकोना विचारोनो लाभ लीधो होवा छतां एनी पोतानी फिलसुफी स्वतंत्र छे. जेवी रीते, जेम न्यायदर्शनना आद्यद्रष्टा गौतम, वैशेषिकदर्शनना कणाद अने योगदर्शनना पतंजलि छे तेम केवलाद्वैत दर्शनना आद्यद्रष्टा शंकराचार्य छे, आम कहीने ब्रह्मसूत्रकारने स्थानभ्रष्ट करवानी मारी मतलब नथी. जेना ग्रन्थ उपर शंकर, रामानुज जेवा आचार्योए भाष्यो लख्यां छे एनुं स्थान कोण खेसवी शके? पण उपनिषदोना याज्ञवल्क्य, उद्दालकादि ऋषिओ; ब्रह्मसूत्र, गौडपाद जेवा शंकरने मान्य अद्वैतवादीओ; ए सर्वथी केटलुंक विशेष शंकरना वादमां छे; अने जे आ विशेष छे ते फिलसुफीनी तथा प्रमाणशास्त्रनी दृष्टिथी मौलिक छे.

---

९ ब्र. सू. १, ४. २५नुं भास्करभाष्य; तथा हिन्दतत्त्वज्ञाननो इतिहास, भा. २, पृ. १९८.
१० ब्र. सू. २. २. १८–३२.

समग्र संस्कृतसाहित्यमां जेना सुंदर गद्यनो जोटो नथी ते 'प्रसन्नगंभीर' शांकरभाष्यमां मानवजीवनने तलस्पर्शी असर करता फिलसुफीना तेजस्वी विचारो सचोट तर्कशैली वडे रजु करवामां आव्या छे.

उपनिषदोमां अद्वैतब्रह्मभाव, ब्रह्मात्मैक्यनो उपदेश तथा भेददृष्टिनी निन्दा ए बधुं छे; पण प्रत्यक्ष व्यवहारमां स्पष्ट भेदभावनो अनुभव, वळी ब्राह्मण धर्मशास्त्रोमां भेदभावना पाया उपर कर्मकाण्ड तथा वर्णाश्रमधर्मनी रचना अने न्याय-सांख्यादि दर्शनोना मान्य विचारकोनो द्वैतवाद—ए सर्वनो प्रबळ विरोध भेदीने सामापक्षे बौद्ध शून्यवादमां पड्यां वगर धार्मिक श्रद्धाना बळथी नहीं पण विशुद्ध तर्कना पक्षथी औपनिषद अद्वैतवादनुं जे दर्शन शंकरे गुंथ्युं छे ते असाधारण प्रतिभानुं फळ छे.

शांकरदर्शननी सर्व विशेषताओ स्फुट करवा जतां तो एक मोटो ग्रन्थ थाय, एटले आ व्याख्यानमां आ दिशासूचनथी संतोष राखी एटलुं ज कहुं छुं के मारा मते तो आ देशनी फिलसुफीना इतिहासमां असाधारण, अने जगत्‌नी फिल-सुफीना इतिहासमा मोटुं स्थान शंकाचरार्यनु छे.†

*

† भारतीयविद्या भवन तरफथी मुंबई युनिवर्सिटीना व्याख्यान गृहमां थपाती व्याख्यान श्रेणिमा, ता. ११, १, ४१ ना रोज आपेलुं व्याख्यान.

महेश्वरसूरिनी 'पंचमी माहात्म्य' कथा अने तद्गत सुभाषितो

*

लेखक—श्रीयुत अमृतलाल सवचंद गोपाणी एम्. ए.

જૈન તેમ જ જૈનેતર સાહિત્યમાં, ધર્મકથા, રાજકથા, સમાજકથા, નીતિકથા વગેરે વગેરે જેમ કથાભેદો છે તેમ પર્વકથાઓનો પણ એક ખાસ ભેદ છે. પર્વોના ઇતિહાસ જેટલો જ પર્વકથાઓનો ઇતિહાસ પણ પ્રાચીન છે. એ પર્વકથાઓના મૂળગત વિચારમાં, વિકાસમાં અને અંતિમ લક્ષ્યમાં પોતપોતાના લાક્ષણિક રંગો પૂરી પ્રત્યેક ધર્મે, સંપ્રદાયે અને આમ્નાયે એ કથાઓને પોતાની કથા તરીકે અપનાવી લીધી. એટલે બન્યું એમ કે કથાનું મૂળ ખોખું ઘણી વખત એમનું એમ રહ્યા છતાં કોઈ સંપ્રદાયની અમુક પર્વકથા આપણને પરિપુષ્ટ અને માંસલ લાગી ત્યારે એ જ પર્વકથા બીજા સંપ્રદાયમાં બેદરકારી કે એવા અન્ય કોઈ કારણને લઈ તદ્દન ફિક્કી અને નિર્માલ્ય બની ગઈ. સમયની અનુકૂળતા—પ્રતિકૂળતાએ, સામાજિક પરિવર્તનોએ અને રાજકીય પ્રત્યાઘાતોએ પર્વકથાના સાહિત્યમાં પણ ભરતી અને ઓટ આણ્યાં.

કેવળ તત્ત્વજ્ઞાનની વાતો અને વિવાદો સાક્ષરોને પચે; એટલે જેઓ ઓછાં વિદ્વાન હોય તેમ જ નિરક્ષર હોય અર્થાત્ સામાન્ય લોકસમૂહ માટે જ્ઞાન સાથે બોધ આપી શકાય તેવી યોજનામાં આપણે કથાસાહિત્યનાં મૂળ જોઈ શકશું. આ હેતુથી ધર્મના તહેવારો એટલે કે પર્વોને પસંદ કરવામાં આવ્યા. અક્ષય તૃતીયા, બોળી ચોથ, ગણેશ ચતુર્થી, નાગ પાંચમ, રાંધણ છઠ, શીળી સપ્તમી અને જન્માષ્ટમી વગેરે પર્વ દિવસોને અનુલક્ષી જેમ બ્રાહ્મણોએ પર્વકથાઓ રચી તેમ જૈનોએ પણ અષ્ટાહ્નિકા, પર્યુષણ પર્વ, જ્ઞાનપંચમી વગેરે પર્વોને લઈ પર્વકથાઓ રચી. તેમાં કયા માસમાં કયું વ્રત કોણે કેવી રીતે ગ્રહણ કરવું, યથાવિધિ પાળવું અને કેવી રીતે ઊજવવું અને એથી ફળ શું વગેરે બાબતો, પોતપોતાની લાક્ષણિક શૈલિથી, પ્રસંગવૈવિધ્ય અને કળાકૌશલ્યપૂર્વક, કાવ્યચમત્કૃતિ, અને અલંકારોની જમાવટ સાથે, પોતપોતાના ધાર્મિક વર્તુળમાં રહી, કથાલેખકોએ ચર્ચી. આમા ફળની બાબતમાં કથાલેખકોએ પોતપોતાના ધર્મની સર્વોત્કૃષ્ટતાની વિશિષ્ટ પ્રરૂપણા કરી. અને એથી કરી, ઘણી ખરી બાબતોનુ ઘણું ખરૂં સામ્ય હોવા છતાં, દરેક પર્વકથા, ધાર્મિક સિદ્ધાંત પુરતી, નિરાળી બની ગઈ.

ઉપર જણાવી તેવી પર્વકથાના સાહિત્યની ઉત્પત્તિ અને વિકાસમાં જૈન લેખકોએ વિશાળ અને સર્વદેશીય ફાળો આપ્યો છે. મૌન એકાદશી, મેરુ ત્રયોદશી, હોલિકા પર્વકથા, રજ.પર્વકથા, અષ્ટાહ્નિકા પર્વકથા, પર્યુષણ પર્વકથા, દિપાવલિ પર્વકથા અને સૌભાગ્યપંચમી કે જ્ઞાનપચમી કથા—વગેરે વગેરે પર્વકથાઓ જન પર્વકથા સાહિત્યના આધારસ્તંભો છે. એમાંની છેલ્લી અને અનેક દૃષ્ટિએ અપૂર્વ એવી શ્રીમહેશ્વરસૂરિ રચિત જ્ઞાનપંચમી કથા અને તેમાં આવતા સુભાષિતો ઉપર હું ખાસ કરીને આ લેખમાં કહેવા માગું છું.

અત્યારસુધી અપ્રકટ અને અનેક દૃષ્ટિએ અલૌકિક એવી અર્થગંભીર આ પર્વકથાના પ્રકાંડ વિદ્વાન લેખક શ્રીમહેશ્વરસૂરિ વિક્રમીય સંવત્ ૧૧૦૯ પહેલાં થયા હોવા જોઈએ એ વાત હવે સુવિદિત છે. કારણુ કે તે કથાની ઉપલબ્ધ પ્રતિઓમાં પ્રાચીનમાં પ્રાચીન એક તાડપત્રીય પ્રતિ જેસલમેરના ભાંડાગારમાં છે જેનો લેખન સંવત્ વિ. સં. ૧૧૦૯નો છે. તેઓ પોતાને સજ્જન ઉપાધ્યાયના શિષ્ય તરીકે ઓળખાવે છે. આથી વિશેષ કોઈ માહિતી પોતાને વિષે તેઓ આપતા નથી, તેથી તેમના જીવન અને કવન વિષે કશી ચર્ચા થઈ શકે તેમ નથી. મહેશ્વર નામધારી સૂરિઓ પણુ અગીઆર જેટલા થઈ ગયા છે તેમાંથી કયા મહેશ્વરસૂરિએ કયા કયા ગ્રન્થો લખ્યા તે પણુ ચોક્કસાઈથી કહેવામાં મુશ્કેલી છે. છતાં સંયમમજરી નામના અપભ્રંશ ભાષામાં લખાયેલા પાંત્રીશ ગાથા પ્રમાણુ જેવડા એક નાના પ્રકરણુ ગ્રન્થના કર્તા મહેશ્વરસૂરિ અને પ્રસ્તુત નાણુપંચમી કહાના લેખક મહેશ્વરસૂરિ—એ બન્ને એક હોય એવી મારી સંભાવના છે. આ ગ્રન્થનું સંપાદન હાલ હું કરી રહ્યો છું. તેની પ્રસ્તાવનામાં મેં આ બાબતની વિસ્તારપૂર્વક ચર્ચા કરવાનો મારો આશય છે. તેથી ભારતીય વિદ્યા ગ્રન્થમાલામાં પ્રકાશિત થનાર તે ગ્રન્થને એ સંબંધમાં જિજ્ઞાસુઓએ પ્રકટ થયે જોઈ લેવો. એ ચર્ચાનો ટૂક સારાંશ નીચે પ્રમાણે છે.

'આવશ્યક સપ્તતિ' ઉપર ટીકા લખનાર મહેશ્વરસૂરિ વાદિદેવસૂરિના શિષ્ય હતા તેથી, 'કાલિકાચાર્યકથા' પ્રાકૃતમાં લખનાર મહેશ્વરસૂરિ પલ્લિવાલ ગચ્છમાં થઈ ગયા તેથી, 'વિચારરસાયન પ્રકરણુ'ના રચનાર મહેશ્વરસૂરિ સં. ૧૫૭૩માં વિદ્યમાન હતા તેથી, દેવાનંદ ગચ્છના મહેશ્વરસૂરિ ગચ્છભેદે તથા તેઓ સં. ૧૬૩૦માં થઈ ગયા તેથી, 'સિદ્ધાંતોદ્ધાર' પ્રકરણુના રચનાર મહેશ્વરસૂરિ વર્ધમાનસૂરિના શિષ્ય હતા તેથી અને 'શબ્દભેદપ્રકાશ', 'લિંગભેદનામમાળા', 'વિશ્વકોષ' અને 'શબ્દપ્રભેદ'ના લખનાર ચારેય મહેશ્વરસૂરિઓ અર્વાચીન છે તેથી એ નવેય મહેશ્વરસૂરિઓ જ્ઞાનપંચમી કથાના લેખક મહેશ્વરસૂરિ કરતા ભિન્ન છે એ નિર્વિવાદ છે. હવે રહ્યા એક સંયમમંજરીના લખનાર મહેશ્વરસૂરિ જે, મેં આગળ કહ્યું તેમ, પ્રસ્તુત જ્ઞાનપંચમી કથાના લેખક મહેશ્વરસૂરિ હોય એવી શક્યતા જણાય છે.

આ કથા ગ્રન્થનું બીજું નામ '**પંચમી માહાત્મ્ય**' પણુ છે, કારણુ કે એમાં પંચમી માહાત્મ્યનું વર્ણન પ્રધાનપણે કરવામાં આવેલ છે. એમાં બે હજાર જેટલી ગાથા છે. જૈનમહારાષ્ટ્રી પ્રાકૃતમાં આ ગ્રન્થ લખાયેલો છે. ભાષા ઉપર કવચિત્ અપભ્રંશની તો કવચિત્ અર્ધમાગધીની અસર પડેલી છે. જ્ઞાનપંચમીના મતને અનુલક્ષીને કોઈએ સંસ્કૃતમાં, કોઈએ પ્રાકૃતમાં, કોઈએ અપભ્રંશમાં તો કોઈએ જૂની ગૂજરાતીમાં કથાઓ લખેલી છે. તે બધી કથાઓ કાંતો 'જ્ઞાનપંચમી માહાત્મ્ય', 'પંચમી કહા', 'ભવિસ્સયત્ત કહા', 'સૌભાગ્યપંચમી કથા', 'વરદત્ત–ગુણુમંજરી કથા' ઇત્યાદિ નામથી પ્રચલિત છે. પરંતુ તે બધામાં મહેશ્વરસૂરિ રચિત પ્રસ્તુત કથા ઉપલબ્ધ સાહિત્યમાં જૂનામાં જૂની હોય એમ મને લાગે છે. આ કથા સાથે ધર્કટવંશ વણિગ્ ધનપાળ-રચિત 'ભવિસ્સયત્ત કહા' સરખાવ્યા પછી મને જણાયું છે કે ધનપાળ મહેશ્વરસૂરિના ઉત્તરકાલીન હોવા જોઈએ. કારણુ કે મહેશ્વરસૂરિ રચિત પ્રસ્તુત કથાના દસમા ભવિષ્ય-દત્ત આખ્યાન ઉપરથી ધનપાળે પોતાની 'ભવિસ્સયત્ત કહા' રચી હોય એમ મને

લાગ્યું છે. એ કથામાં ધનપાળે ત્રણચાર બાબતો દિગંબર આમ્નાયને પોષક હોય એવી ઉમેરી છે તે ઉપરથી ધનપાળ દિગંબરમતાવલંબી હતા એ વાત પણ ડૉ. હર્મન યાકોબી માને છે તેમ, નિર્વિવાદ છે. આ વિષે મેં "નાણપંચમી કહા અને ભવિસ્સયત્ત કહા" શીર્ષક જે વિસ્તૃત લેખ, ભારતીય વિદ્યા ત્રૈમાસિકના ગત અંકમાં લખ્યો છે તે, તેમાં રસ લેનાર વિદ્વાનોએ જોઈ જવા વિનતિ છે. તેમાં મેં જણાવ્યું છે કે જ્ઞાનપંચમી કથા પુરતી પરંપરાની બે ધારા છે. એક શ્વેતાંબર સંપ્રદાયની અને બીજી દિગંબર સંપ્રદાયની. શ્વેતાંબર સંપ્રદાયની પરંપરાના મૂળ સ્થાપક મહેશ્વરસૂરિ જણાય છે અને દિગંબર પરંપરાના અગ્રણી મહેશ્વરસૂરિ પછી તરત જ થયેલા જણાતા ધર્કટ-વંશીય વણિગ્ ધનપાળ દેખાય છે.

મોક્ષમંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર જ્ઞાન છે. જ્ઞાનની આરાધનાથી તીર્થંકરાદિ મહાન્ પુરુષો ભવસમુદ્ર તરી ગયા છે અને જ્ઞાનની વિરાધનાથી અનેક દુર્ગતિમાં પણ પડ્યા છે. એટલે મોક્ષસિદ્ધિ માટે જ્ઞાન એક સર્વોત્તમ ઉપાય છે. જ્ઞાનના આવા અપૂર્વ માહાત્મ્યને જાણી–વિચારી પૂર્વાચાર્યોએ જ્ઞાનની ઉપાસના માટે જ ખાસ કરીને એક દિવસ નિયત કર્યો. અને તે કાર્તિક શુકલ પંચમીનો. આ શુકલ પંચમી ખાસકરીને જ્ઞાનપંચમીના વિશિષ્ટ નામથી વધારે પ્રચલિત છે. આ પવિત્રતમ દિવસે પુણ્યશાલી જીવ મુનિની માફક પૌષધાદિ વ્રત અંગીકાર કરી જ્ઞાનોપાસના કરવામાં ગાળે છે. તેઓ ભંડારમા રાખેલી જ્ઞાનની એકમાત્ર ઉપકરણ પ્રતિઓને બહાર કાઢે છે. જે જે પ્રતિઓને શરદી–ભેજ–જીવ–જંતુ આદિનો ઉપદ્રવ થયો જાણવામાં આવે તે તે પ્રતિઓને તે ઉપદ્રવમાંથી વિમુક્ત કરવાનું વિચારતા અથવા તો તે તે પ્રતિઓના પુનરુદ્ધારનું પણ નક્કી કરતા તે દિવસે પ્રતિઓનું બહુ જ યત્નાપૂર્વક પૂજન, અર્ચન, માર્જન વગેરે થતું. ચોમાસામા જ્ઞાનભંડારો બંધ હોય છે. તે ચોમાસુ પુરૂં થયે વહેલામાં વહેલી તકે ખોલવાના હોય છે. આ રીતે બીજી પંચમીઓ કરતાં કાર્તિક શુકલ પંચમીનું જ માહાત્મ્ય વિશેષ છે આ વ્રત કરવાથી સૌભાગ્ય ઇચ્છનારને સૌભાગ્ય મળે, આરોગ્ય ઇચ્છનારને આરોગ્ય મળે, કુલીન કુટુંબમાં જન્મ ઇચ્છનારને તેવા કુલીન કુટુંબમા જન્મ થાય, આંખ ગઈ હોય તો આંખ, પગ ગયા હોય તો પગ અને હાથ ગયા હોય તો હાથ પણ પાછા મળે અને છેવટ મોક્ષ પણ મળે એવો આ વ્રતનો પ્રભાવ છે બ્રાહ્મણોમા સરસ્વતીશયન અને દેવઊઠી એકાદશીનો પણ કંઈક આવો જ પ્રભાવ છે. દિગંબરોમા જ્ઞાનપંચમીને બદલે શ્રુતપંચમી શબ્દ વધારે પ્રચલિત છે.

વ્રતો તો ઘણા છે પણ આ રીતે જ્ઞાનપંચમી વ્રતનું મહત્ત્વ નિરાળું છે. સૌ સંપ્રદાયો પોતપોતાની અનોખી રીતે વ્રતો ઉજવે છે, પણ જૈન પ્રથામા ખાસીયત એ છે કે ઐહિક કરતા પારલૌકિક ભાવના તરફ વિશેષ ધ્યાન આપવામા આવ્યું હોય છે. પર્વે પર્વે પરત્વે એ ધર્મભાવનામા ન્યૂનાધિકય જરૂર સભવે. તીર્થંકરોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એ પાંચ દિવસો કલ્યાણકના કહેવાય છે. પર્વ પાળવામાં નિમિત્ત તીર્થંકરના કોઈપણ કલ્યાણકનું હોય પણ એ કારણે ચાલતા પર્વનો કેવળ એક જ ઉદ્દેશ હોય છે અને તે જ્ઞાન–ચારિત્ર્યની શુદ્ધિ અને પુષ્ટિદ્વારા આત્મસિદ્ધિ.

એટલે જ્ઞાનની સર્વાતિશાયિતા સબંધે આપણે ઉપર જોયું તેમ બે મત છે નહિ

જ્ઞાન એટલે પ્રતિઓ—પુસ્તકો; અને પુસ્તકો એટલે જ્ઞાનભંડારો. આમ સૂક્ષ્મ અને સ્થૂલ વસ્તુના મહત્ત્વ સમજી શકીએ તેમ છીએ. જ્ઞાનભંડારોમાં સાચવવામાં આવતા પુસ્તકોની શાહીમાં ગુંદર પડતો હોવાથી અને ચોમાસાની ઋતુ ભેજવાળી હોવાને કારણે ચોમાસામાં જો પ્રતિઓને ઉઘાડવામાં આવે તો પ્રતિના એક બીજા કાગળો ચ્હોંટી જવા પૂરો સંભવ છે. આ માટે પ્રાયઃ ચોમાસામાં જ્ઞાનભંડારો બંધ રાખવામાં આવે છે. અને પ્રતિને બરાબર બાંધી મુકી દેવામાં આવે છે. આ બંધનક્રિયાને લગતી એક કહેવત પણ જૈન મુનિવર્ગમાં પ્રચલિત છે "પુસ્તકને શત્રુની જેમ મજબૂત બાંધવું." પુસ્તકરક્ષાને માટે ઘણીઘણી પ્રતિઓના પ્રાન્તભાગમાં નિમ્નોક્ત શ્લોક જેવા પ્રકારના અનેક શ્લોકો લખવામાં આવ્યા હોય છે. જેમ કે:—

अग्नी रक्षेज्जलाद्रक्षेन्मूषकेभ्यो विशेषतः । कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥
उदकानिलचौरेभ्यो मूषकेभ्यो हुताशनात् । कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥

વર્ષાઋતુમાં જ્ઞાનભંડારોમાં પેસી ગયેલ ભેજવાળી હવા પુસ્તકોને બગાડે નહિ અને પુસ્તકો સદા પોતાની સ્થિતિમાં રહે તે માટે તેને તાપ ખવાડવો આવશ્યક છે. જ્ઞાનભંડારો ચોમાસમાં બંધ હોઈ તેની આસપાસ ધૂળ કચરો એકઠો થાય તે પણ સ્વાભાવિક છે. આ કચરો સાફ ન થાય તો ઉધઈનો ડર રહે છે. ચોમાસું પુરૂં થઈ રહ્યા પછી આ બધું કરવા માટે વહેલામાં વહેલો સમય પસંદ કરવો જોઈએ. અને એટલા માટે કાર્તિકશુકલ પંચમી વધારે ઉપયુક્ત છે. કારણ કે પ્રખર તાપ અને ભેજવાળી હવા એ બન્નેનો અતિરેક આ સમયે હોતો નથી. એક શહેરમાં એક કરતાં વધારે ભંડાર પણ હોવા સંભવ છે. ભંડાર ખૂબ જ વિશાળ હોવાની પણ શક્યતા છે. એટલે પ્રતિઓનું સંમાર્જન કામ એક બે ભાડુતી માણસોથી થાય એમ પણ જણાયું નહિ તેથી ધર્માચાર્યોએ કાર્તિકશુક્લપંચમીને એક ધાર્મિક તહેવાર તરીકે અને તે પણ જ્ઞાનપંચમી તરીકે નિયત કરી તે દિવસે પ્રતિઓના પૂજન, અર્ચન, માર્જન અને લેખન, લિખાપન કરવા, કરાવવાનું અને તેમ કરે તો મહત્ પુણ્ય ઉપાર્જન કરવાનું પ્રરૂપ્યું. જ્ઞાનપંચમી માટે અનેકવિધ તપો યોજાયાં. તેના ઉત્સવ અને ઉજમણાઓ યોજાયા, તેની અનેક જાતની પૂજાઓ રચાઈ, ગવાઈ અને તેને લીધે એવું વાતાવરણ બની ગયું કે કરોડો ભવના પાપ એક જ પદના કે એક જ અક્ષરના જ્ઞાનથી બળી શકે છે એવું મનાવા લાગ્યું.

આવા જૈન જ્ઞાનભંડારો પાટણ, જેસલમીર, ખંભાત, લીંબડી અને કોડાય વગેરે સ્થળે છે. આ ભંડારોમાં એકલા જૈન પુસ્તકોનો જ સંગ્રહ નથી. એના સ્થાપકોએ અને રક્ષકોએ દરેક વિષય તેમ જ દરેક સંપ્રદાયના પુસ્તકો એકઠા કરવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે. ઘણી વખત એવું બન્યાના દાખલાઓ મોજૂદ છે કે જ્યારે અત્યંત ઉપયોગી જૈનેતર ગ્રન્થો જૈન જ્ઞાનભંડારમાંથી મળી આવ્યા હોય. પુસ્તકો કેવળ કાગળ ઉપર જ નહિ પરંતુ તાડપત્ર અને કાપડ ઉપર પણ લખાયેલા મળી આવ્યા છે.

અગ્નિ, ભેજ, શરદી, ઉધઈ, વંદા, ઉંદર, કુદરતી વિઘ્ન અને ધર્માંધ યવનોના નાશકારક પંજામાંથી જ્ઞાન પ્રત્યેની જીવતી જૈનભક્તિને પરિણામે બચી ગયેલા આજે પણ

એટલા બધા ભંડારો છે કે જેમણે સેંકડો પાશ્ચાત્ય અને પૌર્વાત્ય વિદ્વાનોને અને છાપખાનાઓને પુષ્કળ ખોરાક પૂરો પાડ્યો છે અને હજી પણ પાડશે

જ્ઞાન આપવામાં મુખ્ય સાધન પ્રતિ કે પુસ્તક અને એ પ્રતિઓને સંગ્રહવામા મુખ્ય સ્થળ એટલે કે જ્ઞાનભંડારની અગત્ય સમજી સ્વીકારી જ્ઞાનપ્રિય આચાર્યોના સદુપદેશથી કે પોતાની સ્વાભાવિક ઇચ્છાથી અનેક રાજાઓએ, મન્ત્રિઓએ તેમજ ધનાઢ્ય શ્રેષ્ઠીઓએ તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્તે, આગમશ્રવણના કારણે, પોતાના કલ્યાણ માટે કે પછી પોતાના સ્વર્ગવાસી આપ્તજનની સ્મૃતિમાં નવા પુસ્તકો લખાવીને કે જૂનાની પ્રતિકૃતિ કરાવડાવીને અથવા કોઈ જૂના જ્ઞાનભંડારો વેચતું હોય તો તેને વેચાતા લઈને પણ જ્ઞાનભંડારોની સ્થાપના કરી છે.

આવા જ્ઞાનભંડારોની સ્થાપનામાં ભાગ લેનાર અથવા આવા જ્ઞાનભંડારો સ્વયં સ્થાપનાર રાજાઓ પૈકી બે રાજાઓના – સિદ્ધરાજ અને કુમારપાલના – નામ મુખ્ય છે. મન્ત્રીઓમા પ્રાગ્વાટ જ્ઞાતીય મહામાત્ય વસ્તુપાળ – તેજપાળ અને ઓસવાળ જ્ઞાતીય મન્ત્રી પેથડશાહ અગ્રસ્થાને છે ધનિક ગૃહસ્થો કે જેમણે જ્ઞાનભંડારોની સ્થાપનામાં કે સંવર્ધનમા ભાગ લીધો છે તે અથવા જેમણે પુસ્તકોની પ્રતિઓ લખાવી આડકત્રી રીતે જ્ઞાનવૃદ્ધિમાં ફાળો નોંધાવ્યો છે તે ધનાઢ્ય સજ્જનો પૈકી ધરણાશાહ, કાળુશાહ અને મંડલિક મુખ્ય છે કેટલાક શ્રેષ્ઠીઓ એવા પણ હતા કે જેમણે એક જ ગ્રન્થની અનેક નકલો લખાવી હતી જ્યારે અમુક એવા પણ હતા કે જેમણે કલ્પસૂત્રની ઘણી ઘણી પ્રતિઓ લખાવી ગામોગામ મોકલી હતી. આ રીતે આ જ્ઞાનસંસ્થાની ઉત્પત્તિ અને વિકાસમા રાજા મહારાજાઓ, મન્ત્રી – મહામન્ત્રીઓ અને ધનિક શ્રેષ્ઠીઓનો ન ભૂલાય તેવો સુંદર ફાળો છે.

મહેશ્વરસૂરિ, નાણપંચમી કહા, જ્ઞાન, જ્ઞાનભંડાર અને જ્ઞાનપંચમી વ્રત વગેરે આનુષંગિક બાબતોનો વિચાર કરી હવે તે નાણપંચમી કહામાં શું આવે છે તેનું તદ્દન સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે આપું છું.

કથાલેખક શ્રીમહેશ્વરસૂરિએ પોતે જ કથાના પ્રાન્તભાગમાં કહ્યું છે તેમ આ સમગ્ર કથા ગ્રન્થ બે હજાર ગાથામાં લખાયેલો છે. ગ્રન્થ પદ્યમાં છે. એમા વાપરેલી ભાષા જૈન મહારાષ્ટ્રી પ્રાકૃત છે. એમા દસ આખ્યાનો છે જેમાનુ પ્રથમ તથા છેલ્લુ પાચસો ગાથાઓ રોકી તથા બીજાથી નવમા સુધીના પ્રત્યેક આખ્યાન સવાસો સવાસો ગાથાઓમાં સમાવિષ્ટ કરી આ ગ્રન્થરત્નને બરાબર બે હજાર ગાથામાં સમાપ્ત કરવામા આવ્યો છે. જ્ઞાનપંચમીવ્રતમાહાત્મ્યના સૂત્રવડે સર્વ આખ્યાનમણિઓને સળંગ રીતે પરોવવામાં આવ્યા છે દરેક આખ્યાનનો હેતુ પંચમીવ્રતમાહાત્મ્યનો છે. ડગલે અને પગલે એ વ્રતની સર્વોત્કૃષ્ટતાની વાત કહેવામા આવી છે વ્રત, નિયમધારણ, તપશ્ચર્યા, વગેરે સર્વ બાહ્ય ક્રિયામા પંચમીવ્રતને ઉચ્ચસ્થાન આપવામા આવ્યુ છે. આગન્તુક આપત્તિને આવતી રોકવા અને ચાલુ વિપત્તિમાથી સફળતાપૂર્વક પારગમન કરવા, જ્ઞાનપંચમીવ્રત સમજણ અને વિધિપૂર્વક કરવાનો એક જ રાજમાર્ગ જે છે તે બતાવવામા આવ્યો છે. આ સંસારમાં કોઈને ભાગ્યવાન્ થવાના અને ગણાવાના કોડ હોય, કોઈને ખાનદાન કુટુંબના નબીરા બનવાની એકમાત્ર ઇચ્છા હોય, કોઈ મરણ પર્યંત અનારોગ્ય ન આવે

એવી જ અભિલાષા સેવતો હોય, કોઈ બંદીખાનામાં પડેલો જીવ બંદીખાનામાંથી માત્ર મુક્ત થવાનો જ એક મનોરથ પાર પડેલો જોવાની પ્રતીક્ષા કરી રહ્યો હોય, કોઈ પરદેશમાં ગયેલ જનના સંયોગમાં જ સમસ્ત જીવનના સાફલ્યનો સાક્ષાત્કાર દેખી રહ્યું હોય, તો કોઈ પોતાનાં આંખ, નાક, કાન, હાથ અને પગની ખોડ ખાંપણ દૂર થયેલી જોવા માટે જ જાણે કે જીવી રહ્યું હોય–ઇત્યાદિ ઇત્યાદિ ઐહિક કામનાઓની તૃપ્તિ અને છેવટ મોક્ષ જેવી આમુષ્મિક વાંછનાની સિદ્ધિ માટે જ્ઞાનપંચમીવ્રતનું યથાવિધિ ગ્રહણ, પાલન અને ઉદ્યાપન એ જ એક અમોઘ અને સદ્યઃ પ્રત્યયકારી માર્ગ છે એ વાતનું પ્રતિપાદન સમગ્ર ગ્રન્થમાં જરાપણ અભિનિવેશ વિના બહુ ભારપૂર્વક કરવામાં આવ્યું છે. કોઈને દ્વીપાંતરમાં જવું હોય અને તરત જ વિમાન હાજર થાય, કરોડો માઈલ દૂર સ્વજન ગયા હોય અને આવવા સુદ્ધાંની પણ આશા ન હોય એ તરત જ આવી મળે, મરણ જ જેનો એકમાત્ર ઉપાય છે એવું કલંક ઘડીના છઠ્ઠા ભાગમાં શત્રુના કચવાટ સાથે ક્યાંય અદૃશ્ય થઈ જાય, આવી આવી અનેકાનેક અશક્ય લાગતી વસ્તુઓ, શુભભાવથી જ્ઞાનપંચમી વ્રત કરનારને માટે તદ્દન શક્ય છે એ શ્રદ્ધેય સત્ય તરફ લેખકે જ્યાં અને ત્યાં સફળતાપૂર્વક અંગુલિનિર્દેશ કર્યો છે. ટૂંકામાં જ્ઞાનપંચમી વ્રતનું શાસ્ત્રોક્ત રીતે ગ્રહણ, પાલન અને ઉદ્યાપન સર્વસિદ્ધિપ્રદાયક છે એમ લેખકે નિશ્ચિત ભાવે જણાવ્યું છે.

જયસેન, નંદ, ભદ્રા, વીર, કમળા, ગુણાનુરાગ, વિમલ, ધરણ, દેવી અને ભવિષ્યદત્ત એવાં આ કથાના દસ આખ્યાનોનાં અનુક્રમે નામ છે.

પરંપરાથી આ વાતો ચાલી આવે છે તેને સંક્ષેપમાં મેં કહી છે એમ વિદ્વાન કથાલેખક દરેક આખ્યાનના પ્રાન્ત ભાગમાં નિરભિમાનપણે કહે છે. પરંતુ આ નાણપંચમી કહાથી પ્રાચીન કોઈ જ્ઞાનપંચમી કથા વિષયક ગ્રન્થ આપણને ઉપલબ્ધ નથી તેથી આ દસેય આખ્યાનોનાં મૂળ ક્યાં હશે તે શોધી કાઢવું મુશ્કેલ છે. કનકકુશળે, ક્ષમાકલ્યાણે, મેઘવિજય ઉપાધ્યાયે જે જ્ઞાનપંચમીવ્રતમાહાત્મ્ય વિષયક કથાઓ અને બાલાવબોધો લખ્યાં છે તે બધા વરદત્ત–ગુણમંજરી કથાના નામે ઓળખાય છે અને નાણપંચમી કહા તથા વરદત્ત ગુણમંજરી કથા વચ્ચે ફળ સામ્ય હોવા છતાં પાત્રભેદ, સ્થળભેદ અને પ્રસંગભેદ જરૂર છે. એટલે કે એ ત્રણેય ઉત્તરકાલીન લેખકોએ મહેશ્વરસૂરિ રચિત પ્રસ્તુત નાણપંચમીકહામાંથી કશુંય લીધું નથી એ વાત સુસ્પષ્ટ છે. છતાં આ વરદત્ત–ગુણમંજરી કથાના પણ મૂળ શોધવાં હાલ મુશ્કેલ છે. અલબત્ત જ્ઞાનપંચમી કે શ્રુતપંચમી ઉપર જેટલા દિગંબર આચાર્યોએ જે જે કાંઈ લખ્યું છે તે બધાનું મૂળ પ્રસ્તુત કથાના ભવિષ્યદત્ત નામના દસમા આખ્યાનમાં છે એ વાત મેં ભારતીય વિદ્યા–ત્રૈમાસિકના ગત અંકમાં લેખ દ્વારા સિદ્ધ કરી છે. આ દિગંબર આચાર્યોપૈકી ધર્કટવંશીય વણિગ્ ધનપાળ, સિંહસેન અપરનામ રઇધુ, વિબુધ શ્રીધર અને બ્રહ્મચારી રાયમલ્લ ખાસ નોંધને પાત્ર છે.

પ્રસ્તુત નાણપંચમી કહાના પ્રત્યેક આખ્યાનમાં રાજાઓ, દ્વીપ–દ્વીપાંતરો, નગરીઓ વગેરેનું ઘણી જ આલંકારિક અને ઘણી વખત શ્લેષાત્મક ભાષામાં વર્ણન કરાયેલું છે. ધાર્મિક, નૈતિક, સામાજિક, અને વ્યાવહારિક પ્રસંગો સર્જી તમામ ઉપયોગી વિષયો

ઉપર અમૂલ્ય સુભાષિતો ગોઠવ્યા છે. તે વખતે સમાજમા પ્રચલિત કહેવતોનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે ગ્રન્થ વાચતા વેંત જ લેખકની સર્વતોમુખી પ્રતિભાનો પરિચય આપણને થયા વિના રહેતો નથી કાવ્ય, અલકાર, નીતિ, વ્યવહાર અને ધર્મ એ તમામ બાબતનો લેખકને તલસ્પર્શી અભ્યાસ હતો પ્રાકૃત ભાષા તરફનો એમનો સકારણ સ્નેહ અને ચતુર્વિધ સઘની મહાનુભાવતા વિષેના તેમના વિચારો રોચક અને સૂચક છે

અને તેમના અનેકવિધ, અમૂલ્ય, આલ્હાદજનક, ક્વચિત્ હાસ્યજનક, અને અભ્યાસપૂર્ણ વેધક સુભાષિતો વિષે તો કહેવુ જ શુ? જરાપણ સાપ્રદાયિક વ્યામોહ વિના મને નમ્રપણે કહેવાનુ મન થાય છે કે આ નાણપચમી કહાના કોઈપણ અશ તરફ ધ્યાન નહિ આપતા કેવળ સુભાષિત – અશ ઉપરથી જ એનુ નિરપેક્ષપણે મૂલ્યાકન કરવાનુ કોઈ આપણને કહે તો પણ આપણે અસદિગ્ધતાથી કહી શકીએ કે આ કથા – ગ્રન્થ – રત્ન અજોડ અને અમર થવા સર્જાયો છે કણાદ, કપિલ અને કાલિદાસે, વાલ્મીકિ, વ્યાસે અને વાત્સ્યાયને, સિદ્ધસેને અને સમન્તભદ્રે, હરિભદ્રે અને હેમચદ્રાચાર્યે સુભાષિતોનો છૂટે હાથે ઉપયોગ કર્યો છે એ બધાના સુભાષિતોનો યત્કિચિત અભ્યાસ કરવાનુ મને સદ્ભાગ્ય પણ મળ્યુ છે છતા મારે એટલુ અહિઆ કહેવુ જોઈએ કે મહેશ્વરસૂરિએ નાણપચમી કહામા વાપરેલ સૂક્તિઓ સર્વદેશીય છે એના કરતા તે વિશેષ મૌલિક છે લેખકની નવનવોન્મેષશાલિની પ્રતિભાનો જે દ્રઢ અને અવિસ્મરણીય પરિચય એ સુભાષિતો દ્વારા મને થયો અને એ પરિચયથી મને જે અલૌકિક આનંદ થયો તે લગભગ અવર્ણનીય છે "रसात्मक वाक्य काव्य" અને "रसो वै ब्रह्म" કે શ્રી મુનશીજીનો વર્તમાનયુગને બધબેસતો "રસોલ્લાસ" યા "રસાસ્વાદ" શબ્દ જરાય ખોટા નથી આમ તો નીતિ, શૌર્ય, સ્ત્રીજાતિ, પ્રેમ – સ્નેહ, કન્યા, મરણ, મિત્રતા, બાળ વૈધવ્ય, દાપત્ય, યાચના, વિશ્વધર્મ, પ્રવ્રજ્યા, પ્રતિબોધ, ધર્મ, સમભાવ, વ્યવહાર, આય – વ્યય, ધન, નિયમ, ચિત્તશુદ્ધિ, અમાત્ય, સતી સ્ત્રી, રતિવિદ્યા, દારિદ્ર્ય, આશા–નિરાશા અને રાજનીતિ ઇત્યાદિ ઇત્યાદિ વિષયોનાં અનેકાનેક, મૌલિક, તલસ્પર્શી, અભ્યાસસૂચક, વેધક સુભાષિતો વાપર્યાં છે જે દરેકને અહિં ચર્ચવાનો જરાય અવકાશ નથી તેથી માત્ર અમુકના નમૂનાઓ આપી સતોષ પકડીશ

સુભાષિતો

ધાર્મિક, નૈતિક, સામાજિક અને વ્યાવહારિક પ્રસગો સર્જી આવશ્યક વિષયો ઉપર મહેશ્વરસૂરિએ એવા ઘણા સુભાષિતો વાપર્યાં છે જે વાચવાથી તેમના સામાજિક, ધાર્મિક, નૈતિક અને વ્યાવહારિક અદ્ભૂત જ્ઞાનનો અને તેમની અપૂર્વ વેધક દ્રષ્ટિ તથા અડગ અભ્યાસનો આપણને સપૂર્ણ પરિચય મળે છે પ્રચલિત કહેવતો, શિક્ષાસૂત્રો અને સમયાનુકૂલ સુભાષિતો ડગલે અને પગલે વાપરી તેમણે તેમના તે તે વિષયના તલસ્પર્શી અભ્યાસથી આપણને જ્ઞાત કર્યા છે સુભાષિતોના વારવારના ઉપયોગથી આપણી સુરુચિને જરાય પ્રત્યાઘાત થતો નથી એ બતાવે છે કે તેમને કળાની દ્રષ્ટિ પણ સિદ્ધ હતી સ્ત્રી માનસનો તેમને ઘણો જ બારીક અભ્યાસ હતો નગ્નસત્યો અને નક્કર ઘટનાઓથી વ્યાપ્ત શિક્ષાસૂત્રોનો ઉપયોગ પણ તેમણે આખ્યાને આખ્યાને છૂટે હાથે કર્યો છે. ઘણુ ઘણુ લખીને જ કહી શકાય તેવી બાબતો સમયાનુકૂળ પ્રચલિત

કાવ્યમય શિક્ષાસૂત્ર દ્વારા લેખક કૌશલ્યપૂર્વક બતાવી શકે તો જ અને ત્યારે જ લેખક પ્રતિભાસપન્ન છે એમ કહી શકાય

ઉપર્યુક્ત તમામ કથનોને બરાબર સમજવા આપણે થોડા સુભાષિતોને સમજવા પ્રયત્ન કરીએઃ—

ક્રિયા ગમે તેવી લઘુ હોય પણ જો તે શુભભાવપૂર્વક કરવામાં આવી હોય તો સુખને આપનારી થાય છે એ બતાવવા લેખક અમૃતાંશનો દ્રષ્ટાંત આપી કહે છેઃ—

"विसमविसेण मरत किन्नवि रक्खेइ अमयंसो ?" ॥ १।११ ॥

સ્ત્રીઓ માટે શોક્યનું હોવું જેટલું આ સંસારમાં દુઃખદાયક છે તેટલું બીજું કશું દુઃખદાયક નથી એ સૂચવવા સ્ત્રી માનસના અજોડ અભ્યાસી શ્રીમહેશ્વરસૂરિ પ્રથમ આખ્યાનની ૩૯મી ગાથામાં કહે છે—

"वरि हलिओ वि हु भत्ता अनन्नभज्जो गुणेहिं रहिओ वि ।
मा सगुणो बहुभज्जो जइ राया चक्कवट्टी वि" ॥ १।३९ ॥

ભર્ત્તા ગુણવાન અને ચક્રવર્ત્તી રાજા હોય પણ બહુ સ્ત્રીઓવાળો હોય તો તેના કરતા નિર્ગુણ અને હળ હાંકનાર ખેડુત જો તેને એક જ સ્ત્રી હોય તો તે સારો શોક્યનુ હોવું સ્ત્રીઓ માટે દુઃખની પરંપરાનું એક મોટું કારણ અનાદિ કાળથી મનાતું આવ્યું છે—ખાસ કરીને હિંદુ સંસારમાં. શોક્યની પ્રથા તરફનો મહેશ્વરસૂરિનો સચોટ અણગમો આપણને એમ અનુમાન કરવા તરફ લઈ જાય છે કે ઈ. સ. ની અગીઆરમી સદીમાં શોક્ય કરવાની રીત કાંતો વિશેષ પ્રચલિત હતી અથવા તેના તરફ ઘણો જ સબળ અને સ્પષ્ટ અણગમો હતો. આટલું કહેવા છતા પણ વાચકના મનમા રખેને શકા રહી જાય એમ માની લેખક તે જ આખ્યાનની ૪૨મી ગાથામાં બુલંદ સ્વરે પોકારીને કહે છેઃ—

"सकरहरियम्हाणं गउरी लच्छी जहेव बंभाणी ।
तह जइ पइणो इट्ठा तो महिला इयरहा छेली" ॥ १।४२ ॥

શકરને જેમ ગૌરી, વિષ્ણુને જેમ લક્ષ્મી અને બ્રહ્માને જેમ સાવિત્રી ઇષ્ટ છે તેમ પતિને મહિલા ઇષ્ટ હોય તો તે મહિલા નહિ તો બકરી. અગીઆરમી સદીનો, સ્ત્રી-સ્વાતન્ત્ર્યનો જબ્બર હિમાયતી લેખક એથી પણ આગળ વધે છે અને એ જ આખ્યાનની ૪૬મી ગાથામાં અંતિમ વાક્ય ઉચ્ચારે છે —

"निच्चिंतो घरवासो सग्गो पोढाण होइ महिलाण ।
इयरो नरगो भणिओ सत्थे सुयकप्पिपादो वि" ॥ १।४६ ॥

પ્રૌઢ મહિલાઓ માટે તો ઘરવાસ જો નિશ્ચિત હોય તો જ તે સ્વર્ગ તુલ્ય છે; અન્યથા સચિત ઘરવાસ તો પુત્રરૂપ કલ્પવૃક્ષવાળો હોય છતાં પણ શાસ્ત્રમાં તો તેને નરકતુલ્ય જ કહેલ છે. સ્નેહ, વિયોગ, પુરુષસ્વભાવ, રડાપણુ, કન્યાઓનું બાહુલ્ય અને દારિદ્રય વગેરે ઉપરના શ્રીમહેશ્વરસૂરિના મતવ્યો સુદરી નામના સ્ત્રી પાત્રના મુખમા મુકેલા વાક્યો દ્વારા આપણને જાણવા મળે છે —

"किं नूणो वि हु पुण उ दुक्करं अइदारुणं मणे देइ ।
जो पुण मूलच्छित्तो मरणं चिय कुणइ जुवईणं ॥ १।६७॥"

वरि अज्जाओ नेहो होऊणं मा पुणो दढं नट्ठो ।
अदंसणं पि सेयं लोयरिउणो निहाणस्स ॥ ११६८ ॥
अवराहेण विरत्तो दुक्खे न खिवेइ वल्लहो जइवि ।
अवराहेण विणा पुण जीयं सो निच्छलं लेइ ॥ ११६९ ॥
मणवल्लहो विरत्तो विणावराहेण कम्मदोसाओ ।
सरिओ सरिओ दुम्मइ अगाइं नट्ठसल्लो व्व ॥ ११७० ॥
धन्ना ता महिलाओ जाणं पुरिसेहिं कित्तिमो नेहो" ।

અર્થઃ–સ્નેહ ઓછો થયો હોય તો પણ યુવતીઓના મનને અતિદારુણ દુઃખ આપે છે તો તે સ્નેહ સમૂળગો નષ્ટ થાય તો તો મરણ જ નિપજાવે. પ્રથમથી જ પ્રેમ ન બંધાય તે સારૂં પરંતુ એક વખત દૃઢ થયેલો સ્નેહ નાશ પામે તે તો ઠીક નહિ જ. પાછળથી નષ્ટ થનાર નિધિના દર્શન પહેલેથી જ ન થાય તે શ્રેષ્ઠ. પ્રિયજન અપરાધે કરીને જો વિરક્ત થાય તો તે દુઃખકારક નથી થતો; પણ અપરાધ વિના રાગરહિત બનેલો વલ્લભ મરણનું નિમિત્ત અવશ્ય બને છે. પૂર્વકર્મના વિપાકે અપરાધ વિના વિરક્ત બનેલ પ્રિયજન જેમ જેમ યાદ આવે તેમ તેમ શરીરમાં પેઠેલ શલ્યની જેમ દુઃખ આપે છે. આટલું કહ્યા પછી સુંદરી પાસે લેખક બોલાવડાવે છે "તે મહિલાઓ ધન્ય છે જેઓને પુરુષો સાથે કૃત્રિમ સ્નેહ છે" ઇત્યાદિ ઇત્યાદિ. કૃત્રિમ સ્નેહ હોય અને તે નષ્ટ થાય તો મનને આઘાત ન લાગે પરંતુ પ્રેમીજન સાથે ઓતપ્રોત થઈ ગયા પછી પ્રેમનો વેગ કમી થતો દેખાય તો અવશ્ય લાગી આવે. તો પછી ભ્રમર જેવા ચંચળ અને લોલુપી સ્વભાવવાળા પુરુષો સાથે પહેલેથી જ કૃત્રિમ સ્નેહ રાખ્યો હોય તો પાછળથી દુઃખ સહન કરવાનો વખત ન આવે. આ છેલ્લી કહેવતમાં ગોઠવેલ અથવા સૂચવેલ નક્કર સત્ય પૂરતા, સુંદરી સાથે, લેખક સંમત છે કે નહિ તે તો ન કહી શકાય પરંતુ વિના કારણે રાગરહિત બનનાર પ્રિયજન મહાન્ આપત્તિનું કારણ છે એટલું તો લેખક સુંદરીની જેમ જરૂર સહૃદયતાથી માનતા જણાય છે. આગળ ચાલતાં આ બધા દુઃખનું કારણ સ્નેહ છે એમ કલ્પી અસંગ ભાવને પોષનારાઓને લેખક અંજલી આપે છે. જુઓ–

"नेहो बंधणमूलं नेहो लज्जाइनासओ पावो ।
नेहो दुग्गइमूलं पयदियहं दुक्खओ नेहो ॥ ११७५ ॥
धन्ना ते वरमुणिणो मूलं नेहस्स जेहिं परिछिन्नं ।
धन्नाण वि ते धण्णा बालो चिय जे तवं पत्ता" ॥ ११७६ ॥

અર્થઃ–સ્નેહ એ બંધનનું મૂળ છે; સ્નેહ તો લજ્જા વગેરેનો નાશ કરનાર પાપ છે. દુર્ગતિનું મૂળ પણ સ્નેહ જ છે અને હમેશની દુઃખદાયક વસ્તુ પણ એ અનુરાગ જ છે. માટે તે શ્રેષ્ઠ મુનિઓ ધન્યવાદને પાત્ર છે કે જેમણે સ્નેહનું મૂળ કાપી નાખ્યું છે અને એ ધન્ય મુનિઓમાં તેઓ તો ખાસ ધન્યવાદને પાત્ર છે જેમણે બાળપણમાંથી જ તપ આદર્યું છે. અહિંઆ લેખકની સહૃદયતા સ્પષ્ટ તરી આવે છે. વ્યાવહારિક જ્ઞાનમાં લેખક કેટલા પ્રવીણ હતા તેની તો સુંદરીના મુખમાં મુકેલ નિમ્નોક્ત શ્લોકો આપણે વાંચીએ છીએ ત્યારે આપણને પૂરેપૂરી જાણ થાય છે:–

"नवजुवईण जईणं बालाण य एगगाण नियमेण ।
निद्दोसाण वि दोसो संभाविज्जंति लोगेहिं" ॥ १८६ ॥

અર્થઃ–નવયુવતિઓ, યતિઓ અને બાલકો ભલે નિર્દોષ હોય પણ જો એકલા હોય તો તેમાં લોકો દોષની સંભાવના કરે છે. આગળ વધી લેખક એક શાશ્વત સત્ય સુંદરીના મુખે ઉચ્ચારે છે. તેઓ કહે છે કન્યા જન્મે ત્યારે શોક કરાવે છે; ઉમરે મોટી થાય ત્યારે ચિંતા કરાવે છે અને પરણે ત્યારે ખર્ચ કરાવે છે. આ રીતે કન્યાનો બાપ હમેશનો દુઃખીયો જ હોય છે. જુઓ–

"उप्पण्णाए सोगो वड्ढतीए य वड्ढए चिंता ।
परिणीयाए दंडो जुवइपिया दुक्खिओ निच्चं" ॥ ११८९ ॥

કેટલું વાસ્તવિક ચિત્ર !

મહેશ્વરસૂરિના શિક્ષાસૂત્રો જેટલાં સચોટ છે તેટલાં મૌલિક છે. એમાં ભરેલ વિશાલ જ્ઞાનરાશિ અને અનુભવયુક્ત ડાવકાપણુ લગભગ અદ્વિતીય છે. "પચતંત્ર"માં કે "હિતોપદેશ"માં જે હિતશિક્ષાઓ પ્રત્યેક વાર્ત્તામાં ગોઠવેલ છે તેવી જ અહિંઆ પણ આખ્યાને આખ્યાને આપણને જડી આવે છે. આ શિક્ષાસૂત્રો તેમના પૂર્વવર્ત્તી સાહિત્ય-માંથી મહેશ્વરસૂરિએ શબ્દફેર સાથે તફડાવી કાઢ્યા હોય એમ પણ દેખાતું નથી. કારણ કે દરેક શિક્ષાસૂત્ર એટલુ મૌલિક દેખાય છે કે આપણને જરાય એમ લાગ્યા વિના રહેતું નથી કે લેખકના અનુભવમાંથી અને સૂક્ષ્મ નિરીક્ષણમાંથી એ હિતશિક્ષા સીધે સીધી ટપકી શબ્દનું સ્વરૂપ પકડે છે. મારી આ માન્યતા મને એમ કહેવા પ્રેરે છે કે લેખક સમાજના અને સંસારના ઊંડા અભ્યાસી હતા. તે ઉપરાંત આ અનુભવ તેમણે કોઈ બીજા પાસેથી મેળવ્યો હતો એમ પણ નહિ પરંતુ તેઓએ પોતે ગૃહસ્થ જીવન સારી-રીતે ભોગવ્યું હોવું જોઈએ. અન્યથા એમની ઉક્તિઓમાં જે સામર્થ્ય અને વેગ છે તે સંભવી શકે નહિ. માની પુરુષોના મનને દુઃખ આપનાર વસ્તુની ગણના કરતી વખતે લેખક કહે છેઃ–

"अब्भक्खाणमकज्जं कज्जविणासो रिण च गुणनिंदा ।
पच्चुवयारअकरणं दूमति हु माणविहवाण" ॥ ११९२ ॥

અર્થઃ–કલંક, અકાર્ય, કાર્યનુ બગડવુ, દેવું, ગુણનિંદા અને પ્રત્યુપકાર ન કરવો આટલાં વાનાં માની પુરુષોને દુઃખ દે છે. સર્વે ભયમા મરણનો ભય સૌથી મોટો છે. માણસ મરવાની તૈયારીમાં હોય છતાં મરણ ગમતુ નથી એ બતાવવા સૂરિશ્રી કહે છેઃ–

"अंगीकए वि मरणे मरणभयं तहवि होइ जीवस्स ।
कडुओसहस्स पाणं कड्डयं चिय निभमओ जेण" ॥ ११०१ ॥

અર્થઃ–મરણ અંગીકૃત કર્યું હોય છતાં પણ જીવને મૃત્યુનો ભય હોયજ છે કારણ કે કડવા ઔષધનું પાન નિયમપૂર્વક કડવું જ હોય છે. સ્ત્રી કદિ પણ નિરાધાર હોતી જ નથી. સ્ત્રી સ્વભાવ જ એવો છે કે ગમે તે અવસ્થામાં એને સ્વામી તો જોઈએ જ. આ અનુભવજન્ય ઘટના સૂરિવર્ય નિમ્નોક્ત સુભાષિતમાં ગોઠવે છે.–

"जणओ कुमारभावे तारुण्णे तह य होइ भत्तारो ।
विद्धत्तणंमि पुत्तो न कयावि गिरासिआ नारी" ॥ ११७९ ॥

અર્થઃ—કૌમાર્ય વખતે બાપ, જુવાનીમાં ધણી અને વૃદ્ધાવસ્થામાં પુત્ર રક્ષણ કરે છે. નારી કદિ નિરાશ્રિત હોતી જ નથી. "Suspicion in friendship is poison" એ ત્રિકાલાબાધિત સત્ય લેખક નિમ્નોક્ત સુભાષિતમાં ગોઠવે છેઃ—

"जुत्ताजुत्तवियारो जइ कीरइ इयरलोयवयणेसु ।
तह जइ वल्लहभणिए ता णेहो कित्तिमो नूणं" ॥ ११२३२ ॥

અર્થઃ—યોગ્ય વચન છે કે અયોગ્ય એ વિચાર બીજા લોકોના વચન પરત્વે કરવામાં આવે એ તો જાણે કે ઠીક; પરંતુ એ જો પ્રિયજનના સંબંધમાં કરવામાં આવે તો તો પછી એ સ્નેહ કૃત્રિમ જ છે એમ જ સમજવું જોઈએ. પાકે ઘડે કાંઠા ન ચડે એ વર્તમાન લોકોક્તિ તે વખતે કેટલી પ્રચલિત હતી તેનું પ્રમાણ નિમ્નોક્ત સુભાષિત પૂરૂં પાડે છેઃ—

"बालाणं तरुणाणं लग्गइ चेट्ठा सुहेण लोयाण ।
कीरंति नेय जेणं इह कण्ठा पक्कभंडाणं" ॥ ११२४४ ॥

પ્રિયમેલિકાનો સ્પર્શ જ્યારે દ્રમકને બાળે છે ત્યારે દ્રમક વિચાર કરે છે કે આવી રૂપવતી કન્યા અત્યારસુધી અવિવાહિત રહે નહિ કારણ કે પાકેલી અને સ્વાદુ રસ્તામાં આવતી બોરડી કોઈપણ છોડે નહિઃ—

न हु पहि पक्का बोरी छुट्टइ लोयाण जावेज्जा ॥ ११२८६ ॥

પ્રિયમેલિકાને મુકીને—છોડીને દ્રમક પણ ચાલ્યો ગયો તે વખતે પ્રિયમેલિકા પોતાના સ્રીત્વને ધિક્કારે છે. એની ઉપર ફીટકાર વરસાવે છે. તે વખતે લેખક તેની પાસે બોલાવે છે કે સ્રીનો ભવ એ જ દુઃખનું કારણ છે; તેમાં પણ બાળવિધવાપણું અને ભાગ્યહીનતા એ તો વિશેષ દુઃખદાયક છે. સૂરિશ્રી દ્રષ્ટાંત આપી સમજાવે છે કે તે તો ગુમડા ઉપર ફોલ્લો થાય તેના જેવું છે. જુઓ—

"इत्थित्तं चेव दुहं तत्थेव य अइदुहं च दोहग्गं ।
रंडत्तं बालाए जह पिडओ गंडउवरिंमि" ॥ ११२९९ ॥

એક બીજા પાસેથી સાંભળ્યું; બીજાએ ત્રીજાને કહ્યું અને ત્રીજાએ પોતાના ઘરનું ઉમેરી મીઠું મરચું ભરી કિંવદન્તીને વહેતી મુકી. એ કિંવદન્તીમાં તથ્ય જરાય હોતું નથી, છતાં નિર્દોષ માટે તો એ ખરેખર પ્રાણઘાતક નિવડે છે. એટલે એવી કિંવદન્તી અથવા લોકાપવાદ તરફ કથાલેખક પોતાની ઘૃણા દાખવતાં કહે છે કે માણસો એક બીજા ઉપર વિશ્વાસ મુકી નિર્દોષને વ્યર્થ દંડે છે. જેવી રીતે આકાશ રંગ વિનાનું હોવા છતાં લોકો તેને નીલવર્ણું કલ્પે છે. જુઓ—

"निद्दोसं पि हु लोओ निंदइ अन्नोन्नवयणपच्चइओ ।
वन्नरहियं पि जेणं भणइ जणो नीलमायासं" ॥ ११३५५ ॥

લાકડે માંકડું વળગાડ્યું હોય ત્યારે અથવા એક બીજાની પસંદગીને જરાય લક્ષ્યમાં રાખવામાં આવી ન હોય તે વખતે, દંપતી જીવન દુઃખદાયક તો બને જ છે; પણ એ ઉપરાંત હાસ્યપાત્ર પણ બને છે એ તરફ અંગુલિ નિર્દેશ કરતા કથાલેખક જયસેન અને શીલવતીના યોગ્ય સંયોગને અનુલક્ષી કહે છે કે રૂપ—લાવણ્ય વગેરેમાં એક બીજાથી જુદા પડતાં યુગલોનો સંયોગ કષ્ટદાયક જ નહિ પણ હળમાં જોડેલ ઊંટ અને બળદના સંયોગની માફક હાસ્યકારક પણ બને છે. જુઓ—

"मिहुणाणं संजोगो रवाइविल्लरराणेण अइदूरं ।
डुक्सं हासोजणओ उद्दनलिद्दाण व हलंमि" ॥ १४०६ ॥

આગળ ચાલી વિદ્વાન લેખક યાચનાનું માહાત્મ્ય સમજાવતાં દ્રષ્ટાંત આપે છે કે જેવી રીતે કર્ણરાજાએ વિષ્ણુ ભગવાનને શરીરનું બખ્તર પણ આપ્યું હતું તેવી રીતે યાચના કોઈ કરે ત્યારે તેની યોગ્યાયોગ્યતાનો વિચાર સરખો પણ નહિ કરવો જોઈએ. જુઓ –

"अहवा जुत्तमजुत्तं एयं न गणंति पत्थणा गरुया ।
दिन्नं कन्नेण जओ विण्हुस्स सरीरकयचं पि" ॥ १४२३ ॥

અહિંઆ એટલું જણાવવું જરૂરનું છે કે કર્ણે પોતાનું શરીર વિષ્ણુને નહિ પણ ઇન્દ્રને બખ્તરરૂપે ઉપયોગ કરવા આપ્યું હતું એટલે "વિણ્હુ" શબ્દને બદલે "જિણ્હુ" નામનો ઇન્દ્રવાચી શબ્દ પાઠાંતરરૂપે કલ્પવો જોઈએ. બીજી પ્રતિ ન મળે અને આ કલ્પનાને સમર્થન ન મળે ત્યાંસુધી નિશ્ચિતરૂપે ન કહી શકાય. પત્ની, લક્ષ્મી, મિત્ર અને શાસ્ત્રનું ફળ શું છે એ સંબંધે લેખકે વાપરેલ એક સુભાષિત ખૂબ જ અનુભવપૂર્ણ છે. તેઓ કહે છે કે પત્નીનું ફળ રતિ અને પુત્ર, લક્ષ્મીનું ફળ દાન અને ભોગ, મિત્રનું ફળ નિવૃત્તિ અને શાસ્ત્રોનું ફળ ધર્મ છે. જુઓ

"रइपुत्तफला भज्जा लच्छी वि हु पुत्तदानभोगफला ।
निव्वुइफलो य मित्तो धम्मफलाइं च सत्थाइं" ॥१४४० ॥

વિશ્વધર્મ જેવી કોઈ વસ્તુ હોઈ શકે નહિ. એક જ ધર્મ સ્થાપવો એ તો એક ઘેલછા માત્ર છે. ઉપદેશ સૌ કોઈ ને એક રૂપે પરિણમતો જ નથી. માટે પોતાના મત તરફ સૌ કોઈ વળે એવું ઇચ્છવું એ તદ્દન વ્યર્થ છે એ દર્શાવવા જ્ઞાનપંચમી કથાકાર કવિશ્રી. મહેશ્વરસૂરિ કહે છે કે સઘળા જીવોને પોતે જે ગ્રહણ કર્યું તે જ ગ્રહણ કરાવવા કોણ સમર્થ થઈ શકે? બ્રહ્મા, મનુ અને માંધાતા વગેરે ઘણા હોવા છતાં એક જગતને એક મતવાળું કે એક ધર્મવાળું કરી શક્યા નહિ તો અન્યથી શું થઈ શકે? જુઓ–

"बंभाइएहिं मणुमाइएहि मंधत्तमाइराएहिं ।
जयमेगमयं काउ न सक्किउं बहुहि किमणेण" ॥ १४८४ ॥

લાંબા વખતની દીક્ષા કે વિવિધ વિષયનું વિપુલ જ્ઞાન મોક્ષપ્રાપ્તિ માટે જરૂરનું નથી. શુભ ભાવ વિના બધું નકામુ છે. ક્રિયા કરવાથી ભાવશુદ્ધિ ન થતી હોય તો એ ક્રિયાનો કાંઈ અર્થ નથી. ક્રિયા એ તો આત્માનો વ્યાયામ છે. એ વ્યાયામમાંથી શુદ્ધભાવનું નવું લોહી સર્જવાનું છે. આમ ન બને તો ક્રિયાકાંડનો કાંઈ અર્થ નથી. જયસેને થોડા જ વખતમાં કૈવલ્ય પ્રાપ્ત કર્યું જ્યારે ઘણી લાંબી પ્રવ્રજ્યાના પર્યાયવાળા હજુ જ્યાં ને ત્યાં જ પડ્યા હતા. એ દર્શાવવા મહેશ્વરસૂરિ કહે છેઃ–

"चिरपव्वज्जा नाणं एयं न हु कारणं हवइ मोक्खो ।
जस्सेव सुहो भावो सो चेव य साहए कज्जं" ॥ १५०२ ॥

'ઝાઝી સ્ત્રીઓ એક ઠેકાણે ભેગી થઈ હોય એમાં સારા વાટ નહિ તેમ જ ઝાઝા કાગડાઓ દેખાય તો તે પણ અશુભસૂચક છે; ઝાઝા ડરપોક માણસો ભેગા થયા હોય

ત્યાં પણ કાંઈ ભલીવાર ન હોય. આ લોકમાન્યતા કવિશ્રી નિમ્નોક્ત ગાથા દ્વારા જણાવે છે –

"कागा कापुरिसा विय इत्थीओ तह य गामकुक्कुडया ।
एगट्ठाणे वि ठिया मरण पावंति अइबहुहा" ॥ १०।४५२ ॥

આવા તો સૈંકડો સુભાષિતો આખ્યાને આખ્યાને વેરાયેલા મળી આવે છે પરંતુ એ બધાને ચર્ચવાનો અહિં અવકાશ નથી આ સુભાષિતોનો બરાબર અભ્યાસ કર્યા પછી આપણને એ નિશ્ચિત રીતે વિદિત થાય છે કે શ્રીમહેશ્વરસૂરિ સમાજના, સસારના અને સ્ત્રી માનસના અજોડ અભ્યાસી હતા અન્ય આખ્યાનોમા આવતા થોડા બીજા સુભાષિતો જોઈએ

વૈભવથી જે ફૂલાતો નથી અને યૌવનકાળે વિકારને વશ થતો નથી તે દેવોને પણ પૂજ્ય છે તો મનુષ્યમા પૂજનીય બને એમા નવાઈ શી ? અનાસક્ત યોગીની સર્વધર્મ સામાન્ય એ વ્યાખ્યા મહેશ્વરસૂરિને પણ મજૂર છે, એ આ સુભાષિતથી આપણને જાણવા મળે છે –

"विहवेण जो न फुल्लइ जो न वियारं करेइ तारुन्ने ।
सो देवाण वि पुज्जो किमग पुण मणुयलोयस्स" ॥ २।९५ ॥

"जन्मना जायते शूद्र सस्कारी द्विज उच्यते" આ ચતુર્વર્ણનિયામક તટસ્થ અને ઉદાર વ્યાખ્યાનુ સુરેખ પ્રતિબિબ, સ્ત્રી–પુરુષના લક્ષણકથન સબધે વાપરેલ નિમ્નોક્ત સૂક્તિમા આપણી નજરે ચડે છે –

"मायाइ विलसिएण पुरिसो वि हु इत्थिया इह होइ ।
इत्थी वि सरलहियया पुरिसो वि य होइ ससारे" ॥ ३।१७ ॥

ખરૂ જ છે કે માયાદિ દુર્ગુણવાળો પુરુષ સ્ત્રી કરતા જરાય ચ્હડીયાતો નથી જ્યારે સરલહૃદયા સ્ત્રી પુરુષ કરતા સ્હેજ પણ ઉતરતી નથી

ભોગવાચ્છુ જીવે દ્રવ્યાર્જન કરવુ જ રહ્યુ "Money makes the mare go" એ સત્ય સનાતન છે सर्वे गुणा काचनमाश्रयन्ते એ સાવ સાચુ છે વળી બેઠા બેઠા તો રાજાના ભડાર પણ ખૂટી જાય એટલે વડીલોપાર્જિત દ્રવ્ય મળ્યુ હોય તો પણ નવુ ધન કમાવાનો માણસે પ્રામાણિક પ્રયત્ન કરવો જ જોઈએ "आसीन भग आस्ते' અને "चरन्वै मधु विन्दति" એ સૌ કોઈ જાણે છે લેખક કહે છે–

"केण उवाएण पुणो दव्व अज्जेमि भोयकारणय ।
दव्वाभावेण जओ भोयाण साहण नत्थि" ॥ ४।२१ ॥

જૈનધર્મ કાયરોનો છે, સસાર ભીરુઓનો છે, એવો આક્ષેપ વર્તમાનકાળે જૈન ધર્મ ઉપર છે એ જ જૈનધર્મનો અગીઆરમી સદીનો એક વિરક્ત સૂરિ, ગૃહસ્થાશ્રમ દીપાવવો હોય તો ભોગકારણ અને ભોગસાધક પૈસો અલબત્ત કમાવો જોઈએ, એવુ પડકારીને કહે ત્યારે ઇતિહાસ પ્રસિદ્ધ સાહસિક અને પોતાના અભિપ્રાયને ગમે તે ભોગે વળગી રહેનાર નિડર અને રૂઢિચ્છેદક સિદ્ધસેનસૂરિ જેવા જ પ્રતિભાશાળી મહેશ્વરસૂરિ હશે એમ આપણને જરૂર લાગવુ જોઈએ

ભરત એક મુનિ હતા છતાં 'નાટ્યશાસ્ત્ર' લખ્યું; વાત્સ્યાયન ઋષિ હતા તો પણ 'કામસૂત્ર (કામશાસ્ત્ર)' લખ્યું. ધર્મ–અર્થ–કામ અને પરંપરાએ મોક્ષ એ હેતુ શાસ્ત્રપ્રયોજનમાં લીધો. તેવી જ રીતે શ્રી મહેશ્વરસૂરિ, એક વિરક્ત જૈન સાધુ હોઈ, જૈનોના બ્રહ્મચર્યનામના પ્રખ્યાત ચોથા વ્રતના સર્વથા સંરક્ષક હોય એ સ્વતઃ સિદ્ધ છે. છતાં પણ ગૃહસ્થીઓને અનુલક્ષી તેઓથી, ઉપર્યુક્ત નિડરતાથી, રતિક્રીડા સબંધે કહે છે કે રતિક્રીડા કરનાર માણસે રતિક્રીડા કરવી જ હોય તો કેલી, હાસ્યાદિ પાંચ પ્રકારે એ સુરતોત્સવ પૂર ભપકાથી ઉજવવો જોઈએ. એ ક્રિયાને ગધેડાની માફક જેમ તેમ આટોપી લેવાથી શું ફાયદો? એમાં તો મહેનતેય માથે પડે એના જેવો ઘાટ થયો. ટુંકામાં, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, સંન્યાસ અને વાનપ્રસ્થ એ ચાર આશ્રમો પૈકી કોઈ પણ આશ્રમમાં માણસ હોય તેને તો તે આશ્રમને સોએ સો ટકા દીપાવવાનો જ છે. પોતપોતાના વર્તુલમાં રહી પોતે સ્વીકારેલ તત્કાલીન ધર્મને પૂરેપૂરો ન્યાય આપી ઉત્તરોત્તર પ્રગતિ કરી છેવટે સૌએ મોક્ષ સાધવાનો છે. એ તદ્દન સાચું છે કે 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह:' આ હેતુથી જ લેખક કહે છે:–

"केलीहासुम्मीसो पंचपयारेहिं सजुओ रम्मो ।
सो खलु कामो भणिओ अन्नो पुण रासहो कम्मो" ॥ ५।६६ ॥

વીરચંદ જેવો દરિદ્રનારાયણ દુનિયાનું શું દાળદર ટાળશે, એ સંબંધમાં લેખક શ્રી મહેશ્વરસૂરિ છઠ્ઠા આખ્યાનમાં દરિદ્રતા ઉપર એક વાસ્તવદર્શી કટાક્ષ ફેંકે છે. માતા પિતા, ભાઈ બહેન, બેટો બેટી અને સ્ત્રી પણ–સારો લોક દરિદ્રીથી વિમુખ થઈ જાય છે. દરિદ્રીનું મોઢું પણ સવારમાં જોવાનું કોઈ પસંદ કરતું નથી. દરિદ્રીની વાણી ઘણી મીઠી હોય અને એણે આપેલી સલાહ પણ ઘણી કિંમતિ હોય તોય ભંગીના કુવાની માફક એની બધી સારી બાબતોનો સૌ પરિત્યાગ કરે છે. જ્ઞાન, કલા, વિજ્ઞાન, વિનય, શૌર્ય અને ધૈર્ય એ બધા ગુણો પુરુષનાં નકામા–એક જો દારિદ્ર્ય દોષ તેનામાં હોય તો.

"मित्तो सयणो धूया माया य पिया य भाइमाईया ।
सव्वे वि होंति विमुहा दालिद्दकलंकियतणूणं ॥ ६।१९ ॥
गोट्ठी वि सुट्ठु मिट्ठा दालिद्दविडंबियाण लोएहिं ।
वज्जिज्जइ दूरेणं सुसलिलचंडालकूव व्व ॥ ६।२३ ॥
नाणकलाविन्नाणं विणओ सुरत्तणं च धीरत्तं ।
दालिद्दनिवासाणं सव्वं पि निरत्थयं होइ" ॥ ६।२६ ॥

આ છેલ્લા સુભાષિતમાં "दारिद्र्यदोषो गुणराशिनाशी" એ સૂક્તિનો પ્રતિધ્વનિ સંભળાય છે.

મહેશ્વરસૂરિનો સંસારનો તથા સમાજનો અભ્યાસ કેટલો વેધક અને વિશાળ હતો તે તેમણે વાપરેલ સાતમા આખ્યાનના એક વ્યાવહારિક સુભાષિત ઉપરથી આપણને જાણવા મળે છે. તેઓ માને છે કે સંસાર ઉપર જ સ્વર્ગ અને નરકનો અનુભવ થઈ રહે છે, તો પછી શાસ્ત્રમાં વાપરેલ સ્વર્ગ અને નરકના અસ્તિત્વસૂચક પરોક્ષ કથનો વિષે

શા માટે અવિશ્વાસ ધરાવવો જોઈએ? Instead of going to heaven we can bring down heaven on earth. સંસારમા સ્વર્ગનાં સુખ અનુભવવાં હોય, દેવલોકના દિવ્યાનંદ અને મજા–મસ્તી લૂંટવાં હોય તો એક તો ખરાબ સ્ત્રી ન હોવી જોઈએ, બીજું દારિદ્ર ન હોવું જોઈએ, ત્રીજું વ્યાધિઓ ન હોવા જોઈએ અને ચોથું સંતાનમાં કન્યાનું બાહુલ્ય ન હોવુ જોઈએ. આટલાં વાનાં હોય તો સંસાર એ સ્વર્ગતુલ્ય જ છે અન્યથા તે નરક સમાન છે. આ ચાર વસ્તુ જેની પાસે હોય તે જીવનનો રસાસ્વાદ માણી શકે. સાતમા આખ્યાનમાં પદ્માભ નામના દ્વિજને તેની સ્ત્રી ધન્યા પાસે નિમ્નોક્ત ગાથા તેઓ કહેવડાવે છે:–

"दुकलत्तं दालिद्दं वाही तह कन्नयाण वाहुल्लं ।
पच्चक्खं नरयमिण सत्थुवइट्ठं च वि परोक्खं" ॥ ७१६ ॥

જૈન સાધુ માટે લગભગ અસ્પૃશ્ય ગણાતા રાજનીતિ જેવા ગહન વિષય ઉપર પણ પોતાનો દૃઢ અને અનુભવસૂચક અભિપ્રાય સૂરિવર્યે જણાવ્યો છે. તેઓ કહે છે કે કર્ણધાર વિનાના વહાણ જેવી સ્થિતિ અમાત્ય અને શિષ્ટજન વિનાના રાજ્યની છે:–

"कण्णदारविहीणं वोहित्थं जह जलंमि डोल्लेइ ।
विद्धमहंतयरहियं रज्जं पि हु तारिसं होइ" ॥ (८, २१)

શુકન શાસ્ત્ર જેવા વ્યાવહારિક વિષયના સંબધમાં પરાપૂર્વથી ચાલી આવેલી એક રૂઢિને સૂરિવર્યે સૂક્તિમાં સુંદર રીતે ગુંથી કાઢી છે. આંધળો, કુષ્ઠના રોગવાળો, લગડો, હોઠ કપલો, નાક કાન વિનાનો–આટલાને પ્રસ્થાન કરતી વખતે શુભ ફળની આશા સેવનારે પ્રયત્નપૂર્વક વર્જવાઃ–

"अंधो कुट्ठी पंगू छिन्नोट्ठो छिन्नकन्ननासो य ।
पढमं चिय चलिएणं वज्जेयव्वा पयत्तेणं" ॥ ९।१० ॥

કામદેવના સર્વવિજયીપણા વિષે અને સંગીતશાસ્ત્રની પ્રાસાદિકતા વિષે સૂરિશ્રી દસમા આખ્યાનમાં કહે છે કે સગેમરમરની પૂતળી સદશ કોઈ નાજુકનયનીના હાવભાવથી અને સંગીતના મધુર આલાપથી જેનું હૃદય મુગ્ધ થતું નથી તે કાં તો પશુ છે અથવા દેવ છે:–

"वरजुवइविलसिएणं गंधव्वेणं च एत्थ लोयंमि ।
जस्स न हीरइ हियथं सो पसुओ अहव पुण देवो" ॥ १०।२९४ ॥

આટલી ચર્ચા પછી આપણે એમ કહેવાની સ્થિતિમાં જરૂર છીએ કે "પંચમીમાહાત્મ્ય" કથા એક એની જ જાતિનો અલૌકિક પર્વકથા ગ્રન્થ છે જે પ્રકાશિત થયે ઘણી જ બાબતો ઉપર પ્રકાશ પડવા સંભવ છે. તેના વિદ્વાન લેખક શ્રી મહેશ્વરસૂરિ એક પ્રકાંડ પડિત, કુશળ કવિ, અઠંગ અભ્યાસી અને નિપુણ નિરીક્ષક હતા.

*

भारतवर्षनुं महान् वाकाटक साम्राज्य

*

लेखक—श्रीयुत डुंगरसी धरमसी संपट,—करांची

ભારશિવ સામ્રાજ્ય

અંગ્રેજ ઇતિહાસકારોએ ઈ. સ ૧૫૦ થી ઈ. સ. ૩૪૮ સુધીના હિંદના ઇતિહાસને અપ્રાપ્ત સાધનોથી આલેખ્યો નથી. પરંતુ ડૉ જાયસવાલની શોધોથી નાગવંશના ભારશિવોના સામ્રાજ્યની (ઈ સ. ૧૫૦ થી ઈ સ. ૨૮૪ સુધી)ની હકીકત આગલા લેખમાં અપાઈ છે. આ ભારશિવોએ દશ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. એઓ પરમ શ્રદ્ધાળુ શિવભક્તો હતા. તેમણે પ્રાકૃત ભાષાને ઉત્તેજન આપ્યું હતું પોતાના સિક્કાઓ ઉપર પ્રાકૃત ભાષાનો ઉપયોગ કર્યો હતો. રાજ્યપ્રબંધારણમાં તેઓ પ્રજાસત્તાવાદી હતા. કુશાનો ગૌહત્યા અને વૃષભહત્યા કરતા હતા. ભારશિવોએ વૃષભને પોતાના પૂજ્ય ચિન્હ તરીકે સ્વીકાર્યું હતું હમણાના હિંદુધર્મ અને હિંદુત્વના આરંભનો પાયો ભારશિવોના સામ્રાજ્યમાં પડ્યો હતો. વાકાટક સામ્રાજ્યમા આનો વિકાશ થઈ ગુપ્ત સામ્રાજ્યમાં એનો સંપૂર્ણ ઉત્કર્ષ થયો હતો

વાકાટક સામ્રાજ્ય

આ સામ્રાજ્યનો આરંભ ઈ. સ. ૨૪૮ થી ૨૮૪ સુધીમાં થયો હતો. એનો વિકાશ ઈ. સ. ૨૮૪ થી ઈ. સ. ૩૪૮ સુધી થયો હતો અને એનો અસ્ત કાળ ઈ. સ. ૩૪૮ થી ૫૫૦ સુધી હતો *સમુદ્રગુપ્તના પ્રાદુર્ભાવથી ૧૦૦ વર્ષોની પણ પહેલાં વાકાટકોનું સામ્રાજ્ય* અસ્તિત્વમા હતું વાકાટકનો પ્રથમ સમ્રાટ્ વિંધ્યશક્તિ હતો. એમનું ગોત્ર ભારદ્વાજ ગોત્રની શાખા વિષ્ણુવૃદ્ધ હતું. આ વંશનો બીજો સમ્રાટ્ પ્રવરસેન ૧ લો હતો. એણે ચાર અશ્વમેધો કર્યા હતા એણે જ પ્રથમ હિંદના સમ્રાટ્નો અધિકાર ધારણ કર્યો હતો. એણે લાંબા વખત સુધી રાજ્ય કર્યું હતું એનો પુત્ર ગૌતમીપુત્ર એના જીવન દરમ્યાન જ સ્વર્ગસ્થ થયો હતો આથી એનો પૌત્ર રુદ્રસેન પહેલો એના પછી રાજ્યારૂઢ થયો હતો. સમ્રાટ્ પ્રવરસેન પહેલાનો યુવરાજ ગૌતમીપુત્ર બ્રાહ્મણ જાતની રાણીનો પુત્ર હતો. પરંતુ સ્વય ગૌતમીપુત્ર ભારશિવ સમ્રાટ્ ભાવનાગની રાજકન્યા સાથે પરણ્યો હતો. એ બન્ને વંશોના જોડાણથી રુદ્રસેન ૧ લો, પ્રવરસેન અને ભાવનાગનો સંયુક્ત વારસ હતો. રુદ્રસેનનો પુત્ર પૃથ્વીસેન હતો આ વંશને ત્યારે ૧૦૦ વરસ પસાર થયા હતા. આનો ઉલ્લેખ કરાયો છે—

'वर्षशत अभिवर्द्धमानकोशदंडसाधन'

આની સમૃદ્ધિ અને શાસન ૧૦૦ વરસોથી વિકાશ પામ્યા હતા

પૃથ્વીસેનના વંશજો

પૃથ્વીસેન મહાન્ સમ્રાટ્ થઈ ગયો છે. એ શૂરો, ઉદાર અને પ્રજા ઉપર પ્રેમ રાખનાર હતો. એણે કુન્તલના રાજાને પોતાનો ખંડીઓ બનાવ્યો. કુન્તલ એ કર્ણાટકનો

ભાગ છે. કદંબના રાજ્યને પણ એણે પોતાની છત્રછાયા નીચે આણ્યું હતું. પૃથ્વી-સેનનો પુત્ર રૂદ્રસેન બીજો એની પાછળ સમ્રાટ્ થયો. એનો વિવાહ સમ્રાટ્ ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય)ની પુત્રી પ્રભાવતી ગુપ્ત સાથે થયો હતો. પ્રભાવતી ગુપ્તની માતાનું નામ કુબેરા નાગ હતું. તે નાગવંશ (ભારશિવો)ની કન્યા હતી. રૂદ્રસેન બીજા પછી એની સામ્રાજ્ઞી પ્રભાવતીએ રાજપ્રતિનિધિ (રીજેન્ટ) તરીકે રાજ્યનું રક્ષણ કર્યું હતું રૂદ્રસેન બીજાના મરણ સમયે એનો યુવરાજ દિવાકરસેન માત્ર ૧૩ વર્ષની ઉમરનો હતો. એ સમયે સામ્રાજ્ઞીએ રાજ્ય સંભાળવાનો લેખ બહાર પાડ્યો હતો (પુનાના તામ્રપટો). દિવાકરસેન પછી એનો ભાઈ દામોદરસેન સમ્રાટ્ થયો હતો. એ દામોદર-સેનના તામ્રલેખ પણ પ્રાપ્ત થયા છે. આ લેખ એણે પોતાના ૧૯ વરસના રાજ્ય સમયે બહાર પાડ્યા હતા. પ્રભાવતી ગુપ્તની રીજન્સી ૨૦ વર્ષ સુધી ચાલી હોવાની ગણત્રી થાય છે. પ્રભાવતી ગુપ્ત અથવા એના પુત્રોએ ગુપ્ત સંવતનો ઉપયોગ કર્યો નથી. આથી વાકાટક રાજ્યમા એ સંવતનો ઉપયોગ ચદ્રગુપ્ત બીજાના સમયમાં થતો નહોતો. પરતુ સમુદ્રગુપ્ત પછી વાકાટકોએ ગુપ્તોનુ ચક્રવર્તિપણુ માન્ય રાખ્યું હશે. પરતુ તેઓની રાજા તરીકે તો સંપૂર્ણ સ્વતત્રતા અખડિત હતી. સગપણ, સ્નેહસંબધ અને વિકાશની દૃષ્ટિએ બન્ને જોડાયલા હતા.

વાકાટકોનું સામ્રાજ્ય

અજતાના લેખો અને આલાઘાટના તામ્રપત્રોથી જણાય છે કે વાકાટકો રાજા તરીકે સંપૂર્ણ સ્વતંત્ર હતા. તેઓના પોતાના ખડીઆ રાજાઓ હતા. તેઓ યુદ્ધ અને સુલેહ પોતાની સંપૂર્ણ સ્વતંત્રતાથી કરી શકતા હતા. તેઓએ ત્રિકુટ, આન્ધ્ર અને કુન્તલના રાજ્યોને પોતાને વશવર્તી બનાવ્યા હતા. તેઓનું સામ્રાજ્ય બુંદેલખંડના પશ્ચિમના ભાગથી શરૂ થતું હતું. અજયગઢ, પન્ના અને મધ્યપ્રાંતોનું બધું રાજ્ય એમનું હતું. વિરાટ (વરાડ?)મા પણ એમની આણ હતી ઉત્તરકોંકણ ઉપર પણ એમના સૂબાઓ હતા. સમુદ્રપર્યંતનો મરાઠા પ્રદેશ તેમના તાબે હતો કુન્તલ (કર્ણાટક) અને આન્ધ્ર દેશના તેઓ પ્રતિવાસી હતા. વિન્ધ્યાચલ અને સાતપુડાની ખીણોમાં મૈકાલની ગિરિમાળા શીખેના મેદાનોમા એમનું રાજ્ય હતુ દક્ષિણમાં અજતાના પાર્વતીય માર્ગ ઉપર એમનો કાબુ હતો તેમના ખડીઆઓમાં દક્ષિણ કોશલ, આન્ધ્ર, પશ્ચિમ માળવા અને ઉત્તર હૈદરાબાદ આવી ગયા હતા આ સિવાય ભારશિવોના વારસા તરીકે એમના હાથમાં કેટલોક દેશ આવ્યો હતો તેઓના હાથનો વિસ્તીર્ણ પ્રદેશ સમુદ્રગુપ્તના વિજયોથી અકુશિત બન્યો હતો. પરંતુ તેના જ સમયમા એ અકુશ હટાવી એનો સંપૂર્ણ ઉદ્ધાર થયો હતો. પૃથ્વીસેન પહેલાએ એ મહાન્ સમ્રાટ્ના સમયમાં કદંબનુ રાજ્ય જીતી લીધુ હતું.

વાકાટક વંશનો ઇતિહાસ

વાકાટક વશના સીધા ઇતિહાસના સાધનો સુપ્રાપ્ય નથી. પરંતુ પુરાણો અને ભાર-શિવોના ઇતિહાસમાંથી એમની હકીકતો મળી શકે છે. વાકાટક વંશનો ઇતિહાસ એ હિંદની અર્ધી સદીનો ઇતિહાસ છે. ગુપ્ત વશના ઉદય અને વિકાશ સમજવા માટે

વાકાટક વંશનો ઇતિહાસ અતિ અગત્યતા ભોગવે છે. પ્રવરસેન પહેલાના સ્થાપેલા સામ્રાજ્યનો મોટો ભાગ અને વારસો ગુપ્તવંશની આણ નીચે આવ્યો હતો. ગુપ્તવંશના વિકાસમાં વાકાટક વંશનો મુખ્ય ફાળો છે. વાકાટકો પહેલાના સમ્રાટો "દ્વિરશ્વમેધ યજિન્" એવો અધિકાર અને ઇલ્કાબ ધારણ કરતા હતા. થોડા શત વર્ષો પહેલાં થયેલા પુષ્યમિત્ર સુંગ (આર્યાવર્તના સમ્રાટ્) અને શ્રી સાતકીર્તિ પહેલા (દક્ષિણાપથના સમ્રાટ્)ના સમયમાં આ યજ્ઞો કરાયા હતા. સમ્રાટ્ પ્રવરસેને ચાર અશ્વમેધો કર્યા હતા. આ સિવાય એણે બૃહસ્પતિસવ નામનો માત્ર બ્રાહ્મણોથી જ કરાતો યજ્ઞ કર્યો હતો. આ સિવાય એ સમ્રાટે વાજપેય અને બીજા કેટલાક વૈદિક યજ્ઞો કર્યા હતા.' એણે દક્ષિણને પણ પોતાની સત્તા નીચે આણ્યું હતું. આથી જ એનું સમ્રાટનું બીરૂદ યોગ્યતાથી ધારણ કરાયું હતું. ભારશિવો કે મૌર્યો જે કામો ન કરી શક્યા તે આ સમ્રાટે કર્યા હતા. ઉત્તરદક્ષિણાપથનો મોટો વિભાગ તેના સામ્રાજ્યની આણમાં આવી ગયો હતો.

વાકાટકો અને પુરાણો

હમણાના ઇતિહાસોમાં વાકાટકો સંબંધી એક લીટી પણ દેખાતી નથી. પરંતુ પુરાણો આ વંશના સમ્રાટો વિષે ઉલ્લેખ કરવાનું ભૂલ્યા નથી. મહાન્ માંધાતા અને વસુ મહારાજાની પેઠે ચાર અશ્વમેધો કરનારને પુરાણો કેવી રીતે ઉવેખી શકે? પુરાણો તો પરદેશી વંશોની વંશાવળીઓ ગાઈ ગયા છે ત્યારે સ્વદેશી સમ્રાટોને કેમ ભૂલી શકે? પુરાણો તુખારા કુશાનોના પતનની નોંધ કરે છે. તે પછીના સમ્રાટોને તેઓ વિન્ધ્યકો તરીકે સંબોધે છે. એના પ્રથમ સમ્રાટનું નામ એઓ વિન્ધ્યશક્તિ અને બીજાનું નામ પ્રવીર તરીકે ઉલ્લેખે છે. એને મહાન તરીકે એઓ ગણાવે છે. એણે વાજપેય યજ્ઞો કર્યા હતા તેવા પણ ઉલ્લેખો મળે છે. વાયુપુરાણમાં એણે વાજીમેધ (અશ્વમેધ) કર્યાનો ઇસારો છે. એનું શાસન ૬૦ વર્ષો સુધીનું સુદીર્ઘ હતું એ પણ જણાવ્યું છે. આને વાકાટક તામ્રપત્રો પણ ટેકો આપે છે. સમય પણ બંધબેસતો થાય છે. તુખારા કુશાનો પછી અને ગુપ્તો પહેલાં એની યોજના યોગ્ય થઈ છે. એ વંશના પ્રથમ પુરુષનું નામ પણ મળે છે. સમ્રાટ્ પ્રવીરનું લાંબુ રાજ્ય અને એણે કરેલા અશ્વમેધો સંબંધી પણ ઉલ્લેખ મળે છે. જૂના લેખો જે સ્થળે અજવાળું પાડતા નથી ત્યાં પુરાણો ગાળાં પુરે છે.

વાકાટકોનું મૂળ

ઘણે ભાગે વાકાટકો બ્રાહ્મણો જ હોવા જોઈએ. બૃહસ્પતિસવ યજ્ઞ બ્રાહ્મણો સિવાય બીજા કોઈને કરવાનો અધિકાર નથી. તેઓનો ગોત્ર વિષ્ણુવૃદ્ધ પણ બ્રાહ્મણગોત્ર છે. વિન્ધ્યશક્તિને ખાસ દ્વિજ તરીકે સંબોધવામાં આવ્યો છે. द्विजः प्रकाशो भुवि विन्ध्यशक्तिः એઓને વિન્ધ્યક એટલે વિન્ધ્યાન કહેવામાં આવ્યા છે. એઓ કિલકિલા નદીના કિનારે મૂળ સ્થાન ધરાવતા હતા. એ નદી પન્ના નજદિક આવેલી છે. અજયગઢ–પન્ના પાસે વાકાટકોના જૂના લેખો પ્રાપ્ત થયાં છે. ભાગવતપુરાણ, વિદિશા નાગો અને પ્રવીરકોનું વર્ણન કરતાં આમને કિલકિલા રાજાઓ તરીકે ઉલ્લેખે છે. બુંદેલખંડમાં આ વંશનું મૂળ સ્થાન હતું એ નિર્વિવાદ છે. वाकाटकानां महाराजश्री એ ઉપરથી એમના વાકાટક વંશની સિદ્ધિ થાય છે. એમનું વંશપરંપરાનું નામ ત્રૈકૂટ હતું. સીધો ઇતિહાસ ઉપલબ્ધ નથી

પણ આમ કિલકિલા, પુરાણો અને લેખોમાંથી માહીતી મળે છે. પુરાણો વિન્ધ્યશક્તિને રાજાઓનો વંશજ હોવાનું જણાવે છે.

વાકાટકોની રાજ્યધાની

અજંતાની ગુફા નં૦ ૧૬માં વાકાટકો સંબંધી લેખ મળે છે. એમાં એને વાકાટકવંશનો મૂળ પુરુષ માનેલો છે, અને એને वाकाटकवंशकेतु તરીકે વર્ણવેલો છે. એને માટે એ લેખમાં चकार पुण्येषु पर प्रयत्नम् આવો ઉલ્લેખ છે. તે બ્રાહ્મણ તરીકે હમેશાં ધર્મપ્રતિપાલન કરનાર રહ્યો. એણે આન્ધ્ર અને નૈષધ વિદુરમાં મોટા વિજયો મેળવ્યા હતા. પ્રવરસેનની રાજ્યધાની "ચાનકા" હતી. એ વિન્ધ્યશક્તિએ વસાવી હશે. જુની કિલ્લેબંધીવાળા શહેર ગંજ નચાના એ ચાનાકી અથવા કંચનકા હોય એ સંભવીત છે. આ સ્થળે પાર્વતી અને ચતુર્મુખના બે મંદિરો છે. આ સ્થળે પૃથ્વીસેન ૧ લાના ત્રણ શિલાલેખો મળી આવ્યા છે. સ્થાપત્ય ઉપરથી મંદિરો ગુપ્ત સમયની શરૂઆતના લાગે છે.

વાકાટક સિક્કાઓ

સિક્કાઓ ઉપરથી બે વાકાટક સમ્રાટોનાં નામો મળે છે. પ્રવરસેન ૧ લો અને રૂદ્રસેન ૧ લો. વિન્ધ્યશક્તિનો કોઈ સિક્કો મળ્યો જ નથી. એ રાજા ભારશિવ નાગોનો ખંડણી આપનાર રાજા હતો. ઉપલા બન્ને સમ્રાટોના સિક્કાઓ તો ઘણા સમય ઉપર મળ્યા હતા. પરંતુ તે વાંચી અને સમજી બેસાડી શકાયા નહોતા. પ્રવરસેનના સિક્કા અહિછત્ર ટંકશાલમાં પાડવામાં આવ્યા હતા. રૂદ્રસેન પછીના રાજાઓ ગુપ્ત ચક્રવર્તિપણા નીચે આવ્યા હતા. પરંતુ પૃથ્વીસેન પહેલાને પોતાના સ્વતન્ત્ર સિક્કાઓ ચલાવવા દેવાનો અધિકાર મળ્યો હતો. એ પૃથ્વીસેનનો પુત્ર, ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય)ની પુત્રી પ્રભાવતી ગુપ્તા સાથે પરણ્યો હતો. એના નાના સુઘડ સિક્કાની પુંઠે વૃષભની આકૃતિ છે. મોઢા ઉપર વૃક્ષ અને પર્વત છે. એના ઉપર પૃથ્વીસેનનું નામ લખાયેલું છે. તે પછીના વાકાટકોના સિક્કાઓ મળ્યા નથી.

વાકાટકોના લેખો

બધા વાકાટકોના લેખો નીચે પ્રમાણે ગોઠવી શકાય છે.

પ્રવરસેન ૧ લો—ત્રણ ટુંકા પ્રશસ્તિના લેખો. એમાં વ્યાઘ્રદેવે પૃથ્વીસેનના રાજ્ય દરમ્યાન નચાના અને ગંજ ખાતે ધાર્મિક સ્થાનો સ્થાપ્યાં હતા.

પ્રભાવતી સામ્રાજ્ઞી (રીજેન્ટ)ના લેખોમાં નંદીવર્ધનથી દાનો આપવાની હકીકતો છે.

પ્રવરસેન બીજો—રૂદ્રસેન બીજાનો આ પુત્ર થાય. આના લેખો ચમક (વીરાટના ઇલીચીપુર જીલ્લાના ચમક ગામડા)થી મળ્યો હતો એને લગતો એ લેખ છે. સીવનીના લેખો ઇલીચપુરની મિલ્કતો સબંધી છે.

દામોદરસેન પ્રવરસેન—આના લેખમાં રામગીરી પાસે દાનનો ઉલ્લેખ છે. આ રીતે પૃથ્વીસેન બીજા, દેવસેન, હરિસેનના લેખો મળી આવ્યા છે.

અજન્તાના લેખો

ગુફા નં. ૧૬માં દેવસેને રાજ્યત્યાગ કરીને પોતાના પુત્ર હરિસેનને ગાદીએ બેસાડ્યાની હકીકત છે. લેખનો પહેલો ભાગ કુટુંબના વંશવિસ્તારને દેખાડે છે. એ ક્ષિતિપતિપૂર્વી છે. એ પહેલાથી ૧૮ શ્લોકો સુધી વિન્ધ્યશક્તિથી સમ્રાટો ગણાવે છે. બીજા ભાગમાં દેવસેનના મંત્રી હસ્તિભોજે સોળ નંબરની ગુફામાં બુદ્ધધર્મની સ્થાપના કરવાનો ઉલ્લેખ છે. એ જ ગુફાના બીજા લેખ (બુલ્હર નં. ૪)માં રાજા હરિસેનના ખંડીઆ રાજાઓના કુટુંબ વિસ્તારની હકીકતો આપવામાં આવી છે. દશ પેઢીઓ સુધીના વૃત્તાંતો એમાં બતાવવામાં આવ્યા છે. સત્તર નંબરની ગુફા ભગવાન બુદ્ધને ચરણે મુકવાની પ્રતિજ્ઞા લેવામાં આવી છે.

આ સિવાય બીજા બે શિલાલેખો પણ મળે છે. આ સમ્રાટોનો ક્રમ નીચે પ્રમાણે આપી શકાય છે. કૌંસમાં આપેલા રાજાઓ રાજ્યાસને બેઠા નહોતા.

૧ વિન્ધ્યશક્તિ—રાજા (મૂર્ધાભિષિક્ત).

૨ પ્રવરસેન ૧ લો—પ્રવીર સમ્રાટ્ ૬૦ વર્ષોનું દીર્ઘ રાજ્યશાસન.

૩ (ગૌતમીપુત્ર)—પ્રવીર સમ્રાટ્‌ના જીવન દરમ્યાન સ્વર્ગવાસી થયો. એના ૪ પુત્રોમાંથી રૂદ્રસેન સમ્રાટ્ થયો. બાકીના ત્રણ ખંડીઆ રાજા થયા.

૪ રૂદ્રસેન ૧ લો—ભારશિવોનો એ દૌહિત્ર હતો. એ સમુદ્રગુપ્તના સમયમાં થઈ ગયો છે. પ્રવરસેનની દેખરેખ નીચે એ ભારશિવોનું રાજ્ય સંભાળતો હતો.

૫ પૃથ્વીસેન ૧ લો—સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજાનો સમકાલીન. એણે કુન્તલના રાજ્યને જીત્યું હતું.

૬ રૂદ્રસેન ૨ જો—એ પ્રભાવતી દેવીને પરણ્યો હતો. (પ્રભાવતી દેવી ચંદ્રગુપ્ત બીજાની અને કુબેરા નાગની પુત્રી હતી).

૭ (દિવાકરસેન)—યુવરાજ. એણે બહુ અલ્પ સમય રાજ્ય કર્યું હશે અથવા યુવરાજ અવસ્થામાં સ્વર્ગવાસી થયો હશે.

૮ દામોદર—પ્રવરસેન ૨ જો—૨૩ વર્ષ રાજ્ય કર્યાનું લેખોમાં જણાવ્યું છે. એની રાજ્યધાની મધ્યપ્રાંતના પ્રવરપુરમાં હતી.

૯ નરેન્દ્રસેન—(અજંતાની ગુફામાં આનું નામ નથી) બાલાઘાટ લેખોમાં એનું નામ મળે છે. કોશલ, મેકાલા અને માળવાના રાજાઓ એના ખંડીઆ હતા.

૧૦ પૃથ્વીસેન ૨ જો—(બીજું નામ દેવસેન) એ વિલાસી રાજા હતો. મોગેષુ યથેષ્ટ ચેષ્ટા એવું વિશેષણ અપાયું છે. એણે પોતાના પુત્રને રાજ્ય સોંપ્યું હતું.

૧૧ હરિસેન—એણે કુંતલ, અવન્તિ, કલિંગ, કોશલ, ત્રિકૂટ, લાટ અને આન્ધ્ર જીતી લીધા હતા. એના મંત્રી હસ્તિભુજે અજંતાની ૧૬ નંબરની ગુફા કરાવી છે. એના પિતા પૃથ્વીસેને મોજમજાહ ભોગવવા માટે સમ્રાટ્ તરીકે પોતાના પુત્ર હરિસેનને બેસાડ્યો.

કેટલીક ચર્ચા

ચન્દ્રગુપ્ત બીજાના સમયમાં પૃથ્વીસેન ૧ લો અને રૂદ્રસેન ૨ જો હતા, એ હવે ચોક્કસ નિર્ણય થાય છે. અલાહાબાદના સ્તંભના લેખથી પુરવાર થાય છે કે પ્રવરસેન ૧ લો મહાસમ્રાટ્ તે સમયે (સમુદ્રગુપ્તના) હતો નહિ. સમુદ્રગુપ્તની છાયા નીચે આ સેનો સ્વતન્ત્ર રાજાઓ તરીકે રહ્યા હોય એ બનવા જોગ છે. પરંતુ ગુપ્તો એમને સમોવડીઆ ગણીને એમને પુત્રીઓ આપતા હતા, એ એમની સ્વતન્ત્રતાને સૂચવે છે. કદાચ એ મિત્રઆશ્રિત રાજ્ય પણ કહી શકાય. પુરાણો તો વિન્ધ્યશક્તિના વશજોની માત્ર ૯૬ વર્ષની કાર્કિર્દી ઉલ્લેખે છે. વિન્ધ્યશક્તિના ૩૬ વર્ષ અને પ્રવરસેન પહેલાનાં ૬૦ વર્ષો. રૂદ્રસેન પહેલાથી એમના વશનો ઉલ્લેખ પુરાણો કરતા નથી. આથી સમુદ્રગુપ્તના પ્રકાશ પછી રૂદ્રસેનનું સમ્રાટ્ તરીકે નામ પુરાણોમા મળતું નથી. સમુદ્રગુપ્તે એમને નાગમિત્રો સાથે હરાવ્યા હશે પુરાણોએ આથી એમનું મહાન્ સમ્રાટો તરીકે અસ્તિત્વ સ્વીકાર્યું નથી. ગુપ્તવશના ઉદય પહેલાં એમનો સ્વીકાર ભારતના સમ્રાટો તરીકે ગણ્યો છે. ૯૬ વર્ષોની જેટલી એમની કાર્કિર્દી પણ તે માટે જ ગણાવી લાગે છે. રૂદ્રસેનના સિક્કા ઉપર ૧૦૦ નો આકડો પણ આ વાત સૂચવે છે.

એમની વંશાવળીના વર્ષો

પુરાણો અને લેખો ઉપરથી એમની વશાવળીના વર્ષો નીચે મુજબ ગણી શકાય.

૧ વિન્ધ્યશક્તિ	ઈ. સ. ૨૪૮ થી ૨૮૪
૨ પ્રવરસેન	,, ૨૮૪ થી ૩૪૪
૩ રૂદ્રસેન ૧ લો	,, ૩૪૪ થી ૩૪૮
૪ પૃથ્વીસેન ૧ લો	,, ૩૪૮ થી ૩૭૫
૫ રૂદ્રસેન ૨ જો	,, ૩૭૫ થી ૩૯૫
૬ પ્રભાવતી ગુપ્ત રિજેન્ટ દિવાકરસેન	,, ૩૯૫ થી ૪૦૫
દામોદરસેન—પ્રવરસેન બીજો	,, ૪૦૫ થી ૪૧૫
૭ પ્રવરસેન ૨ જો રાજ્યાભિષેક પછી	,, ૪૧૫ થી ૪૩૫
૮ નરેન્દ્રસેન (૮ વર્ષની ઉમરે રાજ્યગાદીસ્થ થયો)	,, ૪૩૫ થી ૪૭૦
૯ પૃથ્વીસેન ૨ જો	,, ૪૭૦ થી ૪૮૫
૧૦ દેવસેન (ગાદી ત્યાગી)	,, ૪૮૫ થી ૪૯૦
૧૧ હરિસેન	,, ૪૯૦ થી ૫૨૦

ચંદ્રગુપ્ત બીજો અને વાકાટકો

ચન્દ્રગુપ્ત બીજાએ વિવાહસંબંધો બાધીને પોતાના સામ્રાજ્યનુ સમર્થન કર્યું. એણે પોતાની પુત્રીને વાકાટકોના નૃપતિ રૂદ્રસેન બીજા સાથે પરણાવી. કદમ્બરાજાની કન્યા પોતાના કુટુંબ માટે સ્વીકારી. એ પોતે નાગ કન્યા કુબેરા સાથે પરણ્યો હતો. કુબેરા નાગને મહાદેવી તરીકે વર્ણવી છે. એની મુખ્ય પત્નીનુ નામ ધ્રુવદેવી છે. આ ધ્રુવદેવીને

કુબેરદેવી સપત્નિ હતી કે એ નામની એક જ રાણી હતી તે જણાયું નથી. આ રીતે વાકાટકોને ચંદ્રગુપ્ત બીજાએ સંબંધીઓ તરીકે સ્વીકાર્યા હતા. ગુપ્તોના રાજ્યમાં વાકાટકો અમુક વિશેષ પ્રમાણમાં સ્વતંત્રતા ભોગવતા હતા. એમને યુદ્ધ, સુલેહ અને વિજયોની સ્વતંત્રતા ગુપ્તોએ આપી હતી. નરેન્દ્રસેનના સમયમાં વાકાટકો તદ્દન સ્વતંત્ર થયા હતા. વરાડ, મરાઠા દેશ, કોંકણ, કુન્તલ, પશ્ચિમ માળવા, ગુજરાત, કોશલ, મેકાલા અને આન્ધ્ર એમની સત્તા નીચે આવ્યા લાગે છે. હરિસેન વાકાટકે પણ એ જ સીમાપર્યંત પોતાનું સામ્રાજ્ય ટકાવી રાખ્યું હતું. ખરેખરરીતે તો પશ્ચિમ, દક્ષિણ અને કુન્તલ પ્રદેશ સુધી ગુપ્તોનું સામ્રાજ્ય એમના હાથમાં આવ્યું હતું.

વાકાટકોના ત્રણ થરો

એમને ઇતિહાસમાં ત્રણ વિભાગોમાં વહેંચી શકાય ૧ સામ્રાજ્ય, ૨ ગુપ્તોના ચક્રવર્તિપણા નીચે, ૩ ગુપ્તોથી સ્વતંત્ર. એમાં પ્રવરસેને મોટું સામ્રાજ્ય જીતી લીધું. રુદ્રસેન પહેલાના સમયમાં સમુદ્રગુપ્તનું ચક્રવર્તિપણું સ્વીકારાયું હશે. અને ત્રીજું સ્વતંત્ર રાજ્ય નરેન્દ્રસેનથી હરિસેન સુધીનું સ્થાપાયું હશે.

વાકાટકશાહી બંધારણ

આ સામ્રાજ્યના સમ્રાટો, પોતાના પુત્રો અને નજદિકના સગાઓને, નાના નાના રાજ્યોના રાજ્યકર્તા નીમી મૂળ મધ્યસ્થ રાજ્યને ટકાવી રાખતા હતા. પ્રવરસેનના ચાર પુત્રોએ નાનાં નાનાં ત્રણ રાજ્યો સ્થાપ્યાં હતાં. ત્રણ વંશો વિવાહસંબંધથી અને એક વંશ પરંપરાએ ચાલ્યો હતો. મહિસી, મેકાલા, કોશલ અને વિદુર એ પશ્ચિમ માળવાની રાજ્યધાની હતી. આમાંથી મેકાલાનો વંશ, વાયુપુરાણમાં વાકાટકોનો ખાસ વંશ ગણવામાં આવ્યો છે. આ મેકાલાનો પ્રદેશ હમણા મૈકાલ પર્વતમાળાની દક્ષિણેથી શરૂ થાય છે. બસ્તરનું રાજ્ય એમાં જ આવ્યું છે. અહીંથી આન્ધ્ર દેશ શરૂ થાય છે. રાયપુરથી બસ્તર સુધીમાં નાગ સંસ્થાનોના અવશેષો પ્રાપ્ત થાય છે. દશમા સૈકાના નાગ વંશજોના લેખો આ સ્થળોએ પુષ્કળ પ્રમાણમાં મળે છે. મધ્યપ્રાંત સાથે આ વિભાગ નાગ સામ્રાજ્યમાં આવેલો હતો. વિન્ધ્યકો પણ આ પ્રદેશના શાસકો હતા. આના વંશની એક શાખા સાત પેઢી સુધી અહીં ખંડીઆ રાજાઓ તરીકે શાસન કરતી હતી. વાકાટકોની બીજી ત્રણ શાખાઓ વિવાહસંબંધોથી સંબંધીઓ બનાવીને સ્થાપવામાં આવી હતી. એમને લેખોમાં वैवाहिकाः આ સંબંધથી ઉલ્લેખવામાં આવ્યા છે. નૈષધ પ્રાંત નળ રાજાના વંશજોના હાથમાં હતો. એનું મુખ્ય શહેર વિદુર હતું. એ શહેરનું હમણાનું નામ બીદર છે. અગાઉ એ નિઝામની રાજ્યધાની હતી. મહિસીના રાજાઓ બે ભાગમાં હતા. એક શાખા મહિસીઓમાં મુખ્ય હતી. જ્યારે પુષ્યમિત્રો બે શાખાઓ સહિત રાજાઓ કહેવાતા નહોતા.

મહિસી અને ત્રણ મિત્ર પ્રજાસત્તાકો

મહિસીનો એક રાજ્યકર્તા પોતાને सुप्रविकनभारा શાક્યમાનનો પુત્ર માને છે. એ મહિસીનો મોટો રાજા થઈ ગયો છે. એના સિક્કાઓ પણ મળ્યા છે. સિક્કામાં महाराज

શ્રી પ્રતિકાર એટલા અક્ષરો છે. આ સિવાય મહિસી નીચે ત્રણ ખંડીઆ રાજાઓ હતા. એમનાં નામોને છેડે "મિત્ર" આવે છે. વિષ્ણુપુરાણ એમનાં નામો પુષ્પમિત્ર, પધ્ધુમિત્ર અને પદ્મમિત્ર એવાં આપે છે. વાયુ અને બ્રહ્માણ્ડ પુષ્પ અને પતુમિત્રો આપે છે. પરંતુ બ્રહ્માણ્ડપુરાણ ત્રિમિત્ર તરીકે ઓળખાવે છે. શ્રીભાગવત પુષ્પમિત્રને राजन्य તરીકે ગણાવે છે. જે પ્રજાસત્તાકના અધિષ્ઠાતા તરીકે વપરાયું છે. પુરાણોમાં त्रिमित्राः શબ્દો આવે છે. આથી આ રાજ્ય ત્રણ ભાગોમાં વહેંચાયલું હતું. એના દશ વંશજો થયા હતા. તેઓ પશ્ચિમ માળવામાં હતા. ગુપ્ત સમયમાં એમને अवन्त्याः તરીકે ઓળખાવ્યા છે. પુષ્પમિત્ર પોતાના શૌર્ય અને શક્તિથી મોટા વિકાસને પામી શક્યો હતો. આભીરો સાથે મળીને એણે ગુપ્ત વંશના કુમારગુપ્ત સમ્રાટ્ ઉપર આક્રમણ કર્યું હતું. એમના વંશજો પ્રજાસત્તાકના અધ્યક્ષો હતા એમ માનવાનું કારણ મળે છે. વાકાટકોએ માળવા ઈ. સ. ૩૦૦ – ૩૧૦ લગભગ જીત્યું હશે.

મેકાલા

ઈ. સ. ૨૭૫ થી ૩૪૫ સુધીના ૭૦ વર્ષોમાં મેકાલામાં ૭ રાજાઓ થઈ ગયા છે. વિન્ધ્યશક્તિના સમયમાં આ પ્રદેશનો વિજય કરાયો હશે. આ દેશના રાજાઓ વિન્ધ્યશક્તિના વશજો હતા. પુરાણો પણ આ રાજાઓના વર્ણનના ઈશારા આપે છે. એમના સમયને ચોકસ કરે છે.

કોશલ

વાકાટકો નીચેના નવ વંશજો આ દેશમાં થયા. ભાગવત સાત ગણાવે છે. તેઓને મેઘો નામ આપવામાં આવ્યું છે. તેઓ ઓરીસાના ચેદીઓ અને કલિંગોના વશજો હશે. ખારવેલ વશના ચેદીઓ પાસે જ્યારે સામ્રાજ્ય હતું, ત્યારે તેઓ મહામેઘ કહેવાતા હતા. વિષ્ણુપુરાણ પ્રમાણે सप्तकोशल હતા. પુરાણો એ રાજાઓને મોટા શક્તિશાળી અને તેજસ્વી ગણાવે છે. આ મેઘો ગુપ્તોના સામ્રાજ્યમાં કૌસંબીના સૂબાઓ તરીકે દેખાય છે. એમના બે લેખો મળ્યાં છે.

નૈષધ–બીરારનો પ્રાંત

બીરારના પ્રાંત (નૈષધ)ની રાજ્યધાની વિદુર (હાલની બીદર) હતી. એ નક્ષના વંશજોની રાજ્યધાની હતી. આ રાજાઓ શૂરા અને તેજસ્વી હતા. માત્ર વિષ્ણુપુરાણ જ એમના નવ વશજોના નામોનો ઉલ્લેખ કરે છે. વિષ્ણુ એમને भविष्यन्ति आ मनु क्षयात्, એટલે મનુના વશજોના હાથથી નાશ પામશે એમ ગણાવ્યું છે, અથવા મનુના વંશના નાશ પછી એમનો ઉદય થશે એમ બન્ને અર્થો થઈ શકે છે. નળો ગુપ્ત માનવોના નાશ પછી ઉદય પામ્યા હતા. સાતવાહનોના પતન પછી જે રાજ્યો ઉદ્ભવ્યાં હતાં તેમને વિન્ધ્યશક્તિએ ભારશિવોના સેનાધ્યક્ષ તરીકે જીતી એ રાજ્યનો અંત આણ્યો હતો. નૈષધ રાજ્યોનો અંત સમુદ્રગુપ્તના વિજયોથી આવ્યો હતો. તેઓનો વશ નવ પેઢીઓ સુધી ચાલ્યો હતો કે કેમ તે જણાયું નથી.

પુરિકો અને વાકાટકોનું સામ્રાજ્ય

પુરિકોની સત્તામાં નાગપુર, ખાનદેશ અને અમરાવતી હતા. અચીર એ પુરિક અને આનકાનો સાર્વભૌમ હતો. માલવા નાગવંશના હાથમાં હતું. એની રાજ્યધાની માહિષ્મતી નગરી હતી. પૂર્વ અને દક્ષિણ બાગેલખંડ, શીરગુજા, બાલાઘાટ અને એદા મેકાલા રાજાઓના હાથમા હતા. ઓરીસાનો પશ્ચિમ અને કલિંગ કોશલ રાજ્યને તાબે હતા.

હરિસેનની નોંધની સાથે સરખાવતાં કુન્તલ પાછળથી લેવામાં આવ્યું હતું. વાટ શરૂવાતના વાકાટક સામ્રાજ્યમાં માહિષ્મતી નીચે આવી ગયું હતું ઈ. સ ૫૦૦ લગભગ એ એમના કબજામા હતું.

સિંહપુરનો યાદવ વંશ

પૂર્વ પંજાબમાં ખંડીઉ રાજ્યે "સિંહપુરવંશ" જલધરના રાજા હતો. મહાભારતના સમયમાં આ ક્લિબંધી શહર જણાયેલું હતું. લાખા મડળ (દહેરાદુન જીલ્લા)માં એમનો એક લેખ મળ્યો છે. તેમાં આ વશના રાજાઓની સત્તા શિવાલીક પર્વત સુધી ફેલાયલી હોવાનુ જણાવ્યું છે. આ લેખમા એના બાર વંશજો પેઢી દર પેઢી થયાના અને ઈ. સ. ૨૫૦ લગભગ એની સ્થાપના થયાનો ઉલ્લેખ મળે છે. તેઓ યાદવ છે. (ક્રમશઃ)

*

श्री निम्बार्काचार्य

લે૦ શ્રીમતી કુમારી સુશીલા મહેતા, એમ્. એ. એલ્એલ્. બી.

[રીસર્ચ ફૅલો, ભારતીય વિદ્યા ભવન]

*

દ્વૈતાદ્વૈત અથવા ભેદાભેદને નામે ઓળખાતા પ્રાચીનમતના આદ્યસ્થાપક શ્રીનિમ્બાર્કાચાર્ય. પ્રધાન આચાર્ય તરીકે તેમનું નામ ગણાવતાં છતાં આ મત ઘણો પ્રાચીન છે એ વાત નિઃશંક છે. બ્રહ્મસૂત્રમાં[1] પણ દ્વૈતાદ્વૈતવાદ તથા તેના આચાર્ય ઔડુલોમિનું નામ જોવામાં આવે છે. છતાં સામ્પ્રદાયિક રીતે જે મતની શિક્ષા શ્રીનિમ્બાર્કે લીધી તે મતને એણે પોતાની પ્રતિભાથી અતિશય ઉજ્જ્વલ બનાવ્યો.

તેમનો જન્મ નિંબ નામના ગામમાં થયો હતો. ડૉ. ભાંડારકરના[2] અનુમાન મુજબ આ નિમ્બગામ એ હાલના બેલારી જીલ્લાનું નિમ્બપુર છે. તૈલગ બ્રાહ્મણ કુટુમ્બમાં, વૈશાખ સુદ ત્રીજને દિવસે તેમનો જન્મ થયેલો. તેમના પિતાનું નામ જગન્નાથ તેમજ માતાનું સરસ્વતી હતું. નિમ્બાર્ક પ્રણીત દશશ્લોકીના ટીકાકાર હરિવ્યાસદેવ આચાર્યના જન્મના તિથિ-માસ નોંધે છે, પણ વર્ષ નોંધતાં તદ્દન જ ભૂલી ગયા છે, અને એ કારણે એમની જન્મસાલ હજીસુધી માત્ર અનુમાનનો, ગણતરીનો અને વિદ્વાનોની ચર્ચાનો જ વિષય રહ્યો છે. નિમ્બાર્ક એટલે નિમ્બના સૂર્ય. નિમ્બાર્કનું મૂળ નામ ભાસ્કર હતું. એમને વિષે એવી એક દંતકથા ચાલે છે કે જ્યારે એ વૃન્દાવનમાં રહેતા હતા ત્યારે એક જૈન સંન્યાસી તેમના આશ્રમે આવ્યા. બન્ને વચ્ચે સંધ્યાકાળ થતાં સુધી ચર્ચા ચાલી. ભાસ્કરાચાર્યની અતિથિને ભોજન કરાવવાની ઇચ્છા હતી પણ જૈનોને સંધ્યા કે રાત્રીભોજન નિષિદ્ધ હોઈ એ જૈનસાધુએ ભોજન લેવા ના પાડી. ત્યારે ભાસ્કરે પોતાની યોગસિદ્ધિના પ્રભાવથી સૂર્યની ગતિ રોકી રાખી. સમીપના નીમવૃક્ષપર સૂર્ય સ્થિર થઈ ગયો. અતિથિ માટે ભોજન તૈયાર થયું અને એણે જમી લીધું, પછી જ સૂર્ય ભાસ્કરની રજા લઈ અસ્ત થયો. ત્યારથી ભાસ્કર નિમ્બાર્ક કે નિમ્બાદિત્યને નામે પ્રસિદ્ધ થયા એવી આ કથાની મતલબ છે. પણ અનુયાયી વર્ગમાં એ સૂર્યના નહીં પણ વિષ્ણુના આયુધ સુદર્શન ચક્રના અવતાર મનાય છે. સંન્યાસદીક્ષા લીધા પછી એણે નિયમાનન્દ નામ ધારણ કર્યું.

આ સિવાય એમને વિષે કશુંય વધારે જાણવામાં આવ્યું નથી. શ્રદ્ધાળુવર્ગમાં નિમ્બાર્ક દ્વાપરયુગમાં થઈ ગયા હોવાની માન્યતા છે. દક્ષિણ પ્રદેશમાં ગોદાવરીનદીને કિનારે વૈદૂર્યપત્તન પાસે અરુણાશ્રમમાં અરુણમુનિની પત્ની શ્રીજયન્તીદેવીને પેટે તેમણે જન્મ લીધો અને ઉપનયન સસ્કાર વેળાએ સાક્ષાત્ નારદે શ્રીગોપાલમન્ત્રની દીક્ષા આપી, તેમજ શ્રી-ભૂ-લીલા સહિત શ્રીકૃષ્ણની ઉપાસનાનો ઉપદેશ કર્યો. સામ્પ્રદાયિક પરમ્પરાપ્રમાણે સનત્કુમાર આ મતના આદ્યઉપદેશક હતા. તેમની પાસેથી નારદે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ ગ્રહણ કર્યો અને નારદે નિમ્બાર્કને ઉપદેશ્યો. આ માન્યતાનું મૂળ છાન્દોગ્ય ઉપનિષદ્ના સનત્કુમાર–નારદ આખ્યાયિકામાં છે. સનકને આ મતના

---

૧ બ્ર. સૂ. ૩. ૪. ૪૫.

૨ ડૉ. ભાંડારકર, Vaisnavism, etc. પૃ. ૬૨.

મુખ્ય ઉપદેશક તરીકે માન્ય રાખીને, આ સમ્પ્રદાય સનકાદિસમ્પ્રદાયને નામે પણ ઓળખાય છે. નિમ્બાર્ક પણ પોતાના ભાષ્યમાં સનત્કુમાર તેમ જ નારદનો ઉલ્લેખ કરે છે. ભૂમાનો અર્થ પ્રાણ ન કરતાં તેને પુરુષોત્તમ તરીકે ઘટાવતાં આચાર્ય કહે છે કે परमाचार्यैः श्रीकुमारैरस्मद्गुरवे श्रीमन्नारदायोपदिष्टो भूमात्वेन जिज्ञासितव्यः इति अत्र भूमा प्राणो न भवति किं तु श्रीपुरुषोत्तमः ।[3] છતાં કોઈ ઇતિહાસવિદ્ આ માન્યતા ન સ્વીકારે એ સ્વાભાવિક છે.

અર્વાચીન વિદ્વાનોને મતે નિમ્બાર્કાચાર્ય અગીઆરમા – બારમા શતકમાં થઈ ગયા હોવાનું માનવામાં આવે છે. ડૉ. ભાંડારકર[4] દલીલ કરે છે કે નિમ્બાર્ક રામાનુજ પછી થયા છે, કારણ તે રામાનુજના બ્રહ્માત્મૈક્ય પ્રતિપાદક સિદ્ધાન્તનું ખંડન કરે છે એમ કેશવ કાશ્મીરી કહે છે. વળી નિમ્બાર્ક પછી તેની જ આચાર્ય પરમ્પરામાં તેત્રીશમા પુરુષ, દામોદર ગોસ્વામી વિ. સં. ૧૮૦૬ – ઈ. સ. ૧૭૫૦ – માં થઈ ગયા. નિમ્બાર્ક પેઠે આનન્દતીર્થ ઉર્ફે મધ્વાચાર્યની પણ પરમ્પરા મળે છે, જેમાં તેમના તેત્રીશમા વારસ વચ્ચે આશરે છસ્સો વર્ષનું અંતર છે. એવી જ રીતે જો નિમ્બાર્ક અને તેમના તેત્રીશમા વારસ એટલે દામોદર ગોસ્વામી વચ્ચે લગભગ એટલા જ વર્ષોનું અંતર પડ્યું હોય એવું અનુમાન કરીએ અને બીજાં પંદરેક વર્ષ વધુ દામોદર ગોસ્વામીના આયુષ્યકાળ જેટલાં છૂટના મૂકીએ તો નિમ્બાર્કનું મરણ ઈ સ. ૧૧૬૪ આસપાસ થયું હોય એમ ધારી શકાય.

અલબત્ત આવી ગણતરી વિશ્વસનીય તો ન જ ગણાય. વળી આ વિચારયુક્તિમાં બીજો પણ એક વાંધો છે. શ્રીવલ્લભાચાર્યના ચરિત્રલેખક ગદાધર, નિમ્બાર્કપરમ્પરાના ત્રીશમા પુરૂષ કેશવ કાશ્મીરી વલ્લભાચાર્યના વખતમાં વિદ્યમાન હતા એમ કહે છે. એટલે કે જો તેત્રીશમા પુરૂષ વિ. સ. ૧૮૦૬ માં હોય તો ત્રીશમા લગભગ ૧૭૪૦ માં હોવા જોઈએ. પણ ગદાધરના કહેવા પ્રમાણે તો ૧૫૪૦ ની આસપાસ થઈ ગયા. એટલે કાં તો આ પરમ્પરાનો ક્રમ બરાબર ન હોય અથવા તો ૩૦, ૩૩ વગેરે આંકડાઓ ભૂલ ભરેલા હોય કદાચ એમ પણ બને કે વલ્લભાચાર્યના સમકાલીન અને નિમ્બાર્કપરમ્પરાના કેશવ કાશ્મીરી ભિન્ન વ્યક્તિઓ જ હોય !

નિમ્બાર્કના સમય વિષે એક બીજો પણ મત પ્રચલિત છે, અને એ પંડિત કિશોરદાસનો. પુરૂષોત્તમાચાર્યની દશશ્લોકીની ટીકાની ભૂમિકામાં શ્રીકિશોરદાસ કહે છે કે નિમ્બાર્કાચાર્ય ગૌડપદાચાર્યના સમકાલીન હતા એમને મતે નિમ્બાર્કાચાર્યની પરમ્પરાના તેરમા, દેવાચાર્ય વિ સ. ૧૧૧૨ માં જન્મ્યા હતા. એટલે નિમ્બાર્ક દેવાચાર્ય કરતાં ઘણા વહેલા જન્મ્યા હોવા જોઈએ. ઉપરાંત નિમ્બાર્કે કે એના શિષ્ય, શ્રીનિવાસદાસે શંકરાચાર્યના માયાવાદનું ખાસ ખંડન કર્યું નથી, પણ શ્રીનિવાસદાસના પુત્ર પુરૂષોત્તમાચાર્યે માયાવાદનું ખંડન કર્યું છે. જો નિમ્બાર્ક રામાનુજ પછી થયા હોત તો તે પણ રામાનુજ પેઠે જ માયાવાદનું ખંડન કરત !

---

3 वेदान्तपारिजातसौरभम्—ब्र. सू. १-३-८ પર ભાષ્ય.
૪ ડૉ. ભાંડારકર, Vaisnavism, S'aivism, etc. પૃ. ૬૨.

પણ નિમ્બાર્કની રાધા-પૂજા શ્રીકિશોરદાસની વિરૂદ્ધ મત આપવા આપણને પ્રેરે છે. રાધાના નામનો ઉલ્લેખ સુદ્ધાં હરિવંશ, વિષ્ણુપુરાણ કે ભાગવતપુરાણમાં મળતો નથી, તો પછી રાધાકૃષ્ણના પૂજક નિમ્બાર્કને પાંચમા-છઠ્ઠા શતક જેટલા વહેલા કાળમાં શા આધારે મૂકી શકાય? ગમે તેમ પણ, નિમ્બાર્ક રામાનુજ પછી થયા છે એ વાત યોગ્ય લાગે છે.

કેટલાક નિમ્બાર્કના મૂળ નામ ભાસ્કર પરથી ભેદાભેદવાદના આદ્યપ્રવર્તક અને બ્રહ્મસૂત્રના **ભેદાભેદ ભાષ્યના** કર્તા ભાસ્કરાચાર્ય એમ અનુમાન કરે છે. પણ ભાસ્કરાચાર્ય રાધાપૂજક નથી. તેમજ જો ભાસ્કરાચાર્ય અને નિમ્બાર્ક એક જ હોય તો **ભેદાભેદભાષ્ય** જેવો ગ્રન્થ રચી, બ્રહ્મસૂત્ર પરજ નાની શી વૃત્તિ લખવાની અનાવશ્યક પ્રવૃત્તિ શા માટે કરે?

નિમ્બાર્કાચાર્યના ગ્રન્થોમા માત્ર બ્રહ્મસૂત્રવૃત્તિ કે **વેદાન્તપારિજાતસૌરભ** અને **દશશ્લોકી** અથવા **સિદ્ધાન્તરત્ન** આ બેજ અત્યારે મળે છે. પોતાના મુખ્ય સિદ્ધાન્તોનું સરસ નિરૂપણ માત્ર દશ જ શ્લોકમા નિમ્બાર્કે કર્યું છે. આ ઉપરાંત, **કૃષ્ણરાજસ્તવ, ગુરૂપરમ્પરા, વેદાન્તતત્ત્વબોધ, વેદાન્તસિદ્ધાન્તપ્રદીપ, સ્વધર્માવબોધ** અને **ઐતિહ્યતત્ત્વસિદ્ધાન્ત**ના નિમ્બાર્ક કર્તા હોવાનુ કહેવાય છે. પણ આમાની એક્કેય કૃતિ હાલ ઉપલબ્ધ નથી. વળી સંપ્રદાયના અન્ય પુરૂષોએ અનેક ગ્રન્થો રચ્યા છે. દાખલા તરીકે, નિમ્બાર્કના શિષ્ય શ્રીનિવાસે **વેદાન્તપારિજાતસૌરભ** પર ભાષ્ય લખ્યુ છે, તેમ જ શ્રીનિવાસના શિષ્ય પુરૂષોત્તમાચાર્યે **દશશ્લોકી** પર **વેદાન્તરત્નમંજુષા** નામની ટીકા લખી છે. હરિવ્યાસદેવની **લઘુવેદાન્તરત્નમંજુષા** પણ ઉપલબ્ધ છે. ઉપરાંત, દેવાચાર્યનું **સિદ્ધાન્તજાહ્નવી**, તે પર સુંદરભટ્ટની સેતુ નામે ટીકા, તેમ જ પુરૂષોત્તમપ્રસાદનું **શ્રુત્યન્તસુરદ્રુમ** પણ મળે છે. બીજી અનેક સામ્પ્રદાયિક કૃતિઓ હજી અપ્રસિદ્ધ છે. નિમ્બાર્કમતના ગ્રન્થોમાં એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે કે એ મતના કોઈ પણ આચાર્યે ઇતરમતોનુ ખંડન કર્યુ નથી. માત્ર દેવાચાર્યના ગ્રન્થોમાં શાંકરમત પર આક્ષેપ નજરે પડે છે.

દ્વૈતાદ્વૈત અથવા ભેદાભેદના બે પ્રકાર છે. અભેદપ્રતિપાદક શ્રુતિઓની માફક ભેદપ્રતિપાદક શ્રુતિઓ પણ છે. શંકરાચાર્ય માને છે કે અભેદ એ જ સત્ય છે, પરમાર્થ છે; જ્યારે ભેદ માયિક છે, દેખીતો છે; એટલે વસ્તુતઃ ભેદ છે જ નહીં. પણ આ મતનું સમર્થન કરતાં શંકરાચાર્યને ભેદપ્રતિપાદક શ્રુતિઓના અર્થને ઠીક પ્રમાણમાં મરોડવો પડે છે. કારણ કે કાર્ય તથા કારણનો ભેદ તથા અભેદ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. બ્રહ્મ, જગતનુ કારણ, કાર્ય જગતમાં ગુથાએલુ માલમ પડે છે. બન્ને સત્ય છે. નામરૂપ ઉપાધિને લીધે ભેદ અને એ ઉપાધિઓને ન ગણકારીએ તો અભેદ. આ સિદ્ધાન્ત શ્રીભાસ્કરભટ્ટે પ્રતિપાદન કર્યો છે. મતલબ કે ભાસ્કરાચાર્ય **ઔપાધિક ભેદાભેદ**માં માને છે. આ ભેદાભેદનો એક પ્રકાર. ભાસ્કરાચાર્ય નિમ્બાર્કના લગભગ સમકાલીન હતા શંકરાચાર્ય પર અંગત આક્ષેપો કર્યા સિવાય તેમનુ માયાવાદનું ખંડન ઘણુ સરળ અને ચમત્કારિક છે.

ભેદાભેદનો બીજો પ્રકાર શ્રીનિમ્બાર્કાચાર્યનો સ્વાભાવિક ભેદાભેદવાદ. જડ જગત, જીવ, અને બ્રહ્મ વસ્તુતઃ ભિન્ન છે, છતાં જગત તેમજ જીવનાં સ્વરૂપ, ઉત્પત્તિ સ્થિતિ, લય, પ્રવૃત્તિ સર્વથા ઈશ્વર પર જ અવલંબે છે. "ઔપાધિક ભેદાભેદમાં ઉપાધિવડે પરમેશ્વરનો ભેદ જણાવવામાં ભેદનું માયિકરૂપ જાણ્યેઅજાણ્યે ઉભું થાય છે અને માયાવાદ બળાત્કારથી સ્વીકારવો પડે છે." પણ સ્વાભાવિક ભેદાભેદમાં બ્રહ્મનો જગત અને જીવ અથવા ચેતન અને અચેતનથી સ્પષ્ટભેદ હોવાથી માયાવાદ બહુ સરળતાથી તેમ જ સહેલાઈથી અવગણી શકાય છે. બ્રહ્મ એ ચેતન અને અચેતન બન્નેમાં રહેલું–છૂપાયલું તત્ત્વ છે, "એ સર્વનું નિયામક છે, સર્વમાં વ્યાપક છે, સ્વતંત્ર અસ્તિત્વવાળું છે, સર્વનો આધાર છે; અને જડ અને અજડ તે બ્રહ્મવડે નિયમમાં રહે છે. બ્રહ્મ વડે વ્યાપ્ત છે, બ્રહ્મને અધીન છે અને બ્રહ્મમાં આધેયરૂપે રહે છે. બ્રહ્મરૂપ વસ્તુ આ પ્રકારે ચેતન અને અચેતન વર્ગના સર્વભેદોને પોતાનાં પેટમાં સમાવી રહેલું છે."[५]

અચિન્ત્ય, અનન્ત શક્તિવાળા બ્રહ્મની ઇચ્છા – સંકલ્પમાત્રથી આ જગતની ઉત્પત્તિ થાય છે. બ્રહ્મસૂત્રમાં કહેલું બ્રહ્મ જગતનું અભિન્નનિમિત્તોપાદાન કારણ છે એ મત નિમ્બાર્કને સર્વથા માન્ય છે. એ કહે છે કે "સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત થએલા અને પોતપોતાની સ્વાભાવિક શક્તિ જેમાં રહી છે એવા ચેતન અને અચેતન પદાર્થોને બ્રહ્મ પોતાની શક્તિથી પ્રકટ કરે છે માટે એ એનું ઉપાદાન કારણ છે અને પોતપોતાના અનાદિકર્મસંસ્કારને વશ થએલ તથા સ્મૃતિ અત્યન્ત સંકુચિત હોવાથી જ્ઞાન માટે અયોગ્ય જીવોને કર્મના ફળ ભોગવવા યોગ્ય જ્ઞાન આપીને, તે તે કર્મના ફળરૂપ તે તે ભોગના સાધનો સાથે જીવોનો સંયોગ ઈશ્વર કરી આપે છે માટે એ નિમિત્ત કારણ છે."[६]

જીવનું સ્વરૂપ વર્ણવતાં એ કહે છે કે "જીવ જ્ઞાનસ્વરૂપ, સ્વયંજ્યોતિ, ચૈતન્યરૂપ, અણુ, જ્ઞાતા, કર્તા, ભોક્તા હરિને અધીન, શરીરના સંયોગવિયોગયોગ્ય અને જુદા જુદા દેહોમાં ભિન્ન છે. આ જીવનું સ્વરૂપ અનાદિ માયાથી વીંટાયેલું છે એટલે એ ઓળખી શકાતું નથી. પણ કેટલાક ભક્તો ભગવત્કૃપાથી એને જાણી શકે છે. જીવોના ત્રણ ભેદ છે. બદ્ધ, મુક્ત, અને બદ્ધમુક્ત"[७].

જીવની આ ત્રણ શ્રેણિનો વિસ્તાર પુરુષોત્તમાચાર્યે વેદાન્તરત્નમંજુષામાં કર્યો છે. બદ્ધના બે પ્રકાર હોવાનું ટીકાકાર કહે છે, એક બુભુક્ષુ એટલે ભોગની ઇચ્છા રાખનાર, બીજો મુમુક્ષુ એટલે મોક્ષની ઇચ્છા રાખનાર. મુમુક્ષુના બે ભેદ છે, એક વર્ગ ભગવદ્ભાવાપત્તિરૂપ મોક્ષની ઇચ્છા રાખે છે, જ્યારે બીજો વર્ગ નિજસ્વરૂપપ્રાપ્તિની આકાંક્ષા રાખે છે. વળી બુભુક્ષુ જીવો પણ બે પ્રકારના હોય છે; જેઓ ભવિષ્યમાં શ્રેય મેળવવા ઇચ્છે છે અને તે માટે પ્રયત્ન કરે છે; વળી બીજા કેટલાક નિત્યસંસારી અવ-

---

૫ ન. દે. મહેતા હિન્દતત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ઉત્તરાર્ધ, પૃ. ૧૮૮–૧૮૯.

६ सिद्धान्तरत्नमंजुषा. श्लो. १.

७ दशश्लोकी. श्लो. १. २.

ज्ञानस्वरूपं च हरेरधीनं शरीरसंयोगवियोगयोग्यम्।
अणुं हि जीवं प्रतिदेहभिन्नं ज्ञातृत्ववन्तं यदनन्तमाहुः॥
अनादिमायापरियुक्तरूपं त्वेनं विदुर्वै भगवत्प्रसादात्।
मुक्तं च बद्धं किल बद्धमुक्तं प्रभेदबाहुल्यमथापि बोध्यम्॥

સ્થામાં જ રહે છે. તેમની આંખો દુન્યવી આનંદની પર કંઈ અલૌકિક આનંદ છે એવું જોઈ શકતી જ નથી અને તુચ્છવિષયવાસનાઓમાં કીડાની જેમ આનંદ માણતાં તેઓ સદાય જન્મમરણરૂપ સંસારની ઘટમાળમાં આંટા માર્યા કરે છે. બીજા, મુક્ત જીવો, જે બે પ્રકારના છે: મુક્ત અને નિત્યમુક્ત. ભગવાનની કૃપાથી જે જીવો સંસારમાંથી મુક્ત થાય છે એ મુક્ત જીવો, અને ભગવાનનાં અલંકારો, દાખલા તરીકે, કુંડલ, કિરિટ વિગેરે તેમજ ભગવાનના પાર્ષદો જેવા કે નારદ, ગરૂડ, વિષ્વક્સેન એ બધા નિત્યમુક્ત જીવો છે. મુક્ત જીવોમાંથી કેટલાક ભગવદ્ભાવ પામે છે જ્યારે બીજા પોતાના સ્વરૂપાનુભવમાં જ સંતોષ માને છે.

જડની વ્યવસ્થા નિમ્બાર્કે દશશ્લોકીના ત્રીજા શ્લોકમાં આપી છે. "અચેતન જડ ત્રણ પ્રકારનું છે: (૧) અપ્રાકૃત–પ્રકૃતિમાંથી ન ઉત્પન્ન થએલું, (૨) પ્રાકૃત–પ્રકૃતિમાંથી ઉત્પન્ન થએલુ અને (૩) કાળસ્વરૂપ. પ્રાકૃતને માયા અથવા પ્રધાન પણ કહેવામાં આવે છે. અને તેમાં શુકલ લોહિત અને કૃષ્ણ અને સત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણ ભેદો છે."[८]

ઉપર્યુક્ત પ્રાકૃત અચેતનમાં સમસ્ત જડસૃષ્ટિનો સમાવેશ થાય છે. પુરાણોના સાંખ્ય તેમજ ભૂગોળના વર્ણનોને જ આ જડસૃષ્ટિની ઉત્પત્તિ, વિસ્તાર, લય વિગેરે અનુસરે છે કાળ અચેતનનો વિસ્તાર વગેરે પણ પુરાણોની પેઠે જ વર્ણવ્યો છે. અને બાકી રહેલા ત્રીજા અચેતન એટલે અપ્રાકૃત અચેતન વિષે ટીકાકાર કહે છે કે ભગવાનના દિવ્ય ધામમા નગર, રસ્તા, ગૃહ, આયુધ વિગેરે જે વસ્તુઓ છે તેનો આ પ્રકારમાં સમાવેશ થાય છે. તે સર્વેની ઉત્પત્તિ પ્રકૃતિમાંથી નથી તેમ જ તેમનાં સ્થિતિ, લય વિગેરે પ્રકૃતિના નિયમોથી પર છે. તે જ્યોતિઃ સ્વરૂપ છે અને ભગવાન્ અને નિત્યમુક્ત જીવોના ઉપભોગાર્થે જ તેમનુ અસ્તિત્વ છે. તે દિવ્ય છે, અનાદિ છે, નિત્ય છે; તેમની ઉત્પત્તિ ભગવાનના સંકલ્પને જ વશ છે. સૃષ્ટિના પ્રલય વખતે આ જડસૃષ્ટિનો પણ બ્રહ્મમાં જ લય થાય છે.

પરમાત્માનું સ્વરૂપ: જગતના કારણભૂત બ્રહ્મની સ્તુતિ કરતાં નિમ્બાર્ક કહે છે કે "સ્વતઃ જેમાં કોઈ પણ દોષ નથી, જે સર્વકલ્યાણગુણોના રાશિ છે, એવા વ્યૂહોના અંગી, વરેણ્ય, કમલનેત્ર, પરબ્રહ્મ, હરિ, શ્રીકૃષ્ણોનુ અમે ધ્યાન ધરીએ છીએ."[९]

બ્રહ્મ સર્વશક્તિમાન્ સગુણભાવવાન્ તથા નિર્વિકાર હોવા છતાં જગત રૂપે પરિણમે છે પરંતુ તે નિર્ગુણ, જગદતીત જ રહે છે. પ્રલય વખતે જગત બ્રહ્મમાં સમેટાઈ જાય છે છતાં તેમાં કંઈ વિકાર થતો નથી. આ રીતે ગુણ અને ગુણિન્ કિંવા અંશ તથા અંશિન્નો અભેદ છે. ટુંકાણમાં, સ્વરૂપતઃ નિર્ગુણ બ્રહ્મ સૃષ્ટિકારણરૂપે સગુણ બને છે અને આ સગુણ બ્રહ્મ એ જ શ્રીકૃષ્ણ.

---

८ दशश्लोकी. श्लो. ३.

अप्राकृत प्राकृतरूपकं च कालस्वरूप तदचेतन मतम् ।
मायाप्रधानादिपदप्रवाच्य शुक्लादिभेदाश्च समेऽपि तत्र ॥

९ दशश्लोकी. श्लो. ४

स्वभावतोऽपास्तसमस्तदोषमशेषकल्याणगुणैकराशिम् ।
व्यूहाङ्गिनं ब्रह्म परं वरेण्यं ध्यायेम कृष्णं कमलेक्षणं हरिम् ॥

રામાનુજમતની માફક આ સંપ્રદાયમાં પણ ભગવાનને સર્વકલ્યાણગુણોના રાશિ કહ્યા છે. કલ્યાણગુણોમાં જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય, તેજ, સૌશીલ્ય, વાત્સલ્ય, આર્જવ, સૌહાર્દ, સ્થૈર્ય, સામ્ય, કારુણ્ય, ગાંભીર્ય, ઔદાર્ય, શૌર્ય, પરાક્રમ વિગેરે અનન્ત ગુણો નિરતિશયરૂપમાં ગણાવ્યા છે. આ ગુણો અપ્રાકૃત છે, દિવ્ય છે. કૃષ્ણ વ્યૂહોના અંગી છે એટલે કે વ્યૂહો એનાં અંગો કિંવા મૂર્તિઓ છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચાર વ્યૂહો ઉપરાંત કેશવ, ગોવિંદ વિગેરે બાર નામો તેમ જ મત્સ્ય, કૂર્મ વિગેરે અવતારો પણ વ્યૂહમાં જ ગણ્યા છે. અવતાર ત્રણ જાતના છે: ગુણાવતાર (બ્રહ્મા, રુદ્ર, વિગેરે); પુરુષાવતાર (સમષ્ટિ વ્યષ્ટિના અંતર્યામીઓ); અને લીલાવતાર (કૂર્મ, મત્સ્ય, વિગેરે). લીલાવતાર બે જાતના છે: આવેશાવતાર એટલે કે ભગવાનનો કોઈ ભક્તના શરીરમાં પ્રવેશ (નર, નારાયણ કપિલ વિગેરે); અને સ્વરૂપાવતાર. સ્વરૂપાવતાર અંશાવતાર હોય કાં તો પૂર્ણાવતાર હોય. નૃસિંહ, દાશરથી રામ, અને કૃષ્ણ એ પૂર્ણાવતારના દૃષ્ટાન્તો છે, જ્યારે ઇતર અવતારોને અંશાવતારો માન્યા છે.

વળી કૃષ્ણ સર્વદોષરહિત છે, એમ પણ કહ્યું છે. દોષ એટલે પાતંજલયોગમાં વર્ણવેલા, જીવને અવરોધતાં તત્વો: ક્લેશ, કર્મ, વિપાક અને આશય.

નિમ્બાર્કમતમાં કૃષ્ણ એકલા ઉપાસ્ય દેવ નથી. "આ પરમદેવ કૃષ્ણના ડાબા અંગમાં આનંદથી વિરાજતી દેવી વૃષભાનુજા – રાધાનું અમે સ્મરણ કરીએ છીએ, જે કૃષ્ણનાં જેવાં જ સૌંદર્યવાળી, હજારો સખીઓથી વીંટાયેલી અને સર્વકામનાઓને પૂર્ણ કરનારી છે."[10]

પુરુષોત્તમાચાર્ય આ શ્લોકની ટીકામાં રાધા સાથે લક્ષ્મી તેમ જ સત્યભામા બંનેનું સૂચન છે એમ ઘટાવવા માગે છે. વૈષ્ણવસંપ્રદાયમાં રાધાપૂજાનો પ્રચાર નિમ્બાર્કથી જ થયો છે. તે પહેલાં કૃષ્ણની પત્ની તરીકે લક્ષ્મીનો ઉલ્લેખ થતો, પણ રાધાને કૃષ્ણની વલ્લભાનું સ્થાન તો નિમ્બાર્કે જ આપ્યું. છતાં પુષ્ટિ સમ્પ્રદાયમાં જે શૃઙ્ગારભક્તિ નજરે ચઢે છે તે અહીં જણાતી નથી. આમાં તો માત્ર પ્રેમભાવે ઉપાસનાનો જ આદર્શ છે અને કૃષ્ણ સાથે રાધાનો યોગ જ નિમ્બાર્કને પાંચમા – છઠ્ઠા શતક જેટલા જૂના કાળમાં મૂકવાની વિરૂદ્ધ જાય છે, એ આપણે જોયું.

કૃષ્ણની રાધાસહિત અને ટીકાકારના મતે સત્યભામા – રૂક્મિણી સહિત ઉપાસના એ જ મનુષ્ય જીવનાનું પરમધ્યેય. નિમ્બાર્ક ઉપદેશે છે કે "મનુષ્યોએ અજ્ઞાનરૂપી અન્ધકારના સંબંધનો નાશ કરવા માટે હમેશા ઉપર્યુક્ત પુરુષોત્તમની ઉપાસના કરવી જોઈએ." અને આ માર્ગની નિશ્ચિતતાની ખાત્રી આપતાં એ કહે છે કે "સનન્દન વિગેરે મહામુનિઓએ જ સર્વતત્ત્વોના સાક્ષી નારદને પરમ પ્રાપ્તિ અર્થે આ દિશા સૂઝાડી હતી."[11]

આ શ્લોકમાં સમ્પ્રદાયની પરમ્પરા વિવક્ષિત છે. છાન્દોગ્યઉપનિષદ્‌ની જેમ સનત્કુમાર પાસેથી નારદ બ્રહ્મવિદ્યા શીખે છે અને ટીકાકાર ઉમેરે છે કે નારદે જ નિમ્બાર્કને એનો ઉપદેશ કરેલો. મહાભારતના નારાયણીય પર્વમાં નારાયણ નારદને પાઞ્ચરાત્ર

१० दशश्लोकी. श्लो. ५.

अङ्गे तु वामे वृषभानुजां मुदा विराजमानामनुरूपसौभगाम् ।
सखीसहस्रैः परिसेवितां सदा स्मरेम देवीं सकलेष्टकामदाम् ॥

११ दशश्लोकी. श्लो ६.

उपासनीयं नितरां जनैः सदा प्रहाणयेऽज्ञानतमोऽनुवृत्तेः ।
सनन्दनाद्यैर्मुनिभिस्तथोक्तं श्रीनारदायाखिलतत्त्वसाक्षिणे ॥

સિદ્ધાન્તનો ઉપદેશ કરે છે. તદનુસાર, ટીકાકાર નારદને પાઞ્ચરાત્ર પ્રવર્તક કહે છે, કારણ સ્વયં ભગવાને જ એ કામ નારદને સોંપ્યું હતું.

વળી પોતાના ભેદાભેદવાદની વિશિષ્ટતા બતાવતાં, નિમ્બાર્ક બ્રહ્માત્મૈક્યની યથાર્થતા નીચે પ્રમાણે સિદ્ધ કરે છેઃ–

"શ્રુતિ અને સ્મૃતિ પ્રમાણે સર્વ વસ્તુઓ બ્રહ્માત્મક હોવાથી બ્રહ્મ જ સર્વ છે; એ વિજ્ઞાન યથાર્થ છે. વેદ જાણનારાઓનો પણ એ જ મત છે. વળી સર્વ પદાર્થોનું ત્રિરૂપપણું પણ શ્રુતિ અને સૂત્રથી સિદ્ધ છે, માટે એ પણ યથાર્થ છે."[૧૨]

બ્રહ્મ સર્વે વસ્તુમાં અન્તર્ગત છે, વ્યાપક છે, નિયન્તા છે, દરેક વસ્તુ જે રીતે છે તેનું કારણ પણ બ્રહ્મ છે, તેનો નાશ પણ બ્રહ્મને આધીન છે અને એટલે જ શ્રુતિ કહે છે કે सर्वं खलु इदं यद्ब्रह्म । છતાં પણ ભોક્તા, ભોગ્ય અને નિયન્તા, એ ત્રણ પદાર્થો વસ્તુતઃ જુદા છે; આપણે તેમને જુદા જોઈએ છીએ; ઓળખીએ છીએ. આ હકીકત સિદ્ધ કરતી શ્રુતિઓ મળે છે, તેમ જ બાદરાયણના સૂત્રો પણ એ જ વસ્તુ ઘટાવે છે. માટે અભેદ સત્ય છે તેમ ભેદ પણ સત્ય છે. માત્ર અભેદની જ સત્યતા માની ભેદનાં માયિત્વ કે કાલ્પનિકતા સ્વીકારવાની આવશ્યકતા નિમ્બાર્કને નથી લાગતી. જગત અને તેની પર રહેલાં પરમાર્થતત્ત્વને વાસ્તવદર્શીની આંખે જોઈ, તે બન્ને જ ખરાં છે એમ આચાર્ય કહે છે.

બ્રહ્મારૂદ્ર જેવા દેવોને દુર્લભ પરમદેવ માત્ર અંતઃકરણની ભક્તિ અને પ્રપત્તિથી સુપ્રાપ્ય છે. ભક્તિ સિવાય બીજી ગતિ પણ નથી. "બ્રહ્મા અને શિવથી વન્દિત કૃષ્ણના પદારવિન્દ સિવાય બીજો એકેય મોક્ષનો માર્ગ નથી. ભક્તની ઇચ્છાને વશવર્તી કૃષ્ણ ધ્યાનસુલભ રૂપ ધારણ કરે છે, છતાં એની શક્તિ અચિન્ત્ય છે, એનું તત્ત્વ દુર્જ્ઞેય છે."[૧૩]

અચિન્ત્યશક્તિના અધિષ્ઠાતા દેવ ભક્ત ખાતર ગમે તે રૂપ ધારણ કરે છે તે તેનાં વાત્સલ્ય, કરુણા, દયા વિગેરે ગુણોને લીધે. માત્ર ભક્તિ, નિર્મલ શુદ્ધ હૃદયની ભક્તિ જ પરમાત્મપ્રાપ્તિ માટે આવશ્યક છે. ટીકાકાર આ ભક્તિ અને પરમપ્રાપ્યના પ્રયત્નોમાં–દરેક સમ્પ્રદાયની રીત અનુસાર, ગુરુસમ્બન્ધને પણ સ્થાન આપે છે. ગુરુને શરણે જઈ, તેની પાસેથી ધ્યેયપ્રાપ્ત્યર્થે જરૂરી જ્ઞાન લેવું એ જ પ્રભુ પામવાનો સહેલો ઉપાય છે.

આવી ભક્તિની વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છેઃ "જેનામાં દૈન્ય વિગેરે ગુણો હોય છે તેના પર પરમાત્માની કૃપા થાય છે, અને એ કૃપાથી જ અનન્ય અધિપતિ મહાત્માની પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થાય છે. એ ભક્તિ દ્વિવિધ છે, એક સાધનરૂપ, બીજી પરા અથવા ફળરૂપ."[૧૪]

---

૧૨ दशश्लोकी. श्लो. ७

सर्वं हि विज्ञानमतो यथार्थकं श्रुतिस्मृतिभ्यो निखिलस्य वस्तुनः ।
ब्रह्मात्मकत्वादिति वेदविन्मतं त्रिरूपताऽपि श्रुतिसूत्रसाधिता ॥

१३ दशश्लोकी. श्लो. ८.

नान्या गतिः कृष्णपदारविन्दात्सन्दृश्यते ब्रह्मशिवादिवन्दितात् ।
भक्तेच्छयोपात्तसुचिन्त्यविग्रहादचिन्त्यशक्तेरविचिन्त्यसाशयात् ॥

१४ दशश्लोकी. श्लो. ९.

कृपास्य दैन्यादियुजि प्रजायते यया भवेत्प्रेमविशेषलक्षणा ।
भक्तिर्ह्यनन्याधिपतेर्महात्मनः सा चोत्तमा साधनरूपिकाऽपरा ॥

લગભગ દરેક સમ્પ્રદાયની માફક આ સમ્પ્રદાયમાં પણ ભક્તિના બે પ્રકાર ગણાવ્યા છે અને એ ભક્તિ માત્ર ભગવત્કૃપાથી જ સંભવે છે. દૈન્યગુણશાલી એટલે કે વિનમ્ર મનુષ્યને ભક્તિયોગ્ય ગણી ભગવાન જ પોતે—અનુગ્રહથી કહો કે દયાથી કહો—ચૂંટી કાઢે છે. પરમાત્માના આ વરણની વાત તો છેક ઉપનિષદ્કાળ જેટલી જૂની છે. એટલે સાધનોના ગર્વનો ત્યાગ અને શરણાગતિ એ જ પ્રપત્તિ. રામાનુજસમ્પ્રદાયના જ પ્રપત્તિના છ પ્રકાર[15] અહીં ગણાવ્યા છે. છતાં આ ભક્તિ—પ્રપત્તિમાં કંઈ ફળની અભિલાષા રાખવાનું નથી કહ્યું. નિષ્કામ ભગવત્સેવા એ જ ભક્તિ. અનેક જન્મોના સંચિત પુણ્યના ફળરૂપ ભક્તિને સાધનરૂપ ભક્તિ કહે છે. સાધનરૂપ ભક્તિ બે પ્રકારની છે, વૈદિક અને પૌરાણિક. વેદમાં ઉપદેશેલી મધુવિદ્યા, શાણ્ડિલ્યવિદ્યા આદિ વિદ્યાઓના અનુષ્ઠાનરૂપ ભક્તિને વૈદિક ભક્તિને નામે ઓળખાવવામાં આવે છે. બ્રહ્મજિજ્ઞાસાધિકારી એક પછી એક એમ નીચે ગણાવેલી કોટિમાંથી પસાર થાય છે. (१) वेदाध्ययन, (२) कर्मफलविचार, (३) कर्ममीमांसा, (४) कर्मनिरादर, (५) गुणश्रवण, (६) सद्गुरुश्रवण, (७) भक्ति, (८) प्रसाद અથવા दर्शन. એટલે જીજ્ઞાસુને વેદાધ્યયન પછી કર્મફલના વિચારનો આરંભ શરૂ થાય છે. ધર્મ જાણવાની આકાંક્ષા રાખતો એ મનુષ્ય કર્મની મીમાંસા કરે છે, અને કર્મફળ અનશ્વર માની તે જ કર્મનો નિરાદર કરવા પ્રેરાય છે, ત્યારે જ મુમુક્ષુ ભગવાનના ગુણના શ્રવણકીર્તન પ્રત્યે આકર્ષાય છે અને ભગવાનની પ્રસન્નતા કે એના દર્શન કરવાની ઇચ્છાથી સદ્ગુરુને શરણે જાય છે ને ભક્તિપૂર્વક અચિન્ત્યશક્તિ, બ્રહ્મશબ્દ વાચ્ય પુરૂષોત્તમનું જ્ઞાન મેળવે છે. આ ભક્તિના ઉદય પછી જ બ્રહ્મમીમાંસાનો અધિકાર પ્રાપ્ત થાય છે. વેદનો અભ્યાસ શૂદ્રોને નિષિદ્ધ હોઈ, સ્વાભાવિક રીતે જ આ પ્રકારની ભક્તિનો અધિકાર ઉપલા ત્રણ વર્ણોનો જ છે. જ્યારે બીજા પ્રકારની પૌરાણિક, એટલે કે પુરાણોમાં વર્ણવ્યા પ્રમાણે ભગવાનની આરાધના શૂદ્રોને સાધ્ય છે.

આથી ભિન્ન ફળરૂપ ભક્તિ ભગવાનના અનુગ્રહનું પરિણામ છે. શાસ્ત્રોક્ત ઈશ્વરના આદેશને અનુસરતા મનુષ્ય પર ઈશ્વર સ્વેચ્છાએ જ પોતાની કૃપાનો કળશ ઢોળે છે, અને સહજ આત્મજ્ઞાન મેળવી ઈશ્વરનો દાસ—ભક્ત બની રહે છે જેવી રીતે સામાન્ય મનુષ્ય સદાય પોતાનું ચિત્ત દુન્યવી વસ્તુઓમાં પરોવેલું રાખે છે. તેવી રીતે ભક્તનું ચિત્ત પળેપળે અને ક્ષણેક્ષણે ઈશ્વરનાં ગુણરૂપ આદિનું જ ચિંતન કર્યા કરે છે. બીજી દરેક વસ્તુ તેને તુચ્છ અને અસાર લાગે છે. આ ફલરૂપ પ્રેમલક્ષણા ભક્તિનું લક્ષણ.

નિમ્બાર્કમતે નિમ્નોક્ત પાંચ જ્ઞેય અર્થો છે. "ઉપાસ્યનું રૂપ, ઉપાસકનું રૂપ, કૃપાનું ફળ, ભક્તિનું રૂપ અને ભગવત્પ્રાપ્તિમાં વિરોધી ભાવોનું સ્વરૂપ."[16]

ઉપાસ્ય, ઉપાસક અને ભક્તિનાં રૂપ તો જોયાં. હવે બાકી રહ્યાં કૃપાનું ફળ અર્થાત્ મોક્ષ તેમ જ વિરોધીભાવોનું સ્વરૂપ.

१५　आनुकूल्यस्य संकल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासः गोप्तृत्ववरण तथा ।
आत्मनिक्षेपकार्पण्ये षड्विधा शरणागतिः ॥

१६ दशश्लोकी. श्लो. १०.
उपास्यरूपं तदुपासकस्य च कृपाफलं भक्तिरसस्ततः परम् ।
विरोधिनो रूपमथैतदाप्तेर्ज्ञेया इमेऽर्था अपि पञ्च साधुभिः ॥

નિમ્બાર્કસમ્પ્રદાયમાં મોક્ષ એટલે સર્વકર્મનો નાશ અને અવિદ્યાનિવૃત્તિ. પછી સતત ભગવાનના સ્વરૂપનો અનુભવ. આ સમ્પ્રદાયમાં ઈશ્વર સાથે ઐક્યનો સભવ જ નથી. આ સ્વરૂપાનુભવ એટલે જ ભગવદ્ભાવાપત્તિ, સાયુજ્ય અથવા સામ્યરૂપ મુક્તિ.

ભગવત્પ્રાપ્તિના વિરોધી ભાવોમા ટીકાકારે નીચે નોંધેલા ગણાવ્યા છે. દેહ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ ઇત્યાદિ અનાત્માને આત્મા તરીકે માનવા; શ્રુતિ, સ્મૃતિ, વિગેરેમા કહેલા ભગવાનના આદેશોનુ ઉલ્લઘન; અસત્શાસ્ત્રની અભિલાષા, અન્ય દેવોનું અર્ચન, પૂજન, વંદન, વિ૦; પોતે સ્વતંત્ર છે એવી ભાવના, અહકાર, મમત્વ, ગુરુમાં અવિશ્વાસ વિગેરે. આ બધી મનુષ્યસ્વભાવની દુષ્ટવૃત્તિઓ શત્રુવત્ વર્તી, તેના આધ્યાત્મિક વિકાસને અવ રોધકર્તા નીવડે છે, અને પરમપ્રાપ્તવ્ય પ્રત્યે દોરનાર માર્ગને રૂધી લે છે

નિમ્બાર્કમતને રામાનુજના મત સાથે સરખાવતા ઘણુ સામ્ય માલમ પડે છે. બે મતો વચ્ચે તફાવત માત્ર એટલો જ છે કે રામાનુજની ભક્તિ ધ્યાનપ્રધાન–ઉપાસના-પ્રધાન છે. જ્યારે નિમ્બાર્કની ભક્તિમા–ઉપાસનામા પ્રેમનો અશ નજરે પડે છે. રામાનુજ કૃષ્ણ સહિત શ્રી-ભૂ-લીલાને પૂજે છે, જ્યારે નિમ્બાર્ક રાધાકૃષ્ણની ભક્તિ ઉપદેશે છે.

નિમ્બાર્કનો જન્મ જો કે દક્ષિણમા થયો હતો છતાં તેમણે પોતાનો વાસ મોટે ભાગે મથુરા–વૃન્દાવનમાં રાખ્યો હતો. અને તેમની રાધાપૂજા તેમના વૃન્દાવનવાસનેજ આભારી છે. નિમ્બાર્કસમ્પ્રદાયની ગાદીઓ યમુના નદીને કિનારે ધ્રુવ ક્ષેત્રમા છે. તે મતના અનુયાયીઓ પણ મોટેભાગે ઉત્તર તથા પશ્ચિમ હિંદુસ્થાનમા તેમ જ થોડા પ્રમાણમાં બંગાળામાં મળે પડે છે. તેઓ કપાળમાં ગોપીચન્દનની બે સીધી લીટીઓ વચ્ચે કાળો ચાદલો કરે છે, તુલસીની કઠી પહેરે છે અને રાધાકૃષ્ણના નામનો જપ કરે છે.

નિમ્બાર્ક મતની બે શ્રેણિઓ છે–એક વિરક્ત, બીજી ગૃહસ્થ. તેમના પછી આશરે બસ્સો એક વર્ષે આ બે ફાટાઓ પડ્યા છે. વિરક્તશ્રેણિના આચાર્ય કેશવભટ્ટ થઈ ગયા અને ગૃહસ્થશ્રેણિના હરિવ્યાસદેવ.

વળી હરિવ્યાસમુનિ નામના આ સમ્પ્રદાયના એક સંગીતવિદ–જે અકબરના દરબારમા પ્રસિદ્ધ તાનસેનના ગુરુ ગણાય છે–તેણે હરિદાસી કે ટટ્ટીપંથ ચલાવ્યો છે. આ પંથનું મદિર વૃન્દાવનમા છે, જ્યાં નિમ્બાર્કસમ્પ્રદાયનુ પણ મુખ્ય મદિર છે વ્રજભૂમિ સિવાય બીજે ક્યાય પણ પડેલા આ સપ્રદાયનો પ્રચાર ન હોય એ સભવિત છે કારણ કે સર્વદર્શનસગ્રહમા નિમ્બાર્કમતનો સાર નથી જ્યારે તેની પછી થએલા મધ્વાચાર્યના દર્શનનું ટુંક વિવેચન તેમા છે

નિમ્બાર્કમતની વિશિષ્ટતા તો એ કે તેને એકેય મત કે સમ્પ્રદાય સાથે વિરોધ નથી. તેનુ દર્શન એટલુ વાસ્તવ અને સર્વગ્રાહી છે, કે દરેક મત સાથે તે સંમત થઈ શકે છે. તે દરેકની સત્યતામા માને છે, એટલે અનાવશ્યક ચર્ચા–દલીલને તેમાં સ્થાન જ નથી. સનાતન સત્ય તરિકે એક વાત સર્વદા બનતી આવી છે અને આવશે. કે બ્રહ્મ, તેના ભિન્નભિન્ન સ્વરૂપમા ધ્યાતાની વિશિષ્ટ અવસ્થા તથા ઉત્તરોત્તર વધતી-ઓછી પાત્રતા અનુસાર, તેને પ્રાપ્ત થયા કરશે.

*

डॉ. कत्रेनां विल्सन भाषाशास्त्रीय व्याख्यानो

सारसंग्राहक – श्रीयुत हरिवल्लभ भायाणी, एम्. ए.
[रीसर्च फेलो – भारतीय विद्या भवन]

*

[मुंबई युनिवर्सिटीना उपक्रम नीचे अपातां 'विल्सन भाषाशास्त्रीय व्याख्यानो' ('विल्सन फाईलोलॉजीकल लेक्चर्स') आ वरसे, पूनाना डेक्कन-कोलेज पोस्टग्रेज्युएट रिसर्च इन्स्टिट्युटना भारत-युरोपीय भाषाशास्त्रना प्रधान अध्यापक डॉ. एस्. एम्. कत्रेए आप्यां हतां. नीचे आपेलो विस्तृत सार, व्याख्यान दरमियान लीधेली नोंधो अने व्याख्याताए दरेक व्याख्यानने अंते वहेंचेला ते ते व्याख्यानना मुख्य मुद्दाओना टाईप-लेख परथी तैयार करवामां आव्यो छे. आया प्रयत्नमां स्पष्टता अने सळंगसूत्रता जाळववा माटे अनिवार्य गणीने केटलाक उडतो उल्लेख पामेला मुद्दाओनो जरूरजोगो विस्तार अने स्थळे स्थळे वीगतपूर्ति कर्यां छे.]

*

व्याख्यान पहेलुं – इतिहासलक्षी भाषाशास्त्रनो परिचय

पूर्वकार्य पर दृष्टिपात

आशरे चार सहस्राब्दी उपर विस्तरी रहेली भारतीय-आर्य भाषाओने ऐतिहासिक दृष्टिए त्रण युगमां विभक्त करी शकाय. पहेलो प्राचीन भारतीय-आर्य युग, वैदिक समयमा नित्यव्यवहारमां प्रचलित बोलीओ, ऋग्वेद, इतर वेदो ने ब्राह्मण ग्रंथोमां स्वरूपभेदे वपराएली प्राचीन साहित्यभाषा अने पाणिनि-व्याकरणने अनुसरती काव्य-नाट्यादिनी शिष्टकालीन ('क्लासिकल') संस्कृत;—ए सौने आवरी ले छे. आ युगना भाषा अने साहित्यना अभ्यासथी ज पश्चिमना विद्वानोए प्राचीन भारतीय संस्कृतिनो परिचय मेळववानी शरूआत करी. तेमना अभ्यासनुं भाषाशास्त्रीय महत्त्ववाळुं प्रथम फळ ते बोथलीङ्क ने रोथ कृत "संस्कृत अभिधानकोश" ['संस्कृत वोर्टेर्बुख'] (इ. स. १८५५–७५). आ पछी इ. स. १८७९ मां व्हीट्नीनुं संस्कृत व्याकरण प्रसिद्ध थयुं. प्राचीन भारतीय-आर्यना व्याकरणी अभ्यासना परिपक्व फळ तरीके, त्यार पछी सत्तर वरसे, भारतीय-आर्यनो भारत-युरोपीय संबंध लक्षमां राखी, सूक्ष्मतम मुद्दाओने गणतरीमा लई, सर्वस्पर्शी चर्चा करतुं, मुख्यत्वे वैदिक भाषानुं शास्त्रीय व्याकरण, वाकरनागले प्रसिद्ध करवानो आरंभ कर्यो. ए 'प्राचीन-भारतीय व्याकरण' ('आल्टिन्डीशे ग्रामाटिक')नो पहेलो ग्रंथ तथा बीजा ग्रंथनो एक भाग, अनुक्रमे इ. स. १८९६ अने इ. स. १९०५ मां

प्रसिद्ध थया; ज्यारे त्रीजो भाग डेब्रुनरना सहकर्तृत्व साथे ठेठ इ. स. १९३० मां बहार पड्यो. बाकी रहेला ग्रंथो पूरा करवा जेटलुं वाकरनागलनुं आयुष न रह्युं. दरमियान रेनु, डेलब्रुक, श्पाय्यर, ग्रास्मान, मैकडोनल, कीथ, ल्युस्स, बेल्वेल्कर वगेरेए प्राचीन भारतीय-आर्यना आभ्यासमां पोतानो फाळो आप्यो.

बीजा युगनी—एटले के मध्यकालीन भारतीय-आर्य भाषाओमां धार्मिक प्राकृत (पालि, अर्धमागधी, जैन महाराष्ट्री अने जैन शौरसेनी), उत्कीर्ण लेखोनी प्राकृत, साहित्यिक प्राकृत (काव्यनी महाराष्ट्री, कथानी पैशाची, तथा नाटक, व्याकरणग्रंथो अने इतर प्राकृत ने अपभ्रंश साहित्यमां उपयुक्त प्राकृतभेदो), भारतबाह्य प्राकृत (चीनाई तुर्कस्तानमांथी मळेला प्राकृत 'धम्मपद' अने बीजा प्राकृत ग्रंथोनी भाषा) अने छेल्ले 'लौकिक' संस्कृत (एटले के बौद्ध अने जैन ग्रंथकारोनुं तथा वीरचरित काव्योनुं, शिष्टमान्य धोरणनो भंग करतुं प्राकृत लक्षणोवाळुं 'संकर' संस्कृत)—ए सौनो समावेश थाय छे. आरंभमां विद्वानोए मध्यकालीन भारतीय-आर्य तरफ उपेक्षावृत्ति सेवेली; पण धीमे धीमे अभ्यासीओए तेना तरफ ध्यान आपवा मांड्युं अने इ. स. १९०० मां पीशलनु "प्राकृत भाषाओनुं व्याकरण" ['ग्रामाटिक डेर प्राकृत श्प्राख़ेन'] बहार पड्युं. पीशले आ ग्रंथमां पालिनो स्पर्श कर्यो नहोतो. ते काम गायगरे तेना "पालि-साहित्य अने भाषा" ['पालि—लिटेराटुर उन्ट श्प्राख़'] (१९१६) मां साध्युं. पछी जेम जेम प्राकृत अने अपभ्रश साहित्य प्रकाशमां आवतुं गयुं तेम तेम अभ्यासकोए मध्यकालीन भारतीय-आर्य तरफ विशेष लक्ष आपवा मांड्युं. तेमां सिल्वँा लेवी, याकोबी, प्रीन्त्स, ल्युडर्स, विन्डीश, ब्लूमफील्ड, एजर्टन, वैद्य, आल्सडोर्फ, श्रीमती नीती दोल्ची वगेरेनां नामो अग्रगण्य छे.

छेल्लो युग अर्वाचीन भारतीय-आर्यनो आवे छे. आमां उत्तर हिंदनी घणीखरी भाषाओने, सींहलीने अने युरोपना जुदा जुदा प्रदेशना जीप्सीओनी भाषाओने—तेमनी अपभ्रंशोत्तर (के तेथीये प्राचीन) काळथी मांडी अर्वाचीन समयसुधीनी भूमिकाओ साथे गणावी शकाय. शरूआतमां मीशनरीओए अर्वाचीन भाषाओनुं अध्ययन करवा मांड्युं, अने मोल्सवर्थनो मराठी-अंग्रेजी कोश (इ. स. १८५७) अने केटलांक व्याकरणो लखायां. आ आरंभकालीन अध्ययनोमां स्वाभाविक रीते ज भाषासामग्रीनी खोटी के ढीली पकड अने शास्त्रीय सूक्ष्मतानो अभाव होय. इसनी ओगणीशमी सदीना छेल्ला चरणने अर्वाचीन

भारतीय - आर्य भाषाओना आभ्यासनो खरो आरंभकाळ गणी शकाय. इ. स. १८७२, इ. स. १८७५ अने इ. स. १८७९ मां अनुक्रमे त्रण भागमां प्रसिद्ध थयेला "भारतनी अर्वाचीन आर्य भाषाओनुं तुलनात्मक व्याकरण" ('कम्पेरेटीव ग्रामर ओफ धी मोडर्न आर्यन लॅंग्वेजीज ओफ इन्डिया') ए बीम्सना ग्रंथे अर्वाचीन भारतीय - आर्यना तुलनात्मक व्याकरणनो पायो नाख्यो. आठ वरस पछी ते ज धाटीनुं हॉर्न्लेनुं "गौडी भाषाओनुं तुलनात्मक व्याकरण" ('कम्पेरेटीव ग्रामर ओफ धी गौडीयन लॅंग्वेजीज') लखायुं. दरमियान इ. स. १८७७ मां विल्सन भाषाशास्त्रीय व्याख्यानो आपनार सौथी पहेला विद्वान रामकृष्ण गोपाल भाण्डारकरे सात व्याख्यानोमां 'भारतीय - आर्य भाषाओना समग्र इतिहासनुं विहंगावलोकन करवानो प्रथम प्रयत्न कर्यो. पछीथी थएला संशोधनोना प्रकाशमां तेमनां घणां निर्णयो अने विधानो हवे पुनरवलोकन मागे तेवां छे, तो पण आ प्रकारना अभ्यासमां अणिशुद्ध शास्त्रीय पद्धति योजवानुं मान एमने घटे छे. ट्रम्प, केलोग वगेरेना छूटाछवाया प्रयत्नो पछी आ पेढीनी पूर्ति ग्रीअर्सन अने कोनोना सदा यादगार बनी रहे तेवा "भारतवर्षनुं भाषाकीय पर्यवेषण" ('लिङ्ग्वीस्टिक सर्वे ओफ इन्डिआ') [इ. स. १९०३ – २८]- थी थाय छे.

ब्लोख, टर्नर, टेसीटोरी वगेरेथी अर्वाचीन भारतीय - आर्यना अभ्यासमां नवी भूमिका आरंभाय छे. ब्लोखना एकविषयी शास्त्रग्रंथ ('मोनोग्राफ') "मराठी भाषानुं घडतर" ('ला फोर्मेश्यों द लॅंग मराथे') [इ. स. १९२०] मां अर्वाचीन भारतीय - आर्यना व्यक्तिगत शास्त्रीय अभ्यासनी पहेल थई. भारत - युरोपीय अने संस्कृतना अभ्यासमां जळवाएला शास्त्रीय धोरणे ए ग्रंथ तैयार थयो छे. आ ज धाटीए लखाएलो सुनीतिकुमार चेटरजीनो 'बंगाळी भाषानां मूळ अने विकास' ('ओरीजीन एन्ड डेवेलपमेन्ट ओफ धी बेंगाली लॅंग्वेज') ए विस्तृत पाण्डित्यपूर्ण ग्रंथ इ. स. १९२६ मां प्रकाशित थयो. जो ब्लोखे अर्वाचीन भारतीय - आर्यना व्यक्तिगत अभ्यासनी पहेल करी, तो टर्नरे तेना "नेपाळी भाषानो तुलनात्मक अने व्युत्पत्तिदर्शक शब्दकोश" ('ए कम्पेरेटीव एन्ड इटीमोलॉजीकल डिक्शनरी ओफ नेपाली लॅंग्वेज') [इ. स. १९३१] मां अर्वाचीन भारतीय-आर्यना तुलनात्मक कोशनी दिशामां प्रथम प्रशस्य शास्त्रीय प्रयास कर्यो. ए पछी त्रण वरसे ब्लोखनो ग्रंथ "भारतीय-आर्य: वेदथी मांडी

अर्वाचीन समय सुधी" ('लाँदो—आर्यनः द्यु वेद ओ ताँ मॉडर्न') आवे छे. आ सळंगसूत्र इतिहासने एक रीते भाण्डारकरना व्याख्यानोनी परिपूर्ति गणी शकाय. समग्र भारतीय अभ्यासना प्रदेशमां शुद्ध भाषाकीय अध्ययनोनो सर्वस्पर्शी इतिहास आनी अगाउ विन्डीशे तेना 'संस्कृत भाषा-साहित्यिक अभ्यासनो तथा भारतीय पुरातत्त्वशोधनो इतिहास' ('गेशिश्टे डेर संस्कृत-फीलोलोगी उन्ट् इन्डीशेन आल्टर्टुम्स्कुन्डे') [इ. स. १९१७] एमां आप्यो छे. अर्वाचीन भारतीय-आर्य क्षेत्रमां बीजा विद्वानोमा टर्नर, टेसीटोरी, ग्रीअर्सन, सिद्धेश्वर वर्मा, बनारसीदास जैन, बाबुराम सक्सेना वगेरेए काम कर्युं छे, तेमा सक्सेनानो बहुमूल्य ग्रंथ 'अवधीनो विकासक्रम' ('इवोल्युशन ओफ अवधी') [इ. स. १९३८] तेमा रजू थयेलां शास्त्रपूत पद्धति, सूक्ष्म अवलोकन अने भाषासामग्री परना सर्वग्राही प्रभुत्वने लीधे खास उल्लेखनीय छे.

छेल्ला साठ वरसना भारतीय-आर्य भाषाकीय अभ्यासने लगता आ पायारूप ग्रंथोने तपासतां, तेमां एक वस्तु स्पष्ट तरी आवे छे के भाषाकीय अभ्यासने लगता होवा छतां, ए ग्रंथोमांना घणाखरा वर्णनात्मक अने मात्र वस्तुस्वरूपनुं कथन करती पद्धतिए लखायेला छे. काळना प्रवाह साथे थएलो भाषाकीय घटनाओनो उद्गम अने तेमनो वस्तुताए थएलो विकास—ए बंने वच्चे मेळ जळवाई रहे तेवी रीते तेमनुं प्रतिपादन भाग्ये ज करवामां आव्युं छे. अने तेनुं मुख्य कारण ए छे के, ए ग्रंथकारोनो अभ्यास मुख्यत्वे सळंग युगो जेवडा समयना विस्तृत गाळाओ पूरतो मर्यादित हतो. आथी ए युगोना अवान्तर गाळा, पहेलानी जेम वणस्पर्श्या रह्या. विशेषमां सहजन्य बोलीओ ('कॉग्नेट डायलेक्ट्स्') वच्चे भाषासामग्रीनी आप-ले सतत चालु रहेती होवाथी सामान्यतः उपयोगमा लेवाती समविकार-रेखा ('आसोग्लोस') नी पद्धति पण काम आवी शके तेम हतुं नहि. खरो भाषाकीय अभ्यास ऐतिहासिक दृष्टिए थवो जोइए अने तेमां अमुक समये प्रचलित भाषाना जीवत अने बधियार बने प्रकारना विकास अने परस्पर संबंधनी गवेषणा वच्चे भेद जळवावो जोइए. परिवर्तन पाम्ये जती भाषाभूमिकाओनुं बोलचालमां वपरातुं स्वरूप ते जीवंत स्वरूप; ज्यारे बाह्य परिस्थिति अने धार्मिक के साहित्यिक अगत्यने अंगे अमुक बोली, जे प्रकारनी विकासथी पर एवी वंध्य अवस्थाने पामे ते प्रकारनी अवस्थाने बधियार स्वरूप कही शकाय. भारतीय-आर्यना इतिहास पर एक उडती नजर नाखता आ वस्तु वधारे स्पष्ट बनशे.

भारतीय-आर्यना युगशः विकासनी रूपरेखा

'ऋग्वेद'मां रजू थएला भाषाभेदमां मळती केटलीक द्योतक भाषाकीय घटनाओ अने पालि—प्राकृत—अपभ्रंशमां जळवाई रहेला केटलाक कालातीत अवशेषो साबित करे छे के वैदिक समयमां जुदी जुदी बोलीओ व्यवहारमां होवी जोईए, जेमांथी एकनुं धार्मिक-साहित्यिक स्वरूप ते 'ऋग्वेद'नो भाषाभेद. एक ज दाखलो लईए—'ऋग्वेद'नी **'सुरे दुहिता'** ए उक्तिने बे रीते समजाववानो प्रयत्न थयो छे. एक मत प्रमाणे अहीं संबंधदर्शक चतुर्थी ('डेटीव ऑफ कीन्शीप')नो प्रयोग छे [जेम अंग्रेजीमां daughter to the Sun god कही शकाय तेम]. पण वाकरनागले आपेली उपपत्ति ज प्रतीतिजनक छे. अहीं मूळना **'सूरः दुहिता'**नुं सामान्यरीते प्रचलित संधिनियम प्रमाणे **'सूरो दुहिता'** थवुं जोईए; तेने बदले, जेम बीजी प्राकृतोमां वीरो (<वीरः) वगेरेमां मूळना विसर्गनुं स्थान 'उ' ले छे, पण मागधीमां तेवा ज संजोगोमां वीले (<वीरः) वगेरेमा मूळना विसर्गने स्थाने 'इ' आवे छे, तेम अहीं पण **'सूरः दुहिता'** ('सूर्यनी पुत्री')नुं **'सुरे दुहिता'** एवुं विलक्षण संधिरूप थयुं छे. एटले के पाछळना समयमा मागधी विशिष्टता तरीके मूर्तिमन्त थयेला वलणनुं आ एक पुरोगामी चिह्न छे, अने परिणामे वैदिक समयमां बोलीभेद होवानो ते एक मजबूत पुरावो पूरो पाडे छे. वैदिक शिथिर—(<√ श्रथ्), कृच्छ्र—(<*कृप्स्र—), ज्योतिस्—(*द्योतिस्—) वगेरे पण बीजस्वरूपमां रहेला प्राकृतसदृश वलणोना द्योतक छे, अने ऋग्वेदना भाषाभेदथी ध्वनिविकासमां आगळ वधेलुं अन्य भाषास्वरूप ते समये प्रचलित होवानुं साबित करे छे.

समय जतां अनेक शब्दो तेम ज काळ अने अर्थना केटलाक भेदो वपराशच्युत थतां, सादृश्यना नियमना परिबळे गणव्यवस्था सादी बनतां, अने आथी वैदिक भाषानी रूपसमृद्धि अने संकुलता दूर थतां रूपतंत्रमां केटलीक सरळता आवी. शुक्र०—शुक्ल० जेवामां उच्चारभेदे अर्थान्तर विकस्यो, तो केटलाक शब्द-युग्मनी बाबतमां एक अर्थनी समानता, बीजा अमौलिक अर्थनुं आरोपण थवामां कारणभूत बनी; आम भाषाविकासमां सामान्य एवा केटलाक फेरफारो व्यक्त करती, छतां मूळनुं ध्वनितंत्र यथास्थित जळवाई रह्युं होवाथी मर्यादित अने विलक्षण विकासना परिणामरूप गणी शकाय तेवी शिष्टकालीन ['क्लासीकल'] संस्कृत तैयार थई. 'ऋग्वेद'ना भाषाभेदमां नथी तेवा केटलाक भारत-युरोपीय

वाचको ('वॅकेवल्स') पण तेमां संघराया छे, ते बोलीओनी अरसपरसनी आप-लेनुं सूचक छे. पाणिनिना तलस्पर्शी अने सर्वग्राही अभ्यासने परिणामे एक सर्वमान्य, अने जराये घरेडभंग न सही शके एवुं कडक धोरण बंधायुं. आवी अस्वाभाविक स्थितिने लीधे संस्कृतनो विकास रूंधाई गयो. छतांयें ध्यानमां राखवा जेवुं छे के चंद्रगोमी जेवा पाणिनिना अनुगामी वैयाकरणो, जेमनी शिष्टकालीन ('क्लासीकल') संस्कृतमां हस्ती ज नथी तेवां केटलांक रूपो ने प्रयोगोनी नोंध ले छे. दरमियानमां वैदिक बोलीओमांथी ध्वनिविकास अने सादृश्यना नियमना प्रभावे पालि वगेरे मध्यकालीन भारतीय-आर्य भाषाभेदो विकसे छे. ते जे स्वरूपमां जळवाई रह्या छे ते स्वरूप, जीवंत — बोलचालनी — भाषानी पाछळ होय छे तेवी मानव पृष्ठभूमिकाना अभावे अत्यंत कृत्रिम अने विकासशून्य छे. आ मुशीबत उपरांत प्राकृतोना मूळ आधाररूप हाथप्रतोनी विश्वसनीयता, प्रचीन लेखनशैलीने लगती मुश्केलीओने लीधे घणी कमी थाय छे. हाथप्रतो अने प्राकृत वैयाकरणोना विधानो वच्चे विरोध ऊभो थाय त्यारे बे प्रकारनुं वलण स्वीकारवुं शक्य छे; कां तो पी श ल नी जेम हे म चं द्र जेवा वैयाकरणोने प्रमाणभूत गणी ते प्रमाणे हाथप्रतोनी भाषामां फेरफार करवा; अथवा मात्र प्राकृत व्याकरणकारोनुं ज प्रमाण नहीं पण दरेक मध्यकालीन भारतीय-आर्य भाषास्वरूप ध्यानमां लई तेना प्रकाशमां दरेक हाथप्रतनो निरनिराळो अभ्यास करवो. अने आ बीजी पद्धति ज वधारे शास्त्रीय छे. तेमां दरेक हाथप्रत उपरनी तेना प्राप्तिस्थानने अंगेनी असर पण लक्ष्मां राखवी घटे छे. उदाहरण तरीके 'म हा भा र त'नी दक्षिणनी वाचनाओमां संबंधार्थ चतुर्थीनो प्रयोग मळे छे ते द्राविडी असरथी सहेजे समजावी शकाय. आ उपरांत आंकडाशास्त्रनो आधार लेतां लहियाओनी भूलोनी पण निष्पक्षपणे तपास थवी शक्य बने छे, जो के हेतुपूर्वक कराएली घालमेलने परखवी ए घणुं कठण छे. एटलुं सारुं छे के उत्कीर्ण लेखोनी भाषा आवा प्रकारनी अशुद्धिओथी अलिप्त रही शकी छे. तुर्फन हाथप्रतो पण दटाईने जळवाई रही होवाथी, तेमनी एक ज वाचना होवा छतां घणी विश्वसनीय गणाय.

मध्यकालीन भारतीय-आर्यना अभ्यासमां वीरचरित काव्यो अने बौद्ध — जैन ग्रंथोना 'लौकिक' संस्कृतनुं अध्ययन पण खास आवश्यक छे. तेमां मळी आवता बंधारणविरुद्धना 'अव्याकरणी' ने आर्ष प्रयोगोनी, तेम ज वीरचरित काव्योना पाठान्तरोनी आंकडाबद्ध गवेषणा, गर्भदशामां रहेलां अस्पष्ट मध्यकालीन भारतीय-आर्य वलणोना द्योतक बने तेम छे.

विकारक बळोने वश थई मध्यकालीन बोलचालनी भाषाओए, इसवी अगिआरमी सदी लगभग अर्वाचीन युगमां प्रवेश कर्यो. अर्वाचीन युगना अभ्यासने मुश्केल बनावती घटनाओमां ये खास उल्लेखार्ह छे. विकसती बोलीओनी परस्पर एक बीजी उपर थयेली विस्तृत, अनेकविध अने संकुल असर; अने आमां द्राविडी जेवी परभाषानो फाळो केटलो ते नक्की करवानी कठिनता.

भारतीय-आर्यना विकासनी आ रूपरेखामांथी सळंगसूत्र वीगतवार इतिहास बनाववा आडे ये चार मोटा अंतरायो छे. एक तो चोक्कस समय-निर्णयने अभावे मात्र सापेक्ष समयगणना ज आपवी शक्य छे. आथी भाषाकीय घटनाओना सीलसीलाबंध वृत्तान्तने बदले आपणे मोघम युगोना उल्लेखथी चलवी लेवुं पडे छे. परिणामे पृष्ठभूमि अने वेष्टनोथी वंचित एवी आ घटनाओनी खरी मुळवणी के स्वरूप-ओळख थई शकती नथी. बीजुं, उपर सूचव्युं तेम जे भाषाभूमिकाओनो अभ्यास करवानो छे तेमना ते ते समयनां जीवंत बोलचालनां स्वरूपोने बदले आपणी पासे साहित्यिक अने कृत्रिम भाषास्वरूपो छे. खळखळ वहेता झरणने बदले बंधियार खाबोचिया साथे काम करवानुं छे. आथी विकासना वास्तविक स्वरूपनी आपणे मात्र झांखी ज करी शकीए छीए. त्रीजो अंतराय ते खामी भरेली प्रतिपादन-पद्धति छे. ते विशे पण उपर सूचन कर्युं छे. आ माटे हवेथी इतिहासलक्षी पद्धतिनो स्वीकार घणो ज आवश्यक छे. भाषाशास्त्रना प्रदेशमां इतिहासलक्षी पद्धति एटले दरेक भाषाकीय हकीकत अने घटनानो स्थळ-काळ साथेनो पूर्वापर संबंध ध्यानमां राखी, तुलनात्मक व्याकरणशास्त्रनी दृष्टिए अमुक भाषा-परिवारनो अभ्यास करवो. आवी, समयगणना अने भौगोलिक स्थानने लक्षमां लेती प्रतिपादन-पद्धति घडी काढवाथी भारतीय-आर्यनो सळंग विकासक्रम समजवामां हजी पण — खास करीने मध्यकालीन भारतीय-आर्य क्षेत्रमां — रहेलां खाडा-गाबडां पूरी दई शकाशे. मध्यकालीन भारतीय-आर्यनी सामग्रीमां अभ्यास माटे हजी घणो अवकाश छे; अने खास करीने पूनाना भाण्डारकर प्राच्यविद्यामंदिर द्वारा संपादित थता 'महाभारत'नुं अने विवेचक दृष्टिए ('क्रीटीकली') संपादित थता तेवा बीजा ग्रंथोनुं आंकडाबद्ध पृथक्करण कराय तो, ते ते ग्रंथोमां मळी आवता पाठभेदोमां जळवाई रहेलां मध्यकालीन भारतीय-आर्य लक्षणोनी स्थळमर्यादा अने समयगणना नक्की करवामां ते घणुं सहायक बने. आथी अमुक शब्दोनो वहेलामां वहेलो क्यारे

उपयोग थयो ते जाणी शकाय अने शास्त्रीय कोश तैयार करवा साथे संकळायला कोयडाओनो पण उकेल आवे. एक बे उदाहरणथी आ वस्तु वधारे स्पष्ट थशे;–दालगादोए तेना 'एशिआई भाषा पर फीरंगी शब्दभंडोळनी असर' ('इन्फ्लुएन्सीआ दो वोकाबुलारीओ पोर्तुगेस एम लिंगुआस एसिआतिकास') [इ. स. १९३१] मा मराठी शब्द 'भोपळा'ने एक फीरंगी शब्द साथे सांकळ्यो छे; पण ए ज अर्थमां इसवी अगीआरमी सदीनी एक हाथप्रतमां 'बहुफलक०' मळतो होवाथी नक्की थाय छे के 'भोपळा' फीरंगी मूळनो नथी पण शुद्ध तद्भव छे. मराठी 'दोन०', 'दुजा०', 'दुसरा०', 'दुणा०', वगेरेमा देखाता 'द' उपरांत 'बारा०', 'बीज०', 'बावीस०' जेवामा 'ब' देखाय छे. ते कोई समीपनी बोलीना ऋण तरीके ज समजावी शकाय. पण तेनो स्वतंत्र पुरावो **मध्यकालीन भारतीय-आर्यना** अभ्यासमाथी ज मेळववो रह्यो. आ बाबतमां संस्कृत कोशोमा नोंधाएला संख्याबध **मध्यकालीन भारतीय-आर्य** शब्दो खास तपास मागी ले छे.

अंतमां, कहेवुं प्राप्त थाय छे के उपरोक्त लक्षणवाळी इतिहासलक्षी भाषाशास्त्रीय दृष्टि राखी नवी पद्धतिए अन्वेषण हाथ धरवानो समय आवी पहोच्यो **छे. भारत**–युरोपीयना अभ्यासमां पण आवा प्रकारनी प्रतिपादन-पद्धतिनो हमणा हमणा थएलो विकास उल्लेखनीय छे.

आ पछीना बीजा व्याख्यानमां हुं **भारतीय-आर्यना** 'आख्यातिक अंगो' ('वर्बल बेइजीज') पर विचार करवानुं, साहसभर्युं गणी शकाय तेवुं पगलुं लईश. ते एटला माटे के तेमाथी दोरेला निर्णयो **भारतीय-आर्यने** इतिहासलक्षी-भाषाशास्त्रीय पद्धति लागु पाडवी एटले शुं, ए पूरतुं स्पष्ट करी शकशे.

*

व्याख्यान बीजुं – भारतीय-आर्यना आख्यातिक अंगो

आमां अने आनी पछीना व्याख्यानमा भारतीय-आर्यना समग्र शब्द-भंडोळमांथी मात्र आख्यातिक अंगोनी ऐतिहासिक दृष्टिए छणावट करवामा आवी छे.

सामग्री

आवा अभ्यास माटे प्राचीन, मध्य तेम ज अर्वाचीन युगो माटे आपणने केटलीक ,सामग्री मळे छे. पाणिनि (आशरे इ. पूर्वे पांचमी सदी)नो **धातुपाठ** [वेस्टर्गॉर्ड संपादित – १८४१; बोथ्लिङ्क संपादित – १८८७] अने तेना परनी क्षीरस्वामी (आशरे इ. स. १०५०) कृत **क्षीरतरङ्गिणी** [लीबीश संपादित – १९३०], माधवीय **धातुवृत्ति** (आ १३५०), भट्टोजी दीक्षितनी (आ. १६३०) वृत्ति, वगेरे; **चांद्र धातुपाठ** (आ. ४७०) [लीबीश् – संपादित]; दुर्गसिंह कृत (आ. आठमी सदी) **कातंत्रधातुपाठ** (लीबीश् – संपादित, १९१९), **शाकटायन धातुपाठ** (नवमी सदी); **हेमचंद्रधातुपाठ** (बारमी सदी), हर्षकीर्ति कृत **सारस्वत धातुपाठ** (सोळमी सदी) – वगेरे प्राचीन भारतीय-आर्य माटे गणावी शकाय. संस्कृत धातुओना सामान्य अभ्यासनी दृष्टिए व्हीट्नीए 'संस्कृत भाषाना धातुओ, आख्यातिक रूपो अने कृदन्त रूपो' ('धी रूट्स वर्ब-फॉर्म्स एन्ड प्रायमरी डेरीवेटीव्ज् ऑफ धी संस्कृत लैंग्वेज' १८८५) ए ग्रंथ लख्यो. पीटर्सबर्गना बृहद् अभिधान-कोश-(१८५५ – ७५)मा एकठी कराएली सामग्रीनो एमा उपयोग करायो हतो. आ दिशामा आ पछीना सौथी वधारे ध्यान खेंचे तेवा प्रयत्न लेखे लीबीश्नो 'धातुपाठ माटेनी सामग्री' ('माटेरीआलीन त्सुम् धातुपाठ'– १९२१) ए ग्रंथ गणावी शकाय

मध्य भारतीय-आर्य तरफ वळतां पालि माटे **धातुपाठ, धातुमञ्जुषा** (बंने दिनेस आन्दर्सन अने हेल्मर स्मीथ संपादित, १९२१) अने **धातुमाला** (हेल्मर स्मीथ संपादित, १९२९) ए प्रसिद्ध थया छे. आने आधारे डॉ. कत्रेए 'पाली धातुपाठगत धातुओ' ('रूट्स ऑफ धी पालि धातुपाठाज्'– प्रसिद्ध 'बुलेटीन ऑफ धी डेक्कन कॉलेज रीसर्च इन्स्टीट्युट' – मार्च, १९४०) ए नाम नीचे पालि धातुओनो संग्रह प्रसिद्ध कर्यो छे.

प्राकृत माटे, हेमचन्द्र, क्रमदीश्वर, मार्कण्डेय, रामशर्मन्, त्रिविक्रम, चण्ड वगेरेना प्राकृत व्याकरणोमा, तेम ज धनपालनी **पाइयलच्छीनाममाला** अने हेमचंद्रनी **देशीनाममाला** जेवा देशी कोशोमा सामग्री पडेली छे. ग्रीअर्सने आ प्राकृत व्याकरणकारोनी कृतिओनो उपयोग करीने 'प्राच्य अने प्रतीच्य संप्रदायना वैयाकरणो प्रमाणेना प्राकृत धात्वादेशो' ('प्राकृत धात्वादेशाज् एकोर्डिंग टु धी वेस्टर्न ॲन्ड ईस्टर्न स्कुल्स ऑफ प्राकृत ग्रामेरीअन्स" – १९२४) ए ग्रंथमां प्राकृत धातुओनो संग्रह प्रसिद्ध कर्यो छे. आथी वहु ज वहेला डेलिअसे 'प्राकृत धातुओ' ('रादिकेस प्राकृतिकाए' – १८३९) ए ग्रंथ लखेलो.

अंगोनुं वर्गीकरण

व्हीट्नी तेना उपरोक्त ग्रंथमां आख्यातिक अंगोना आखा समुदायने छ विभागमा वहेंची नाखे छे : वैदिक साहित्यमा प्रयुक्त, ब्राह्मण साहित्यमां प्रयुक्त, औपनिषदिक साहित्यमां प्रयुक्त, सूत्रसाहित्यमां प्रयुक्त, वीरचरित साहित्यमा प्रयुक्त अने शिष्टकालीन साहित्यमा प्रयुक्त. व्हीट्नीना आ छ विभागो सामान्य-पणे त्रण खंडमां वहेंचाएला छे : (१) भाषानी मात्र प्राचीन भूमिकामां प्रचलित होय तेवा वाचको ('वॉकेबल्स') (२) मात्र अर्वाचीन भूमिकामां प्रचलित होय तेवा वाचको अने (३) प्राचीन तेम ज अर्वाचीन बंने भूमि-कामां प्रचलित होय तेवा वाचको.

बीजी दृष्टिए पण आख्यातिक अंगोनी वर्गवहेंचणी थई शके तेम छे : (१) वारसागत अंश – (अ) भारत-युरोपीय अंगो, (आ) भारत-इरानीय अंगो; (२) अ-भारत-युरोपीय ऋण अंगो. आ छेवटनो अंश ए नवतर अंश छे. नवा विचारो, अनुभवो अने वस्तुओनी अभिव्यक्ति माटे दरेक भाषाना—अने खास करीने जीवन्त भाषाना—इतिहासमां नवा नवा वाचकोनी जरूर उभी थती होय छे. तेवी जरूर पूरवा माटे आ नवतर अंश स्वीकराएलो छे.

उपलब्ध संस्कृत साहित्यमा प्रयुक्त थया होय तेवां **प्राचीन भारतीय-आर्य** अंगोना गणवार आंकडाओ व्हीट्नीए आम आप्या छे :

अदादि (२)	१४३	क्र्यादि (९)	५३
जुहोत्यादि (३)	४९	भ्वादि (१)	५२९
रुधादि (७)	२९	तुदादि (६)	१४२
स्वादि (५)	५०	दिवादि (४)	१३३
तन्वादि (८)	८	कुल	११२६

आ दरेकमां मात्र प्राचीन भूमिकामां मळता; प्राचीन तेम ज अर्वाचीन भूमिकामां मळता; अने मात्र अर्वाचीन भूमिकामा मळता – एवा त्रण विभाग छे. दाखला तरीके बीजा गणना ८० धातुओ एवा छे के जे मात्र प्राचीन भूमिकामां ज वपराया छे. पछीनी भाषामां ते न देखाता होवाथी ते भूमिकानी दृष्टिए ए कालग्रस्त अंश छे. ४९ धातुओ बंने भूमिकामां मळे छे. आ स्थिर अश छे. बाकीना १४ धातुओ मात्र अर्वाचीन भूमिकामां ज मळे छे. आ नवतर अश छे. व्हीट्नीए नोंधेला ११३६ धातुओमांथी आशरे ८०० वैदिक साहित्यमां अने बाकीना चारसोएक वीरचरित अने शिष्टकालीन साहित्यमां मळे छे. आ बारसोमांथी अरधा जेटला भारत-युरोपीय भूमिकामांथी वारसामा ऊतरी आवेला छे. तेमनी विभागवहेंचणी करीए तो, (अ) १७१ एवा छे के जे मात्र वैदिक भाषामा मळे छे; (आ) ३१८ अंगो सामान्यपणे वपराएला छे; (इ) १२२ मात्र शिष्टकालीन (के वीरचरित) संस्कृतमा ज मळे छे. प्राचीन भूमिकामां अनुपलब्ध एवा आ भारत-युरोपीय मूळना १२२ धातुओनी उपपत्ति केम आपवी ? आ माटे बे शक्यता छे: (१) बीजी भारत-युरोपीय (ग्रीक, इरानी वगेरे) भाषाओ साथे भारतीय-आर्यनो संपर्क थएलो साबित करी शकाय तो केटलाक धातुओ ऋण शब्दो तरीके आव्या होय; (२) केटलाक भारत-युरोपीय भूमिकामांथी प्राचीन भारतीय-आर्य लोकबोलीओमा ऊतरी आवेला अने मध्य भारतीय-आर्यमा जळवाएला होय; अने भाषाभूमिकाना पलटाओ साथे ध्वनिपलटो अने रूपपलटो पामता पामता, ए लौकिक भाषाभेदोने साहित्यकीय स्वरूप मळ्युं, त्यारे ते सामान्य प्रचारमा आव्या होय. पछीथी ते वेळाना प्राकृत स्वरूपने अतिसंस्कार ('हायपर्-संस्कृतीज़ेशन') अपायो होय अने ए स्वरूपमा छेवटे धातुपाठमा नोंधाया होय.

रूपतंत्रमां थयेलां परिवर्तन

ऐतिहासिक दृष्टिए भारतीय-आर्य आख्यातसामग्री तपासतां तेना स्वरूप अने रूपमा आवेला पलटाओ स्पष्टपणे आपणी सामे उपस्थित थाय छे. भारतीय-आर्य आख्यातिक अंगोमां विविध गणो, अर्थो ('मुड्ज्') अने प्रयोगो ('वॉयसीज्') अनुसार विविध रूपो धरवानी शक्ति हती. पदमां थएला फेरफारो आपणे तपासीए तो जणाशे के केटलाक धातुओ प्राचीन भूमिकामा अमुक एक पदना छे, ज्यारे पछीनी भूमिकामा तेथी जुदा ज पदमा अथवा

तो बंने पदमां वपराता थया छे. उ. त. अक्षत् (वैदिक), अक्षते (वीर-चरित); अस्यते (ऋग्वैदिक), अस्यति, आस्ते, आस्ति (वीरचरित); इह्वति (वैदिक), इह्वते (शिष्टकालीन); वगेरे. प्राचीन भूमिकामां परस्मैपदी होय पण पछीथी आत्मनेपदी थया होय एवा धातुओनी संख्या आशरे १५०नी छे; आत्मनेपदीना परस्मैपदी थया होय तेवानी संख्या १००नी छे; ज्यारे १०० बंने भूमिकामां उभयपदी रह्या छे. आ पदव्यत्ययनुं कारण शुं ? परस्मैपद अने आत्मनेपद वच्चे मूळमां रहेलो सकर्मक — अकर्मकनो तात्त्विक भेद, समय जतां भाषामांथी लुप्त थई गयो. मात्र तेमना नाममा ते अवशिष्ट रही गयो. आम पद व्याकरणी विभाग ('केटेगरी') तरीके निरर्थक बनतां पदप्रमाणे लगाड-वाना प्रत्ययोमा पण शिथिलता आवी अने छंदना चोकठामां बेसाडवा माटे जरूर पडे त्यां एकने बदले बीजुं पद वापरवुं सगवड भर्युं बन्युं. वळी ४था गणना आत्मनेपदी धातुना कर्तरि रूपो अने कर्मणि रूपो वच्चे आघात ('एक्सन्ट') पूरतो ज फरक होवाथी, समय जतां ते गणमां पद बाबत शिथिलता प्रवर्तवा लागी. वीरकाव्योमां तो पदव्यत्ययनां केटलांये उदाहरणो मळे छे. आ विषयनो आंकडावार अभ्यास थवो जरूरी छे. सार्थकता लोपातां अंतमां मध्य भारतीय-आर्य भूमिका सुधीमां तो पदनो विभाग तद्दन लुप्त थई गयो.

भारतीय वैयाकरणोए धातुओना जुदा जुदा गणमां करेला वर्गीकरणनो ऐतिहासिक दृष्टिए विचार करतां, गण-व्यत्ययनां पचासेक उदाहरणो मळे छे. उ. त. अनति (वैदिक), अनिति; अमेत् (वैदिक), अमीति; नवते (वैदिक), नुवते (शिष्ट०); वनते (वैदिक), वनुते; वगेरे. पहेला अने छट्ठा गण वच्चे आघात ('एक्सन्ट') पूरतो ज भेद होवाथी तेमनी वच्चे गरबड थवानी घणी संभावना हती. समग्ररीते जोता कही शकाय के पाछला युग करतां आगला युगनी भाषाभूमिकामा अमुक एक अंगमाथी जुदा जुदा गणोने अनुसरता प्रातिपदिको घडवानी वधारे प्रमाणमां शक्ति हती. पाछलना युगमां साधारणीकरण ('नॉर्मलायझेशन') अने अविकरणी अंगोने विकरणी बनाववा ('थेमेटीजेशन')नुं वलण वध्ये गयुं छे. वळी केटलीक बाबतमां एक अंगने स्थाने बे अंगो वपरातां थयां छे. दा. त. मूळ √इ०ने स्थाने पाछळना समयमां √अय्० पण वपरातुं थयुं छे. तेवी ज रीते गणनिशानी धातुदेहनी अंशभूत गणायाथी शिष्टकालीन भूमिकामां केटलांक नवां आख्या-

तिक अंगो अस्तित्वमां आवेला छे. उ. त. √पृ० माथी √पृण्०. आम आख्यातिक अंगोमा विविध परिवर्तन थया छे.

धातुपाठ अने पाश्चात्य विद्वानो

भारतीय-आर्यना आख्यातिक अंगोनी व्हीट्नीए करेली चर्चामां खास लक्ष खेंचे तेवी बाबत ए छे के संस्कृत वैयाकरणोए आपेला धातुपाठोनी तेमां सखत टीका करवामां आवी छे. व्हीट्नीना संशोधनो प्रमाणे मात्र ११३६ धातुओ साहित्यमा प्रत्यक्षपणे योजाएला मळे छे, एटले एटला ज धातुओ खरा अने प्रमाणभूत गणी शकाय. आथी पाणिनिए आपेली धातुओनी आशरे २३००नी संख्यामांथी अरधाने व्याकरणकारोए कृत्रिमरीते घडी काढेला गणवा जोईए.[1] धातुपाठमां घुसाडवामा आवेलो आ कचरो तद्दन अप्रमाणित गणवो जोईए. पण बीजा केटलाक विद्वानोए व्हीट्नीना आ अभिप्रायने सखत रीते वखोडी काढ्यो छे. वेबर, वेन्फे वगेरे संस्कृत वैयाकरणोने विश्वसनीय गणनारा मतना हता. ब्युलरे व्हीट्नीना मतनी चर्चा करता एक लेखमा[2] व्हीट्नीए अप्रमाणित गणेला धातुपाठगत केटलाक धातुओ पालि-प्राकृतमा अथवा अर्वाचीन भारतीय-आर्य बोलीओमा अस्तित्व धरावता होवानुं देखाड्युं छे. आम धातुपाठना केटलाक धातुओ भारत-युरोपीय मूळना होई, लौकिक भाषाओमा जळवाई रहीने मध्य अने अर्वाचीन भारतीय-आर्यमा ऊतरी आवेला छे.[3]

धातुपाठना धातुओ सामे बीजी एवी दलील करवामां आवी छे के तेमांना केटलाक तो प्रासमेळ के ध्वनिसंवादनी असर उपजाववा माटे घडी काढवामा आव्या होय तेम लागे छे. उ. त. सेव् गेव् ग्लेव्. पण आ दलीलमां अंशतः ज सत्य रहेलुं छे. मात्र प्रासमेळ के ध्वनिसंवाद धातुओने कृत्रिम न ठरावी शके.

---

१ जुओ व्हीट्नी 'हिंदु व्याकरणने लगता नवा अध्ययनोनुं अवलोकन' ('रीव्यू ऑफ रीसंट स्टडीज इन हिंदु ग्रामर')-'अमेरीकन जर्नल ऑफ फायलोलॉजी', ग्रंथ १४; ते पहेलां, व्हीट्नी ('अमेरीकन जर्नल ऑफ फायलोलॉजी' ग्रंथ ५), एड्गेन 'संस्कृत भाषाना आख्यातिक धातुओ' ('वर्बल रूट्स ऑफ संस्कृत लैंग्वेज')-'जर्नल ऑफ धी अमेरीकन ओरिएन्टल सोसायटी', ग्रंथ ११

२ जुओ 'इन्डिअन एन्टीक्वेरी', जून-सप्टे. १८९४.

३ आ विषय माटे सरखावो, ग्रे, 'पंदर प्राकृत-भारत-युरोपीय व्युत्पत्तिओ' ('फीफ्टीन प्राकृत-इन्डो-युरोपीअन इटीमोलॉजीज') 'जर्नल ऑफ धी अमेरीकन ओरिएन्टल सोसायटी', ग्रंथ ६०, अंक ३, पा ३४३; सप्टे० १९४०.

√ घस्० √ भस्० के इनोति, हिनोति, जिनोतिमा प्रासमेळ होवा छता, ते तद्दन प्रमाणित धातुओ छे खरु जोता, धातुपाठोना धातुओ विशे सर्वस्पर्शी शास्त्रीय मत बाधता पहेला मध्य तेम ज अर्वाचीन भारतीय-आर्य भाषा-भूमिकाओने तपासवानी जरूर छे. केम के केटलाक धातुपाठना धातुओना अर्वाचीन अवतारो तेमाथी मळी आवे छे.

धातुपाठना केटलाक धातुओ देखीता ज मध्य भारतीय-आर्यमा प्रचलित केटलाक ध्वनिवलणोने आधारे घडाया छे. √ म्लेव्० > √ मेव्०, के म्लेव् > मेव्मा अस्थिर व्यंजनस्तबकोनु ऋजूकरण ('सीम्प्लीफीकेशन') देखाई आवे छे. [मूळ √ ऋ०ना विस्तारथी सधाएला] *√ ऋत्०ना रूपान्तरो √ अत्० (वैदिक), *इट्० (वैदिक), ने √ अट्० (शिष्ट०)मा, √ कृन्त्० · √ कुट्ट्०मा; √ छृन्त्० · छुट्मा; √ गृज्० · √ गज्०, √ गञ्ज्०, गुञ्ज्०मा, √ *भृत्० · √ भट्०मा के √ गृन्थ्० : √ गुण्ठ्०मा, मध्य भारतीय-आर्यमा सामान्यपणे जाणीती बे प्रक्रिया—ऋकारनु रूपान्तर अने घणुखरु तेनो सहचारी मूर्धन्यभाव—स्पष्टपणे जोई शकाय छे √ चुण्ट्०—√ चुण्ड्० के √ अर्प्०—√ अर्व्० जेवामा अघोषनु घोषीकरण छे. प्रासानुप्राणित शब्दघडतरने आधारे केटलाक धातुओ समजावी शकाय तेम छे. आ पण एक मध्य भारतीय-आर्य वलण छे. सख्याबध अगो मध्य भारतीय-आर्यमाथी अतिसस्कार करी स्वीकारी लीधेला प्रतिरूपो ('बेकफॉर्मेशन्स') तरीके समजावी शकाय तेवा छे. बाकी केटलाक आख्यात-विस्तारना सिद्धान्तना उदाहरणो पूरा पाडे छे.

आथी मध्य तेम ज अर्वाचीन भारतीय-आर्य भूमिकाओ, इरानी वगेरे इतर भारत-युरोपीय भाषाओ अने द्राविडी, मुण्डा वगेरे पडोशना भाषा-कुळो—ए सौने गणतरीमा लीधा विना 'धातुपाठो एश-आरामी विद्वानोए प्रामाणिक धातुसामग्रीमा कृत्रिम कचरो मेळवीने घडी काढ्या छे' एवो निर्णय बाधी देवो ए तद्दन अयोग्य छे उलटु तेमना गुणदर्शन तरीके केटलुक गणावी शकाय तेम छे. दा त. तेमणे आपेला धातुस्वरूपोमा कोईक वार, बीजे न जळवाई रहेला लक्षण जळवाई रहेला देखाय छे. **पठति**(<***पृथति**)मा अणधार्यो अने बीजे क्याईथी न जाणी शकाय तेवो मूळ धातुना अप-ध्वनि-रूप('एब्लाउट फॉर्मेशन')नो अवशेष छुपाएलो छे √ मस्ज्०ना स् नी

जाण आपणने धातुपाठ द्वारा ज थाय छे. ए खरुं के तेमां केटलीक भूलो पण थएली देखाय छे. दा. त. √लज्ज्० ना मूळरूप तरीके खोटीरीते ज √लस्ज्० आप्युं छे. पण आवा रड्याखड्या दाखला परथी धातुपाठकारो कोई लेभागु के नवशिखाउ पंडितंमन्यो हता एवा आत्यंतिक निर्णय पर आवी जवुं ए जरा पण उचित नथी.

उपसंहार

अंतमां, सूचन करवानुं के प्राचीन भारतीय-आर्यनी पाछली भूमिकामां ज मळी आवता भारत-युरोपीय अंशनुं फरी अन्वेषण करी तेने मध्य भारतीय आर्यमांथी प्रति-घडतर ('बेक फॉर्मेशन') थई प्राचीन भारतीय-आर्यमां प्रवेशेला अंश तरीके; अथवा तो बीजी भारतबाह्य भारत-युरोपीय भाषाओ-मांथी ऋणरूपे स्वीकाराएला अंश तरीके (केम के खास करीने मौर्ययुग दरमि-यान तेम ज ते पहेलां पण भारतवासीओ अने ग्रीको वच्चे केटलोक संपर्क थएलो) घटाववो ए जरूरी छे. भारतीय-आर्यनी बधीय भूमिकाओना शब्द-भंडोळनो, उक्त प्रकारनी प्रतिपादनपद्धतिए अभ्यास करवामां आवे, तो ज भारतीय-आर्यने इतिहासलक्षी भाषाशास्त्रनी महोरछाप लागे.

***

केटलीक शब्दशास्त्रविषयक चर्चा

ले० – श्रीयुत हरिवल्लभ भायाणी एम्. ए.
[रिसर्च फेलो – भारतीय विद्या भवन]

*

७ – 'विगत (वीगत)'

श्री नरसिंहराव[1] आ शब्दना मूळ तरीके स० व्यक्ति० 'भेद' 'विवेक' '(सामान्यना विरोधमा) विशिष्ट स्वरूप' आपे छे. आ व्युत्पत्ति विश्वसनीय अने स्वीकार्य लागे ते माटे (१) आमा देखाता ध्वनिविकारो ते ते भूमिकामा प्रचलित ध्वनिवलणोने आधारे ज थयेला छे; अने (२) आवा बीजा पण समान्तर उदाहरणो मळी आवे छे – ए देखाडवानी जरूर छे.

(१) **विगत** (२) (**वीगत**) उपरात (३) **वक्ति** (ई. स. १६०६[2]), (४) **विगत्य** ने (५) **वगत्य** (लौकिक गुजराती) ए गुजराती, तथा (६) **विगति** ने **विगत** (ई. स १६५०) ए बे मारवाडी स्वरूपो[3] टाकी शकाय तेम छे. आ सौ अने तेमनो अरसपरस साथेनो सबध आपणे समजाववो जोईए

आमाथी **वक्ति** देखीतो ज एक अर्वाचीन तद्भव (के अर्धतत्सम) छे. बाकीना पण अर्वाचीन घडतरना होवाथी ए ज कोटीमा आवे. तेमनो अरसपरस सबध आ प्रमाणे बाधी शकाय –

स. व्यक्ति० {
(१) **वक्ति** > ***वगति** (प्रा. गुज.) > **वगत्य** (लौकिक)
(२) **विगति** (ज प. रा) { **विगत्य** (लौकिक) > **विगत** (शिष्ट)
वगत्य (लौकिक)
(३) **वियगति** > ***विअगति** > **वीगत्य** > **वीगत**

(१) मा सयुक्त °क्त्°नो स्वरउमेरा वाटे विश्लेप ('ॲनेप्टीक्सीस'), तथा छूटा पडता पूर्वव्यजन °क्°नो घोषभाव ए प्रक्रिया मारफत ***वगति** अने स्त्रीलिंगतासूचक अत्य °इ°ना यश्रुतिमा विकास द्वारा **वगत्य** सधाया छे.

(२) मा सप्रसारणथी **विगति** अने °इने स्थाने यश्रुति अने पछी तेना लोपथी **विगत्य** ने **विगत** आपणने मळे छे (१) मा **वगत्य**ने व्युत्पन्न

१ नरसिंहराव – 'गुजराती लॅंग्वेज एण्ड लिटरेचर', ग्रथ १, पा २७६, ४२१, ४५०
२ नरसिंहराव – एजन पा ४२१
३ भारतीय विद्या, २–१, आश्विन १९९७, पा ३४,३५,३६,३७,४०, वगेरे

करवानी एक रीत सूचवी छे. बीजी रीते ते आ विगतिमांथी पण आदि अक्षरना इ॰नो परागति द्वारा अ थवाथी सिद्ध थई शके.

(३) मां अंतिम स्वरूप **वीगत**नो दीर्घ **ई** समजाववा माटे व्यक्ति॰नो **वियगति** एवो असाधारण विकास कल्पवो ज रह्यो. पछी तो यूनो लोप ॰इना अनुवर्ती ॰अ॰नो लोप अने पूर्वस्वरनो दीर्घभाव ए क्रमे **वीगत**नो **ई** साधवो सरळ छे.

समांतर उदाहरण तरीके जुगत्य, जुगत, जुगति (सं. **युक्ति॰**) सकत्य[४] (सगत्य) (सं. **शक्ति॰**) पंगत्य, पंगत (सं. **पङ्क्ति॰**) आपी शकाय.

उल्लेखो –

विश्लेप माटे जुओ –

प्राकृत तथा अपभ्रंश माटे पीशल – "ग्रामाटिक" §§१३१ – १४०; तथा हेमचंद्र ८।१।१४५; ८।२।७३,७५,१०० – ११५; ८।४।८,८८,१७०, १८२,२३५,२७०,३१४,३२२; अपभ्रंश माटे ८।४।३२९ (**किलिनओ**), ४४२ (१) (**परावहिं**), ४४४ (३) (**दीहर**). जूनी पश्चिम राजस्थानी माटे टेसीटोरी – "नोट्स", §२ (३); अर्वाचीन गुजराती माटे नरसिंहराव – एजन, पा. ४०० – ४०४; २७२ – २७५; *बंगाळी माटे अने सामान्यपणे* चेटर्जी – 'धी ओरीजीन एन्ड डेवेलप्मेन्ट ऑफ धी बेङ्गाली लँग्वेज' भाग १ (१९२६), पा. ३७४ – ३७७; १७१.

॰क्॰ना घोषभाव माटे जुओ –

प्राकृत माटे पीशल – एजन, §२०२; तथा हेमचन्द्र – ८।१।१७७,१८२; अपभ्रंश माटे पीशल – एजन, §१९२; तथा हेमचन्द्र – ८।४।३९६,३७७ (**खयगालि**), ४२७ (**नायगु**); जूनी गुजराती माटे दवे – 'गुजराती लँग्वेज' (१९३५) – शब्दसूची (**आगर, उपगरण, उपगार, सुगालि** वगेरे). मराठी माटे अने सामान्यपणे ज़ुल ब्लोक् – 'लांग मराठे' (१९१९)नुं परांजपेकृत मराठी भाषान्तर 'मराठी भाषेचा विकास' (१९४१), पा. १३६. बंगाळी माटे चेटर्जी – एजन, पा. ४४५ – ४४६,४६२.

---

४ काठियावाडना अमुक वणिक कुटुंबोमा माता अने गोत्रज माटे थता धार्मिक नैवेद्यने अंगे थती विधिमां कुटुंबनो गोर बहेनभाईने वाराफरती पूछे छे "कोण सकत्य (सगत्य)?" "कोण वीर"?

अंत्य °इ > यश्रुति माटे जुओ –

नरसिंहराव – एजन, पा. २२३ – २२५; दवे – एजन, पा. २७ (परिच्छेद ३) पर आपेला इकारान्त अंगोने लगता सूचीमां आपेला अर्वाचीन गुज० शब्दस्वरूपो.

संप्रसारण माटे जुओ –

प्राकृत माटे पीशल – एजन, § १५१; तथा हेमचन्द्र – ८।१।४६,५२,५४, ६४,७३,७४, १४९,१६५,१६६,१६७,१७०,१७१,१७२ ए सूत्रो नीचे प्रस्तुत शब्दो; जूनी पश्चिम राजस्थानी माटे टेसीटोरी – एजन, § ५२; अर्वाचीन गुजराती माटे नरसिंहराव – एजन, पा. ४२० – ४२४; मराठी माटे ब्लोक (पराजपे) – एजन, पा. ११२ – ११३; बंगाली माटे चेटर्जी – एजन, पा. ४०६ – ४०७, ३२९ – ३३०.

शब्दान्तर्गत °इ° > °अ° माटे जुओ –

प्राकृत माटे हेमचंद्र – ८।१।८८ – ९१; पण तेनी टीका माटे पीशल – एजन, § ११५. जुनी पश्चिम राजस्थानी माटे टेसीटोरी – एजन, § ४ (१); अर्वाचीन गुजराती माटे नरसिंहराव – एजन, पा. २२५ – २२७; ग्रीअर्सन – 'ऑन धी फोनोलॉजी ऑफ धी मॉडर्न इन्डिअन आर्यन वर्नाक्युलर्स' (ZDMG, पुस्तक ४९ – ५०), § १२० – २३; मराठी माटे अने सामान्यपणे ब्लोक़ (पराजपे) – एजन, पा. ७६ – ७७; बंगाली माटे चेटर्जी – एजन, पा. ३३२ – ३३.

ज्य > विय° माटे सरखावो –

अर्धमागधी दुवालस (हेमचंद्र ८।२।२५४) दुवार, दुआर; गुज. सुवास (लौकिक) < श्वास. प्रा. चियत्त < *तियत्त < त्यक्त°; प्रा. चिचा < *तिइत्तवा < तियत्तवा < त्यक्त्वा (पीशल – एजन, § २७९. पा. १९३) तेम ज हेमचंद्र – ८।२।१०७.

इय° < इअ° < ई माटे जुओ –

टेसीटोरी – एजन, § १५; दवे – एजन, पा. १४; नरसिंहराव – एजन, पा. ४४३ तथा ४१४ – ४१९; चेटर्जी – पा. ३०२ – ३,३०७,३५२.

*

८–'रांदल'

आ शब्दना मूळ तरीके पंडित बेचरदासे रत्नादेवी योग्य रीते ज सूचव्यो छे.[५] अहीं तेना विशे केटलीक वधारे चर्चा करी छे.

मोनीअर विलियम्सनो संस्कृत कोश रत्नादेवी 'सूर्यपत्नी' ए शब्द नथी आपतो. मात्र तेने राजतरङ्गिणीमां आवती एक राजकुंवरीना नाम तरीके नोंधे छे. एटले रत्ना के रत्नादेवी ए 'सूर्यपत्नी'ना अर्थमां प्राचीन के बहु प्रचलित होय एम नथी लागतुं. पंडित बेचरदासे निर्देश कर्यो छे तेम हेमचंद्र (१२मी सदी)ना योगशास्त्रमां रत्नादेवी शब्दनो "सूर्यपत्नी" ए अर्थमां उपयोग थयो छे. आ पछी तेरमी सदीना बे उल्लेखो मळे छे.[६] नगरा गाममां मीडमंजनना दहेरामांनी सूर्यमूर्तिने जमणे तेम ज डाबे पडखे स्त्रीनी एक एक मूर्ति छे. जमणी मूर्तिना चरण नीचे एवा अर्थनुं उत्कीर्ण लखाण मळे छे के नारद मुनिना वसावेला नगरा गाममां जूनुं जयादित्यनुं देवळ घणा वरसादथी संवत् ९०३ना वरसमां पडी गयुं. ते पछी वस्तुपाळे रत्नादेवीनी मूर्ति करावी. डाबी तरफनी मूर्ति नीचे पण एवुं ज लखाण छे; तेमां उपरोक्त देवळमा रत्नादेवीनी मूर्ति नाश पामी एटले वस्तुपाळे संवत् १२९२मां तेनी फरी स्थापना करी होवानुं कह्युं छे. आ उपरथी ते समे रांदलपूजा ठीक ठीक प्रचारमां होय एम जणाय छे.

गुजरातीमां रन्नादे, रानादे, रान्दल, रान्देल, रान्देर एवा पांचेक-मूळ शब्दो मळे छे. तेमांथी पहेलो रत्नादेवी > प्रा. *रन्नादेवी > *रन्नादेई > रन्नादे ए क्रमे सधायो छे. तेमां रयणादेवीने एक वधारेना अवान्तर पद तरीके धारवानी जरूर नथी. रन्नादेमांथी सीधुं रानादे थयुं छे.' धार्मिक वपराशना शब्दो भाषाना बीजा वाचको ('वॉकेबल्स') करतां वधारे प्राचीन स्वरूपमां जळवाई रहेता होवाने लीधे रत्नादेमां, स्वाभाविक रीते थवा जोईतां संयोगलोप अने पूर्वस्वरदीर्घत्व नथी थयां. पछीनो रान्दल, रत्ना > रन्ना > *रान; रान + ०ल्ल = रानल्ल > रानल > रान्दल ए रीते सिद्ध थयो होय ए घणुं ज शक्य छे. रन्नादेलना त्वरित उच्चारणथी रान्दल साधवामां ध्वनि-

---

५ भारतीय विद्याः १–२, मार्च १९४०, पा. १५६.

६ 'भावनगर प्राचीन शोधसंग्रह'–नं. १६२–६३; दुर्गाशंकर के. शास्त्री–'गुजरातनो मध्यकालीन राजपुत इतिहास' भाग २ (१९३९), पा. ३९३.

दृष्टिए केटलीक मुश्केली छे, ज्यारे उपरोक्त रीते रानलना विकास तरीके रान्दल स्वाभाविक लागे छे, केम के, नीचे नोंध्युं छे तेम तेना समान्तर उदाहरणो मळी आवे छे.

रान्देल समजाववो जरा मुश्केल छे. पण तेना ०दे०ने ०देवी०ना ०दे० साथे काई संबंध होय ए ध्वनिदृष्टिए ओछुं शक्य लागे छे. *रान+०ल्ल एम उपर रान्दलनुं मूळ सूचव्युं, तेमा स्त्रीलिंगदर्शक ०आनो अगमायी लोप थयो छे. पण बीजा स्त्रीलिंग अंगोनी असर नीचे *रान०नु स्त्रीलिंग सूचववा तेने नवो प्रत्यय लाग्यो होय अने तेथी *रान + ल्ली > रानल्य > रान्दल्य् > रान्देल ए प्रमाणे शब्दावतारनो क्रम होय. जेम रान्दल ने रान्देल छे, कइक ते ज प्रमाणे वाघण्य् ने वाघेण, भरवाडण्य् ने भरवाडेण वगेरे छे. आ सौमा अल्प यश्रुति उपान्त्य अक्षर पर प्रतिबिंबित थाय छे, अने सौन्दर्य० > प्रा. सुन्देर, ब्रह्मचर्य० > प्रा. बम्भचेर, वगेरे; के जू. प. रा. धिन < धन्य०, चाणिक < चाणक्य०, वगेरे; के बोल्यो > (प्रान्तिक) बोइलो, मार्युं > (प्रान्तिक) माइरुं, वगेरेनी जेम प्रतिबिम्बिता ('एपेन्थीसीस')ना नियम अनुसार ए सौ सधाया छे. वाघण्य् वगेरेमा मूळरूप ईकारान्त होवाथी यश्रुति छे, ज्यारे रान्दलना मूळमा रहेलुं रन्ना अग आकारान्त होवाथी तेमां यश्रुति नथी. वळी वाघेण वगेरेमानो उपान्त्य ए (आपणे त्यां प्रचलित परिभाषा प्रमाणे) विवृत छे ज्यारे रान्देलमा ते संवृत छे, तेनुं कारण वाघेण वगेरेना नासिक्य ध्वनि णमां छे. जूज अपवादो बाद करता अर्वाचीन गुजरातीमा सर्वत्र नासिक्य ध्वनिनी पहेलाना ए अने ओ विवृत ज उच्चाराय छे.

बाकी रहेलो रान्देर, उच्चारण-भेदनुं अथवा तो रान्देर जेवा स्थळनामना संगदोषनुं परिणाम होय एम मानवा सिवाय, बीजी कोई रीते समजावी शकाय तेम लागतुं नथी.

उल्लेखो –

व्०ना लोप माटे

प्राकृत माटे पीशल – एजन § १८६; हेमचंद्र – ८।१।१७७; जूनी पश्चिम राजस्थानी माटे टेसीटोरी – एजन, § ३५, स्त्रीलिङ्गी अगोना अल्प आ ना अ माटे हेमचद्र – ८।१।३२९,३३०.

शब्दमध्य रहेला नासिक्य वर्णो पछी वर्गतृतीयना आगम माटे—

°म्र > * °म्ब्र > °म्बिर पीशल—एजन, § २९५; हेमचंद्र—८।२।५६, ८।४।३७६ (१). टर्नर—'गुजराती फोनोलॉजी', § ८४; ब्लोक (परांजपे)—एजन, § १२३, पा. १६१; नरसिंहराव—एजन, पा. ३२८—३३३.

°ल्ल° > ळ° माटे—

°अल्ल प्रत्यय माटे पीशल—एजन § ३९५, पा. ४०४; हेमचंद्र—८।२।१६५. अर्वाचीन गुजराती 'नणदल' 'वगळुं' 'जगलो' 'जोएल' वगेरे-मांनो °ल प्रत्यय मूळ °ल्लमांथी ज आवी शके; मूळना °लनो अर्वा० गुज ०मां °ळ थाय छे. जुओ टर्नर—'गुजराती फोनोलोजी' § ७०; नरसिंहराव—एजन पा. ३६२—३६८.

९—"साधु" वाणियो

गुजरात-काठियावाडना धर्मिष्ठ हिंदुओमां सत्यनारायणनी कथा करवानो प्रचार छे. ते कथामां सत्यनारायण देवे करेली माणसोनी सत्यपरीक्षानां जे केटलांक दृष्टान्तो छे, तेमानुं एक "साधु"—वाणियानुं छे. आ साधु—वाणियो परदेशथी द्रव्य रळी, वहाणमां भरी स्वदेश तरफ प्रयाण करे छे, त्यारे मार्गमां तेनी सत्यपरीक्षा करवामा आवे छे. आमांथी अहीं आपणने मात्र "साधु" ए शब्द ज प्रस्तुत छे. वाणियाने "साधु" केम कह्यो ते कंई समजातुं न हतुं. सं० साधुनो अर्थ 'सारो' 'भलो' वगेरे थाय छे, पण ते उपाधि वाणियाने लगाडवामां कांई खास औचित्य होय एवु नहोतु लागतुं. अचानक ज केटलीक माहिती अथडाता, आ बावत पर प्रकाश पड्यो. संस्कृत साधुना उपरोक्त अर्थ उपरांत "झवेरी" तेम ज "वेपारी" "शराफ" "शावकार" एवा अर्थ पण कोशकारोए नोंधेला छे.[७] अने प्रस्तुत कथामां आ "वेपारी" के "शावकार" अर्थ उद्दिष्ट छे.

आमां एटलुं लक्षमां राखवानुं छे के साधुना "वेपारी" वगेरे अर्थो पाछळना समयमां विकसेला छे, केम के ते अर्थमां ए शब्दनो सामान्यपणे शिष्टकालीन संस्कृतमां वपराश नथी मळतो. पण साधुना अर्वाचीन भारतीय-आर्य अवतारो "वेपारी" वगेरे नवा विकसेला अर्थोमां ज वपराय छे. हिंदी साहु; पंजाबी साऊ; सिंधी साहू, साऊ; गुजराती साहु, साउ, साहुकार,

७ मोनीयर विलिअम्स : 'संस्कृत-इंग्लीश डिक्शनरी' पा १२०१, साधु शब्द नीचे.

साउकार, सावकार, शावकार; मराठी साऊ, साव; बंगाळी साहुकार, नेपाळी साउ, साहु–सं. साधु°, प्रा. साहुमांथी नीपजेला आ शब्दो' सामान्यपणे "सन्मान्य गृहस्थ" "शराफ" "धीरधार करनार" एवा अर्थमां प्रयोजाय छे.

आमां गुजराती (१) साउ ए स्वरूप सं. साधु° > प्रा. साहु > ज. प. रा. *स्हाउ >साउ ए क्रमे, (२) तेमांथी साउ + °कार < [प्रतिसंप्रसारण द्वारा] सावकार अने (३) तेना समानार्थ फारसी शाह (दा. त. शाहसोदागर) ए शब्दना आदि ध्वनिनी असरथी शाहुकार के शावकार सधाया छे.

उल्लेखो —

हूनी पीछेहठ अने लोप माटे –

नरसिंहराव–एजन, पा २८४–३०८.

प्रतिसंप्रसारण माटे –

'टर्नर–गुजराती फोनोलॉजी' § २७ (४), २९,४९; नरसिंहराव–एजन पा. १२५–१२८; °कार माटे सरखावो अ. गु. 'सूनकार' (=शून्य).

१०–तव, तवे, वगेरे.

पंडित बेचरदासे तव, कव वगेरेना मूळ विशे माहिती मागी छे.' श्री सुनीतिकुमार चेटर्जीना ग्रंथ 'धी ओरिजीन एन्ड डेवेलप्मेन्ट ओफ धी बेङ्गाली लेंग्वेज' भाग २ (१९२६), पा. ८५६–८५७, परिच्छेद ६०२ मांथी आ विषयमां प्रस्तुत अंशनो सार अहीं आप्यो छे.

बंगाळीना तवे, एवे, जवे, कवेने मळतां व्रजमां तवै, अवै–अवे, जवै, कवै; आसामीमां तेवे, एवे, जेवे, केवे; ने हिंदीमां तब, अब, जब, कब छे. आमां °एकारान्त के °ऐकारान्त रूपो सप्तमीना होवा जोईए. सप्तमीनो प्रत्यय °ए, °ऐ < अहि, अहिँ एम समजावी शकाय. एटले ए रूपोने आधारे आपणे *तव° (तॅंव°), ऍव°, *जव° (*जॅंव°), *कव° (कॅंव°)

---

८ ब्लोक (पराजपे)–एजन, पा. ४६२, साव शब्द नीचे; टर्नर–'नेपाली डिक्शनरी पा. ५५५, साउ शब्द नीचे.

९ 'शिक्षण अने साहित्य', ओक्टो. १९४१, पा. १८; वळी जुओ टर्नर–'नेपाली डिक्शनरी', पा. १८ अब नीचे.

अने सप्तमीना *तंव्रहि (*तेंव्रहि), एँव्रहि, वगेरेने मूळना शौरसेन के मागध अपभ्रंश रूपो तरीके कल्पी शकीए.

वैदिक भाषामां एव, एवा ए अव्ययनो मूळ अर्थ 'आवी रीते' थतो; पछीथी ते मात्र भारदर्शक तरीके ज वपरावा लाग्यो, ज्यारे 'आवी रीते' ए अर्थ दर्शाववा वैदिक समयना पाछळना भागमां, कदाच एव, एवानुं विस्तीर्ण रूप एवम् वपरावा लाग्युं. आ एवम् नुं मध्य भारतीय-आर्यना बीजा थरमां एँव्रं थयुं, अने तेना स्वरूपान्तर तरीके *एँव्रं, एँव्रा पण ते समये वपराशमां होवा जोईए, अने तेमना मूळना रीतिवाचक अर्थमांथी काळवाचक अर्थ विकास्यो होवो जोईए. आ काळवाचक अर्थना दृढीकरण माटे ते शब्दने सप्तमीनो प्रत्यय लगाडवामां आव्यो होय (एँव्रहिँ *एँव्रहि).

अपभ्रंश भूमिकामां आ एँव्रहिँ, एँव्रहिनो सार्वनामिक अंग ए० < एत० साथे जाणे के ते तेमांथी सधायुं होय तेम मेळ बेसी गयो होय. मध्य भारतीय-आर्यनी शरूआतनी भूमिकामां *तेवं, *येवं, *केवं जेवा बीजा सार्वनामिक क्रियाविशेषणो सादृश्ये घडायां होय ए घणुं ज संभवित छे. आमांथी *तेंव्रं > *तेंव्रं, वगेरे थया होय; अने अकारान्त सार्वनामिक अंगो त°, य°, क° पूर्व अंश तरीके मूकातां *तवं > *तव्रं, वगेरे सधायां होय. आम ए सौ एव, एवम् > एँव्रं ना आधारे घडायां छे. अवे, अव ए अ° वाळां रूप एवँ, एवेना क्षीण थवाथी थयां होय एम लागे छे.

आ कल्पनाने आधार आपे तेवां केटलांक रूपो खरेखर हेमचंद्रना प्रतीच्य अपभ्रंशमां मळी आवे छे. एव ने आधारे घडाएला *तेव, *येव, *केव एमां रहेला व्° ना नासिक्यभावथी एंव=एवँ; तेंव=तेवँ; जेंव=जेवँ, जिवँ; केंव=केवँ, किवँ ए सौ सधायां छे. अर्वाचीन भारतीय-आर्यमां आ रीतिदर्शक क्रियाविशेषणोना वंशजो मळी आवे छे.[१०] आ क्रियाविशेषणोनां सप्तम्यन्त रूपो काळसूचक क्रियाविशेषणो तरीके प्रतीच्य अपभ्रंशमां वपरातां. हेमचंद्रमां ज एवँहिँ टांकेलुं मळे छे. एटले उपर सूचवेला अवे, एवे ना उद्भवक्रम माटे आथी पुष्टि मळे छे.

*

१० उ. त. गुजराती एम, केम, जेम, तेम. आम गुजराती शब्दोनी व्युत्पत्ति पर पण प्रकाश पडे छे.

प्राकृत भाषाका मदनमुकुट कामशास्त्र

ले०—श्रीयुत अगरचंदजी नाहटा; बीकानेर

प्राकृत भाषामें जैनेतर विद्वानोंके रचित मौलिक ग्रंथोंका प्रायः अभाव सा है। कुछ ग्रन्थ रचे गये अवश्य हैं पर खोज-शोधके अभावसे हमें अद्यावधि उनका कोई पता नहीं है। इस वर्ष बीकानेर स्टेट लायब्रेरीके* हस्तलिखित ग्रंथोंका अवलोकन करते समय, प्राकृत भाषाके जैनतर ग्रन्थ नजर आये; †जिनमेंसे "लीलावती" नामक कथा-ग्रंथकी प्रतियाँ तो अलग भी उपलब्ध हैं पर दूसरा "मदनमुकुट" नामक कामशास्त्र नया ही उपलब्ध हुआ। उसी ग्रन्थका परिचय इस लघुटिप्पणीद्वारा कराया जा रहा है।

प्रस्तुत ग्रंथकी प्रति व्याकरण विषयक बंडलके भीतर बंधी हुई थी। मेरे ख्यालसे मेरे अवलोकनसे पूर्व इस स्वतंत्र ग्रंथके अस्तित्वका कोई पता नहीं था। क्योंकि यह व्याकरण विषयक पत्रोंमें संलग्नरूपसे लिखित है। इस प्रतिके प्रथम पत्रके प्रथम A पृष्ठमें "इति आख्यातप्रकरणे परसूत्राणि समाप्तानि" लिखा है। B पृष्ठसे इस ग्रंथका प्रारंभ होता है और इसके केवल ५ ही पत्र उपलब्ध हैं। अतः यह ग्रंथ यहां अपूर्ण है। विद्वानोंसे अनुरोध है कि इस ग्रंथकी पूर्ण प्रति कहीं उपलब्ध हो तो सूचित करनेकी कृपा करें।

मदनमुकुटका प्रारंभ

तियलोयं कुसुमसिलीमुहेहि जो जियइ तणुविमुक्कोवि।
सो भीमरूपतवभंगकारणो जयइ पंचसरो ॥ १ ॥
सो जयउ मयणराओ अलिउलकुलवहलपरियणो जस्स।
मलयाणिलमत्तगइंदसंठिओ कुसुमधणुधरणो ॥ २ ॥
आसि पुरे सिंधुतीरे माणिणिमाणिक्कमहाउरम्मि कयनिलओ।
वेओअहिपारगओ विप्पवरो गोसलो नाम ॥ ३ ॥
संसारे मयणमहंधयारे दीउव्व पयडियपहावं।
नामेण मयणमउडं पयासियं तेण मणहरणं ॥ ४ ॥
जो पढइ मयणमउडं अत्थविहूणो वि रूवरहिओ वि।
सो सयलकामिणीणं पाणसमो वल्लहो होइ ॥ ५ ॥
जुवई य पुरंधीओ अन्ना जा का वि पोढमहिलाओ।
दास व्व जत्थ मुणिए वहंति तं पयडियं पयं ॥ ६ ॥

प्रथमपरिच्छेद०—पद्मिनी आदि ४ स्त्रीलक्षण

इति मयणमउडे पढमो परिछेओ ॥ गाथा—२७

द्वितीयपरिच्छेद०—चन्द्रकला पुरुषलक्षण

इअ मयणमउडे बीओ परिच्छेओ ॥ गाथा—३० से ५०

ग्रंथकर्त्ता—सिंधुनदीतीरवर्ती माणिकपुरनिवासी गोसल विप्र।

प्रान्त—८१ वीं गाथा—

धम्मिलबंधयमिसेण थणहरं किंपि पयडए नाहि।
मुत्तूण निविडगंठि, कु ……………॥ ८१ ॥

पउमचरिय और पद्मचरित

[प्राकृत और संस्कृत दोनों जैन रामायणोंकी तुलना]

ले० — श्रीयुत पं० नाथूरामजी प्रेमी

*

परिचय

आचार्य रविषेणका **पद्मचरित**[1] (पद्मपुराण) संस्कृतका बहुत ही प्रसिद्ध ग्रन्थ है और उसका हिन्दी अनुवाद तो उत्तर भारतके जैनोंमें घर घर पढ़ा जाता है, परन्तु विमलसूरिके **पउमचरियको**[2] बहुत ही कम लोग जानते हैं, क्यों कि एक तो वह प्राकृतमें है और दूसरे उसका कोई अनुवाद नहीं हुआ।

रविषेणने पद्मचरितकी रचना महावीर भगवान्‌के निर्वाणके १२०३ वर्ष छह महीने बाद अर्थात् वि० सं० ७३४ के लगभग[3] और विमलसूरिने वीर नि० सं० ५३० या वि० सं० ६० के लगभग की थी[4]। इस हिसाबसे पउमचरिय पद्मचरितसे ६७४ वर्ष पहलेकी रचना है। जिस तरह पउमचरिय प्राकृत जैन-कथा-साहित्यका सबसे प्राचीन ग्रन्थ है, उसी तरह पद्मपुराण संस्कृत जैन-कथा-साहित्यका सबसे पहला ग्रन्थ है।

विमलसूरि राहु नामक आचार्यके प्रशिष्य और विजयाचार्यके शिष्य थे[5]। विजय नाइलकुलके थे। इसी तरह रविषेण अर्हन्मुनिके प्रशिष्य और लक्ष्मण-सेनके शिष्य थे। अर्हन्मुनिके गुरु दिवाकर यति और उनके गुरु इन्द्र थे[6]।

---

१ माणिकचन्द्र-जैन-ग्रन्थमाला, बम्बई, द्वारा प्रकाशित।

२ जैनधर्मप्रसारक सभा, भावनगर, द्वारा प्रकाशित।

३ द्विशताभ्यधिके समासहस्रे समतीतेऽर्धचतुर्थवर्षयुक्ते।
जिनभास्करवर्द्धमानसिद्धे चरितं पद्ममुनेरिदं निबद्धम्॥ १८५॥

४ पंचेव वाससया दुसमाए तीसवरससंजुत्ता।
वीरे सिद्धिमुवगए तओ निबद्धं इमं चरियं॥ १०३॥

५ राहू नामायरिओ स-समय-परसमयगहियसब्भाओ।
विजओ य तस्स सीसो नाइलकुलवंसनंदियरो॥ ११७॥
सीसेण तस्स रइयं राहवचरियं तु सूरिविमलेण।
सोऊणं पुव्वगए नारायण-सीरि-चरियाइं॥ ११८॥

६ आसीदिन्द्रगुरोर्दिवाकरयतिः शिष्योऽस्य चार्हन्मुनिः।
तस्माल्लक्ष्मणसेनसन्मुनिरद:शिष्यो रविस्तु स्मृतः॥ १६६॥

नाइलकुलका उल्लेख नन्दिसूत्र-पट्टावलीमें मिलता है। भूतदिन्न आचार्यको भी—जो आर्य नागार्जुनके शिष्य थे—'नाइलकुलवंशनंदिकर' विशेषण दिया गया है। जैनागमोंकी नागार्जुनी वाचनाके कर्त्ता यही माने जाते हैं। मुनि श्रीकल्याणविजयजी आर्य स्कन्दिल और नागार्जुनको लगभग समकालीन मानते हैं[1] और आर्य स्कन्दिलका समय वि० सं० ३५६ के लगभग है। पुष्पिकामें विमलसूरिको पूर्वधर कहा है।

रविषेणने न तो अपने किसी संघ या गण-गच्छका कोई उल्लेख किया है और न स्थानादिकी ही कोई चर्चा की है। परन्तु सेनान्त नामसे अनुमान होता है कि शायद वे सेनसंघके हों; यद्यपि नामोंसे संघका निर्णय सदैव ठीक नहीं होता। इनकी गुरुपरम्पराके पूरे नाम इन्द्रसेन, दिवाकरसेन, अर्हत्सेन और लक्ष्मणसेन होंगे, ऐसा जान पड़ता है।

उद्योतनसूरिने अपनी कुवलयमालामें—जो वि० सं० ८३५ की रचना है—विमलसूरिके **'विमलांक'**[2] (पउमचरिय) और **'हरिवंश'** इन दो ग्रन्थोंकी तथा रविषेणके पद्मचरितकी[3] (जटिलमुनिके वरांगचरितकी भी) प्रशंसा की है[4]। इससे मालूम होता है कि उनके सामने ये दोनों ही ग्रन्थ मौजूद थे[5]। हरिवंशको उन्होंने 'प्रथम' कहा है जिसका अर्थ संभवतः यह है कि हरिवंशकी उत्पत्तिके सम्बन्धमें सबसे पहले उन्होंने लिखा।

---

१ देखो, 'वीर-निर्वाण-सवत् और जैन-कालगणना', नागरी-प्रचारिणी पत्रिका, भाग १०-११,

२ जारिसयं विमलंको विमलं को तारिस लहइ अत्थं।
अमयमइयं च सरस सरस चिय पाइय जस्स ॥ ३६ ॥

बुहयणसहस्सदइयं हरिवंसुप्पत्तिकारयं पढमं।
वंदामि वंदियं पि हु हरिवंसं चेव विमलपयं ॥ ३८ ॥

३ जेहिं कए रमणिज्जे वरंग-पउमाण चरियवित्थारे।
कहव ण सलाहणिज्जे ते कइणो जडिय-रविसेणे ॥ ४१ ॥

४ पुन्नाटसंघीय जिनसेनने और अपभ्रंश भाषाके कवि धवलने रविषेणके बाद जटिल-मुनिका उल्लेख किया है, इससे अनुमान होता है कि जटा-सिंहनन्दिका वरांगचरित शायद रविषेणके पद्मचरितके बादका हो।

५ पउमचरियकी, वि० स० ११९८ में जयसिंहदेवके राज्य-कालमें, भड़ोचमें लिखी गई एक ताडपत्रीय प्रति उपलब्ध है। (देखो जैसलमेरके ग्रन्थ-भंडारकी सूची, पृ० १७)

आचार्य जिनसेन (पुन्नाटसंघीय) ने भी अपने हरिवंशपुराण (वि० सं० ८४०) में—जो उद्योतनसूरिके पाँच वर्ष बाद ही की कृति है—रविषेणके पद्मचरितकी प्रशंसा[1] की है।

प्राकृतका पल्लवित छायानुवाद

दोनो ग्रन्थकर्ताओंने अपने अपने ग्रन्थमें रचनाकाल दिया है, उससे यह स्पष्ट है कि पउमचरिय, पद्मपुराणसे पुराना है और दोनो ग्रन्थोंका अच्छी तरह मिलान करनेसे मालूम होता है कि पद्मपुराणके कर्ताके सामने पउमचरिय अवश्य मौजूद था। पद्मपुराण एक तरहसे प्राकृत पउमचरियका ही पल्लवित किया हुआ संस्कृत छायानुवाद है। पउमचरिय अनुष्टुप् श्लोकोंके प्रमाणसे दस हजार है और पद्मचरित अठारह हजार। अर्थात् प्राकृतसे संस्कृत लगभग पौने दो गुना है। प्राकृत ग्रन्थकी रचना आर्या छन्दमें की गई है और संस्कृतकी प्रायः अनुष्टुप् छन्दमें, इसलिए पद्मपुराणमें पद्य तो शायद दो गुनेसे भी अधिक होंगे। छायानुवाद कहनेके कुछ कारण—

१ दोनोका कथानक बिल्कुल एक है और नाम भी एक हैं।

२ पर्वों या उद्देसों तकके नाम दोनोंके प्रायः एकसे हैं।

३ हरएक पर्व या उद्देसके अन्तमें दोनोने छन्द बदल दिये हैं।

(१) वृत्ति, उपरोक्त शान्तिसूरि, या खरतर जिनमहोपाध्याय । प्रति — जैसलमेर भडार (सूची, पृष्ठ ५४) ।

७ **शतकत्रय,** मूल कर्त्ता — महाकवि भर्तृहरि, समय ई. ६५० ।

(१) टीका, कर्त्ता — उपकेशगच्छीय सिद्धसूरि शिष्य धनसार; समय १६ वीं शताब्दीका उत्तरार्ध । प्रतिया — बीकानेर स्टेट लाइब्रेरी, हमारे सग्रहमें २४९२—९३, श्रीपूज्यजी भडार, भा. इ. पूना ।

(२) भाषाटीका, खरतर रूपचद, समय १७८८, कार्तिक वदि १३, सोजत । मत्री मनरूप आग्रहसे रचित । प्रति — श्रीपूज्यजी भडार ।

(३) भाषाटीका, ख० लक्ष्मीवल्लभ, समय १८ वीं श० का पूर्वार्ध । उल्लेख — पंजाब भडार सूची, न. २४७७ ।

(४) स्वार्थसिद्धिमणिमाला वृत्ति, ख० वे० जिनसमुद्रसूरिकृत । प्रति — जैसलमेर भडार ।

(५) हिन्दी पद्यानुवाद, कर्त्ता — विनयलाभ, समय १७ वीं श० । प्रति हमारे सग्रहमें ।

(६) हिन्दी गद्यपद्यानुवाद, कर्त्ता — खरतर यति नैनसिंह, स. १७८६ विजयदसमी । प्रति हमारे सग्रहमें ।

(७) बाला० — ख० अभयकुशलकृत, स. १७५५ । प्रति — यति प्रेमसुदर ।

८ **अमरुशतक,** मूल क० — अमरु कवि, समय ई. ६५०—७५० ।

(१) टीका, कर्त्ता — उपरोक्त ख० रूपचद, स. १७९१, आश्विन शुक्ला १५ । प्रतिया — दानसागर भडार, वर्धमान भडार ।

९ **गाथासप्तशती,** मूल क०— कवि हाल, समय ई. स २०० से ४५० । टी० आजड, उ० चतुरविजयजी एव हीरालालके लेखोंमें ।

१० **विषमकाव्यवृत्ति,** मूल क० — अज्ञात, (१) टी० जिनप्रभसूरि ।

गद्य काव्य

१ कादम्बरी, मूल क० — बाणभट्ट और पुलीन्द्र, समय ई. ६४० ।

(१) टीका, कर्त्ता — तपागच्छीय उ० भानुचंद्र और शिष्य सिद्धिचंद्र, समय १७ वीं शताब्दी । प्रतियां — प्रकाशित हो चुकी है । भां. रि. इं. पूना ।

(२) पद्यमें कथासार, कर्त्ता — श्रीमाली ज्ञातीय ख० श्रावक मंत्री मंडन, समय १६ वीं श० का पूर्वार्ध । प्रतियां — पाटणभंडार ।

(३) कथासार, लोकभाषा (गुजराती) में उपरोक्त सिद्धिचन्द्रने सार भी लिखा है, जो कि 'पुरातत्त्व' त्रै० में प्रकाशित हो चुका है ।

२ वासवदत्ता, मूल क० — सुबन्धु, समय ई. ६०० ।

(१) टीका, कादम्बरी टीकाकार सिद्धिचंद्र, समय १७ वीं शताब्दी । प्रति — भां. रि. इं. पूना; नं ७८१ ।

स्तोत्र

१ लघुस्तव (त्रिपुरा स्तोत्र), मूल क० — लघु पंडित ।

(१) टीका, कर्त्ता — रुद्रपल्लीय सोमतिलकसूरि, समय विक्रमीय १४ वीं श० का उत्तरार्ध । प्रतियां — हमारे संग्रहमें नं. २९ । यह कृति प्रकाशित भी देखनेमें आई है ।

(२) बालावबोध, खरतर रूपचंद्र, समय सं. १७९८, माघ वदि २ सोमवार । प्रति — हमारे संग्रहमें प्रेस कॉपी, मूल राजलदेसरमें ।

२ गंगाष्टक

(१) टीका, पूर्वाचार्यविरचित । उ० शोभनचतुर्विंशति भूमिका, पृ. ३१ ।

३ गायत्री

(१) वृत्ति, शुभतिलकोपाध्याय, समय १७ वीं श० (अनुमान) । प्रति — अनेकार्थरत्नमंजूषामें प्रकाशित ।

(२) वृत्ति, यशचंद्रकृत । उल्लेख — "जैनेतर साहित्य अने लेखो" लेखमें ।

(३) हिन्दी, अनुवाद, क० — आत्मारामजी, समय २० वीं श०, प्रकाशित ।

४ महिम्न, मूल क० — पुष्पदंत, वि. सं. ११२० के पूर्व, (श्रीनाथूराम प्रेमीके अनुमानसे दि० महाकवि पुष्पदंत) वि. सं. ११ वीं शताब्दी ।

(१) टीका, हर्षकीर्तिसूरि, समय १७ वीं शताब्दी । प्रति — भां. रि. इं. पूना ।

५ सूर्यशतक, मूल कर्त्ता — महाकवि मयूर, समय ई. ६२५ ।

(१) अवचूर्णि, कर्त्ता—मुनिसुंदरसूरि शि०, समय १५ वीं श०। प्रति—जयचंद्रजी भंडार, बीकानेर।

चम्पू

१ **नलदमयन्तीकथा,** मूल क०—त्रिविक्रमभट्ट, समय ई. ९१५।

(१) वृत्ति, खरतरगच्छीय गुणविनय, रचना सं. १६४६। प्रति—बीकानेर स्टेट लाइब्रेरी; बं. रा. ए. सोसायटी, एवं पाटण-भंडार।

नाटक

१ **अनर्घराघव,** मूल क०—मुरारि, समय ई. ८५० के पूर्व।

(१) रहस्यादर्शवृत्ति, मलधारि देवप्रभसूरि, (श्लोक ७५००) समय १३ वीं का उत्तरार्ध। प्रति—पाटण भंडार एवं बीकानेर स्टेट लाइब्रेरी।

(२) टिप्पन, उपर्युक्त देवप्रभसूरि (?) शिष्य नरचंद्रसूरि (श्लो० २३५०) समय १३ वीं श० का उत्तरार्ध। प्रति—जैसलमेर भंडार, भां. रि. इं. पूना।

(३) टीका, तपागच्छीय जिनहर्ष, समय १५ वीं शताब्दीका उत्तरार्ध। प्रति—पाटण-भंडार, भां. रि. इं. पूना।

२ **कर्पूरमंजरी,** मूल क०—राजशेखर, समय ई. ९००।

(१) टीका, ख० पिप्पलक शाखाके धर्मचंद्र, रचना समय १४९८ से १५०५। प्रति—बंगाल रा. ए. सोसायटी (नं. १२६१), भां. रि. इं. पूना नं. ४१९।

(२) अवचूरि, नागपुरीय तपागच्छीय हर्षकीर्तिसूरि, समय १७ वीं शतक। प्रति—बीकानेर स्टेट लाइब्रेरी, पत्र १४।

भाषाकाव्य

१ **सन्देशरास,** मूल क०—अब्दुल रहमान, समय १५ वीं श० (अनु०)।

(१) टीका, क०—रुद्रपल्लीय लक्ष्मीचन्द, रचना सं. १४६५। प्रति—बीकानेर स्टेट लाइब्रेरी, हरिसागरसूरि भंडार, जोधपुर राज लाइब्रेरी। विशेष परिचयके लिये देखें मेरा लेख—राजस्थानी वर्ष ३, अंक २, पृष्ठ ५६ में प्रकाशित।

(२) टीका, लब्धिसुन्दररचित, अपूर्ण प्रति हमारे संग्रहमें है।

यह ग्रन्थ वृत्तिद्वयसहित 'भारतीयविद्या ग्रन्थावलि' में शीघ्र ही प्रगट होगा।

२ **पृथ्वीराजवेलि,** मूल क०—पृथ्वीराज, र. स. १६३७।

(१) वृत्ति, क०—पद्मसुन्दर शिष्य सारंग; संस्कृत रचना समय १६७८,

पालणपुर। प्रति — बृहद् ज्ञानभंडार, बीकानेर स्टेट लाइब्रेरी। प्रकाशित, हिन्दुस्तानी एकेडेमीसे 'वेलि कृष्णरुक्मणीरी'के परिशिष्टमें।

(२) टीका, कर्त्ता ख० श्रीसार, संस्कृत, र. सं. १७०३ विजयादशमी। प्रति — श्रीपूज्यजी संग्रह, गोविन्द पुस्तकालय।

(३) बालावबोध, क० — खरतर जिनमाणिक्यसूरिसन्तानीय कुशलधीर, र. सं. १६४६ विजयदशमी। प्रति — पूर्णचन्द्र नाहर संग्रह, गुटका न. ९८।

(४) बालावबोध, क० — खरतर समयसुन्दर शिष्य, हर्षनन्दन शिष्य जयकीर्त्ति, र. सं. १६८६। भि० बीकानेर। प्रति — बृहद् ज्ञानभंडार।

(५) टबा, कर्त्ता — ख० शिवनिधान, समय १७ वीं श० का शेषार्ध। प्रति — वर्धमान भण्डार, श्रीपूज्यजी भण्डार।

(६) टबा, कर्त्ता — ख० कमलरत्नशिष्य दानधर्म, सं. १७२७ लि० प्रति — महिमाभक्ति भंडार, वं. न. ३२।

३ विहारी सतसई, मूल क० — विहारी कवि, समय सं. १६६० से १७२०।

(१) संस्कृत वृत्ति, क० — नागौरी लुंकागच्छीय वीरचन्दशिष्य, र. सं. १८६० माघ शुदी १ बीकानेर। प्रति — वर्धमानभण्डार, श्रीपूज्यजी संग्रह।

(१) बालावबोध, क० — विजयगच्छीय मानसिंह, सं. १७३४ लि० प्रति। परिचय देखें, नागरी प्रचारिणी पत्रिका भाग ९, पृ. १०२, एवं कर्त्ताके विषयमें मेरा लेख, देखें नागरी प्रचारिणी पत्रिका।

४ रसिकप्रिया, मूल क० — केशवदास, समय सं. १६१२ से १६७४।

(१) टबा, कर्त्ता — ख० कुशलधीर, र. सं. १७२७, मि. सु. १५ जोधपुर (कुशललाभ कथनसे रचित) प्रति — वर्धमान भंडार, पत्र ९१; भा. रि. इं. पूना।

(२) संस्कृत वृत्ति, कर्त्ता — ख० मतिरत्नशिष्य समरथ, र. सं. १७५१ (?) श्रा. सु. ५ जालिपुर। प्रति — श्रीपूज्यजी भण्डार, दानसागर भण्डार।

बौद्ध न्याय

१ न्यायप्रवेश, मूल क० — बोद्धाचार्य दिङ्नाग, समय ई. ४२५।

(१) टीका, क० — हरिभद्रसूरि, समय वि. स. ७५७ से ८२७। प्रति — पाटण — भण्डार।

(२) पंजिका, कर्त्ता — पार्श्वदेव (श्रीचन्द्रसूरि), समय विक्रमीय संवत् ११६९। उपरोक्त ग्रन्थ टीका और पजिकाके साथ 'गायकवाड़ ऑरिएन्टल सीरीज'से (न. ३८) प्रकाशित हो चुका है। प्रति — पाटण भंडार।

२ न्यायबिन्दु—धर्मोत्तरटिप्पण, क०—मूल धर्मोत्तर, समय ई. स. ६५० से ७२० ।

(१) टिप्पणकार, मल्लवादी, समय १० वीं शताब्दी (प्रभावकचरित्र पर्यालोचन पृष्ठ ५७) पं० राहुलमतानुसार समय ई. ८२५, पृ. ५७ । प्रति—जैसलमेर भंडार ।

३ न्यायालंकार, मूल क०—श्रीकण्ठ ।

(१) टिप्पणकार, ख० जिनेश्वरसूरि शिष्य अभयतिलक, समय सं. १३१२ के लगभग । प्रति—जैसलमेर भंडार ।

वैशेषिक

४ न्यायकन्दली, मूल क०—श्रीधर ।

(१) टिप्पण, क०—हर्षपुरीयगच्छीय मलधारी देवप्रभसूरि (?) शिष्य नरचन्द्रसूरि, समय १३ वीं शताब्दीका शेषार्ध । प्रति—पाटण भांडार ।

(२) पंजिका, क०—उपरोक्त नरचन्द्रसूरिकी परम्परामें राजशेखरसूरि, समय सं. १३८५ ।

५ न्यायसार, मूल क०—भासर्वज्ञ ।

(१) न्यायतात्पर्यदीपिका, क०—कृष्णर्षिगच्छीय जयसिंहसूरि, समय १५ वीं श० का पूर्वार्ध । प्रति—बीकानेर स्टेट लाइब्रेरी, हमारे संग्रहमें, रॉयल एशियाटिक सोसायटी, बंगाल ।

(२) अवचूरि रूप पर्याय, क०—हर्षकीर्तिसूरि, लिखित सं. १६३२ । बीकानेर स्टेट लाइब्रेरी ।

६ महाविद्याविडम्बन, मूल क०—भट्ट वादीन्द्र, (कुलीक योगाचार्य) ।

(१) टीका, क०—तपागच्छीय भुवनसुन्दरसूरि, समय १५ वीं श०का शेषार्ध । प्रति—बं. रॉ. ए. सोसायटी, प्रकाशित—गायकवाड ऑरिएन्टल सीरीज (नं. १२) ।

७ सप्तपदार्थी, मूल क०—शिवादित्य ।

(१) टीका, क०—खर० जिनवर्धनसूरि, र. समय १४१४ । प्रति—बीकानेर स्टेट लाइब्रेरी, हमारे संग्रहमें ।

(२) टीका, कर्त्ता—ख० भावसागर, र. समय सं. १७३०, मि. सु. बेनातट । प्रति—कृपाचन्द्रसूरि ज्ञानभंडार ।

(३) टीका, क०—बालचन्द्र, प्रति—वीरविजय भंडार, राधनपुर (उल्लेख—जैन सप्तपदार्थी, पृ. १३)।

(४) टीका, क०—सिद्धिचन्द्र (विमलभंडार, अहमदाबाद), उल्लेख—भानुचन्द्र चरित्र ।

८ **तर्कभाषा**, मूल क०—गाचार्य (?)।

(१) वार्तिक, क०—तपा० शुभविजय, र. स. १६६३ (पद्मसागर संशोधित), प्रति—अहमदाबाद पगथिया-मंडार ।

९ **तर्कभाषा**, मूल क०—केशवमिश्र ।

(१) टीका, सिद्धिचन्द्र । प्रति—विमल-भण्डार, अहमदाबाद (उल्लेख—भानुचन्द्र चरित्र)।

१० **तर्कसंग्रह**, मूल क०—अन्नभट्ट ।

(१) फक्किका, कर्त्ता—ख० क्षमाकल्याण, रचना सं. १८२८ सूरत। प्रति—श्रीपूज्यजी संग्रह ।

(२) पदार्थबोधिनी टीका, कर्त्ता—ख० दीपचन्द्र शिष्य कर्मचन्द्र, र. सं. १८२४, नागपुर । प्रति—विजयधर्म ज्ञानमंदिर, आगरा ।

११ **लक्ष्मसंग्रह**, मूल क०—भट्ट नरोत्तम ।

(१) टीका, क०—रत्नशेखरसूरि । उ० पं० सुखलालजी लिखित "जैन न्यायनो विकाश क्रम" (प्र० जैन साहित्यसम्बन्धी लेखोनो संग्रह), प्रति—भां. इं. नं. ३९९, रि. १८७५–७६ ।

वैद्यक

योगरत्नमाला, मूल क०—नागार्जुन ।

(१) वृत्ति, क०—श्वेताम्बर गुणाकर, रचना समय १२९६ । प्रति, श्रीपूज्यजी संग्रह, बीकानेर स्टेट लाइब्रेरी ।

२ **योगशत टीका**, मूल क०—वररुचि ।

(१) टीका, क०—पूर्णसेन । प्रति—हमारे संग्रहके गुटकेमें; पं. भगवानदासजी जयपुर, भां. रि. इन्स्टीट्यूट, पूना ।

३ **अष्टांगहृदय**, मूल कर्त्ता—वाग्भट (बौद्ध ?) समय ई० ८००के लगभग।

(१) टीका, क०—दिगम्बर आशाधर, समय वि० १२५० से १३००। उल्लेख—स्वयं आशाधरके अन्यान्य ग्रन्थोंमें ।

४ माधवनिदान, मूल क० – माधव, समय ई० ८०० के आसपास।

(१) टबा, क० – ख० ज्ञानमेरु, समय १७वीं श० के आसपास। प्रति – दानसागर भंडार, पत्र १२०।

५ सन्निपातकलिका

(१) टबा, कर्त्ता – ख० हेमनिधान, र. सं. १७३३। प्रति – श्रीपूज्यजी संग्रह, नं. १४४१ पत्र ८।

(२) टबा, कर्त्ता – ख० रूपचन्द्र, र. स. १७३१ (९१?) मा. सु. १, पालीपुर विजयसिंह राज्ये। प्रति – पूर्णचन्द्रजी नाहर संग्रह, नं. ४६०९ पत्र २५

६ पथ्यापथ्य

(१) टबा, क० – चैनरूप, र. सं. १८३५ मि. सु. १५ चतरु हेतवे। प्रति – दानसागर भण्डार।

७ वैद्यजीवन, मूल क० – लोलिम्बराज।

(१) पद्यानुवाद, कर्त्ता – गगाराम यति, र० सं० १८७२। उल्लेख – The Search for Hindi Mss in Punjab, 1922-23.

(२) टबा, कर्त्ता – ख० सुमतिधीर। प्रति – यति ऋद्धिकरणजी संग्रह चूरु, सं. १८४१ लिखित।

(३) टबा, कर्त्ता – ख० चैनसुख, समय सं. १८१८। प्रति – यति विष्णुदयालजी, फतेपुर।

८ कालज्ञान, मूल क० – शंभुनाथ।

(१) पद्यानुवाद चौपाई, क० – खरतर लक्ष्मीवल्लभ, र. सं. १७४१ नभ पूर्णिमा गु०। प्रति – हमारे संग्रहमें।

९ शार्ङ्गधर, मूल क० – शार्ङ्गधर, समय ई. १२००।

(१) पद्यानुवाद – (वैद्यविनोद), कर्त्ता – ख. रामचन्द्र, र. सं. १७२६ वै. सु. ५। प्रति – बीकानेर भण्डार।

१० तिब्ब सहाबी, मूल क० – लुकमान हकीम।

(१) पद्यानुवाद, (वैद्य हुल्लास), कर्त्ता – मलूकचन्द्र. समय १८ वा शतक। प्रति – हमारे सग्रहमें।

११ शतश्लोकी, चैनसुख, सं. १८२० मा. व. १२ श. । प्रति–यति विष्णुदयालजी, फतेपुर ।

(१) टबा –

ज्यो ति ष

१ लघुजातक, मूल क० – वराहमिहिर, समय ई. ५०० ।

(१) टीका, कर्त्ता– ख० भक्तिलाभ, र. सं. १५७१ विक्रमपुर । प्रति– महिमाभक्ति भण्डार, व. न. ३९ ।

(२) वचनिका, (भाषामें बालावबोध), क० – मतिसागर, स १६०५ के लगभग । प्रति – हमारे संग्रहमें, न. २५१३ ।

(३) टबा, कर्त्ता खुशालसुन्दर – पत्र २८ । प्रति – राजुलदेशर यति ।

२ जातककर्मपद्धति, मूल क० – श्रीपति, समय ई० १०३२ ।

(१) टीका, क०– अचलगच्छीय सुमतिहर्ष । र. स. १६७३ पद्मावती पत्तन । प्रति – हमारे सग्रहमें न. ३७६९, यति ऋद्धिकरणजी सग्रह, चूरु ।

(२) बालावबोध, उपकेशगच्छीय खुशाल सुदर कृत । गदहीया सग्रह सरदार शहर ।

३ ताजिकसार, मूल क० – हरिभद्द ।

(१) टीका, क० – उपरोक्त सुमतिहर्ष, रचना स १६७७, दक्षिणमें, विष्णुदास राज्ये । प्रति – श्रीपूज्यजी सग्रह, वेंकटेश्वर प्रेससे प्रकाशित ।

४ करणकुतुहल, मूल क० – भास्कर, समय १२ वीं श० का उत्तरार्ध ।

(१) टीका, (गणककुमुदकौमुदी), क०– उपरोक्त सुमतिहर्ष, र० स० १६७८ हेमादिराज्ये । प्रति – भाण्डारकर इन्स्टीट्यूट पूना । प्रकाशित – वेंकटेश्वर प्रेस ।

५ महादेव सारणी, मूल क० – महादेव, र. स. शक १२३९ ।

(१) दीपिका, क०– अचलगच्छीय भुवनराजशिष्य धनराज । प्रति – हमारे सग्रहमें न. ५८३ ।

६ ज्योतिर्विदाभरण, मूल क० – कालिदास, समय – १२९९ स. के लगभग ।

(१) वृत्ति, क०– पूर्णिमागच्छीय भावप्रभसूरि, र. स. १७६८ । प्रति– भाण्डारकर इन्स्टीट्यूट, पूना ।

७ विवाहपडल

(१) टीका, कर्त्ता—हर्षकीर्तिसूरि (नागपुरीय तपागच्छीय) समय १७ वीं शताब्दी। प्रति—श्रीपूज्यजीके संग्रहमें।

(२) बालावबोध, कर्त्ता—ख० जिनमाणिक्यसूरिशाखा सोमसुन्दर शिष्य अमर, समय १७ वीं श०। प्रति—श्रीपूज्यजी संग्रह, हमारे संग्रहमें (नं. २५३९), रामलालजीके संग्रहमें।

८ ग्रहलाघव, मूल क०—गणेश।

(१) टीका, क०—तपागच्छीय यशस्वतसागर, र. सं. १७६०। प्रति—विजयधर्मसूरि ज्ञानमन्दिर।

(२) टिप्पन, क०—राजसोम। प्रति—धरणेन्द्रसूरि जयपुर।

९ चंद्रार्की, मूल क०—मौढ दिनकर।

(१) वृत्ति, क०—तपागच्छीय कृपाविजय। प्रति—वर्धमान भण्डार, हमारे संग्रहमें नं. ४६१७.

१० षट्पंचाशिका, मूल क०—भट्टोत्पल।

(१) टीका, कर्त्ता—ख० महिमोदय, समय १८ वीं शताब्दी। प्रति—श्रीपूज्यजी संग्रह।

११ भुवनदीपक, मूल क०—हरिभद्र।

(१) बालावबोध, कर्त्ता—ख० लक्ष्मीविजय, र० सं. १७६७ मि० व० १०। प्रति—महिमाभक्ति भंडार, वर्धमान भंडार।

१२ चमत्कारचिन्तामणि, मूल क०—राजर्षि भट्ट।

(१) बालावबोधिनी वृत्ति, कर्त्ता—ख० पुण्यहर्ष शिष्य अभयकुशल। प्रति—श्रीपूज्यजी संग्रह।

(२) टबा, मतिसारकृत, र. सं. १८२७ फरीदकोट। प्रति—दानसागर भंडार (स्वयं लिखित)।

(३) बालावबोध, (क० अज्ञात) प्रति—दानसागर भं०, रामलालजी संग्रह।

१३ मुहूर्त्तचिन्तामणि, मूल क०—रामचन्द्र, र. सं. १५२२ शक।

(१) टबा, क०—तपागच्छीय चतुरविजय। प्रति—महिमाभक्ति भण्डार, रामलालजी संग्रह।

१४ होरामकरन्द

(१) टीका, अंचल० सुमतिहर्षकृत । उल्लेख C C. I. Page 128

शकुन

१ **वसन्तराज**, मूल क० – वसन्तराज ।

(१) टीका, क० – तपागच्छीय भानुचन्द्र, समय १७ वीं शताब्दी । प्रति – जैसलमेर भाण्डार, प्रकाशित भी हो गया है ।

गणित

१ **गणिततिलक**, मूल क० – श्रीपति, स० ११ वीं शताब्दी ।

(१) टीका, क० – सिद्धतिलक सूरि, र. सं. १३२२ । प्रकाशित – गायकवाड ओरिएन्टल सीरीज ।

योग

१ **योगदर्शन**, मूल क० – पातञ्जल ।

(१) वृत्ति, क०–तपागच्छीय सुप्रसिद्ध विद्वान यशोविजय, समय १८वां शतक।

(२) हिन्दी में अनुवाद, पं. सुखलालजी । प्र. श्रीआत्मानन्द पु. प्र. मण्डल आगरा ।

नीति

१ **बृहद्चाणक्य**, मूल क० – चाणक्य ।

(१) टबा, क० – खरतर शान्तिहर्ष शिष्य लालचन्द्र, समय १८ वीं श०। प्रति – बालापुर भण्डार, पत्र ४६ ।

२ **पंचतंत्र**, मूल क० – विष्णुशर्मा, समय ईसवी २ रा शतक ।

(१) भाषापद्यानुवाद चौपाई, क० – पूर्णिमागच्छीय रत्नसुन्दर, र. सं. १६२२ आणंद । प्रति – मोहनलाल सेन्ट्रल लाईब्रेरी, महिमाभक्ति भण्डार ।

(२) भाषापद्यानुवाद – (पञ्चाख्यान) चौपाई, कर्त्ता – नागपुरीय तपा० वैद्यराज, र. स. १६४८ आ० सुदि ५ र० । प्रति – विजयधर्मसूरि ज्ञानमन्दिर ।

*

प्राकृत भाषा अने संघ विषेना महेश्वरसूरिनां 'नाणपंचमी' कथान्तर्गत मन्तव्यो

*

लेखक—श्रीयुत प्रो० अमृतलाल सवचंद गोपाणी, एम्. ए.

પ્રાકૃત ભાષા

જ્ઞાનપંચમીકથાના લેખક શ્રી મહેશ્વરસૂરિનો પ્રાકૃતભાષા તરફ પક્ષપાત હતો. "મંદબુદ્ધિવાળા મનુષ્યો સંસ્કૃત કાવ્યના અર્થને જાણી શકતા નથી તેથી સૌ કોઈથી સુખેથી સમજી શકાય તેવું આ પ્રાકૃત રચ્યું છે. ગૂઢાર્થવાળા દેશી–પ્રાકૃત શબ્દોથી રહિત, અત્યંત સુંદર વર્ણોથી રચેલું, આનંદદાયક પ્રાકૃત કાવ્ય કોના હૃદયને સુખ આપતું નથી? પરોપકારરત પુરુષે તો આ લોકને વિષે એ જ ભાષા બોલવી જોઈએ કે જેનાથી બાલાદિક સર્વને વિશેષ બોધ થઈ શકે."[1]

ઉપર્યુક્ત શબ્દોમાં પ્રાકૃતભાષા તરફની પોતાની અભિરુચિ શ્રી મહેશ્વરસૂરિએ અસંદિગ્ધપણે અને ખૂબ જ આગ્રહપૂર્વક બતાવી છે. એટલે પ્રાકૃતભાષાની ઉપયોગિતા, તેનો સંસ્કૃત સાથેનો સંબંધ, તેની હૃદયંગમતા, સુખબોધકતા અને તેના તરફના સર્વવ્યાપી આદરભાવ વગેરે વિષે–ખુદ ભગવાન્ મહાવીરથી માંડી પ્રાચીન, અર્વાચીન જૈન–જૈનેતર વિદ્વાન વગેરેએ જે કાંઈ કહ્યુ છે તેની ટુંક નોંધ, લેખકના પ્રાકૃત તરફના પ્રેમને પૂરો ન્યાય આપવા, લેવી અત્ર આવશ્યક છે.

અર્હતો ધર્મની પ્રરૂપણા અર્ધમાગધી (પ્રાકૃતનો જ શૌરસેન્યાદિની માફક એક ભેદ) ભાષામાં કરે છે.[2] ઔપપાતિકસૂત્ર જણાવે છે કે ભગવાન્ મહાવીર કૂણિકને અર્ધમાગધી ભાષામાં ધર્મોપદેશ આપતા હતા.[3] અર્ધમાગધી ભાષા જે બોલે–વાપરે તેને "ભાષાર્ય" (ભાષા+આર્ય) કહેવા એમ પ્રજ્ઞાપનાકાર શ્યામાચાર્ય કહે છે.[4] ભગવતીસૂત્રમાં કહ્યુ છે કે દેવો પણ અર્ધમાગધી ભાષાને પ્રિય ગણે છે અને બોલાતી (કથ્ય) ભાષાઓમાં તે જ ભાષાને વિશિષ્ટ સ્થાન છે.[5]

---

१ सक्कयकव्वस्सत्थं जेण न याणंति मंदबुद्धिया ।
सव्वाण वि सुहबोहं तेणेमं पाइयं रइयं ॥
गूढत्थदेसिरहियं सुललियवन्नेहिं विरइयं रम्मं ।
पाइयकव्वं लोए कस्स न हिययं सुहावेइ ? ॥
परउवयारपरेण सा भासा होइ एत्थ भणियव्वा ।
जायइ जीए विबोहो सव्वाण वि बालमाईणं ॥
—नाणपंचमीकहा, १-२-५

૨ સમવાયાંગસૂત્ર, ૩૪ (આગમોદય સમિતિ પ્રકાશિત) પૃ ૬૦

૩ ઔપપાતિકસૂત્ર (આ. સ. પ્ર.) પૃ ૭૭

૪ પ્રજ્ઞાપનાસૂત્ર (આ સ પ્ર) પૃ ૫૬

૫ ભગવતીસૂત્ર (આ સ પ્ર) પૃ ૨૩૧

આગમો માટે અર્ધમાગધી ભાષા પસંદ કરવામાં ભગવાન્ મહાવીરની સફળ દીર્ઘદ્રષ્ટિનું આપણને અમોઘ દર્શન થાય છે. દૃષ્ટિવાદ નામના બારમા અંગ સિવાયના બધા કાલિક, ઉત્કાલિક અંગસૂત્રોને પ્રાકૃતમાં બોધવામાં અને રચવામાં સ્ત્રી–બાલ વગેરે જીવોને તે વાચવામાં સરળતા રહે એ જ એક શુભાશય હતો.[6] દશવૈકાલિક ટીકામાં યાકિનીસૂનુ હરિભદ્રસૂરિ પણ એક શ્લોક ઉદ્ધૃત કરી એ જ તાત્પર્યનું કહે છે.[7] સર્વ સિદ્ધાન્ત ગ્રંથોને સંસ્કૃતમાં રૂપાંતરિત કરવાની ઇચ્છામાત્ર જ સેવનાર સિદ્ધસેન દિવાકરજીને શ્રી મહાનુભાવ સંઘે પારાંચિક નામનું પ્રાયશ્ચિત્ત ફરમાવ્યું હતું. આ ઘટના શ્રી સંઘના સર્વોપરિપણાની જેટલી દ્યોતક છે તેટલી જ સૌ કોઈએ અર્ધમાગધી ભાષા જ વાપરવી એ બાબતના આગ્રહની વ્યંજક છે–સમર્થક છે.[8] અહિં તો, ગણધરો, પૂર્વધરો કે વિદ્વાન મુનિવરોને સંસ્કૃત ભાષા આવડતી નો'તી એમ નો'તુ. તેઓએ સંસ્કૃતમાં પણ પ્રકાંડ વિદ્વત્તાથી ભરપૂર ભાષ્યો, ટીકાઓ વગેરે તેમ જ અનેકાનેક સંગ્રહગ્રન્થો લખ્યાના દાખલાઓ પ્રકટ થયા છે અને કોણ જાણે કેટલાય હજુ અપ્રકટ પણ હશે!

તે જમાનો બ્રાહ્મણોની આપખુદ સત્તાનો હતો. તેમનો અહં જીવનના નાના મોટા દરેક પ્રસંગમાં જેમ સુસ્પષ્ટરીતે તરી આવતો હતો તેમ ભાષાપ્રયોગ સંબંધે પણ થયું. સંસ્કૃત ભાષા વિદ્વાનોની ભાષા છે. એનો અર્થ પ્રાકૃતભાષાભાષી વર્ગ વિદ્વાન નથી એમ ન કરવો જોઈએ. એનો સીધો અને એક જ અર્થ એ છે કે સસ્કૃત ભાષા વાપરવામાં અને સમજવામાં સ્ત્રી–બાલ–મૂર્ખ અને મંદબુદ્ધિ માણસોને એક ખાસ 'વિશિષ્ટ પ્રયત્નની જરૂર છે જે વિશિષ્ટ પ્રયત્ન આર્થિક, સામાજિક કે સ્વાભાવિક કારણે તેઓ ન કરી શકે. તો પછી સમાજના આ મોટા ભાગને સસ્કૃતિથી વિમુખ રાખવો? સાક્ષરતાનો ઈજારો સસ્કૃતભાષાભાષી લોકોએ જ રાખવો? આ પ્રશ્નો સે'જે ઉપસ્થિત થાય. બ્રાહ્મણ વિદ્વાન વર્ગ પોતાના અહંને એકદમ ત્યજી દે એ પણ લગભગ અશક્ય જેવું હતું. તેથી ભગવાન્ મહાવીરે અર્ધમાગધીમાં અને ભગવાન્ ગૌતમ-બુદ્ધે પાલીમાં, બ્રાહ્મણોની આપખુદ સત્તા સામેના વિરોધ તરીકે અને પોતાના ધર્મોપદેશના મોજાઓ 'આબાલ–ગોપાલ સુધી પહોંચી શકે એ જ એક પરોપકારમય શુદ્ધ હેતુથી પોતપોતાના સિદ્ધાંતોની પ્રરૂપણા કરી. આ પ્રથા સ્થાપવામાં એ બન્ને ધર્મપ્રવર્તકોની નિરહતા અને વ્યવહારદક્ષતા જણાઈ આવે છે. ટુંકામાં, સસ્કૃતભાષાભાષી પુરુષ સાક્ષર અને પ્રાકૃતભાષાભાષી નિરક્ષર એ જૂના વખતથી ઘર ઘાલી ગયેલી માન્યતા કોઈપણ જાતના આધાર વિનાની છે એ, આ ઉપરથી, સ્પષ્ટ થઈ જવું જોઈએ.

સસ્કૃત પહેલી અને પછી પ્રાકૃત અર્થાત્ સંસ્કૃતમાંથી પ્રાકૃત ઉદ્‌ભવી એ રૂઢ માન્યતા પણ એટલી જ ભ્રામક અને પૂર્વગ્રહથી ભરેલી છે. આ સબંધમાં પ્રથમ જ મારે નિર્વિવાદપણે કહી દેવું જોઈએ કે સસ્કૃત પ્રાકૃતની યોનિ કે પ્રાકૃત સંસ્કૃતની યોનિ એ વસ્તુ આપણે ઇતિહાસથી સિદ્ધ કરી શકીએ તેમ નથી. બન્ને પક્ષે વિચારણીય

---

૬ વર્ધમાનસૂરિકૃત આચાર દિનકરમાં ઉદ્ધૃત, ઉ ૧૫

૭ હરિભદ્રસૂરિકૃત દશવૈકાલિક ટીકા, પત્ર ૧૦૧.

૮ પ્રો. ગોપાણી અને બાડવલે અનુવાદિત સન્મતિતર્ક (પં સુખલાલજી અને બેચરદાસજી સંપાદિત)ની અંગ્રેજી પ્રસ્તાવના, પૃ ૨૭.

દલીલો છે.[૯] આ બાબત તો આપણે મનુષ્યમાનસથી જ નિશ્ચિત કરી શકીશું. માનસ-શાસ્ત્રના અમુક મૂળભૂત સિદ્ધાંતો ત્રિકાલાબાધિત સનાતન સત્ય જેવા છે. એટલે વર્તમાન સમાજમાં પ્રવર્તતી સામાન્ય મનોવૃત્તિ તરફ જો આપણે દૃષ્ટિ કરીશું તો પણ આ બાબતનો ખરો ખ્યાલ આપણને મળશે. કોઈપણ સમાજ કોઈપણ એક કાળે એકભાષાભાષી હતો એ કલ્પવું તદ્દન અશક્ય છે. સંસ્કારવાળી ભાષા અને સંસ્કાર-વિહોણી ભાષા એ વસ્તુ તો સદા સર્વદા રહેવાની જ. જ્ઞાનના તરતમભાવે આ ભેદ શાશ્વત છે. સાક્ષરતા-નિરક્ષરતાના સર્જનજૂના ભેદ-પ્રભેદો સર્વકાળે વિદ્યમાન હતા અને રહેશે. એટલે આટલું તો હવે સ્પષ્ટ જ છે કે સંસ્કૃત પ્રથમ નહિ, તેમ જ સંસ્કૃત-ભાષાભાષી જ વિદ્વાન એમ નહિ. સંસ્કૃત ભાષા અલ્પસંખ્યકની ભાષા અને પ્રાકૃત ભાષા બહુસંખ્યકની ભાષા—આ એક જ સત્ય નિરપેક્ષ સત્ય છે

સંસ્કૃતને દુર્જનોના હૃદય જેવું દુઃખે ગ્રહણ કરી શકાય તેવું દાક્ષિણ્યચિહ્ન ઉદ્યોતન-સૂરિ પોતાની વિ. સં. ૮૩૫માં રચેલી મનાતી પ્રાકૃતભાષાબદ્ધ કુવલયમાળા કથામાં કહે છે.[૧૦] વિ. સં. ૯૬૨મા થયેલ મનાતા પ્રકાંડ પંડિત સિદ્ધર્ષિ પોતાના ઉપમિતિભવ-પ્રપંચા નામના અતિ વિસ્તીર્ણ કથાગ્રંથમાં સંસ્કૃત અને પ્રાકૃત એ બંને ભાષાઓ પ્રાધાન્યને યોગ્ય છે, એમ કહે છે અને ઉમેરે છે કે સંસ્કૃત તો દુર્વિદગ્ધોના હૃદયમાં વાસ કરી રહી છે, જ્યારે પ્રાકૃત કે જે બાલકોને અને બાલાઓને પણ સદ્બોધ કરનારી અને કાનને ગમે તેવી હોવા છતાં પણ એ પંડિતપ્રવરોને ગમતી નથી.[૧૧] મંદબુદ્ધિવાળા માણસો સંસ્કૃત કાવ્યનો અર્થ જાણી શકતા નથી એમ શ્રી મહેશ્વરસૂરિએ કહ્યુ છે તે તો આપણે આગળ જોયું. દાક્ષિણ્યચિહ્ન ઉદ્યોતનસૂરિ, સિદ્ધર્ષિ, હરિભદ્રસૂરિ તથા મહેશ્વર-સૂરિએ કરેલી પ્રશંસા ઉપર, જૈન વિદ્વાનોએ એ કરેલી છે એવો આક્ષેપ કદાચ કરવામાં આવે. એ માટે જૈનેતર વિદ્વાનોના અભિપ્રાયો તપાસવા જરૂરી છે.

"શંભુરહસ્ય" જેવા પ્રસિદ્ધ જૈનેતર ગ્રંથમાં પ્રાકૃતને આર્યભાષા ગણાવી સંસ્કૃતની સમકક્ષ-સ્થાપી છે;[૧૨] કવિ દંડી પોતાના "કાવ્યાદર્શ" નામના અપૂર્વ ગ્રન્થમાં પ્રાકૃતના વખાણ કરે છે;[૧૩] ત્રિવિક્રમદેવ પોતાના "પ્રાકૃતશબ્દાનુશાસન"માં પ્રાકૃતને અનલ્પ અર્થવાળું અને સરળતાથી ઉચ્ચારી શકાય તેવું ગણે છે—ગણાવે છે; વિક્રમીય દશમી શતાબ્દિમાં થયેલ મનાતા યાયાવરીય કવિ રાજશેખર પોતાના "કર્પૂરમઞ્જરીસટ્ટક"માં સંસ્કૃત અને પ્રાકૃતને, કઠોરતા અને સુકુમારતાની દૃષ્ટિએ, અનુક્રમે પુરુષ અને સ્ત્રી સાથે સરખાવે છે; પ્રાકૃત કાવ્યના લાલિત્યાદિ ગુણો માટે જયવલ્લભે "વજ્જાલગ્ગ" (પદ્યા-લય—પ્રાકૃત સુભાષિતસંગ્રહ)માં તો સ્થળે સ્થળે ઘણુ કહ્યુ છે, વાક્પતિરાજે પોતાના "ગઉડ વહો" કાવ્યમાં પ્રાકૃતમાંથી સંસ્કૃત નીકળ્યું છે એમ સ્પષ્ટ જણાવ્યું છે;[૧૪] ભૂષણભટ્ટના પુત્ર કુતૂહલે પોતાની અપ્રકટ "લીલાવતી કથા"માં એક સ્ત્રી-પાત્રના

૯ પં. હરગોવિંદદાસ કૃત "પાઇઅ-સદ્-મહણ્ણવો", ઉપોદ્ઘાત, પૃ. ૧ થી ૧૨ તથા ૪૮ થી ૫૧

૧૦ કુવલયમાલા કથા (જે. ભા તા પ્ર), પત્ર ૫૭, ૫૮.

૧૧ ઉપમિતિભવપ્રપંચાકથાપીઠ, શ્લો૦ ૫૧-૫૩

૧૨ શંભુરહસ્ય, ૫, ૧૭, ૧૮.

૧૩ કાવ્યાદર્શ, ૧, ૩૪

૧૪ ગઉડવહો, ૬૫, ૯૨-૯૪.

મુખે પ્રાકૃતના ભારોભાર વખાણ કરાવ્યા છે.[15] આ રીતે શંભુરહસ્યના રચનાર, દંડી, ત્રિવિક્રમદેવ, રાજશેખર, જયવલ્લભ, વાક્પતિરાજ અને કુતૂહલ જેવા વિશ્રુત જૈનેતર વિદ્વાનના મુખેથી પણ પ્રાકૃતભાષાના યશોગાન ગવાયા છે.

નાટ્યશાસ્ત્રમાં પણ પ્રાકૃતને વિશિષ્ટ સ્થાન છે. "દશરૂપક"નો રચનાર કવિ ધનંજય સ્ત્રીઓની ભાષા પ્રાય પ્રાકૃત હોય છે એવું સૂત્ર સ્થિર કરે છે.[16] એ ઉપરાંત અલંકાર-શાસ્ત્ર, વ્યાકરણ, પ્રાકૃત કોશો, છંદઃશાસ્ત્ર, કથાઓ, ઐતિહાસિક ગ્રન્થો, ચરિત્રો વગેરે વગેરે પ્રાકૃત સાહિત્યમાં પુષ્કળ લખાયું છે રાજા મહારાજાઓએ પણ પ્રાકૃત વાઙ્મય ખેડ્યુ છે. કવિવત્સલ સાતવાહનની "ગાથાસપ્તશતી", પ્રવરસેનનો "સેતુબંધ" તથા મહારાજા યશોવર્માના આશ્રિત સામત વાક્પતિરાજનો "ગઉડવહો" આના દ્રષ્ટાંત છે આ રીતે પ્રાકૃત વાઙ્મય, સસ્કૃતની માફક, સર્વ દિશામા ખેડાયેલુ છે એ આપણે જોયું અને સાથે સાથે પ્રાકૃતની સુખબોધકતા, હૃદયંગમતા, મધુરતા, સ્વાદુતા વગેરે વિષેના જૈન–જૈનેતર વિદ્વાનોના અમૂલ્ય અભિપ્રાયો પણ તપાસ્યા. મહેશ્વરસૂરિએ પ્રાકૃતની સરળતા વિષે કાઢેલા ઉદ્ગારોનું રહસ્ય આપણને હવે બરાબર સમજાયુ હોવું જોઈએ.

સંઘ

સંઘ તરફનો શ્રી મહેશ્વરસૂરિનો અનુકરણીય આદરભાવ ખાસ નોંધવા જેવો છે જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની ત્રિપુટીનો આધાર એકંદરે ગણો તો મહાનુભાવ સઘ જ છે. સંઘની પૂજા કરો, સંઘનું બહુમાન કરો કે સઘની આરાધના કરો એટલે પરંપરાએ જ્ઞાનની આરાધના જ થઈ. સંઘ પણ યોગ્ય માણસની, જ્ઞાનીની, મુનિની કદર ક્યા નથી કરતો? તો પછી સંઘના પ્રોત્સાહન વિના એક ડગલુ પણ આગળ વધી શકાય તેમ નથી. વાત્સલ્ય, અનુશાસ્તિ, ઉપબૃંહણા વડે સંઘ ભવ્ય જીવના ઉપકારમાં હમેશા તત્પર હોય છે, દેવો જેમના ચરણને પૂજે છે, ચૌદ રાજલોક જેની પાસે હસ્તામલકવત્ દેખાય છે એવા નિર્દોષ તીર્થંકર ભગવાન્ પણ સઘને પ્રથમ વંદન કરે છે તો પછી બીજા માણસોએ તો તેમ કરવુ જ જોઈએ એમાં નવાઈ શી?[17] અર્ધમાગધીમાં લખા-

---

૧૫ આ કથાગ્રન્થનુ સપાદન પ્રો૰ ડૉ એ એન ઉપાધ્યે, એમ એ, ડી. લિટ્ હાલ કરી રહ્યા છે

૧૬ "દશરૂપક", પરિચ્છેદ ૨, ૬૦.

૧૭
अह पचहिं हारेहिं पचहि रयणेहिं तहवि हु सेठ्ठ ।
सघस्स कुणइ पूय जहसत्तीए महासत्तो ॥
सघो महाणुभावो नाणाइतियस्स जेण आहारो ।
जस्जते तमि उ नाणाई जइय होइ ॥
तह उवयारपरो वि हु सघो जीवस्स होइ भव्वस्स ।
वच्छल्ल अणुसट्ठि उववूहणमाइ कुणमाणो ॥
अन्न च तियसनमिओ केवललच्छीइ सजुओ विमलो ।
तित्थगरो वि हु भयव आईए वदए सघ ॥
तम्हा सइ सामत्थे सघ जयइ सव्वकज्जेसु ।
पाविहि तह हु मोक्खो भोत्तूण विसयसोक्खाइ ॥

—नाणपचमीकहा, १, २३-२७

ચેલા આગમગ્રન્થોને સંસ્કૃતમાં રૂપાંતરિત કરવાની ઇચ્છા કરનાર 'સિદ્ધસેન દિવાકરને શિક્ષા કરનાર પણ સંઘ જ હતો.[૧૮] અર્થાત્ ચતુર્વિધ સંઘની કલ્પના અને સ્થાપના ધર્મના સંરક્ષણ માટે જ છે; માટે ચતુર્વિધ સંઘ તરફનો ભક્તિભાવ દરેક ધર્મી પુરુષે બતાવવો જ જોઈએ.

વિક્રમીય છઠ્ઠી શતાબ્દિની પ્રથમ પચ્ચીસીમાં લખાએલ દેવવાચક ક્ષમાશ્રમણના નંદીસૂત્રમાં સંઘનું કાવ્યમય વર્ણન કરવામાં આવેલું છે જેનો ભાવાર્થ આ પ્રમાણે છે—"સંઘસ્વરૂપ મહામંદરગિરિને વિનયપૂર્વક વંદન કરું છું. (તે સંઘ કેવો છે?) સમ્યગ્દર્શન એ જ શ્રેષ્ઠ વજ્ર છે જેનું; દઢ, રૂઢ, ગાઢ અને અવગાઢ જેનું પીઠ છે, ધર્મ એ જ તેના ઉંચા શિલાતલોથી શોભનારા અને ચમકનારા ચિત્રવિચિત્ર કૂટ છે; સદ્ભાવયુક્ત શીલ એ તેનું સુગંધયુક્ત નંદનવન છે; જીવદયારૂપી તેની સુંદર કંદરાઓ છે અને ઉત્સાહી મુનિવરરૂપી મૃગેન્દ્રોથી ભરાયલી છે; કુતર્કનો વિધ્વંસ કરનાર સેંકડો હેતુઓ તે મંદરગિરિના ધાતુઓ છે; સમ્યગ્દર્શન તેનું રત્ન છે; ઔષધીથી પરિપૂર્ણ ગુફાઓની ગરજ લબ્ધિઓ સારે છે. સંવરરૂપી શ્રેષ્ઠ જલનો વહેતો અખંડ પ્રવાહ એ તેનો હાર છે; શ્રાવકગણરૂપી શબ્દ કરનાર મોરોથી તેની ખીણો ગાજી રહી છે; વિનયવિનમ્ર યતિઓને તેના શિખર સાથે સરખાવ્યાં છે; અનેકવિધ સદ્ગુણો તેના કલ્પવૃક્ષોનાં વન છે અને જ્ઞાન એ જ શ્રેષ્ઠ મણિઓથી સુશોભિત અને સ્પૃહણીય તેની વિમલ ચૂલિકા છે."[૧૯]

ઉપર્યુક્ત વર્ણન ઘણું જ અલંકારમય છે છતાં તદ્દન સાચું છે. સંઘ એ સર્વસ્વ છે. સંઘ પાછળની ભગવાન્ મહાવીરની મૂળભૂત કલ્પનાને આપણે બરાબર તપાસીએ તો સંઘની કિંમત અને મહેશ્વરસૂરિએ કરેલી સંઘપ્રશસ્તિની યથાર્થતા આપણને બરાબર સમજાય.

ભગવાન્ મહાવીરે વર્ણને ઉડાડી ત્યાગના સિદ્ધાંત ઉપર પોતાની સંસ્થાના બે મુખ્ય વર્ગ પાડ્યા. એક ઘરબાર વિનાનો, કુટુંબકબીલા રહિત, અપરિગ્રહી, પર્યટનશીલ, અનગાર વર્ગ અને બીજો પરિવારમાં રાચનાર, એક ઠેકાણે સ્થાન જમાવીને લગભગ સ્થિર જેવો અગારી વર્ગ. પ્રથમ વર્ગ સંપૂર્ણ ત્યાગી. એમાં પણ સ્ત્રી અને પુરુષ બન્ને આવે. અને તે શ્રમણી, શ્રમણ,—સાધ્વી, સાધુ કહેવાય. જ્યારે બીજો વર્ગ સંપૂર્ણ ત્યાગી નહિ પરંતુ ત્યાગ કરવાની ઉત્કટ અભિલાષાવાળો. એમાંય સ્ત્રી—પુરુષ બન્ને આવે. તેમના પારિભાષિક નામ છે શ્રાવિકા અને શ્રાવક. મૂળ કલ્પના તો બ્રાહ્મણોના ચતુર્વર્ણાશ્રમ ઉપરથી જ કરવામાં આવેલી પરંતુ તેને એવો અનોખો ઓપ આપવામાં આવ્યો કે જેથી જૈનધર્મના સંરક્ષણ માટે તેનો બરાબર ઉપયોગ થઈ શકે. સાધુસંઘની વ્યવસ્થા સાધુઓ કરે. એને માટે નિયમો, વિધિ, વિધાનો, બંધનો વગેરે તે ઘડી કાઢે. શ્રાવકસંઘના પણ નિયમો જુદા છે. છતાં આ બન્ને વચ્ચે અંતર છે અથવા ભિન્નતા છે એવું જણાય નથી. કારણ કે અમુક સાધારણ બાબતો એવી છે કે જેથી સાધુસંઘનો દાબ શ્રાવકસંઘ ઉપર અને શ્રાવકસંઘનો અંકુશ સાધુસંઘ ઉપર બરાબર રીતે જળવાઇ રહે. બન્ને વચ્ચે સુંદર સહકારને સંપૂર્ણ અવકાશ છે.

---

૧૮ જુઓ પાદ નોંધ, ૮.

૧૯ નંદીસૂત્ર (આ. સ. મ.), પત્ર ૪.

આ વ્યવસ્થાના ઉત્પાદક ભગવાન્ મહાવીર છે એમ પણ નથી ભગવતી જેવા અંગસૂત્રોમા પાર્શ્વાપત્યોની વાતો આવે છે [20] કેટલાક પાર્શ્વાપત્યો ભગવાન્ મહાવીર પાસે જતાં ખચકાય છે; કેટલાક પ્રશ્નો કરે છે; કેટલાક તર્ક-વિતર્કો કરે છે. ભગવાન્ એનું સમાધાન કરે છે અને અંતે એ પાર્શ્વાપત્યો ભગવાનની સાધુસંસ્થામાં પ્રવિષ્ટ થઈ જાય છે. અને સાધુસંઘ વળી પાછો જુદા રૂપે દશ્યમાન થાય છે. આ બધી વ્યવસ્થા એક રાજતંત્ર જેવી આપણને લાગે. આ ઉપરથી આપણે એમ સમજી શકીએ કે એ વ્યવસ્થાના બીજ રોપનાર કેટલા વિચક્ષણ અને દીર્ઘદૃષ્ટિવાળા હતા! એકલા ભગવાન્ મહાવીરના જ વખતમાં ૧૪૦૦૦ હજાર શ્રમણો અને ૩૬૦૦૦ શ્રમણીઓ હતી સાધુ-સંસ્થામાં સ્ત્રીઓને પણ સમાનકક્ષામાં મુકવાનુ માન ભગવાનને જ ફાળે નથી જતું કારણ કે પાર્શ્વનાથના સમયમા પણ એ પ્રથા પ્રચલિત હતી. અલબત્ત, ભગવાન્ મહાવીરે ઘણી ઘણી બાબતોમા જુદો ઓપ, જુદા રૂપ, વગેરે વગેરે આપ્યા છે એ નિર્વિવાદ છે ભગવાન્ બુદ્ધ સ્ત્રીઓને સમાન સ્થાન આપવાની બાબતમાં મહાવીરથી કંઈક અંશે જુદો મત ધરાવતા હતા; પરંતુ ભગવાન્ મહાવીરે જોરશોરથી સ્ત્રીઓને પણ સ્થાન આપ્યું, તેથી ભગવાન્ બુદ્ધને પણ સ્ત્રીઓને સમુચિત સ્થાન આપવું પડ્યુ આ બધી રીતે તપાસતા જૈનદર્શનમાં ચતુર્વિધસંઘનું માન અને સ્થાન અપૂર્વ છે એટલે શ્રી મહેશ્વરસૂરિએ કરેલી શ્રી સંઘની સ્તુતિ જરાય અસ્થાને નથી એટલું જ નહિ પરંતુ આવશ્યક છે.

*

२० "ભગવતીસૂત્ર", १, ६, २, ५, "સૂત્રકૃતાંગ", २, ७, ५ "રાજપ્રશ્નીય" २१४

आभीर, त्रैकूटक अने मैत्रक

લે૦—श्रीयुत डॉ. त्रिभुवनदास लहरचंद एल्. एम्. एस्.; एम्. आर्. ए. एस्.

*

આભીર, ત્રૈકૂટક અને મૈત્રક : આ નામની ત્રણ પ્રજાઓ ઈ. સ. ની પ્રથમની છ સદીમાં અથવા જેને આપણે ભારતીય ઇતિહાસનો પ્રાથમિક યુગ કહી શકીએ ત્યારે ઉદ્ભવી હતી. તેમને લગતા ઘણા પ્રશ્નો છણાઈને સ્પષ્ટપણે જાહેર થઈ ગયા હોવા છતાં કહેવું પડે છે કે, હજુ ઘણા મુદ્દાઓ ચર્ચાત્મક અવસ્થામાં પણ રહી ગયા છે. તેવા કેટલાક આ લેખકે, "આભીર"ના શીર્ષક નીચે ફાર્બસ સભાના ત્રૈમાસિકમાં (અંક)માં જણાવ્યા છે. બાકીની બે પ્રજાના—ત્રૈકૂટક અને મૈત્રકના—અત્રે જણાવવા ઇચ્છા છે. પ્રથમ ત્રૈકૂટકને લગતા મુદ્દા ચર્ચીશ.

त्रैकूटको

ગુપ્તવંશી સમ્રાટ્ સમુદ્રગુપ્તે આભીરપતિઓનો ત્રિરશ્મિ—ત્રિકૂટવાળો પ્રદેશ જીતી લઈ પોતાના સામ્રાજ્યમાં ભેળવી લીધો હતો તે "આભીર" પ્રજાની ચર્ચા કરતાં પુરવાર કરવામાં આવ્યું છે. ત્યારથી તે પ્રજાની સ્વતંત્રતા ગુમાઈ ગયાનું કહી શકાય. પરંતુ આગળ બતાવેલા બનાવો ઉપરથી સમજાય છે કે, તેમનું અસ્તિત્વ ભૂસી નાંખવામાં નહોતું આવ્યું. જે પ્રદેશ ઉપર તેઓ કારોબાર ચલાવતા હતા ત્યાં ને ત્યા કેટલીક સત્તા સુપ્રત કરી, પોતાના સૂબા તરીકે રાજવહીવટ ચલાવવા ગુપ્તવંશી સમ્રાટોએ તેમને રાખ્યા હતા. આ પ્રમાણે લગભગ દોઢસોક વર્ષ ચાલ્યા પછી ઈ. સ. ૪૬૭માં ગુપ્તવંશી સમ્રાટ્ સમુદ્રગુપ્તનું મરણ થતાં કુમારગુપ્ત બીજો તેની ગાદીએ આવ્યો. તેના વખતમાં ગુપ્તસામ્રાજ્ય ડગમગવા મંડી પડ્યું. ખડખડી ગયેલ સત્તાને કાંઈક અંશે બુદ્ધગુપ્ત ઉર્ફે નરસિંહગુપ્તે ઈ. સ. ૪૯૫ સુધી[1] જાળવી રાખી પરંતુ જેમ પડુપડુ ઇમારત જર્જરિત અવસ્થાને લીધે, દુરુસ્ત કર્યાં વિના બદલે ઉતારી લેવી જ હિતકર મનાય છે તેમ કુદરતે પણ ગુપ્તવંશી સત્તાનું તે જ નિર્માણ કરી રાખ્યું હતું એમ સમજાય છે. આખરે તે સામ્રાજ્યનો વિનાશ બુદ્ધગુપ્તની પાછળ ગાદીએ આવનાર ભાનુગુપ્ત ઉર્ફે વૈન્ય-દ્વાદશાદિત્યના સમયે ઈ. સ. ૫૧૦ ના અરસામાં[2] થઈ ચૂક્યો. તેમને અવંતિ છોડવું પડ્યું; ને દેખાય છે કે, બાકીના જે કોઈ તારક જેવા જરા જરા ઝગમગતા લાગતા હતા તે પોતપોતાના સગાંવહાલાંની ઓથે, કે સગેવગે આસપાસની સબળ સત્તાવાળા રાજવીના આશ્રયતળે જઈ રહ્યા; ને તેમને સમજાવી પોતાના બાપદાદાનું જે સામ્રાજ્ય ગુમાઈ ગયેલું હતું તે પાછું મેળવવા મરણિયો પ્રયાસ પણ આદરેલ, છતાં નિષ્ફળ જવાથી હંમેશને માટે ઐતિહાસિક પટપરથી લય પામ્યા.

ઈ. સ. ૪૬૭માં સમુદ્રગુપ્ત મરણ પામ્યો અને કુમારગુપ્ત ૪૭૩માં ગાદીએ આવ્યો. તે વચ્ચેના છ વર્ષમાં સામ્રાજ્ય અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું હતું. "જેના હાથમાં

(1) Ind Culture 1939 p 410 "Last date on the coins of Budhagupta" 176 G. S, A D. 495.

(2) Ibid p 410 "It is therefore clear that in A. D. 502 Guptas claimed the suzerainty over India."

તેના મોંમાં"ની કહેવત અનુસાર, ગુપ્ત સામ્રાજ્યના સૌરાષ્ટ્ર પ્રાંત ઉપર નિમાયેલ સૂબા ભટ્ટાર્ક–ઉર્ફે વિજયસેન સેનાપતિએ કાંઈક અંશે સ્વતંત્ર બની પોતાના નવીન વંશની સ્થાપના કરી. ઈ. સ. ૪૬૯ (કે આસપાસ) તેનું રાજ્ય ૪૯૪ સુધી–૨૫ વર્ષ ચાલ્યું. તેની ગાદીએ તેનો પુત્ર ધરસેન પહેલો–સેનાપતિ ૪૯૪ થી ૪૯૯=૫ વર્ષ રહ્યો. તેની પછી તેનો પુત્ર દ્રોણસિંહ આવ્યો તે કાંઈક વિશેષ પરાક્રમી હતો–કે નિવડ્યો–કે સંયોગે તેને યારી આપી–ગમે તેમ હો, પણ તેમના સરદાર ગુપ્તવંશી રાજાઓથી, જો કે પોતે સ્વતંત્ર હતો છતાં, કાંઈ વિશેષ મહેરબાનીને પાત્ર બન્યો હતો. જેથી કરીને ઈ. સ. ૫૦૫માં તે વખતના ગુપ્તવંશી સમ્રાટ્, અને પોતાને "અખિલભુવનમંડલૈકસ્વામી પરમસ્વામી" કહેવરાવતા (બહુધા વૈન્ય દ્વાદશાદિત્ય) ભાનુગુપ્તના હસ્તે જ[૩] 'મહારાજાપદ'નુ બિરૂદ ધારણ કરી ખરેખરી સ્વતંત્રતાને પામતો હશે (વિશેષ હકીકત આગળ ઉપર "મૈત્રક"ના શીર્ષકમાં જુઓ). ગુપ્તસામ્રાજ્યના સૌરાષ્ટ્રવાળા ભાગની ઉપર પ્રમાણે દશા જ્યારે થઈ ત્યારે મૂળ અવંતિવાળા પ્રદેશ ઉપર, ઉત્તરાપથના પંજાબને માર્ગેથી હૂણપ્રજાના ટોળેટોળાં લઈને ઉતરી આવેલ તેમના સરદાર તોરમાણે બધી ખાનાખરાબી કરી વાળી હતી અને પોતાને અવંતિપતિ કહેવરાવવા લાગ્યો હતો. જ્યારે વિંધ્યપર્વતની દક્ષિણવાળા ભાગ ઉપર તે વખતે હકુમત ચલાવતા સરદાર ઈંદ્રદત્તના પુત્ર ધરસેને (કો. આં. રે. લેખ નં. ૪૪, પારડી) ગુ. સં. ૨૦૭=ઈ. સ. ૫૨૬માં પોતાને હસ્તક લઈ ત્યા પોતાનો રાજવંશ સ્થાપ્યો.

ઉપર્યુક્ત લેખ નં. ૪૪માં રાજા ધરસેને પોતાને "ત્રૈકૂટક" તરીકે ઓળખાવ્યો છે. એટલે આપણે પણ તેને નિ:સંદેહ ત્રૈકૂટક તરીકે જ જણાવી શકીશું. ઉપરાંત નં. ૪૫ નો કન્હેરીનો લેખ રાજા વ્યાઘ્રસેન ત્રૈકૂટકના નામનો મળી આવેલ છે. તેમાં ગુ સં. ૨૪૫=ઈ. સ. ૫૬૪ નો આંક છે એટલે વિદ્વાનોએ તે લેખની ગણત્રી કરીને, ધરસેનની પાછળ ગાદીએ આવનાર વ્યાઘ્રસેનને–ઇન્દ્રદત્તને પ્રથમ ગણતાં વ્યાઘ્રસેનને ત્રીજો, અને ધરસેનને પ્રથમ લેખતાં બીજો–ગણાવ્યો છે. પરંતુ પારડીના લેખમાં ધરસેનનો સમય જ્યારે ઈ. સ. ૫૨૬ છે તેમ જ પોતાને "મહારાજેન્દ્રદત્તપુત્ર પરમવૈષ્ણવ શ્રી મહારાજ ધરસેન" તરીકે જણાવે છે ત્યારે તો એનો અર્થ નીકળે છે કે, તે પોતાને 'મહારાજ' કહેવરાવતો હતો એટલું જ નહી, પરંતુ પોતાના પિતા ઇન્દ્રદત્તે પણ 'મહારાજ' પદ ધારણ કર્યું હતું તેની પણ યાદ આપણને આપે છે. અને તેમ જ થયું હોવાની ખાત્રી એ ઉપરથી મળે છે કે, વલભીપુરના દ્રોણસિંહ મૈત્રકે ઈ. સ. ૫૦૫માં જેમ પોતાના મુરબ્બી અને માલિક સરદાર પાસેથી 'મહારાજ' પદની પ્રાપ્તિ કરી છે તેમ તે જ ગુપ્તવંશના આ સૂબાએ પણ, તે જ અરસામાં કાં 'મહારાજ' પદ મેળવ્યું ન હોય? (પ્રાપ્તિ થઈ કે સ્વય ધારણ કર્યું તે વાત અલગ રાખીએ પરંતુ તે પોતાના માલિકથી છૂટો થયો હતો એવુ તો જરૂર કહી શકાશે જ). ઉપરાંત, જેમ તે દ્રોણસિંહનો સત્તાકાળ લગભગ વીસેક વર્ષનો લેખાય છે તેમ આ ઇન્દ્રદત્તનો પણ તે પ્રમાણે લેખવતાં, ત્રૈકૂટક વંશની સ્થાપના ઇન્દ્રદત્તના સમયે ઈ. સ. ૫૦૫ના અરસામા ઠરાવી, ઈ સ ૫૨૫ના અરસામા તેનુ મરણ નીપજતા, તેના પુત્ર ધરસેને ઈ. સ. ૫૨૬મા ઉપર્યુક્ત

(૩) ઉપરની ટી. નં. ૨ જુઓ.

પારડીનો લેખ કોતરાવ્યો હોય એમ ઠરાવવું સર્વથા સુઘટિત લેખી શકાશે. મતલબ કે ત્રૈકૂટક વંશની આદિ સમયાવલી આ પ્રમાણે કામચલાઉ સ્થાપિત થઈ ગણાશે.

(૧) ઇન્દ્રદત્ત ઈ. સ ૫૦૫ થી ૫૨૫
(૨) ધરસેન ,, ૫૨૫ થી ૫૫૫ આશરે અને
(૩) વ્યાઘ્રસેન ,, ૫૫૫ થી ૫૬૫ અને આગળ

આ પ્રમાણે તેમની ઉત્પત્તિ ગુપ્ત સામ્રાજ્યમાથી તેમ જ આદિસમય ઈ. સ. ૫૦૫-૭ થી સાબિત થઈ ગયો કહેવાશે. પરંતુ તેઓ પોતાના લેખમાં કે સિક્કાઓમાં ગુપ્તસવતનો જ ઉપયોગ કરતા હોવાથી તેટલે દરજ્જે ગુપ્તવશ સાથેનો તેમનો સંબધ, આરંભથી અંત સુધી જળવાઈ રહેલો ગણાશે. છતા કેટલાકની માન્યતા જે એમ બંધાઈ છે કે, વ્યાઘ્રસેનનો સમય પણ 'ત્રૈકૂટક' હોઈને અને ત્રિકૂટક તથા કલચૂરિ-ચેદિ સવત એક ગણાતા હોઈ ને, આ ત્રિકૂટક વંશની આદિ પણ ઈ. સ. ૨૪૯ માં જ ગણવી રહે છે. જેમ કરતાં ૨૦૭+૨૪૯=ઈ. સ ૪૫૬ આવે અને ૨૩૭+૨૪૯=ઈ. સ ૪૮૬ આવે. તે સમયે તેમ જ તે બાદ પણ ગુપ્તવશી સમ્રાટોની સત્તા તો ચાલી રહેલી જણાય છે જ. અને એક સ્થાન ઉપર એક જ સમયે બે રાજવીઓની સત્તા સ્વતત્રપણે ચાલી ન જ શકે તે તો નિયમ છે. તે સિદ્ધાતાનુસાર ઈ. સ. ૨૪૯ ની આદિવાળા સંવતની શક્યતા જરા પણ સંભવતી નથી વળી કો. આં. રે. પૃ. ૧૬૦, ટી. નં. ૧માં જણાવાયું છે કે It seems not improbable that the Traikutakas may be the Mauryas of the Northern konkan-because (p. 161, f. n. 6)-no mention of these kings under the same name has yet been found in any Indian record. મતલબ કે ત્રૈકૂટકોને મૌર્યો તરીકે લેખવાની સભવિતતા દર્શાવી છે પરંતુ જે દલીલ કરી છે તે બહુ સગીન પ્રકારની કે વજનદાર ન હોવાથી તેમ જ તેનો નિર્દેશ કેવળ ફૂટનોટ તરીકે જ કરાયલો હોવાથી તે ઉપર વિશેષ વિચાર કરવા જેવુ લાગતું નથી. એટલે પરિણામે એટલું પુરવાર થયુ ગણવુ રહે છે કે, ત્રૈકૂટકોએ ઈ સ ૩૧૯ થી આરંભાતો ગુપ્તસવત જ વાપર્યો છે જ્યારે આભીરોએ ઈ સ ૨૪૯ થી પોતાનો સ્વતંત્ર સવત જ વાપર્યો છે. આ ઉપરથી એમ પણ સિદ્ધ થઈ શકે છે કે ત્રૈકૂટકો અને આભીરો બન્ને એક પ્રજા પણ નથી. આપણા આ કથનને શિલાલેખથી પણ સમર્થન મળે છે બૅંગલોરથી પ્રસિદ્ધ થતા મિથીક સૌસાઇટીના જરનલ, ૧૯૩૯ ઑક્ટોબર પુ ૩૦, પૃ. ૧૫૨, ટી. નં. ૫માં દક્ષિણ હિંદમા આવેલ ચદ્રાવલ્લી તળાવ બંધાવ્યાનો કદંબવંશી રાજા મયૂરશર્માનો લેખ છે તેમાં તેણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે This tank was constructed by Mayursharma of the Kadambas, who has defeated Trikuta, Abhira, Pallava, Pariyatrik,[4] Sakasthan, Sayindrikas, Punala and Mokari. આ શિલાલેખમાં ત્રિકૂટક અને આભીર બન્નેને ભિન્ન ગણીને ઉલ્લેખ કરાયો છે તેથી સ્પષ્ટ અને નિ સદેહ ખાત્રી થાય છે કે બન્ને પ્રજા ભિન્ન જ છે. ઉપરાત, એટલું પણ નિશ્ચયપૂર્વક માનવું પડશે કે આભીરનુ અસ્તિત્વ જે રાજકીય

(૪) ત્યારે શું પારિયાત્રિકનું સ્થાન દક્ષિણ હિંદમાં માનવુ રહે છે કે? અરવલ્લીના પારિયાત્રિક-પારિ-યાત્રિક કહેવાય છે તે કેમ?

ક્ષેત્ર લય પામી ગયું હતું એમ મનાતું રહ્યું છે તે લાંબો સમય સુધી ચાલતું આવ્યાનું પણ હવે જણાય છે.

હવે તેમના સ્થાન સંબંધે વિચાર કરીશું. સામાન્ય નિયમ એ કે, જે પ્રદેશમાંથી જેના શિલાલેખ કે સિક્કા મળે ત્યાં તેનો અધિકાર હોવાનું પુરવાર થયેલું લેખવું રહેજ. તે નિયમાનુસાર ડૉ. રેપ્સન જણાવે છે કે (કો. આં. રે. પૃ. ૧૫૯) It is possible that the Traikutaka kings may have been ruling the region of Gujerat, from which their inscriptions and coins are found during their life-time. વળી નં. ૪૫ નો લેખ, વર્તમાન સુરત જીલ્લાના નવસારી તાલુકે પારડી ગામેથી મળેલ હોવાથી તેમને વિશેષ લખવું પડ્યું છે કે, The coins are discovered not only in S. Gujerat and the Konkan but also in the Marattha country on the other side of the Ghats. મતલબ કે તેમનો સત્તાપ્રદેશ, ઠેઠ ઉત્તરે સુરત-નવસારી-પારડીથી માંડીને, દક્ષિણે દરિયા કિનારે કિનારે લાંબી પટી ઉપરાંત પૂર્વ ઘાટ ઓળંગીને પણ લંબાયેલ હતો. આ ઉપરથી સાબિત થાય છે કે, આભીર રાજાઓએ જેટલા પ્રદેશ ઉપર રાજ્ય કર્યું હતું લગલગ તેટલા જ પ્રદેશ ઉપર આ ત્રૈકૂટકોનો પણ અધિકાર લંબાયેલો હતોજ: બટકે ત્રૈકૂટકોના લેખ-સિક્કા, નાસિકની ઉત્તરેથી પણ મળતા હોવાથી તેમના રાજ્યની હદ, ઉત્તરે ગુજરાત પ્રાંતના દક્ષિણ વિભાગ સુધી લંબાયાનું ગણવું પડે છે. એટલું જ વધારે ખરૂં. છતાં આભીરોનું રાજ્ય ત્યાં સુધી નહોતું લબાયું, એમ ન માનવાનું પણ કારણ નથી. પરંતુ વિશેષ પુરાવા અત્યારે પ્રાપ્ત થયેલ ન હોવાથી, આભીરોની હદ નાસિક કે તેની ઉત્તરે થોડા માઈલ ઉપરની જ બાંધી લેવી પડશે. સારાંશ કે આભીરો કરતાં ત્રૈકૂટકોનો પ્રદેશ કાંઈક વધારે ઉત્તરમાં લંબાયો હતો. ડૉ. રેપ્સન પોતાના કો. આં. રે. પુસ્તકમાં પારિ. ૧૨૦, પૃ. ૧૩૬ માં તેમના રાજ્ય-વિસ્તાર અને પરસ્પર સંબંધની સમાલોચના કરતાં લખે છે કે, The precise connection between these early Abhiras and the later Traikutakas cannot be proved but it is certain that they ruled in the same region and there is no reason why they may not have belonged to the same dynasty. જો કે અહીં, પ્રથમના આભીરો અને પાછળના ત્રૈકૂટકો એમ લખી બન્નેને ભિન્ન હોવાનું લેખવ્યું છે, પણ તેમના સંબંધ વિષે નિશ્ચય નથી બતાવ્યો પરંતુ એક જ વંશના હોવાનું માનવાને લલચાય છે, છતાં વળી તેજ વિદ્વાન તેજ પુસ્તકમાં પારિ. ૧૩૫ મા જણાવે છે કે, It is impossible to determine, whether or not, the Abhiras and Traikutakas belonged to the same dynasty or to the same race. All that can be said at present is that the two groups of kings may well have ruled over substantially the same territory and that the similar formation of their names, which alike ended in-datta or sena-suggest the sort of relationship that may have existed between them. કહેવાનું તાત્પર્ય એ કે નામની રચના અને

રાજ્યવિસ્તાર–બન્ને બાબતોમાં આભીરો અને ત્રૈકૂટકો મળતા દેખાતાં હોવાથી, તે બન્નેને એક વંશના અને એક જાતિના જેમ માની પણ લ્યે છે તેમ વળી કચુપચુ બની, તેવું હોવા વિષે શંકા પણ બતાવે છે. સારાંશ કે કોઈ નિશ્ચય બાંધી શકતા નથી. આ પ્રમાણે કેવળ બે મુદ્દા જ તેમણે લક્ષમાં લઈને, ધરસેન–વ્યાઘ્રસેને દર્શાવેલા આંકમાં ૨૪૯ નો ઉમેરો કરી જે સમય બાંધવા આગળ પડ્યા છે (જુઓ ઉપર) તેને બદલે તેમના સિક્કા–ચિહ્નો તેમ જ તેમણે ધારણ કરેલાં બિરૂદો (જુઓ પ્રા. ભા. પુ. ૩, પૃ. ૪૦૩, આંક નં. ૧૦૩–૧૦૪) પણ સાથે સાથે તપાસ્યાં હોત, અથવા તો તેમણે કોતરાવેલ લેખોમાં, નિર્દિષ્ટ કરેલ સમયની ઢબ સરખાવી જોઈ હોત તો જરૂર જુદા જ અનુમાન ઉપર આવત. આભીરો ઈ. સ. ૨૪૯ થી આરંભાતો સંવત વાપરે છે, જ્યારે ધરસેન–વ્યાઘ્રસેન ત્રૈકૂટકો શબ્દ લખી ઈ. સ. ૩૧૯ થી શરૂ થતો ગુપ્ત સંવત વાપરે છે. અને સવતનો ઉપયોગ તે રાજકીય સ્થિતિનુ સૂચક હોવાથી, બન્નેની રાજકીય ભિન્નતા જણાઈ આવે છે. વળી ધાર્મિક ચિહ્નો બન્નેમાં "સૂર્ય, ચદ્ર અને ચૈત્ય"નાં સરખાં હોવાથી,–ચષ્ઠણવંશીઓની પેઠ–તેઓ પણ જૈનધર્મ પાળતા હોવા જોઈએ, એમ સાબિત થાય છે. પરંતુ ત્રૈકૂટકો પોતાને 'પરમ વૈષ્ણવ' કહેવરાવતા હોવાથી સમજવું રહે છે કે, તેમણે જૈનધર્મમાંથી પલટો કરીને, પોતાના સરદાર–ગુપ્તવંશી રાજવીઓની પેઠ–વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યો હશે. અને તેમ બનવું સંભવિત પણ છે, કેમ કે રાજકીય વાતાવરણની અસર સામાજીક તેમ જ ધાર્મિક તત્ત્વો ઉપર જલદી પડે છે તે સ્વાભાવિક અનુભવ છે.

આ બધા મુદ્દાઓની તપાસનું પરિણામ એ આવ્યું કહેવાશે કે, નામની રચના અને પ્રદેશવિસ્તારના મળતાપણાને લીધે આભીરો અને ત્રૈકૂટકો બન્ને એક જ પ્રજા–જાતિ અને વશના હતા તેમ જ ત્રિરશ્મિ પ્રદેશમાં સત્તાશાળી હતા. પરંતુ રાજકીય સત્તાના ફેરફારને લીધે (જૈનધર્મી ચષ્ઠણવંશથી વૈષ્ણવધર્મી ગુપ્તવંશી સત્તાનો ફેરફાર થવાથી) પાછળથી તેમણે ધર્મપરિવર્તન કર્યું હતું તથા પોતાના સરદારોનો સંવત વાપરવા માંડ્યો હતો. વળી આભીરો, પ્રથમ જો કે ચષ્ઠણવંશના અમલદારો હતા, છતાં છૂટા પડ્યા ત્યારે પણ તેમણે, પોતાના સરદારોનો સંવત ગ્રહણ ન કરતાં, પોતાનો નવો જ સંવત ચલાવ્યો છે. તેટલી વિશેષપણે સ્વતંત્રતા તેમણે દાખવી કહેવાય. જ્યારે ત્રૈકૂટકોએ, પોતે ગુપ્તવંશના અમલદારો હોઈ, તેમનાથી છૂટા પડ્યાં છતાંયે, તેમનો જ સંવત વાપર્યે રાખ્યો છે તેટલે દરજ્જે રાજકીય પકડની છાપ તેમને શીરે વધારે જડાઈ ગયેલ ગણાય. આ પ્રમાણે તે બન્નેના પરસ્પર સંબંધની ચર્ચા જાણવી.

मैत्रको

હવે આપણે મૈત્રકોની વિચારણા કરીએ. ઠરાવેલ સૂચિ પ્રમાણે પ્રથમ તેમની ઉત્પત્તિ અને આદિસમયનો પ્રશ્ન હાથ ધરીએ. કલકત્તાથી "ધી ઇન્ડિયન કલ્ચર" નામનું સંશોધન વિદ્યાનુ પત્ર જે બહાર પડે છે તેના ૧૯૩૯ના અંકમાં શ્રી જગન્નાથજી એમ. એ. અને શ્રી ધીરેન્દ્રનાથ મુકરજીએ "મૈત્રકો" સંબંધી ચિંતનશીલ બે મહત્ત્વના લેખો લખ્યા છે, અને તેનો સારાંશ મુંબઈથી પ્રકટ થતા 'ધી ફારબસ ત્રૈમાસિક'માં તે જ સાલના પુ. ૪, અંક ૩ માં પૃ. ૩૬૯ થી આગળમાં ઉતારાયો છે. તેમાં આ મૈત્રક રાજાઓની ઉત્પત્તિ વિષે પ્રચલિત પાંચેક મતો દર્શાવ્યા છે. (૧) Dr.

Bhagwanlal Indrajit suggested that Maitrak was the sanskritized form of the word Mer, or Mehār, the original name of the tribe. (2) Dr. J. F. Fleet expressed "The Mihiras were a branch of Huns, who under the leadership of Tormāna and Mihirkula overthrew the power of the early Guptas. (I A. 1886, p. 361)' (3) D. R. Bhandarker expressed that the Maitrakas were like the Gurjaras, a tribe allied with the Hunas and entered India with them (J. R. A. S. 1909, p. 183). (4) Prof. Monier Williams' Dictionary defines the word as "a person who worships in a Buddhist temple." (5) જ્યારે વિદ્વાન લેખક પોતાનો અભિપ્રાય એમ જાહેર કરે છે કે, Maitraka may be equated with Maitreyaka, meaning a particular caste, whose business it was to praise great men (Ind. Cult. 1939 April, p. 409): એ પાચ મતવ્યોને આપણે તપાસી જોઈએ.

નં. ૨ અને નં. ૩ મતવાળાઓએ, મૈત્રક અને હૂણ પ્રજા વચ્ચે સંબંધ હોવાનુ તથા તેમની જ સાથે હિંદમાં પ્રવેશ કર્યો હોવાનું સૂચવ્યું છે. હૂણ પ્રજાનું નામ તોરમાણ હિંદમાં આવ્યો તે પૂર્વે રાજકીય ક્ષેત્રે ભારતીય ઇતિહાસમાં બિલકુલ જણાયુ નથી જ અને તોરમાણે પોતાનો પગદંડો જમાવ્યો છે તે તો ગુપ્તવંશને ઉખેડી નાખ્યા બાદ જ છે. એટલે તોરમાણની પૂર્વે ગુપ્તવંશની હૈયાતી તેમ જ જાહોજલાલી સાબિત થાય છે જ. અને મૈત્રકો (વલભીવંશી રાજાઓનો પ્રથમ પુરુષ ભટ્ટાર્ક પણ) તો ગુપ્તવંશી સમ્રાટોના સૈન્યપતિ જેવા અવલ દરજ્જાના મહાજોખમદાર હોદ્દા ભોગવતા હતા. એટલે સ્પષ્ટ થાય છે કે, ગુપ્તવંશને તોરમાણે નાબુદ કર્યો તે પહેલાંથી જ મૈત્રકો અવંતિમાં તેમ જ હિંદમાં જાણીતા થઈ ગયા હતા. એટલું જ નહીં, પણ જ્યારે તેમણે સેનાધિપતિ જેવું ઊંચામા ઊંચુ અને અતિ વિશ્વસનીય પદ પ્રાપ્ત કર્યું છે ત્યારે એ પણ ફલિત થાય છે કે, તેમનું અસ્તિત્વ, ગુપ્તવંશની સમાપ્તિ ઈ. સ. ૫૦૯ માં કે બે ચાર આઘે પાછે વર્ષે થઈ તે પૂર્વે, બલ્કે તેમની સત્તાની પડતી આશરે ઈ. સ. ૪૫૦ માં થવા માંડી છે તે પૂર્વે—તેમ જ હૂણ પ્રજાનું આક્રમણ કાશ્મીર અને પંજાબ રસ્તે થઈને હિંદમાં ઈ. સ. ૪૫૦ માં થયું તે પૂર્વે—પણ ક્યારનું થઈ ચૂકયું હતું. જો અમે ભૂલતા ન હોઈએ તો ભટ્ટાર્કનો સેનાપતિપદનો સમય ઈ. સ. ૪૬૯ થી ૪૯૪=૨૫ વર્ષનો લગભગ ગણાય છે. એટલે સ્વયં સિદ્ધ થઈ જાય છે કે મૈત્રકોનો હૂણ પ્રજા સાથેનો સંબંધ જોડી—કલ્પી—બનાવવો તે કોઈ રીતે સુઘટિત ઠરતો નથી. નં. ૪ ના મતવ્ય પ્રમાણે મૈત્રકોને બૌદ્ધમતાનુયાયી ઠરાવવા પડશે. તે મત પણ ટકી શકે તેમ નથી કેમ કે જે જે તામ્રપત્રો, સિક્કાઓ કે લેખો તે રાજાઓના અદ્યાપિ પર્યંત મળી આવ્યા છે તેમા કોઈ શબ્દ એવો નથી મળી આવતો કે જેથી તેમને આપણે બૌદ્ધધર્મી ઠરાવી શકીએ. ઉલટું સિક્કા—ચિહ્નો,—નંદી, વૃષભાદિ—તામ્રપત્રમાં વપરાયેલ પરમ માહેશ્વર આદિ બિરુદો, તેમ જ દાનને લગતાં વર્ણનો—ઉપરથી તો એમ વધારે મજબૂતી સાથે કહી શકાય છે

કે તેઓ પણ ગુપ્તવંશીઓની પેઠે વૈદિકમતાનુયાયીઓ હોવા જોઈએ. એટલે મૈત્રકોનો અર્થ બૌદ્ધધર્મી હોવાનું મંતવ્ય ખોટું ઠરે છે. અથવા બીજી રીતે ઉલટાવીને લખીએ તો (ડીક્ષનેરીની વ્યાખ્યા સાચી હોય તો) વલભીવંશી રાજાઓની સાથે જોડેલ મૈત્રક શબ્દ જ ખોટી રીતે સંયુક્ત થઈ ગયો લાગે છે. નં. ૧ થી મૈત્રકોની ઉત્પત્તિ 'મેહેર' કે 'મિહિર' સાથે સંબંધ ધરાવતી લેખી છે. મિહિરનો અર્થ સૂર્ય લેખતાં, તે પણ વાજબી ઠરતું નથી કેમ કે નિબંધલેખક વિદ્વાન મહાશય પોતે જ લખે છે કે, (p. 408) out of 21 kings of the dynasty – not a one was a devotee of the god Sun – 19 are described as worshippers of Siva; only one Dhardatta, the 5th in the line, is styled as a worshipper of the Sun. મતલબ કે, જ્યારે ૨૧માંથી ૧૯ રાજાઓને સૂર્યોપાસકો તે કહી શકતા જ નથી. એટલે પણ તે વંશનું નામ મૈત્રક ઠરાવવું તે વાજબી કહેવાશે નહીં. હજુ એમ બને કે – જો કે બહુધા તે પણ અસંભવિત જ છે; છતાં સોમાંથી એક ટકો પણ સંભવિતતાનો અંશ માની લઈએ તોયે – વંશસ્થાપક મૂળ રાજા સૂર્યોપાસક હોય અને પાછળનાઓએ ધર્મપરિવર્તન કરી નાખ્યું હોય છતાં પોતાના પૂર્વજના માન ખાતર વંશની સાથે જોડેલ શબ્દ પડતો ન મૂકતાં કાયમ જાળવી રાખ્યો હોય. આ કલ્પના પણ બંધબેસતી નથી. કેમ કે સૂર્યોપાસક કોઈ પણ રાજા જો હોય તો તે પ્રથમ પુરુષ નથી પરંતુ પાંચમો રાજા છે. ટૂંકમાં કે કોઈ પણ રીતે વિચાર કરતાં "મિહિર=સૂર્ય" સાથેનો સંબંધ પણ મૈત્રકોનો પુરવાર થઈ શકતો નથી. સૌરાષ્ટ્રમાં મહેર નામની જાતિના ખેડુતો – જમીન માલિકો અથવા તો કોઈ ને કોઈ રીતે આત્મજીવન ગાળતી પ્રજા વસે છે ખરી. તેમનો મુખ્ય ભાગ પશ્ચિમે આવેલ પોરબંદર રાજ્ય અને બરડા ડુંગરમાં વસી રહેલ છે. તેમની ઉત્પત્તિ બહુ પ્રાચીન હોય એમ જણાતું નથી. છતાં જ્યાં સુધી તે મુદ્દો પાકે પાયે નિર્ણિત ન થાય ત્યાં સુધી તેની સંભાવના દૂર કાઢી શકાય નહીં જ. આ પ્રમાણે ૧–૨–૩ અને ૪ મુદ્દાઓનું અસંભવિતપણું જોઈ લીધા પછી હવે કેવળ નં. ૫ નો જ વિચાર કરવો રહે છે. વિદ્વાન લેખક એમ માનતા સમજાય છે કે મૈત્રક= પ્રશંસક; ને તેમણે ગુપ્ત રાજાઓની સેવા – નોકરીમાં અનેક વર્ષો ગાળ્યાં છે, તેથી તેમનાં યશોગાન ગાનાર તરીકે – પ્રશંસક તરીકે – પોતાને ઓળખાવેલ છે અને તેમનો આદિ પુરુષ ભટ્ટારક – ભટ્ટાર્ક કે ભટ્ટક અથવા કોઈ પણ તેને મળતો જ અપભ્રંશ થતો શબ્દ ભાટ – ચારણ જેવા અર્થમાં પણ કદાચ બનતો હોય એવી ભ્રાંતિ સેવી રહ્યા છે તથા આગળ વધી એમ પણ કહેતા જણાય છે કે, "મૈત્રકો અને ત્રૈકૂટકોના તામ્રપત્રો એકસરખાં હોવાથી મૈત્રકો ત્રૈકૂટકોના ખંડિઆ હોવાની સંભાવના વધુ છે (જુઓ ફાર્બસ ત્રૈ. પત્ર, પૃ. ૩૭૫)." અમારી એક દલીલ તો એ જ છે કે, બન્નેમાંથી એકને બીજાનો ખંડિયો માનવા કરતાં, કાં બન્નેને સમકાલીન ગણીને, કોઈ એક ત્રીજી જ મહત્ સત્તાના ખંડિયા તરીકે તે બન્નેને ન માનવા? અને વસ્તુસ્થિતિ છે પણ તેમ જ; જે આપણે ત્રૈકૂટકોના વિવેચનમાં (જુઓ ઉપર) પુરવાર કરી ગયા પણ છીએ કે તે બન્નેનાં ઉદ્‌ગમ ગુપ્તવંશમાંથી તેમની પડતીના સમયે અને તે પણ લગભગ એક જ સમયે થયા છે. સારાંશ કે પાંચમું મંતવ્ય પણ કોઈ સંગીન પાયા ઉપર આધારિત થઈ જતું નથી. તેમ જ પાંચમાંથી એકેને, તે વંશની જાતિ, ભક્તિ, ઉપાસના કે એવું કોઈ

નિમિત્તભૂત કારણ હોવાનું પણ માનવાયોગ્ય નથી. ત્યારે પ્રશ્ન એ રહે છે કે, મૈત્રક શબ્દની ઉત્પત્તિ શી રીતે સંભવિત બની શકે છે? નામાંકિત અને આગળ પડી ચૂકેલ વિદ્વાનોને સ્વકલ્પનાનુસાર મંતવ્ય રજુ કરવાનો જે અધિકાર મળેલ છે તેનો અંશ જ-વિશેષ નહીં તો કિંચિત્ પણ—અમને જો અપાતો હોય તો અત્ર તે રજુ કરવા ઇચ્છું છું. પરંતુ અમારૂં તે અનુમાન અથવા મતદર્શન તેમના જ (મૈત્રકના) સાથીદાર સૈકૂટકની પેઠે જ, તેમના ઉદ્ભવસ્થાન સાથે સંબંધ ધરાવતું હોઈને, આ લેખમાં આગળ ઉપર જણાવશું કે જેથી તેમની શક્યાશક્યતા વિષે વિચાર કરવાની વાચકવર્ગને અનુકૂળતા સાંપડે.

તેમના સમય અને સ્થાન — સામાન્ય પ્રચલિત માન્યતા એ છે, તેમ જ તેમના શિલાલેખોમાં રજુ થયેલ આંકડા ઉપરથી આપણે સાબિત પણ કરી ગયા છીએ કે, મૈત્રકો ગુપ્તવંશી સૂબા હોવાથી તેઓ ગુપ્ત સંવતનો આશ્રય લેતા આવ્યા છે. આ ગુપ્ત સંવતની આદિ ઈ સ ૩૧૯ થી ગણાય છે પરંતુ ઉપર્યુક્ત "ઇન્ડિયન કલચર"ના પત્રમાં સન ૧૯૩૯ ના પૃ. ૪૨૫–૨૯માં શ્રી એસ કે દીક્ષિતે સિક્કા ઉપરથી સંશોધન કરીને એમ પુરવાર કરવા પ્રયત્ન કર્યો છે કે, ગુપ્ત સંવતની આદિ ઈ. સ ૩૧૯ ને બદલે ઈ. સ પૂ ૫૭ થી છે અને જે ગુપ્ત સંવત છે તે વિક્રમ સંવત જ છે. માટે જ્યાં જ્યાં ગુપ્ત સંવત લખ્યો હોય ત્યાં ત્યાં વિક્રમ સંવત લેખી ઈ સ પૂ ૫૭ તરીકે તેની ગણના કરવી જોઈએ. સંશોધન વિષય જ એવો છે કે, એકદમ આપણે કોઈ મંતવ્યને હસી કાઢવું ન જોઈએ. માટે આપણે તપાસવું રહે છે કે તેમની માન્યતા ટકી રહે તેવી છે કે કેમ?

તેમણે વાતો તો ઘણી ઘણી કરી છે. તે સઘળી અત્રે ઉતારવા યોગ્ય ન ગણાય પરંતુ તેમણે લીધેલ મૂળ પાયો આ પ્રમાણે છે. (જુઓ, ફાર્બસ ત્રૈમાસિક ૧૯૩૯, પૃ ૩૭૯ ઉપરનું અવતરણ) "કનિષ્કનો સમય તેના શિલાલેખો મુજબ વિ સ ૩ થી ૨૩ છે[૫] વધુમાં બુદ્ધના નિર્વાણ પછી પાંચસો વર્ષે કનિષ્કના સમયમાં ચોથી બૌદ્ધિસભા મળી હતી. બુદ્ધનું નિર્વાણ ઈ સ પૂ ૫૪૬ માં થયું હોવાથી[૭] કનિષ્કનો સમય ઈ સ. પૂ ૪૫=વિ. સ. ૧૦માં તો આવી જ રહે છે. એટલે ઈ સ પૂ ૫૩ થી ૩૩ ના ગાળામાં કનિષ્કનું અસ્તિત્વ નિર્વિવાદ સિદ્ધ થાય છે." આ હકીકતમાં વિરોધ તો ઘણા પ્રકારનો છે. પરંતુ તે બધું ચર્ચાની ખાતર જતું કરીએ (જુઓ ફૂટનોટ નં ૬ અને ૭) તો પણ પ્રશ્ન એ છે કે, કનિષ્કનો સમય ઈ સ. પૂ ૩૩ નો તમે ભલે માનો પણ તેને અને ગુપ્તને સબંધ શો? કનિષ્ક પછી તો તેનો વંશ લગભગ દોઢસો વર્ષ ચાલ્યા બાદ ગુપ્તવંશ સત્તામાં આવ્યો છે. તે હિસાબે ગુપ્તવંશની શરૂઆત જ ઈ સ

(૫) આંક સખ્યા બરાબર છે પણ તેઓએ 'વિક્રમ સવત' લખ્યું જ નથી. લેખક પોતે શબ્દ જોડી નાખ્યો છે વળી કનિષ્ક પરદેશી માણસ છે તેને અને વિક્રમને શું સબધ કે તેનો સવત વાપરવા તે લલચાય આ પ્રમાણે અનેક વાધા છે (કનિષ્ક સવતની આદિ વિષે જુઓ પ્રાચીન ભારતવર્ષ ભા ૪માં કુશાન વશનું વર્ણન)

(૬) અર્વાચીન બૌદ્ધ સાહિત્યમા આવી હકીકત કદાચ હશે. પ્રાચીન સાહિત્યમા આવું લખાણ મળતું જણાતું નથી

(૭) બુદ્ધ નિર્વાણ ઈ સ પૂ ૫૪૩મા છે, (જુઓ પ્રા ભા પુ ૨ પરિચ્છેદ ૧) છતા ૫૪૬ લેવાથી બે ત્રણ વર્ષનો ફેર ચલાવી શકાય તેમ ગણાય તેમ છે

૭૫ અને ૧૦૦ ની વચ્ચે આવશે. અને ઈ. સ, ૭૫-૧૦૦ એટલે વિક્રમ સંવત્ ૧૫૦ સેંજે આવે. જ્યારે તેમનું મંતવ્ય તો એ છે કે, ગુપ્તવંશી રાજાઓએ પોતાના વંશની આદિ વિ. સં. ૧ થી કરીને તેમના રાજ્યકાળના બધા આંકનું સમયદર્શન જ વિક્રમ સંવતમાં કરેલું છે. આ ઉપરથી જ સમજી શકાય તેવું છે કે તેમનું મતવ્ય બેહુદું છે. વળી ગુપ્ત સંવત વિક્રમ સંવત છે તેનું ઉપર્યુક્ત લેખકનું મંતવ્ય કલ્પિત ઠરાવવા, ધી આસામ રીસર્ચ સોસાઇટીના જરનલમાં તેના પ્રમુખ અને તંત્રી શ્રીયુત રાય. કે. એલ. બરૂઆએ, ૧૯૩૯ ના પુ. ૭ અકટોબર અંક ૩ ના પૃ. ૮૮ ઉપર આસામના રાજ્યકર્ત્તા ભાસ્કરવર્ધન, કે જે પહેલા પ્રસિદ્ધ સમ્રાટ્ હર્ષવર્ધન કનોજપતિનો સમકાલીન ગણાય છે (એટલે કે જેનો સમય ઈ. સ. ૬૩૦-૫ સાબિત થયેલ છે) તે ભાસ્કર-વર્ધનનો નિધનપુરનો એક શિલાલેખ, જેમાં તેણે પોતાનાં ૧૧ પૂર્વજોનાં નામ આપ્યા છે તે લેખનો હવાલો આપી જણાવે છે કે, Following Mr. Mookerji, we take the Gupta era to begin from 58 B. C. Then Harjjara Varman must have been ruling in 452 A. D. or about 150 years before Bhasker Varman. From the Nidhanpur inscr. of Bhasker Varman, we get the names of his eleven ancestors immediately preceding him, but these do not include the name of Harjjar Varman. In 452 A. D. the ruling chief, according to this geneology, must have been either Kalyan Varman or Ganapati Varman. There can be no doubt as to the date of Bhasker Varman, who is a contemporary of Harsh Vardhan and the Chinese pilgrim Yuan Chwang, who must have therefore ruled during the first half of the 2nd Cent. આ પ્રમાણે લખીને પૃ. ૯૧ ઉપર પોતાનો અભિપ્રાય જાહેર કરે છે કે, It is not necessary to discuss other debatable points raised in this article, which are not quite germane to the main controversy at issue. આમાં તો શિલાલેખના આધારે જ તે મંતવ્ય ખોટું ઠરાવાયું છે એટલે તેની સત્યતા વિષે કાંઈ શંકા જ રહેતી નથી. છતાં આસામ જેવા દૂર સ્થળના કોઈક એકાદ લેખ ઉપર જ બધો આધાર ન રાખતાં, અવંતિ જેવા મધ્ય-વર્તી દેશના અને સમસ્ત ભારતવર્ષીય ઇતિહાસ ઉપર વર્ચસ્વ ભોગવતા સમ્રાટોના હવાલા પણ તેની વિરૂદ્ધમાં આપી શકાય તેમ છે. ગુપ્તવંશની આદિ વિક્રમ સંવતથી માનતાં, કુમારગુપ્ત પહેલાનો સમય ૯૪ થી ૧૩૬ અને સ્કંદગુપ્તનો ૧૩૬ થી ૧૪૮ નો આવશે.[૮] અને તે વખતે તેઓ અવંતિપતિ અને સર્વસત્તાધીશ હતા તે તદ્દન સ્પષ્ટ જ છે. જ્યારે પશ્ચિમી ક્ષત્રપાઝ=ચષ્ઠણવંશી ક્ષત્રપોમાંના ચષ્ઠણ અને રૂદ્રદામનનો સમય તેમના શિલાલેખો અને સિક્કાના આધારે તેમના શક પર અને ૭૨ નો અનુક્રમે આવે

(૮) Indian Culture, 1939 April, by Jagan Nath, M. A. p. 411 – Inscr. of Skandgupta. It is clear that Surastra was in possession of the Guptas upto the Gupta year 138. (આમાં સૌરાષ્ટ્રની હકીકત છે પરંતુ તે સમયે તે સાર્વભૌમ અવંતિપતિ હતો જ).

છે. તેને ઈ. સ. માં ફેરવી નાંખતા ૧૩૦ અને ૧૫૦; તથા વિક્રમ સંવતમાં ફેરવતાં ૧૮૭ અને ૨૦૭ આવશે. અને આ ક્ષત્રપો પણ અવંતિપતિના જ હતા. તો શું એક વખતે અવંતિ ઉપર બે વંશના સમ્રાટો આધિપત્ય ભોગવતા હતા એમ માનવું ? મતલબ કે ગુપ્ત સંવત ને વિક્રમ સંવતની માન્યતા જ હવાઈ કિલ્લા સમાન લાગે છે.

खानोंके करों और सैनिकोंकी आवश्यक स्थानों परकी नियुक्ति) का; त्रिवर्ग (उपर्युक्त अष्टवर्गोंमें कमी, स्थिरता और बढती) का; सप्ताङ्गों (राजा, मंत्री, सहायक, खजाने, राज्यके चारों ओरकी भूमि, पर्वत और किले आदि दुर्गमस्थानों और सेना) का, षड्गुणों (मित्रता, लडाई, चढाई, मोरचाबंधी, बलवानके साथ संधि तथा निर्बलके साथ झगडे, और शत्रुसे पीडित होनेपर बलवान्‌के आश्रय) का; तीन शक्तियों (खजाने और फौजके प्रभाव, अपनी सेनाके उत्साह और मेल तथा लडाईकी सलाह) का; चार उपायों (समझाकर, कुछ दे-दिलाकर, फूट डालकर और दण्ड देकर काम बनाने) का, अपनी तथा शत्रुकी ताकत और कमजोरीका; दुश्मनोंका; दोस्तोंका तथा अन्य आवश्यक बातोंका सदा विचार करे, और धर्म, अर्थ, काम और भय द्वारा सबकी परीक्षा करे।

इङ्गिताकारभावज्ञा देशकालविदोऽभयाः।
वाग्मिनः पण्डिताः शुद्धा विश्वस्ताः शुभदर्शनाः ॥ २६ ॥
मर्मज्ञाः स्वपरेङ्गानां राजराष्ट्रहिते रताः।
राज्ञो दूताः प्रशस्ताः स्युर्निपुणाः संधिविग्रहे ॥ २७ ॥ (युग्मम्)

इशारे, सूरत और भावको समझनेवाले, देश और काल (समय) को जाननेवाले, निडर, बात-चीतमें चतुर, विद्वान्, सच्चे, विश्वासी, अच्छी शकलवाले, अपने और परायेकी चेष्टाओं (हरकतों) का मर्म ताडनेवाले, राजा और राज्यके लाभमें लगे और संधि-विग्रह (मेल और झगडा खडा करने) में चतुर-ऐसे राजाके दूत (ambassadors) प्रशंसाके योग्य होते हैं।

धीरो वीरश्च कुशलो विश्वस्तो व्यूहकोविदः।
सेनायाश्चतुरङ्गिण्याः सेनानीरत्र शस्यते ॥ २८ ॥

धैर्यवाला, वीर, चतुर, भरोसेका, फौजकी मोरचेबंदीमें कुशल-ऐसा राजाकी चतुरंगिणी (हवाई, समुद्री, टैंक और पैदल) सेनाका सेनानायक श्रेष्ठ माना जाता है।

राज्यकोशस्य रक्षाऽत्र राज्ञा कार्या प्रयत्नतः।
नष्टकोशस्य राष्ट्रस्य रक्षा भवति दुष्करा ॥ २९ ॥

यहां पर राजाको पूरे यत्नके साथ राज्यकोशकी रक्षा करनी चाहिए। राज्य-कोश (खजाने) से हीन राज्यकी रक्षा करना कठिन हो जाता है।

रम्येऽथ सुजले देशे शुद्धवायुसमन्विते।
आरामैर्वाटिकाभिश्च शोभिते वसतिः शुभा ॥ ३० ॥

सुन्दर, निर्मल जलवाले, शुद्ध वायुसे घिरे तथा बगीचों और बगीचियोंसे शोभित स्थान पर निवास करना शुभ (अच्छा या लाभ-दायक) होता है।

अनुकूले प्रदेशेऽतो राजमार्गैः परिष्कृतम्।
गृहैः प्रकाशपवनशुद्धैः स्वास्थ्यप्रदैर्युतम् ॥ ३१ ॥
वणिज्यया सुसंपन्नं कलाकौशलसंयुतम्।
व्यायामौषधशिक्षादि-शालाभिश्च समन्वितम् ॥ ३२ ॥

मनोरञ्जैः स्वास्थ्यदैश्च साधनैः परिभूषितम् ।
नवं पुरं प्रतिष्ठाप्य रक्षेद् न्यायरतः सदा ॥ ३३ ॥ (तिलकम्)

इसलिए अच्छे स्थान पर, सडकोंसे सुन्दर, प्रकाश और हवासे शुद्ध रहनेके कारण स्वास्थ्य (तंदुरस्ती) बढानेवाले घरोंसे युक्त, व्यापारसे मालामाल, कल कारखानों-वाला, व्यायाम-शालाओं, औषधालयों और पाठशालाओंसे युक्त, मनको प्रसन्न करने-वाले और स्वास्थ्य (तंदुरुस्ती) देनेवाले साधनोंसे सजा हुआ नया शहर बसाकर उसकी सदा न्यायपूर्वक रक्षा करे। (अर्थात्—वहां पर पुलिस आदिका अच्छा प्रबन्ध करे।)

तद्दुर्गं यत्र दुःखेन गम्येत रिपुभिस्ततः ।
तत् सार्थकान्वयं कार्यं देशकालोचितं पुनः ॥ ३४ ॥

जहां पर शत्रु कठिनतासे पहुंच सके उसे दुर्ग (किला) कहते हैं इसलिए उस (किले) को उसके नामके अनुसार गुणवाला और स्थान और समयके उपयुक्त बनवाना चाहिए।

गिरिदुर्गस्य शास्त्रेषु दुर्गमत्वं सुसंमतम् ।
परिखाधन्वदुर्गाणि रच्येरंस्तदसंभवे ॥ ३५ ॥

शास्त्रोंमें पहाडी किलेका (शत्रुओं द्वारा) कठिनतासे पहुँचने लायक होना माना है। उसके अभावमें खाईसे या निर्जल प्रदेशसे घिरे किले बनवाये जावें।

प्रस्फोटनकरास्त्रेभ्यः क्षिप्तेभ्यो वायुयानतः ।
रक्षार्थं भूमिगर्भस्थं दुर्गमप्यद्य शस्यते ॥ ३६ ॥

वायु-यानसे गिराये फटनेवाले (बमके) गोलोंसे बचनेके लिए आजकल पृथ्वीके नीचे बने किले भी अच्छे समझे जाते हैं।

जलधान्यायुधानां च तृणवाहनशिल्पिनाम् ।
यन्त्राणामथ योद्धॄणां द्रव्याणां वाससां तथा ॥ ३७ ॥
युद्धोपकरणानां चान्येषामपि सुसंग्रहः ।
कार्यो दुर्गेषु सततं राज्ञा विजयमिच्छता ॥ ३८ ॥ (युग्मम्)

विजयकी इच्छा करनेवाले राजाको किलोंमें पानी, धान्य (नाज), शस्त्रों, घास, सवारियों, कारीगरों, मशीनों, योद्धाओं (सिपाहियों), धन, कपडों और युद्धमें काम आनेवाली अन्य वस्तुओंका भी बराबर संग्रह करना चाहिए।

शिल्पिनां कर्षकाणां च वणिजां श्रमजीविनाम् ।
खनकानां प्रजानां चापरेषामपि कर्मिणाम् ॥ ३९ ॥
काले प्रतिनिधीनासानामन्य विधिवत् स्वयम् ।
वार्षिका वलयोऽन्ये वा कराश्च नियमादयः ॥ ४० ॥
निर्णेया निजराष्ट्रस्य प्रजानां च हितेच्छया ।
पाल्यास्ते च प्रयत्नेन नापत्तिः स्याद् यतः क्वचित् ॥ ४१ ॥ (तिलकम्)

राजाको स्वयं अपने राज्य और प्रजाकी भलाईकी इच्छासे समय पर कारीगरों, किसानों, व्यापारियों, मजदूरों, खान खोदनेवालों, साधारण प्रजाजनों और दूसरे

काम करनेवालोंके मान्य प्रतिनिधियोंको, नियमानुसार समय पर बुलवाकर वार्षिक कर या अन्य लगान और कायदे कानून आदि निश्चित करने चाहिए और उनका यत्न-पूर्वक पालन करना चाहिए, जिससे कहीं भी विरोधकी भावना न रहे।

व्ययं श्रमं च लाभं च परिज्ञायाथवा पुनः।
करादिकं सुनिर्धार्यं व्यापारे कृषिकर्मणि ॥ ४२ ॥

या फिर व्यापार और खेतीके काममें खर्च, महनत और आमदनीकी जाँच करके कर (लगान-महसूल) आदि निश्चित करना चाहिए।

निश्चिताऽऽयाधिकतयोत्तरोत्तर-विवर्धनः।
सर्वसाधारणैर्देयो यः स आयकरः स्मृतः ॥ ४३ ॥

निश्चित की हुई आमदनीसे अधिक आमदनी पर उत्तरोत्तर बढनेवाला (तथा) सब लोगोंसे दिया जानेवाला जो कर (टेक्स) होता है, वह आयकर (income tax) माना गया है।

नागरैर्नियता ये स्युः सभ्याः संघेऽथ नागरे।
स्वास्थ्यादिरक्षणकरे तैस्तु ये स्थापिताः कराः ॥ ४४ ॥
राजमार्गपरिष्कार-रथ्याशुद्धिकृतेऽथवा।
रथेष्वनेकरूपेषु वाहेष्वन्येषु वा पुनः ॥ ४५ ॥
यात्राकारिषु हर्म्येषु जलयानेषु निश्चिताः।
तेऽपि देया जनैरद्य ये चान्ये राजनिश्चिताः ॥ ४६ ॥

नगर-वासियोंने जिनको नगरकी सफाई, तंदुरुस्ती आदिका प्रबन्ध करनेवाले संघ (municipality) में मेंबर नियुक्त किया हो और उन्होंने सडकोंकी मरम्मत अथवा गलियोंकी सफाईके लिए अनेक तरहकी गाडियों पर, दूसरी तरहकी सवारियों पर, यात्रियों पर, बडे घरों पर और नावों पर जो निश्चित कर (tax) लगाये हों, और जो दूसरे कर राजाने निश्चित किये हों, आज-कल लोगोंको ये भी देने चाहिए।

रोगिणो विकलाङ्गाश्च निःसामर्थ्याश्च निर्धनाः।
धर्मार्थं यत्र भोज्यन्ते करस्तत्र न संमतः ॥ ४७ ॥

जहां पर रोगी, विकृत अङ्गवाले (लूले, अंधे आदि) असमर्थ और गरीब लोगोंको धर्मके लिए भोजन दिया जाता है, वहां पर कर (टेक्स) लगाना ठीक नहीं माना है।

रहस्यं तु करस्यैतत् कृषि-व्यापारवर्धनम्।
प्रजासुखकरं चापि राष्ट्रसम्पत्तिवर्धकम् ॥ ४८ ॥

यह खेती और व्यापारको बढानेवाला, प्रजाको आराम पहुँचानेवाला और राज्यकी संपत्ति (माली हालतको) बढानेवाला कर (tax) की सार है।

अगृहीतकरो राजा क्षीणकोशबलो भवेत्।
अतिग्रहणतश्च स्याद् हीनराष्ट्रबलस्त्वसौ ॥ ४९ ॥

कर न लेनेवाला राजा खजानेके बलसे हीन हो जाता है और अत्यधिक कर लेनेसे वह (खेती और व्यापार आदिके नष्ट हो जानेके कारण राज्यकी संपत्ति घट जानेसे) राष्ट्रके बलसे हीन हो जाता है।

अतो मितकरग्राही काले तीक्ष्णो मृदुस्तथा ।
प्रजानां प्रियतामेति सोऽधृष्यश्च प्रजायते ॥ ५० ॥

इसलिए वाजिब कर लेनेवाला तथा समयानुसार कठोर और नरम होनेवाला वह (राजा), प्रजाका प्यारा बन जाता है और दूसरोंसे नहीं दबाया जा सकनेवाला हो जाता है।

नियोज्याः सर्वकार्येषु राज्ञा योग्याधिकारिणः ।
संग्राह्याः सज्जनैरेव कराश्च वलयस्तथा ॥ ५१ ॥

राजाको सब कामोंपर योग्य अफसर नियुक्त करने चाहिए और कर (टैक्स) तथा सालाना लगान, भले लोगोंद्वारा ही वसूल करवाने चाहिए।

गृह्णीयाद् द्वादशांशं स कुटुम्बार्थं तदायतः ।
कोशे च निश्चितं भागं निक्षिपेत् तदनन्तरम् ॥ ५२ ॥

वह (राजा) स्वयं उस कर आदिकी आयमेंसे बारहवां भाग अपने कुटुम्बके निर्वाहके लिए लेवे और उसके बाद आयका एक निश्चित भाग राज्यके खजानेमें जमा करे।

शेषं प्रजासमृद्ध्यर्थमाप्तैश्च व्याययेदसौ ।
पालयेच्च प्रजाः स्वीयाः सन्ततीरिव यत्नतः ॥ ५३ ॥

आमदनीके बाकी भागको वह माननीय पुरुषोंद्वारा प्रजाकी उन्नतिके लिए खर्च करवावे और अपनी प्रजाका सन्तानके समान यत्नसे पालन करे।

अदत्त्वैव भृतिं राजा निर्धनैः शिल्पजीविभिः ।
श्रमिकैश्चोचितं कार्यं कारयेदिति यद् वचः ॥ ५४ ॥
शास्त्रेषु लभ्यते तत्तु त्याज्यं तेषां हितेच्छया ।
आवश्यके पुनस्तत्र दद्यान्निर्वाहकं धनम् ॥ ५५ ॥ (युग्मम्)

राजा बिना मजदूरी दिये ही गरीब कारीगरों और मजदूरोंसे (बेगारमें) उचित काम करवा ले—ऐसा जो वचन (मनुस्मृति आदि) शास्त्रोंमें मिलता है, उसे उन (गरीबों)के हितकी इच्छासे छोड़ देना चाहिए। फिर उस (बेगार)के आवश्यक होनेपर उन्हें (कुटुम्बके) जीवन निर्वाहके लायक मजदूरी दे दे।

प्रख्यातानां च विदुषां वीराणां शिल्पिनां तथा ।
सतां वैज्ञानिकानां च भूपैः कार्यः सदादरः ॥ ५६ ॥

राजाओंको प्रसिद्ध विद्वानों, वीरों, कारीगरों, सत्पुरुषों और विज्ञानके पण्डितोंका सदा आदर करना चाहिए।

स्नातकं च वरं चाथ सर्वमान्यं मनीषिणम् ।
ब्रह्मनिष्ठं गुरुं चाऽध्वदानात् संमानयेन्नृपः ॥ ५७ ॥

राजा विद्या पढना समाप्त कर लौटते हुए ब्रह्मचारी, वर (दूल्हे), सर्वमान्य विद्वान् और ब्रह्मचिन्तनमें लगे गुरुको रास्ता देकर (इनका) संमान करे (अर्थात् मार्गमें मिलने पर पहले इन लोगोंको निकलनेका मार्ग दे।)

पशवो हिंस्रका ये स्युर्ये स्युः कृषिविनाशकाः ।
अन्यहानिकरा ये च तेषामाखेटमाचरेत् ॥ ५८ ॥

जो पशु दूसरे जीवोंका नाश करनेवाले हों, जो खेतीको नुकसान पहुँचानेवाले हों और जो दूसरी तरहकी हानि करनेवाले हों, उनका शिकार करे।

क्षत्रव्रतं न संत्याज्यं राज्ञा कुत्रापि कर्हिचित् ।
शरण्यः स्याद् विनीतानां दुष्टानां दमने क्षमः ॥ ५९ ॥

राजा कहीं भी और कभी भी क्षत्रिय धर्मको न छोडे । वह भले मनुष्योंकी रक्षा करे और दुष्टोंको दण्ड देनेमें समर्थ हो ।

न पृष्ठं दर्शयेद् युद्धे त्यक्तशस्त्रान्न मारयेत् ।
न लुण्ठेच्च प्रजाः शत्रोरपि स्वस्य तु का कथा ? ॥ ६० ॥

राजा युद्धमें पीठ न दिखावे, शस्त्र डाल देनेवालोंको न मारे और शत्रुकी प्रजाको भी न लूटे, (ऐसी अवस्थामें फिर) अपनी प्रजाके लूटनेकी तो बात ही कैसी ? ।

द्रव्योपकरणादीनि लभ्यन्ते यानि शत्रुतः ।
ततः स्ववीरमुख्येभ्यो देया युद्धपुरस्कृतिः ॥ ६१ ॥

शत्रुसे जो धन और सामान हाथ लगे, उसमेंसे अपने मुख्य-मुख्य वीरोंको युद्धमें दिखलाई वीरताके लिए, इनाम देना चाहिए ।

सैन्यशिक्षारतो नित्यं न्यायकार्यपरस्तथा ।
मन्त्रिमन्त्रार्थकुशलो वैरिमर्मविदारकः ॥ ६२ ॥
स्वच्छिद्रं गोपयन्नित्यं नाशयन् परिपन्थिनः ।
सुकर्मणः स्वपक्षीयाञ्जनान् राष्ट्रं च पालयेत् ॥ ६३ ॥ (युग्मम्)

सदा सैन्यशिक्षामें लगा हुआ, न्यायके कामोंमें तत्पर, मंत्रियोंकी सलाहको समझनेमें प्रवीण और शत्रुओंकी निर्बलताओं (अथवा उनके मर्म स्थानों) पर चोट करनेवाला राजा, सदा ही अपनी कमजोरीको प्रगट न होने देता हुआ और अपने विरोधियोंका नाश करता हुआ, अपने पक्षके सज्जनोंकी और राज्यकी रक्षा करे ।

अलब्धं मतिमानिच्छेल्लब्धं रक्षेत् सुयत्नतः ।
वर्धयेद् रक्षितं लोके वृद्धं लोकहितेऽर्पयेत् ॥ ६४ ॥

बुद्धिमान् (राजा) हाथ न लगी वस्तुकी (प्राप्तिकी) इच्छा करे, हाथ लगी हुई की यत्नसे रक्षा करे, रक्षित वस्तुको जगत्‌में (व्यापार आदिसे) बढावे और बढाई हुईको प्रजाके फायदेके कामोंके लिए दे दे ।

ऋते कारणमज्ञानात् पीडयेद् यो निजाः प्रजाः ।
स नश्यत्यचिरादेव सकुटुम्बपरिग्रहः ॥ ६५ ॥

जो (राजा) विना कारणके ही मूर्खतासे अपनी प्रजाको दुःख देता है, वह भाई-बन्धुओं और साथियों सहित शीघ्र ही नष्ट हो जाता है ।

प्रबन्धः शिक्षणे कार्यः प्रजाकल्याणमिच्छता ।
शिक्षिताः स्वास्थ्य-संपत्तिदायित्वज्ञा यतः प्रजाः ॥ ६६ ॥

वर्ष २] पौष, सं० १९९९ ❀ जान्युआरी, सन् १९४३ [अंक ४

उपनिषत्सिद्धान्त अने भागवत सिद्धान्त*

ले० – श्रीयुत दुर्गाशंकर के. शास्त्री

*

'ઉપનિષત્સિદ્ધાન્ત' એ કદાચ શિથિલ શબ્દપ્રયોગ છે, કારણ કે પ્રાચીન ગણાતાં ઉપનિષદોમાં અમુક જ સિદ્ધાન્ત સળંગ સંકલિત રૂપમાં કહેલો હોય એવું દેખાતું નથી. પાછળના આચાર્યોએ પોતાનો ઇષ્ટ વાદ ઉપનિષદોને માન્ય છે એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે, પણ આવો પ્રયત્ન પરસ્પરવિરોધી મતના આચાર્યોથી થઈ શક્યો છે એ વસ્તુસ્થિતિ જ ઉપનિષદોમાં અમુક એક જ સિદ્ધાન્ત દૃઢ રૂપમાં પ્રતિપાદિત નથી એમ સિદ્ધ કરે છે. છતાં એટલું ચોક્કસ કહી શકાય એમ છે કે ધ્યાનાદિ જેવી યોગની પ્રક્રિયાઓ, ઉપાસના તથા ઈશ્વરભક્તિસંબંધી છૂટક વચનો તથા સાંખ્યવાદને અનુકૂળ કહી શકાય એવાં કોઈક વાક્યોને બાદ કરતાં ઈશાદિ દશ કે બાર ઉપનિષદોના મોટા ભાગમાં જ્ઞાનમાર્ગના કહી શકાય એવા આધ્યાત્મિક તથા સૃષ્ટિ અને પરમેશ્વરવિષયક વિચારો વેરાયેલા પડ્યા છે. વળી ઉપનિષદોનું સામાન્ય વલણ અદ્વૈતવાદ પ્રતિ છે.

અહીં ઉપનિષદોનું સ્વરૂપ ધ્યાનમાં રાખવાની જરૂર છે. ઉપનિષદો કાંઈ સુગ્રથિત શાસ્ત્રગ્રન્થ નથી. શાસ્ત્રયુગ જ ઔપનિષદ કાળ પછી ઉદય પામ્યો છે. ન્યાયવૈશેષિકાદિ દર્શનો એ શાસ્ત્રયુગની રચના છે, પણ ઉપનિષદો તો કવિત્વમય ભાષામાં ઋષિઓના સ્વયસ્ફુરિત અધ્યાત્મવિષયક ઉદ્ગારો છે. પ્રાચીનોએ તેને સ્વતઃપ્રમાણ ગણેલ છે. અર્વાચીન દૃષ્ટિએ જોતાં ઉપનિષદ્વચનોમાં જે સત્ય છે તે પ્રમાણપુરઃસર વિચાર કરીને

* તા. ૨-૩-૧૯૪૨ ને રોજ ભારતીય વિદ્યાભવન તરફથી આપેલું વ્યાખ્યાન.

મેળવેલ સત્ય નથી, પણ કવિઓના દર્શન સર્જન જેવું, હૃદયગુહામાંથી પ્રકટેલ પ્રાતિભ દર્શન છે, એમ કેટલાંક ઔપનિષદ વચનોના સ્પષ્ટ કથનથી,[1] ભૃગુવલ્લીમાં કહેલ તપથી જ્ઞાત થયું હોવાની વાતથી, નચિકેતોપાખ્યાન, જાબાલોપાખ્યાન, ઉપકોસલોપાખ્યાન વગેરેમાં રહેલા ગર્ભિત સૂચનથી તથા સમગ્ર રીતે ઉપનિષદોમાં તર્કબદ્ધતાનાં અભાવથી સ્પષ્ટ પ્રતીત થાય છે.

આ રીતે જોતાં 'ઉપનિષત્સિદ્ધાન્ત' એ શબ્દપ્રયોગ બરાબર નથી, છતાં શિથિલ રીતે ઉપનિષદોમાં મળી આવતા ફિલસૂફીના વિચારો માટે એ શબ્દ વાપરી તેની ભાગવત સિદ્ધાન્ત એટલે ભાગવત માર્ગના, કોઈ એક સંપ્રદાયનાં ખાસ નહિ પણ સામાન્ય, મન્તવ્યો સાથે તુલના કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

ભાગવત માર્ગનો આદિ ગ્રન્થ ભગવદ્ગીતા છે.[2] ગીતાથી પ્રાચીનતર કોઈ ગ્રન્થ જૂના કાળમાં હશે તો એ અત્યારે ઉપલબ્ધ નથી, પણ શ્વે. ઉ. નાં તથા બીજાં પણ કેટલાક ઔપનિષદ વચનો જોતાં ગીતા રચાયા પહેલાં પણ ભાગવતોના વિચારોનું અસ્તિત્વ હશે એમ લાગે છે. વળી ગીતામાં પોતામાં તથા ભાગવત સિદ્ધાન્તમાં કેટલાક વિચારો ઉપનિષદોમાથી ઊતરી આવ્યા છે, અને કેટલાક તો બૌદ્ધ, જૈન અને બ્રાહ્મણ દર્શનોને સમાન માન્ય વિચારો છે. દા. ત. કર્મવાદ. ઉપનિષદોમાં કર્મવાદને લગતાં જે છૂટક થોડાં વચનો[3] મળે છે તેમાં કર્મવાદ પૂરા વિકસિત રૂપમાં દેખાતો નથી, એટલુંજ નહિ, પણ કર્મવાદવિષયક ઔપનિષદ વચનોનો સમગ્ર રીતે વિચાર કરતાં એમ લાગે છે કે ઔપનિષદ કાળમાં જ એ વાદ ક્રમે ક્રમે વિકસ્યો છે. પાછલા કાળનાં ગણાતાં ઉપનિષદોમાં પ્રાચીનતર ઉપનિષદો કરતાં સ્પષ્ટતર રૂપમાં મળે છે, પણ બૌદ્ધ, જૈન અને ઉપનિષદુત્તરકાલીન બ્રાહ્મણસાહિત્યમાં કર્મવાદ પૂરા વિકસિત રૂપમાં મળે છે. ભાગવત માર્ગને પણ કર્મવાદ સંપૂર્ણ રીતે માન્ય છે.

કેટલાક વિચારો બૌદ્ધ જૈનને નહિ પણ ઉપનિષદોને તથા ભાગવત માર્ગને સમાન રીતે માન્ય છે. દા. ત. વૈદિક કર્મોની મોક્ષસાધકતામાં અશ્રદ્ધા. ભગવદ્ગીતા સ્પષ્ટ શબ્દોમાં વૈદિક કર્મોની નિન્દા કરે છે[4], જ્યારે ઉપનિષદો આત્મજ્ઞાનને જ નિઃશ્રેયસ સાધન માને છે અને કર્મોને અવગણે છે.[5]

---

१ हृदा मनीषा मनसाभिक्लृप्तः श्वे. ઉ. ૩-૧૩
ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः. મુંડક. ૩-૧-૮
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्। કઠ. ૨-૨૩

૨ જુઓ મારો વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, ૧૯૩૯, પૃ. ૩૫

૩ योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः ।
स्थाणुमन्ये नु संयन्ति यथाकर्म यथाश्रुतम् ॥ કઠ. ૨-૫-૭

૪ જુઓ ગીતા ૨-૪૨,૪૩ –
यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ।
कामात्मानः स्वर्गपराः जन्मकर्मफलप्रदाम् ॥

૫ एष नित्यो महिमा ब्राह्मणस्य न कर्मणा वर्धते नो कनीयान्। બૃ. ઉ. ૪-૪-૨૩
नास्त्यकृतः कृतेन। મુંડક. ૧-૨-૧૨

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો ઔપનિષદ કાળમાં યજ્ઞાદિ વૈદિક કર્મોથી વિચારશીલ માણસોને અસંતોષ થવા લાગ્યો. પરિણામે બૌદ્ધો અને જૈનોએ વૈદિક કર્મોનો જ નહિ, પણ તેનો ઉપદેશ કરનાર વેદોનો પણ બહિષ્કાર કર્યો, જ્યારે ઉપનિષદોમાંથી નીકળેલા વેદાંતમાર્ગે તથા ગીતાથી ચાલેલા ભાગવત માર્ગે વેદોને ધર્મના સ્વતઃપ્રમાણ મૂળ તરીકે માન્ય રાખ્યા પણ વૈદિક કર્મોને ગૌણ ગણ્યાં. વૈદિક કર્મોને તથા સંસારને ત્યજીને પરિવ્રજ્યા કરવાનું વલણ ઔપનિષદ કાળમાં સામાન્ય હતું; જો કે સંન્યાસ માટે આગ્રહ ઉપનિષદોમાં કે ગીતામાં નથી, પણ બૌદ્ધો, જૈનો, ઔપનિષદો અને ભાગવતો બધા ત્યાગમાં ગૌરવ માનતા એમ તો દેખાય છે. અને પાછળથી પણ જેમ વેદાન્તીઓમાં સંન્યાસનું મહત્ત્વ હતું તેમ ભાગવતોમાં પણ હતું. ભાગવત પુરાણ પોતે પારમહંસ્યસંહિતા કહેવાય છે. રામાનુજ, મધ્વ, ચૈતન્ય વગેરે વૈષ્ણવ આચાર્યોએ સંન્યાસ સ્વીકારેલો.

ઉપનિષદોમાં મુખ્ય વિચારધારા બે દેખાય છેઃ (૧) આધ્યાત્મિક ચિંતનની અને (૨) સૃષ્ટિકરણ ચિંતનની. સ્થૂળ શરીર તો નશ્વર છેઃ "જેવું ઘાસ તેવું આ શરીર;"[૬] ત્યારે માણસમાં કાંઈ અવિનાશી તત્ત્વ છે કે નહિ એનું ચિંતન કરતાં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, આત્મા વગેરે આધ્યાત્મિક દ્રવ્યોને ઋષિઓની પ્રજ્ઞાએ પકડ્યાં છે. પણ અહીં સ્પષ્ટ કહેવું જોઈએ કે આધ્યાત્મિક વિચારમાં ચિત્તતંત્રની રચના કે કાર્યપ્રણાલીની વીગતોને ઉકેલવા તરફ ઔપનિષદ ઋષિઓએ વિશેષ ધ્યાન આપ્યું હોય એમ દેખાતું નથી, પણ જે તેઓને અંતરતમ લાગ્યું છે તે આત્મતત્ત્વ તરફ જ તેઓની સ્થિર દૃષ્ટિ છે. કોયમાત્મા[૭] એ મહા પ્રશ્ન છે. વારંવાર જુદે જુદે રૂપે આત્મતત્ત્વને પકડવાનો પ્રયાસ કરતા ઋષિઓ જે ઉદ્ગારો કાઢે છે તેમાંથી એ દ્રષ્ટાઓનું ઊંડું મનોમન્થન દેખાય છે.

જેમ એક તરફથી અધ્યાત્મચિંતન ચાલતું હતું તેમ બીજી તરફથી સૃષ્ટિચિંતન ચાલતું હતું. कुत आजाता कुत इयं विसृष्टिः[૮] ક્યાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ? એ પ્રશ્ન તો ઉપનિષદોથી પ્રાચીનતર કાળમાં ઋગ્મન્ત્રમાં મળે છે. આ વિચારધારામાં પણ દૃશ્યમાન સૃષ્ટિની વીગતોના વિચારમાં ન પડતાં ઋષિઓનું ચિત્ત એના આદિ કારણને પકડવા મથે છે. જગતની ઉત્પત્તિનો ક્રમ ભિન્ન ભિન્ન રીતે વર્ણવાયેલો ઉપનિષદોમાં મળે છે, પણ એ ક્રમને ત્યાં મહત્ત્વ નથી અપાયું: મહત્ત્વ તો સર્વના મૂળનું છે અને જગતનાં સામાન્ય તત્ત્વરૂપ ત્રણ કે પાંચ મહાભૂતો અને એ સર્વના મૂળરૂપ સત્–બ્રહ્મનો નિશ્ચય કરનાર ઉદ્દાલકાદિ ઋષિઓએ तत्त्वमसिમાં બેય પ્રવાહોનું અદ્વૈત જોયું. પણ ઔપનિષદ વિચારોનો વધારે વિસ્તાર અહીં અપ્રસ્તુત છે. પણ ઉપર કહેલ બે વિચારધારાઓનું તથા સામાન્ય રીતે ઉપનિષદોનું અવલોકન કરતાં એ દ્રષ્ટાઓની પ્રેરકવૃત્તિ જ્ઞાન માટેના કુતૂહલની સ્પષ્ટ દેખાય છે. અને એ કુતૂહલથી પ્રેરિત આધ્યાત્મિક ચિંતનને તેઓ બ્રહ્મવિદ્યા કે પરા વિદ્યા કહે છે.[૯]

---

૬ सस्यमिव पच्यते जन्तुः सस्यमिवाजायते पुनः । કઠ. ૧–૧–૬

૭ એ. ઉ. ૩–૧

૮ ઋ. ૧૦–૧૨૯–૫

૯ મુંડક ૧–૫ अथ परा यया तदक्षरमधिगम्यते।

" ૧–૧માં બ્રહ્મવિદ્યા શબ્દ છે.

ઔપનિષદ ઋષિઓનું આ વિદ્યા તરફનું આકર્ષણ એ ભાગવતોનું મુખ્ય લક્ષણ નથી. ભાગવતો જ્ઞાન મેળવવા નહિ પણ ધાર્મિક વૃત્તિને સંતોષવાની ઇચ્છાથી પ્રેરાય છે. અલબત્ત, વૈદિક કર્મોથી તેઓની ધાર્મિક વૃત્તિને સંતોષ ન થયો અને તેઓ ઈશની ઉપાસના કે ભક્તિ તરફ વળ્યા.

વળી જેઓને વૈદિક કર્મોથી સંતોષ નહોતો થતો તેઓને સામાન્ય સાંસારિક કાર્યોમાં પણ રાગ નહોતો રહ્યો. કઠોપનિષદ (૧-૨-૨)માં કહ્યું છે કે श्रेयः प्रेयश्च मनुष्यमेतस्तौ संपरीत्य विविनक्ति धीरः । એ વચન સ્પષ્ટ રીતે પ્રેય અને શ્રેયને સામસામાં મૂકે છે અને શ્રેયની ઇચ્છાને ઉચ્ચતર ગણે છે. બૃ. ઉ. માં મૈત્રેયી કહે છે येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम्. ટૂંકામાં અમરતાની વાસના ઔપનિષદ વિચારકોમાં દેખાય છે. એને જ પાછળથી મુમુક્ષતા કહેલ છે. આ મુમુક્ષતા ભાગવતોમાં પણ છે. અર્જુનને "હું તને સર્વ પાપોમાંથી મુક્તિ આપીશ" એમ શ્રીકૃષ્ણ કહે છે. પણ અહીંથી આગળ બે માર્ગો જુદા પડે છે. ઉપનિષદ કહે છે કે મન્દ માણસ યોગક્ષેમ માટે પ્રેયને શોધે છે, ત્યારે ધીર માણસ પ્રેયને છોડીને શ્રેયને પસંદ કરે છે. મતલબ કે શ્રેયને માર્ગે જનારને યોગક્ષેમની મુશ્કેલીઓ પડે છે તે તેણે ધૈર્યથી સહન કરવાની છે. માટે જ અન્યત્ર કહ્યું છે કે नायमात्मा बलहीनेन लभ्य. [10] બીજી રીતે કહીએ તો જ્ઞાનમાર્ગે જનારને તિતિક્ષા વૈરાગ્ય વગેરેના આશ્રયથી દૃઢ રહેવું પડે છે.

હવે ભાગવતો આ બાબતમાં ઔપનિષદોથી જુદા પડે છે. ભાગવત માર્ગના જૂનામાં જૂના ગ્રન્થ ગીતામાં જ્ઞાન, યોગ, ભક્તિ બધાના વિચારો ગૂંથેલા છે. એટલે તપ, વૈરાગ્ય, તિતિક્ષા વગેરેની વાત એમાં છે જ, પણ ઔપનિષદ સાહિત્યમાં નથી, એવી નવી વાત ગીતાના નીચેના વચનમાં છેઃ—

> अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
> तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ગીતા ૯-૨૨

એનો અર્થ એ કે ઈશ્વરની ભક્તિ કરનારના યોગક્ષેમની જવાબદારી ઇષ્ટને માથે છે ગીતામા કહેલા આ આશ્વાસને ભાગવત ધર્મના સમગ્ર ઇતિહાસમાં ભારે ભાગ ભજવ્યો છે. પાછળના સંપ્રદાયોએ ગીતાના એ વચનને સ્વસ્વસંપ્રદાયનો એક અગત્યનો સિદ્ધાન્ત ગણ્યો છે. એ આશ્વાસન ભક્તિમાર્ગનું મોટું આકર્ષણ રહ્યુ છે. ભક્તોનાં ચરિત્રો આ આશ્વાસનના બળથી કલ્પાયેલા ચમત્કારોથી ભર્યાં છે.

ઔપનિષદ માર્ગ પહેલાં કહ્યું તેમ જ્ઞાનમાર્ગ છે, જ્યારે ભાગવત ધર્મ ભક્તિમાર્ગ કે ધર્મમાર્ગ છે એ પહેલો ભેદ અને ઉપર દર્શાવ્યો તે આશ્રયનો બે માર્ગો વચ્ચે બીજો પાયાનો ભેદ છે. ઔપનિષદ સાહિત્યને આધારે પાછળથી જે શાંકર વેદાંતમાર્ગ ચાલ્યો તેમાં પણ આશ્રયની વાત નથી, જ્યારે ગીતાથી જે ભાગવતમાર્ગ ચાલ્યો તેમાં આ આશ્રયની વાત પ્રધાન છે. મતલબ કે બે વચ્ચે આ ભેદ ચાલુ રહ્યો છે. હવે ઇષ્ટના સ્વરૂપ સંબંધે બે માર્ગોનું મન્તવ્ય શું છે તે જોઇએ. ઉપનિષદોમાં જેનું કવચિત્ અક્ષર, કવચિત્ બ્રહ્મ, કવચિત્ સત્ એમ વિવિધ નામથી વર્ણન કર્યું છે તે નિર્ગુણ નિરાકાર

---

૧૦ મુણ્ડક ૩-૨-૪

તત્ત્વને જગતનું કારણ માનેલ છે.[૧૧] અસ્થૂલ, અનણુ, અહ્રસ્વ, અલોહિત, અશબ્દ, અસ્પર્શ, અરૂપ જેવા સ્થૂલાદિ ગુણરૂપનો નિષેધ કરનાર શબ્દોથી ઉપનિષદોમાં એ પરમ તત્ત્વનું વર્ણન કર્યું છે. વાણી અને મનને એ અગોચર છે. વાણીથી એનું વર્ણન અશક્ય છે. ચક્ષુ આદિ ઇન્દ્રિયોથી તથા મનથી પણ એ ગ્રાહ્ય નથી. ખરી રીતે આ નહિ, આ નહિ, નેતિ નેતિ શબ્દોથી એ નિર્ગુણનું સૂચન થઈ શકે એમ છે એ પ્રમાણે ઉપનિષદોનાં ઘણાં બ્રહ્મવિષયક વચનોનો સાર છે. પણ અહીં કહેવું જોઈએ કે ઉપનિષદોમાં સર્વત્ર આવું જ વર્ણન નથી. ક્યાંક સગુણ ઈશ્વરનું પણ વર્ણન છે. ઈશતત્ત્વને મનોમય, પ્રાણશરીર, સત્યસંકલ્પ, સર્વકર્મા, સર્વકામ અને સર્વગન્ધ એક સ્થળે કહેલ છે.[૧૨] અન્યત્ર વળી, જેનું માથું અગ્નિ છે, દિશાઓ કાન છે, ચન્દ્ર અને સૂર્ય જેનાં નેત્ર છે એવું વિરાટ પુરુષ તરીકે ઈશ્વરનું વર્ણન છે.[૧૩] આ અને આવાં વચનોમાં પૌરુષેય રૂપની કલ્પના છે, એમ કહી શકાય.

હવે ઉપનિષદોનું તાત્પર્ય નિર્ગુણવર્ણનમાં છે કે સગુણવર્ણનમાં એ પ્રાચીન વિવાદમાં ઊતરવાની આપણને જરૂર નથી. શંકરાચાર્યે નિર્ગુણમાં તાત્પર્ય માન્યું છે. રામાનુજાદિ વૈષ્ણવ આચાર્યોએ સગુણમાં તાત્પર્ય માન્યું છે. પણ અહીં ઉપનિષદ્વચનોના તાત્પર્યનો પ્રશ્ન જ નથી. ઐતિહાસિક દૃષ્ટિથી ઉપનિષદોનું વલણ સ્પષ્ટ સમજી શકાય છે. ઉપનિષદો પહેલાંના વેદમંત્રોમાં દેવોનાં વર્ણનો સ્પષ્ટ સગુણ અને પૌરુષેય છે. પછી ઋગ્વેદના દશમા મંડલના પુરુષસૂક્તમાં જગતના આદિકારણ તરીકે વિરાટ પુરુષનું વર્ણન છે, જ્યારે એ જ મંડલના નાસદીયસૂક્તમાં નિર્ગુણનું કથન છે. નાસદીયસૂક્તની નિર્ગુણવર્ણનની પરંપરાને ઉપનિષદોએ ખૂબ પુષ્ટ કરી. બીજી રીતે કહીએ તો વૈદિક વેદમંત્રોમાં અગ્નિ, સૂર્ય, વાયુ વગેરે તત્ત્વોમાં માનવભાવવાળું દેવત્વ આરોપાયેલું છે, ત્યારે ઉપનિષદોમાં માનવજીવનના તથા સૃષ્ટિના મૂળમાં શું છે તેનો તાત્ત્વિક વિચાર કરવામાં આવ્યો છે.

હવે ભાગવત માર્ગમાં પહેલેથી જૂનાં ઉપનિષદો કરતાં ઘણી વધારે સગુણ માન્યતા છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો વેદમંત્રોનો સગુણવાદ ભાગવત ધર્મમાં ઊતર્યો છે. ભાગવત ધર્મના આદિ ગ્રન્થ ગીતામાં નિર્ગુણ સગુણની એકતા કરીને સગુણ ઈશ્વરનું પુરુષસૂક્તને અનુસરતું વર્ણન કર્યું છે. ભાગવત પુરાણ પણ એ જ ધોરણને અનુસરે છે.

---

૧૧ अस्थूलमनणु अह्रस्वमदीर्घमलोहितमस्नेहमच्छायमतमो–બૃ. ૩–૮–૮
यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रं तदपाणिपादम् नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मम् ।
મુંડક ૧–૧–૬
अशब्दमस्पर्शमरूपमव्ययम् કઠ ૧–૩–૧૫
यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । તૈ. ઉ. ૨–૯
न तत्र चक्षुर्गच्छति, न वाग् गच्छति, नो मनः કેન ઉ. ૧–૩
स एष नेति नेत्यात्मा । બૃ ઉ, ૪–૪–૨૩

૧૨ मनोमयः प्राणशरीरः भारूपः सत्यसंकल्पः
आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगन्धः છાં. ઉ. ૩–૧૪–૨

૧૩ अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ दिशः श्रोत्रे वाग्विवृताश्च वेदाः ।
वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्वभूतान्तरात्मा ॥ મુંડક ૨–૧–૪

પરમ કારણનું નિર્ગુણપણું ઉપનિષદોની અસરથી તાત્ત્વિક વિચારકોમાં એવું દૃઢ સ્થાપિત થઈ ગયું હતું કે ભાગવતોને સગુણ ઈશ્વરને પરમ કારણ કહેવા માટે એની નિર્ગુણ સાથે એકતા માનવી પડી છે. મારા મતે આને ધર્મ ઉપર ફિલ્સૂફીની અસર કહી શકાય. બાકી ભાગવતોના ઇષ્ટ સગુણ ઈશ્વર જ છે એ ચોક્કસ છે.[14]

સૃષ્ટિપ્રક્રિયા– નિર્ગુણ સગુણના આ ભેદે સૃષ્ટિપ્રક્રિયા ઉપર સ્વાભાવિક અસર કરી છે. ઉપનિષદોની સૃષ્ટિપ્રક્રિયામાં यतो वा इमानि भूतानि जायन्ते । (તૈ.ઉ. ૩–૧) तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । (તૈ.ઉ. ૨–૧) વગેરે વચનોમાં સૃષ્ટિ મૂળ કારણમાંથી સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતી હોવાનું સૂચન છે, ત્યારે બીજાં એવાં પણ स ईक्षत लोकान्नु सृजा इति (ઐ.ઉ. ૧–૧) આદિ વચનો છે કે જેમાં પૌરુષેય ઇચ્છાનું સૂચન છે. પાછળથી વૈષ્ણવ, શૈવ અને શાક્ત માર્ગોમાં ઈશ્વરની આ ઇચ્છાશક્તિનો ઘણો વિકાસ થયો છે. પૌરુષેય ઇચ્છાનું એક રૂપાન્તર રમવાની ઇચ્છાને કહી શકાય. એક ઉપનિષદ્‌વચનમાં "પહેલાં પુરુષવિધ આત્મા એકાકી હતો ત્યારે એને ગમતું નહોતું માટે તેણે બીજાની ઇચ્છા કરી" આવી સૃષ્ટિના આરંભની કલ્પના કરી છે.[15] આમાંથી રમત માટે ઈશ્વરે સૃષ્ટિ કરી, જેમ બાળક રમકડાં રચે તેમ, એવીયે કલ્પનાનો નિર્દેશ છે.[16] ગૌડપાદે વેદાંતને અમાન્ય સૃષ્ટિપ્રયોજનો ગણાવતાં આ 'ક્રીડા માટે'નો નિર્દેશ કર્યો છે.[17] શાંકર વેદાંતમાં ઇચ્છાથી સૃષ્ટિ થવાનો કે ઉપભોગ અથવા ક્રીડા માટે ઈશ્વરે સૃષ્ટિ ઉત્પન્ન કરી હોવાનો મત માન્ય નથી, પણ ભાગવત માર્ગમાં જુદે જુદે રૂપે છે. ભાગવતમાં ક્રીડા માટે સૃષ્ટિની વાત પણ છે.[18]

સૃષ્ટિપ્રક્રિયાના વિષયમાં ઔપનિષદો અને ભાગવતો વચ્ચે એક બીજો પણ મતભેદ છે. સૃષ્ટિની ઉત્પત્તિ બ્રહ્મમાંથી હોવાનો સામાન્ય ઔપનિષદ મત છે. સૃષ્ટિના કારણ તરીકે બ્રહ્મથી જુદા કોઈ તત્ત્વનો ઉપનિષદોમાં સ્વીકાર નથી, પણ ઉપનિષદ પછીના કાળમાં જે સ્વતંત્ર દર્શનો ઉત્પન્ન થયાં તેમાંથી વૈશેષિકમાં ભૂતોનાં પરમાણુઓને અંતિમ કારણ માનેલ છે, જ્યારે સાંખ્યમાં પ્રકૃતિને કારણ માનેલ છે. વૈશેષિક અને સાંખ્ય બે ય દ્વૈતવાદી છે એ અહીં સ્મરણમાં રાખવાનું છે. ગમે તે કારણથી પણ સાંખ્ય દર્શનની જૂના શિષ્ટ સમાજ ઉપર ઘણી અસર થઈ. મહાભારત પુરાણમાં એ અસર દેખાય છે. બ્રહ્મસૂત્રમાં સાંખ્યના ખંડનનો જે ભારે પ્રયત્ન કરેલો જોવામાં આવે

૧૪ अनादि मत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ।
सर्वतः पाणिपादं तत्सर्वतोक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ ગીતા ૧૩-૧૨, ૧૩
ગીતાના અગિયારમા અધ્યાયનું વિશ્વરૂપ દર્શન પણ સગુણ અને સાકાર ઈશ્વરનું નિરૂપણ કરે છે.

૧૫ स नैव रेमे तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् બૃ. ઉ. ૧–૩–૩

૧૬ लोकवत्तु लीलाकैवल्यम् । બ્ર. સૂ. ૨–૧–૩૩

૧૭ इच्छामात्रं प्रभोः सृष्टिरिति केचिद् व्यवस्थिताः ।
कालात्प्रसूतिं भूतानां मन्यन्ते कालचिन्तकाः ।
भोगार्थं सृष्टिरित्यन्ये क्रीडार्थमिति चापरे
देवस्यैष स्वभावोऽयमाप्तकामस्य का स्पृहा ॥ માંડૂક્ય ઉ. કારિકા ૯, ૯

છે તે પણ સાંખ્યની શિષ્ટપ્રિયતા સૂચવે છે. આ સાંખ્યની અસરથી સૃષ્ટિના કારણ તરીકે પ્રકૃતિનો સામાન્ય સૃષ્ટિવિચારમાં પ્રવેશ થયેલો હોવાથી ઉપનિષદોમાં દર્શનને રજૂ કરવા માટે જેની પ્રવૃત્તિ છે તે બ્રહ્મસૂત્રકારને બ્રહ્મ જ પ્રકૃતિ છે એમ ખાસ કહેવું પડ્યું છે.[૧૯] પણ ભાગવતોએ પ્રકૃતિને પોતાના દર્શનમાં સમાવવાનો અને છતાં અદ્વૈતવાદ સાચવી રાખવાનો નવો કીમિયો શોધ્યો. સાંખ્યવાદ અને ઔપનિષદ વાદનું મિશ્રણ કરીને સાંખ્યની ત્રિગુણ પ્રકૃતિને ઈશ્વરની માયાશક્તિ કે પ્રકૃતિ તરીકે ઈશ્વરમાં મેળવી દીધી. પ્રકૃતિનું આવું વર્ણન ગીતામાં મળે છે.[૨૦] સંક્ષેપમાં તો શ્વે. ઉ. માં પણ એ વાત છે જ.[૨૧] ત્યાં પણ એને ભાગવત સિદ્ધાન્તની અસર ગણવી પડશે. આ ભાગવતોની માયા શક્તિ એ શાંકર વેદાંતની માયાથી ભિન્ન છે. પણ શંકરે અદ્‌ભુત બુદ્ધિકુશળતાથી જે શબ્દોમાં પોતાના અવિદ્યાવાદ સાથે ભાગવતોની આ માયાશક્તિનો મેળ બેસાર્યો છે તે માયાશક્તિની પૃથકતા ખુલ્લી કરી દે છે.

સગુણ પૌરુષેય ઈશ્વરના વાદમાંથી જ ભાગવતોનો અવતારવાદ નીકળ્યો છે. જૂનાં ઉપનિષદોમાં અવતારવાદનું બિલકુલ સૂચન નથી, પણ ગીતા(૪–૧)માં એનો સ્પષ્ટ નિર્દેશ છે.–

> यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
> अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

ગીતાથી ચાલેલા અવતારવાદનો પાછલા કાળમાં કેટલો વિકાસ થયો છે, એ પ્રસિદ્ધ છે.

એક બીજો ભેદ પણ ઉપનિષદ્‌માર્ગ અને ભાગવત માર્ગ વચ્ચે દેખાય છે. ઉપનિષદોના ઋષિઓનું બધું લક્ષ્ય પહેલાં જ્ઞાન તરફ અને પછી અમૃતત્વ કે મોક્ષ તરફ છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે આપણાં બધાં દર્શનો જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ મોક્ષાર્થી છે; પણ અહીં મારું વક્તવ્ય એ છે કે ઔપનિષદોનું લક્ષ્ય પોતાના જ્ઞાનની કે જ્ઞાની તરીકેના પોતાના વર્તનની લોક ઉપર શી અસર થશે એ તરફ ગયું જ નથી, પણ ભાગવત ધર્મમાં ગીતાથી જ લોકસંગ્રહનો વિચાર છે;[૨૩] પાછળથી જો કે શાંકર વેદાંતમાં યે લોકસંગ્રહનો થોડો વિચાર ઊતર્યો છે; પણ ભાગવત ધર્મના ઇતિહાસમાં પાછળથી ખાસ કરીને સંતોદ્વારા લોકવર્ગના કલ્યાણનું ભારે કાર્ય થયું છે.

---

૧૮ ૧૦–૨–૩૯ તથા બીજાં પણ એ મતલબનાં વચનો ભાગવતમાં છે.

૧૯ प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात् બ્ર.સૂ.૧–૪–૨૩

૨૦ प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ગીતા ૯–૮
सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ९–७
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ४–६

૨૧ मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् । શ્વે. ઉ. ૪–૧૦

૨૨ જુઓ सर्वज्ञस्येश्वरस्यात्मभूते इवाविद्याकल्पिते नामरूपे तत्त्वान्यत्वाभ्यामनिर्वचनीये संसारप्रपञ्चबीजभूते सर्वज्ञस्येश्वरस्य मायाशक्तिः प्रकृतिरिति श्रुतिस्मृत्योरभिलप्येते બ્ર. સૂ. ૨–૧–૧૪નું ભાષ્ય

૨૩ लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ગીતા ૩–૨૦

છેવટ સાધનવિષયમાં ઉપનિષદો અને ભાગવત માર્ગ વચ્ચે મોટો તફાવત છે. ઉપનિષત્ એટલે જ વિદ્યા. ઔપનિષદ ઋષિઓનું વલણ મુખ્યત્વે જ્ઞાન તરફ. પહેલું તો જ્ઞાન જ લક્ષ્ય. એ ઋષિઓની ચિંતનપ્રવૃત્તિ જ જ્ઞાન માટે. પાછળથી મુક્તિ લક્ષ્ય ઠરતાં જ્ઞાન સાધન ઠર્યું, જ્યારે ભાગવત માર્ગમાં ભક્તિ જ સાધન છે.

આ મુખ્ય સાધન સિવાય નિષ્કામતા, શ્રદ્ધા, વૈરાગ્ય, તિતિક્ષા, શમ, દમ, વગેરેનો ઉલ્લેખ ઉપનિષદોમાં આવે છે ખરો. "જ્યારે સર્વ કામનાઓ છૂટી જાય ત્યારે મર્ત્ય અમૃત થાય"[૨૪] એવાં વચનો ઉપનિષદોમાં મળે છે અને પાછળથી વેદાંતમાં શમાદિ સાધનસંપત્તિને બ્રહ્મજિજ્ઞાસાના સાધક માટે આવશ્યક ગણેલ છે, તેમ જ ભાગવત-ધર્મમાં પણ રાગ દ્વેષના ત્યાગની અને સત્સંગ, દયા, મૈત્રી, તપ, તિતિક્ષા વગેરે ગુણોની જરૂર માની છે.[૨૫]

ઔપનિષદ કાળમાં જ ભાગવત સિદ્ધાન્તના વિચારોનો ઉદ્ભવ થયો હશે અને ઉભય વિચારોનાં બીજ તો મન્ત્રભાગમાં છે, પણ ભાગવત વિચારો જૂના વખતથી ભિન્ન ગણાય છે.[૨૬] મહિમ્નઃ સ્તોત્રના પ્રખ્યાત શ્લોકમાં ત્રયી, સાંખ્ય, યોગ, પાશુપત મત અને વૈષ્ણવ ભિન્ન ગણાવ્યાં છે તે ઐતિહાસિક દૃષ્ટિએ યથાર્થ છે.[૨૭] અને ઉપર આ બે સિદ્ધાન્તો વચ્ચે ભેદના જે મહત્ત્વના મુદ્દાઓ તે સ્પષ્ટ કરી દર્શાવ્યા છે. ટૂંકામાં એમ કહી શકાય કે ઉપનિષદો આધ્યાત્મિક જ્ઞાનની કેળવણીનું સાધન છે, ત્યારે ભાગવત સિદ્ધાન્ત ઈશ્વર તરફના પ્રેમની કેળવણીનું સાધન છે. બીજી રીતે કહીએ તો ઊંચી પારમાર્થિક ફિલસૂફી ઉપનિષદોમાં અને ઔપનિષદ દર્શનમાં છે, ત્યારે ઊંડી ધાર્મિક વૃત્તિ ભાગવત ધર્મમાં છે.

*

---

૨૪ यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः अथ मर्त्योऽमृतो भवति

૨૫ ભાગવત ૧૧. ૩–૨૨થી૨૬

૨૬ મહાભારતના નારાયણીય પર્વમાં આપેલી પાંચરાત્ર શાસ્ત્રની ઉત્પત્તિ વેદથી ભિન્નતાની સૂચક છે.

૨૭ त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति

श्रीमध्वाचार्य

ले० श्रीमती कुमारी सुशीला महेता, एम. ए. एल्एल्. बी.

[रीसर्च फेलो – भारतीय विद्याभवन]

*

બ્રહ્મસૂત્રમાં અદ્વૈતવાદનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે જ, પછી ભલેને તે વિશિષ્ટાદ્વૈતરૂપે, શુદ્ધાદ્વૈતરૂપે કે ભેદાભેદવાદરૂપે હોય; પણ સળંગ દ્વૈતવાદ બ્રહ્મસૂત્રોમાંથી કોઈ પણ રીતે ઘટાવી શકાય તેમ નથી; દ્વૈતવાદનાં સૂચનરૂપે માત્ર છૂટાં છવાયાં સૂત્રો જ નજરે ચઢે છે; છતાં કેવળ અવિશિષ્ટ શુદ્ધ દ્વૈતવાદ જ જેણે પોતાના મત તરીકે રજૂ કર્યો છે તે શ્રીમધ્વાચાર્ય. મધ્વાચાર્યનો આ દ્વૈતવાદ માધ્વમત કે 'સ્વતન્ત્રાસ્વતન્ત્રભેદવાદને નામે પણ ઓળખાય છે. વૈષ્ણવોના ભક્તિવાદનું આ પરિણામ છે. જે સમયે ભક્તિવાદ અને શંકરાચાર્યના અદ્વૈતવાદ વચ્ચે દેશમાં ઘર્ષણ થઈ રહ્યું હતું, તે માધ્વમતનો ઉદ્‌ભવકાલ. "વિશિષ્ટાદ્વૈતવાદ કે ભેદાભેદવાદ પર તો શંકરાચાર્યની પ્રતિભાયુક્ત અસર અમુક અંશે દૃષ્ટિગોચર થાય છે, પણ માધ્વમતમાં શંકરાચાર્યનું અતિ ઉગ્ર, કટુતાભર્યું ખંડન જ થયું છે."[1] મધ્વાચાર્યના સિદ્ધાન્તોનું પૃથક્કરણ કરતાં પહેલાં તેનાં જીવન-ચરિત્ર* પર ઊડતી નજર નાખીએ.

દક્ષિણ કર્ણાટકના ઉદીપી તાલુકામાં વેલિગ્રામ નામે એક નાનકડું ગામડું છે. તે ગામને પાજકક્ષેત્ર પણ કહેતા. ત્યાંના મધ્યગેહ કુટુમ્બમાં મધિજીભટ્ટ નામે એક વિદ્વાન વેદવેદાઙ્ગપારંગત બ્રાહ્મણ રહેતા. ઈ. સ. ૧૧૯૯ના આસો સુદ ૧૦, એટલે વિજયાદશમી જેવા શુભ દિને, એમને ત્યાં એક પુત્રનો જન્મ થયો – જે આગળ જતાં મધ્વાચાર્યને નામે ઓળખાયા. માધ્વમઠપરંપરા તેમનો જન્મ ઈ. સ. ૧૧૧૮ માં માને છે, જે સત્ય હોવાના પુરાવા ઉપલબ્ધ નથી. મધ્વની માતાનું નામ વેદવતી હતું. તેના જન્મ પહેલાં બે પુત્રો આ ધર્મરત દંપતીએ મૃત્યુને ખોળે ધરી દીધા હતા. તેમના આ ત્રીજા પુત્રનું નામ મધિજીભટ્ટે વાસુદેવ રાખ્યું. ઉપનયનસંસ્કાર પછી વાસુદેવને ગામની પાઠશાળામાં ભણવા બેસાડ્યો. પણ બાળપણમાં તેનું ધ્યાન ભણવામાં બિલકુલ ન હતું. માત્ર હરવા-ફરવામાં, રમવામાં અને કુસ્તી લડવામાં જ તેનો સમય વ્યતીત થતો. આને લીધે ગામના લોકો તેને 'ભીમ' કહેતા. માધ્વમતમાં એવી એક માન્યતા પ્રચલિત છે કે મધ્વ સ્વયં વાયુનો જ અવતાર હતા.

ગામની શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી વાસુદેવે પોતાને ઘેર શાસ્ત્રાભ્યાસનો આરંભ કર્યો. આ અભ્યાસે તેના મનમાં સંન્યાસની તીવ્ર ઇચ્છાનાં બીજ રોપ્યાં. પણ આ એકના એક લાડકવાયા પુત્રનું સંન્યાસ તરફ વલણ જાણી માબાપને ખૂબ દુઃખ થયું; એટલે કંઈક સમય થોભ્યા બાદ નાના ભાઈ વિષ્ણુતીર્થના જન્મ પછી તરત જ

---

1. કલ્યાણ વેદાન્તાંક.

* આ મધ્વાચાર્યચરિત્રમાં કલ્યાણના વેદાન્તાંકના શ્રીમધ્વાચાર્ય પરના લેખોનો તેમ જ શ્રી. દુ. કે. શાસ્ત્રીના વૈષ્ણવધર્મના સંક્ષિપ્ત ઇતિહાસમાં "મધ્વસંપ્રદાય" નામક પ્રકરણનો ઉપયોગ કર્યો છે.

તેણે અદ્વૈતવાદી સંન્યાસી અચ્યુતપ્રેક્ષ પાસે સંન્યાસદીક્ષા લીધી. આ વખતે તેનું વય માત્ર અગિયારજ વર્ષનું હતું. સંન્યાસ પછી એણે પોતાનું નામ બદલી પૂર્ણપ્રજ્ઞ રાખ્યું. અચ્યુતપ્રેક્ષનું વેદાન્તનું અધ્યાપન પૂર્ણપ્રજ્ઞને રુચ્યું નહિ; ગુરુની વ્યાખ્યાઓમાં તેને શંકા તથા અસંતોષ ઉદ્ભવ્યાં; અને વારંવાર ગુરુ સાથે વાદ-વિરોધના પ્રસંગો ઊભા થવા લાગ્યા. પૂર્ણપ્રજ્ઞને તો ભક્તિરસથી નીતરતો દ્વૈતવાદજ વધુ આકર્ષક ને અનુકૂળ લાગ્યો. વેદાન્તાધ્યયન સંપૂર્ણ થતાં, મઠાધીશ તરીકે આનન્દતીર્થ નામ ધારણ કરી, મધ્વાચાર્યે આચાર્યપદ સ્વીકાર્યું અને ભજનસાધનમાં પોતાનું ચિત્ત પરોવ્યું. તેનાં અન્ય નામો આનન્દજ્ઞાન, જ્ઞાનાનન્દ, વગેરે પણ હતાં.

આચાર્યપદે આવ્યા પછી ઈ. સ. ૧૨૨૮ માં મધ્વ દક્ષિણવિજય માટે નીકળ્યા, અને રસ્તામા અન્ય વિદ્વાનો સાથે વાદવિવાદ કરતા પોતાના મતનો પ્રચાર કરવા લાગ્યા. આ વિજયયાત્રામાં અનેક પ્રકારની યોગસિદ્ધિઓનું દર્શન કરાવી લોકોને આશ્ચર્યમુગ્ધ કરી દીધાં. તેની વિજયયાત્રાનો ક્રમ નીચે મુજબ હતો:–

મેંગલોરથી ૨૭ માઈલ દૂર વિષ્ણુમંગલ, ત્યાંથી ત્રિવેન્દ્રમ્, રામેશ્વર, શ્રીરંગમ્ અને ઉદીપી. ત્રિવેન્દ્રમ્માં એમને રાજાની સમક્ષ શૃંગેરીમઠના અધ્યક્ષ સાથે ચર્ચા થઈ હતી. ઉદીપીમાં આવ્યા પછી મધ્વાચાર્યે શ્રીમદ્ભગવદ્ગીતા પર એક ભાષ્ય રચ્યું, જેમાં પોતાના મતનો સંક્ષિપ્ત સાર આપેલો છે. ત્યાર પછી તે ઉત્તરમાં યાત્રાર્થે ગયા. કહેવાય છે કે આ મુસાફરીમા તે મહારાષ્ટ્રના કોઈક ઈશ્વરદેવ નામના રાજાને મળ્યા હતા. શ્રીકૃષ્ણસ્વામી આયંગરના મતે[૨] આ ઈશ્વરદેવ એ જ દેવગિરિના યાદવવંશમાં થઈ ગયેલો મહાદેવ અને જેણે ઈ. સ. ૧૨૬૦ થી ૧૨૭૧ સુધી રાજ્ય ભોગવ્યું હતું. મધ્વાચાર્ય ઉત્તરમા હરદ્વાર અને છેક બદરિકાશ્રમ સુધી પહોંચ્યા હતા, અને બદરિકાશ્રમથી વેદવ્યાસ તથા દિગ્વિજય રામની મૂર્તિઓ સાથે લેતા આવ્યા હતા. આ મૂર્તિના આગમન વિશે એવી એક દંતકથા છે કે ગીતાભાષ્યની રચના પછી મધ્વાચાર્ય બદરિકાશ્રમ ગયા, જ્યાં તેને વેદવ્યાસનાં પ્રત્યક્ષ દર્શન થયાં. આચાર્યે વિનમ્રભાવે પોતાનો ગીતાભાષ્ય ગ્રન્થ વ્યાસજીને અર્પણ કરી દીધો, જેથી પ્રસન્ન થઈ વ્યાસે શાલિગ્રામની ત્રણ મૂર્તિઓ આચાર્યને ભેટ કરી. આ સિવાય એક કૃષ્ણમૂર્તિની સ્થાપના પણ એમણે ઉદીપીમાં કરી છે. કહેવાય છે કે એક વેપારીનું વહાણ દ્વારકાથી મલબાર તરફ જતું હતુ, તે તુલુવની સમીપ ડૂબી ગયું. એ વહાણમાં કૃષ્ણની એક મૂર્તિ હતી. મધ્વાચાર્યને ભગવાને આદેશ કર્યો કે એ મૂર્તિ પાણીમાંથી કાઢી એની ઉદીપીમા સ્થાપના કરવી. ત્યારથી ઉદીપી માધ્વમતના અનુયાયીઓને માટે એક તીર્થનુ ધામ થઈ રહ્યું છે. ઉત્તરની યાત્રા પછી આચાર્યે વેદાન્તસૂત્ર પર એક ભાષ્ય લખ્યુ. કદાચ આ સમયે જ મહાભારતતાત્પર્યનિર્ણય નામનો ગ્રન્થ લખ્યો હશે.

વ્યાસ ભગવાનની આજ્ઞાથી આચાર્યે વૈષ્ણવસમ્પ્રદાય અને ભક્તિના પ્રચારનું કાર્ય હાથ ધર્યું. આમ પ્રચાર કરતાં, તે ચાલુક્ય રાજ્યની રાજધાની કલ્યાણમાં આવ્યા, જ્યાં શોભનભટ્ટ નામના એક શિષ્યે તેમની પાસે દીક્ષા લીધી. આચાર્યના મૃત્યુ પછી શોભનભટ્ટ પદ્મનાભતીર્થ નામ ધારણ કરી મઠાધીશ બન્યા. કલ્યાણથી ઉદીપી પાછા

---

૨ વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ; (આ૦ ૨ જી) દુ. કે. શાસ્ત્રી પૃ. ૧૬૫.

આવ્યા પછી આચાર્યગુરુ અચ્યુતપ્રેક્ષે પણ પોતાના અદ્વૈતવાદનો ત્યાગ કરી વૈષ્ણવ-મતનો સ્વીકાર કર્યો

કૃષ્ણમન્દિરની સ્થાપના ઉપરાત બીજાં આઠ મન્દિરો મધ્વાચાર્યે ઉદીપીમા સ્થાપ્યા, જેમા રામ-સીતા, લક્ષ્મણ-સીતા, દ્વિભુજકાલીયદમન, ચતુર્ભુજકાલીયદમન, વિટ્ઠલ આદિ મૂર્તિઓની સ્થાપના કરી વળી યજ્ઞવિધિમા અહિંસા ઉપદેશવાનુ સુધારકકાર્ય પણ આચાર્યને ફાળે જાય છે. પશુબલિને બદલે ચોર્ખાનો બકરો બનાવી બલિ આપવાની પ્રથા પણ તેમણે જ ચાલુ કરી

ત્રિવિક્રમ નામના એક પડિતે પણ આચાર્ય પાસે દીક્ષા લીધી ત્રિવિક્રમને ઉપહાર તરીકે આપેલી કૃષ્ણની મૂર્ત હજી પણ કોચીનમા વિદ્યમાન છે ત્રિવિક્રમના પુત્ર નારાયણે મધ્વવિજય અને મણિમજરી નામના ગ્રન્થ લખ્યા આશરે ઈ સ ૧૨૭૫મા મધ્વના પિતા મરણ પામ્યા ત્યારપછી તેના નાના ભાઈ વિષ્ણુતીર્થે પણ સન્યાસ લીધો

મધ્વવિજય જણાવે છે કે વૃદ્ધાવસ્થામા શૃઙ્ગેરીના શકરાચાર્યો તરફથી એ પ્રદેશના રાજદ્વારા તેમને કેટલીક કનડગત થયેલી કદાચ આ જ કારણે એ પોતાનુ પ્રિય ધામ છોડી સરિદન્તરમા રહેવા ગયા હશે મઠપરંપરા નોંધે છે કે મધ્વાચાર્ય ૭૯ વર્ષ ૬ માસ અને ૨૦ દિવસ ગાદી પર રહ્યા પણ વધારે સભવિત એ છે કે આ તેમનુ આયુષ હોય। એટલે એમનો મરણકાળ ઈ સ ૧૨૭૮ સભવે છે અને સામ્પ્રદાયિક માન્યતા પ્રમાણેનો સમય, ઈ સ ૧૩૦૩ અસત્ય ભાસે છે

શ્રીમધ્વાચાર્યે પોતાના જીવનના ત્રીસ વર્ષ સાડત્રીસેક જેટલા ગ્રન્થો લખવામા વ્યતીત કર્યા નીચે ગણાવેલા તેમની કૃતિઓ ગણાય છે —

ગીતાભાષ્ય, બ્રહ્મસૂત્રભાષ્ય, અણુભાષ્ય, અણુવ્યાખ્યાન, પ્રમાણલક્ષણ, કથાલક્ષણ ઉપાધિખડન, માયાવાદખડન, પ્રપઞ્ચમિથ્યાત્વવાદખડન તત્ત્વસખ્યાન, તત્ત્વવિવેક, તત્ત્વોદ્યોત, કર્મનિર્ણય, વિષ્ણુતત્ત્વવિનિર્ણય, ઋગ્ભાષ્ય, દશોપનિષદ્ભાષ્ય, ગીતાતાત્પર્યનિર્ણય, ન્યાયવિવરણ, યમકભારત, દ્વાદશસ્તોત્ર, કૃષ્ણામૃતમહાર્ણવ, તન્ત્રસારસગ્રહ, સદાચારસ્મૃતિ, ભાગવતતાત્પર્યનિર્ણય, મહાભારતતાત્પર્યનિર્ણય, જયન્તીકલ્પ, સન્યાસ-પદ્ધતિ, ઉપદેશસાહસ્રીટીકા અને ઉપનિષત્પ્રસ્થાન જરૂર સખ્યા તો ખૂબ મોટી અને આશ્ચર્યચકિત કરી દે એવી છે।

મધ્વાચાર્યના શિષ્યોમા ચાર મુખ્ય ગણાય છે પદ્મનાભતીર્થ, નરહરિતીર્થ, માધવ-તીર્થ અને અક્ષોભ્યતીર્થ મધ્વ પછી સાત વર્ષ પદ્મનાભતીર્થે ગાદી ભોગવી પદાર્થ-સગ્રહ અને તેની વ્યાખ્યારૂપે મધ્વસિદ્ધાન્તસાર તેના ગ્રન્થોમા પ્રખ્યાત છે પદ્મનાભતીર્થ પછી નરહરિતીર્થ ગાદીએ આવ્યા અને નવ વર્ષ સુધી ગાદીએ રહ્યા નરહરિતીર્થના ઉલ્લેખો કેટલાક લેખોમા મળે છે, દાખલા તરીકે ગજામ જિલ્લાના ચીકાકોલે તાલુકાના શ્રીકૂર્મેશ્વરના મદિરનો એક લેખ શક ૧૨૦૩ એટલે ઈ સ ૧૨૮૧મા નરહરિતીર્થે યોગાનન્દનૃસિંહની મૂર્તિ પધરાવ્યાનો ઉલ્લેખ કરે છે આ લેખ, મધ્વના મરણકાલ વિશે જે ઉપર નિર્ણય કર્યો એને સમર્થન આપે છે ડૉ ભાણ્ડારકરનુ[3] વલણ પણ આ તરફ છે

---

૩ વૈષ્ણવિઝમ શૈવિઝમ ઍન્ડ અધર માઈનોર રિલીજિયસ સિસ્ટિમ્સ ઑફ ઇન્ડિયા ડૉ. ભાંડારકર પૃ ૫૮–૫૯

મધ્વાચાર્યના જીવન વિશેના આ ટૂંક વૃત્તાન્ત પછી હવે આપણે તેના સિદ્ધાન્તો તરફ દૃષ્ટિપાત કરીએ. માત્ર એક જ શ્લોકમાં માધ્વમતના મુખ્ય સિદ્ધાન્તોનું રહસ્ય સમાવી દીધેલું પ્રાપ્ત થાય છે, કે

श्रीमन्माध्वमते हरिः परतरः सत्यं जगत् तत्त्वतो
भेदो जीवगणा हरेरनुचरा नीचोच्चभावं गताः ।
मुक्तिर्नैजसुखानुभूतिरमला भक्तिश्च तत्साधनं
ह्यक्षादित्रितयं प्रमाणमखिलाम्नायवेद्यो हरि. ॥

અર્થાત્ "માધ્વમતમા શ્રીહરિ જ સર્વોચ્ચ, સર્વશ્રેષ્ઠ તત્ત્વ છે; જગત્ સત્ય છે; ભેદ પણ વાસ્તવિક છે, નાનાવિધ જીવો હરિના અનુચરો–દાસ–છે; અને તેમાં તારતમ્ય પણ દૃષ્ટિગોચર થાય છે. મુક્તિ નિજ સુખનો અનુભવ છે; પવિત્ર હૃદયની ભક્તિ,–અમલા ભક્તિ મુક્તિનું સાધન છે; પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ, એ ત્રણ પ્રમાણ છે; અને સમસ્ત વેદો દ્વારા જાણવા યોગ્ય માત્ર શ્રીવિષ્ણુ જ છે."

આ માધ્વસિદ્ધાન્ત. સ્થાલીપુલાકન્યાય પ્રમાણે તેના આદ્ય પ્રવર્તક ચતુર્મુખ બ્રહ્માજી હોવાની સામ્પ્રદાયિક માન્યતા છે.

આપણે અહીં દ્વૈતવાદના સહેજ વિસ્તૃત નિરૂપણમાં ઊતરીશું.

દ્વૈત એટલે બે–અદ્વૈત નહિ તે મધ્વાચાર્યનો આ દ્વૈતવાદ પાચ ભેદયુક્ત છે.

जीवेश्वरभिदा चैव जडेश्वरभिदा तथा ।
जीवभेदो मिथश्चैव जडजीवभिदा तथा ।
मिथश्च जडभेदो य. प्रपञ्चो भेदपञ्चकः ॥[४]

(૧) જીવ અને ઈશનો ભેદ, (૨) જીવોનો પરસ્પર ભેદ, (૩) જડ અને ઈશનો ભેદ, (૪) જડનો પરસ્પર ભેદ અને (૫) જડ અને જીવનો ભેદ. આ પાચે ભેદો અનાદિ છે, નિત્ય છે અને મુક્તિમાં પણ અનુસ્યૂત છે. સર્વદર્શનસંગ્રહ સ્પષ્ટ કહે છે કે अनादिरेवाय प्रकृष्टः पञ्चविधो भेदप्रपञ्चः ।[૫] શંકરાચાર્ય માને છે તેમ આ ભેદ માયા મૂલક નથી, સત્ય જ છે. न द्वैतं भ्रान्तिकल्पितम्, કારણ કે न हीश्वरे सर्वस्य भ्रान्ति· सम्भवति, विशेषादर्शननिबन्धनत्वाद्भ्रान्तेः ।[૬] કેવી સચોટ દલીલ છે! ભ્રાન્તિ થાય, જરૂર થાય, પણ અપવાદ રૂપે; અથવા કોઈ એકાદને પણ ભ્રાન્તિ ન થાય એ સંભવે ખરુ. છતા ઈશ્વરના વિષયમાં સૌને ભ્રાન્તિ થાય છે, તો શું એને માત્ર ભ્રાન્તિ જ કહેવી? નહિ જ. જેની પ્રતીતિ સૌ કરે એને ભ્રાન્તિ કે માયા કેમ કહેવાય? અને તેથી જ द्वैतं न विद्यते इति तस्मादज्ञानिना मतम् ।[૭] દ્વૈત નથી એમ કહેવું એ કેવળ અજ્ઞાનનું પ્રદર્શન છે. ગીતા પણ કહે છે:–

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षर· सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥[८]

૪ सर्वदर्शनसंग्रह [Govt. Oriental (Hindu) Series] પૃ. ૧૪૨
૫ એજન, પૃ ૧૪૦
૬ " પૃ. ૧૪૧
૭ " પૃ ૧૪૨
૮ श्रीमद्भगवद्गीता, અ० ૧૫ શ્લોક ૧૬

આ શ્લોક દ્વૈત કે ભેદનો પ્રતિપાદક નથી એમ કોણ માની કે મનાવી શકશે?

ઈશ્વર પેઠે જગત પણ સત્ય છે. જડ અને અસ્વતન્ત્ર એવા જગતના નિયામક ભગવાન છે. કાલની દૃષ્ટિથી જગત અસીમ છે. શંકરાચાર્યની પેઠે મધ્વાચાર્યે જગતનું મિથ્યાત્વ કે માયિકત્વ સ્વીકાર્યું નથી. દૃશ્ય જગતની અસત્યતા એમના દ્વૈતવાદ અને ભેદપ્રપઞ્ચની વિરુદ્ધ છે. આચાર્ય કહે છે કે જ્યારે જ્ઞાન નિર્વિકલ્પ નથી ત્યારે તેનો વિષય અથવા દૃશ્ય અવશ્ય સત્ય છે. જ્ઞેય સત્ય ન હોય તો જ્ઞાનની સ્ફૂર્તિ જ શક્ય નથી. કાર્ય ક્ષણિક હોય છતાં સત્ય હોઈ શકે. વિકાર થવાથી એ અસત્ય ઠરે એવું કંઈ નથી. "આ છે" એવા પ્રામાણિક જ્ઞાન પરથી "આ નથી" એ જ્ઞાન પ્રતિષ્ઠિત થાય છે. "આ નથી" કહેતાં પણ કોઈક વસ્તુની સત્તા પ્રમાણિત થાય છે ખરી. જે સત્ય છે તે જ્ઞાનનો વિષય ન જ થઈ શકે; ન તે મિથ્યાજ્ઞાનનો વિષય બની શકે, ન તો તે કાર્યકારણભાવથી સંબદ્ધ હોઈ શકે. જે જગતને મિથ્યા કહે છે, તે કાર્યકારણના નિયમનું ઉલ્લંઘન તેમ જ સ્વપ્રતિજ્ઞાવિરોધ કરે છે.[૯]

માધ્વસિદ્ધાન્ત દશ પદાર્થો સ્વીકારે છે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, વિશિષ્ટ, અંશિ, શક્તિ, સાદૃશ્ય અને અભાવ. આમાંનાં છ વૈશેષિક મતને અનુસરીને છે. દ્રવ્યો ૨૦ છે: પરમાત્મા, લક્ષ્મી, જીવ, અવ્યાકૃત આકાશ, પ્રકૃતિ, ગુણત્રય, મહત્તત્ત્વ, અહંકાર, બુદ્ધિ, મન, ઇન્દ્રિય, માત્રા, ભૂત, બ્રહ્માંડ, અવિદ્યા, વર્ણ, અન્ધકાર, વાસના, કાલ અને પ્રતિબિમ્બ. ગુણો અનેક છે: કર્મ ત્રિવિધ છે; વિહિત, નિષિદ્ધ અને ઉદાસીન. આ પ્રમાણે દરેક પદાર્થ વિશે વિસ્તૃત વિવેચન આપ્યું છે. તેમાં ૨૦ દ્રવ્યોમાંથી પહેલાં ત્રણ, એટલે કે, પરમાત્મા, લક્ષ્મી અને જીવનું સ્વરૂપ જોઈએ.

પરમાત્મા—અનન્તગુણયુક્ત અને પરિપૂર્ણ છે. લક્ષ્મી, જીવ, આદિ કરતાં પરમાત્મામાં અનેકગણા પ્રમાણમા જ્ઞાન, શક્તિ, આનન્દ, વગેરેનું અસ્તિત્વ છે; અર્થાત્ પરમાત્માના અનન્ત ગુણો અનન્ત, અપરિમિત, નિરતિશય રૂપમાં વિદ્યમાન છે. સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, નિયમ, જ્ઞાન, આવૃત્તિ, બન્ધ અને મોક્ષ પરમાત્મા પર જ અવલંબે છે. તે સર્વજ્ઞ છે. જડ, જીવ અને પ્રકૃતિ કિંવા મહાલક્ષ્મીથી ભિન્ન છે. એનાં સર્વ અંગો જ્ઞાનમય અને આનન્દમય છે. તે સર્વથી સ્વતંત્ર છે; અદ્વિતીય છે. એક હોવા છતાં એણે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન એમ અનેક રૂપો અનેક સમયે ધારણ કર્યાં છે. અને સર્વ રૂપો પૂર્ણ જ છે. પરમાત્માના અનન્ત ગુણો, અસંખ્ય અવતારો અને જગત્સર્જનની ક્રિયા એકમેકથી અભિન્ન છે.

લક્ષ્મી:—પરમાત્માથી ભિન્ન છતાં એને જ અધીન એવી લક્ષ્મી પરમાત્માની પત્ની છે. તે નિત્યમુક્ત તેમ જ અનેકરૂપધારિણી છે. પરમાત્માની જેમ તે પણ જડદેહ રહિત છે અને દેશકાલમાં પરમાત્માની જેમ જ વ્યાપ્ત છે.

જીવ:—અણુ તેમ જ પ્રતિશરીર ભિન્ન છે. તે અસ્વતન્ત્ર છે અને કદી પણ પરમાત્મા સાથે અભિન્નતા ભોગવી શકતા નથી. જીવ અને પરમાત્માનો ભેદ બહુ જ સ્પષ્ટ અને સંશયાતીત શબ્દોમાં સર્વદર્શનસંગ્રહમાં વર્ણવ્યો છે:—

૯ કલ્યાણ વેદાન્તાંક

यथा पक्षी च सूत्रं च नानावृक्षरसा यथा ।
यथा नद्यः समुद्राश्च शुद्धोदलवणे यथा ॥
चौरापहार्यौ च यथा यथा पुंविषयावपि ।
तथा जीवेश्वरौ भिन्नौ सर्वदैव विलक्षणौ ॥[१०]

"જેવી રીતે પક્ષી અને સૂત્ર ભિન્ન છે; અનેક પ્રકારનાં વૃક્ષો તેમજ તેના વિવિધ પ્રકારના રસો એકબીજાથી ભિન્ન છે; જેમ નદી અને સમુદ્રો, નિર્મલ જલ અને મીઠું, ચોર અને ચોરીનું ધન, પુરુષ અને વિષયો, એકમેકથી જુદા છે, તેવીજ રીતે જીવ અને ઈશ્વર ભિન્ન છે, સર્વદા વિલક્ષણ છે." અને છતાં આ જીવ અને ઈશ્વરનું ઐક્ય દેખાય છે. શા માટે? ઈશ્વરના સૂક્ષ્મ રૂપને લઈનેજ. કહે છે કે:—

तथाऽपि सूक्ष्मरूपत्वान्न जीवात् परमो हरिः ।
भेदेन मन्ददृष्टीना दृश्यते प्रेरकोऽपि सन् ॥[११]

"મંદબુદ્ધિવાળાં મનુષ્યોને સૂક્ષ્મરૂપને લીધે પરમપુરુષ શ્રીહરિ, જો કે તેજ તેનો, એટલે કે જીવનો પ્રેરક હોવા છતાં જીવથી ભિન્ન દેખાતો નથી" છે તો ખરોજ. જીવો સંસારી છે અને તેજ કારણે અજ્ઞાન વગેરે દોષોથી લિપ્ત છે. જીવ ચેતન છે પણ તેનું જ્ઞાન સસીમ છે. જીવો ત્રણ પ્રકારના છેઃ મુક્તિયોગ્ય, નિત્યસંસારી અને તમોયોગ્ય. મુક્તિયોગ્યના પાંચ પ્રકાર છેઃ દેવો, ઋષિઓ, પિતૃઓ, ચક્રવર્તી રાજાઓ અને ઉત્તમ મનુષ્યો. આમાંથી ઉત્તમ મનુષ્યોના પણ બે ભેદ છેઃ ચતુર્ગુણોપાસક અને એકગુણોપાસક. સાત્વિક, રાજસિક અને તામસિક ભેદથી પણ જીવના ત્રણ ભેદ છે.

સદાય સુખદુ:ખનો અનુભવ કરતા, જન્મમરણની ઘટમાળમાં સંડોવાયેલા જીવો એ નિત્યસંસારી જીવો. તે તેમનાં પાપંપુણ્યના પ્રભાવે નરક, પૃથિવી તેમ જ સ્વર્ગમાં હંમેશા ફર્યા કરે છે. આ મધ્યમ મનુષ્યો. દૈત્યો, રાક્ષસો અને પિશાચો એ અધમ કોટિના મનુષ્યો. "આ સર્વ જીવો પરસ્પર ભિન્ન છે, પરમાત્માથી પણ ભિન્ન છે, અને સંસારમાં તેમ જ મુક્તિમાં તારતમ્યનો અનુભવ કરે છે. બ્રહ્મા વગેરે દેવો જીવોના અભિમાની દેવતા છે, પુરંજન નિત્યસંસારી જીવોના અભિમાની છે, અને કલિયુગ તમોયોગ્ય જીવોનો અભિમાની દેવતા છે."[१२]

પ્રકૃતિ—માધ્વમતે પ્રકૃતિ સાક્ષાત્ અને પરંપરાથી વિશ્વનું ઉપાદાન કારણ તેમજ ગુણત્રયનુ ઉપાદાન કારણ છે. મધ્વાચાર્યે, ઈશ્વરનો જગતના ઉપાદાન કારણ તરીકે સર્વથા ઈન્કાર કર્યો છે. પ્રકૃતિ જડરૂપ, નિત્ય અને અવ્યાપ્ત છે. રમા પ્રકૃતિની અભિમાની દેવતા છે. તે સર્વ જીવોના લિઙ્ગશરીરરૂપ, જીવોથી ભિન્ન અને અનેક જાતની છે. પૌરાણિક પ્રકારે આ પ્રકૃતિમાંથી ગુણો અને મહત્ આદિ સૃષ્ટિની ઉત્પત્તિ માની છે. જેમકે શુદ્ધ સત્ત્વગુણ મુક્ત જીવોના લીલાશરીરને ઉપયોગી છે. રજસથી સૃષ્ટિ

१० सर्वदर्शनसंग्रह: પૃ. ૧૪૬
૧૧ એજન
૧૨ વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ: પૃ. ૧૯૮

ઉત્પન્ન થાય છે. સૃષ્ટિની સ્થિતિ રજોગુણમાં રહેલા સત્ત્વગુણ પર અવલંબે છે, અને તમોગુણ તેનો નાશ કરે છે. સત્ત્વગુણની અભિમાની દેવતા શ્રી છે, રજોગુણની ભૂ અને તમોગુણની દુર્ગા છે આ ત્રણ ગુણમાંથી ઉત્પન્ન થયેલુ મહત્તત્ત્વ બ્રહ્માનું શરીર છે. મહત્તત્ત્વમાંથી ત્રિવિધ અહંકાર—વૈકારિક, તૈજસ અને તામસ—ઉત્પન્ન થાય છે. વૈકારિક અહંકારના અભિમાની દેવતા ગરુડ, તૈજસના શેષ અને તામસના રુદ્ર છે. આ પ્રમાણે બ્રહ્માંડની ઉત્પત્તિ પછી, પાણીમાં પોઢેલા ભગવાનની નાભિમાં કમળ ઉત્પન્ન થયું અને એ કમળમાં બ્રહ્માનો ઉદ્ભવ થયો. તેમાંથી ફરી દેવો, મન વગેરે ઉત્પન્ન થયાં. તેમાંથી પંચપર્વા અવિદ્યા ઉત્પન્ન થઈ. અવિદ્યાનાં પાંચ પર્વો તે તમસ્, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર. આ પંચપર્વા અવિદ્યા જીવની આશ્રિત છે.

કોઈપણ જાતનું, કોઈપણ સાધનથી પરિણમતું જ્ઞાન એ માત્ર પરમાત્માને જ અધીન છે. જ્ઞાન દ્વિવિધ છે. સંસારહેતુ અને મોક્ષહેતુ. દેહ, કુટુંબ—પરિવાર, વગેરેમાં મમતારૂપ જ્ઞાન સંસારહેતુ છે; ત્યારે યોગ્ય સાધનોદ્વારા ઊપજતું અપરોક્ષ જ્ઞાન મોક્ષહેતુ છે. મધ્વમતાનુસાર આ અપરોક્ષ જ્ઞાનના અધિકારી ત્રણ પ્રકારના છેઃ મન્દ, મધ્યમ અને ઉત્તમ. મનુષ્યોમાં જે ઉત્તમગુણસંપન્ન છે, તે મન્દ; ઋષિગન્ધર્વોનો મધ્યમ કોટિમાં સમાવેશ થાય છે, અને દેવતા ઉત્તમ અધિકારી છે. આ થયા જાતિગત ભેદો. ગુણગત ભેદો નીચે પ્રમાણે છેઃ પરમપુરુષ ભગવાનમાં ભક્તિભાવ રાખનારાં તેમ જ પોતાના અધ્યયનમાં રત મનુષ્યો અધમ; શમયુક્ત વ્યક્તિ મધ્યમ અને જેના મનમાં સમસ્ત વસ્તુ પ્રત્યે સાચો વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય, જેનો એક માત્ર આશ્રય શ્રીવિષ્ણુનુ પદ છે, તે ઉત્તમ અધિકારી છે. અપરોક્ષ મોક્ષહેતુ જ્ઞાન ઘણાં સાધનોથી ઉત્પન્ન થાય છે. વિવિધ સંસારદુઃખના અનુભવથી તેમ જ દર્શનથી અને સજ્જનના સમાગમથી ઇહામુત્રફલભોગવિરાગ, શમાદિસંપત્તિ, અધ્યયનસંપત્તિ, શરણાગતિ અને ગુરુકુલવાસ થાય છે. ગુરુના સદુપદેશથી સત્શાસ્ત્રનું શ્રવણ, સાંભળેલા તત્ત્વનું મનન, ગુરુભક્તિ, પરમાત્માની યથાયોગ્ય ભક્તિ, અધમ દીન પર દયા, ઉત્તમ પ્રત્યે ભક્તિ—માન, નિષ્કામકર્માનુષ્ઠાન, નિષિદ્ધ કર્મોનો ત્યાગ, ભગવાનને સર્વસમર્પણ, તારતમ્યનુ એટલે જીવોની તથા બ્રહ્મા શંકર આદિ દેવોની પણ ન્યૂનાધિકતાનું અને વિષ્ણુની સર્વોત્કૃષ્ટતાનુ જ્ઞાન, ભેદજ્ઞાન, પ્રકૃતિપુરુષના વિવેકનું જ્ઞાન, અયોગ્યની નિન્દા અને ઉપાસના; આ સાધનો સર્વ અધિકારી જીવો માટે સાધારણ છે.

ઉપાસના એ સાધનસામગ્રીમાં દ્વિવિધ છેઃ એક શાસ્ત્રના અભ્યાસરૂપ અને બીજી ધ્યાનરૂપ. દરેકેદરેક લૌકિક વસ્તુ પ્રત્યે તિરસ્કારદૃષ્ટિ અને ભગવાનની અખંડ અસ્ખલિત સ્મૃતિ એ ધ્યાનરૂપ ઉપાસના અર્થાત્ નિદિધ્યાસન. શાસ્ત્રવિચારમાં શ્રવણ—મનનદ્વારા અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન વગેરેનો ધ્વંસ અને સત્યતત્ત્વની પ્રતીતિ એ નિદિધ્યાસન.

ભગવાનની સેવા એ મુક્તિનું આવશ્યક અંગ અને સાધન છે. સેવા ત્રણ પ્રકારની છે. सा च सेवा अङ्कननामकरणभजनभेदात् त्रिविधा ।[13] અંકન, નામકરણ અને ભજન આ ત્રણેની વ્યાખ્યા સર્વદર્શનસંગ્રહમાં નીચે પ્રમાણે આપી છે.—

૧૩ सर्वदर्शनसंग्रह : પૃ. ૧૩૭

तत्राङ्कनं नारायणायुधादीनां तद्रूपस्मरणार्थमपेक्षितार्थसिद्ध्यर्थं च ।[१४]

નારાયણનાં આયુધો—શંખ, ચક્ર, ગદા, પદ્મ આદિની છાપ શરીરનાં અંગો પર ધારણ કરવી તે અંકન, જેથી તેના રૂપનું સતત સ્મરણ રહે ને ધારેલા અર્થો પાર પડે.

એવી જ રીતે, नामकरणं पुत्रादीनां केशवादिनाम्ना व्यवहारः, सर्वथा तन्नामानुस्मरणार्थम् ।[१५]

નામકરણ એટલે પુત્ર વગેરેનાં કેશવ આદિ નામ પાડવાં જેથી સદાસર્વદા ભગવાનનાં નામનું અનાયાસેય સ્મરણ થાય. અહીં ભાગવતના અજામિલાખ્યાનની[१६] યાદ આવે છે. જિંદગીભર કરેલાં અઘોર પાપોમાંથી મુક્તિ મેળવી, અજામિલ પરમાત્માના પરમધામને પ્રાપ્ત કરે છે, માત્ર એક જ કારણેઃ પુત્રનું નામ નારાયણ હતું. અજામિલ છેલ્લી ઘડીએ પોતાના પુત્રને "નારાયણ, નારાયણ" કરી પુકારે છે. તરત જ તેને બાંધી લઈ જવા આવેલા યમના દૂતો પાછા વળે છે અને તેને બદલે વિષ્ણુના પાર્ષદો તેના જીવને પરમધામમાં દોરી જાય છે. આ થયું નામકરણ.

હવે ત્રીજું ભજન. ભજન દશ પ્રકારનું છે. भजनं दशविधं, **वाचा** सत्यं हितं प्रियं स्वाध्याय., **कायेन** दानं परित्राणं परिरक्षणं, **मनसा** दया स्पृहा श्रद्धा चेति ।[१७] સત્ય બોલવું, હિતવાક્ય બોલવુ, પ્રિયભાષણ તેમ જ સ્વાધ્યાય આ ચાર વાચિક ભજન; પાત્રે દાન, હીનદુઃખીનો ઉદ્ધાર અને શરણાગતની રક્ષા આ ત્રણ શારીરિક ભજન, દયા, સ્પૃહા અને શ્રદ્ધા એ ત્રણ માનસિક ભજન. अनैकैकं निष्पाद्य नारायणे समर्पणं भजनम् ।[१८] આ દશેય પ્રકારનાં કાર્યોનું શ્રીવિષ્ણુને સમર્પણ તેનું જ નામ ભજન, કારણ સમર્પણ અને ત્યાગબુદ્ધિ સિવાયનાં કરેલાં કાર્યો નકામા જ છે. મોક્ષની સૌથી અગત્યની ચાવી તે સમર્પણ.

આપણે પહેલાં એકગુણોપાસક અને ચતુર્ગુણોપાસક એવા જીવોના બે પ્રકાર જોયા. એકગુણોપાસક માત્ર આત્મત્વ એ એક જ ગુણવાળા ભગવાનની ઉપાસનામાં મસ્ત રહે છે; જ્યારે ચતુર્ગુણોપાસક સત્, ચિત્, આનન્દ અને આત્મા એ ચાર ગુણયુક્ત ભગવાનને સેવે છે. ઉત્તમ મનુષ્યો ચતુર્ગુણોપાસક છે; દેવો અને ઋષિઓ બહુગુણોપાસક છે અને બ્રહ્મા વેદોક્ત અનન્તગુણવિશિષ્ટ ઉપાસના કરે છે. પણ પ્રાણોપાસના એટલે કે સર્વના હૃદયમાં વ્યાપી રહેલા ઇશ્વરની બિમ્બરૂપે ઉપાસના સર્વોચ્ચ કક્ષાએ મનાય છે.

અપરોક્ષ જ્ઞાનની ઉત્પત્તિ પણ અધિકારિ-ભેદ પ્રમાણે ભિન્ન પ્રકારની હોય છે. ઉત્તમ મનુષ્યોને બ્રહ્મજ્ઞાન વીજળીની જેમ પલકમાત્રમાં થાય છે; દેવોને તેજઃપુંજરૂપે થાય છે; ગરુડ અને રુદ્રને પ્રતિબિમ્બરૂપે થાય છે. બ્રહ્માને સર્વ અવયવયુક્ત

---

१४ એજન,
१५ „ , પૃ. १३८
१६ श्रीमद्भागवत : ६. १–२
१७ सर्वदर्शनसंग्रह : पृ. १३८–३९
१८ એજન,

ભગવાનનું યથાસ્થિત જ્ઞાન ઉદ્‌ભવે છે. કેટલાક બ્રહ્માંડમાં વ્યાપ્તરૂપે તેની પ્રતીતિ કરે છે. ગમે તે પ્રકારનું અપરોક્ષજ્ઞાન માનસ છે. આવી જાતના જ્ઞાનથી દેવો વગેરે અણિમાદિ આઠ પ્રકારનું ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે.

ઉપર કહ્યા મુજબ અપરોક્ષ જ્ઞાન ભગવત્કૃપા પર અવલંબે છે; તેમ જ અજ્ઞાન, બંધ અને મોક્ષ પણ પરમાત્માને જ અધીન છે. અપરોક્ષજ્ઞાન પછી પરમભક્તિ થાય છે. આ પરમભક્તિ ઉપર વર્ણવેલી સાધનભક્તિથી ભિન્ન છે, અને સાક્ષાત્કાર પછી જ તેનો જન્મ સંભવે છે. "નિરવધિ, અનન્ત, અનવદ્ય, કલ્યાણગુણના જ્ઞાનપૂર્વક, પોતાના આત્માથી અને સર્વ આત્મીય પદાર્થોથી અનેક ગણો વધારે અને હજાર અંતરાયોથી ન રોકાય એવો જે પ્રભુ પ્રતિ પ્રેમનો પ્રવાહ તે પરમભક્તિ." આ પરમભક્તિનો વેગ જ ભગવાનને રીઝવી શકે છે અને ભક્તભીડભંજન ભગવાનનો પ્રસાદ જ પ્રકૃતિ, અવિદ્યા ઇત્યાદિમાંથી મોક્ષ મેળવી આપે છે. मोक्षश्च विष्णुप्रसादमन्तरेण न लभ्यते।[19] વિષ્ણુપ્રસાદ સિવાય મોક્ષ લભ્ય નથી. આ એ જ ઉપનિષદ્‌કાળજૂની ભગવાનના વરણની વાત–જેને શ્રીવલ્લભાચાર્યે "અનુગ્રહ" તરીકે ઓળખાવી. મુમુક્ષુના કર્મપાશ તોડવા ભગવદ્‌કૃપા જ આવશ્યક છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે તેમઃ–

> तस्मिन्प्रसन्ने किमिहास्त्यलभ्यं धर्मार्थकामैरलमल्पकास्ते ।
> समाश्रिताद्ब्रह्मतरोरनन्तात् निःसंशयं मुक्तिफलं प्रयात ॥[20]

અર્થાત્ "જો તે પરમપુરુષ પ્રસન્ન હો તો કઈ વસ્તુ અલભ્ય છે? ધર્માર્થકામની ભક્તને શી જરૂર છે? કારણ એ સઘળાં અલ્પ છે, તૃણવત્ છે. અનન્ત બ્રહ્મતરુનો આશ્રય લઈ તે નક્કી મુક્તિફળ મેળવે છે." જરૂર, જે મેળવવા યોગ્ય છે તે લઈ શા માટે નજીવી વસ્તુઓ પાછળ ફાંફાં મારવાં?

માધ્વમતે મોક્ષ એટલે વૈકુંઠપ્રાપ્તિ. જીવન્મુક્તિ કે નિર્વાણમુક્તિ જેવી કોઈ વસ્તુ છે જ નહિ એમ શ્રીમધ્વાચાર્ય માને છે. એ માત્ર વાત જ છે, અર્થ વગરની, ફોગટ. સ્થૂળ અને સૂક્ષ્મ, સર્વ વસ્તુનું યથાર્થ જ્ઞાન થતાં જ મુક્તિ થાય છે. મુક્તિ માટે પંચભેદનું જ્ઞાન પણ આવશ્યક છે. મુક્ત જીવ પણ ઈશ્વરનો દાસ જ રહે છે.

પ્રારબ્ધ અનુભવ્યા પછી જ્ઞાનીઓ દેહબંધમાંથી છૂટા થઈ ક્રમેક્રમે વૈકુંઠલોકમાં જાય છે. ઊર્ધ્વગતિ કરતાં સર્વ જીવોને સત્યલોકમાં બ્રહ્મા ઉપદેશ કરે છે, અને ભક્તો શ્વેતદ્વીપમાં શ્રીવાસુદેવનું દર્શન કરે છે. સૃષ્ટિકાળે વૈકુંઠમાં મુક્તો સાલોક્ય, સામીપ્ય સાયુજ્ય અને સારૂપ્ય એ ચાર જાતની મુક્તિ ભોગવે છે અને પ્રલયકાળે તે સર્વ ભગવાનના ઉદરમાં પ્રવેશ કરે છે. મુક્ત જીવોના ઉપભોગો વૈકુંઠમાં પણ અનેક પ્રકારના હોય છે, પણ ઇર્ષ્યા વગેરે દોષરહિત અતિશય આનંદ ત્યાં ક્લિષ્ટ થતો નથી અને ભગવાનના ગુણો ગાવામાં તેમનો સમય વ્યતીત થાય છે.

મધ્વાચાર્ય ત્રણ પ્રમાણ સ્વીકારે છેઃ પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ. ઉપમાન, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ સ્વતન્ત્ર પ્રમાણ તરીકે ગણ્યાં નથી, કારણ આ ત્રણનો

---

૧૯ એજન પૃ. ૧૪૪
૨૦ विष्णुपुराण १. १७. ९१
    २.४.३

સમાવેશ પ્રત્યક્ષ અને અનુમાનમાં થઈ શકે છે. એવી જ રીતે સંભવ અને પરિશેષ પણ અનુમાનમાં જ આવી જાય! ત્રીજુ શબ્દ પ્રમાણ એટલે स्वातंत्र्येण अशेषार्थविषयः, सम्यगतीन्द्रियार्थावगमकः निर्दोष· शब्दः । કોઈ બીજા પર આધાર રાખ્યાવગર જે વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાવે, ઇન્દ્રિયપર વસ્તુઓનું સર્વોત્તમ દર્શન કરાવે અને જે દોષરહિત હોય તે શબ્દ.

આચાર્યે પ્રમાણભૂત ગ્રન્થો તરીકે ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, પાંચરાત્રસંહિતાઓ તથા પુરાણોને ગણાવ્યાં છે. જ્યારે રામાનુજ અને નિમ્બાર્કે પુરાણોમાં વિષ્ણુપુરાણને પ્રાધાન્ય આપ્યું છે ત્યારે મધ્વે, વલ્લભાચાર્યે અને ચૈતન્યે શ્રીમદ્ભાગવતને મુખ્ય પ્રમાણગ્રન્થ તરીકે સ્વીકાર્યો છે. ફેર માત્ર એટલો જ કે વલ્લભ અને ચૈતન્યે ભાગવતના શૃંગારરસને વધુ મહત્ત્વ આપી પ્રેમલક્ષણા ભક્તિનો—વલ્લભે ગોપીભક્તિ અને ચૈતન્યે માધુર્યભક્તિનો— પ્રચાર કર્યો, જ્યારે મધ્વાચાર્યે ભાગવતનાં ઉપાસના અને ધ્યાન તત્ત્વ પર જ વધુ ભાર દઈ ઉપાસનાપ્રધાન કે ધ્યાનપ્રધાન ભક્તિનો ઉપદેશ કર્યો. પ્રેમલક્ષણાભક્તિનું પરિણામ વખત જતાં શારીરિક તેમ જ માનસિક અધ·પતનમાં આવ્યું, પણ ઉપાસનાપ્રધાન ભક્તિએ આધ્યાત્મિક તત્ત્વને પ્રધાનપદ આપી નૈતિક ઉચ્ચતાનો આદર્શ કેળવ્યો.

દક્ષિણ ઉપરાંત આ મતના અનુયાયીઓ વૃન્દાવન તેમ જ ઉત્તરહિંદમાં પણ ઠીક સંખ્યામા છે.

ચૌદમા શતકની પાછલી અર્ધશતાબ્દીમાં મધ્વાચાર્ય પછી વિષ્ણુપુરી નામે એક સંન્યાસી તિરહુતમાં થઈ ગયા તેણે ભાગવતમાંથી ભક્તિને લગતાં વચનો વીણી કાઢી વિષયવાર ગોઠવ્યાં. આ ગ્રન્થ **ભક્તિરત્નાવલી** નામે પ્રસિદ્ધ છે. બોપદેવે સંગ્રહેલા **મુક્તાફળ** જેવો જ આ પ્રયાસ છે. **ભક્તિરત્નાવલી**નું બંગાળી ભાષાન્તર પંદરમા શતકમાં કૃષ્ણદાસે કર્યું છે. માધ્વમતના સંન્યાસી ઈશ્વરપુરીએ જ ચૈતન્યને વૈષ્ણવ ધર્મનો ઉપદેશ આપ્યો હતો. અને ચૈતન્યે દક્ષિણની યાત્રા પ્રસંગે ઉપદેશ તથા કીર્તનદ્વારા માધ્વસંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. શક્ય છે કે મધ્વાનુયાયીઓમાં કીર્તનની પ્રથા ચૈતન્યે જ પાડી હોય! ચૈતન્ય પછી મધ્વસંપ્રદાયમાં .કાનડી ભાષામાં સ્તોત્રો રચાવા માંડ્યાં. માધ્વમતના કાનડી લેખકોમાં અગ્રણી પુરંદરદાસ છે. ચૈતન્યના સમકાલીન વ્યાસરાય માધ્વ સંસ્કૃતવિદ્વાનોમાં મુખ્ય હતા અને વિજયનગરના દરબારમાં સારી પદવી ભોગવતા હતા.

અઢારમા શતકમાં તિમ્પદાસે અને મધ્વદાસે કાનડી સ્તોત્રો રચ્યાં છે. ચિદાનન્દે કાનડી **હરિભક્તિરસાયન** નામનો એક ગ્રન્થ લખ્યો છે. બીજો **હરિકથાસાર** નામનો કાનડી ગદ્યગ્રન્થ માધ્વમતનું સારું વર્ણન આપે છે, પણ તેનો સમય અનિશ્ચિત છે.

આમ મધ્વની અસર જો કે ખૂબ પ્રસરેલી તો નહિ પણ અમુક અંશે ઇષ્ટ દિશામાં છે. માધ્વમતાનુયાયીઓનું નૈતિક ધોરણ સાધારણ રીતે ઉચ્ચ છે. મધ્વે યજ્ઞમાં પશુહિંસાને અટકાવવા વિરોધ ખમીને સુધારકની કોટિમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. પણ

બીજી કેટલીક બાબતમાં મધ્વની તેમ જ રામાનુજની અસર ઓછી પ્રશંસનીય છે. રામાનુજે, રામાનુજથી વધુ પ્રમાણમાં મધ્વે, મૂર્તિપૂજાનો પ્રચાર કર્યો. રામાનુજે જોકે વર્ણસમાનતા ઉપદેશી ખરી, પણ તેનો અમલ મર્યાદિત જ રહ્યો માધ્વમતાનુયાયીઓનો એક પેટાભેદ કાનડી તેમ જ બીજી ભાષાના ધાર્મિક ગ્રન્થોને પવિત્ર માને છે ખરો, છતા મધ્વે તો વર્ણ અને આશ્રમોના બંધનો સખતાઈપૂર્વક કાયમ જ રાખ્યા હતા. તદુપરાંત, રામાનુજ તેમ જ મધ્વ બન્નેમાં એક પ્રકારની અસહિષ્ણુતા ,થોડે ઘણે અંશે દૃષ્ટિગોચર થાય છે. દાખલા તરીકે, રામાનુજ વિષ્ણુસમ્પ્રદાયના ઇષ્ટ દેવો સિવાય બીજા દેવોની પૂજા માન્ય રાખતા નથી અને મધ્વાચાર્ય પોતાનો ઉગ્ર પ્રકોપ શંકરાચાર્યના અદ્વૈતવાદ તરફ જ ઠાલવે છે પણ, હિંદના ફિલસૂફીચિંતક તત્ત્વજ્ઞાન-પ્રેમી માનસને અદ્વૈતવાદ તરફ વિશેષ આકર્ષણ રહ્યુ છે. અને રામાનુજ અમુક અંશે અદ્વૈતવાદી હોવાથી તેના તરફ મધ્વ કરતા વધારે આકર્ષણ રહ્યુ છે મધ્વને ચૈતન્ય જેવા અનુયાયી હોવાનુ સ્વામી વિવેકાનંદે પણ કબૂલ્યુ છે અને તે એટલુ જ દેખાડે છે કે પોતાની જન્મભૂમિ કરતા ઉત્તરહિંદે મધ્વને પોતાના કરી લીધા[૨૧] મીરાબાઈ ઉપર પણ મધ્વની અસર હોય એમ સ્વ. શ્રી મૂલચંદ તેલીવાલા ધારે છે[૨૨] ગમે તેમ પણ, ભક્તિવિષયમાં ઉત્તરભારત દક્ષિણના આચાર્યોનું ઋણી છે, એટલું તો સાચુ જ.

૨૧ મેકનિકલ : ઈન્ડીયન થીઈઝમ પૃ ૧૧૩-૧૪
૨૨ વૈષ્ણવિઝમ ઓફ ગુજરાત : પ્રો. થૂથી : પૃ. ૨૨૯

पैशाचवर्गनी बोलीओनी उपयोगिता

*

लेखक – श्रीयुत प्रो. डोलरराय रं. मांकड

"हुं, एक अने होवुं नो मूळ इयु शब्द" ना मारा लेखमां[1] में बताव्युं छे के ए मूळ शब्द एन्त्स्[2] होवानो सम्भव छे. एनो उचार ए काळे एन्त्स्, ओन्त्स्, अन्त्स् के औन्त्स्मांथी गमे ते थतो होय, पण मूळ शब्द ए हतो. एना सम्बन्धमां में नोंध्युं हतुं के बश्गली नामे बोलीमां आजे पण 'हुं' माटे ओन्त्स् शब्द मळे छे.

अहीं मारे आ बश्गली विशे अने एना उपरथी फलित थती केटलीक उपपत्ति विशे लखवुं छे. सर ज्योर्ज ग्रीयर्सन आ बश्गलीने पैशाची वर्गनी गणे छे. पैशाची बोलीओने एमणे सामान्य रीते दर्दिक (Dardic) बोलीओ पण कही छे. एमणे पोताना Linguistic Survey ना ८ मा पुस्तकना बे भागोमा आ पैशाची के दर्दिक बोलीओनी तपास करी छे. एमना मते काश्मीर, कोहिस्तान, काफिरिस्तान, दर्दिस्तान वगेरे वायव्य सरहदना भागोमां आ बोलीओ बोलाय छे. तेने तेओ Indo–Aryan पण नथी गणता, तेम, Indo-Iranian पण नथी गणता. आवी आ पैशाची बोलीओ विशे अहीं थोडुंक लखवा धार्युं छे. भाषाशास्त्रमां आपणे जेने इन्डो–युरोपियन काळ कहीए छीए अने जे काळ ऋग्वेदनी प्राथमिक भूमिकानो ज काळ होवानो सम्भव छे ते काळनी जातिओनी बोलीओनी सीधी विकृतिओ ते आ पैशाची बोलीओ छे एम मारुं मानवुं छे.

हुं एम धारुं छुं के आ बश्गली बोलीनो सम्बन्ध ऋग्वेदनी बाल्कली शाखानी साथे छे. कोहिस्तानमां आजे ज्यां आ बश्गली बोलाय छे त्यां बष्कली नामे एक नदी छे.[3] ए नदी उपरथी ए आखा भागनुं नाम बष्कल पड्युं होय अने त्यां रहेनारा लोको बश्गल के बाष्कल अने एमनी बोली बश्गली कहेवाती होय एवो सम्भव छे. कदाच देश अने लोको उपरथी नदीने ए नाम मळ्युं होय. पण एनी साथे आपणने सम्बन्ध नथी. उचारशास्त्रनी दृष्टिए बश्गली अने बाल्कली एकज छे.

मारुं सूचन एवुं छे के आ कोहिस्तान, दर्दिस्तान, काफिरिस्तान वगेरे वायव्य कोणना जूदा जूदा प्रान्तोमां ज ऋग्वेद–यजुर्वेदनी जूदी जूदी शाखाओ प्रचारमां हती. हुं हमणां ज बतावीश के ए भागोमा बोलाती जूदी जूदी बोलीओमां आजे पण ऋग्वेदकाळनुं भाषावैशिष्ट्य जळवाइ रह्युं छे.

आपणे जाणीए छीए के यजुर्वेदना कृष्ण अने शुक्ल एवा बे भागो छे. आजे तो विद्वानो एम माने छे के जे यजुर्वेद व्यवस्थित नथी ते शुक्ल. पण आ विषयमां नीचेनुं सूचक छे.

---

१ जुवो बुद्धिप्रकाश, ओक्टो-डिसे. १९४१.

२ आ त्स् नो मूळ उचार द् अने स् नी वचेनो, कंइक मराठी च् ना उचार जेवो छे. ए विशे मारा उपला लेखमां समजुती आपी छे ते जोवा विनति छे.

३ LSI, Vol VIII, II Introduction, p. 4.

In later times it was assumed that because there were two main groups of Kafirs viz. the Siāh-pōsh or Black-clothed and the Sufed-pōsh or White-clothed, there were, therefore, two languages in Kafiristan corresponding to these two groups.[1]

एटले कृष्ण-शुक्ल जातिओनो भेद आजे पण आ प्रदेशमां चालु छे ते वात नोंधवा जेवी छे.

आ काफिर शब्दनी व्युत्पत्ति शी हशे? हुं अहीं एक सूचन करुं छुं. यजुर्वेदनी एक शाखानुं नाम कापिष्ठली छे. आ शाखा कपिष्ठल के कपिस्थल नामे प्रदेशमां रहेता लोकोनी ज होय ते देखीतुं छे. आ कपिस्थल उपरथी एम विचार सूझे छे के ए स्थळनुं ए नाम, एमां कपिः नामे लोको रहेता हता, तेथी पड्युं हशे. सं. कपिः नुं प्राकृतादिमां तो नहि पण इयु भाषाओमांथी असुरमां कफिः थइ शके.[2] एटले मारुं सूचन एवुं छे के कपिस्+स्थल=कफिस्+स्थळ ते ज कफिर के काफिर+इ+स्थान छे. एटले आजनुं काफिर-इ-स्तान यजुर्वेदनी कापिष्ठली शाखाना लोकोनुं निवासस्थान हशे एम कही शकाय.[3]

वळी जेम बाल्कली ऋग्वेदनी शाखा छे तेम शाकल नामे एक शाखा पण ऋग्वेदनी छे; अने बाल्कलनो सम्बन्ध जेम बल्कल प्रदेशनी साथे होय तेम शाकलनो सम्बन्ध शकल नामे प्रदेश साथे होय. अने LSI VIII, II मां शिगल (Shigal) नामे एक प्रदेशनो उल्लेख छे. आ शिगल ते शकल होइ शके. खरी रीते शकल, बल्कल वगेरेमां (श+कल; ब:+कल) बीजुं पद जे कल छे तेनो अर्थ प्रदेश ज थाय छे. आ शब्द 'कल'नो सम्बन्ध

---

१ जुवो LSI (Linguistic Survey of India) Vol VIII, pt II, p. 29.

२ प ना फ माटे सरखावो पणि=Phapis=Phoenicians. etc. उपरांत नीचेनी बे वीगतो पण आ ज वात पूरवार करे छे.

(I) Apes are known as Hebrew in Koph. In Egyptian the word takes the form 'Kafu' and these are derived from Kapi. (Ancient India by S. K. Aiyanger I, P. 770).

(2) Yuan Chwang says that from Bamian he went to Ka-pi-shih. This Ka-pi-shih of Yuan Chwang is an equivalent of Kapis. And Watters has actually suggested "As Kaniska is Kanerka, so-Kapis may be Kafir a name which is preserved in the modern Kafiristan." (जुवो On Yuan Chwang by Thomas Watters p. 122-24).

३ अहीं बोइने एम शंका जाय के आ बधो तो यजुर्वेदनो प्रदेश थयो, शुक्ल कृष्णनो आ भेद पण यजुर्वेदनो थयो अने बाल्कली-बाल्कली तो ऋग्वेदनी शाखा छे एनो मेळ केम मळे? पण मारे एम सूचववुं छे के जे काळे ऋग्वेद-यजुर्वेद एवा भेद पड्या न्होता ते काळे आवो बाध न ज होय. अने एवा काळे बाष्कली तेमज कापिष्ठली आदि बधी शाखाओ एक ज वेदनी गणाती होय अने पछी ज्यारे जूदा जूदा वेदोनो भेद ऊभो थयो त्यारे बाल्कली ऋग्वेदनी गणाइ, अने कापिष्ठली यजुर्वेदनी गणाइ. आम होइ शके.

'गोकुल' मां 'कुल' छे तेनी साथे छे. कुल–कल, गुल–गलनो अर्थ प्रदेश (country) एम थाय छे, केमके आजे पण त्यांनी एक बोली Wasi – Veri मां गुलनो अर्थ country थाय छे. (जुओ. L S I, VIII II, पृ. ६५). उपरांत आ गल–गुल के क्ल शब्द ए तरफना देशोना नामोमां ठीक ठीक देखाय छे. जुवो वश्गल, शिगल उपरांत वैगल, प्रसून–गुल, वेझगुल, वस्त–गुल, पोगुल वगेरे शब्दो. (L S I, VIII, II पृ. ५७, ५९ वगेरे). ऋग्वेदनी एक शाखा मुद्गलशाखा छे तेमां पण आ ज 'गल' छे. मोंगोलियामां पण आ ज गल–गुल–गोल छे.[1]

वळी दर्द–(दर्द-इ-स्तान)नी व्युत्पत्ति शी हशे ? दर्द नामे लोको छे. तेने 'दरद' पण लखे छे. हवे आ पैशाची बोलीओमां द नो त थइ जवाना घणा दाखला मळे छे.[2] तेथी आ दर्द शब्दनुं रूपान्तर तर्त पण होय. दर्द–तर्तनो सम्बन्ध हुं तार्तरी साथे जोडुं छुं तार्तरीमा मूळ शब्द तर्त ज छे. वळी जुवोः तर्तनुं एक रूपान्तर तत्त पण थइ शके. उपरांत संस्कृतना 'अ'ने स्थळे आ इयु बोलीओमां इ के ए मळे छे.[3] तेथी आ 'तत्त'नुं रूपान्तर 'तित्त' के 'तित्ति' पण होइ शके. तेने 'र' लागतां तित्तिर शब्द निष्पन्न थाय. ए शब्द, हुं धारुं छुं के, आपणा तैत्तिरीयनो मूळ शब्द छे. आम यजुर्वेदनी तैत्तिरीय शाखाना लोको ते ज दरदो–दर्दो के तार्तरो छे एम कही शकाय.

वळी ऋग्वेदनी शाक्लशाखानी एक उपशाखानुं नाम मुद्गल छे. आ मुद्गलनुं रूपान्तर मोग्गल होय. अने एनो सम्बन्ध मोगल लोको साथे सूचवी शकाय. मोगल लोको मूळ तार्तरीना ज हता.

वळी तैत्तिरीयोनी एक उपशाखानुं नाम औकल छे.[4] आजे पण पैशाचवर्गनी एक बोलीनुं नाम अश्कूं (Ashku) छे. आ अश्कूं ते ज औक्ख होवानो सम्भव छे.

वळी 'अफघान' शब्दनी व्युत्पत्ति शी हशे ? हुं एक सूचन करुं छुं. अप्+गम् के गन् नी साथे ए शब्दनो सम्बन्ध लागे छे. प नो फ थाय छे ते तो आपणे जोयुं. अने भाषाशास्त्रीओने ग अने घ नो सम्बन्ध पण जाणीतो छे. गमूनुं रूपान्तर गन् पण होवानो सम्भव छे. 'आजे पण काश्मीरी बोलीमां जवुं माटे √गत्स् शब्द छे, तेमां जो अनुनासिक उच्चार होय'

१ वळी बल्हक उपरथी बल्खज–बल्खर–बोखारा एवा शब्दो निष्पन्न थया होवानो पण सम्भव छे.

२ दा. त. अहीं पाछळ आपेली यादीमांनो pratot शब्द. उपरांत जुवोः " As compared with Sanskrit, its principal peculiarity is the hardening of the soft letters. Where Sanskrit has Dāmodar, Paishachi has Tamotar......just as in Chūlikā Paishachika, 'a boy' is pālaka not bālaka. (LSI, VIII, II, Intr, p. 4).

३ आ नियम पण में मारा उपला बु. प्र. ना लेखमां आप्यो छे.

४ जुवो History of Ancient Indian Literature by Max Muller.

५ आ अनुनासिक तत्त्व माटे एन्त्स् माटे ले सूचन, बु. प्र. ना उपमा लेखमां में कर्युं छे ते जोइ लेवा विनंति छे.

तो गन्त्स् थाय अने एमांथी गम् अने गन् बन्नेनी चावी मळे, आम अप+गन् (पाणीमां चालनार, चालवामा कुशल) एनी साथे हुं 'अफघान' शब्दनो सम्बन्ध सूचवुं छुं कंदहारने आपणे गान्धार गणीए छीए. गान्धारमा जो गन्धर्वो रहेता होय तो गन्धर्वना हमेशना साथीदार अने पाडोशी 'अप्सर' क्या रहेता होय? तेथी कंदहारना पाडोशी आ अफघानो ते ज 'अप्सरो' (अप्+सृ के अप्+गन्) छे एम मारुं सूचन छे.

उपरांत काश्मीरी पण पैशाची भाषा छे. सर ज्योर्ज ग्रीयर्सने नोंध्युं छे के "काश्मीरीने त्यांनी तळपदी बोलीमां कशिरु अने काश्मीरीने कोशिरु कहे छे[1] आ कशिरुने सर ज्योर्ज तो कश्मीर उपरथी ज व्युत्पन्न करे छे[2] पण मने ए योग्य लागतुं नथी. मारुं सूचन एवुं छे के आ 'कशिरु' शब्द ते ज पौराणिक 'कशेरु' छे. आ शब्द जूदा जूदा पुराणोमा जूदी जूदी रीते लखायलो मळे छेः कसेरु के कशेरुक (वायु, ४५मो अध्याय), कसेरुणा (वामन, १३), कसेरुमान् (ब्रह्म, १९), कसेरु (अग्नि, ११८). भारतवर्षना उत्तर तरफना देशोमानो एक आ 'कसेरु' छे एम पुराणोमा कह्युं छे अने आ कसेरुनी साथे ज 'दरद' पण भारतवर्षना उत्तर तरफना देश तरीके उल्लेखायेल मळे छे (उपरनां पुराणोमा). माटे हु एम मानुं छुं के आ पौराणिक कसेरु ते ज काश्मीर छे.

आवी रीते जे प्रदेशमा आजे पैशाचीवर्गनी बोलीओ बोलाय छे, तेमांथी वशगल, शिगल, काफिर-इ-स्तान, दर्द-इ-स्तान, मुद्गल, अश्कुं, अफघान, काश्मीर वगेरे प्रदेश अने बोलीओनो सम्बन्ध ऋग्वेदकाळनी जूदी जूदी शाखाओ साथे बाधवो शक्य लागे छे. उपरांत कोहिस्तान शब्दनी व्युत्पत्ति पण (कोह–इ–स्तान) कुशस्थान उपरथी शक्य छे. कोह ते कुश होइ शके. उपरांत वेदोनी जूदी जूदी शाखाओना नामोने बलुचिस्तान,[1] कोहिस्तान, दर्दिस्तान वगेरेनी जूदी जूदी बोलीओना तथा प्रदेशोना नामोनी साथे सरखावतां घणां वधारे साम्यो मळी आववानो सम्भव छे.

आवी रीते भाषाशास्त्रनी दृष्टिए जेने आजे आपणे दर्दिक के पैशाचीवर्ग कहीए छीए तेमानी घणी खरी बोलीओ ऋग्वेद काळनी बोलीओ साथे सीधो सम्बन्ध धरावती होय एवो सम्भव छे. आ बधी बोलीओनो अभ्यास बराबर बारीकीथी हजी सुधी थयो नथी, छतां सर ज्योर्ज ग्रीयर्सनना पुस्तकोमाथी ज मे केटलाक शब्दोनी यादी बनावी छे, जे नीचे टांकुं छु ए उपर टपके बनावेली यादी पण सिद्ध करे छे के आ पैशाची बोलीओमा आजे पण एवा घणा शब्दो छे जेने आपणे ऋग्वेदना काळना के इन्डो-युरोपियन काळना गणवा जोइए. आ नानो लेख लखवानु मारुं मुख्य प्रयोजन तो ए छे के एथी तुलनात्मक भाषाशास्त्रना आपणा अभ्यासमा एक नवी दिशा खुले अने एना तरफ विद्वानोनी दृष्टि वळे. मने पोताने तो ए दिशामांथी घणा वधारे नक्कर परिणामो मळे एवी आशा छे.

---

१ LSI, VIII, II, article on Kashmiri.

२ LSI, VIII, II, " "

नोंधवा लायक पैशाची शब्दोनी यादी[1]

[उच्चार बराबर सूचवाय माटे शब्दो अंग्रेजीमां ज लख्या छे.]

१

Mats=Man[2]
trit=some; cp त्रित्
wās=day; cp वाः, वासर
Kāts=hair; cp केश
tā=father
brā=Brother; cp भ्रा+तृ
Nu=Mother
Sus=Sister; cp स्वस्+क
Ju=Daughter; cp दुह् (दुहितृ)
Imra=god; cp इन्द्र
yush / yosh = devil; cp यक्ष
Su=Sus; cp सु in सवितृ
Mās=Month; cp माः, मासः
Shtā=Star
Aw=water; cp आप्
taū / tso = dog; cp शुन्+न
pshash / pinshā = eat; cp puss
Kiti=some; cp कति
Pratot=प्रयात् gave
Tatos=then (तत.)
Sudu=far; cp सुदू+र
Udeshe=foreign, cp उद्देश=country
chorok=hair; cp चिकुर (व्यत्यय)
Ash, Ashi, Ish=Mouth; cp आस्य

२

Pushpā=shepherd; cp पशु+प (पाल)
Kapor / Kapāl Head cp कपोल= cheek
Nishi+nam=to sit; cp नि+षिद्
Vir=man; cp वीर
Kaletrām=wife; cp कलत्रम्
yasha=food; cp यशः (Rv, food)
Ama=House; cp अम (Rv. House)
Kakawak=fowl; cp कृकवाकु.
Barah=then; cp परः
Bol=army; cp बल
Retai=said; cp रुद् to roar
Karesaw=I would have done cp अ+करिष्यम्
Hamūnisāe=many years; cp अमूनि
Hui=call; cp हे – हू
Dur=House; cp दूर्=door
No=Not; cp नो
Zap=To speak; cp जप्
Wots=the fatted calf; cp वत्स
Zyuthu=Elder; cp ज्येष्ठ
Gphliu=offer; cp आ+च
Esego=sent (Ese+go), cp प्र+इष्
Saprok=all; cp सर्व
Matr=to speak; cp मन्त्र

*

गुप्त साम्राज्यनो प्रारंभ

ले० श्रीयुत डुंगरसी धरमसी संपट

*

મગધ સામ્રાજ્ય એ ભારતવર્ષના હૃદય તરીકે ઇ. સ. પૂર્વે ઘણી સદીઓથી પ્રસિદ્ધ હતું. મગધ સામ્રાજ્યનો ઇતિહાસ આખા જગતમાં અવનવો છે. એના ઉપર હમણાં જ વિશેષ પ્રકાશ પડતો જાય છે. મગધ સામ્રાજ્યમાં કેટલાક વંશો અને સંસ્કૃતિઓનો વિકાસ થયો છે. મૌર્ય, શુંગ અને કણ્વ વંશોએ આ સામ્રાજ્યમાં પોતાની પ્રતિભા પ્રસારી હતી. કણ્વવંશનું સામ્રાજ્ય માત્ર ૪૫ વરસો સુધી જ અસ્તિત્વમાં રહ્યું હતું ઇ. સ. પૂર્વે ૨૮ વર્ષો પહેલા આંધ્રવંશનું સામ્રાજ્ય ૪૬૦ વર્ષ ટક્યું હતું. વાયુપુરાણ આ વંશને ૪૫૦ વર્ષોનું આયુષ આપે છે. ભીટારીનો લેખ આંધ્ર શાસનને ટેકો આપે છે. ડો. કે. એન દીક્ષિતને બીજો આંધ્ર સિક્કો પણ મળ્યો છે. મધ્યપ્રાંતમાં મળેલા આ સિક્કામાં એક હાથીની પ્રતિકૃતિ છે. સમ્રાટનું નામ શિવશ્રી આપીલક તે પુરાણોનો આપીલક તરીકે ઓળખી શકાયો છે.

આંધ્ર વંશ ઇ. સ ના ત્રીજા સૈકાની આખરે પૂરો થયો જણાયો. આંધ્રવંશના સમ્રાટોના શાસન સમયે પણ બીજા કેટલાક વંશોનું અસ્તિત્વ દેખાય છે. લિચ્છવી વંશના જયદેવ પહેલા (ઇ. સ. ૩૩૦ થી ૩૫૫)ના વંશજ જયદેવ બીજાનો નેપાળનો શિલાલેખ ઈ. સ. ૪૫૮નો છે. જયદેવ પહેલાની અગાઉ ૨૩ નૃપતિઓ એ જ વંશમાં થઈ ગયા હતા. એનો મૂળપુરુષ સુપુષ્પ લિચ્છવી પાટલીપુત્રમાં જન્મ્યો હતો, તે ઇસ્વી સનના આરંભમાં હતો એમ અનુમાન થાય છે. જ્યારે સમ્રાટ કનિષ્કનો સચિવ વનસ્પાર મગધ ઉપર આક્રમણ લાવ્યો ત્યારે લિચ્છવીઓના સામ્રાજ્યનો અંત આવ્યો જણાય છે. આંધ્રવંશની સમાપ્તિ પહેલા આભીર, વિંધ્યકો, શકો, તુષારોના અને બીજા વંશોએ રાજકીય સ્વતંત્રતાઓ મેળવી લીધી હતી. વાકાટક વંશના વિંધ્યશક્તિ અને પ્રવરસેન ૧ લાનો ઉલ્લેખ પુરાણોમાં આવે છે. પ્રવરસેનના પુત્ર ગૌતમીપુત્રનો વિવાહ ભારશિવોના સમ્રાટ ભાવ નાગની કન્યા સાથે થયો હતો. ભારશિવોએ દશ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. એ વંશ એકસો વરસ ચાલ્યો હોય એમ જણાય છે. કુશાનોના શાસન પછી ઈ. સ. ૧૫૦માં એ વંશની મહત્તાનો વિકાસ થયો હશે.

આ સર્વમાંથી ઐતિહાસિક સાર એટલો જ નીકળે છે કે કણ્વોના વંશનો અંત સાતવાહન નૃપતિએ આણ્યો હતો. એ સાતવાહન મગધનો સમ્રાટ થયો. એની પછી લિચ્છવીઓ આવ્યા. લિચ્છવીઓએ કનિષ્કના સચિવને પાટલીપુત્ર સોંપવું પડ્યું હતું. આ રીતે કુશાનોનું ઉત્તર હિંદમાં શાસન સ્થપાયું હતું. કુશાનો પછી ભારશિવો આવ્યા. ઈ. સ. ૨૫૦ માં વાકાટક વંશ આગળ તરી આવ્યો. વાકાટક વંશનો ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત બીજા અને બાલાદિત્ય બીજાના સમય વચ્ચે અસ્ત થયેલ હશે. આ સમય સામ્રાજ્ય-ભાવના, સંસ્કૃત ભાષાના વિકાસ અને સામાજિક પ્રગતિનો હતો.

ભારશિવોના વિકાસ (ઈ. સ. ૧૫૦) સમયે મગધ એક જૂના ક્ષત્રિયવંશના સ્વાધીનમાં હતું. ચીની પ્રવાસી ઈત્સીંગે (ઈ. સ. ૬૭૦ થી ૭૦૦) પોતાના પ્રવાસ-વર્ણનમાં જણાવ્યું છે કે ૫૦૦ વરસો ઉપર થઈ ગયેલા મહાન નૃપતિ શ્રીગુપ્તે એક મોટું મંદિર માર્ગશિક વનમાં ચીના પ્રવાસીઓ માટે બાંધ્યું હતું. આથી શ્રીગુપ્તનો સમય ઈ. સ. ૧૭૫ થી ૨૦૦ નો ઠરે છે. એલન શ્રીગુપ્તને ચંદ્રગુપ્ત પહેલાના પિતામહ તરીકે ગણે છે. પરંતુ ચીના પ્રવાસી ઈત્સીંગે આપેલ સમય જોતાં એ બંધબેસતું થતું નથી. શ્રીગુપ્તના વંશજોનો ઇતિહાસ કે નામો લખ્યાં નથી.

અલ્હાબાદના સ્તંભના લેખથી જણાય છે કે સમ્રાટ શ્રીસમુદ્રગુપ્તને "મહારાજ" વિશેષણ લગાડવામાં આવ્યું છે. શ્રીપ્રભાવતી ગુપ્તાના વાકાટકના પૂનાના લેખમાં એ સમ્રાટને યોગ્ય રીતે આદિરાજના વિશેષણથી ઉલ્લેખવામાં આવ્યો છે વિન્સેન્ટ સ્મિથ સમ્રાટ સમુદ્રગુપ્તને ૨૭૫ થી ૩૦૦નો સમય આપે છે. તેને બીજાં સાધનોથી પણ ટેકો મળે છે. અલ્હાબાદનો સ્તંભલેખ મહારાજા ઘટોત્કચનો પણ ઉલ્લેખ કરે છે. બ્લૉચ નામે પુરાવિદ આ મહારાજા ઘટોત્કચને ઘટોત્કચ ગુપ્ત ગણે છે; પણ તે શંકાસ્પદ છે. કેટલાક એને ગુપ્ત વંશનો કોઈ નિકટનો સંબંધી માને છે. આ ઘટોત્કચનો સમય એલન ઈ. સ. ૩૦૦ અને ૩૫૦ ની વચ્ચે માને છે.

અલ્હાબાદનો સ્તંભલેખ સમ્રાટ સમુદ્રગુપ્તના પિતા ચંદ્રગુપ્તને મહારાજાધિરાજ વિશેષણ આપે છે. ચંદ્રગુપ્ત પણ પોતાના કાળમાં સ્વતંત્ર નૃપતિ બન્યો હોય એમ કલ્પી શકાય છે. ચદ્રગુપ્તના સિક્કાઓ (જે સમ્રાટ સમુદ્રગુપ્તે પડાવ્યા હશે) માં લિચ્છવીઓની રાજ્યકન્યા કુમારદેવી સાથેના વિવાહથી એને સ્વતંત્ર નૃપતિપદ મળ્યું હોય એવો ધ્વનિ નીકળે છે. આ ચદ્રગુપ્ત ગુપ્તવંશની મહત્તા અને સામ્રાજ્યનો પાયો નાંખનાર હતો. ઘણા લેખો, સિક્કાઓ અને શિલાલેખો આ માન્યતાને ટેકો આપે છે. આ ચંદ્રગુપ્ત પહેલાની ઐતિહાસિક કારકિર્દી આપણે બીજા કોઈ ગ્રંથદ્વારા મેળવી શકતા નથી. આખા ગુપ્ત વંશના ઇતિહાસનાં સાધનો અહીં તહીં શિલાલેખો, દાનપત્રો, સ્તંભલેખો, ચીની પ્રવાસીઓના ઉલ્લેખો, પુરાણોમાંના ઇસારાઓ વગેરેમાંથી સળંગ મેળવવાનું કામ પુરાવિદોએ ખૂબ શોધખોળ સાથે ઉપાડ્યું છે. સેંકડો વર્ષ સુધી એનું અસ્તિત્વ માત્ર જણાયું હતું, પરંતુ નામ નિશાન અને વિગતો હમણાં જ પ્રકાશમાં આવતાં જાય છે. ૩૦૦ વરસો સુધી હિંદમાં મહાન સામ્રાજ્ય ભોગવનાર સમ્રાટો સંબંધી સીધી ઐતિહાસિક હકીકતોનો અભાવ સાલે છે.

ઘટોત્કચ ગુપ્ત સ્વતંત્ર સમ્રાટ નહોતો, પરંતુ એનો વિકાસ ધીમે ધીમે સામ્રાજ્યમાં સ્વતંત્રતાની હદે પહોંચવા તરફ વલણ ધરાવતો હતો. સોનાના કેટલાક સિક્કાઓની એક તરફ "કચ" શબ્દ કોતરાયેલો છે. ઘણા એ સિક્કાઓને ઘટોત્કચગુપ્તના માને છે, પરંતુ એ સિક્કાઓની બીજી બાજૂએ "सर्वराजोच्छेत्ता" એવું બિરદ છે, તે ઘટોત્કચગુપ્તને ઘટી શકે નહિ, કારણ કે એ હજી ખડિયા રાજાના બિરુદમા જ રહ્યો હતો. અલ્હાબાદના સ્તંભ ઉપરના લેખમાં સમ્રાટ સમુદ્રગુપ્તના પિતા ચદ્રગુપ્ત ૧ લા ને મહારાજાધિરાજના બિરુદથી ઉલ્લેખ્યો છે. આથી એણે જ વિશાળ રાજ્યનો મજબૂત

વિકાસવાન પાયો નાંખ્યો હોય એ સંભવિત છે. એમના સમયમાં ગુપ્તવંશના સૂર્યનો ઉદય પૂર્વમાં થતો હોય એવી માન્યતા છે. લિચ્છવી રાજ્યકન્યા સાથેનો વિવાહ એના ઉદયમાં મુખ્ય કારણ મનાય છે.

હિંદની રાજધાની દિલ્હીથી ૯ માઈલ દૂર આવેલા મિહિરપુરી ગામના કુતુબ મિનાર (મૂળ પૃથ્વીરાજની પુત્રીના માટે બનાવેલા પરંતુ પાછળથી કુતુબુદ્દિન સુલ્તાને પુનરુદ્ધાર કરી મહાન કરેલા)ના આંગણામા એક લોહસ્તંભ છે. આ અતિ પ્રાચીન છે. આવડો મોટો લોહસ્તંભ તે સમયે કેમ ઢાળી શકાયો હશે અને કેવાં સાધનોથી આ મોટા સ્તંભને અત્રે લાવવામાં આવ્યો હશે તે વાત અતિઆશ્ચર્યજનક, હમણાના એંજીનિયરોને જણાઈ છે. આ સ્તંભના મૂળમાં ધાતુઓના કેટલાક ટુકડા નીકળ્યા છે તેથી એ આજ સ્થળે પ્રારંભથી મુકાયો હોય એવી માન્યતા છે. જો કે દંતકથા પ્રમાણે આઠમી ઇસ્વી સદીમાં મહારાજા અનંગપાળે (પૃથ્વીરાજ અને જયચંદ્રના માતામહે) એ ઊભો કર્યો હોય એમ લોકકિંવદતી છે. એના ઉપર એક લેખ ઉત્તરની લિપિના અક્ષરોમાં મળે છે. આ અક્ષરો અલ્હાબાદના લેખના અક્ષરોને વધારે મળતા છે. લેખનો એક શ્લોક નીચે મુજબ છેઃ

> खिन्नस्येव विसृज्य गां नरपतेर्गामाश्रितस्येतरां
> मूर्त्या कर्मजितावनीं गतवतः कीर्त्या स्थितस्य क्षितौ ।
> शान्तस्येव महावने हुतभुजो यस्य प्रतापो महान्
> नाद्याप्युत्सृजति प्रणाशितरिपोर्यत्नस्य शेषः क्षितिम् ॥

આ લેખ તારીખ વગરનો છે. આમાં ચંદ્ર નામે સમ્રાટની સ્તુતિગાથા છે, પરંતુ ઉપલા શ્લોકોમાં સમ્રાટનું નામ નિશાન નથી, તેમ જ यस्य प्रतापो महान् અને महावने हुतभुजो વગેરે વિશેષણો નામરહિત સમ્રાટ હોવાનો આ માટે શક ઊભો કરે છે. કોઈ ચંદ્ર નામે નૃપતિની પ્રશસ્તિરૂપે આ લોહસ્તંભ થયો હતો. ચંદ્રના શત્રુઓ સંયુક્ત થઈને બંગાળ તરફથી એના રાજ્ય ઉપર આક્રમણ લાવ્યા હતા. ચંદ્ર ભૂપતિએ શત્રુઓનો પરાજય કર્યો હતો. એ જ પ્રશસ્તિમાં तीर्त्वा येन मुखानि सप्त समरे सिन्धोर्जिता बाल्हिकाः છે; આથી સમજાય છે કે ચંદ્રરાજાએ બાલ્હિકો બાખ (બેકટ્રિયા)ને સિંધુનાં સપ્તમુખો દ્વારા આક્રમણ કરાવી હરાવ્યા હતા. એને एकाधिराज्यम् એટલે ચક્રવર્તિપણાની પણ ઉપાધિ દેવામાં આવી છે.

આ ચંદ્ર નૃપતિ કોણ હતો? શ્રી. આયંગાર આ ચંદ્રને ચંદ્રગુપ્ત ૧લા તરીકે હોવાનું માને છે. કેટલાક માને છે કે ચંદ્રગુપ્ત મૌર્યે આ લોહસ્તંભ ઊભો કર્યો હતો અને ૬૦૦ વરસો પછી સમુદ્રગુપ્તે પોતાના આદર્શસ્વરૂપ સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યની પ્રશસ્તિના શ્લોકો કોતરાવ્યા હશે. કોઈ ચંદ્રગુપ્ત બીજાનો આ પ્રશસ્તિ સાથે સંબંધ બાંધવાની કોશીશ કરે છે. આ બધાં માત્ર અનુમાનોને ઐતિહાસિક કે બીજાં સાધનોનો ટેકો નથી. પરંતુ ફલીટ અને આયંગાર બન્ને આ સ્તંભને ચંદ્રગુપ્ત પહેલાના કિર્તિસ્તંભ તરીકે માને છે. તે માટે કેટલાંક કારણો આગળ ધરે છે. પરંતુ વિરુદ્ધમાં પણ તેવી જ સંગીન દલીલો અસ્તિત્વમાં છે. એટલે એ ચંદ્ર ભૂપતિ કોણ હતો તે વિશે કાંઈ પાકો નિર્ણય

આંધી શકાયો નથી. શ્રી. આયર સદાચદ્ર ભારશિવને આ ચદ્ર માને છે. ભાવનાગ પછી એ નૃપતિપદ પામ્યો હતો આમાં પણ તરફેણ અને વિરુદ્ધની અનેક દલીલો થઈ શકે છે. શ્રી. હરપ્રસાદ સાસ્ત્રી પુષ્કરના ચદ્રવર્માને આ ચંદ્ર તરીકે માને છે. શ્રી. આર ડી. બેનરજી એમને ટેકો આપે છે. પરંતુ સૂક્ષ્મ સમાલોચના આ પ્રસ્તાવનું સમર્થન કરતી નથી. ચદ્રગુપ્ત બીજાના સિક્કાઓની ભાષા સાથે આ સ્તભની ભાષાનુ સામ્ય ચંદ્રગુપ્ત બીજાને સ્થાપક તરીકે સ્થાપે છે.

અહી ચદ્રગુપ્ત ૧લાના સિક્કા વિશે કહેવાનું પ્રાપ્ત થાય છે. આ સિક્કાઓ બે જાતના મલ્યા છે. હોયે જાતના સિક્કા ઉપર 'ચદ્રગુપ્ત' અક્ષરો, એક છત્ર અને સમ્રાટનું ચિત્ર તથા બીજી તરફ 'વિક્રમાદિત્ય' એટલુ છે. વાસુદેવ કુશાનની સિક્કાઓની ઢબ મુજબ આ સિક્કાઓની બનાવટ છે. ચદ્રગુપ્ત પહેલાને વિક્રમાદિત્યનુ બિરુદ નહોતું આથી આ સિક્કાઓ ચદ્રગુપ્ત બીજાએ જ પડાવ્યા હોવા જોઇએ. બીજી જાતના સિક્કાઓમા ચદ્રગુપ્ત અને કુમારદેવીનાં સયુક્ત નાગો છે. સમુદ્રગુપ્તે આ સિક્કાઓ પોતાના પિતાની યાદદાસ્તમાં પડાવ્યા હોય એ સભવિત છે.

કૌમુદી–મહોત્સવ નામે નાટકનો ઉલ્લેખ રામચદ્રના "નાટ્યદર્પણ"માં મળી આવે છે. આ નાટક સંસ્કૃતમા છે. એમાં ચદ્રસેન રાજાની કથા નાટકરૂપે ગૂથેલ છે. શ્રી જાયસ્વાલની માન્યતા મુજબ આ રાજા તે ગુપ્તવંશનો સ્થાપક ચંદ્રગુપ્ત પહેલો હતો આ નાટકના વસ્તુનો સારાશ એમ છે કે ઇસ્વીના ૪ થા સૈકામાં મગધવંશનો સુદરવર્મા નામે નૃપતિ પાટલીપુત્રમા રાજ્ય કરતો હતો (ચંદ્રાવલીના મયૂરશર્માના શિલાલેખથી જણાય છે કે આ મૌખરીવંશના રાજાઓ ચોથી સદીમાં રાજ્ય કરતા હતા). સુંદરવર્મા અપુત્ર હોવાથી ચડસેનને ખોળે છે ચડસેન એક લિચ્છવી રાજ્યકન્યા સાથે વિવાહ કરે છે. સુદરવર્માને વૃદ્ધાવસ્થામાં એક પુત્ર જન્મે છે. ચડસેન યુવરાજ પદમાથી ચ્યુત થતા તે સ્થળે કલ્યાણવર્મા આવે છે. લિચ્છવીઓ એટલે શ્વશુર પક્ષના સહકારથી ચડસેન પાટલીપુત્ર ઉપર આક્રમણ કરીને એને જીતી લે છે. કલ્યાણવર્માને એના સચિવો વ્યાધ કિષ્કિંધા (પપા સરોવર તીરે) લઈ જાય છે ચડસેન શબર અને પુલિંદોના બળવાને બેસાડવા સૈન્ય લઈ જાય છે. કલ્યાણવર્માના મત્રીઓ મંત્રગુપ્ત અને કુંજારક મુત્સદીપણાના દાવપેચ લગાડીને પાટલીપુત્રમા કલ્યાણવર્માનો અભિષેક કરાવી દે છે. એના શાસનને મજબૂત બનાવવા મથુરાના યાદવ કીર્તિસેન અને શૂરસેન જનપદના નૃપતિ સાથે સધિઓ કરી એમની શક્તિનો સહકાર મેળવે છે પાટલીપુત્રના કલ્યાણવર્માના વિજયનો કૌમુદી–મહોત્સવ ઊજવવાનો આ નાટકનો હેતુ છે. કવયિત્રી કિશોરિકા વિજ્જકાએ આ નાટક રચ્યું છે.

લિચ્છવીઓએ પોતાના જમાતા ચડસેનને સહાય આપી પાટલીપુત્ર પાછું લીધુ હશે એવી માન્યતા છે, કારણ કે પાછળથી કલ્યાણવર્માનો ભૂપતિ તરીકે ક્યાયે ઉલ્લેખ નથી. આ નાટકની રચનાર કિશોરિકા ચડસેનના વિરુદ્ધ સખ્ત ભાષા વાપરી એને કૂર અને કપટી ચિત્રે છે. ચડસેનને હલકા વશનો કારસ્કર જાટ તરીકે ગણાવે છે. પુરાણોની ઉક્તિ પ્રમાણે ક્ષત્રિયો પછી શૂદ્રોનું રાજ્ય આવશે એ આ વાત સિદ્ધ કરે છે. શ્રી. જાયસ્વાલ નીચેના સિદ્ધાન્તો એ ગ્રથમાથી તારવી કાઢે છે

૧ ચંદ્રસેન અને ચંદ્રગુપ્ત પહેલો એક જ વ્યક્તિ હતા. પ્રાકૃત ચંડ એ સંસ્કૃત ચંદ્ર છે. એણે સેન નામ છેડેથી કાઢીને ગુપ્ત નામ ઉમેર્યું હતું.

૨ ચંદ્રગુપ્તે લિચ્છવીઓની રાજકન્યા સાથે વિવાહ કર્યો હતો. આ વિવાહના લીધે જ મૌખરીઓનો પરાજય કરવાનું એને સગવડ ભરેલું થઈ પડ્યું હતું. આ વિજયોથી જ તે મહારાજામાંથી મહારાજાધિરાજ થયો હતો. અલ્હાબાદનો સ્તંભ આ વાતને સંપૂર્ણપણે ટેકો આપે છે.

૩ ચંદ્રગુપ્ત પહેલો કારસ્કર જાટ એટલે શૂદ્ર જાતિનો હતો.

૪ સરહદની જાતિઓ શબર વગેરે સાથે યુદ્ધ કરી એણે તેઓનો પરાજય કર્યો હતો.

૫ પાટલીપુત્ર લિચ્છવીઓના સહકારથી જીતી એણે પોતાના પુત્ર સમુદ્રગુપ્તને પોતાનો વારસ બનાવ્યો હતો.

શ્રી. જાયસ્વાલના આ નિર્ણયો સર્વમાન્ય થઈ શકયા નથી. તેમાં પુરાવિદોને અનેક ત્રુટીઓ જણાઈ છે. એમાં ઐતિહાસિક સિદ્ધાન્તોનો ટેકો બીજાં સાધનો મારફતે મળતો નથી. ચંદ્રનું ચણ્ડ પ્રાકૃતમાં થતું નથી. ચંડસેનનો લિચ્છવીઓની કન્યા સાથેનો વિવાહ થયો હોય તેનો ઉલ્લેખ ક્યાંયે મળતો નથી. ચંદ્રગુપ્તનો પિતા ઘટોત્કચ ગુપ્ત પોતે ભૂપતિ હોવાથી ચંદ્રગુપ્ત કોઈને ખોળે બેસે એ પણ માન્યતાથી પર છે. કૌમુદીમહોત્સવમાં નીચે મુજબના શબ્દો—वत्सानुबन्धः निहतः चण्डसेनहतकः ચણ્ડસેનના આખા કુટુંબનો ધ્વંસ કરવામાં આવ્યો એ શબ્દો પણ બંધ બેસતા નથી.

ગુપ્તો બંગાળમાંથી આવ્યા હતા. આ સમયે મગધ જૂના ક્ષત્રિય વંશ મૌખરી વંશના કબજામાં હતો. ભારશિવોએ ગંગાનો પ્રદેશ એમની પાસેથી જીતી લીધો હતો. ચોથી (ઈ.સ.ની) સદીમાં પુરાણો ગુપ્તવંશને ગંગા પ્રદેશના રાજ્યકર્તા અને વિજેતા ગણાવે છે. લિચ્છવીઓ પણ ઊતરતા વંશના (શૂદ્રો) હતા. એ સમય દરમિયાન તેઓ પણ મગધના વિજેતા હોય તો બનવા જોગ છે. આ દરમિયાન ઘટોત્કચ ગુપ્ત અને ચંદ્રગુપ્ત પહેલો ધીમે ધીમે આગેકૂચ કરતા હતા. ગુપ્તો અને લિચ્છવીઓનો વૈવાહિક સંબંધ ક્ષત્રિય પ્રાચીન કુટુંબોના પાસેથી પાટલીપુત્ર જીતવામાં સાધન હોય એ બનવા યોગ્ય છે. ગંગાનો પ્રદેશ તો ચંદ્રગુપ્તના હાથમાં હતો જ, મગધનો પ્રદેશ લિચ્છવીઓના સહકારથી એને મળ્યો હતો. ચંદ્રગુપ્તે બંગાળમાંથી પોતાની રાજધાની પાટલીપુત્રમાં ફેરવી હતી. એણે જ મગધમાં સુલેહશાંતિ પ્રસરાવ્યાં હતાં. ગુપ્તવંશનો એ પ્રથમ મહારાજાધિરાજ થયો હતો. ગુપ્તોનું કુળ ઊંચું નહોતું, છતાં તેઓમાં ગોબ્રાહ્મણ-પ્રતિપાલક અને હિંદુધર્મના સ્તંભ સરખા મહાન સમ્રાટો થઈ ગયા છે.

ગુપ્તોના વંશની વિશેષ હકીકત અલ્હાબાદના સ્તંભ ઉપરના લેખથી મળે છે. એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ચંદ્રગુપ્ત પહેલાનું શાસન મગધ અને તેની પડોશના પ્રાંતો સુધી જ ફેલાયેલું હતું. એલનના મત મુજબ ચંદ્રગુપ્ત પહેલાની કારકિર્દી પૌરાણિક શ્લોકોમાં આવી અટકે છે. ચંદ્રગુપ્ત પહેલાએ વૈશાલીનો વિજય કર્યો હતો, એમ એલન માને છે. પરંતુ વૈશાલી તો પહેલાં લિચ્છવીઓની રાજધાની હતી. પાટલી-પુત્રમાંથી લિચ્છવીઓને કુશાનોના સેનાધ્યક્ષે કાઢી મૂક્યા પછી લિચ્છવીઓ વૈશાલી

પાછા ફર્યા હતા. સમુદ્રગુપ્તના વિજયોમાં વૈશાલીનુ નામનિશાન નથી. ચદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે) એનો વિજય કરી પોતાના કોઈ કુમારને એના શાસન માટે મોકલ્યો હતો.

ચદ્રગુપ્ત ૧ લાના સમયે ઉત્તર હિંદમાં બે મોટાં રાજ્યો હતાં. એમાં એક ક્ષત્રપોનું અને બીજુ વાકાટકોનું રાજ્ય હતું. આ બે રાજ્યોનો ચદ્રગુપ્ત ૧લા ની સાથે કેવો સબંધ હતો તે વિષય રસમય છે. ક્ષત્રિય વશના સિક્કાઓની બારીક તપાસ પછી ઇતિહાસજ્ઞ રૅપ્સન માને છે કે આ સમય એમની પડતીનો હતો આ સમયમાં વાકાટક વશના પ્રવરસેન ૧ લાનો સૂર્યોદય હતો. એણે પોતાના લેખોમા સમ્રાટ પદવી ન્યાયપૂર્વક ધારણ કરી હતી. પ્રો. બ્યુલ્હર પુરાણોના પ્રવરસેન અને વિંધ્યશકિતને આ વાકાટકોના પ્રવીર અને વિંધ્યશક્તિરૂપે માનતાં અચકાય છે. વાકાટકના લેખો પ્રવરસેને કેટલાક અશ્વમેધ યજ્ઞો કર્યાનું ભારપૂર્વક જણાવે છે. એનો પુત્ર ગૌતમીપુત્ર રાજ્યારૂઢ થયો ન હોતો એના નામનો સમ્રાટ તરીકે ઉલ્લેખ લબ્ધ થયો નથી. એટલે પ્રવરસેનનો પૌત્ર રુદ્રસેન પહેલો સમ્રાટ થયો હતો પ્રવરસેનનાં બીજા પરાક્રમો અને વિજયોની યશોગાથા પણ લબ્ધ થઈ નથી. રુદ્રસેન ૧લાના સમયમાં સમ્રાટપદ કોઈ સબળ કારણથી છોડી દીધું જણાય છે વાકાટકો અને ગુપ્તો વચ્ચે સામ્રાજ્યશિરોમણિ થવાની તીવ્ર હરીફાઈ ચાલી હતી. પુરાણો અને બીજાં સાધનોથી એ સિદ્ધ થાય છે. છેવટે સમ્રાટ પદવી તો ગુપ્તોને વરી લાગે છે. ચદ્રગુપ્ત ૧ લો એ વાકાટક સમ્રાટ પ્રવરસેનની ચક્રવર્તિધુરા નીચે આવ્યો જણાતો નથી. સમુદ્રગુપ્તે તો રુદ્રસેન ૧ લાને ખડિયો બનાવ્યો હશે

પ્રોફેસર રૅપ્સને ક્ષત્રપ સિક્કાઓનો બારીક અભ્યાસ કર્યો છે. રૅપ્સને હજારો સિક્કાઓ તપાસ્યા છે. એના અભિપ્રાય મુજબ ક્ષત્રપોનો ઈ.સ ૩૦૫ થી ૩૪૮ સુધીના સિક્કાઓમાં મહાક્ષત્રપ અને પછી ક્ષત્રપ એ શબ્દો મૂકી દેવાયા છે. આથી કાંઈ વિઘ્ન નડ્યું હશે. કદાચ વંશચ્છેદ અથવા નવીન વશનો પ્રવેશ અનુમાની શકાય છે. પરદેશી અથવા કોઈ મહાન શત્રુનો આવિર્ભાવ પણ દેખાડે છે. આ સમયના અર્ધા ભાગમાં વાકાટકોના સમ્રાટ પ્રવરસેન પહેલાના વિજયો દીપી નીકળ્યા હતા ક્ષત્રપોના ભોગે વાકાટકોનો વિકાસ થયો હશે. ક્ષત્રપોએ માળવા ઉપરનો પોતાનો કેંદ્રસ્થ સત્તા તરીકેનો અધિકાર આ સમયમાં ખોયો હશે. રૅપ્સનના આપેલા સમયના પાછલા અર્ધા ભાગમાં ચદ્રગુપ્ત ૧ લો સામ્રાજ્ય બાધવા કેડ કસતો દેખાય છે. સમુદ્રગુપ્તની ઊગતી વિજયયાત્રાનો પણ આમાં સમાવેશ થાય છે.

ક્ષત્રપોનો પરાજય વાકાટકોના હાથે થયો હતો. વાકાટકોને સમુદ્રગુપ્તે પોતાને અધીન બનાવ્યા સમુદ્રગુપ્તના વિજયોનો વિસ્તાર ઠેઠ વિંધ્યાચળ પર્વતોના પ્રાંતદેશ સુધી પહોંચે છે. આથી ક્ષત્રપોના દેશનો વિશેષ ભાગ એની વિજયયાત્રામાં સમાયેલો દેખાય છે. ચદ્રગુપ્ત પહેલો વાકાટકો અથવા ક્ષત્રપોના સાથે યુદ્ધો ખેલ્યો હોય એવો સભવ લાગતો નથી.

મગધનો વિજય ચદ્રગુપ્ત પહેલાએ કર્યો ત્યારે એનુ વય પ્રૌઢ ભાવને ઓળગી ગયાનો સંભવ છે. તે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરતો હતો. ગયાના તામ્રપત્રથી ચદ્રગુપ્ત

પહેલાએ મગધમાં થોડાં વરસો સુધી જ શાસન ભોગવ્યું હતું એ સાબિત થાય છે. ગયાનુ તામ્રપત્ર બીજી પણ અગત્યની હકીકતના અનુમાનને દેખાડે છે. ચંદ્રગુપ્ત પહેલો ઈ સ. ૩૨૮ લગભગ મરી ગયો હોય એમ જણાય છે. એણે મગધ સામ્રાજ્યનો પાયો નાંખવા માટે જમીનમાં ખોદકામ તૈયાર કરાવ્યું. સમુદ્રગુપ્તે પાયો નાખી ભીંતો ઊભી કરી. ચદ્રગુપ્ત બીજાએ સુંદર, વિશાળ સામ્રાજ્યરૂપી મહાન સ્થાપત્ય ઊભુ કર્યું હતું. મગધ છતી ચંદ્રગુપ્ત પહેલાએ સમુદ્રગુપ્તના દિગ્વિજયના માટે માર્ગદર્શન કરાવ્યું છે.

ઘણી ઉપયોગી અને અલ્પ સંખ્યામાં મળેલી કેટલીક સુવર્ણની મુદ્રાઓ ઉપર "કચ" શબ્દ અંકિત થયેલો છે. આ કચ કોણ હતો, તે સંબંધે અનેક તર્ક વિતર્કો વિદ્વાનોએ કર્યા છે. આ સિક્કાઓ ચદ્રગુપ્ત પહેલાના પિતા ઘટોત્કચના હોવાનું પ્રમાણો સિદ્ધ કરતાં નથી. ફ્લીટ અને વિન્સેન્ટ સ્મિથ બન્નેની માન્યતા મુજબ આ સિક્કા સમુદ્રગુપ્ત પોતાના જ હતા. એ સિક્કાઓ ઉપર સર્વરાજોચ્છેત્તા એવા શબ્દો છે. એમાં સમુદ્રગુપ્તના મહાન પરોપકારનાં કાર્યોના ઇસારા છે. આથી ફ્લીટ અને વિન્સેન્ટ સ્મિથને સમુદ્રગુપ્ત એ જ કચ એવા અનુમાન ઉપર આવવું પડ્યું છે. પરંતુ અદ્યાપિ સુધી જુદાં જુદા બે બિરુદવાળા સિક્કાઓ સમુદ્રગુપ્ત સમ્રાટના પ્રાપ્ત થયા જ નથી. ગુપ્તસમ્રાટોના સિક્કાઓમાં સામાન્ય રીતે સમ્રાટની પ્રતિકૃતિઓ નીચે એનું નામ તથા બીજી તરફ એનાં બિરુદો બતાવેલ હોય છે. સાધારણ સિક્કાઓમાં ડાબી બાજૂએ સમ્રાટનું ટૂંકું નામ હોય છે. ચદ્રગુપ્ત બીજાને બદલે માત્ર ચંદ્ર એટલા જ અક્ષર મળે છે. કુ એટલો જ અક્ષર અથવા કુમાર એ એક જ શબ્દ કુમારગુપ્ત ૧ લા અથવા બીજાના સિક્કાઓમાં વપરાયેલ છે. "સ્કંદ" શબ્દ સ્કંદગુપ્ત માટે વપરાયો છે. વાકાટકોના લેખોમાં ચદ્રગુપ્ત બીજાને માટે "દેવગુપ્ત" શબ્દ યોજાયો છે. પરંતુ ચદ્રગુપ્ત બીજાના સિક્કાઓમાં તો એ નામનું નામ નિશાન નથી. ફ્લીટ અને વિન્સેન્ટ સ્મિથની અટકળ આ રીતે ટકી શકતી નથી.

પ્રો. રેપ્સન વળી બીજા અનુમાન ઉપર આવે છે. કચ કોઈ સમુદ્રગુપ્તનો ભ્રાતા હોવો જોઇએ એમ એની માન્યતા છે. એની ધારણા મુજબ ચંદ્રગુપ્ત પહેલાના મરણ પછી એ થોડા સમય માટે રાજ્યાસને આવ્યો હશે. પરંતુ ચંદ્રગુપ્ત ૧લા એ સમુદ્રગુપ્તને પોતાના જીવતાં જ પદ આપ્યું હતું આથી રેપ્સનના અનુમાનમાં દોષ છે. તે સિવાય "કચ" એ રામગુપ્તનું બીજુ નામ હતું. રામ ગુપ્તનો સમુદ્રગુપ્ત પછી થોડા સમય માટે રાજ્યાભિષેક થયો હતો એ અનુમાન માટે તો અવકાશ જ નથી. ત્યારે આ કચ કોણ? એની ઐતિહાસિકતા કેમ સિદ્ધ કરવી? આ પ્રશ્ન મુશ્કેલ છે.

એલન અને રાય ચૌધરી પણ ફ્લીટ અને વિન્સેન્ટ સ્મિથને ગાડે બેસી "કચ" એ સમુદ્રગુપ્તનું બીજુ ગૌણનામ હતું એમ માને છે. આયંગાર ચોક્સ મત ઉપર આવ્યા નથી. સમુદ્રગુપ્તના અલ્હાબાદના સ્તંભલેખ ઉપર સમુદ્રગુપ્ત ચંદ્રગુપ્ત પહેલાનો એના જીવન દરમિયાન જ યુવરાજ હતો, એમ ચોક્ખો ઈસારો મળે છે. ગુપ્તો પોતાના યુવરાજોને પ્રથમથી નિર્દિષ્ટ કરતા હતા તે ચંદ્રગુપ્ત બીજાના માટે ગુપ્તવંશના લેખોમાં તત્પરિગ્રહીત શબ્દથી સમજી શકાય છે. ચદ્રગુપ્ત બીજાના બિટારી અને મથુરાના લેખોમાં

ચંદ્રગુપ્ત બીજાને માત્ર યુવરાજ સ્વીકારવામાં આવ્યાનો ઉલ્લેખ છે, પરંતુ અલ્હાબાદના સ્તંભલેખમાં તો માત્ર સમુદ્રગુપ્ત યુવરાજ તરીકે નિમાયો એટલું જ નહિ પરંતુ એના બીજા ભાઈઓ આ માટે ભારે ઈર્ષ્યા કરતા હોવાનું પણ જણાવવામાં આવ્યુ છે. સમુદ્રગુપ્તને કદાચ પોતાના ભાઈઓ સાથે રાજ્ય મેળવવા માટે યુદ્ધો પણ આદરવાં પડ્યાં હોય. અલ્હાબાદના લેખમાં કેટલાક શબ્દોનો લોપ થયો છે. આમાં આ યુદ્ધોનો ઉલ્લેખ હોય એ બનવા જોગ છે, કારણ કે........યુદ્ધમા પોતાના આયુધોથી વિજય મેળવ્યો. એના પહેલો શબ્દ ઊડી ગયો છે. બીજે સ્થળે અભિમાન પશ્ચાત્તાપમાં પરિવર્તન પામ્યું છે, એ શબ્દો કદાચ સમુદ્રગુપ્તના ભાઈઓ માટે લાગુ પડતા હોય એ શક્ય છે. સમુદ્રગુપ્તે પોતાના બંધુઓ સાથે યુદ્ધો કરી એમના બળવાને શાંત કર્યો હોય એ અનુમાન સંભવિત છે. અલ્હાબાદનો સ્તંભ હરિસેન નામના સમુદ્રગુપ્તના વિશ્વાસુ અધિકારીએ તૈયાર કરાવ્યો હતો. કેટલાક પુરાવિદો એણે આપેલ ગુપ્તની તવારીખ માટે શકા બતાવે છે, પરંતુ તે માટે અવકાશ નથી.

આ માટે આપણી પાસે પાકાં ઐતિહાસિક સાધનો નથી. આથી જ જુદાં જુદાં અનુમાનો વિદ્વાનોને કરવાં પડ્યાં છે. પરંતુ એકેય અનુમાન દોષરહિત નથી. પરંતુ કદાચ એ શકય છે કે સમુદ્રગુપ્તની વિજયયાત્રા શરૂ થયા પહેલાં એને એના ભાઈઓ સાથે સામ્રાજ્ય માટે યુદ્ધો કરવાં પડ્યાં હોય. એ યુદ્ધોમાં સમુદ્રગુપ્તને સરળતાથી વિજય મળ્યો હોવો જોઇએ. સમુદ્રગુપ્ત અનુમાન પ્રમાણે ગંગાને બીજે કિનારે મરણ પામ્યો હશે. પાટલીપુત્રથી સમુદ્રગુપ્ત પિતાને મળવા નીકળ્યો હશે. પોતાના બીજા ભાઈઓના સહકારથી "કચ" નામે જ્યેષ્ઠ ભ્રાતાએ થોડા સમય માટે પાટલીપુત્રનો કબજો મેળવીને રાજપદે બિરાજી પોતાના નામના સિક્કા પડાવ્યા હશે. કચના સિક્કાઓ થોડા પ્રમાણમાં અને હલકી ધાતુના છે. આથી એનો અલ્પ સમયનો રાજ્યાભિષેક ક્યાયે નોધાયો નહિ હશે, એટલે સિક્કાઓનુ પ્રમાણ ઓછુ મળ્યું છે. અલ્હાબાદના સ્તંભલેખમાં ખૂટતા શબ્દો આ જ હોય તો અસંભવિત નથી. પરંતુ કચના સિક્કાઓ ઉપર सर्वराजोच्छेतानु બિરુદ ખાલી અભિમાની મહત્તા દેખાડવાને માટે પણ હોય. આ બધા અનુમાનો છે.

આ લેખ માટે સ્વ૦ શ્રી જાયસ્વાલનો હિંદનો ઇતિહાસ, આર. એન દાંડેકરનો ગુપ્તનો ઇતિહાસ અને આયગારના એન્શિયન્ટ ઇન્ડિયાનો સહકાર લીધો છે. હજી ગુપ્ત સંબંધી વિશેષ ઇતિહાસ હવે પછી અપાશે.

*

जैन कर्मशास्त्र अने कर्मतत्त्वनुं एक नवी दृष्टिए निरूपण

ले० — श्रीयुत पं० सुखलालजी शास्त्री

[प्रधानाध्यापक, जैनशास्त्रशिक्षापीठ, हिन्दू युनिवर्सिटी, बनारस]

*

જૈન વાઙ્મયમાં અત્યારે જે કાંઈ શ્વેતાંબર અને દિગંબર કર્મશાસ્ત્ર વર્તમાન છે તેમાંના પ્રાચીન કર્મવિષયક ગ્રન્થોનો સાક્ષાત્ સંબંધ બન્ને પરંપરાઓ આગ્રાયણીયપૂર્વ સાથે જોડે છે. શ્વેતાંબર–દિગંબર એ બન્ને પરંપરાઓ દૃષ્ટિવાદ નામના બારમા અંગાન્તર્ગત ચૌદ પૂર્વોમાંથી બીજું આગ્રાયણીયપૂર્વ છે એમ કહે છે અને એ બન્ને પરંપરાઓની સામાન્ય માન્યતા એવી છે કે બાર અંગ અને ચૌદ પૂર્વો ભગવાન્ મહાવીરના સર્વજ્ઞ ઉપદેશનું સાક્ષાત્ ફલ છે. આ ચિરકાલીન સાંપ્રદાયિક માન્યતા અનુસારે વર્તમાન બધું કર્મવિષયક જૈન સાહિત્ય શબ્દરૂપે નહિ તો અન્તતઃ અર્થરૂપે ભગવાન્ મહાવીરના સાક્ષાત્ ઉપદેશનો જ પરંપરાપ્રાપ્ત સારમાત્ર છે. આ જ પ્રમાણે એક એવી પણ સાંપ્રદાયિક માન્યતા છે કે વસ્તુતઃ બધી અંગવિદ્યાઓ ભાવરૂપે માત્ર ભગવાન્ મહાવીરથી જ પૂર્વકાલીન નથી પરંતુ પૂર્વ પૂર્વમાં થનાર અન્યાન્ય તીર્થંકરોથી પણ પૂર્વકાલીન છે, એટલે એક રીતે અનાદિ છે. પ્રવાહરૂપે અનાદિ હોવા છતાં તે તે સમયે થનાર નવા નવા તીર્થંકરો વડે એ અંગવિદ્યાઓ નવું નવું રૂપ ધારણ કરે છે. આ જ માન્યતાને, નૈયાયિક જયન્તભટ્ટનું અનુકરણ કરી કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રે પ્રમાણમીમાંસામાં બહુ સુંદર રીતે પ્રકટ કરી છે કે—"अनादय एव एता विद्याः संक्षेपविस्तारविवक्षया नवनवीभवन्ति, तत्तत्कर्तृकाश्चोच्यन्ते। किन्नाश्रौषीः न कदाचिदनीदृशं जगत्?"।

એ માન્યતાને સાંપ્રદાયિક લોકો આજ સુધી અક્ષરશઃ વળગી રહ્યા છે અને જે રીતે મીમાંસકો વેદોના અનાદિપણાનું સમર્થન કરે છે તેજ પ્રમાણે તેનું સમર્થન પણ કરતા આવ્યા છે. સાંપ્રદાયિક મનુષ્યો બે પ્રકારના હોય છે—એક તો બુદ્ધિ-અપ્રયોગી શ્રદ્ધાળુ, જેઓ પરંપરાપ્રાપ્ત વસ્તુને બુદ્ધિનો પ્રયોગ કર્યા વિના જ શ્રદ્ધામાત્રથી માની લે છે; અને બીજા બુદ્ધિ-પ્રયોગી શ્રદ્ધાળુ, જેઓ પરંપરાપ્રાપ્ત વસ્તુને માત્ર શ્રદ્ધાથી નથી માનતા પણ તેનું બુદ્ધિથી યથાસંભવ સમર્થન પણ કરે છે. આમ સાંપ્રદાયિક લોકોમાં પૂર્વોક્ત શાસ્ત્રીય માન્યતા આદરણીય હોવા છતાં અહીં કર્મશાસ્ત્ર અને તેના મુખ્ય વિષય કર્મતત્ત્વના સંબંધમાં એક બીજી દૃષ્ટિએ પણ વિચાર કરવો પ્રાપ્ત છે અને તે દૃષ્ટિ છે ઐતિહાસિક દૃષ્ટિ.

એક તો જૈન પરંપરામાં પણ સાંપ્રદાયિક માનસ છોડીને ઐતિહાસિક દૃષ્ટિથી વિચાર કરવાનો યુગ ક્યારનોય શરૂ થઈ ગયો છે અને બીજું એ છે કે મુદ્રણ યુગમાં પ્રકાશિત થયેલ મૂલ અને અનુવાદ ગ્રન્થો જૈનો સુધી જ મર્યાદિત નથી રહેતા, જૈનેતર પણ તેને

વાચે છે. સંપાદક, લેખક, અનુવાદક અને પ્રકાશકનું ધ્યેય પણ એજ રહે છે કે કેવી રીતે તે અધા પ્રકાશિત ગ્રન્થો અધિકાધિક પ્રમાણમાં જૈનેતર પાઠકોના હાથમાં જાય. એ તો કહેવાની ભાગ્યેજ જરૂર છે કે જૈનેતર વાચક સાંપ્રદાયિક હોઈ શકે નહિ. એટલે કર્મતત્ત્વ અને કર્મશાસ્ત્રના વિષયમા સાપ્રદાયિક દૃષ્ટિથી ગમે તેટલું વિચારવામાં અને લખવામા આવે પણ જ્યાસુધી ઐતિહાસિક દૃષ્ટિથી એના વિશે વિચાર કરવામાં ન આવે ત્યાસુધી એ મૂલ અને અનુવાદના પ્રકાશનનો ઉદ્દેશ ઠીક રીતે સિદ્ધ થઈ શકે નહિ આ સિવાય પણ સાંપ્રદાયિક માન્યતાને બદલે ઐતિહાસિક દૃષ્ટિથી વિચાર કરવાના પક્ષમા બીજી પણ દલીલો છે. પહેલી તો એ કે કર્મવિષયક જૈન વાઙ્મયનો પ્રવેશ કૉલેજોના પાઠ્યક્રમમા પણ થયો છે, જ્યાનુ વાતાવરણ અસાપ્રદાયિક છે. બીજી દલીલ એ છે કે હવે સાપ્રદાયિક વાઙ્મય સપ્રદાયની સીમા વટાવીને દૂર દૂર સુધી પહોંચવા લાગ્યુ છે તે એટલે સુધી કે જર્મન વિદ્વાન ગ્લેઝનપ્, જેણે 'જૈનિસ્મુસ્'–જૈનદર્શન જેવું પ્રસિદ્ધ સર્વસંગ્રાહક પુસ્તક લખ્યુ છે, એ કર્મતત્ત્વના વિષયમા પીએચ ડી. પણ થયા છે. એટલે હુ અહીં કર્મતત્ત્વ અને કર્મશાસ્ત્ર વિશે ઐતિહાસિક દૃષ્ટિથી થોડીક ચર્ચા કરવા ઇચ્છુ છુ.

મેં અત્યાર સુધીમાં જે કાંઈ વૈદિક અને અવૈદિક શ્રુત તથા માર્ગનું અવલોકન કર્યું છે અને તેના ઉપર જે કાંઈ થોડો ઘણો વિચાર કર્યો છે એના આધારે મારા મત પ્રમાણે ખાસ કરીને નીચે પ્રમાણે વસ્તુસ્થિતિ ફલિત થાય છે, જેના પ્રકાશમાં કર્મતત્ત્વ-વિચારકોની બધી પરપરાઓની શૃખલા ઐતિહાસિક દૃષ્ટિથી સુસંગત થઈ શકે છે.

પહેલો પ્રશ્ન કર્મતત્ત્વ માનવું કે નહિ અને માનવું તો ક્યા આધારે એ હતો એક પક્ષ એવો હતો જે કામ અને તેના સાધનરૂપ અર્થ સિવાય બીજા કોઈ પુરુષાર્થને માનતો ન હતો. એની દૃષ્ટિમાં ઇહલોકજ પુરુષાર્થ હતો. એટલે એ એવું કોઈ પણ કર્મતત્ત્વ માનવા બાધિત ન હતો, જે સારાનરસા જન્માન્તર અથવા પરલોકની પ્રાપ્તિ કરાવનાર હોય. આ જ પક્ષ પછીથી ચાર્વાક પરંપરાને નામે પ્રસિદ્ધ થયો. પણ સાથે સાથે એ અતિ પ્રાચીન યુગમાં પણ એવા ચિંતકો હતા જે બતાવતા હતા કે મૃત્યુ પછી પણ જન્માન્તર છે,* એટલુજ નહિ પણ આ દૃશ્યલોકના સિવાય પણ બીજા શ્રેષ્ઠ–

* મારો એવો અભિપ્રાય છે કે આ દેશમાં કોઈ પણ બહારના ભાગમાથી પ્રવર્તકધર્મ અથવા યાજ્ઞિક માર્ગ આવ્યો. અને તે જેમ જેમ પ્રચાર પામતો ગયો તેમ તેમ આ દેશમા જે પહેલાથી જ વિદ્યમાન હતો તે નિવર્તકધર્મ અધિકાધિક બળ પકડતો ગયો યાજ્ઞિક પ્રવર્તકધર્મની બીજી શાખા ઇરાનમા જરથોસ્તિયનધર્મરૂપે વિકસિત થઈ અને ભારતમા આવનારી યાજ્ઞિક પ્રવર્તકધર્મની શાખાનો નિવર્તકધર્મવાદીઓ સાથે પ્રતિદ્વન્દ્વીભાવ શરૂ થયો આ દેશના પ્રાચીન નિવર્તકધર્મવાદીઓ આત્મા, કર્મ, મોક્ષ અને ધ્યાન, યોગ, તપસ્યા આદિ વિવિધ માર્ગો–આ બધુ માનતા હતા તેઓ ન તો જન્મસિદ્ધ ચાતુર્વર્ણ્ય માનતા કે ન ચાતુરાશ્રમ્યની નિયત વ્યવસ્થા તેમના મતે કોઈ પણ ધર્મકાર્યમા પતિ માટે પત્નીનો સહચાર અનિવાર્ય હતો નહિ, પ્રત્યુત ત્યાગ વખતે એકબીજાનો સબધવિચ્છેદ થઈ જતો પણ પ્રવર્તકધર્મમા આથી બધુ ઊલટુ જ હતુ મહાભારત આદિ પ્રાચીન ગ્રન્થોમા ગાર્હસ્થ્ય અને ત્યાગાશ્રમની પ્રધાનતાવાળા જે સવાદો મળે છે તે ઉક્ત બન્ને ધર્મોના વિરોધને સૂચિત કરે છે બધા નિવૃત્તિધર્મના દર્શનના સૂત્રગ્રન્થોમા મોક્ષને જ પુરુષાર્થ કહ્યો છે, પરંતુ યાજ્ઞિક માર્ગના બધા વિધાનો સ્વર્ગલક્ષી છે. આગળ જતા અનેક અશોમા એ બન્ને ધર્મોનો સમન્વય પણ થઈ ગયો છે.

કનિષ્ઠ લોક છે. આ લોકો પુનર્જન્મ અને પરલોકવાદી કહેવાતા હતા; અને તેઓ જ પુનર્જન્મ અને પરલોકના કારણરૂપે કર્મતત્ત્વ માનતા હતા. એમની દૃષ્ટિ એવી હતી કે યદિ કર્મ ન હોય તો જન્મ-જન્માન્તર એવં ઇહ-પરલોકનો સંબંધ બની શકે નહિ; એટલે પુનર્જન્મની માન્યતાના આધારે કર્મતત્ત્વનો સ્વીકાર આવશ્યક છે. આ કર્મવાદીઓ જ પોતાને પરલોકવાદી તથા આસ્તિક કહેતા હતા.

કર્મવાદીઓનાં મુખ્ય બે દલ હતાં. એકનું કહેવું એવું હતું કે કર્મનું ફલ જન્માન્તર અને પરલોક અવશ્ય છે, પણ શ્રેષ્ઠ જન્મ તથા શ્રેષ્ઠ પરલોક માટે કર્મ પણ શ્રેષ્ઠ જ જોઈએ. આ દલીલવાળા લોકો પરલોકવાદી હોવાથી તથા સ્વર્ગ નામક શ્રેષ્ઠ લોકના સાધનરૂપે ધર્મનું પ્રતિપાદન કરતા હોવાથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણ જ પુરુષાર્થો માનતા હતા. એમની દૃષ્ટિમાં મોક્ષનું એક જુદા પુરુષાર્થરૂપે સ્થાન હતું જ નહિ. જ્યાં જ્યાં આ પ્રવર્તક ધર્મનો ઉલ્લેખ આવે છે ત્યા એ આ ત્રિપુરુષાર્થવાદી મન્તવ્યનો સૂચક છે એમ સમજવું. એનું મન્તવ્ય સંક્ષેપમાં એ છે કે ધર્મ—શુભકર્મનું સ્વર્ગ અને અધર્મ—અશુભ કર્મનું ફલ નરક આદિ છે. ધર્માધર્મ જ પુણ્ય-પાપ તથા અદૃષ્ટ કહેવાય છે. એથી જ જન્મજન્માન્તરની ચક્રપ્રવૃત્તિ ચાલ્યા કરે છે, અને તેનો ઉચ્છેદ શક્ય નથી. શક્ય એટલું જ છે કે જો સારો લોક અને અધિક સુખ પ્રાપ્ત કરવું હોય તો ધર્મ જ કર્તવ્ય છે. આ મતે અધર્મ યા પાપ તો હેય છે, પરંતુ ધર્મ યા પુણ્ય હેય નથી. આ દલ સામાજિક વ્યવસ્થાનું સમર્થક રહ્યું, એટલે જ તેણે સમાજમાન્ય, શિષ્ટ અને વિહિત આચરણોથી જ ધર્મની ઉત્પત્તિ બતાવી તથા નિંદ્ય આચરણોથી અધર્મની ઉત્પત્તિ બતાવી. આમ કરી તેમણે બધા પ્રકારની સામાજિક સુવ્યવસ્થાનો જ સંકેત કર્યો હતો. એ જ દલ આગળ જતાં બ્રાહ્મણમાર્ગ, મીમાંસક અને કર્મકાંડી એવા નામે પ્રસિદ્ધ થયું.

કર્મવાદીઓનું બીજું દલ ઉપર્યુક્ત દલથી તદ્દન વિરુદ્ધ દૃષ્ટિ ધરાવતું હતું. તેનું માનવું હતું કે પુનર્જન્મનું કારણ કર્મ અવશ્ય છે. શિષ્ટસંમત અને વિહિત કર્મોના આચરણથી ધર્મ ઉત્પન્ન થઈ સ્વર્ગ પણ દે છે, પણ તે ધર્મ સુદ્ધાં અધર્મની જેમ જ સર્વથા હેય છે. આના મતે એક ચોથો પુરુષાર્થ પણ છે અને તે મોક્ષ કહેવાય છે. આનું કહેવું છે કે એકમાત્ર મોક્ષ જ જીવનનું લક્ષ્ય છે અને મોક્ષને માટે કર્મ માત્ર, પછી તે પુણ્ય હોય કે પાપ, ત્યાજ્ય છે. એમ પણ નથી કે કર્મનો ઉચ્છેદ અશક્ય હોય. પ્રયત્નથી તે પણ શક્ય બને છે. જ્યાં ક્યાંય નિવર્તક ધર્મનો ઉલ્લેખ છે તે બધો આ મતનો જ સૂચક છે. આના મતે આત્યન્તિક કર્મનિવૃત્તિ શક્ય અને ઇષ્ટ હોવાથી પ્રથમ દલથી વિરુદ્ધ જઈને કર્મની ઉત્પત્તિનુ ખરું કારણ બતાવવું પ્રાપ્ત થયું. એણે કહ્યુ કે ધર્મ અને અધર્મનું મૂલ કારણ પ્રચલિત સામાજિક વિધિનિષેધ નથી પણ અજ્ઞાન અને રાગદ્વેષ છે. ભલે ને સામાજિક આચરણ શિષ્ટસંમત અને વિહિત હોય, પણ જો તે રાગદ્વેષ અને અજ્ઞાનમૂલક હોય તો તેથી અધર્મની ઉત્પત્તિ થાય છે. આના મતે પુણ્ય અને પાપનો ભેદ સ્થૂલ દૃષ્ટિવાળાને માટે છે.' વસ્તુતઃ પુણ્ય અને પાપ એ બન્ને અજ્ઞાન એવં રાગદ્વેષમૂલક હોવાથી અધર્મ અને હેય જ છે. આ નિવર્તકધર્મવાદીઓનું દલ સામાજિક નહિ પણ વ્યક્તિવિકાસવાદી રહ્યું. જ્યારે તેણે કર્મનો ઉચ્છેદ મોક્ષપુરુષાર્થ માની લીધો ત્યારે તેને કર્મનાં ઉચ્છેદક તથા મોક્ષનાં જનક કારણોનો પણ વિચાર કરવો પડ્યો. આ

વિચારના પરિણામે તેણે જે કર્મનિવર્તક કારણો સ્થિર કર્યાં તેજ આ દલનો નિવર્તક ધર્મ છે. આ પ્રમાણે પ્રવર્તક અને નિવર્તક ધર્મની દિશા પરસ્પર તદ્દન વિરુદ્ધ છે. એકનું ધ્યેય સામાજિક વ્યવસ્થાની રક્ષા તથા સુવ્યવસ્થાના નિર્માણનું છે, જ્યારે બીજાનું ધ્યેય પોતાના આત્યંતિક સુખની પ્રાપ્તિ હોવાથી માત્ર તે આત્મગામી છે. નિવર્તક ધર્મ જ શ્રમણ, પરિવ્રાજક, તપસ્વી અને યોગમાર્ગ આદિ નામોથી પ્રસિદ્ધ છે. કર્મ-પ્રવૃત્તિ અજ્ઞાન અને રાગદ્વેષજનિત હોવાથી તેની આત્યતિક નિવૃત્તિનો ઉપાય અજ્ઞાન-વિરોધી સમ્યગ્જ્ઞાન, તથા રાગદ્વેષવિરોધી રાગદ્વેષનાશરૂપ સંયમ જ સ્થિર થયો. બાકીના તપ, ધ્યાન, ભક્તિ આદિ બધા ઉપાયો ઉક્ત જ્ઞાન અને સંયમના જ સાધનરૂપે માનવામાં આવ્યા.

નિવર્તકધર્મવાદીઓમાં અનેક પક્ષ પ્રચલિત હતા. એ પક્ષભેદો કેટલેક અંશે તે તે વાદોની સ્વભાવમૂલક ઉગ્રતા કે મૃદુતાને આભારી હતા, અને કેટલેક અંશે તત્ત્વજ્ઞાનની જુદી જુદી પ્રક્રિયાને આધારે હતા. મૂળમાં તો એવા ત્રણ જ પક્ષ રહ્યા લાગે છે. એક પરમાણુવાદી, બીજો પ્રધાનવાદી અને ત્રીજો પરમાણુવાદી હોવા છતાં પ્રધાનની છાયા-વાળો હતો. આમાનો પ્રથમ પરમાણુવાદી મોક્ષસમર્થક હોવા છતાં પ્રવર્તક ધર્મનો પાછલા બેની જેટલો વિરોધી ન હતો. આ જ પક્ષ આગળ જતાં ન્યાયવૈશેષિક દર્શનને નામે પ્રસિદ્ધ થયો. બીજો પક્ષ પ્રધાનવાદી હતો અને તે આત્યંતિક કર્મનિવૃત્તિનો સમર્થક હોવાથી પ્રવર્તકધર્મ અર્થાત્ શ્રૌત-સ્માર્ત કર્મને પણ હેય જ બતાવતો. આ જ પક્ષ આગળ જતાં સાંખ્ય-યોગ નામે પ્રસિદ્ધ થયો. અને આના જ તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપર અને એના જ નિવૃત્તિવાદની છાયામાં આગળ જતાં વેદાન્તદર્શન અને સંન્યાસ-માર્ગની પ્રતિષ્ઠા થઈ. ત્રીજો પક્ષ પ્રધાનચ્છાયાપન્ન અર્થાત્ પરિણામી પરમાણુવાદીનો રહ્યો જે બીજા પક્ષની જેમ જ પ્રવર્તકધર્મનો આત્યન્તિક વિરોધી હતો. આજ પક્ષ જૈન એવં નિર્ગ્રન્થ દર્શનના નામે પ્રસિદ્ધ છે. બૌદ્ધદર્શન પ્રવર્તકધર્મનો અત્યત વિરોધી છે, પણ તે બીજા અને ત્રીજા પક્ષના મિશ્રણનો એક ઉત્તરવર્તી સ્વતન્ત્ર વિકાસ છે. બધા નિવર્તકવાદીઓનુ સામાન્ય લક્ષણ એ છે કે કોઈ પણ રીતે કર્મોની જડ નષ્ટ કરવી; એવી અવસ્થા પામવી કે જ્યાંથી પાછું જન્મચક્રમાં આવવું ન પડે.

ક્યારેક માત્ર પ્રવર્તકધર્મ જ પ્રચલિત રહ્યો હોય અને નિવર્તકધર્મનો પાછળથી પ્રાદુર્ભાવ થયો હોય—એમ માનવાને કાંઈ કારણ નથી. પરંતુ પ્રારંભિક સમય એવો જરૂર કલ્પી શકાય જ્યારે સમાજમાં પ્રવર્તકધર્મની પ્રતિષ્ઠા મુખ્યરૂપે રહી અને નિવર્તકધર્મ તો વ્યક્તિઓ સુધી જ સીમિત હોવાથી પ્રવર્તકધર્મવાદીઓ દ્વારા તેની માત્ર ઉપેક્ષા જ ન થઈ પણ તેના વિરોધને પણ તે સહન કરતો રહ્યો. પરંતુ આગળ જતાં નિવર્તકધર્મવાદીઓની જુદી જુદી પરંપરાઓએ જ્ઞાન, ધ્યાન, તપ, યોગ, ભક્તિ આદિ આભ્યતર તત્ત્વોનો ક્રમશઃ એટલો અધિકાધિક વિકાસ કર્યો કે પછી તો પ્રવર્તક ધર્મના હોવા છતાં આખા સમાજ ઉપર એક રીતે નિવર્તકધર્મની પ્રતિષ્ઠાની છાપ પડી. અને જ્યાં જુઓ ત્યા નિવૃત્તિની જ ચર્ચા થવા લાગી તથા સાહિત્ય પણ નિવૃત્તિના વિચારોથી નિર્મિત અને પ્રચારિત થવા લાગ્યું.

નિવર્તકધર્મવાદીઓને મોક્ષના સ્વરૂપ તથા એના સાધનના વિશે તો ઊહાપોહ કરવોજ પડતો હતો, પણ તેની સાથે સાથે તેમને કર્મતત્ત્વના વિષયમાં પણ ઘણો વિચાર કરવો પડ્યો. તેમણે કર્મ તથા તેમના ભેદોની પરિભાષાઓ અને વ્યાખ્યાઓ સ્થિર કરી, કાર્ય અને કારણની દૃષ્ટિએ કર્મતત્ત્વનું વિવિધ વર્ગીકરણ કર્યું, કર્મની ફલદાત્રી શક્તિનું વિવેચન કર્યું, જુદા જુદા વિપાકોની કાલમર્યાદા વિચારી, અને કર્મોના પારસ્પરિક સંબંધ પર પણ વિચાર કર્યો. આ પ્રમાણે નિવર્તકધર્મવાદીઓનું ખાસું કર્મતત્ત્વવિષયક શાસ્ત્ર વ્યવસ્થિત થઈ ગયું. અને તેમાં દિન પ્રતિદિન નવા નવા પ્રશ્નો અને તેના ઉત્તરો દ્વારા ઉત્તરોત્તર અધિકાધિક વિકાસ પણ થતો રહ્યો. એ નિવર્તકધર્મવાદી જુદા જુદા પક્ષો પોતાની સગવડ પ્રમાણે જુદો જુદો વિચાર કરતા રહ્યા, પણ જ્યાંસુધી તે બધાનું એક સામાન્ય ધ્યેય પ્રવર્તક ધર્મવાદનું ખંડન કરવું રહ્યું ત્યાંસુધી તેમનામાં વિચારવિનિમય પણ થતો રહ્યો, અને તેમનામાં એકવાક્યતા પણ બની રહી. આ જ કારણને લીધે ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, જૈન અને બૌદ્ધ દર્શનના કર્મવિષયક સાહિત્યમાં પરિભાષા, ભાવ, વર્ગીકરણ આદિનું શબ્દશઃ અને અર્થશઃ ઘણું બધું સામ્ય દેખવામાં આવે છે, જો કે એ દર્શનોનું વર્તમાન સાહિત્ય એ સમયની અધિકાંશે રચના છે જે સમયમાં તેમનો પરસ્પર સદ્ભાવ એકદમ ઘટી ગયો હતો.

પ્રથમથી જ મોક્ષવાદીઓ સામે એક જટિલ સમસ્યા એ હતી કે—એક તો પ્રથમથી બાંધેલાં કર્મો જ અનંત હોય છે, વળી તેમનું ક્રમશઃ ફલ ભોગવતી વખતે પણ પ્રત્યેક ક્ષણે નવાં નવાં કર્મો બંધાય છે તો પછી આ બધાં કર્મોનો ઉચ્છેદ શી રીતે સાધી શકાય? આ સમસ્યાનો ઉકેલ પણ તેમણે બહુ ખૂબીથી કાઢ્યો હતો. આ જ પ્રમાણે તે તે નિવૃત્તિવાદીઓના સાહિત્યમાં એ ઉકેલનું વર્ણન સંક્ષેપ કે વિસ્તારથી એક જેવું જ જોઈ શકીએ છીએ. આ વસ્તુસ્થિતિ એ સૂચિત કરવા પર્યાપ્ત છે કે ક્યારેક પણ એ નિવૃત્તિવાદીઓના ભિન્ન ભિન્ન પક્ષોમાં પણ ખૂબ વિચારવિનિમય થતો હતો. આ બધું હોવા છતા ધીરે ધીરે એવો સમય આવી લાગ્યો કે જ્યારે આ નિવૃત્તિવાદીઓ પ્રથમની જેટલા નજદીક રહી શક્યા નહિ; તો પણ પ્રત્યેક પક્ષ કર્મતત્ત્વના વિષયમાં ઊહાપોહ તો કરતો જ રહ્યો છે. એ અરસામાં એમ પણ થયું કે કોઈ એક નિવર્તકવાદી પક્ષમાં એક ખાસ કર્મચિંતક વર્ગ જ સ્થિર થઈ ગયો જે બીજા મોક્ષવિષયક પ્રશ્નો કરતાં કર્મના વિષયમાં જ સૂક્ષ્મ વિચાર કરતો હતો અને પ્રધાનપણે તેનું જ અધ્યયન—અધ્યાપન કરતો હતો, જેવી રીતે અન્ય વિષયના ખાસ ચિંતકો પોતપોતાના વિષયમાં કરતા આવ્યા છે અને આજે પણ કરે છે. એ જ મુખ્યપણે કર્મશાસ્ત્રનું ચિંતન કરનાર વર્ગ જૈન દર્શનમાં પ્રસિદ્ધ કર્મશાસ્ત્રાનુયોગધર કે કર્મસિદ્ધાંતજ્ઞ વર્ગ છે.

કર્મનાં બંધક કારણો તથા તેના ઉચ્છેદક ઉપાયોના વિષયમાં તો સામાન્ય રીતે ગૌણમુખ્યભાવે બધા મોક્ષવાદીઓનું એકમત્ય છે, પરંતુ કર્મતત્ત્વના સ્વરૂપ વિશે અનન્તરોક્ત ખાસ કર્મચિંતક વર્ગનું મન્તવ્ય જાણવા જેવું છે. પરમાણુવાદી મોક્ષમાર્ગી વૈશેષિક આદિ કર્મને ચેતનનિષ્ઠ માનીને તેને ચેતનધર્મ કહે છે, જ્યારે પ્રધાનવાદી સાંખ્ય-યોગ તેને અંતઃકરણસ્થિત માની જડધર્મ બતાવે છે, પરંતુ આત્મા અને પરમાણુને પરિણામી માનનાર જૈન ચિંતક પોતાની સ્વતંત્ર પ્રક્રિયા પ્રમાણે કર્મને ચેતન

અને જડ બન્નેના પરિણામરૂપે માને છે. એમના મતે આત્મા ચેતન છતાં સાંખ્યના પ્રાકૃત અંત:કરણની જેમ સંકોચવિકાસશીલ છે, વળી તેમાં કર્મરૂપ વિકારનો પણ સંભવ છે અને તે જડ કર્માણુઓ સાથે એકરસ પણ થઈ શકે છે. વૈશેષિક આદિના મતે કર્મ એ ચેતનધર્મ હોવાથી વસ્તુતઃ ચેતનથી જુદું નથી. અને સાંખ્યના મતે કર્મ પ્રકૃતિધર્મ હોવાથી વસ્તુતઃ જડથી જુદું નથી. પણ જૈન ચિંતકોના મતે કર્મતત્ત્વ ચેતન અને જડ ઉભયરૂપ જ ફલિત થાય છે, જેને તેઓ ભાવ અને દ્રવ્યકર્મ પણ કહે છે. આ આખી કર્મતત્ત્વની પ્રક્રિયા એ કાલ જેટલી પુરાણી તો અવશ્ય છે કે જ્યારે કર્મતત્ત્વના ચિંતકોમાં પરસ્પર વિચારવિનિમય અધિકાધિક થતો હતો. એ કાલ કેટલો જૂનો છે એ તો નિશ્ચયરૂપે કહી શકાય જ નહિ, પણ જૈનદર્શનમાં કર્મશાસ્ત્રને ચિર-કાલથી જ સ્થાન છે; તે શાસ્ત્રમા જે વિચારોનુ ઊંડાણ, શૃંખલાબદ્ધતા તથા સૂક્ષ્માતિ-સૂક્ષ્મ ભાવોનુ અસાધારણ નિરૂપણ છે – એ ધ્યાનમા રાખવાથી એટલુ તો માન્યા વગર ચાલે તેમ છે જ નહિ કે જૈનદર્શનની વિશિષ્ટ કર્મવિદ્યા ભગવાન્ પાર્શ્વનાથના પહેલાં અવશ્ય સ્થિર થઈ ચૂકી હતી. એ જ વિદ્યાના ધારક કર્મશાસ્ત્રજ્ઞ કહેવાયા, એ જ વિદ્યા આગ્રાયણીયપૂર્વ તથા કર્મપ્રવાદપૂર્વને નામે વિશ્રુત થઈ. ભગવાન્ મહાવીરથી પહેલાંના ચાલ્યા આવતા શાસ્ત્ર વિશેજ 'પૂર્વ' શબ્દનો ઐતિહાસિક દૃષ્ટિથી અર્થ છે. વસ્તુતઃ એ પૂર્વો ભગવાન્ પાર્શ્વનાથથી પણ પહેલાંથી એક યા બીજે રૂપે પ્રચલિત હતાં. એક તરફ જૈન ચિંતકોએ કર્મતત્ત્વના ચિંતનમાં ખૂબ ધ્યાન આપ્યું ત્યારે બીજી તરફ સાંખ્ય-યોગે ધ્યાનમાર્ગ પ્રત્યે સવિશેષ ધ્યાન આપ્યું. આગળ જતાં જ્યારે તથાગત બુદ્ધ થયા ત્યારે તેમણે પણ ધ્યાન ઉપર જ વધારે ભાર મૂક્યો. પણ બધાએ વારસામાં મળેલ કર્મચિંતનને અપનાવી રાખ્યું. એ જ કારણ છે કે સૂક્ષ્મતા અને વિસ્તારમાં જૈન કર્મશાસ્ત્ર પોતાનું અસાધારણ સ્થાન ધરાવે છે તો પણ સાંખ્ય-યોગ, બૌદ્ધ આદિ દર્શનોના કર્મચિંતનની સાથે તેનું ઘણું બધું સામ્ય છે; અને મૂળમાં એકતા પણ છે જે કર્મશાસ્ત્રના અભ્યાસીએ જાણવા જેવી છે.

*

डॉ. कत्रेनां विल्सन भाषाशास्त्रीय व्याख्यानो

सारसंग्राहक – श्रीयुत हरिवल्लभ भायाणी एम्. ए.
[युनिवर्सिटी रिसर्च फेलो – भारतीय विद्याभवन]

*

[मुंबई युनिवर्सिटीना उपक्रम नीचे अपातां 'विल्सन भाषाशास्त्रीय व्याख्यानो' (Wilson Philological Lectures) गये वरसे, पूनाना डेक्कन-कॉलेज पोष्टग्रेज्युएट रिसर्च इन्स्टिट्यूटना भारत-युरोपीय भाषाशास्त्रना प्रधान अध्यापक (हवे उक्त संस्थाना अध्यक्ष) डॉ. एस्. एम्. कत्रेए आप्यां हतां. नीचे आपेलो विस्तृत सार, व्याख्यान दरमियान लीधेली नोंधो अने व्याख्याताए भारतीय विद्या (अंग्रेजी) ग्रं. २, भा. २ मां 'भारतीय-आर्यमां इतिहासलक्षी भाषाशास्त्रने लगता केटलाक प्रश्नो' (Some Problems of Historical Linguistics in Indo-Aryan) ए मथाळा नीचे प्रसिद्ध करेला मुख्य मुद्दाओना सारने आधारे तैयार करवामां आव्यो छे. आवा प्रयत्नमां स्पष्टता अने सळंगसूत्रता जाळववा माटे अनिवार्य गणीने, उक्त सारमां केटलाक ऊडतो उल्लेख पामेला मुद्दाओनो जरूरजोगो विस्तार अने स्थळे स्थळे पोतपूर्ति कर्यां छे.]

व्याख्यान त्रीजुं – भारतीय - आर्यनां आख्यातिक अंगो (चालु)

लौकिक बोलीओमां जळवाई रहेलो प्राचीन अंश

"अर्वाचीन भारतीय-आर्यमां देखाता, संस्कृत कोशोमां अपनावायेला के धातुपाठोमां अंगो तरीके नोंधायेला केटलाय प्राकृत शब्दोने माटे संस्कृतमां कां तो वहु दूरदूरना सहजन्य शब्दो मळता होय अथवा तो तेमने मळतुं कंई पण न होय ए हकीकत खूब ज जाणीती होवाथी हवे चर्चाथी पर छे. पण, तपास करतां जणाय छे के आवा प्राकृत शब्दोनी सारी एवी संख्या भारत-युरोपीयनी अ-भारतीय शाखाओमां जाणीतां अंगोमांथी व्युत्पन्न करी शकाय तेम छे. आथी ए देखीतुं छे के पालिसहित प्राकृतना जुदाजुदा भाषाभेदोनो आ दृष्टिए करायेलो अभ्यास भारतविदोने तेम ज भारत-युरोपीयविदोने उपयोगी नीवडशे."[1] ग्रे आ लेख द्वारा अन्वेषणनुं एक हजी घटतुं ध्यान नहि पामेला

---

१ ग्रे : 'पंदर प्राकृत-भारतयुरोपीय व्युत्पत्तिओ' (Fifteen Prākrit Indo-European Etymologies)-जर्नल ऑफ धी अमेरिकन ओरियन्टल सोसायटी. ग्रंथ ६०, १९४०, पा. ३६१.

क्षेत्र तरफ अंगुलिनिर्देश करे छे. साहित्यभाषामा जेमनी निशानी पण न मळती होय तेवा केटलाक प्राचीन भूमिकाना शब्दो लोकभाषामा केटलीक वार जळवाई रह्या होय छे. आ वस्तुने आधारे प्राकृतोनी के अर्वाचीन देशभाषानी 'देश्य' सामग्रीना केटलाक अंशना मूळ माटे भारत-युरोपीय भूमिकानी तपास फळप्रद नीवडवानी घणी शक्यता छे. पण आ प्रकारना अन्वेषणनु भयस्थान नजर बहार न रहेवु जोईए. कोई वार अमुक शब्द भारतवर्षनी भूमि पर ज सधायेला विकासने आधारे समजावी शकाय तेम होय तो पण ते भारत-युरोपीय भूमिकाना जळवाई रहेला अवशेष तरीके खपी जवा संभव छे, केम के ए बे क्षेत्रने विभक्त करती स्पष्ट मरजाद-रेख निश्चित थई नथी. पालि वीसति ना वी०नो दीर्घ ईकार जुल ब्लोक (Jules Bloch) अने हेल्मर स्मिथ (Helmer Smith) ना मते भारत-युरोपीय *wīनो अवशेष छे, अने एना आधारमा तेओ लॅटिन viginti टांके छे पण टर्नर माने छे के आ बाबतमा भारतीय भूमिकाथी आगळ जवानी जरूर नथी कारण, सारूप्यने लीधे निष्पन्न थयेला वेवडा उष्मव्यंजनोना ऋजुभाव साथे तेमनी पूर्वेना स्वरने दीर्घ करवानु ध्वनिवलण पालिमा सुपरिचित छे. तेने आधारे स. सिंह०>पा. सीह०नी जेम, स. विंशति >पा. वीसति सरळताथी साधी शकाय. वळी, बीजदशामा रहेला नूतन ध्वनिवलणोने बीजा वाचको (vocables) करता संख्यावाचको वधारे जलदीथी वश थाय छे ए हकीकत पण आमा कारणभूत छे

आख्यात विस्तार

ऊपर चर्चेला शब्दोमाथी अट्ट०, कड्ड० वगेरे आख्यातविस्तारनी प्रक्रियाना उदाहरणो छे. आमा मूळ धातुनो साधको (formatives) वडे विस्तार थये नवा अंगो तैयार थाय छे आवा वीश आख्यातिक साधको (formatives) के निश्चायको (determinatives) छे उ त √भस्० + आ० = √प्सा०, √द्रा० + ०उ० = √द्रु०, √सृ० + ०ज्० = √सृज्०, *√कि० (चिकेति) + ०त्० = √चित्०, (चेतते), √स्था० + ०प्० = √स्थाप्० √भा० + ०स्० = √भास्० वगेरे. आ आख्यातिक निश्चायकोने लीधे मूळ भारत-युरोपीय आख्यातिक अंगोनी संख्या घणी ज वृद्धि पामेली छे

धात्वादेश

अंगसंस्थानी वृद्धि करनार बीजी घटना ते धात्वादेश (verbal Substitution) छे. विशिष्ट कारणोने लीधे कोई धातुनां वपराशलुप्त थयेलां अमुक रूपो माटे ते धातुना विकल्पे समानार्थ बीजा धातुनां तेटलां रूपो वपराया लागे छे. एटले के ते धातुनां एटलां रूपो पूरतो बीजो धातु आदेश तरीके काम करे छे. **ब्रवीति** ने **उवाच**, **आह** अने **अवोचत्**, **पश्यति** ने **ददर्श**, **अत्ति** ने **जघास**, **हन्ति** ने **अवधीत्** वगेरेमां आ प्रत्यक्ष छे.

आख्यातसमास

त्रीजी घटना ते आख्यातसमास (Verbal composition) छे. अमुक आख्यातिक अंगना देहनो बीजा अंशो साथेना समासद्वारा उपचय थये नवां अंगो घडाय छे. आ तरफ विद्वानोनुं पूरतुं ध्यान हजी नथी खेंचायुं. आना जुदा जुदा प्रकारोनो उल्लेख करीए तो (१) पर्यायोक्त (Periphrastic) परोक्ष भूत अने भविष्यकाळः **एधांबभूव**, **आसांचकार**, **गन्तास्मि** वगेरे; (२) च्विरूपोः **गोष्ठीकरोति**, **गङ्गीभवति** वगेरे; (३) संयुक्त अंगोः √**गवेष्०** <√**गविष्०** (=**गो०**+√**इष्०**)–**गवेषण०**, **गविष्टि०**; आमां आख्यातिक अंग कोई शब्द साथे संयुक्त दशामां रहेलुं होवा छतां रूप अने अर्थनी दृष्टिए ते एक शब्द तरीके ज गणाय छे. √**पलाय्०**मां उपसर्गयुक्त अंग छे. केटलांक उदाहरणोमां आवी एकरूपतानी मात्रा ओछी वधती होय छे; जेम के **आत्मसात्करोति**, **परमप्रसादयामास**. (४) प्रत्ययमिश्रित अंगोः केटलीक बाबतमां धातुमां भळी सधायेला कृत्-शब्दो परथी नवुं आख्यातिक अंग घडाय छे. √**मार्ग्०** (<**मार्ग०**) ने √**मृग्०** (<**मृग०**) बंने मूळ √**मृज्०** परथी, √**वेन्०** (< **वेन्०**: √**वन्०** परथी), √**येष्०** (सरखावो √**यस्०**)–ते ज प्रमाणे √**दा०**: √**दास्०**, √**हन्०**: √**हिंस्०**, √**शास्०**: √**शिक्ष्०**; केटलांक उदाहरणमां कर्मणि भूतकृदन्त अंगनुं काम करे छे. पालि **वुद्धेयम्**, **छिन्नामि** (दिव्यावदान), **अपच्छिन्नति** (कौशिकसूत्र).

संकीर्ण

केटलाकमां मूळ एक अंगमाथी ध्वनिवलणोनी असर नीचे नवुं अंग ऊपजे छे. √**चृत्०**: √**कृत्०**, √**जृ०**: √**गृ०**, √**मद्०**: √**मन्द्०**, √**स्तृ०**: √**तृ०**, √**ध्या०** √**धि०** वगेरे.

प्राकृत परथी अतिसंस्कार पछी सधायेलां अंगो पण ध्यानमां राखवानां छे : प्रा. √हम्म्० परथी सं. √हन्० (गतौ); प्रा० √वज्झा० (<वि० + क्षै०) परथी **विध्यै० – विध्ययिति०** "बुझावेलुं" वगेरे.

आ उपरान्त व्याकरणकारोए नोंधेलां **पचतकि (= पचति) यामकि (= यामि** – कौषीतकी ब्राह्मण, २७,१) वगेरे.

मध्य भारतीय – आर्य अंगो : पालि

पालि धातुपाठोमां कुल आशरे १८०० अंगो आपेलां छे. तेमांथी अधथोडेरां उपलब्ध साहित्यमां वास्तविकपणे वपरायेलां छे. **मध्य भारतीय-आर्य** धातुपाठो तपासतां तेमां अंगसंख्यानो वधारो करवामां केटलीक वार ध्वनिप्रक्रियाओ ज कारणरूपे रहेली जोई शकाय. जेम के **√अक्० : √अग्०** मां रहेलो घोषभाव. (घोषभाव **पालि** ध्वनिमीमांसामां लाक्षणिकपणे जाणीतो नथी, एटले आने पाछळथी प्रचलित थयेल ध्वनिवलणनी आरंभदशाना सूचक तरीके लेखी शकाय.)

आख्यातिक अंग उपसर्ग साथे संयुक्त थई एक अंग तरीके प्रचलित थयानां केटलांक उदाहरणो छे : **√अनुरुध्०, √आगम्०** वगेरे.

केटलाक चोक्खा नामधातु छे : **√अंग्०, √तिण्०** (<**तृण०**).

गणव्यवस्था **पालि**मांथी तद्दन अदृश्य नथी थई. पण अविकरणी अंगोना विकरणभावनी (Thematization) प्रक्रिया धीमे धीमे वेग पकडती देखाय छे. **सं. वेत्ति : पा. विदति, सं. हन्ति : पा. हनति** वगेरे. पांचमा गणना धातुओनां नवमा गण प्रमाणे रूप थवा लाग्यां छे, ज्यारे सातमो गण विकरणी बनी **√मुच्० – √मुञ्च्०**नी हरोळमां आवी ऊभो रहे छे. आवा आवा फेरफारो थता जाय छे, छतां जूनी व्यवस्था तद्दन लुप्त नथी थई. मुख्यत्वे विकरणभाव तरफ वलण छे.

पदनी बाबतमां **पालि**मां परस्मै अने आत्मने बन्ने जळवाई रह्यां छे, पण आत्मनेनो अस्त क्यारनोये आरंभाई चूक्यो छे. कोई स्थळे छंदने कारणे तो क्यांक प्राचीनतानो रंग लाववा ते योजायो छे, अने मुख्यत्वे **०स** (सं. **०स्व**) ने **०इत्थ** प्रत्ययोमां ते मर्यादित छे. वर्तमान कृदन्तमां आत्मनेपदी प्रत्ययनो ज खूब प्रचार छे. **पालि** आगमोना प्राचीन पद्यात्मक भागोमां आत्मनेपद विशेष मळे छे.

उत्कीर्ण प्राकृतो

पालि पछी मध्य भारतीय-आर्यनी सौथी प्राचीन अने वधुमां वधु अगत्यनी बोलीओ ते **अशोक**ना शिला-लेखोनी बोलीओ. **पालि**मां देखातां विकासवलणोनुं ज-समर्थन आमां पण देखाय छे. लेखोना लखाणनुं प्रमाण अल्प होवाथी कोई दूरगामी निर्णयो दोरवा न पालवे; छतां मुख्य वलणोनुं स्वरूप स्पष्ट करवा माटे ते पूरतुं छे. विकरणभावनी बाबतमां अविकरणी प्रकारनां अंगोमां मात्र संयोजक (copula) तरीके वपरातां √**अस्**०नां रूपो सर्वत्र जळवाई रह्यां छे. मोटो भाग पहेला गणना धातुओनो छे. **गिरनार**मां त्रीजामां मात्र √हु०ना, छठ्ठामां केटलाकना ने आठमामां √कृ०ना जळवायेला अवशेषो जोई शकाय छे. बीजा ने नवमानां केटलाक अंगो विकरणी बन्यां छे, ने बीजी केटलीक गणगरबड पण देखाय छे.

आत्मनेपदनी बाबतमां बीजा लेखोमां तेनो लगभग अभाव होवानुं कही शकाय, मात्र **गिरनार**मां **परिकमते पटिपखते** वगेरे मळी नव रूपो मळे छे. **कालसी**मां ०**इत्था**अंती रूपो ज देखाय छे, ज्यारे **धौली** ने **जौगड**मां मात्र आत्मनेपदी वर्तमान कृदन्तो मळे छे.

भूतकृदन्तनी बाबतमां, **पालि**मां जूनां सेट् अंगो परथी सधायेलां तेम ज नवा घडतरनां कृदन्तो साथे साथे मळे छे. **गिरनार** वगेरेना शिला-लेखोमां घणां खरां कृदन्तो मूळे अनिट् अंगोमांथी सधायेलां छे. मूळनो प्रेरकार्थ ०प्० प्रत्यय शिला-लेखोमां तो मात्र एक धातुविस्तारकनुं काम करतो जणाय छे. **पालि**मां पण एवां उदाहरणो छें, पण मर्यादित संख्यामां ज. वाक्यसंकलनानी बाबतमां पाछळथी दृढमूळ बनेली नामिक वाक्यमूलक रचनानो[२] वधतो प्रचार सूचित करता कर्मणि भूतकृदन्तना प्रयोगना दाखला मळी आवे छे.

इसु पूर्वेनी अने पछीनी एक सदीना समयना, **तुर्फन**मां मळेला, अने अध्यापक **ल्युडर्से** (Luders,) संपादित करेला, ग्रंथखंडोनी प्राकृतमां रह्या खह्या अवशेषो बाद करता आत्मनेपदनो तद्दन अभाव छे, ज्यारे **चीनाई तुर्कस्तान**मां

२ आनी चर्चा माटे जुओ: भाण्डारकर: विल्सन फाइलोलोजिकल लेक्चर्स, १९१४. जुल ब्लोक: भारतीय-आर्य (L' Indo-Aryen), १९३४, पा. ३०३-५ सामान्य भाषाशास्त्रनी दृष्टिए: वांद्रे (Vendryes): भाषा (Language), अंग्रेजी भाषान्तर १९३१, पा. १२५

मळेला त्रीजी सदीना खरोष्ठी लेखोनी भाषामां **वेनति** वगेरे, कर्मणिमां पण **वुचति (= उच्यते)**,ने एकाद **वन्तदे (= वन्दते)** उपर्युक्त वलणोना वध्ये जता जोरना द्योतक छे.

साहित्यकीय प्राकृतो

समय ने प्रदेशनुं वैविध्य धरावती साहित्यकीय प्राकृतोमां पण जे उत्कीर्ण प्राकृतोमां प्रत्यक्ष थयेला छे ते ज विकासव्यापारोनी वधारे ऊंडी बनेली छाप जोई शकाय छे. गणभेद लुप्त थये विकरणी प्रकार सर्वस्वामी बनी रह्यो छे. विकासरेखाओ हवे स्पष्टतर बनी छे. नामतंत्र करतां आख्याततंत्रमां वधारे जबरुं परिवर्तन थयेलुं जोई शकाय छे. आख्यातिक अंगो अनेक प्रकारभेदे घडायेलां जोई शकाय छे: (१) प्राचीन भारतीय-आर्यनां वास्तविकपणे मळतां प्रातिपदिकोमांथी — **करइ <*करति, करन्ति; उक्खिणइ < उद् + *क्षिणति** (पीशल माने छे तेम **खनति**मांथी नहि), **गमति** ( ); (२) प्राचीन भारतीय-आर्यनां पुनर्घटित (reconstructed) प्रातिपदिकोमांथी — **किसइ <* कृशति** (**कृश्यति**ने बदले). (आ बन्ने प्रकारनां साहित्यभाषामांथी लुप्त थयेलां रूप घणी वार लोकभाषामां जळवाई रहेतां होवानां उदाहरण पूरां पाडे छे), (३) प्राचीन भारतीय-आर्य कर्मणि भूतकृदन्त परथी — **पिणद्धइ < (अ) पिनद्ध०, संथडइ < संस्तृत०** (४) चोथा गणनां के कर्मणि प्रातिपदिकोमांथी — **चलइ** के **चल्इ < चलति, चल्यते** के ***चल्यति, अट्टइ < *अट्यति.**

आ उपरांत अवनवा आख्याननिश्चायको (Verbal determinatives) ना ऊगमथी नवां विस्तारित अंगो ऊभां थतां जाय छे.

(१) **०र० — कप्पर०** "चीरा करवा" : **कप्प०** 'कापवुं' **चच्चार०** "ठपको देवो" : **चच्चा** "चर्चा."

(२) **०ड० — गुम्मड० : गुम्म०** "बेभान थवुं, गूंचवावुं".

(३) **०क्क०, ०उक्क० — √था० (< √स्था०) : √थक्क०** **घुरुक्क०** : सरखावो **√घुरघुर्०** "घूरकवुं, घुरघुर अवाज करवो"

(४) **०अल०, ०इल०, ०उल० — गुंजल्ल०, गुंजेल्ल०, गुंजोल्ल०** **गुंज०** गूंजवुं.

कोई कोई उदाहरणमां वाक्यखंड परथी पण अंग घडायेलुं छे : √मंभीसू० (मब्भीसडी हेमचंद्र, ४–४२२–२२)–सरखावो सं. मा भैषी :

आ सौ उपरांत प्राकृत धात्वादेशोनी निराळी गणतरी करवी पडशे. ग्रीयर्सने (Grierson) तेमनुं प्रतिपादन एक सरस निबन्ध (monograph)[१]मां कर्युं छे. तेमनुं मूळ कां तो व्युत्पत्तिने आधारे प्राचीन भारतीय-आर्यमां जोई शकाय (जेम के विढवइ, विढविज्जइ, विढत्त०, विढप्प०, ए सौ ग्रीयर्सन प्रमाणे वि० + उद० + √पद० परथी पण खरी रीते पीशल प्रमाणे वि० + √धा० परथी – विधा० + ०प्० + ०य्० के ०त्० = विढप्प के पिढत्त, वगेरे अवतारी शकाय) अथवा तो मध्य भारतीय-आर्यमां भळी गयेला देशी वाचको (Vocable) परथी सधायेला होवानुं देखाडी शकाय. आ देशी अंशनी स्वरूप-ओळखमां द्राविडी अने अवाच्य-एशियाई Austro-Asiatic भाषापरिवारो तरफथी सारी सहाय मळे. उक्त त्रणेय क्षेत्रमां समान धोरणे विद्वानो व्यवस्थित संशोधनकार्य हाथ धरे तो ए क्षुमता प्रश्नो झट्पी उकेल आववानी आशा फळीभूत थाय.

*

व्याख्यान चोथुं – भारतीय-आर्यमां नामिक अंगोनुं घडतर

पूर्वकार्य

भारतीय-आर्य भाषा-अध्ययननो आ प्रदेश सौथी ओछो खेडायो छे. लिंड्नर (Lindner) ने वाकर्नागल-डेल्ब्रुक (Wackernagel-Delbruck)-ना उच्च कोटिना निबन्धो (monographs) के ह्वीट्नी (Whitney), मेक्डोनल (Macdonell), ने रेनु (Renow) ना व्याकरणग्रन्थोमां आपेली यादीओ एटलुं ज आ विषयमां मूडी तरीके छे. प्राचीन भारतीय-आर्य पूरतुं तो आटलुंये स्वरूपवर्णनात्मक के वधुमां ऐतिहासिक रीतनुं प्रतिपादन मळे छे, पण मध्य भारतीय-आर्यमां पीशल (Pischel) अने गायगरे (Geiger) आ बाबत पर नजीवुं ज लक्ष्य आप्युं छे. अर्वाचीन भारतीय-आर्यमां बंगाळी माटे

१ Prakrit Dhātvādes'as according to the Western and Eastern School of Prakrit Grammarians : एशियाटिक सोसायटी, बंगाळा, १९२४.

चट्टोपाध्याये केटलुंक कार्य कर्युं छे; पण नामिक अंगोना साधको (Formatives) नो समग्र भारतीय-आर्यने स्पर्शतो तुलनात्मक अभ्यास हजी कर्तव्य-कोटिमां ज छे. प्रस्तुत व्याख्यान आ दिशामां टूंका प्रवेशक तरीके गणवानुं छे. एटले एथी संशोधननी शक्यताओ खलास नथी थई जती.

कृत् अने तद्धित प्रत्ययो

संस्कृतमां बे प्रकारना नामसाधक प्रत्ययोनी व्यवस्था छे : प्राथमिक के कृत् प्रत्ययो ने द्वैतीयिक के तद्धित प्रत्ययो. कृत् प्रत्ययो क्रियापदना अर्थनी साथे निकटपणे संकळायेला छे, ज्यारे तद्धितो अमूर्त-अर्थवाची शब्दोनी सिद्धि करे छे. पहेला प्रकारना आशरे ७४ प्रत्ययो छे. उदाहरण तरीके —

शून्य प्रत्यय : **द्युत्०** < √**द्युत्०**, **चिकित्०** < √**कित्०**, वगेरे;
०अ० : **अय०** < √**इ०**, **प्रिय०** < √**प्री०**, वगेरे;
०अत० : **भरत०** < √**भृ०**, वगेरे.

बीजा प्रकारना आशरे ४९ छे. तेमांथी नमूना तरीके : —

०अ० : **मारुत०** < **मरुत्०**, वगेरे
परुष० < **परुस्**, वगेरे
स्त्रीलिंगना **०आ०** अने **०ई०**.

आमां केटलाक प्रत्ययो मिश्र स्वरूपना पण होय. **०देश्य०** < **देश०** + **०य०** (के √**दिश्०** परथी ?), **०त्रिय०** < **०तृ०** + **०इय०** के एकात्मक ?; **०आक०** (**जल्पाक०**, **फुट्टाक०**, **लुण्टाक०**, **स्मयाक०**, **हेवाक०** वगेरेमांनो) पण मिश्र जणाय छे.

प्रत्ययोना फळद्रूपता (Productivity) नी दृष्टिए बे वर्ग पाडी शकाय : जेमनी फळद्रूपता जीवती-जागती होय तेवाओ ने जे आगली भूमिकामांथी वारसा तरीके उतरी आवी हाल मृतप्राय अवशेष बनी रह्या होय तेवा.

आ फळद्रूपता (Productivity) मां स्वाभाविक रीते ज फरक छे; अने भाषाविकासने पगले पगले प्रत्ययोनी फळद्रूपतामां पण भरती-ओट थया करे छे. केटलाक प्रत्ययोनी साधकशक्ति "शिष्टकाल" (Classical period) मां लोपाई छे, तो केटलाक प्रत्ययो ते काळमां ज प्रथम देखा दे छे. कारक नामो साधता **०मन्०**नी फळद्रूपता शिष्ट संस्कृतमां नष्ट थई छे. **०वर०** (वैदिक **ईश्वर०**),

घस्वर॰नुं अन्यरूप ॰मर॰ (देखो सृमर॰, घसर॰, अमर॰) शिष्ट संस्कृतमां ज छे.

वैदिक काळमां संख्याबंध ॰अस्॰अंती विशेषणो मळे छे, संस्कृतमां मात्र वेधस् छे. ॰तु॰ अने ॰त्वन॰ प्रत्ययान्तोनुं पण एम ज थयुं छे. आमांथी ॰त्वन॰ने बदले संस्कृतमां ॰त्व॰ज देखाय छे, ज्यारे प्राकृतोमां ॰त्वन॰ वधारे फळद्रूप थयो छे. ॰आलु॰ने पीशले (Pischel) मध्य भारतीय-आर्य गण्यो छे, पण उत्तरकालीन संस्कृतमां कृपालु॰, स्पृहयालु॰, घृणालु॰नो वपराश छे. एकनी एक भूमिकामां पण प्रत्ययदीठ वधती ओछी फळद्रूपता होय छे. ॰उ॰ शिष्ट अने पुराणकाळ पूरतो मर्यादित लागे छे, पण तेनुं विस्तारित स्वरूप ॰उरु॰ ब्राह्मण ग्रंथोमां ज प्रचलित छे. दरेक प्रत्ययना उगम अने प्रचार पाछळ आवो इतिहास होय छे.

प्राकृतमां प्रत्ययो

मध्य भारतीय-आर्य भूमिकामां ध्वनिमीमांसानुं स्वरूप ऋजु थतां, प्राचीन भारतीय-आर्यना केटलाये प्रत्ययोनुं स्वत्व लुप्त थयुं. ॰अक॰ > ॰अअ॰, ॰थ॰ > ॰ह॰, वगेरे फेरफारोए प्रत्ययोनो सारो एवो रूपपलटो करी नाख्यो, अने तेमां मूळनां व्यंजनान्त अंगो साथे तेमना भळी जवाथी वधारे गूंचवाडो थयो. समग्र रीते जोतां प्रत्ययोनी संख्यामां घट आवी. प्राचीन भारतीय-आर्य अने पालि-प्राकृतमां एक ज अंगमांथी सधायेला शब्दो सरखावतां आ हकीकत प्रतीत थशे. उदाहरण तरीके √कृ॰मांथी संस्कृतमां ३५ कृदन्तो ने तद्धितान्तो बन्या छे; प्राकृतोनो आंकडो २० नो छे.

नवा प्रत्ययोमां स्वामित्ववाचक ॰अल॰ अने तेनां अन्यरूपो, कुत्सादिवाचक के स्वार्थिक ॰ड॰, भाववाचक नामो साधतो ॰त्तण॰ (> वैदिक ॰त्वन॰) वगेरे धीमे धीमे वधारे अगत्यनो भाग भजवता जाय छे. अहीं प्राकृत अंगोनी प्रत्ययोने आत्मसात् करी देहनो विस्तार करवानी लाक्षणिकता पण ध्यानमां लेवा जेवी छे. चिन्तणा के चिन्तणिया (< चिन्तन॰) जेवा स्वार्थिक ॰क॰थी विस्तृत बनेला शब्दो कोशनी वृद्धि करवामां सहायक बन्या छे.

अपेक्षित संशोधन

मध्य भारतीय-आर्य भूमिकामां केटला प्रत्ययो फळद्रूप हता—केटला नवा ज हस्तीमां आव्या ए प्रश्ननी तपास थवी जोईए. ते माटे वास्तविकपणे मळता वर्षां

कृदन्तो ने तद्धितान्तोनी साहित्यकीय टांचणो साथेनी ने प्रत्ययोनी फळद्रूपतानी स्थळ-मर्यादा अने समय-मर्यादाना निर्देश साथेनी यादी, प्रत्ययोनी आंकडाबद्ध गवेषणा अने जरूरी सूचीओ ऐटलुं तैयार करवुं घटे—अने पछी आवो अभ्यास भारतीय-आर्य वधीये भूमिकाने आवरी ले तेटलो विस्तारी शकाय. आ विषय भारतीय-आर्य भाषाशास्त्रमां एक नवो संशोधनप्रदेश खुल्लो करे छे, अने तेमां नवनर विकासनी शक्यताओ पण रहेली छे. अहीं तो मात्र प्रश्ननुं स्वरूप देखाडी दिशासूचन करवा उपरांत कशा वधारे माटे अवकाश नथी. आ प्रकारनुं अन्वेषण स्थळ-काळनी मर्यादाओने पूरेपूरी गणतरीमां लेती इतिहासलक्षी पद्धतिना ज फळ-रूप छे, अने तेथी जेम भारत-युरोपीय क्षेत्रमां ए पद्धतिना स्वीकारथी थयुं छे तेम अहीं पण केटलाय कूट कोयडानो संतोषप्रद उकेल मळशे.

*

व्याख्यान पांचमुं—इतिहासलक्षी भाषाशास्त्रना कोयडा

ऐतिहासिक बळोनो प्रभाव

दरेक भाषामां बने छे तेम भारतीय-आर्यमां थयेलां परिवर्तनो बे प्रकारनां छे: नवां रूपो घटता रहेवानुं भाषानी भीतरमां जे वलण होय छे तेने अंगेनां अने नवा संस्कृति-संपर्कोने लीधेनी बाह्य असरथी उद्भवेलां. त्रण सहस्राब्दीथीए वधारे काळथी भारतीय-आर्य भाषाप्रवाहने द्राविडी अने अवाच्य-एशियाई (Austro-Asiatic) भाषापरिवारो द्वारा व्यक्त थता विविधरंगी संस्कृति-प्रवाहोनो समागम थयेलो छे. उपरांत तेने इरानी वगेरे बीजी भाषाओनी पण थोडी थोडी छांट लागी छे. परिणामे ध्वनितंत्रमां ने शब्दभंडोळमां—अने अल्पांशे रूपतंत्रमांये—दूरगामी फेरफारो थवानुं शक्य बन्युं छे. एटले ऐतिहासिक घटनाओना वहनथी भारतीय-आर्यना विकासव्यापारने छूटो पाडी शकाय तेम नथी. आ ऐतिहासिक बंध कांई ओछो दृढ होय तो तेने दृढतर करवा माटे भारतीय संस्कृतिनुं परसंस्कृतिनां पथ्य लागतां तत्त्वोने आत्मसात् करी लेवानुं ऊडीने आंखे वळगे तेवुं लक्षण पूरतुं छे.

भारतीय-आर्य शब्दभंडोळ तपासतां तेमां विविध स्तरो सहज ज मळी आवे. तेमां रोजना वपराशनी केटलीक चीजोने लगता, वनस्पतिने लगता अने बीजा केटलाक छूटा छवाया शब्दो द्राविडी के अवाच्य-एशियाई (Austro-Asiatic)

मूळना होवानुं जणाय छे.[४] अने संस्कृतिनी एकरूपता होवाथी अने संस्कृत भाषा तेनी वाहक होवाथी तेमां परभाषा के लोकभाषामांथी ऋण तरीके नवी सामग्री अपनावी लेवानुं सतत चालु रह्युं छे.' ।

मूर्धन्योनो उद्भव

परभाषानी असरनी बाबतमां, भारतीय-आर्यना ध्वनितंत्रमां थयेला एक लाक्षणिक फेरफारनी चर्चा द्योतक बने तेवी छे. भारतीय-आर्यमां छे तेवा मूर्धन्य ध्वनिओ ते समयनी बीजी कोई पण सहजन्य भारत-युरोपीय भाषाओमां न हता. पण भारतीय-आर्यना पडोशी द्राविडी भाषापरिवार अने मुण्डा वगेरे भाषाओमां ते ध्वनिओ अस्तित्व धरावता हता. आथी सामान्य रीते मनाय छे के भारतीय-आर्ये ए ध्वनिओ पडोशी भाषामांथी अपनावी लीधा होय. हवे, एक वस्तु तो स्पष्ट छे के मूर्धन्य तत्त्वनो भाषामां एकाएक प्रवेश थयो एवुं नथी. शरूआतमां मूर्धन्यो धीमे धीमे अने अमुक चोक्स शरतोने अनुसरीने ज दंत्यो के तालव्योमांथी विकस्या छे. आ हकीकत पुरवार करे छे के आ परिवर्तन साधवामां भाषानी भीतरमां कार्य करी रहेला विकासव्यापारोनुं बळ परभाषानी असर करतां वधारे जवाबदार हतुं; अने वास्तविक रीते जोतां जणाय के द्राविडीआदिना संपर्कनी पहेलां ज आ प्रकारनुं परिवर्तक बळ काम करी रह्युं हतुं. एटले द्राविडी के मुण्डा असरनो फाळो गौण हतो.

द्राविडी-मुंडा असर

आ संबंधमां ज्युल ब्लोके सूचवेली केटलीक द्राविडी असरवाळी व्युत्पत्तिओ तपासीए. ब्लोक प्राचीन भारतीय-आर्य √तड्० (तेम ज तण्डुल० "छडेला चोखा"ना आदि अंश) ने तथा √अट्०ने अनुक्रमे द्राविडी तट्टु "टकोरा मारवा", अने आडु साथे सांकळे छे. पण ए शब्दोने शुद्ध भारतीय-आर्य सिद्धि तरीके समजाववा ए वधारे ठीक छे. √तृद्० : √तड्० ए संबंध—आवा प्रकारना मूर्धन्यभावनां विकृत : विकट, वगेरे आठ उदाहरणो ऋग्वेदमां ज मळतां होवाथी—स्वाभाविक लागे छे. √अर्द्० उपरांत √अत्०

४ जुओ: सिल्वाँ लेवी वगेरे कृत: "हिंदमां प्राग्-आर्य अने प्राग्-द्राविडी तत्त्वो" (Pre-Aryan and Pre-Dravidian in India)—अंग्रेजी भाषान्तरकार: प्रबोधचंद्र बागची, कलकत्ता, १९२९.

(अतिथि०) ने *√इट्०ने पण साथे ज समजाववा पडशे. अने ए सोनो संतोषप्रद उकेल मूळ धातु तरीके **भारतीय-आर्य** *√ऋत्० (=<ऋ०+ निश्चायक ०त्०) स्वीकारवाथी ज आवी शके. मूर्धन्यभाव न थतां √अत्०, तेवी प्रक्रिया नीचे √अट्० अने बीजी प्रक्रियाथी *√इट्० (सरखावो **शिथिर०** <***श्रृथिर०**) निष्पन्न थाय. एटले ए सोने **मध्य भारतीय-आर्य** असर नीचे सधायेला अने प्रतिघडतर तरीके पाछा स्वीकारायेला गणवा जोईए. अने **ब्लोक** एटलुं तो स्वीकारे छे ज के अनेक उदाहरणोमां मूर्धन्यभावनी उपपत्ति बहारनी असरनो आधार लीधा विना आपी शकाय तेवी स्वयंप्रतीत छे. उपला बे शब्दोनी जेम ज **ब्लोके** सूचवेला √**मण्डु०**ना **द्राविडी माळिगे, माडु** साथेना संबंधने बदले **प्राचीन भारतीय-आर्य** √**मृद्** *√**मृन्द्०** ए धातुमांथी साधवो वधारे उचित छे. आ अंगमांथी ज √**मृड्०** 'कृपाळु थवुं', √**मृद्०** 'घसवुं, माजवुं' तेम ज √**मण्ड्०** 'शणगारवुं' ने √**मन्द्०** 'मुदित करवुं' ऊतरी आव्या छे.

एटले मूर्धन्यभावनुं मूळ दरेक वेळा **द्राविडी** के **मुण्डा** असरमां खोळवा बेसवानी जरूर नथी. **मध्य भारतीय-आर्यमां** प्रवर्तेला सामान्य ध्वनिवलणनी असरे पण ठीक ठीक काम कर्युं छे ए हकीकत पहेलेथी ज लक्ष्यमां लेवानी छे.

उपरना दाखला परथी एक अगत्यनी वात ए पण फलित थाय छे के व्युत्पत्ति-विचारमा छूटो एकलवायो शब्द लेवो ए ठीक नथी. अर्थथी परस्पर संकळायेलो एक आखो शब्दसमुदाय परभाषाना तेवा अर्थना द्योतक बीजा शब्दसमुदाय साथे सरखावीने ज ते शब्दो एक भाषामांथी बीजी भाषामां अपनाववाया होवानुं चोकसपणे कही शकाय. दाखला तरीके अमुक अर्थसंबंधे संकळायेला दस शब्दोना समूहमांथी आठेक शब्दो एक भाषाए बीजी भाषामांथी लीधा होवानुं पुरवार थाय तो बाकीना शब्दो पण ते प्रकारना होवानी संभावनाने नोतरे ज. अने भाषानी हकीकतो पर सांस्कृतिक घटनाओनो निर्णय आधार राखतो होवाथी मूळ भाषा अने ऋण लेनार भाषानो निर्णय पूरती चोकसाईथी थवो जोईए. **सं. इष्टका 'ईंट'** ने माटे **द्राविडी** मूळ सूचवायुं छे. आ जो साबित थाय तो ईंटाळ चणतरनी कळा मूळे आर्येतर लोकोनी होवानुं स्पष्ट थाय.

जेणे **भारतीय-आर्य** अने **द्राविडी-मुण्डा** भाषासमूहोनो जातपरिचय न मेळव्यो होय तेवा संशोधकने अन्वेषणना आ क्षेत्रमां रहेलां भयस्थानो नजर सामे

राखवानी जरूर छे, कारण द्राविडी-मुण्डा भाषाओ अभ्यासनी अधकचरी भूमिका सुधी ज पहोंचेली होई, तेमना संबंधीनुं शास्त्रीय ज्ञान हजी सुलभ नथी बन्युं. एवी व्युत्पत्तिचर्चामां मुख्यत्वे त्रण मुद्दाओ मार्गदर्शक तरीके रहेवा जोईए: (१) चर्चाप्राप्त वाचको (Vocables) आर्येतर लक्षणो धरावे छे ते सुप्रतीत होवुं जोईए. नहि तो आर्य सामग्री आर्येतरमां खपी जवानुं बनशे. प्रा. √बोल्ल्०नो द्राविडी संबंध सूचवायो छे, पण सं. ब्रू०नो साधकप्रत्यय ०ल्ल्० द्वारा विस्तार थतां सरळताथी √बोल्ल्० आवी शके. (२) सहजन्य (cognate) तरीके दर्शावाता द्राविडी के मुण्डा शब्दो मात्र ऊडतां-अछडतां उदाहरणो नहि पण प्रामाणिकपणे द्राविडी के मुण्डा अंशो होवा जोईए. नहि तो व्युत्पत्तिओ खाली तर्कबाजीनो विलास बनी, तेमनी श्रद्धेयता खोशे. (३) द्राविडी ने मुण्डामां स्वीकारायेला भारतीय-आर्य ऋण शब्दोना स्वरूपनो पण अभ्यास जोईए. द्राविडी संस्कृति विकासनी ऊंची भूमिकाए पहोंची हती तेथी तेमांथी केटलीक संज्ञाओ अपनावाई होय ए देखीतुं छे. पण ते भाषाओए पण भारतीय-आर्यमांथी केटलाये शब्दो लीधा छे. आ दृष्टिए ए भाषाओनुं शास्त्रीय धोरणे तैयार करवामां आवेलुं ऐतिहासिक व्याकरण ए एक प्राथमिक जरूरियात छे. आ उपरांत तीवत्ती-ब्रह्मी परिवारनी भाषाओ पण साव गणतरी बहार न रहेवी जोईए. दाखला तरीके खोतानी हाथप्रतोमां आ भाषापरिवारमांथी ज केटलाक शब्दो लेवायेला छे.

ऐतिहासिक दृष्टिनी अगत्य

पहेला व्याख्यानमां जेनुं लक्षण बांधवामां आव्युं छे ते ऐतिहासिक भाषाशास्त्र पर पूरतुं ध्यान न देवामां आवे तो बीजी बधी रीते साधनसज्ज होय तेवा अभ्यासीने माटे पण विमार्गे चढी जवानो घणो संभव छे. पाउल टीमए (Paul Thieme) 'भारतीय शब्दो ने रिवाजो' (Indische Wörter and Sitte) ए लेखमां, इतिहासाभासी पद्धतिए, अत्यारसुधी द्राविडी मूळवाळा मनाता केटलाक शब्दोनी देखावमां तो प्रतीतिकर लागे तेवी जे भारतीय-आर्य व्युत्पत्तिओ आपी छे, ते तपासतां उपर करेला विधाननी सत्यता दृढीभूत थशे. शार्पेन्टीर (Chorpentier) सं. पूजानो संबंध द्राविडी पूशु, पूसु साथे जोडे छे. पण टीमअ देखाडे छे के तेनुं मूळ भारतीय-आर्य √पृच्०मां छे. अर्थदृष्टिए पूजा : पर्क० एवुं समीकरण बांधी शकाय. अथर्ववेदमां ज आ √पृच्०ना विकरणी

(thematized) अंगवाळुं **पृच्छति** मळे छे. आ परथी पर्यायोक्त (periphrastic) †**पृच्छांक्** ने पछी ***पुच्छाम्**, ***पुज्झाम्**, ***पुजाम्** : **पूजाम्**. आ सूचन खूब पांडित्यभर्युं ने सूक्ष्मदर्शी छे. छतां जैमिनीय उपनिषद्-ब्राह्मणमां मळता रूप माटे, अनुनासिकना परवर्ती स्पर्शध्वनिनो घोषभाव (***पुच्छाम्** > ***पुज्झाम्**), सानुनासिक व्यंजनस्तबकनुं सारूप्य (**पुज्झाम्** > **पुञ्जाम्**) अने संयोगलोप तथा तज्जन्य पूर्वस्वरनो दीर्घभाव (**पुञ्जाम्** > **पूजाम्**) ए फेरफारो धारणाबहार कही शकाय तेटला वहेला छे; अने घोषभाववाळा फेरफारो तो अशोकना लेखोमा पण हजी देखा नथी दीधी. आम सूचित व्युत्पत्ति स्थळ-काळनी कसोटी पार करी शकती नथी. अहीं कदाच ए वांधो लेवामां आवे के **मध्य भारतीय-आर्य**नी प्राथमिक भूमिकामा ज केटलाक एवा दाखला मळे छे जेमां संयोगलोप अने तज्जन्य पूर्वस्वरदीर्घभाव प्रत्यक्ष छे, तेनुं शुं? पा. **दीघ०** < **दीर्घ०**, पा. **लाखा** < **लाक्षा** जेनामां ऋजुभाव आरंभाई गयो होवानुं स्वीकारवुं पडशे. पण आ वांधानो रदियो आपी शकाय तेम छे. उक्त उदाहरणो कां तो खामीभरेली लेखनपद्धतिने अथवा तो विशिष्ट उच्चारण-प्रकारने आभारी होय. **दीर्घ०** > **दीग्घ** → **दिग्घ** / **दीघ** आवो द्विविध—एकमां स्वरनी मात्रा पूर्ववत् जाळवी राखतो, बीजामां व्यंजनसंयोग जाळवी राखतो—विकासक्रम स्वीकारवाथी समाधान थई शके. अने **अर्वाचीन भारतीय-आर्य**मां आने मळता ज वलणनां दर्शन **सिंधी** (मात्रारक्षी) ने **पंजाबी** (संयोगरक्षी) ए भाषाओमां थाय छे. एटले उपर सूचव्यां बे भिन्न रूपो भौगोलिक विस्तारना भेदे समजावी शकाय. आ बाबतमा वधारे श्रद्धेय अने विस्तृत परिणामो संशोधन आगळ वधे त्यारे ज लावी शकाय. एवुं ज आंतरस्वरीय व्यंजनोना लोपनुं छे. डॉ. **चट्टोपाध्याय** आ लोप चार भूमिकाना क्रमशः सधायो होवानुं सूचवे छे: अघोष स्पर्श > घोष स्पर्श > घर्ष (spirant) > लोप. पण एके बाबतमां चारेय भूमिकाओ उपलभ्य नथी. मात्र **खरोष्ठी** लेखोमा ज घर्षध्वनिओ (spirants) मळी आवे छे. श्रद्धेय निर्णय भावी संशोधन पर ज अवलंबे.

टीमअना उक्त लेखमांथी एक बीजो शब्द लईए. **प्राचीन भारतीय-आर्य मुण्डते**ने एमां वैदिक **मृज्जते**नी साथे जोडवामां आव्यो छे. **मृज्जत**, ***मृञ्जे**, ***मृड्डे**, ***मृंटे** अने पछी **मध्य भारतीय-आर्य** प्रक्रियाओने अनुसरी ***मृंटे** >

मुंटे > *मुण्टे (*मुण्ठे) > मुण्डे एवो साधनाक्रम बांधी शकाय. समान्तर विकासना उदाहरण तरीके √पिष्० : पिंटे परथी उतरी आवेलुं पिंड० टांकयुं छे. पण अनुनासिक पछी आवता अघोष स्पर्शना घोषभावनी प्रक्रिया ए वायव्य प्रदेशनी ज लाक्षणिकता होई, अशोकना लेखोमां पण हजी एनां चिह्नो मळतां नथी, ज्यारे चर्चाप्राप्त रूप अशोक पहेलानुं—सूत्रकाळनुं छे. एटले टीमअनी व्युत्पत्ति ऐतिहासिक दृष्टिए निराधार बने छे. समान्तर उदाहरण तरीके आपेलो पिण्ड० बीजी रीते वधारे औचित्यथी समजावी शकाय :

√पृ० + ०ण्० + भूतकृदन्तनो ०त० (०ट०)=पृण्ड०> पिण्ड० आमः घोषभाव √दह्० + ०त० = दग्ध० वगेरेनी जेम नियमित छे. आवी ज रीते √तृ० परथी तुण्ड० एटले √मुण्ड्०ना मूळ तरीके √मृद्० आगळ सूचवायेलुं *मृन्द्० वधारे उचित ठरे छे. टीमअनी बीजी व्युत्पत्तिओ पण स्थळकाळना संदर्भ प्रत्येनी काळजीनो अभाव सूचवे छे.

इतर प्रश्नो

मध्य भारतीय-आर्यना भाषाभेदोमां निय (Niya) प्राकृत केटलीक बाबतमां खास ध्यान खेंचे तेवी छे. तेमां स्पर्शो हजी लुप्त नथी थया. ते कां तो घोषभाव अथवा तो घर्षभाव (spirantization) पाम्या छे अने ए रीते एने वचगाळानो प्राकृतभेद गणी शकाय. तेना रूपतंत्रमां कर्मणि भूतकृदन्तने पुरुषवाचक प्रत्ययो लगाडी (उ. त. √दा० परथी दितेमि, दितेसि वगेरे) कर्तरि भूतकाळ घडी कढायो छे. आने मळतो विकास विहारी अने इरानीमां थयो छे, पण बीजा एके मध्य भारतीय-आर्य भाषाभेदमां तेनी निशानी जडती नथी. आटली वहेली भूमिकाए आ प्रकारनो विकास केम समजाववो ? सरहद परनी पडोशी भाषाओनी असरनुं आ परिणाम हशे ? ते समयनो इतिहास अने पडोशी भाषाओनां अन्वेषण पछी ज आनो निर्णयात्मक उत्तर मळे.

मध्य अने अर्वाचीन भारतीय-आर्यमां रहेलो देश्य अंशनो अभ्यास करवामां पण स्थळकाळनी मर्यादाओने मान आपवानुं छे. ए हेतुथी तेम ज समग्र भारतीय-आर्यना विकासइतिहासनुं स्वरूप वधारे विशदताथी समजवा माटे हिंदमांना दरेक भाषापरिवारनुं ऐतिहासिक भाषाशास्त्रीय दृष्टिए अध्ययन करवानी तात्कालिक अगत्य उघाडी छे.

*

व्याख्यान छट्ठुं : पर्यायविज्ञान, अणऊकल्या प्रश्नो अने अपेक्षाओ

पर्यायविज्ञान (Synonymics)

शब्दोना इतिहासमा कया वळोने वश थईने अमुक वाचको (Vocables) व्यवहारलुप्त थाय छे अने बीजा तेनु स्थान ले छे, एनी तपास एक अणखेडायेलो प्रदेश रजू करे छे. एकार्थवाची बे सज्ञाओमाथी एक जोर पकडे छे, ने बीजी वधारे प्राचीन धीमे धीमे अदृश्य थाय छे. जेम के स. **अश्व०नु** स्थान पाछळथी **घोटक०** ले छे, अने अर्वाचीन **भारतीय-आर्य**मा अश्ववाची सज्ञा **घोटक०** परथी ज ऊतरी आवी छे. एटले दरेक शब्दना व्यवहार अने व्यवहारलोपज्ञान माटे ते ते शब्दना समकालीन तेम ज पूर्व ने उत्तरकालीन एकार्थवाची शब्दोनो अभ्यास जरूरी छे. आ नवी अध्ययनशाखाने पर्यायविज्ञान (Synonymics) नाम आपी शकाय कोई एक भाषापरिवारनी दरेक भाषामा रहेला एकार्थवाची के पर्यायशब्दोनो अभ्यास करी तेमने ते भाषा पूरता व्युत्पत्तिदर्शक अने तुलनात्मक धोरणे अने रूपोनी कालानुपूर्वी प्रमाणे गोठववा ए पर्यायविज्ञाननो विषय छे आथी दरेक वाचक (Vocable)ना अमुक अर्थने लगता वपराशप्रदेशनी अने तेना जीवन्त वपराशना समयनी सीमाओ निर्णीत करवामा अगत्यनी सहाय मळशे. आमा अरसपरस अपनावायेला ऋणशब्दोना प्रश्ननो पण केटलोक उकेल आववा सभव छे. अमुक एक अर्थनी वाचक सज्ञाओ बदलाती रहेवाना विविध कारणोमा नवा विचारोनो ऊगम, राजकीय ने सामाजिक परिवर्तनो, सस्कृतिसपर्को, प्रतिभाशील व्यक्तिओ अने लेखकोनो प्रभाव वगेरे खास गणावी शकाय. आथी आ विषयना परिशीलनमा सास्कृतिक इतिहासने पृष्ठभूमिने स्थाने राखवो ए अनिवार्य छे

कोशविद्या (Lexicography)नो ऐतिहासिक पायापर अभ्यास आगळ वधे अने दरेक वाचक (Vocable)ना जूनामा जूना व्यवहारनो समय निश्चित थाय तो *पर्यायविज्ञान* इतिहास अने समाजशास्त्र माटे पण उपयोगी नीवडे. अवनवी अर्थछायाओ अने भावार्थो खीलवानु वलण दरेक वाचक (Vocable)-नी भीतरमा होय छे. आ अर्थविकासनो अभ्यास के शब्दार्थविज्ञान (Semantics) पर पण पर्यायविज्ञान प्रकाश नाखी शके. वेदिक भाषामा मळता समानार्थ

अंगोनी आ पद्धतिए तपास करवामां सहायक थई पडे ते हेतुथी हवीट्नीना "धातुओ" जेवी जातनी कृतिओनुं नवेसरथी संकलन थवानी जरूर छे.

कर्तव्य कार्यो.

भारतीय-आर्य भाषाशास्त्रना प्रदेशमां अपेक्षित कार्योनी वात करतां, संस्कृत, प्राकृत वगेरे भाषादीठ ऐतिहासिक लिपिविज्ञान (Historsical Paleaography)ने अवलंबीने भारतीय-आर्यना दरेक भाषाभेदमां रचायेला ग्रंथोनुं शास्त्रीय पद्धतिए संपादन थवानी जरूरियातनो उल्लेख करी शकाय. लिपिविज्ञान ठीकठीक आगळ वध्युं होवा छतां तेनो ऐतिहासिक अभ्यास हजी सुधी हाथ धरायो नथी. ऐतिहासिक लिपिविज्ञानने आधारे अनिर्दिष्ट समयवाळी हाथप्रतोनो समयनिर्णय स्थूळमाने बने तेटली सांकडी मर्यादामां करी शकाय. आथी शब्दोना इतिहास पर पण केटलोक प्रकाश पडी शके. उ. त. अञ्जीर० शब्दने सामान्य रीते भारतीय-आर्यमां प्रवेशेलो इरानी ऋणशब्द गणवामां आवे छे. पण महाभारतनी नीलकंठी वाचनामां वनपर्वमां आ शब्द वपरायेलो देखाय छे. एटले जो ते मूळमां होय तो तेनी प्राचीनता ते परभाषानो होवा सामे संशय उत्पन्न करे. पण महाभारतनुं विवेचकीय संस्करण ए स्थळे अञ्जीर०ने बदले मूळपाठ जुदो होवानुं पुरवार करे छे. हाथप्रतोनुं शास्त्रीय संपादन आ विषयमां केटलुं सहायक थई शके ते आ परथी समजी शकाशे. बीजुं, कालिदास ने भवभूति, ज्ञानेश्वर, तुकाराम, नरसी महेता अने तुलसीदास जेवा लेखकोनी छूटक छूटक शब्दसूचीओ समजदारीपूर्वक अने शास्त्रीयपणे तैयार थवानी जरूर छे. आथी ते ते युगना ते ते लेखको पर पडेला प्रभावनो तेम ज युग पर पडेला लेखकप्रभावनो अभ्यास थई शके. पछीथी आ छूटक सूचीओ परथी युगेयुगना शब्दकोश रची शकाय. आ कोशो मात्र अभिधानसंग्रहो न बनवा जोईए. भाषाकीय अभ्यासमां शीघ्रताथी उपयोगमां लई शकाय तेवी रीते तेमनुं व्यवस्थित संकलन थवुं जोईए. उत्कीर्ण लेखोमां आवता संस्कृत, प्राकृत वगेरेनो अभ्यास अने शास्त्रीय कोश उपर्युक्त युगकोशोनी संज्ञाओने तेमनो स्थळकाळसंदर्भ पूरो पाडशे.

भारतीय-आर्यनी दरेक शाखा माटे उलट-सूचीओ (Reverse-indexes) विशेष नामोनो कोश, भौगोलिक कोश, वनस्पति अने पशुसृष्टिने लगती संज्ञाओनो समावेश करतो पारिभाषिक कोश अने कळाहुन्नरनी संज्ञाओनो कोश ए

बीजी जरूरियातो छे. जीवन्त भाषाओना अभ्यासनी बाबतमा, जुदी जुदी बोलीओनी ध्वनियंत्र द्वारा नोध लेवावी जरूरी छे. केम के, आर्थिक भीस, सामुदायिक केळवणी, स्थळातर वगेरे आधुनिक सस्कृतिनी घटनाओना प्रभावथी केटलाक बोलीभेदो झडपथी नामशेप थता जाय छे. आमा वय, लिंग, वर्ग ने प्रदेशने अनुसरीने भाषासामग्रीमा पडतो फरक, दरेक ध्वनिस (phoneme) अने तेनो अन्य ध्वनिस (phoneme) साथेनो सूक्ष्म भेद तेम ज बोलीभेदोनी प्रादेशिक वहेंचणी ए बधुय नोधावु घटे. आ रीते घणु घणु थवु हजी बाकी छे ने एक वात तो स्पष्ट छे के साचा सशोधकने ज्ञानना सीमाडाओ विस्तारनारा नवा सशोधनक्षेत्रोनी खामी नथी पडती पण एकल व्यक्तिथी थवु जे अशक्य के खूब दुर्घट होय ते सस्थाओ माथे ले. एटले उपर सूचवेला कर्तव्यभारने हळवो करवामा हिंदनी युनिवर्सीटीओ अने **भारतीय भाषा परिषद्** (Linguistic Society of India) जेवी सस्थाओए हवे प्रवृत्त थवु घटे. निश्चय होय तो केळवायेला कार्यकरो अने नाणाना अभावनी मुश्केली पण टाळी शकाय. **भारतीय भाषा परिषदे** (Linguistic Society of India) अत्यार सुधीमा भारतीय भाषाशास्त्रनी केटलीक नोधपात्र सेवा करी छे. थोडाक समय पहेला ज मद्रास युनिवर्सिटीए ध्वनिशास्त्रनो विभाग खोल्यो छे त्याथी चारपाच वरसमा सारा अभ्यासीओ तैयार थशे.

भाषाकीय अभ्यास प्रत्येनी उपेक्षा

व्यक्तिगत लेखकोए तैयार करेली भाषाकीय अध्ययनोने लगती कृतिओ प्रकाशको प्रसिद्धि माटे हाथ धरता नथी. **गवर्नमेन्ट संस्कृत ॲन्ड प्राकृत सीरीज** पण बहु काममा नथी आवती. एटले युनिवर्सिटीओए ज आवा ग्रथोनु प्रकाशन करवानु स्वीकारवु जोईए. भाषाकीय अभ्यासना प्रदेशमा कार्यप्रवृत्ति मद रहेती होवानु एक कारण ए छे के आ विषयमा समजपूर्वक रस लेनार बहु ओछा छे **टर्नर** वगेरे पश्चिमना विद्वानोना कार्यथी आपणी आख ऊघडवी जोईए आ विषयमा आपणे शरमथी नीचु जोवु पडे तेटला पाछळ पडी गया छीए. त्रीसेक वरस पहेला एक प्राकृत अने एक संस्कृत शब्दकोशनु शास्त्रीय धोरणे सकलन करवानी योजना विचाराई रही हती त्यारे तेमना सपादक तरीके एक इटालीय अने एक **फ्रेंच** विद्वाननु नाम सूचवायु हतु. आपणो भूतकाळनो भव्य विद्यावारसो जोता आ घणु ज खेदजनक लागे छे.

छेवटमां मुंबाई युनिवर्सिटीए आ व्याख्यानमाळा योजी छे छतां तेना अस्तित्वना साठ वरसना गाळा दरमियान तेणे भाषाशास्त्रीय महत्त्वनुं बहु ओछुं प्रसिद्ध कर्युं छे. जे युनिवर्सिटी भाषाकीय अभ्यासनी अगत्य पिछाणवामां सौथी पहेली हती तेने माटे आ सूचन करवुं खूब ऊचित ज गणाशे के तामिळकोश माटे मद्रास युनिवर्सिटीए जे कर्युं छे तेने अनुसरी, तेणे डेक्कन कॉलेज रीसर्च इन्स्टिट्यूटने व्यवस्थाकेन्द्र तरीके राखीने, बीजी भाण्डारकर ओरियन्टल रीसर्च इन्स्टिट्यट (पूना), भारतीय विद्याभवन (मुंबाई), गुजरात वर्नाक्युलर रीसर्च सोसायटी (अमदावाद), रामवर्मा रीसर्च इन्स्टिट्यूट (त्रीचुर) वगेरे संशोधनकर्त्री संस्थाओना, लिंग्विस्टिक सोसायटी ऑफ इन्डियाना तेम ज हिंदनी बीजी युनिवर्सिटीओना सहकार साथे एक संस्कृत भाषानो महाकोश ऐतिहासिक अने भाषाशास्त्रीय सिद्धान्तोने अवलंबीने तैयार करवानुं हाथ धरवुं जोईए. अंतमां, उपर सूचवेली कार्यदिशाओ तमारामांथी केटलाकने माटे आकर्षक के प्रेरक बनशे तोपण मारां व्याख्यानोने कृतार्थ बनाववामां एटले अंशे सहायक थशे.

कवि छीहलकृत

पंच सहेलीयांरी वात

[एक प्राचीन राजस्थानी विनोदात्मक कविता]

संग्राहक—श्रीयुत साराभाई म. नवाब

*

ईस्वी सनना सोलमा सैकानी शरूआतनी आ पंचसहेली वार्ता राजपूतानामां बहुज प्रसिद्ध छे. आ वार्तानी बे पानानी एक प्रत मने मारा जयपुरराज्यना प्रवास दरमियान मळी आवेला हस्तलिखित ग्रंथोनी साथे मळी आवी हती; प्रत बहुज सुंदर अक्षरोथी लखेली होवाथी सुवाच्य छे अने तेनी भाषा राजस्थानी मिश्र गुजराती छे. वळी कविना पोतानाज शब्दोमां आ कृति 'संवत १५७४ ना फागुण सुदी पूर्णिमा'ना दिवसे रचवामां आवी छे.

आ वार्तानो रचयिता छीहल नामनो कवि छे. छीहल नामनो एक अपभ्रंश भाषानो कवि पण पहेलां थई गयो छे, जेनो उल्लेख स्वयंभू छंदना रचयिताए करेलो छे.

प्रतनी शरूआतमां श्रीवीतरागाय नमः लखेलुं छे, तेथी आ प्रतनो लहियो जैन हशे एम साबित थाय छे, परंतु आ कृतिनो रचनार कवि छीहल कोण हशे ते बाबतनी कल्पना करवी मुश्केल छे; एटले ते नक्की करवानुं काम प्राचीन गुजराती भाषाना अभ्यासीओनुं छे.

सोलमा सैकाना लोकजीवन उपर आमांथी कांईक प्रकाश पडशे तेम धारीने में प्रसिद्ध करवानुं योग्य धार्युं छे.

९० । श्रीवीतरागाय नमः ॥ पंच सहेलीयांरी वात ।

दूहा

देल्या नगर सोहामणा, अधिक सुचंगा थान;
नाम चंदेरी परिगटी, सुरनर लोक समान. १

ठांमि ठांमि मंदिर सतपणा, सोने लपीया लेह;
छीहल ताकी उपमा, कहत न आवै छेह. २

ठांमि ठांमि सर पेपीयै, सुभर भरे निवांण;
ठांमि ठांमि कूया वावडी, सोहे फिटक समान. ३

पवन छत्रीस तिहां वसै, अति चतुर है लोक;
गुण विद्या रस आगला, जांणै प्रिमल भोग. ४

तिण ठांमि नारी पेपीये, रंभाकी उणिहारि;
रूपवंत गुण आगली, अवर नही संसार. ५

पहेर सबेही आभर्ण, अरु दक्षिणरा चीर;
बहुत सहेली साथि मिलि, आई सरवर तीर. ६

चोवा चंदण थाल भर, परिमल पहिर अनंत;
पावै बीडी पांनकी, पेलई सपी वसंत. ७

केई गावै मधुर स्वर, केई देखै रास;
केई हींडोलै हींचती, इणि विधि करै विलास. ८

तिणमै पंचसहेलीयां, बैठी बांहां जोड;
नांही गावै नां हसै, नां मुख बोलै बोल. ९

नयणां काजल न दीयां, नां गलि पहिरया हार;
मुपै तंबोल न पाईया, न कछू कीया सिंणगार. १०

रूप केस न वनाईयां, मैलै कपडे तास;
बीलपी बैठी दूमणी, छेवै लेत उसास. ११

सूकै अहर प्रवालीयां, अति कमलाणां मुप;
तब मै बुझ्या जायकै, कहो तुम्हारा दुप. १२

दीसै जोवन वालियां, रूप दीपंती देह;
मोसुं कहो विचारकै, जाति तुम्हारी जेह. १३

तब उण साचा अपिया, मीठां बोल अपार;
नाम हमारी जातिका, छीहल सुणो विचार. १४

मालण अरु तंबोलणी, तीजी छीपणि नारि;
चोथी जाति कलालणी, वलि पंचमी सोनार. १५

जाति कही हम तुम्हसुं, अब सुणो दुप हमार;
तुम्ह हो सुगुणा आदमी, लहौ विडाणी सार. १६

अथ मालणी दोहा –

पहेली बोली माल्णी, मुझकुं दुप अनंत;
बालो जोवन छांडिकै, चलो दिसावर कंत. १७

निसदिन वहै नीर ज्युं, नयणां नीर प्रनाल;
विरहा माली दुपका, सुभर भरे कियार. १८
कमलवदन कमलाइया, सूकी सव वनराय;
वीज पीयारे कंत विण, वरस वरावर जाय. १९
तन तरवर फल लागीया, दोई नारंगी पूर;
सूकण लागी वेलडी, सींचणहारा दूर. २०
मनवाडी गुण फूलडा, पीव न लेता वास;
अवइ थानक रइण दिन, पीडै विरह उदास, २१
चंपे केरी पंपडी, गूंथो नवसर हार;
जो हूं पहिरुं पीव विण, तो लागै अंग अंगार. २२
मालणि आपणे दुपका, विवरा कह्या विचार;
अव तूं वेदण आपणी, आषि तंबोलिण नार. २३

अथ बीजी तंबोलणी दोहा–

बीजी कहै तंबोलणी, सुणो चतुर नर वात;
वि(विर)हे मारी पीव विण, चोली भींतर गात. २४
हाथ मरोडुं सिर धुणुं, किसकुं करुं पोकार;
नमती रात्र वीललाय करि, तो हम दिसइ तार. २५
हीयडा भींतर पैसकै, विरह लगाई आग;
पाणि पिये विण नां वुझै, जलै सलग सलग्ग. २६
तनवाडी विरहा दहै, पीडा दुप असेस;
ए दिन दूभर कीं भरुं, थ(ग)या पीव प्रदेस. २७
जवथी वालंभ विछड्या, नाठा सवही सुप;
छीहल मो तन विरहकी, नित ऋति वाल्हा दुप. २८
कह्या तंबोलण आप दुप, अब कहै छीपण एह;
कंत जु चलतै मुझसुं, विरहै जु कीया जेह. २९

अथ तीजी छीपण बोली दोहा–

तीजी छीपण अपीयां, दुख भर लोयण नीर;
बीजा कोई न जाणही, मेरा जीवकी पीर. ३०

तन कपडा दुप कतरणी, दरजी विरहा एह;
पूरावै तन बैतीयां, सीस सूई कर लेह. ३१

चौणज बंधी एण करि, नान्हा बधीया देह;
तनकै लागी अंगीया, दाझण लागी देह. ३२

विरह रंगाडे अतरंगी, देह मजीठ सुरंग;
कसलीया अरट्टायकै, वाकस कीया अंग. ३३

मोडि मरोडि निचोयकै, पार दिया दुप अंत;
इह रिह मौरे जीवकी, मैण कीयै वहु भंत. ३४

सुप नाठा दुप संचरया, देह करी सब छार;
विरहै कीया पिव इण विधि, ए हमसुं उपगार. ३५

छीपण कह्या विचार करि, अपणा दुपसुप रोय;
अब कलालणी अपि तुं, विरहै कीया सोय. ३६

अथ चोथी कलालणी बोली, दोहा –

चोथी दुप सरीरका, लगी कहण कलाल;
हिवडां पिव विण प्रेमकी नितु रवै(खै)हु कलाल. ३७

मो तन भाठी सुं तपै, नैण चवै मदधार;
विणही अवगुण मुझसुं, कसि करि रयौ भरतार. ३८

लंभ उलटा हुय रया, पडी पछाडी पाय;
.... ३९

इस विरहाकै कारणै, बहू वदारु कीव;
चितका चेतन ठाहरई, गया पयालै जीव. ४०

माता जोबन फाग रित, प्रेम पीयारे दूर;
रली न पूगी एकही, मरुं विसूर विसूर. ४१

हीयडा मीतर झूरखुं, करै घणेरो सोस;
वैरी हूया वल(छ)हा, विह किसेसा दोस(प). ४२

मो सुं विग्रा विरहका, कह्या कलालण नार;
अब तूं वेदन निहकी, सगली अपि सोनार. ४३

अथ पांचमी सोनारी बोलै, दोहा—

कहै सोनारी पंचमी, अंगे उपनो दाह;
हूं तौ बूडी विरहमै, मांहरो नाहीं थाह. ४४
हीयो अंगीठी मू सजीव, मदन सुनार अभाग;
कोयला कीया देहका, गलीया सबे सोहाग. ४५
टांका झाल्या दुपका, रती न देई धीर;
म्हाको मास न मूकीयो, सोझा सबे सरीर. ४६
तन तोलो टंकौ धरयौ, देपो के सरताय;
विरहै कुड सोनार जुं, घणु फिरया जुई यार. ४७
विरहै रूप छिपाइया, सूना सबही जीव;
किसै पुकारु जाइ करी, अब घर नाही पीव. ४८
पोटी वेदन विरहकी, मेरा हिवडा मांहि;
निंसदिन काया कलमलै, नां सुप थाम न छांह. ४९
कहि कहि पंच सहेलीया, अपणा दुप सुप रोय;
वहुडज दुजी वार मिलि, जबह गहूको मेह. ५०
भुय नीली धण पुंगरी, गयण चमक्की वीज;
वहू सहेली साथ मिलि, आई खेलण तीज. ५१
मै तो आमणदुमणी, देपीयी उण वार;
अबहू देपुं हस्तमुपी, मो सुं कहो विचार. ५२
छीहल हम तो तुम्हसुं, केहैतीथी सदभाय;
सांई आया रंगसुं, ए दिन सुखमई जाय. ५३
गयो वसंत वियोगमै, धूप ज काला मास;
पावस रित प्रीतम आवीया, पूगी मननी आस. ५४

१ मालणी फेरि मीली—

मालणका सुप कमलजुं, वहूत विकास करेस;
सांई आया सेज परि, प्रीय मधुकरि रस लेय. ५५

२ बीजी तंबोलणी—

चोली खोलि तंबोलणी, काया गात्र अपार;
रंग कीया बहू पीवसुं, नयण मीलाये तार. ५६

३ छीपण कहै—

छीपण करै वधाइया, जव पीव देपे दीठ;
अति रंग राती पीवसुं, जिम कपडै मजीठ. ५७

४ कलालणी कहै—

जोवन माती लटकति, रसकसभरी कलालि;
हस हस लगी पीव गल, करि करि बहुली आलि. ५८

५ सोनारी कहै—

काया कंचन ज्युं दीपै, ए सिंणगार अनूप;
आया पीव सोनारका, चढ्या चौगणा रूप. ५९
पिव आया सुप संपज्या, पूगी मनही जगीस;
तव वे पंच सहेलीयां, लागी देण आसीस. ६०
वारी तेरे बोल्डुं, जिण वरणी सुठाम;
छीहल तुम्ह तै जगतमै, रह्यो हमारो नाम. ६१
धनि वे मंदिर धनि दिन, धनि वो पावस एह;
धनि वालंभ घरि आइया, घनसुं वरसो मेह. ६२
निसदिन जाई आणंदमै, विलसै बहुविध भोग;
छीहल पंच सहेलीयां, कीयो पीव संयोग. ६३
मीठां मनका भावता, कीया सरस वपाण;
अणजाण्या मूरप हसै, रीझैं चतुर सुजांण. ६४
संवत पनरइ चहूतरइ, पूनिम फागुण मास;
पंचसहेली वर्णवी, छीहल कियो प्रकास. ६५

इति पंचसहेली वार्ता संपूर्ण ॥

शौरसेन अपभ्रंश (?)

लेo—श्रीयुत केशवराम काशीराम शास्त्री

*

सौथी प्रथम आ हेमचंद्रे आपणने अपभ्रंश भाषानुं संपूर्ण व्याकरण तैयार करी आप्युं छे. ए पूर्वेनुं एक पण व्याकरण मळतुं नथी के जेमां अपभ्रंश भाषानुं व्याकरण आपवामा आव्यु होय. आ० हेमचंद्रनी पूर्वे कोई पण वैयाकरणने अपभ्रंशनी स्वतंत्रता खास व्यक्त थई नहि होय? ते पूर्वे मात्र प्राकृतलक्षणकार चंडने तेनो थोडोक ख्याल आव्यो हतो अने तेनो नामथी तो तेणे मात्र एक ज स्थळे निर्देश कर्यो छे; जेमके **न लोपोऽपभ्रंशेऽधो रेफस्य ॥ ३–३१ ॥**=अपभ्रंश भाषामा जोडाक्षरना द्वितीय वर्ण तरीके आवेला र-कारनो लोप थतो नथी. आ लक्षण अपभ्रंशने सर्वांशे लागु पडे छे के नहि ए प्रश्न जुदो छे पण चंडना समय जेटलो जूनो स्वतंत्र प्राकृत बोली तरीके अपभ्रंशनो स्वीकार अवश्य हतो तेटलुं आनाथी समझाय छे. चंड क्यारे थयो ते निश्चितरूपे कहेवुं मुस्केल छे, छतां प्राकृतप्रकाशकार वररुचि अने आ० हेमचंद्र ए बेउना वच्चेना कोई समयमा ए थयो छे, ए विशे संशय नथी, केमके प्राकृतप्रकाशकार अपभ्रंशना विषयमां तद्दन मौन सेवे छे, ज्यारे आ० हेमचंद्र तो अपभ्रंशनुं स्वतंत्र व्याकरण ज रची आपे छे; चंड मात्र नामथी संतोष मानी ले छे. पण मने ए लाग्युं छे के चंडना प्राकृतमा पण शुद्ध अपभ्रंश क्यांक क्यांक जळवाई गयेल छे; एनां नीचेनां सूत्रोमां मने ए वस्तु मालूम पडी आवे छे:

(१) सामस्याप्यामो णो हो वा (१–५)=छट्ठी विभक्तिना ब-व-मा नामने **णं** अने **हं** ए बे प्रत्ययो विकल्पे थाय छे. आ बेमानो **णं**[1] प्रत्ययनो संबंध **नाम्** साथे छे; शौरसेनी अने महाराष्ट्रीमा जेनो प्रयोग विनाविकल्पे छे. अपभ्रंशमां मात्र **हं** प्रयोजाय छे. बेशक अपभ्रंशमां ए **हं** लुप्त पण थई जाय छे. वस्तुस्थितिए एमना **स्य** साथे संबंध धरावनार आ प्रत्यय मात्र अपभ्रंशमां ज प्रयोजायो छे, जेने चंड प्राकृतमां पण इच्छे छे. (मागधीमां **आमो डाहँ वा** (**सि. है. ४–३००**) मां आ० हेमचंद्रे स्वीकार्यो छे ते नोंधवा जेवुं छे.)

---

[1] जो के मार्कंडेय अपभ्रंशमां **णं** स्वीकारे छे, साथोसाथ तेणे **हो-ह, सु, हं-हुं** प्रत्ययो पण कह्या छे.

(२) तुम्हे जसि (१–२३)–युष्मद् शब्दना प्रथमा ब० व० मां तुम्हे एकरूप थाय. आ० हेमचंद्रे त्यां आठ रूप आप्यां छे; चंड मात्र एक ज आपे छे. एथी एम मानवा कारण रहे के चंडना समयमां तुम्हे जे, अपभ्रंशमां ज अवशिष्ट रहेलुं ते एक ज प्राकृत माटे बची गयुं होय अने बीजां प्रचारमांथी नष्ट थयां होय.

(३) तुह-तुज्झ-तुम्ह षष्ठ्याम् (१–२७) युष्मद् – शब्दना षष्ठी ए० व० मां आ त्रण रूप प्रयोजाय. उपर जेम, अहीं पण आ त्रण ज रूप चंड पासे अवशिष्ट रही गयां छे. आ० हेमचंद्रना अपभ्रंशमां तुह – तुम्ह नथी; ज्यारे तेमणे ब० व० मां तुम्हहं स्वीकारेल छे.

(४) तुम्हमामि (१–२८)–युष्मद् शब्दना षष्ठी ब० व० मां तुम्हं रूप थाय. उपर बताव्या प्रमाणे तुम्हहं (आ० हेम०)ने बदले चंडे तुम्हं स्वीकार्युं छे. अर्वाचीन गूजरातीमां ते "तम" तरीके रही गयुं छे. प्राकृतमां आ० हेमचंद्रे २३ जुदां जुदां रूपो स्वीकार्यां छे.

(५) हउं-हं-अहं सौ सविभक्तेः (१–३१)–अस्मद्‌ना प्रथमा ए० व० मां हउं-हं-अहं ए त्रण रूप थाय. आमांनुं हउं ए शुद्ध अपभ्रंश छे. आ० हेमचंद्र प्राकृतमां ए स्वीकारता नथी.

(६) अम्हे जसि (१–३२), अम्हे शसि (१–३४)–अस्मद्‌ना प्रथमा अने द्वितीया ब० व० मां अम्हे एक रूप थाय. आम अवशिष्ट रहेवा पामेलुं आ एक मात्र आपभ्रंशनुं छे. प्राकृतमा आ० हेमचंद्र बधु रूपो आपे छे.

(७) मह – मज्झ ङसि (१–३८)–अस्मद्‌ने षष्ठी ए० व० मां मह – मज्झ ए बे रूप थाय. अपभ्रंशमां महु – मज्झु ए बे रूप आ० हेमचंद्रे आप्यां छे. उकार मात्रनो भेद ए नजीवो छे. प्राकृतमां आ० हेमचंद्रे ९ रूपो आप्यां छे, ए लक्ष्यमां राखवा जेवुं छे.

(८) अम्हमामि (१–३९)–अस्मद्‌ने षष्ठी ब० व० मां अम्हं एक रूप थाय. आ० हेमचंद्रे प्राकृतमां १५ रूपो स्वीकार्यां छे. अपभ्रंशमां अम्हहं स्वीकार्युं छे. चंड इना लोपे अम्हं आपे छे, जे गूजरातीमां "अम" तरीके आवी रह्युं छे.

(९) त्तु-त्ता-चा-ट्टु-त्तुं-त्तूण-ओ-प्पि पूर्वकालार्थे (२–२४)–संबंधक भूत कृदंतना आ प्रत्ययोमां छेल्लो प्पि–अपभ्रंशना **एप्पि** जेवो छे. कप्पि < सं. **कृत्वा** = करीने.

बहु ऊंडाणमां न जतां, स्पष्ट तरी आवतां आ नव स्थळ तरफ ध्यान खेंचवा मागुं छुं. आ आटली अपभ्रंशीय लाक्षणिकता चंडना प्राकृतमां केवी रीते प्रवेश पामी गई हशे, ते मुश्केली उपजावे तेवी वात छे.

शुद्ध प्राकृतमां जे वस्तुनी संभावना नथी ए जैनागमनी भाषाने अनुसरी प्राकृते स्वीकारेली **प्रथमस्य तृतीयः (२–१२)** अने **प्रथम–द्वितीययोर्द्वितीय–चतुर्थौ (२–११)** आ बे सूत्रमांना एकदेशमा आवी जती **एकं–एगं, तीर्थकरो–तित्थगरो** अने **मधुरा–मधुरा, नाथो–नाधो,** 'ए प्रक्रिया छे. शौरसेनीनी आमांनी बीजी स्वाभाविक प्रक्रिया छे; जो के साहित्यकीय शौरसेनीमां विकल्पे स्वीकाराई छे. **कनो ग** शौरसेनीनो स्वाभाविक छे, जे साहित्यकीय शौरसेनीना व्याकरणमां स्वीकारवामां आव्यो ज नथी. आ० हेमचंद्र प्राकृतमां क्वचित् **क=ग**नां उदारणो स्वीकारे छे, पण ते शुद्ध प्राकृतनां नथी, पण बीजी भाषानी लाक्षणिकतावाळां छे तेवुं ते ज स्थळे (८–१–१७७नी वृत्तिमां) **व्यत्ययश्च** (८–४–४४७) ए व्याकरणाते आपेलां एक बीजी भाषामां एक बीजी भाषामाथी आवी गयेलां रूपो तरीके निर्देशे छे. स्वाभाविक शौरसेनीना केटलाक संस्कारो महाराष्ट्री प्राकृत अने अपभ्रंशमां ऊतरी आव्या छे [तेनी मुख्य लाक्षणिकता ज ए के अघोष व्यंजनने स्थाने घोष व्यंजन थाय: पालि अने महाराष्ट्री प्राकृत वचेनी आ भूमिका छे] ते आम क्वचित् प्रयुक्त थयेला मळी आवे छे; जुओ आ० हेमचंद्रनां ४–३९६ अने ४०१ ए सूत्रो.

विकासनी आ स्वाभाविक दृष्टि एटले के अघोषना घोष थवा अने पछी घोषनो लोप ज थई जवो, जेमके सं० **याति**>पालि **याति** >शौर. **जादि**> प्रा. अने अप. **जाइ** (गू. जांय), ए प्राकृत वैयाकरणोनी नजर बहार गई, एटले के स्वाभाविक पालिमाथी स्वा० शौरसेनी, स्वा० शौरसेनीमांथी स्वा० महाराष्ट्री प्राकृत, स्वा० महाराष्ट्री प्राकृतमांथी स्वा० अपभ्रंश, ए क्रम पकडी न शकायो, अने तेथी शौरसेनीनुं प्रधानपणे व्याकरण लखावुं जोइये तेने स्थाने महाराष्ट्री प्राकृतनां प्रधानपणे व्याकरण लखाया; शौरसेनी तो मात्र थोडा तफावत-वाळी एक प्रातिक-बोली जेवी रही गई, के जेवी बीजी मागधी, पैशाची वगेरे प्रातिक बोलीओ छे.

परिणाम ए आव्युं के आ बीजी, प्रांतिक प्राकृत बोलीओने कई कई प्राकृत बोलीओनी उपजीव्यता रही छे ते बतावनानो जुदाजुदा, वैयाकरणोए छेक छेल्ला दिवस सुधी प्रयत्न कर्या कर्यो छे. एना जूना नमूना जाणीता छे, जेवा के प्राकृत भाषाओनुं व्याकरण पूरुं करी सूचववामां आवे के **शेषं संस्कृतवत्**; शौरसेनीनुं व्याकरण पूरुं लखी सूचववामां आवे के **शेषं प्राकृतवत्**; मागधीनुं, पैशाचीनुं अने अपभ्रंशनुं व्याकरण पूरुं करी सूचववामां आवे के **शेषं शौरसेनीवत्**. आ० हेमचंद्रे आ आजथी ८०० वर्ष उपर बताव्युं छे. आनो गडबडियो पण आबाद नमूनो मार्कंडेयना प्राकृतसर्वस्वमा मळी आवे छे. विस्तारभये ए अहीं उल्लिखित नथी करवामां आवतुं. आ लेखने माटे जे प्रसंग आमांथी उद्भवी आवे छे, तेने ज मात्र स्पर्श करुं छुं. ते ए के मार्कंडेये नागर अपभ्रंशनी व्याख्या आपतां **"नागरं तु महाराष्ट्रीशौरसेन्योः प्रतिष्ठितम्** (१७–१) नागर अपभ्रंश महाराष्ट्री प्राकृत अने शौरसेनीना केटकेटलाक विधिओथी तैयार थाय छे." आ० हेमचंद्रे पण अपभ्रंशनुं व्याकरण पूरुं करी **शौरसेनीवत्** (४–४४६) कह्युं छे. आ सर्वेनुं परिणाम ए आव्युं छे के आ० हेमचंद्रनो अपभ्रंश ए **शौरसेन अपभ्रंश** छे, एम विद्वानो, खास करीने पाश्चात्य विद्वानोए बताव्युं छे, जेने अनुसरी हिंदी विद्वानोए पण तेवुं ज स्वीकार्युं कर्युं छे.

आ० हेमचंद्र अपभ्रंशव्याकरणनी वात करतां शरूमां जे जणावे छे तेनी मीमांसा हजी क्यांय थयेली जाणवामां आवी नथी. अने व्याकरणाते **शौरसेनीवत्** (४–४४६) मळी जवाथी एनी मीमांसा करवानो ख्याल पण कोईने खास आव्यो जाणवामा नथी. ए विशे अहीं थोडी चर्चा आपवा प्रयत्न करवामां आवे छे.

पूर्वपक्ष—अपभ्रंशनी प्रक्रिया पूर्ण करी आ० हेमचंद्र **शौरसेनीवत्** (४–४४६) कहे छे, तेनी वृत्तिमां उमेरे छे के **अपभ्रंशे प्रायः शौरसेनीवत् कार्यं भवति ॥** अने जे उदाहरणो नोंध्यां छे त्यां **तनो द** थयेलो छे तेवां उदाहरणो तेमणे नोंध्यां छे. **किदु, रदिए, विहिदु,** वगेरे.—मार्कंडेय पण नागर अपभ्रंशनी प्रक्रिया शरू करी आवां **त** ना **द** वाळा उदाहरणो नोंधे छे; जेवा के **चलिदु, खण्डिदु** वगेरे, वेशक ते विकल्पे; अने आ० हेमचंद्रने पण **तनो द** अपभ्रंशमां विकल्पे ज इष्ट छे, ते ज प्रमाणे **थ** नो **ध** अने **ह** वेड. आ कारणे आ० हेमचंद्रनो अपभ्रंश **शौरसेन अपभ्रंश** छे.

आ० हेमचंद्रे अपभ्रंशनी प्रक्रियाना आरंभमा पण **स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे (४–४२९)** नी वृत्तिमा कह्यु छे के **प्रायोग्रहणाद्यस्यापभ्रंशे विशेषो वक्ष्यते तस्यापि क्वचित् प्राकृतवत् शौरसेनीवच्च कार्यं भवति;** एम तेमणे शौरसेनी जेवा कार्यनो विकल्पे पण स्वीकार कर्यो छे, ए बतावे छे के मुख्य-तया तेमने अपभ्रंशमा शौरसेनीनी प्रक्रिया अपेक्षित छे. माटे **शौर-सेन अपभ्रंश** तरीके ए अपभ्रंशने स्वीकारवो ए बरोबर छे.

आ मतने खास समर्थित करे एवी नीचेनी प्रक्रियाओ छे; जेवी के—

१. **अनादौ स्वरादसंयुक्तानां क-ख-त-थ-प-फां ग-घ-द-ध-ब-भाः** (४–३९६)—अपभ्रंशमा पदना आदिमां न होय तेवा, स्वर पछीना असंयुक्त क-ख-त-थ-प-फना अनुक्रमे ग-घ-द-ध-ब-भ प्रायः थाय छे. आ विकल्पसंस्कारमाना **त**नो **द** अने **थ** नो **ध** ए शुद्ध (साहित्यकीय) शौरसेनीना संस्कार छे. तेने अनुसरी **कथं—यथा—तथां थादेरे-मेमेहेधा डितः (४–४०१)**—**कथम् यथा तथा**ना अंत्य व्यंजनने स्थाने **एम, इम, इह, इध** आदेश थाय. आमा **कथम्**-नु **किध**, **यथा**नु **जिध** अने **तथा**नु **तिध** थाय तेमा **थ** नो **ध** थाय छे ते शौरसेनीनी असर छे, भले ते विकल्पे होय.

२. **वर्त्स्यति—स्यस्य सः (४–३८८)**—अपभ्रंशमा भविष्यकाळमां विकल्पे **स्य**नो **स** थाय. **होसइ—होहिइ.**—आमा **स** नु रहेवापणु ए शौरसेनीनु अवशिष्ट लक्षण छे. शौरसेनीमा **भविस्सदि** जेवा रूपो ज रह्या छे. प्राकृतमा तो मात्र पहेला पुरुषना रूपोमा ज **स्स** वपरातो हतो, त्रणे पुरुषमा नहि. (जुओ ३–१६७,१६८) (गूज-रातीमा पछी **स**—वाळुं रूप ज ऊतरी आव्यु छे.)

३. संबधक भूत कृदतमा **इय** प्रत्यय **क्त्व इय-दूणौ** (४–२७१) प्रमाणे छे ते अपभ्रंशमा प्रयोजायो छे, पण **इ—इउ** तरीके, (जे आज सुधी गूजरातीमा वपरातो आव्यो छे **ई** तरी के ऊतरीने).

आ त्रण प्रक्रियाओ एवी छे के जे अपभ्रंशने शौरसेनी उपर उपजीव्यता होवानु स्पष्ट रीते बतावे छे, माटे ए अपभ्रंशने **शौरसेन अपभ्रंश** कहेवो ए गेरवाजबी नथी.

उत्तरपक्ष—आ त्रण प्रक्रियामानी शोरसेन लाक्षणिकता केटली वजूदवाळी छे ए तपासवा जेवुं छे. ऊलटे क्रमे अहीं ए बताववामा आवे छे के ए त्रणे प्रक्रियाओ अपभ्रशनें प्राकृत (Standard – किंवा महाराष्ट्री प्राकृत) तरफथी मळीं छे; जेवी के—

३. संबधक मूत कृदतमा इय प्रत्यय शोरसेनीमाथी इ के इउ तरीके अपभ्रशमा आव्यो एम कहिये, ते सामे ए कहेवानु छे के खुद प्राकृत-(Standard)मा इअ प्रत्यय मळी आवे छे; जेनो के **क्त्वस्तुम-तूण-तु आणाः (२–१४६)**—**क्त्वा** प्रत्ययने स्थाने **तुम्, अ, तूण** अने **तुआण** ए चार आदेश थाय; तेमानो **अ** ए आ **इअ** छे, जेनो त्या ज दाखलो 'भमिअ' आ० हेमचंद्रे नोंध्यो छे. एटले आ प्रक्रिया शौरसेनीनी उपजीव्य नहि पण आगळ चाली प्राकृत (Standard) किंवा महाराष्ट्री प्राकृतनी छे.

२. शौरसेनीमा भविष्यकाळना रूपोमा स्स छे, जेना उपरथी अपभ्रंशमा स विकल्पे ऊतरी आव्यो छे, ए स्वीकारिये तोपण प्राकृत-(Standard)मानी, भले ते मात्र प्रथम पुरुष पूरती प्रक्रिया होय तेने आपणे जती नथी करी शकता. प्राकृत (Standard)नी एक भागनी संकुचित प्रक्रिया अपभ्रंश सुधीमा बे स्थितिने पामे: क्या तो ए सदंतर लुप्त थई जाय, क्या तो ए व्यापक बने. अपभ्रशमा विकल्पे ए बधां रूपोमा व्यापक बनी छे, वधु सरळ बनी छे. एना उदाहरण तरीके उपरनो इय>इअ>इउ>ई ए क्रमे गूजरातीमा ऊतरी आवेला प्रत्ययनी व्यापकताने तेम ज ह लुप्त थता मात्र स साचवी छेक गूजरातीमा भविष्यकाळमां श रूपे व्यापकता थई तेने ज मूकी शकाय आथी आ प्रक्रियाने पण शौरसेनीनी उपजीव्य कहेवा करता आगळ चाली प्राकृत (Standard किंवा महाराष्ट्री प्राकृत)नी उपजीव्य कहेवी वधु वाजवी छे.

१ आ प्रक्रियानु समाधान खास महत्त्वनु छे. शौरसेनीनी अत्यत खामाविक लाक्षणिकतानी उपजीव्यता आमा आपणने माल्म पडी आवे छे, एटलु ज नहि खुद आ० हेमचद्र जेवो वैयाकरण एने टेको आपे छे. एथी ज एनी छणावट अहीं जरा वधु करवी पडशे, एटले ज ए १ ला मुद्दाने पछीना बे मुद्दा पछी अहीं हाथ धरवामा आवे छे.

आ० हेमचंद्र अपभ्रंशप्रक्रियाना आरंभमां जणावे छे के **प्रायोग्रहणाद्यस्यापभ्रंशे विशेषो वक्ष्यते तस्यापि क्वचित् प्राकृतवत् शौरसेनीवच्च कार्यं भवति**—एटले के मूळ सूत्र (४–३२९)मां **प्रायः** शब्द कह्यो छे तेनी मतलब ए छे के जे जे प्रक्रियाओना विषयमां **जे कांई विशेष** कहेवामां आवशे तेने स्थाने कोईवार प्राकृत (Standard किंवा महाराष्ट्री प्राकृत)नां रूप जेवां अने शौरसेनीनां रूप जेवां पण रूपो वापरी शकाय छे. अर्थात् के आ० हेमचंद्र आ वाक्यथी एम कहेवा मागे छे के नीचे प्रमाणे एक ज स्थळे त्रणे रूपो पण आवी शके :

१. विशिष्ट अपभ्रंश रूप,
२. तेनुं ज प्राकृत रूप,
३. तेनुं ज शौरसेनी रूप.

दाखला तरीके **दूरुड्डाणें पडिउ खलु**ने स्थाने **दूरुड्डाणेण पडिदु खलु** के **दूरुड्डाणेण पडिओ खलो** पण प्रयोजी शकाय.

सुकृत शब्द लइये तो **सुकिउ** अपभ्रंश रूप, **सुकिओ** प्राकृत रूप अने **सुकिदो** शौरसेनी रूप; छेल्ला रूपनुं **सुकिदु** एवुं शौरसेन्युपजीव्य रूप पण थाय. (संस्कृततुल्य **सुकृदु** रूप ए तो आनाथीए वधारानुं जुदुं वपराय छे ज.) आ विकल्पविधानथी तो अपभ्रंशमा पेली बे भाषाना रूपो साथोसाथ वपराय तेटलुं ज स्फुट थाय छे; एटले के अपभ्रंशना विशेषने न वापरवो होय तो लेखक—वक्ता पेली बे भाषाना रूपो प्रयोजी शके. पण जेने ए विशिष्ट रूपो वापरवां ज होय तेने बाध नथी. आ० हेमचंद्रे सूत्रोमां सर्वत्र आ विशिष्ट रूपोनी ज प्रक्रिया आपी छे. जे प्रक्रियामा शौरसेनीनो गंध छे, ते पण प्राकृत (Standard किंवा महाराष्ट्री प्राकृत) द्वारा ज अपभ्रंशने मळी आवे छे, जेमांनी बे उपर आपी छे, ज्यारे १ली **त** ना **द** तथा **थ** ना **ध** नी छे. उपर शरूआतमां वताव्या मुजब चंडे प्राकृतलक्षणमां आ प्रक्रिया प्राकृतमा स्वीकारी छे. अने खुद आ० हेमचंद्र पण शौरसेनीमां ए प्रक्रियाने विकल्पे ज स्वीकारे छे. ते शौरसेनीनी प्रक्रिया खरुं जोतां प्राकृतद्वारा ज अपभ्रंशने वारसे मळी

छे; भले आ० हेमचंद्र तेने नोंधी न शक्या होय के जे चंडे नोंधी छे. मात्र मुस्केल बने छे ए **शौरसेनीवत्** (४–४४६) ए सूत्रनी वृत्तिमांनुं आ० हेमचंद्रनुं अपभ्रंशे **प्रायः शौरसेनीवत् कार्यं भवति** ए विधान छे. आपणे जोयुं तेम मात्र प्राकृतोपजीव्य त्रण प्रक्रिया ज शौरसेनीनी एवी छे के जे अपभ्रंशमां वपराय छे, त्यारे तेनुं समाधान केम मेळववुं ? मने एम लागे छे के अपभ्रंशमां शौरसेनी जेम, शौरसेनीमां प्राकृत जेम, अने प्राकृतमां संस्कृत जेम, एम उत्तरोत्तर उपजीव्यता आ० हेमचंद्रे बतावी छे; जे एम ज पुरवार करी शके के विशिष्ट कार्य उपरांतनुं ते ते कार्य तेनी गणाती सहायक भाषामांथी ते ले. आम आ विधान मात्र उपकारक दृष्टिए आवी रहे छे अने नहि के सिद्ध तरीके.

आ बधानो अर्थ तो त्यारे ए थाय के आ० हेमचंद्रनो अपभ्रंश **शौरसेन अपभ्रंश** नहि पण **महाराष्ट्र अपभ्रंश** छे. अने खरेखर अपभ्रंशनी समग्र रूपरचनानो आधार प्राकृत (Standard किंवा महाराष्ट्री प्राकृत) उपर छे, ए आ० हेमचंद्रनुं व्याकरण जोतां देखाई आवे छे. मार्कंडेयनी नागर अपभ्रंशनी व्याख्या नागर अपभ्रंशपूरती पछी भले साची होय; अने तेनां केटलांक लक्षणो कृत्रिम किंवा मात्र साहित्यकीय जेवां ज होवाथी आ० हेमचंद्रना अपभ्रंशथी ए जुदो एक प्रांतीय भेद छे (आ में अन्यत्र बताव्युं छे), एनाथी आ विधानने कांई बाध आवी शके तेम नथी.

त्यारे एम ज कहेवानुं प्राप्त थाय के **शौरसेन अपभ्रंश** नहि तो आ० हेमचंद्रनो अपभ्रंश ए **महाराष्ट्र अपभ्रंश** छे. आ बेउ खरां नाम छे ?

जवाब ए छे के ए खरां नाम नथी: अत्यार सुधीना एक पण व्याकरणमां **शौरसेन** अने **महाराष्ट्र** ए नामना अपभ्रंश कदी क्यांय नोंधायेला ज नथी. आ० हेमचंद्र तो जेम प्राकृत (Standard)नुं कांई नाम आपता नथी तेम अपभ्रंशनुं पण नाम आपता नथी. जे वैयाकरणो प्राकृत (Standard)नुं नाम महाराष्ट्री प्राकृत आपे छे, तेओ अपभ्रंश एक नहि पण घणा कहे छे. तेना २७ जेटला जे प्रांतीय भेदो नोंधायेला छे तेमां पण क्यांय **शौरसेन** के **महाराष्ट्र** अपभ्रंश एवां नाम मळी शकतां नथी. एवा कोई प्रांतीय भेद अपभ्रंशना हता नहि, एम ए उपरथी सिद्ध समजी शकाय छे. आजनी मराठी बोलीनुं जूनुं स्वरूप

(जेमांथी राजस्थानीनो उद्भव थयो) अने गूजरातनो गौर्जर अपभ्रंश होवानुं स्वीकार्युं छे. ग्रियर्सन **शौरसेन अपभ्रंश** कहे छे, तेनुं नाम ज अप्रामाणिक नथी; तेने बदले एमने जे जोइये छे ते खरूं नाम तो **आभीर अपभ्रंश** छे, जेमांथी व्रजभाषा ऊतरी आवी छे. स्वीकारवामां आवता एक अपभ्रंश (Standard)ना आ प्रांतीय भेदो छे; अने ए **नागर** ज होवो जोइये एम सामान्य मान्यता छे, ए स्वीकारवामां मने बाध नथी लागतो. ए ज नागर अने आ० हेमचंद्रनो अपभ्रंश एक ज छे के थोडा भेदे, ए मुख्य चर्च्य विषय रहे छे. Standard अपभ्रंशनुं नाम **नागर** स्वीकारिये तोये **नागर**नुं केवुं असल रूप हतुं ते आपणे जाणता नथी. प्राकृत पिंगळनी भाषा उपर मदार बांधी मार्कंडेये जे मुख्य अपभ्रंशने नागर कह्यो छे ते रूप पेला **जूना नागर**नुं होई शकवानी शक्यता ज नथी. आपणे कहेवुं होय तो **नागर**नुं नजीकमां नजीकनुं रूप आ० हेमचंद्रनुं होई शके. आ० हेमचंद्रना अपभ्रंशने ज Standard अपभ्रंश तरीके स्वीकारी तेने ज **नागर अपभ्रंश** कहिये तो नभी जाय, पण ते संदिग्ध ज छे. खुद आ० हेमचंद्रना अपभ्रंशमां पण एक रूप साथोसाथ बीजां वैकल्पिक रूपो नोंधायेलां छे, ए एक मुख्य अपभ्रंशना सर्वसामान्य लक्षण उपरांतना बीजां प्रांतीय लक्षणोनी संभावनाने पुष्टि आपे तेवां छे. स्व० डो. गुणेए आ० हेमचंद्रना अपभ्रंशमां आ पूर्वे प्रांतीयता जोई पण छे, ए लक्ष्यमां राखवा जेवुं छे. आ० हेमचंद्रना समयमां अपभ्रंश साहित्यकीय भाषा तरीके स्वीकारावानी संपूर्ण स्थितिए पहोंची चूकेलो हतो, केमके आपणे जाणिये छिये ज के सं. १२४१मां शालिसूरि "भरतेश्वर–बाहुबलि रास" जेवी जेने **अ-गूजराती** न कही शकाय तेवी कृति आपे ज छे. ए ज काळमां, सोरठी लोकसाहित्यनी जेम लोकमां प्रचलित मौलिक साहित्यमांथी ज मोटे भागे पुष्कळ उदाहरणो मेळवी आ. हेमचंद्र आपणने एकठां करी आपे छे, जेमां ए भाषास्वरूप तेना जीवंत रूपमां केवुं होवुं जोइये ते जाणवानी सगवड मळी रही छे. आवुं जीवंत रूप ए क्यांय बीजा प्रांतोमांथी न मेळवे. ए पोताना प्रदेशना व्यापक भाषास्वरूपवाळा दोहरा एकत्रित करी आपे ए स्वाभाविकताने स्थाळमां राखी, अने ते समयमां गुर्जर देशने स्वतंत्र अपभ्रंश होवानी "सरस्वतीकंठाभरण"मां भोजे टकोर करी होवाथी, मारा तरफथी आ० हेमचंद्रे व्याकरणबद्ध करेलो अपभ्रंश **गौर्जर अपभ्रंश** होवानी संभावना करवामां आवी छे. आजे गूजरातनो प्रदेश केटलो संकुचित क्षेत्रमां आवी गयो छे केमके

जो **वैदर्भ अपभ्रंश**मांथी छे. मात्र समाधान खातर मारा तरफथी आ पूर्वे (आपणा कविओ भाग १ ला ना पृ. ७६ वगेरे उपर) **महाराष्ट्र अपभ्रंश** एवुं स्वतंत्र नाम,साहित्यकीय – Stadard अपभ्रंश माटे स्वीकारवामां आव्युं छे. खरुं जोतां उपर सूचव्या मुजब तेवां नामोनी संभावना ज नथी. वस्तुस्थितिए **भारती** भाषाना प्राकृत थरोमां मध्यदेशनी एक मुख्य (Standard) प्राकृत मध्यबिंदु तरीके युगे युगे रह्या करी छे, तेवी संस्कृत (जीवंत)नी साथोसाथनी मध्यदेशीय प्राकृत पालि हती, जेमांथी मध्यदेशनी प्राकृत शौरसेनी आवी, जे पछी मध्यदेशनी प्राकृत महाराष्ट्री आवी, जेमाथी नागर अपभ्रंश (Standard) आव्यो. वाग्विकासना क्रमे आ स्वाभाविक अवतार छे. उपरनी चारे भाषाओनुं जे साहित्यकीय स्वरूप ग्रंथोमां सचवाई रहेलुं छे तेमांथी पण आ स्वाभाविक क्रमनी प्रतीति थाय तेम छे. आ मुख्य परंपरानी बाजूमां बीजा प्रांतिक भेदो पण चालु रह्या छे. प्राचीन अर्धमागधी ए एवो भेद छे, के जे प्राचीन पालि > अर्धमागधी < प्राचीन मागधी एटले के प्रा. पालि अने प्रा. मागधीना संमिश्रणथी थयेली छे. प्राचीन अर्ध-मागधीमांथी, प्राचीन पालिमांथी साहित्यकीय पालि बौद्ध ग्रंथोमां सचवाई रही छे तेम साहित्यकीय अर्धमागधी जैनागममां सचवाई रही छे. अशोकनी धर्मलिपिमां प्रधान त्रण प्रांतीयता पकडी शकाय छे; आ त्रणेनो संबंध प्राचीन स्वाभाविक पालि साथे हतो. आजे आपणा लिखित जूनामां जूना भाषास्वरूपनो पुरावो अशोकनी धर्मलिपि ज पूरो पाडे छे. पैशाचभेदना असल स्वरूपथी तेम ज साहित्य-कीय स्वरूपथी पण आपणे वंचित रह्या छिये. चंडना एकमात्र निर्देश अने आ० हेमचंद्रना पैशाची अने तेना भेद चूलिका पैशाचीना स्वरूप विशेना निर्देश सिवाय एक पण साधन आपणी पासे नथी. मुख्य एक प्राकृतनी नजीक तत्त-त्कालीन प्रांतीय प्राकृतो हती, तेम मुख्य एक अपभ्रंशनी नजीक पण तत्तत्कालीन प्रांतीय अपभ्रंशो ते ते प्रांतीय प्राकृतोमांथी ऊतरी आवेला हता, अने होय ए अस्वाभाविक नथी. अने आम अपभ्रंशना अनेक भेद स्वीकारनाराओ समक्ष प्रधान अपभ्रंश तरीके एक **नागर अपभ्रंश** रहेलो छे. मार्कंडेये ए ज वातने लक्ष्य करी, पछी भले कृत्रिम रूपोथी, **नागर अपभ्रंश**नुं व्याकरण मुख्य आप्युं छे. सर ज्योर्ज ए. ग्रियर्सने प्रधान नागर अपभ्रंशनी साथे संबंध धरावता शौरसेन अपभ्रंश (जेमाथी पश्चिम हिंदीनो उद्गम थयो), उत्तर-मध्य-पंजाबनो टाक अपभ्रंश, दक्षिण पंजाबनो उपनागर (आमांथी पंजाबनी बोलीओ थई), आवंत्य,

(जेमांथी राजस्थानीनो उद्भव थयो।) अने गूजरातनो गौर्जर। अपभ्रंश होवानुं स्वीकार्युं छे. ग्रियर्सन **शौरसेन अपभ्रंश** कहे छे, तेवुं नाम ज प्रामाणिक। नथी; तेने बदले एमने जे।जोइये छे ते खरूं नाम तो **आभीर अपभ्रंश** छे, जेमांथी व्रजभाषा ऊतरी आवी छे. स्वीकारवामां आवता एक अपभ्रंश (Standard)ना आ प्रांतीय भेदो छे; अने ए **नागर** ज होवो जोइये एम सामान्य मान्यता छे, ए स्वीकारवामां मने बाध नथी लागतो. ए ज नागर अने आ० हेमचंद्रनो अपभ्रंश एक ज छे के थोडा भेदे, ए मुख्य चर्च्य विषय रहे छे. Standard अपभ्रंशनुं नाम **नागर** स्वीकारिये तोये नागरनुं केवुं असल रूप हतुं ते आपणे जाणता नथी. प्राकृत पिंगळनी भाषा उपर मदार बांधी मार्कंडेये जे मुख्य अपभ्रंशने नागर कह्यो छे ते रूप पेला **जूना नागर**नुं होई शक्वानी शक्यता ज नथी. आपणे कहेवुं होय तो **नागर**नुं नजीकमां नजीकनुं रूप आ० हेमचंद्रनुं होई शके. आ० हेमचंद्रना अपभ्रंशने ज Standard अपभ्रंश तरीके स्वीकारी तेने ज **नागर अपभ्रंश** कहिये तो नभी जाय, पण ते संदिग्ध ज छे. खुद आ० हेमचंद्रना अपभ्रंशमां पण एक रूप साथोसाथ बीजां वैकल्पिक रूपो नोधायेलां छे, ए एक मुख्य अपभ्रंशना सर्वसामान्य लक्षण उपरांतना बीजां प्रांतीय लक्षणोनी संभावनाने पुष्टि आपे तेवां छे. स्व० डो. गुणेए आ० हेमचंद्रना अपभ्रंशमां आ पूर्वे प्रातीयता जोई पण छे, ए लक्ष्यमां राखवा जेवुं छे. आ० हेमचंद्रना समयमां अपभ्रंश साहित्यकीय भाषा तरीके स्वीकारावानी संपूर्ण स्थितिए पहोंची चूकेलो हतो, केमके आपणे जाणिये छिये ज के सं. १२४१मां शालिसूरिए "भरतेश्वर–बाहुबलि रास" जेवी जैने अ-**गूजराती** न कही शकाय तेवी कृति आपे ज छे. ए ज काळमां, सोरठी लोकसाहित्यनी जेम लोकमां प्रचलित मौलिक साहित्यमांथी ज मोटे भागे पुष्कळ उदाहरणो मेळवी आ. हेमचंद्र आपणने एकठां करी आपे छे, जेमां ए भाषास्वरूप तेना जीवंत रूपमां केवुं होवुं जोइये ते जाणवानी सगवड मळी रही छे. आवुं जीवंत रूप ए क्यांय बीजा प्रांतोमांथी न मेळवे. ए पोताना प्रदेशना व्यापक भाषास्वरूपवाळा दोहरा एकत्रित करी आपे ए स्वाभाविकताने रयाल्मां राखी, अने ते समयमां गुर्जर देशने स्वतंत्र अपभ्रंश होवानी "सरस्वतीकंठाभरण"मां भोजे टकोर करी होवाथी, मारा तरफथी आ० हेमचंद्रे व्याकरणबद्ध करेलो अपभ्रंश **गौर्जर अपभ्रंश** होवानी संभावना करवामां आवी छे. आजे गूजरातनो प्रदेश जेटलो संकुचित क्षेत्रमां आवी गयो छे तेटलो

सोलंकीयुगमां नहोतो एटले ए दोहराओनुं भाषास्वरूप अत्यारना गूजरात प्रदेश उपरात मारवाड अने मेवाडने पण आवरी लेतुं स्वीकारवुं गेरवाजबी नथी; एथी ज आ० हेमचंद्रना अपभ्रंशमानी केटलीक लाक्षणिकता आजना गूजरातमां न पण मळे. दाखला तरीके –

> **ढोल्ला, मइं तुहुं वारिया मा कुरु दीहा माणु ।**
> **निद्दए गमिही रत्तडी, दडवड होइ विहाणु ॥**
> [ढोला, में तुंने वारियो, म कर दीर्घ मान,
> नीदरे गामी रातडी, दडवड (=झटपट) होय वहाणुं.]

आमां **वारिया** अने **दीहा** रूप तळगूजरातमां खास स्वतंत्र सचवाई रह्यां नथी. गूजरातमां सचवावा माटे **वारिउ** अने **दीहु** रूप जोइये. **माणु** अने **विहाणु**मांनो उकार शुद्ध Standard अपभ्रंशनो छे, ए कहेवानी भाग्ये ज जरूर छे, जे घसाई अर्वाचीन गूजरातीमां नष्ट थयो छे अस्वरित दशामां; स्वरित दशामा तो नरजातिमां **ओ** तरीके (क्वचित् **उ** तरीके रामु, केशु, बाळु वगेरेमां छे तेम) अने नान्यतरजातिमा **उं** तरीके ऊतरी आव्यो छे. मारवाडी – मेवाडीमां नरजातिमा सचवायेलो **ओ** आ स्वरित **उ**नो अवशेष छे, ए कहेवानी भाग्ये ज जरूर छे. आकारवाळी प्रक्रिया मारवाड – मेवाडनी सरहद उपर क्यांक हशे ते आ त्रणे प्रदेशे सिद्ध नामना अंत्य स्वर तरीके तो गुमावी दीधी छे; मात्र प्रत्ययोनी पूर्वे अने तेवां निष्प्रत्यय (पण प्रथमा ए० व० सिवाय) विशेषणात्मक रूपोमां ते आज दिवस सुधी सचवाई रहेल छे. आ प्रक्रिया पूर्वीय हिंदी बोलीओमां गई छे. हिंदीमा **मैंने कहा** तरीके ते बची जवा पामेल छे; ज्यारे व्रजभाषामा **मैंने कह्यो** एम ओकारांत तरीके सचवाई रही छे. **ओ**-यूथनी अने **आ**-यूथनी भाषाओना मूळमा आ तत्त्वनी पृथक्कृति स्पष्ट छे.

देशमां अपभ्रंश भाषा बोली तरीके खूब व्यापक बनी गई हती. तेनी खात्री चंडनुं प्राकृतलक्षण आपे छे. अपभ्रंशनां रूपो ते पोताना प्राकृतमां प्राकृत तरीके आपे छे, ए ओछुं सूचक नथी. वररुचिना प्राकृत करतां ए गोडानो समय छे. पण आ० हेमचंद्रना समयमां तो प्राकृतथी अपभ्रंशनो भेद एटलो चोख्खो स्पष्ट थई गयो हतो के एनो शंभुमेळो थई जतो एमना हाथे बची गयो छे, अने अपभ्रंशनुं स्वरूप अलग आपणे मेळवी शक्या छिये.

शुद्ध Standard अपभ्रंशनो नमूनो आ नीचे आपुं छुं :

दूरुड्डाणें पडिउ खलु अप्पणु जणु मारेइ ।
जिह गिरि-सिङ्गहुं पडिअ सिल अन्नु वि चूरु करेइ ॥
[दूर-उडाणे पड्यो खल आपणो जण मारे,
जिम गिरि-सिंगथी पडी सत्या अन्य य चूरो करे.]

जेमांथी शुद्ध गूजराती अंश उतरी आव्यो छे ते जुओ :

सायरु उप्परि तणु धरइ तलि घल्लइ रयणाइं ।
सामि सुभच्चु वि परिहरइ सम्माणेइं खलाइं ॥
[सायर उपर्य तृण धरे, तळे घाले रयणां (रत्न),
स्वामी सुभृत्य य परहरे सन्माने खलां (खलोने).]

- साहित्यना नहि, पण प्रचलित लोकभाषाना संस्कार आने केटला नजीक छे ते दृष्टिए विचारवानुं छे. ए जो भूली जवामां आवे तो समजवामां थोडी अगवड आवे. प्राकृतनी लाक्षणिकतावाळां केटलांक रूपो सदंतर घसाई जवाथी तेने स्थाने शुद्ध संस्कृत तत्सम शब्दोनो स्वीकार ए गूजराती भाषानी एक विशिष्टता छे. भाषा आ तरफ आवतां संस्कृतथी आढ्य बनती आवी छे. अने खुद मार्कंडेय पण **संस्कृताढ्या च गौर्जरी** एवुं लक्षण स्वीकारे छे.

गूजराती शुद्ध लाक्षणिकता आ० हेमचंद्रना अपभ्रंशमां केटली छे ते बतावबानुं कोई अन्य प्रसंग उपर राखी आ लेख नीचेना मुद्दाओ तारवी आपी पूरो करुं छुं. आ मुद्दा ए छे के—

१. चंडना प्राकृतलक्षणमां अपभ्रंशनां केटलांक लक्षणो प्राकृत भाषानां लक्षणो तरीके स्वीकाराई गयां छे; ए बोलाती बोलीना अंश होई अपभ्रंशनी स्वतंत्र हस्ती पुरवार करे छे.

२. Standard अपभ्रंश तरीके **नागर अपभ्रंश** ए नामे मुख्य भेद हशे; पण तेनुं खरुं स्वरूप केवुं होवुं जोइये ते मेळववानुं प्राचीन सध्धर साधन आपणी पासे नथी. आ० हेमचंद्रनो अपभ्रंश ए **नागर** छे, एम बताववा कोई सध्धर पुरावो नथी.

३. **नागर अपभ्रंश** ए **शौरसेन अपभ्रंश** छे या तेना एक भेद तरीके ते छे एवुं सिद्ध थई शके तेम नथी. ऊलटुं **शौरसेन अपभ्रंश** के

महाराष्ट्र अपभ्रंश एवां नामो कोई पण वैयाकरणे कदी क्यांय नोंध्यां नथी.

४. एटले ज **आ० हेमचंद्रना अपभ्रंशने शौरसेन** कहेवो के तेना स्वरूपमा **महाराष्ट्री प्राकृतनुं** अनुसरण अत्यंत स्पष्ट होवाने कारणे तेटला मात्रथी ज **महाराष्ट्र अपभ्रंश** कहेवो ए अयुक्त छे.

५. **आ० हेमचंद्रना अपभ्रंशनुं** नाम जोईतुं होय तो युक्तियुक्त नाम **गौर्जर अपभ्रंश** छे.

६. **गौर्जर अपभ्रंशना** अवशेषो आजनी **गूजराती, मारवाडी** अने **मेवाडी** छे. एनी प्रक्रियाओ आ त्रण भाषामांथी एकत्रित करवी सहेली छे.

७. शूरसेन प्रदेशनो जो कोई **अपभ्रंश** होय तो ते **आभीर अपभ्रंश (मध्यदेशीय)** होई शके, जेनो संबंध **गौर्जर** साथे हतो. **आभीर अपभ्रंशमांथी** ऊतरी आवेली भाषा **व्रजभाषा** छे.

८. अने आ बंने अपभ्रंश ओ-यूथनी भाषाना जनक छे.

*

प्राकृत व्याकरणकारो

*

भाषान्तरकार — श्रीयुत हरिवल्लभ भायाणी एम्. ए.

[रिसर्च फेलो — भारतीय विद्याभवन]

[श्रीमती लुइजीया नीती-दोल्ची [Luigia Nitti-Dolci] कृत "ले ग्रामेर्यूँ प्राकृत [Les grammairiens Prakrits] (पारी Paris) लीब्रेयूरी दामेरिक ए दोर्यां आद्रां मैसू जो नैव, १९३८)ना "न्यू इन्डियन एन्टिक्वेरी" (पुस्तक २, मे १९३९, पा. १२५-१४२) मां प्रसिद्ध थयेला अवलोकन-लेखनुं भाषान्तर.]

पुरुषोत्तमना प्राकृतानुशासननी आवृत्ति[1] अने प्राकृत वैयाकरणो परनी प्रस्तुत अगत्यनी कृतिए भारतविदोनुं श्रीमती नीती-दोल्ची तरफ प्राकृतनां एक अतीव आशास्पद युरोपीय अभ्यासी तरीके हजी हमणा ज लक्ष्य खेंच्युं हतुं, त्यां तो

"गजभुजङ्गमयोरपि बंधनं शशिदिवाकरयोर्ग्रहपीडनम् ।
मतिमतां च विलोक्य दरिद्रतां विधिरहो बलवानिति मे मतिः ॥"

ए भर्तृहरिना शब्दोनी याद आपवाने तेमना अकाळ अवसाननां समाचार आव्यां. विधिए तेने लासन(Lassen) अने पिशल(Pischel)नी परंपराने दिपावती प्रस्तुत कृति समाप्त करी प्रकाशित करवा दीधी एटलुं आपणा अध्ययननुं सुभाग्य छे. प्राकृत व्याकरणपरंपराने लगतां मुख्य-मुख्य कोयडानी नवेसरथी करेली विस्तृत तपासणी आपणी पासे रजू करतां घणीवार ए कोयडाओनो रोचक उकेल सूचववामां, अथवा छेवटे कंई नहि तो तेमने नवी पीठिका पर ऊभा करवामां ग्रंथकर्त्रीने जे सफळता मळी छे ते, तेमनी भाषाशास्त्रीय तेम ज साहित्यानुशीलनने लगती (Philological) उचित केळवणीने अने भारतीय मूळग्रंथोना विशाळ ज्ञानने आभारी छे. आपणे आ अवलोकनमां, अलबत्त, प्राकृत व्याकरणी संप्रदायोने लगतां तेम ज प्राकृत भाषाभेदोना वास्तविक स्वरूपने अंगेनां ग्रंथकर्त्रीनां संशोधनोमांथी फलित थता निर्णयो जोईशुं : आ हेतुथी, जे सात प्रकरणोमां कृतिने

---

१. "ल प्राकृतानुशासन द पुरुषोत्तम" पार लुइजीया नीती-दोल्ची : पाये द ला सोसिएते आस्यातीक, ६ पारी, १९३८. प्रस्तुत अवलोकनना विषयभूत पुस्तकनां पृ० ९० उपर जे रामशर्मानां प्राकृतकल्पतरुनो महाराष्ट्री विभाग पोते संपादित कर्यानो उल्लेख छे ते प्रसिद्ध थई गयो छे के हजी नथी थयो ते हुं जाणतो नथी.

वहेंची नाखवामां आवी छे तेनी, वणुंखरुं ग्रंथकर्त्रीना पोताना ज शब्दोमां, पृथक्करणात्मक रूपरेखा अहीं आपवी हुं योग्य धारुं छुं, अने आशा राखुं छुं के मात्र ऊडती उपरछल्ली नोंधथी संतोष न पामता होय तेवा आ सामयिकना वाचको आमां संमत थशे. स्वाभाविक रीते ज, आमां केटलीक झीणी विगतो, प्राकृतना ज्ञानमां केटलीक वखत तो सारी एवी अगत्यनी होवा छतां मारे जती करवी पडशे. मार्कण्डेय ६–३५ना आधारे आपणी जाणमां आवतां, दरेक काळ अने पुरुष माटे प्रचलित ०ज्जो० के ०ज्जाहि वाळां आख्यातिक रूपोना[२] वपराशनो, अथवा तो भारत-युरोपीय *०ओमांथी आवेला स्त्रावी ०अँ(१)ने स्थाने आवता ०अनुं समान्तर उदाहरण पूरुं पाडता हेमचंद्रे ३–१४१मां आदेशेलै ने ०आमिने स्थाने आवता ०अंनो मात्र सूचक उल्लेख करीने ज हुं अटकुं छुं. उक्त बंने घटनाओनो पिशले उल्लेख नथी कर्यो ए हकीकत, पिशलनी जीवन-कृति पछी पण प्राकृतना ज्ञान माटे हजी केटलुं बधुं करवानुं छे ए देखाडवा माटे पूरती छे.

पहेलुं प्रकरण वररुचि उपर छे. वररुचिनुं प्राकृतप्रकाशनुं कर्तृत्व समर्थित थई शके तेम नथी, तो तेने नकारी शकाय तेम पण नथी; कारण, "वररुचि-कात्यायनने इसुपूर्वेनी त्रीजी सदीथी मोडो मूकी शकाय नहि, ज्यारे (ए ज समयना) अशोकना उत्कीर्ण लेखो तो व्याकरणकारोना अने नाटकना प्राकृतथी प्राचीनतर भाषाभूमिका रजू करे छे" ए वात खरी, पण ए हकीकतने "वररुचिना समयमां आवी (एटले के वररुचिना व्याकरणमां रजू थइ छे तेवी) प्राकृतोनुं अस्तित्व होय नहि" एवुं धारी लेवा माटे एक मजबूत कारण तरीके न लेखी शकाय. वररुचिना ग्रंथपाठमां रहेलां विरोधी विधानो अने विशिष्टताओनी तपासणी ग्रंथकारने एवुं अनुमान करवा तरफ दोरे छे के गाथानी महाराष्ट्री—जेने लासन "प्रकृष्ट प्राकृत" (Prakritica Praecipua) कहे छे—ए एक ज प्राकृत वररुचिनां मूळ सूत्रोनो प्रतिपाद्य विषय छे. शौरसेनी, मागधी अने पैशाची परनां छेल्ला त्रण प्रकरणो (प्रकरण १०, ११, १२) कोई टीकाकारे उमेर्यां होवां जोईए. संभवित छे के प्रकरण १० अने ११ना विषयमां ए टीकाकार ते भामह होय; शौरसेनी परनुं १२मुं प्रकरण भामहनी कृति नथी.

---

२. जुओ प्रस्तुत ग्रंथः पा. १११. ३ "सर इ. डेनिसन रोस-अर्पण ग्रंथ"मां में आ रूपोनुं टूंकमां आलोचन कर्युं छे. जुओ प्रस्तुत ग्रंथ : पा. १७४.

कारण के बधीए हाथप्रतोमां ते टीका विनानुं मळे छे. भामह सिवायना टीका-कारो मात्र मुख्य प्राकृतनी ज वात करे छे, वररुचि पर आधार राखता प्राच्य वैयाकरणो (Oriental Grammarians) बीजा प्राकृतप्रकारोनुं वररुचि-भामहथी भिन्न रीतनी गोठवणी द्वारा प्रतिपादन करे छे, क्रमदीश्वर मात्र मुख्य प्राकृत माटे ज वररुचिनो उपयोग करे' छे, हेमचंद्र बीजा वैयाकरणो साथे बीजा प्राकृतप्रकारोना नहि पण मुख्य प्राकृतना ज विषय पूरतो झघडे छे अने ए द्वारा देखाडे छे के वररुचि सुधी पाछो पहोंचतो कोई अविच्छिन्न संप्रदाय न हतो : आ बधी हकीकतो, उपर दोरेला निर्णयोनुं समर्थन करे छे. आथी, चण्ड सिवायना बधा प्राकृत व्याकरणकारोने वररुचिना मात्र मुख्य प्राकृत परनां सूत्रोनी माहिती हती एवा निर्णय पर आपणे आवीए छीए. तो, आपणे ज्यारे वररुचिनी वात करीए, त्यारे आपणने भामह—कोवेल आवृत्तिना पहेलां नव प्रकरणो ज ख्यालमां होवां जोईए, अने एमां पण पांचमुं अने छठ्ठुं प्रकरण मूळ तो एक ज प्रकरण रूपे हतां.

पण भामहना प्राकृतप्रकाशनां १थी९ प्रकरणोमे मूळनी खरी परंपराथी घणां वेगळां छे. वररुचिना संप्रदायना प्राबल्यने लीधे वसंतराजनां प्राकृत-संजीवनी अने प्राकृतमञ्जरी (तेम ज, वसंतराजनी कृतिना साररूप सदानंद-कृत प्राकृतसुबोधिनी अने नारायण विद्याविनोदकृत प्राकृतपाद) ए प्राकृत-प्रकाश साथे मुख्य प्राकृतनी बाबतमां तो सुसंगत छे, मात्र प्राकृतप्रकाशमां प्रवेशेली नत्तर सामग्रीनी बाबतमां ते ग्रंथो मतभेद धरावे छे : परिणामे तेओ भामहनी कृतिथी अपरिचित होवा जोईए.—आ निर्णय केटलांक सूत्रो परनी टीकाओनुं २४ अने पछीनां पृष्ठो पर सूक्ष्म पृथक्करण करीने प्रतिपादन करवामां आव्युं छे. एटले, वररुचिनां सूत्रो ए भामहनी टीका विना पण—स्वतंत्रपणे—अस्तित्व धरावती कृति छे अने भामहथी अपरिचित एवा तेना बीजा टीकाकारो अने अनुकृतिकारो पण हता. आथी भामहे स्वीकारेली वाचना ए वररुचिनो मूळ ग्रंथपाठ स्थिरपणे निर्णीत करवाना मुख्य साधनोमानुं मात्र एक साधन ज गणी शकाय. मूळ ग्रंथपाठ नक्की करवा माटे तो बधांय उपलब्ध साधनोनो उपयोग जरूरी छे.

उपर जणाव्युं तेम' वररुचिनां मुख्य प्राकृत परनां सूत्रो विशेष फेरफार सिवाय बधी टीकाओमां मळे छे, ते बतावे छे के ए सूत्रो प्राचीन छे अने बांधा

टूंकामां वररुचिनां सूत्रोमां आपणने कोई व्याकरण नथी मळतुं; तेमनी रचना संस्कृतनुं ज्ञान होय तेवा लोकोने प्राकृतमां गाथाओ केम रचवी ते शिखवाडवाना हेतुथी थई छे. शरूआतमां आ गाथाओ मुकाबले लोकभोग्य कही शकाय तेवी साहित्यरचनानो प्रकार होवी जोईए; पण अमुक समय पछी ते विद्वद्वर्गनुं विनोद-साधन बनी गई. विद्वानोनुं संस्कृत तेम ज लोकबोलीओ ए बंनेनुं ज्ञान, गीतात्मक (Lyrical) महाराष्ट्री जेवी—संस्कृतना रंगे रंगायेली अने असामान्य स्वरूपना जुदी-जुदी बोलीओना शब्दोथी प्रचुरपणे शणगारायेली—कृत्रिम भाषा लखवामां परिणम्युं.—आ प्रकरण त्रण मुख्य टीकाकारो प्रमाणेनी वररुचिना सूत्रोनी वाचनामां मळतां पाठान्तरोनी तुलनात्मक नोंध (पा. ५१ अने पछीनां) साथे पूरुं थाय छे.

बीजा प्रकरणनुं शीर्षक भरत छे. जो के प्राकृत वैयाकरणोमांथी मात्र मार्कण्डेय ज भरतने प्रमाणरूपे टांके छे (अने तेना नाम नीचे मार्कण्डेये आपेलां छ टांचणोमांथी मात्र बे ज नाट्यशास्त्रना १७मा प्रकरणमां मळे छे—पिशलनुं तो एवुं मानवुं हतुं के छमांथी एकेय टांचण जाणीता नाट्यशास्त्रकार भरतमांथी नथी), छतां कंई नहि तो दसमी के अगियारमी सदीमां तो प्राकृत उपरनो फकरो नाट्यशास्त्रनो एक भाग हतो ज एनी साक्षी अभिनवगुप्तनी टीका पूरे छे. ग्रंथकर्त्रीए आ फकरो (१७, १–६४) पृथक्करण अने अनुवाद साथे पा. ६३–७६ पर प्रसिद्ध कर्यो छे. अने ७६ अने पछीनां पान पर भाषाओ अने बोलीओनुं भरते करेलुं वर्गीकरण तपासवामां आव्युं छे. 'संस्कृत'नी खातीए ज 'प्राकृत' एवो बीजा कोई विशिष्ट व्यपदेश वगरनो उल्लेख (भरते) कर्यो छे; ते पछी देशभाषाओ आवे छे. आ आपणने एवुं मानवा तरफ दोरे छे के 'प्राकृत' ए संस्कृतनी जेम आखा भारतवर्ष माटे एक साधारण भाषा (Common language) हती. बीजा मुद्दाओ स्पष्ट नथी थता, गमे तेम पण आपणे एटलुं तो कही शकीए के (१) भरतने बोलीओनी अमुक संख्यानी खबर छे अने ते, तेमनो उपयोग करवानी छूट आपे छे; (२) आ बोलीओमां महाराष्ट्रीनुं नाम मळतुं नथी, तेम ज गद्य ने पद्यनी भाषा वच्चे कोई जातनो भेद पण पाडवामां आव्यो नथी : परन्तु 'प्राकृत' तरीके आपेलां रूपो एक पण अपवाद विना महाराष्ट्रीनां छे.

वररुचिनी बाबतमां जे कह्युं ते भरतने तो विशेषे करीने लागु पडे छे. भरत व्याकरण नथी आपतो, पण मात्र ध्वनिविकार (Sound changes)ना

तरेलां गणी शकाय तेटलां खंडित थयां विना जळवाईने ऊतरी आव्यां छे. आथी तेमनी ऊंडी तपास करवी शक्य बने छे. तेमनी रचना एक व्यवस्थित व्याकरण तरीके काम आपवा माटे थई होय एवुं लागतुं नथी. दाखला तरीके ग्रंथनुं आदि मंगळ ज नथी मळतुं : आनो अर्थ कां तो ए होय के आ सूत्रो कोई संस्कृत व्याकरणना 'परिशिष्ट रूपे हता' (सरखावो – जेमके हेमचंद्रनी कृति), अथवा तो एम पण होय के वररुचिनो एक सळंगसूत्र व्याकरण निबन्ध रचवानो आशय न हतो; मात्र केटलाक छूटक प्राकृत व्याकरण-नियमो ज तेणे लखेला; कोईए आ नियमोने सकलित करी एक शीर्षक आप्युं अने टीकाकारोए तेमनी वृत्ति शरू करी दीधी. आमाथी बीजी संभावनानुं समर्थन एटलाथी थाय छे के वररुचिनां सूत्रो आपणने प्राकृतनुं स्वरूप-वर्णन नथी आपता, पण रूपोना मात्र अमुक समूहने संस्कृतमाथी अवतारवाना नियमो आपी ते रूपोनी प्रमाणसिद्धता पुरवार करवाना प्रयत्न जेवां ते कांईक लागे छे. ए सूत्रो अमुक एक ग्रंथने के सुनिश्चित स्वरूपना अमुक ग्रंथसमूहने उद्देशीने रचायां होय एवी छाप आपणा उपर पडे छे; अने टीकाकारोए (टीका दरमियान) करेला काव्यग्रंथो, छंदोरचना-मूलक फेरफारो वगेरेना उल्लेखो ए छापने दृढतर बनावे छे. हवे, वररुचिनां सूत्रो जेनुं स्वरूपवर्णन करे छे तेनो शब्दभंडोळ ४०६ रूपोनो बनेलो छे, जेमाथी २३३ वेबर (Weber) संपादित हाल्कृत **गाहासत्तसई**नी बीजी आवृत्तिनी शब्दसूचीमा मळे छे; अने आम वररुचिना अभ्यासप्रदेश नीचेना शब्दोमाथी ५९ टका शब्दो हालमा मळे छे एटलुं ज मात्र नहि, तेणे आदेशेला लगभग बधा चेनडा स्वरूपवाळा शब्दो (उदाहरण तरीके **इति** माटे **इअ** ने **ति (त्ति)**, १–१४) पण सत्तसईमा देखाय छे. आथी ग्रंथकर्त्ता अनुमान पर आवे छे के साहित्यकीय महाराष्ट्रीनु स्वरूपघडतर गाथाओमा थयेलुं छे अने (महाराष्ट्रीमा रचायेला) महाकाव्योए तेमनी भाषा कोई पण जातना फेरफार सिवाय एमाथी ज लीधी छे; अने खरेखर सचयात्मक स्वरूपवाळा गाथाग्रंथोमा तो एकमूळ शब्द-जोडीओ (doublets), लखाणपद्धतिनी विषमताओ वगेरेनुं अस्तित्व सरळताथी समजावी शकाय तेवुं छे, कारण के ए गाथाओ संभाव्यपणे भिन्नभिन्न भाषाभाषी अनेक लेखकोनी कृति छे. आथी वररुचिना ग्रंथपाठना निर्णय माटे तेना उपर आधार राखता टीकाकारो अने वैयाकरणोने ज नहि पण **सत्तसई** अने तेना जेवा हाल उपलब्ध महाराष्ट्री गाथासंग्रहोनेय गणतरीमां लेवा जोईए.

टूंकामां वररुचिनां सूत्रोमां आपणने कोई व्याकरण नथी मळतुं; तेमनी रचनो संस्कृतनुं ज्ञान होय तेवा लोकोने प्राकृतमां गाथाओ केम रचवी ते शिखवाडवाना हेतुथी थई छे. शरूआतमां आ गाथाओ मुकाबले लोकभोग्य कही शकाय तेवी साहित्यरचनानो प्रकार होवी जोईए; पण अमुक समय पछी ते विद्वद्वर्गनुं विनोद-साधन बनी गई. विद्वानोनुं संस्कृत तेम ज लोकबोलीओ ए बंनेनुं ज्ञान, गीतात्मक (Lyrical) महाराष्ट्री जेवी — संस्कृतना रंगे रंगायेली अने असामान्य स्वरूपना जुदी-जुदी बोलीओना शब्दोथी प्रचुरपणे शणगारायेली — कृत्रिम भाषा लखवामां परिणम्युं.— आ प्रकरण त्रण मुख्य टीकाकारो प्रमाणेनी वररुचिना सूत्रोनी वाचनामा मळतां पाठान्तरोनी तुलनात्मक नोध (पा. ५१ अने पछीना) साथे पूरुं थाय छे.

बीजा प्रकरणनुं शीर्षक **भरत** छे. जो के प्राकृत वैयाकरणोमांथी मात्र **मार्कण्डेय** ज भरतने प्रमाणरूपे टांके छे (अने तेना नाम नीचे **मार्कण्डेये** आपेलां छ टांचणोमांथी मात्र बे ज **नाट्यशास्त्र**ना १७ मा प्रकरणमां मळे छे— पिशलनुं तो एवुं मानवुं हतुं के छमांथी एकेय टांचण जाणीता **नाट्यशास्त्र**कार भरतमांथी नथी), छतां कंई नहि तो दसमी के अगियारमी सदीमा तो **प्राकृत** उपरनो फकरो **नाट्यशास्त्र**नो एक भाग हतो ज एनी साक्षी **अभिनवगुप्त**नी टीका पूरे छे. ग्रंथकर्त्रीए आ फकरो (१७, १–६४) पृथक्करण अने अनुवाद साथे पा. ६३–७६ पर प्रसिद्ध कर्यो छे. अने ७६ अने पछीनां पान पर भाषाओ अने बोलीओनुं भरते करेलुं वर्गीकरण तपासवामां आव्युं छे. 'संस्कृत'नी पाछीए ज 'प्राकृत' एवो बीजा कोई विशिष्ट व्यपदेश वगरनो उल्लेख (भरते) कर्यो छे; ते पछी देशभाषाओ आवे छे. आ आपणने एवुं मानवा तरफ दोरे छे के 'प्राकृत' ए संस्कृतनी जेम आखा भारतवर्ष माटे एक साधारण भाषा (Common language) हती. बीजा मुद्दाओ स्पष्ट नथी थता. गमे तेम पण आपणे एटलुं तो कही शकीए के (१) भरतने बोलीओनी अमुक संख्यानी खबर छे अने ते. तेमनो उपयोग करवानी छूट आपे छे; (२) आ बोलीओमां महाराष्ट्रीनुं नाम मळतुं नथी, तेम ज गद्य ने पद्यनी भाषा वच्चे कोई जातनो भेद पण पाडवामां आव्यो नथी : परन्तु 'प्राकृत' तरीके आपेलां रूपो एक पण अपवाद विना महाराष्ट्रीनां छे.

वररुचिनी बाबतमां जे कह्युं ते भरतने तो विशेषे करीने लागु पडे छे. **भरत** व्याकरण नथी आपतो, पण मात्र ध्वनिविकार (Sound changes)ना

नियमो आपे छे अने सभवित छे के ए नियमो ते, पाठ भजवती वखते जेमने साहित्यकीय प्राकृतमा बोलवानु होय तेवा पोताना नटोने सूत्रधार तरफथी अपाती सूचनाओ ज छे आ उच्चारण-सूचनाओनो हेतु एटलो के नटोनु संस्कृत आ नियमोने अनुसरवाथी प्रेक्षक जनताने प्राकृत जेवु लागे अने तोय ते सुबोध रहे. आ भाषामा केटलाक देशी शब्दोनो छटकाव थता तेने छेवटनो सस्कार मळी रहेतो. खरेखर सिल्वॉं लेवी (Sylvain L'evi) ए कहेलु छे ("तेमने (=प्राकृतने) 'संस्कृतनु एक विशिष्ट रीते करेलु उच्चारण' ए सिवाय भाग्ये ज बीजु काई कही शकाय") तेम नाटकनी प्राकृत ए संस्कृतनु एक वेशातर ज छे परिणामे संस्कृत नाटकमा संस्कृत अने "प्राकृत" ए बे स्थिरपणे वपराती साहित्यभाषाओ होय छे, अने तेमनी आसपास केटलीक बोलीओ होय छे, जेमनी सख्यानो आधार ग्रथकर्ता उपर, नटो अने प्रेक्षकोनी इच्छा उपर होय छे. आने अनुलक्षीने ग्रथकर्त्रीए बंगाळी अर्वाचीन नाटकोमा तेम ज इटालीना "कोमेदीआ देल आर्ते" (एक आल्कारिक सुखात नाट्यप्रकार)मा शु बनतु अथवा तो हाल शु बने छे तेनी समुचित रीते ज सरखामणी आपी छे ८४ अने पछीना पान पर भरते पोताना ३२मा अध्यायमा आपेला ध्रुवाना नमूनानो निर्देश करवामा आव्यो छे नाट्यप्रयोग दरमियान गावाना अने गीत्यात्मक (lyrical) महाराष्ट्रीमा रचायेली गाथाओथी भिन्न, एवा आ पद्योनी भाषाने भरत शौरसेनी कहे छे. जो के नाटकनी शौरसेनीथी केटलीक बाबतमा, आ भाषा जुदी पडे छे, छता याकोबी (Jacobi) ए मान्यु छे ते प्रमाणे ग्रथकर्त्री एम मानवा तैयार नथी के अहीं आपणे बे जुदी-जुदी भाषाओ गणवी

त्रीजुं प्रकरण, प्राकृतानुशासनकार पुरुषोत्तम, प्राकृतकल्पतरुकार रामशर्मा अने प्राकृतसर्वस्वकार मार्कण्डेय—ए प्राच्य वैयाकरणो उपर छे आमाथी मार्कण्डेयने १४मी सदीना अत पहेला मूकी शकाय. ते त्रणे मळीने एक ऐक्यमत्य धरावतो खरो सप्रदाय बने छे आ सप्रदाय जुदा-जुदा भाषाभेदोने चार धरमूळना यूथ नीचे एकत्रित करे छे भाषाओ, विभाषाओ, अपभ्रश अने पैशाचिक भाषाओमा महाराष्ट्री सर्वोत्कृष्ट स्थान भोगवे छे अने तेनो अभ्यास बीजा भाषाभेदोना अभ्यासमा पायारूप बने छे प्राच्य वैयाकरणो शाकल्यने सौथी वधारे वार प्रमाण तरीके टाके छे, ज्यारे बीजा व्याकरणकारो आ शाकल्यथी तदन अजाण छे मार्कण्डेय पोताना प्रारभिक पद्योमा शाकल्यनो सौथी

पहेलो निर्देश करे छे, अने जे बाबतो वररुचिमां न मळती होय तेमने माटे शाकल्यने नामे आदेश आपवामां आव्यो छे. आथी एवो निर्णय दोरवी शकाय के शाकल्ये (ए १३मी सदी पहेलां ज थयो होवो जोईए) मुख्य प्राकृत अने शौरसेनीनुं एक व्याकरण रचेलुं अने प्राच्य वैयाकरणोना मूळ आधारोमांथी एक ए हतो. आमां मार्कण्डेय, तेणे आपेलां प्रचुर टांचणोने लीधे, खास ध्यान खेंचे छे अने ए हकीकत तेनी प्रतिपाद्य-मर्यादा घणी विस्तृत होवानो पुरावो छे. आ टांचणोमांथी जेनी जेनी बाबतमां तेना कर्तानो उल्लेख करायो छे, ते दरेक, मात्र बे त्रण अपवाद सिवाय साचुं ठर्युं छे. आ वस्तु १०२ अने पछीना पानां पर बतावी छे. अनेक ग्रंथकारोने, वारंवार प्रमाण तरीके आपवामां आव्या छे, पण कदाच एक अपवाद बाद करतां, बधां टांचणो मुख्य प्राकृतने लगतां छे; हेमचंद्रनी बाबतमां पण आम ज छे. अने एनो अर्थ एवो करी शकाय के गीत्यात्मक (Lyrical) महाराष्ट्री जेवी लिखित अने साहित्यकीय भाषा उपर जेटला प्रमाणमां मुख्य प्राकृत शासन चलावे छे तेटला प्रमाणमां तेनुं व्याकरण स्थिर स्वरूपनुं अने परंपरागत हतुं. आ व्याकरणना 'आदि स्थापक तरीके वररुचिनुं प्रमाण चर्चाथी पर गणातुं अने तेनी आसपास टीकाकारो अने शिष्यो पोतानी जातने गोठवी देता. ज्यारे-ज्यारे मार्कण्डेय के हेमचंद्र अमुक रूपना संबंधमां कोई व्याकरणकारनो नामनिर्देश कर्या विना तेनो अभिप्राय टांके छे (इति कश्चित्, इति केचित्) त्यारे तेवी दरेक बाबतमां ए अभिप्राय वररुचिना ज कोई सूत्रनो कां तो विरोध करतो होय छे, कां तो तेनी अनुपूर्ति करतो होय छे, अथवा तो तेनो नवी पद्धतिए अर्थ बेसाडतो होय छे :—पण आनो अर्थ एवो नथी के मार्कण्डेय ने हेमचंद्रनी समक्ष बीजा भाषाभेदोनी बाबतमां कोई पुरोगामीओ न हता; मात्र एटलुं ज के तेमणे (एटले के मार्कण्डेय अने हेमचंद्रे) स्पष्ट निर्देश साथे आपेलां टांचणो वररुचि के भरत पूरतां ज मर्यादित होय छे; कारण के आवां परंपरापुनित नामोनो निर्देश तेमनी पोतानी कृतिने एक प्रकारनी उदात्तता बक्षे छे. ए संभवित छे के पुरुषोत्तम, मार्कण्डेय अने हेमचंद्र पासे तेमना पायाना आधार तरीके एक प्राचीनतर 'प्राच्य' व्याकरण हतुं. रामशर्माए हेमचंद्र उपर आधार राख्यो होय ए बनवाजोग छे, ज्यारे हेमचंद्र अने मार्कण्डेय वच्चे रहेली विशिष्ट प्रकारनी समानताओने सामान्य मूळ ग्रंथोना उपयोगना परिणामरूपे समजावी शकाय.

११० अने पछीना पाना पर मार्कंडेये पोताना अग्रगण्य आधारभूत वररुचिमा महाराष्ट्रीनी बाबतमां करेला उमेरा तपासवामा आव्या छे. पान ११८थी बीजी "भाषाओ"ने विशे एक परिच्छेद आवे छे; ए "भाषाओ"मांथी शौरसेनीनो प्राच्य वैयाकरणोए खास अभ्यास कर्यो छे. प्राच्य वैयाकरणो परनी विचारणाने आधारे ग्रथकर्त्री एवा निर्णय पर आवे छे के शौरसेनी बोली – एटले के विशिष्ट व्यक्तिओना वपराशनी देशभाषा शौरसेनी नहि पण भारतवर्षना कोई पण भागमांथी दरेक जणाना वपराशने योग्य एवी शौरसेनी – ए, जे कोई व्यक्तिने देवभाषा (संस्कृत) बोलवानो अधिकार न होय तेमने नाटकमा संस्कृतनी अवेजीमा वापरवानी भाषा छे. बीजी भाषाओना संबधमा, रामशर्मा – २।३।३१ अने मार्कण्डेय – १६।२नी तपासणिने परिणामे, ग्रथकर्त्री देखाडे छे के प्राकृत वैयाकरणोए साहित्यमा वपराता स्वरूपने आधारे प्राकृतोनुं वर्गीकरण करेलुं छे : एटले, रंगभूमि उपर बोलाती दरेक बोली, ते ते बोलनार व्यक्तिनी माननीयतानी मात्रा अनुसार "भाषा" के "विभाषा" होई शके. तेथी ऊलटु, नाट्येतर साहित्यमां वपरातो भाषाभेद "अपभ्रंश" लेखातो.

पान १२५ पर आखा प्राच्य संप्रदाय अने तेना मत-मंतव्योनी वधारे सामान्य धोरणे विचारणा शरू थाय छे. पुरुषोत्तमनी कृतिनी नेपाळी हाथप्रत दर्शावे छे के आ संप्रदाय काई नहि तो तेरमी सदीनी तो पहेला ज फूल्यो-फाल्यो होवो जोईए; अने पुरुषोत्तम ज एनो स्थापक हतो एवुं कहेवा माटे आपणी पासे जरा पण पुरावो नथी : ऊलटु, तेने केटलाक पुरोगामीओ हता एम मानवाने प्रयोजन छे. कारण के मार्कण्डेय के रामशर्मा कोई तेनो उल्लेख करता नथी. उपर कह्युं तेम, आ बधा जेने प्रमाण तरीके आगळ धरे छे ते शाकल्य ए पुरोगामीओमानो एक होवो जोईए; दुर्भाग्ये तेना विशे आपणे काई पण जाणता नथी.

आ संप्रदाय अन्यान्य स्थळेथी अनेक वस्तु ग्रहण करवाना वलणवाळो = संचयलक्षी छे. उपर कह्युं तेम, गीतात्मक (Lyrical) महाराष्ट्री वररुचि प्रमाणे प्रतिपादित करवामा आवी छे. नाटकनी भाषाओनी बाबतमा प्राच्य वैयाकरणोना मुख्य मूळ-आधारो तरीके नटोना उपयोग माटे घडी काढेला, प्राकृतने लगता आदेशो – जेमनो एक नमूनो नाट्यशास्त्रना १७मा अध्यायमा जळवाई रह्यो छे – होवा जोईए: (महाराष्ट्री सिवायनी) "भाषाओ" अने "विभाषाओ"ना संबंधे नाट्यशास्त्र अने प्राच्य वैयाकरणो वच्चे रहेल

मळ्यापणुं बतावे छे के ए कृत्रिम—अथवा छेवटे परंपरारूढ तो, खरी ज—नाट्यभाषाओनुं प्राकृत व्याकरण परना शास्त्रीय ग्रंथोमां बरोबर आवा ज—परापेक्षी अने शरती स्वरूपवाळा अने परिणामे टूंक समयमां वपराशलुप्त थवाने निर्मायेला—आदेशो द्वारा प्रतिपादन करवानो चीलो पडेलो. "अपभ्रंश" माटे—एटले के महाराष्ट्री सिवायना भाषाप्रकारो जेटला प्रमाणमां गीतकाव्यो (जे नागर अपभ्रंशमां खास रचातां प्रमाणनी भाषा माटे वपराता हता तेटला माटे—ते वेळा खास व्याकरणो हतां अने प्राच्य वैयाकरणोए तेमनो उपयोग करेलो एवुं आ ग्रंथकर्त्रीने प्रमाणसाध्य लागे छे. छेवटमां, ते धारे छे के पैशाची ए कथा-वार्त्ता माटे ज वपराती भाषा हशे. कथावार्त्ताना साहित्ये आरंभ(बृहत्कथा!)थी ज पोतानो विशिष्ट भाषाभेद नक्की करी लीधेलो: पछीनी बधी कृतिओ माटे आ आरंभनी कृति एक निदर्शनरूप बनी रही अने कोईए ते बोलीना नियमो लखी, गीतात्मक (Lyrical) अने नाटकप्रयुक्त बोलीओ परना ते वेळा प्रचलित व्याकरणोना छेडे वळगाडी दीधा. ए परंपरा प्राच्य वैयाकरणो सुधी ऊतरी आवी. आम प्राच्य वैयाकरणो, व्याकरणोना ए जुदा जुदा साहित्यप्रकारने लगता ग्रंथो रचवा माटे उपयुक्त बने तेवा नियमोना, बने तेटला संपूर्ण बनावेला संग्रहो छे. कोई पण लेखकने तेमांथी हालने धोरणे महाराष्ट्रीमां गाथा लखवानुं; मृच्छकटिक के शकुन्तला जेवा नाटकना प्राकृत अंशो लखवानुं; अपभ्रंशमां प्राकृतपिङ्गल-सूत्र के भविसत्तकह जेवां पद्यो के काव्यो रचवानुं; के बृहत्कथानी ढबनां कथानको लखवानुं:—जे प्रकारनुं जोईए ते प्रकारनुं शिक्षण मळी शके. आथी आ व्याकरणोनी सामग्रीनुं मूल्य, प्राच्य वैयाकरणोए जे विशिष्ट ग्रंथो पोतानां व्याकरणो रचती वखते नजर सामे राखेला तेमना पूरतुं ज छे (वररुचिए पोतानां सूत्रो हाल वगेरेने अनुलक्षीने रच्या होवानुं उपर कह्युं छे ते अहीं सरखावो); आथी तेमनी शौरसेनी, तेमनी गणतरीमांथी बातल रह्यां होय तेवां केटलांक नाटकोनी शौरसेनी जेवी कोईक बाबतमां न होय तो ते माटे तेओ दोषपात्र ठरता नथी. एटले, शिष्ट संस्कृतनां नाटकोना प्राकृतभेदोनो, तेमनामां अमुक समान धोरण प्रमाणेनी एकरूपता लाववा माटे स्वरूपबदलो करवानो संपादकोने केटलो ओछो हक छे ए वस्तु स्पष्ट बने छे.

चोथा प्रकरणमां, संक्षिप्तसार ना कर्ता क्रमदीश्वर ने लीधो छे. तेना विशेनुं "ते पश्चिम बंगाळनो होवो जोईए अने हेमचंद्र (१०८८-११७२)

अने वोपदेव (१३मी सदी)नी वच्चे थयो होवो जोईए" ए त्साखारीए (Zachariae)नुं विधान खास उत्साह (अनुमोदन) विना टांकवामां आव्युं छे. तेना व्याकरणना पहेला सात अध्यायमां पाणिनिनी **अष्टाध्यायीनो** सार आपवामा आव्यो छे अने आठमो पुरवणीनो अध्याय प्राकृत उपर छे. जुमरनंदी (के जूमरनंदी)—जेना उपरथी आ संप्रदाय जौर कहेवाय छे—कृत **रसवती** ए आ आखा ग्रंथ परनी टीका छे; ए **रसवती** उपर पण टीका लखायेली छे, पण ते एकथी सात अध्याय उपर ज: आनो अर्थ एम नथी करवानो के **प्राकृत** विभांग ए मूळ **संक्षिप्तसार**ना भाग तरीके न हतो. **राजेन्द्रलाल मित्रे** कर्युं छे तेम, आपणे **नारायण** विद्याविनोदना **प्राकृतपादने संक्षिप्तसार**नी टीका गणवानी नथी. ए तो जेम **वसंतराजे** कर्युं छे तेम **वररुचिनी** ज कृतिनुं करवामा आवेलु एक संस्करण छे.

१३३ अने पछीना पानपर, **प्राकृतपादनुं** पृथक्करण करी आ हकीकत दर्शाववामां आवी छे. समग्र रीते जोतां **क्रमदीश्वरने** महान वैयाकरण कही न शकाय; मुख्य **प्राकृत** माटे ते **वररुचि** पर आधार राखे छे; तेमांय केटलीक वार **वररुचिनां** केटलाक सूत्रो अगत्यनां होवा छतां पण संक्षेपप्रेमने लीधे छोडी दीधा छे, ज्यारे घणीवार तो नहि जेवी अगत्यनी बाबतो पर नवतर विचारणा आपी छे. आ उमेराओ *हेमचंद्रमांथी लीधेला नथी आथी* **त्साखारीए**(Zachariae)ए आपेलो पूर्वसंधि तद्दन असंगत लागे छे). बीजा भाषाप्रकारोमां **क्रमदीश्वरे** अपभ्रंश, **शौरसेनी**, **मागधी** अने **पैशाचीनुं** अध्ययन कर्युं छे; अर्धमागधीनो तो मात्र उल्लेख ज कर्यो छे, अने नाटकप्रयुक्त भाषाभेदो (जे भरते उल्लेख्या छे ते)नो ते बे चार शब्दोमां निकाल लावे छे. जे **हेमचंद्र** पासे हता तेना ते ज मूळ आधार **क्रमदीश्वर** पासे होय तेम लागे छे.

हेमचंद्र अने तेनो **सिद्धहेम** ग्रन्थ ए **पांचमा प्रकरणनो** चर्चा विषय छे. *जैन धर्मना आ प्रकाण्ड पंडित माटे ग्रंथकारने बहु समभाव नथी:* तेनामा मुद्दल मौलिकता नथी एवो अभिप्राय ते आरंभमा ज जणावी दे छे. आ विधानना समर्थनमा **प्रभवचरित्र***(१३मी सदी)नुं टाचण आपवामां आव्युं छे. तेमा कहेवामां आव्युं छे के **हेमचंद्रे** (पोताना ग्रंथमा) आठ प्राचीन

---

* **प्रभावकचरित्रने** बदले अवलोकनकारनी शरतचूकथी **प्रभवचरित्र** नाम अपायुं लागे छे—भाषान्तरकार.

व्याकरणोनुं संकलन कर्युं छे. पान १५२ पर एवा दाखला देखाडवामां आव्या छे के जेमां हेमचंद्र पोताना मूळ आधारने खोटी रीते समज्यो छे. मुख्य प्राकृत माटे तेणे सीधो वररुचिनो ज उपयोग कर्यो छे. अने १५८ अने पछीनां पान पर बताव्युं छे तेम, हेमचंद्रना जे मूळ आधारो होय तेमांथी एक तो नमिसाधुए रुद्रटना काव्यालङ्कार (२।११–१२) परनी पोतानी टीकामां जेनो उपयोग कर्यो छे ते ज छे: नमिसाधुनी ए टीका इ. स. १०६९मां—एटले के हेमचंद्रना जन्म पहेलां बीशेक वरसे—लखाई हती. वररुचि तेम ज उपर्युक्त आधार उपरान्त, हेमचंद्रे जैन आगमग्रंथोने पण उपयोगमां लीधा छे. एमनी भाषाने ते 'आर्ष' कहे छे. अने तेमनी घणीय लाक्षणिकताओ पर मुख्य प्राकृत परना विभागमां नोंधो आपे छे. आ विषयमां तेणे सामान्य रीते दोष विनानी गणी शकाय एवी सामग्री आपी छे, पण आगमेतर ग्रंथोनी जैन महाराष्ट्री माटे तेणे एटली चीवट नथी देखाडी. ए ग्रंथोनो तेने सारी रीते परिचय हतो छतां प्राचीन व्याकरणकारोनी कृतिओमांथी तेने संकलन करवानुं होवाथी, तेमने माटे तेणे बीजी दरकार न करी. मात्र अहीं-तहीं केटलीक माहिती मूकी छे. आ रीते तेनुं मुख्य प्राकृत ए गाथानी अने महाकाव्योनी महाराष्ट्रीनो अने जैन आगमिक तेम ज आगमेतर महाराष्ट्रीनो खीचडो छे. आथी तेना व्याकरणनो उपयोग करवो ए साहसभर्युं छे; केम के ग्रंथोना वधारे विशाळ ज्ञानने लीधे महाराष्ट्रीनां हेमचंद्रे आदेशेलां स्वरूपोने महाराष्ट्रीनी जुदी-जुदी जातवार वहेंचणीमां वहेंची नाखवानुं शक्य बनतुं नथी.

हेमचंद्रनी पैशाचीनी बाबतमां ग्रंथकर्त्री एवुं धारे छे (पा. १७५ अने पछीनां) के तेणे आपेला खंडको (Extracts) लाकोते (Lacôte)ए सोमदेव अने क्षेमेन्द्रना मूळ आधार तरीके तर्कथी स्वीकारेला बृहत्कथासरित्सागरमांथी लेवामां आव्या छे, ज्यारे मार्कण्डेय तेना मूळ आधारो मारफत गुणाढ्यनी बृहत्कथा मांथी टांचण आपे छे. पछीनी वात करतां, अपभ्रंश ए, हेमचंद्रना प्रतिपादन प्रमाणे, बीजा व्याकरणकारोथी अजाणी एवी एकरूपता अने स्थिरता वाळो एक भाषाभेद छे. हेमचंद्रे टांकेला दोहा अमुक अंशे सत्तसईनी गाथाओने मळता छे अने तेमने मुस्लिम आक्रमणना काळमां मूकवा तरफ ग्रंथकारनुं वलण छे.

त्रिविक्रम अने वाल्मीकिसूत्रो ए छट्ठा प्रकरणनो चर्चाविषय छे. तेमां

ग्रियर्सने स्थापित करेला (प्राकृत वैयाकरणोना) "प्रतीच्य संप्रदाय"नो पण समावेश थाय छे. ग्रंथकर्त्रीना मते आ संप्रदायने "दाक्षिणात्य" कहेवो ए वधारे युक्त छे. त्रिविक्रमनुं **प्राकृत व्याकरण** (१०८५ श्लोक के आर्याना बनेला चार पादमां वहेंचेला त्रण अध्याय)—तेम ज **प्राकृत व्याकरणवृत्ति**—ए **सिद्धहेमचंद्र**नो पद्यमां ढाळेलो एक नवो आकार ज छे. तेनो समय तेरमी सदी होवो जोईए. सोळमी सदीना मध्यनी आसपास लक्ष्मीधरे तेना उपर **षड्भाषाचन्द्रिका** नामनी टीका लखी अने तेना पछी थोडा वखते (सोळमी सदीना अंतमां) अप्पयदीक्षितकृत **प्राकृतमणिदीप** ए बीजी टीका मळे छे. सिंहराजनो **प्राकृतरूपावतार** वधारे प्राचीन होवानी संभावना छे अने गमे तेम पण ते अंशतः तो त्रिविक्रमथी स्वतंत्र छे ज. त्रिविक्रम अने सिंहराज वच्चेनो संबंध तेम ज परंपरा प्रमाणे वाल्मीकिकृत मनाता सूत्रो त्रिविक्रमनी कृति छे के नहि ए प्रश्न १८६ अने पछीनां पान पर तपास्यो छे.—समयना वहेवा साथे आ संप्रदायना **शब्दचिन्तामणि**कार शुभचंद्र जेवा केटलाक व्याकरणकारो गौणपणे हेमचंद्रनो आश्रय लेवानुं वलण दाखवे छे.

हवे चण्डने लगतुं छेल्लुं एटले के **सातमुं प्रकरण** आवे छे. चण्डना **प्राकृतलक्षण** (मूळे कदाच प्राकृतमां लखेलुं : सरखावो पा. २०८ अने पछीना)नी बाबतमां ह्योर्न्ले (Hoernle)ना मत विरुद्ध ग्रंथकर्त्रीनो एवो मत छे के ते ग्रंथ धारवामां आव्युं छे एटलो प्राचीन नथी अने आपणी पासे ते त्रुटक रूपमां आवेल छे. वररुचिए सूत्रित करेली गीतात्मक (Lyrical) महाराष्ट्रीमां न मळी आवतां केटलांक रूपो अने नियमो चण्ड अने हेमचंद्रमां समानपणे मळे छे : आ विधान उपरथी आपणे एवुं अनुमान करी शकीए के चण्ड जैन व्याकरणकारोना एक प्राचीन संप्रदायनी परंपरा चालु राखे छे; अथवा वधारे चोकसाईथी कहीए तो तेनी कृति ए जैनोए खास पोता माटे रचेला एक व्याकरण ग्रंथनुं प्रतिबिंबित स्वरूप ज छे. ए व्याकरण ग्रंथनी सामग्रीनो केटलोक भाग—समान्यपणे **प्राकृतलक्षण**नो प्राचीनतम गर्भरूप अंश—हेमचंद्रे पोताना व्याकरणमां समाव्यो छे अने एम पण लागे छे (जो के ग्रंथकारथी आ वातनुं स्पष्ट कथन करवानी हिमत नथी देखाडाती) के **प्राकृतलक्षण**ना सूत्रो "आर्ष" भाषानुं प्रतिपादन करे छे : कंई नहि तो तेनी टीकामांना उदाहरणो तो जैन आगमग्रंथोमाथी लेवायां छे ए नक्की. **प्राकृतलक्षण**ना उक्त

गर्भरूप जैन अंशने आधारे ग्रंथकर्त्री अंतमां एवो ऊह (Hypothesis) बांधे छे के संभाव्यपणे, जैनोए ब्राह्मणपरंपरा सामे पोतानो व्याकरणी संप्रदाय ऊभो करवानो प्रयास करेलो; पण तेओ आवी वधारे पडता महान आशयवाळी योजनाने पहोंची वळी शक्या नहि : कोईए—संभाव्यपणे चण्ड पहेलां केटलीय सदीए—सामान्य व्याकरणी नियमोने स्पर्शती छूटक आर्याओ अने तेमनी वच्चे रखडतां सूत्रोने भेगां कर्यां अने तेमनी मारफत गीत्यात्मक (Lyrical) महाराष्ट्री, अपभ्रंश अने पैशाचीनां व्याकरणोथी स्वतंत्र एवुं जैन ग्रंथोनुं व्याकरण रचवानो प्रयास कर्यो; पण ते माटेनी साधन-सामग्री न तो समृद्ध हती के न तो तेनी योग्य रीते वर्गवर्हेंचणी करेली हती, एटले ए प्रयत्नना परिणामने "व्याकरण" एवुं नाम न आपी शकाय.

* * *

ग्रंथमां एकठी करेली हकीकतोना मोटा पूंजमांथी ग्रंथकर्त्री प्रवेशकमां केटलाक निर्णयो दोरे छे. सौ पहेलां तो, लासेन(Lassen)ना समयथी विद्वानोमां प्रतिष्ठित थयेला चार पूर्वग्रहोथी आपणने चेतता रहेवानुं कहे छे :—

(१) महाराष्ट्री ए प्रकृष्टं प्राकृतम् (दण्डी १।३४) छे, ते बीजी प्राकृतो करतां महाराष्ट्री प्राकृत संस्कृतने वधारे मळती छे एटला माटे नहि (केम के ए मान्यता खोटी छे), पण एटला ज माटे के तेनुं साहित्य वधारे समृद्ध छे;

(२) जेम जेम व्याकरणकारो वधारे अर्वाचीन तेम तेम तेमणे प्रतिपादित करेला भाषाभेदोनी संख्या पण वधारे मोटी—आ साचुं नथी. उपलब्ध ग्रंथोमां वररुचिनी कृतिने बाद करतां जे प्राचीनतम छे ते **नाट्यशास्त्र** ने, बाकीना व्याकरणो करतां वधारे संख्यामां भाषाभेदोनी माहिती छे. सामान्य रीते जे व्याकरणो रंगभूमिने अर्थे होय छे तेमां ज वधारे संख्यामां भाषाभेदो मळे छे; जैनोमां प्राकृतने महाराष्ट्रीनुं स्वरूप आपी देवा तरफ वलण छे;

(३) वररुचिना व्याकरणमां महाराष्ट्री सिवायनी बोलीओ माटे मात्र गणतर सूत्रो आपवामां आव्यां छे ए साचुं नथी. बधी बोलीओनुं मुख्य प्राकृतनी साथे आंतरिकपणे प्रतिपादन थयेलुं ज छे. ते ते भाषा माटेनां खास सूत्रो मात्र तेमना महाराष्ट्री साथेना तफावतना मुद्दाओ ज रजू करे छे;

(४) भारतीय व्याकरणकारो संस्कृतने प्राकृतनी प्रकृति कहे छे तेमां तेमनो दोष काढवो ए घटतुं नथी; तेमनी दृष्टिए मात्र शिष्टमान्य संस्कृत ए "संस्कृत" नहि, पण जेमां प्राकृत साथे केटलीक समानताओ मळी आवे छे ते वैदिक भाषा पण "संस्कृत" हती.

पा० ४ पर ग्रंथकर्त्री कबूल करे छे के "में दोरेला केटलाक सामान्य निर्णयो एक स्थळे एकठा करवामां आव्या होत तो वधारे सारु हतुं; केम के तेथी ग्रंथने वधारे संवादी उठाव प्राप्त थात; पण निर्णयोने तेमनी उत्पादक तर्कसरणीनी साथे ज तेमना मूळस्थाने रहेवा देवानु में पसंद कर्युं छे." प्रवेशकमाथी मळता केटलांक सूचनोनी मददथी हुं, प्राकृत व्याकरणनी आखी परंपरा विशेना अने ते द्वारा प्रतिपादित भाषाओना स्वरूप विशेना ग्रंथकर्त्रीना मतव्योने समन्वयात्मक साररूपे अहीं रजू करवानो प्रयास करीश.

प्राकृत व्याकरणना विषयमा आपणने जे काई मळे छे ते एक महान नौकाना भग्नावशेषो जेवुं छे : जे कंई जळवाई रह्युं छे ते कदाच हंमेशने माटे लुप्त थयेली प्राचीनतर परंपराओना प्रतिबिंबित स्वरूपो मात्र छे. आमां वररुचि एक अपवाद छे, पण तेना सूत्रो ए एक खरेखरुं व्याकरण न कही शकाय. ते ते परंपराओना, जुदा जुदा प्राकृतभेदोनां विनियोगने आधारे जुदा जुदा आरंभस्थानो आपणे स्वीकारवां जोईए. एटले आपणे नीचे प्रमाणे भाषाभेदो गणावी शकीए :—

[१] गीत्यात्मक (Lyrical) महाराष्ट्री :—वररुचिनां सूत्रो ए हालनी सत्तसई जेवा गाथासंचयोनी भाषानुं स्वरूपवर्णन—अथवा तो वधारे योग्य रीते कहीए तो, तेनुं संस्कृतनी दृष्टिए प्रमाणीकरण—छे. आ गीत्यात्मक महाराष्ट्री पर महाकाव्योनी महाराष्ट्री अवलंबे छे.

[२] नाटकप्रयुक्त बोलीओ :—उच्चारण माटेना नियमो, वगेरे. आनो एक नमूनो नाट्यशास्त्रना १७मा प्रकरणमां सचवाई रह्यो छे.

[३] गीत्यात्मक (Lyrical) अपभ्रंश :—गीतप्रधान अवान्तर नाट्य-प्रयोगो (Lyrical intermezzos)मा तेम, ज दोहामां प्रयुक्त :—तेनां व्याकरणो ?

[४] कथाप्रयुक्त पैशाची :—गीत्यात्मक अने नाटकप्रयुक्त बोलीओना पूर्वप्रचलित व्याकरणोने छेडे वळगाडवामा आवेला नियमो.

[५] जैन महाराष्ट्री (आर्ष) अने आगमेतर लखाणोनी भाषा :– नियमो (आर्याओ अने सूत्रो)नो एक संग्रह. आनुं प्रतिबिंबित स्वरूप चण्डना **प्राकृतलक्षण** मां मळे छे.

आ मूळ आधारो पर पाछळना समयना संप्रदायो नभे छे :–

[१], [२], [३] अने [४] पर **प्राच्य** संप्रदाय (जेनो एक पुरोगामी शाकल्य छे) निर्भर छे. आ संप्रदाय **मार्कण्डेय** माटे एक अगाध पाण्डित्यपूर्ण प्राकृत व्याकरणकार तरीके अभिमान लई शके; क्रमदीश्वरने माटे पण एम ज कही शकाय. क्रमदीश्वर रंगभूमि पर प्रयोजाती बोलीओ माटे कदाच सीधो ज भरतनो ऋणी छे अने अपभ्रंश [३] माटे ते हेमचंद्र जेनो उपयोग कर्यो छे ते ज मूळ आधारोनो लाभ ले छे.

हेमचंद्र [१], [२], [३], [४] (तेनी पैशाची, प्राच्य वैयाकरणोनी पैशाचीनी जेम गुणाढ्यनी **बृहत्कथा**नुं नहि, पण कास्मीरी **बृहत्कथासरित्सागर**नुं प्रतिबिंब पाडे छे) तेम ज [५] पर आधार राखे छे : तेनी जैन सामग्री, जे ग्रंथ चण्डना व्याकरणमां गर्भभूत थयो छे ते ग्रंथमांथी ज आवेली छे. त्रिविक्रम अने तेना (प्रतीच्य—अथवा तो योग्यतर, दाक्षिणात्य) संप्रदाये हेमचंद्रनी कृतिनो नवो आकार ढाळ्यो छे.

आपणी पासेना ग्रंथोमां मूळ ग्रंथोना जळवाई रहेला अवशेषो अने स्मारक अंशोने अवलंबीने मूळ आधारोना स्वरूपनुं संभवित होय तेटला प्रमाणमां पुनर्वटन करवुं ए आधुनिक संशोधननुं हवे पछीनुं कर्तव्य छे.

व्याकरणकारोए प्रतिपादित करेली प्राकृतोने, आ विचारणाने परिणामे हवे केवी गणवी ? (भारतीय परंपरा मारफत आपणा सुधी ऊतरी आवेलुं साहित्यकीय प्रयोग प्रमाणेनुं वर्गीकरण ज मने तो मान्य छे).

प्राचीनतम गाथाओनी गीतात्मक (Lyrical) महाराष्ट्री स्वाभाविकपणे ज लोकभाषानुं प्रतिबिंब पाडती हती. पण थोडा समयमां ज ए काव्यप्रकार विद्वद्वर्गना हाथे चढ्यो अने तेमणे प्रचलित बीबांओनी नकलमां अने संस्कृत भाषा अने व्याकरणनी चोकस प्रकारनी प्रबळ असर नीचे ते काव्यप्रकारने राजसभाओनुं अने खूब ज संस्कारी गणाता वर्गोनुं विनोदसाधन बनावी दीधो. तेनी भाषा वधारे ने वधारे एक साहित्यकीय भाषा बनती गई. तेनां रूपो, संस्कृत रूपोना ध्वनिओने वररुचिना जेवा नियमो मारफत फेरवीने सहेलाईथी उपजावी शकातां. जो आपणे जैन महाराष्ट्रीनां आर्ष अने आगमेतर लखाणोनी महाराष्ट्री—ए बंने प्रकारोने गीतात्मक (Lyrical) महाराष्ट्रीथी जुदा राखवामां सफळ थईए, तो ते

प्रकारोमाथी आपणने एक जातनु अशुद्धिशोधक (Corrective) साधन मळी आवे छे. धार्मिक व्यवहारमा वपराती भाषाओ, ए सामान्यरीते लौकिक बोलीओनी ज थीजी गयेली परपराओ होय छे, अने तेमा मूळना रूपो निर्जीव सजडतामा—पण सारी एवी चीवटथी—घणीवार सचवाई रहे छे. आवा रूपोने वररुचिनी मुख्य प्राकृतना रूपो साथे सरखाववाथी अने तेमनी एकरूपता शोधी काढवाथी आपणने मूळनी लौकिक महाराष्ट्रीना केटलाक लाक्षणिक बाह्यचिह्नो पाछा मळी शके. गीतात्मक (Lyrical) अपभ्रशनी अने आख्यानप्रयुक्त पैशाचीनी स्थिति-मर्यादाओ पण लगभग गीतात्मक (Lyrical) महाराष्ट्रीनी मर्यादाओ जेवी छे, मात्र गीतात्मक (Lyrical) महाराष्ट्रीने छे तेवा धर्मव्यवहारनी पूरकरूप भाषा तरफथी मळता अशुद्धिशोधकनी तेने खोट छे. आवी बोलीओ विशे व्याकरणकारो अने हाथप्रतोने आधारे अभिप्राय बाधवो ए, इटालीनी कोई एक बोलीना मूळ-स्थानथी जुदा ज प्रदेशनी रगभूमि पर ते बोलीना जाणकार तरीके मानी लेवामा आवेलो कोई माणस जे भाषा वापरे, तेना उपरथी ते बोली विशे अभिप्राय बाधवो एना जेवु गणाय. अवाजना लाक्षणिक आरोह-अवरोह, केटलाक ध्वनिओना उच्चारणमा थोडाक जाणीता फेरफारो अने थोडाक स्थानिक रगवाळा शब्दो —आटलु राष्ट्रीय भाषामाथी कोई प्रादेशिक बोलीनी सुबोध नकल बनावी काढवाना साधन-रूप छे, प्रेक्षकोना विनोद माटे ए पूरतु छे, पण प्रादेशिक बोलीना खरा स्वरूपनु आवा खीचडा परथी अनुमान करवा माटे भाषाशास्त्रीओने ते तद्दन जुजवु पडे.

एटले, "संस्कृत पवित्र भाषा होई शृगारी काव्यो माटे तेनो उपयोग थई शकतो न हतो एटले तेवा प्रकारना काव्यो रचवा माटे शृगारप्रेमी कविओए घडी काढेली कृत्रिम भाषाओ ते साहित्यकीय प्राकृतो" एवो पोताना प्रायोगिक सशोधन-व्याख्यानो (Habilitation schrift)मा पिशले (Pischel) व्यक्त करेलो अभिप्राय अमुक अशमा तो, घणा लोको धारे तेटलो खोटो न पण होय, साधारण भाषाओ (Common Languages) केवी रीते उद्भवे छे अने विकसे छे ए विशेना भविष्यना ग्रथोमा प्राकृतो माटे एक लबाणवाळु प्रकरण आपवु घटे छे, अने ते कार्य ज्यारे करवामा आवशे, त्यारे तेवा पुस्तकना लेखकने श्रीमती नीती-दोल्चीनु "प्राकृत व्याकरणकारो" (Le Grammairien Prakrits) वारवार उथलाववु पडशे.

*

['न्यु इन्डियन एन्टीकेरी' नामना मासिक पत्रना सन् १९३९ ना मे महिनाना अकमां वितोरे पिजानी (Vittore Pisani) नामना रोमना विद्वाने लखेला इग्रेजी लेखनो आ गुजराती अनुवाद करवा माटे, ए पत्रना सपादक महाशयोए आपेली अनुमतिना आभार साथे, आ लेख प्रकट करवामां आवे छे —हरिवल्लभ भायाणी]

जैनेतर ग्रन्थोंपर जैन टीकाएं

[पूर्वलेखानुपूर्ति]

लेखक—श्रीयुत, अगरचन्दजी नाहटा

भारतीय विद्याके गतांकमें उपर्युक्त शीर्षकका जो मेरा लेख प्रकाशित हुआ है उसमें कुछ अशुद्धियां रह गई हैं और उसके प्रकाशित होनेके पश्चात् तदनुरूप अन्य कई नये ग्रन्थोंकी भी प्राप्ति हुई है, अतएव इस लेखमें पूर्व लेखकी अशुद्धियोंका संशोधन एवं विशेष ज्ञातव्य प्रकाशित किया जा रहा है।

अशुद्धि संशोधन—

पृ० २७४ पंक्ति ३ विशद शब्दके आगे 'विवेचन' शब्द छूट गया है।

पृ० २७४ कातंत्र पर प्रबोधमूर्तिकी वृत्तिके रचनाकालके संकेत 'र' के स्थानपर 'ई' छप गया।

पृ० २७४ कातंत्र विस्तारके कर्त्ता वर्द्धमान कर्णदेवोपाध्यायके शिष्य छपा है वहां 'शिष्य' शब्द नहीं चाहिए। यह उनका उपनाम प्रतीत होता है।

पृ० २७७ वृत्तरत्नाकर वृत्ति (कर्त्ता—समयसुन्दर) का रचना काल सं. १६४९ छपा है, वहां सं. १६९४ चाहिए।

पृ० २७७ पंडित आशाधरकी टीका काव्यप्रकाश पर बतलाई गई है, पर यह काव्यालङ्कार पर समझनी चाहिए।

पृ० २७९ विदग्धमुखमण्डनकी टीका (विनयसागर कृत) का रचना काल सं. १६९९ न होकर सं. १६६९ है।

पृ० २७९ रघुवंशपर सुमतिविजयकी टीकाका रचना काल वृत्तिमें इस प्रकार है:—"निधिमहं रस शशि" और महीना कार्तिक न होकर फाल्गुन है।

पृ० २८२ खण्डप्रशस्तिके टीकाकार गुणविजय छपा है वहां गुणविनय चाहिए।

पृ० २८२ वृन्दावन काव्यका कर्त्ता मानाङ्क है।

पृ० २८३ मेघाभ्युदयका कर्त्ता मानाङ्क न हो कर 'केलि' है।

पृ० २८३ राक्षसकाव्यका वृत्तिकार जिनमहोपाध्यायके स्थानपर जिनमतोपाध्याय चाहिए।

पृ० २८६ पृथ्वीराज वेलिपर कुशलधीरके बालावबोधका समय स. १६४६ न होकर स १६९६ है।

पृ० २८९ सन्निपात कलिकापर रूपचद्रके टब्बेका समय स. १७३१ न होकर स १८३१ सभव है।

पृ० २९० शतश्लोकीके आगे जो विवरण है वह टब्बेके आगे होना चाहिए।

पृ० २९० लघुजातक टबाका (कर्त्ता – खुशालसुन्दर) रचनाकाल स. १८३९ मिगसर सुदि १२ सोमवार है।

पृ० २९० महादेवीसारणी पर दीपिकाका समय स १६९२ ज्ये. सु. ८ पद्मावती पत्तन है।

पृ० २९२ पचतन्त्र भाषापद्यानुवादके कर्त्ताका नाम वैद्यराज न होकर वच्छराज है।

पृ० २८७ न्यायकदली पजिकाकी प्रतिपर उल्लेख सूचन छूट गया है। वहाँ उल्लेख – पीटर्सन रिपोर्ट न. ३, पृ० २७२ से २७५ समझना चाहिए।

नवीन उपलब्धि –

१ कातंत्र.

(९) वृत्ति – दुर्गसिंहकृत, मगलाचरणसे दुर्गसिंह जैन प्रतीत होते हैं।

२ मेघदूत.

(१२) सुखबोधिका – तपा रामविजय शिष्य श्रीविजयकृत। र. स १७०९ राध सु १०

(१३) सुखबोधिका – मोटजीतकृत।

(१४) मेघलता – कर्त्ता अज्ञात जैन।

(१५) शिष्यहितैषिणी – कर्त्ता लक्ष्मीनिवास।

ये चारों वृत्तिया भाण्डारकर इन्स्टीट्यूट – पूनामें सुरक्षित हैं।

३ किरातार्जुनीय.

(३) अवचूरि—महेन्द्रसूरि शि. मेघकुमारकृत।
प्रति त्रुटित एवं उदेई भक्षित हमारे संग्रहमें है।

४ वैद्यजीवन.

(४) टबा—पार्श्वचन्द्र गच्छीय वीरचन्द्रकृत। र. सं. १८६१ मि. सु. १४ मेदनीपुर (मेडता)।
प्रति—कुशलचन्द्र गणि पुस्तकालय, बीकानेर, पत्र २३।

५ बालतंत्र. (मूल कर्ता—कल्याणदास)

(१) हिन्दी भाषा टीका—खरतर दीपचन्द्रकृत।
प्रति—हमारे संग्रहमें है।

६ गणितसार. (मूल कर्ता—श्रीधर)

(१) वृत्ति—उपकेशगच्छीय सिद्धिसूरि।
प्रति—आचार्य शाखा ज्ञानभंडार, बीकानेर।

